કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય-રચિત

# શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્

૨



• અનુવાદકાર •

પંડિતવર્ય શ્રી જગદીશભાઈ

॥ અર્હમ્ ॥

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય-રચિત

# શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્

## સ્વોપજ્ઞતત્ત્વપ્રકાશિકા ❁ શબ્દમહાર્ણવન્યાસ ❁ શ્રીકનકપ્રભસૂરિ-રચિતન્યાસસારસમુદ્ધારસંવલિતમ્

તત્ર

## પ્રથમોડધ્યાયઃ પ્રથમઃ પાદઃ

## દ્વિતીયો ભાગઃ



❁ અનુવાદકાર ❁

પંડિતવર્ય શ્રીજગદીશભાઈ

ઈ. સ. ૨૦૧૩ વિ. સં. ૨૦૬૯

**ગ્રંથનામ :-** શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્

**ગ્રંથકર્તા :-** કલિકાલસર્વજ્ઞ આ. ભ. શ્રી **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

**અનુવાદકાર :-** પંડિતવર્ય શ્રીજગદીશભાઈ

**પ્રકાશક :-** **પંડિતવર્ય શ્રીજગદીશભાઈ**
૮/૧૬૪૪, ગોપીપુરા પોલીસ ચોકીની સામે,
સંસ્કૃતિ ભવનની બાજુમાં, સુરત. ૩૯૫૦૦૧.
ફોન (મો.) ૯૪૨૬૧ ૮૫૨૮૪

*** પ્રાપ્તિસ્થાન ***

**પંડિતવર્ય શ્રીજગદીશભાઈ**
૮/૧૬૪૪, ગોપીપુરા પોલીસ ચોકીની સામે,
સંસ્કૃતિ ભવનની બાજુમાં,
સુરત. ૩૯૫૦૦૧.
ફોન (મો.) ૯૪૨૬૧ ૮૫૨૮૪

**વિનોદભાઈ એમ. મહેતા**
૮, પ્રસિદ્ધિ ફ્લેટ્સ,
પ્રિતમનગર અખાડા પાસે, પ્રિતમનગર બીજો ઢાળ,
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬
(મો.) ૯૩૨૭૫ ૯૧૯૧૯

*** પ્રથમ આવૃત્તિ :-** ઈ. સ. ૨૦૧૩, વિ. સં. ૨૦૬૯

*** નકલ :-** ૫૦૦ *** મૂલ્ય :-** ૧૨૦૦/- (બે ભાગના સેટના) *** પૃષ્ઠ :-** ૩ + ૩૮૫

*** આર્થિક સહયોગ ***
**ચંચલબેન છોટાલાલ વેલચંદ શાહ**
**ધાનેરા (હાલ સુરત)**

**મુદ્રક :-** **શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ,**
૫૮, પટેલ સોસાયટી, વલ્લભવાડી સામે,
જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
ફોન : ૯૯૦૯૪ ૨૪૮૬૦.

**ટાઈપ સેટિંગ :- મૃગેન્દ્ર શાંતિલાલ શાહ**
૧૮/૧૦૫, વિજયનગર હાઉસિંગ કોલોની,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
ફોન : ૯૮૨૪૯ ૫૨૩૦૧.



હે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ! કલિકાલમાં તમારા સ્થાપનાનિક્ષેપાએ મારા જીવનમાં જે જીવંત પરમાત્માની ખોટ હતી તેને પૂરી કરી છે. કદાચ તમારું સાંનિધ્ય મને ન મળ્યું હોત તો મારા માટે આ કૃતિ જૈનશાસનને આપવાનું શક્ય ન બન્યું હોત. વર્તમાનમાં ચારેય નિક્ષેપાઓમાંથી અમારી પાસે માત્ર નામ અને સ્થાપના એમ બે નિક્ષેપાઓ જ વિદ્યમાન છે; છતાં પણ આ બંને નિક્ષેપાઓ સ્વતંત્ર રીતે પણ મને ભાવનિક્ષેપાની જેમ જ સહાયક થયા છે, જેની અનુભૂતિ મેં અનુભવી છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજાનો વર્તમાનમાં વિદ્યમાન એવો સંપૂર્ણ બૃહન્ન્યાસ હું જૈનશાસનના ચરણે ધરી શકું, તેને માટેનું બળ વગેરે જે કાંઈ અપેક્ષિત હોય એની અપેક્ષા હું આપની પાસે જ રાખીશ.

આપનો સેવક

જગદીશ

# સાદર સમર્પણ

શ્રી છોટાલાલ વેલચંદ શાહ (ધાનેરા)



પૂજ્ય પિતાશ્રી

શ્રી ચંચળબેન છોટાલાલ શાહ (ધાનેરા)



પૂજ્ય માતુશ્રી

હે ઉપકારી માતા-પિતા ! હું જન્મ પછીના એક વરસ પછી સંપૂર્ણ અપંગ થઈ ગયો હતો. મારું લાલન-પાલન કરવા દ્વારા ભવિષ્યમાં આપને કોઈ ફાયદો થવાનો ન હતો; છતાં પણ ઈ. સ. ૧૯૫૪માં મહાલક્ષ્મી (મુંબઈ) હોસ્પિટલમાં મને દાખલ કરીને છ મહિના સુધી મારી સારવાર કરાવી. ત્યારબાદ નવમે વર્ષે મને ભણવા માટે મૂક્યો. આપણી પરિસ્થિતિ એવી ન હતી કે હું રીક્ષામાં ભણવા જઈ શકું; છતાં પણ તમે મને ઊંચકી-ઊંચકીને રોજ સ્કૂલે લઈ જતા હતા. આપે B. Com. સુધી મને ભણાવ્યો. સત્તાવન વર્ષ સુધી મારા આનંદને માટે આપે કોઈ કચાશ રાખી ન હતી. હે બા ! આજે મારી ૬૦ વર્ષની ઉંમરે પણ તું મારી એ જ ભાવથી સેવા કરે છે. આ બધાનો બદલો હું તમને કેવી રીતે આપી શકું ? પરમાત્મા મહાવીરસ્વામીએ તો દેવાનંદા અને ઋષભદત્તને સંયમ આપીને મોક્ષમાં મોકલ્યા. મારી પાસે એવું સામર્થ્ય પણ નથી કે હું તમારું આ રીતે કલ્યાણ કરી શકું, પણ આપે નિ:સ્વાર્થભાવે જે પણ જ્ઞાન અપાવ્યું છે. તથા આર્થિક જરૂરિયાતો માટે મારી કોઈ અપેક્ષાઓ નથી રાખી, એના બદલામાં આ સર્જનને આજે હું આપના કરકમલમાં સમર્પિત કરું છું. આનાથી જે પુણ્ય તથા વિશુદ્ધિ ઉત્પન્ન થાય તેના દ્વારા આપ જલ્દીથી જલ્દી આ સંસારમાંથી છૂટકારો પ્રાપ્ત કરો તે જ અભ્યર્થના સાથે વિરમું છું.

આપનો ચરણચંચરિક

જગદીશ

# અનુક્રમણિકા


| ક્રમ | સૂત્ર | સૂત્રાંક | પત્રાંક |
|---|---|---|---|
| ૧. | पुं-स्त्रियोः स्यमौजस् | ૧/૧/૨૯ | ૩૭૬ થી ૪૦૨ |
| ૨. | स्वरादयोऽव्ययम् | ૧/૧/૩૦ | ૪૦૨ થી ૪૫૪ |
| ૩. | चादयोऽसत्त्वे | ૧/૧/૩૧ | ૪૫૪ થી ૫૩૩ |
| ૪. | अधण्तस्वाद्या शसः | ૧/૧/૩૨ | ૫૩૩ થી ૫૪૩ |
| ૫. | विभक्तिथमन्ततसाद्याभाः | ૧/૧/૩૩ | ૫૪૩ થી ૫૫૩ |
| ૬. | वत्तस्याम् | ૧/૧/૩૪ | ૫૫૩ થી ૫૫૮ |
| ૭. | क्त्वातुमम् | ૧/૧/૩૫ | ૫૫૮ થી ૫૬૫ |
| ૮. | गतिः | ૧/૧/૩૬ | ૫૬૫ થી ૫૬૬ |
| ૯. | अप्रयोगीत् | ૧/૧/૩૭ | ૫૬૬ થી ૬૧૨ |
| ૧૦. | अनन्तः पञ्चम्याः प्रत्ययः | ૧/૧/૩૮ | ૬૧૨ થી ૬૪૩ |
| ૧૧. | डत्यतु सङ्ख्यावत् | ૧/૧/૩૯ | ૬૪૩ થી ૭૦૪ |
| ૧૨. | बहुगणं भेदे | ૧/૧/૪૦ | ૭૦૪ થી ૭૨૪ |
| ૧૩. | क-समासेऽध्यर्धः | ૧/૧/૪૧ | ૭૨૪ થી ૭૩૩ |
| ૧૪. | अर्धपूर्वपदः पूरणः | ૧/૧/૪૨ | ૭૩૩ થી ૭૬૦ |

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥
॥ ऐं नमः ॥

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિવડે રચના કરાયેલ

# श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनम्

## प्रथमोऽध्यायः

[ स्वोपज्ञतत्त्वप्रकाशिकाभिधबृहद्वृत्ति-
स्वोपज्ञतत्त्वप्रकाशिकाप्रकाश-शब्दमहार्णवन्यास( बृहन्न्यास )-
मनीषिकनकप्रभविरचितन्यासप्रसारसमुद्धार( लघुन्यास )संवलितम् ]

## सूत्रम् - पुं-स्त्रियोः स्यमौजस् । १ । १ । २९ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**औरिति प्रथमा-द्वितीयाद्विवचनयोरविशेषेण ग्रहणम् । सि अम् औ २ जस् इत्येते प्रत्ययाः पुंलिङ्गे स्त्रीलिङ्गे च घुट्संज्ञा भवन्ति ।**

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

औ એ પ્રમાણે પ્રથમા-દ્વિતીયા દ્વિવચનનો અવિશેષતાથી ગ્રહણ કરવો. તેથી આ પ્રમાણે ક્રમ થશે : એકવચનનાં सि અને अम् તથા દ્વિવચનનાં બંને औ તથા બહુવચનનો जस् એમ પાંચ પ્રત્યયો પુલિંગ અને સ્ત્રીલિંગમાં ઘુટ્સંજ્ઞાવાળા થાય છે.

**( त०प्र० ) राजा । राजानम् । राजानौ तिष्ठतः । राजानौ पश्य । राजानः । स्त्रियाम्-सीमा । सीमानम् । सीमानौ तिष्ठतः, पश्य वा । सीमानः । "नि दीर्घः" [ १.४.८५. ] इति दीर्घः । पुं-स्त्रियोरिति किम् ? सामनी, वेमनी; घुट्त्वाभावाद् दीर्घो न भवति ।**

**અનુવાદ :-** 'राजन्' શબ્દમાં ઘુટ્ પ્રત્યય પર છતાં न्‌ની પૂર્વનો સ્વર 'नि दीर्घः' (૧/૪/૮૫) સૂત્રથી દીર્ઘ થાય છે. અને આ દીર્ઘ કાર્યના પ્રયોગો અનુક્રમે પુલિંગ અને સ્ત્રીલિંગ નામોમાં

જણાવે છે. જેથી 'राजा, राजानम्' એ પ્રથમા-દ્વિતીયા એકવચનમાં થાય છે. જેનો અર્થ 'રાજા' અને 'રાજાને' એ પ્રમાણે થાય છે. તથા 'બે રાજાઓ ઊભા છે' અને 'બે રાજાઓને તું જો' આ બંને પ્રયોગોમાં 'राजानौ' અનુક્રમે પ્રથમા અને દ્વિતીયા દ્વિવચનનાં પ્રયોગો છે. તથા 'राजानः' પ્રથમા બહુવચનનો પ્રયોગ છે, જેનો અર્થ 'રાજાઓ' એ પ્રમાણે થાય છે. સ્ત્રીલિંગમાં 'सीमन्' શબ્દના પણ (અર્થ છે સરહદ અથવા મર્યાદા) પહેલાં પાંચ ઘુટ્ પ્રત્યયોનાં રૂપો આપ્યાં છે, જેનો અર્થ આ પ્રમાણે છે - સીમા, સીમાને, બે સીમાઓ (સરહદો) ઊભી છે (અર્થાત્ છે.) તથા બે સરહદોને તું જો. તેમજ પ્રથમા બહુવચનમાં 'સીમાઓ' એવો અર્થ થશે. ઉપરના બધા જ પ્રયોગોમાં 'नि दीर्घः' (૧/૪/૮૫) સૂત્રથી ન્‌ની પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.

પુલિંગ અને સ્ત્રીલિંગનાં જ પ્રથમ પાંચ પાંચ પ્રત્યયો ઘુટ્સંજ્ઞાવાળા થવાથી નપુંસકલિંગમાં પ્રથમા-દ્વિતીયા દ્વિવચનનો 'ई' પ્રત્યય ઘુટ્સંજ્ઞાવાળો થતો નથી. 'सामनी' અને 'वेमनी' એ પ્રમાણે બંને રૂપો પ્રથમા-દ્વિતીયા દ્વિવચનનાં છે. વળી આ રૂપો નપુંસક નામો સંબંધી છે. અહીં પ્રત્યયો ઘુટ્સંજ્ઞાવાળા ન થવાથી 'न्'ની પૂર્વનો સ્વર દીર્ઘ થતો નથી. 'सामनी' એટલે 'સામવેદનાં બે મંત્રો' તથા 'वेमनी' એટલે વણકરના બે ઉપકરણો.

**( त०प्र० ) किं पुनः पुमान् स्त्री वा ? लिङ्गम् । किं पुनस्तत् ? अयम्, इयम्, इदम् इति यतस्तत् पुमान् स्त्री नपुंसकम् इति लिङ्गम् । तच्चार्थधर्म इत्येके, शब्दधर्म इत्यन्ये, उभयथापि न दोषः ॥२१॥**

**અનુવાદ :-** પુરુષ અથવા તો સ્ત્રી શું છે ? એના જવાબમાં કહે છે કે પુરુષ અથવા તો સ્ત્રી લિંગ છે. લિંગ એ પ્રમાણે જવાબ આપ્યો એટલે ફરીથી શંકા કરી કે લિંગ શું છે ? એનાં અનુસંધાનમાં જણાવે છે કે 'अयम्', 'इयम्' તથા 'इदम्' દ્વારા જે જણાય છે તે અનુક્રમે પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગ છે.

આ લિંગ એ પદાર્થનો ધર્મ છે એવું કેટલાક લોકો માને છે. તથા આ લિંગ એ શબ્દનો ધર્મ છે એવું બીજાઓ માને છે. બંને પ્રકારે માનવામાં પણ કોઈ દોષ નથી.

**-: શબ્દમહાર્ણવન્યાસ :-**

**पुंस्त्रियोरित्यादि**-"पातेर्डुम्सुः" [उणा० १००२.] इति पुमान्, सूते अपत्यं स्त्यायति गर्भो-ऽस्यामिति वा "स्त्री" [उणा० ४५०.] इति त्रटि निपातनात् स्त्री, पुमांश्च स्त्री च पुंस्त्रियौ।

**-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-**

'पा' ધાતુથી 'पातेर्डुम्सुः' (उणा० १००२) સૂત્રથી ड् ઇત્‌વાળો डुम्सु પ્રત્યય થતાં पुम्सु શબ્દ

બને છે, જેનું પ્રથમા એકવચન 'पुमान्' થાય છે. તથા જે પુત્રને જન્મ આપે છે અથવા તો ગર્ભ જેમાં વિકસિત થાય છે એ અર્થમાં 'सू' અને 'स्त्यै' ધાતુને 'स्त्री' (उणा० ४५०) સૂત્રથી 'त्रट्' પ્રત્યય થતાં અને નિપાતન થવાથી स्त्री શબ્દ થાય છે. હવે 'पुम्स्' અને 'स्त्री' શબ્દનો દ્વન્દ્વ સમાસ થવાથી (पुमान् च स्त्री च) 'पुं-स्त्रियौ' પ્રયોગ પ્રાપ્ત થશે.

**( श०न्या० )** अलौकिकोऽयं निर्देशः, अन्यथा अर्च्यत्वात् स्त्रीशब्दस्य प्राग् निर्देशे "स्त्रियाः पुंसो द्वन्द्वाच्च" [७.३.९६.] इति समासान्ते स्त्री-पुंसयोरिति निर्देशेन भाव्यम् । अनेन चैतद् ज्ञाप्यते-सन्ति अलौकिका निर्देशाः, यथा-द्वन्द्वे वर्तिपदानि, 'प्लक्ष-न्यग्रोधौ' इत्यत्र प्लक्षोऽपि द्व्यर्थः, न्यग्रोधोऽपि द्व्यर्थः, न चासौ समासादन्यत्र द्व्यर्थत्वेन प्रयुज्यत इति; यथा वा "दिवाश्रयः" इत्यादौ वृत्तिविषय एव दिवशब्दोऽकारान्तः प्रयुज्यते, नान्यत्रेति ।

**અનુવાદ :-** સૂત્રમાં 'पुं-स्त्रियोः' એ પ્રમાણે નિર્દેશ કરવામાં આવ્યો છે તે અલૌકિક નિર્દેશ છે. 'लोके भवः इति लौकिकः' અને 'न लौकिकः इति अलौकिकः' જે વિગ્રહ લોકમાં પ્રચલિત હોય તેને લૌકિકવિગ્રહ કહેવામાં આવે છે. દા.ત. 'राज्ञः पुरुषः इति राजपुरुषः' અહીં વ્યવહારમાં વિગ્રહવાક્ય પણ પ્રસિદ્ધ છે અને સામાસિક શબ્દ પણ પ્રસિદ્ધ છે. આથી 'राज्ञः पुरुषः' લૌકિક વિગ્રહવાક્ય કહેવાય છે. 'कुम्भस्य समीपम् इति उपकुम्भम्' અહીં 'कुम्भस्य समीपम्' સ્વરૂપ વિગ્રહવાક્ય લોકમાં પ્રસિદ્ધ નથી. માત્ર લોકોને 'उपकुम्भम्' સ્વરૂપ સામાસિક શબ્દનો અર્થબોધ કરાવવા માટે વિગ્રહ બતાવવામાં આવ્યો છે. 'उपकुम्भम्' એ નિત્ય અવ્યવયીભાવ સમાસ છે. જે નિત્ય અવ્યયીભાવ સમાસ સ્વરૂપ હોય છે. તેનો વિગ્રહ હોતો નથી. આથી 'कुम्भस्य समीपम्' એ અલૌકિક વિગ્રહવાક્ય કહેવાય છે. એ જ પ્રમાણે 'पुमान् च स्त्री च इति पुंस्त्रियौ तयोः पुं-स्त्रियोः' આ પણ અલૌકિક પ્રયોગ છે. વ્યવહારમાં આવો પ્રયોગ પ્રસિદ્ધ નથી. વ્યવહારમાં તો 'स्त्री' શબ્દ પૂજ્યવાચક હોવાથી સમાસમાં પૂર્વમાં નિપાત થાય છે. તથા દ્વન્દ્વસમાસમાં 'स्त्रियाः पुंसो द्वन्द्वाच्च' (૭/૪/૯૬) સૂત્રથી 'अत्' સમાસાંત થતાં ષષ્ઠી દ્વિવચનનો 'स्त्री-पुंसयोः' પ્રયોગ પ્રાપ્ત થવો જોઈએ. આ પ્રમાણે લોકમાં પ્રચલિત નિર્દેશનો ત્યાગ કરીને 'पुं-स्त्रियोः' નિર્દેશ કરવામાં આવ્યો છે. માટે જ આ નિર્દેશને અલૌકિક નિર્દેશ કહેવામાં આવે છે.

ઉપરોક્ત નિર્દેશવડે એવું જણાય છે કે અલૌકિક નિર્દેશો વિદ્યમાન છે. દા. ત. દ્વન્દ્વસમાસમાં વર્તતા પદો અલૌકિક નિર્દેશવાળા હોય છે. જેમ કે 'प्लक्षन्यग्रोधौ' એ પ્રમાણે ઇતરેતરદ્વન્દ્વસમાસમાં 'प्लक्ष' પણ દ્વિ અર્થમાં વિદ્યમાન છે અને 'न्यग्रोध' પણ દ્વિ અર્થમાં વિદ્યમાન છે. જો આ બંને શબ્દો સમાસમાં ન હોય તો દ્વિઅર્થપણાંથી પ્રયોગ કરાતા નથી. અર્થાત્ બંને પદો સમાસ સિવાય જ્યારે પૃથક્ પૃથક્ હોય છે ત્યારે એક એક પદ દ્વિત્વ સ્વરૂપ અર્થને જણાવતું

નથી. આમ, ઈતરેતરદ્વન્દ્વસમાસમાં પૃથગ્ પૃથગ્ પદ દ્વિત્વ સ્વરૂપ અર્થને જણાવે છે એ અલૌકિક નિર્દેશ છે.

અથવા તો दिवाश्रयः સ્વરૂપ સામાસિક શબ્દમાં 'दिव' શબ્દ 'अकार' અંતવાળો પ્રયોગ કરાય છે. સમાસ સિવાય જો 'दिव' શબ્દ આવે તો વ્યંજનાન્ત 'दिव्' શબ્દનો જ પ્રયોગ કરાય છે. વ્યંજનાંત 'दिव्' શબ્દનો પ્રયોગ એ લૌકિક પ્રયોગ છે. જ્યારે સમાસમાં अकारान्त दिव શબ્દનો પ્રયોગ એ અલૌકિક પ્રયોગ છે. જો સમાસમાં વ્યંજનાંત 'दिव्' શબ્દનો પ્રયોગ થયો હોત તો પૂર્વનું નામ સમાસમાં પદસંજ્ઞાવાળું થતાં 'दिव्'ના 'व्'નો 'उ' આદેશ થાત અને 'द्य्वाश्रयः' પ્રયોગની સિદ્ધિ થાત. આમ છતાં પણ સમાસમાં 'दिव्' શબ્દ 'अकारान्त' જ મનાય છે. આ જ અલૌકિક નિર્દેશ કહેવાય છે.

હવે બૃહદ્વૃત્તિની ટીકાના શબ્દોની સ્પષ્ટતા કરે છે -

**(श०न्या०) औरिति प्रथमे**ति-ननु कथं प्रथमा (सम्बन्धिन औ इत्यस्य ग्रहणम् अमुत्तरोपादानाद्) द्वितीयासंबन्धिन एव ग्रहणं प्राप्नोति ? अन्यथा प्रथमापरिग्रहार्थं 'स्यौजसमौ' इति विदध्यात् । नैवम्-व्यतिक्रमनिर्देश एव आवृत्त्योभयपरिग्रहं साधयति । तथाहि 'अमौ' द्वितीयाया इति (इति द्वितीयायाः) परिग्रहः, 'औ-जस्' इति प्रथमायाः, अनेनैव स्वरूपेण स्यादिति सूत्रेऽविशेषेण पठितौ, अन्यथाऽतः पूर्वं जसं पठेदिति, अत एव '**अविशेषेण**' इत्युक्तम्। "स्यतेरी च वा" [उणा० ९१५.] इति मनि सीमन् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** કૌંસમાં રહેલો પાઠ પણ પૂર્વપક્ષનાં પ્રશ્ન સંબંધી હેતુ તરીકે રજૂ કરવામાં આવ્યો છે. સૂત્રમાં अम् પ્રત્યય પછી औ પ્રત્યયનું ગ્રહણ કર્યું છે. આથી अम् દ્વિતીયા વિભક્તિનો હોવાથી औ પણ દ્વિતીયા વિભક્તિ સંબંધી જ લઈ શકાય છે. છતાં પણ પ્રથમા વિભક્તિ સંબંધી औ શા માટે લેવામાં આવ્યો છે ? જો પ્રથમા વિભક્તિનો औ પણ ગ્રહણ કરવો હોત તો स्यौजसमौ સૂત્ર જ બનાવવું જોઈએ. આથી સૂત્ર પ્રમાણે તો પ્રથમા વિભક્તિનો औ ઘુટ્સંજ્ઞાવાળો થઈ શકશે નહીં.

**ઉત્તરપક્ષ :-** અહીં ક્રમભંગ કરીને નિર્દેશ કરવામાં આવ્યો છે, એને વ્યતિક્રમનિર્દેશ કહેવામાં આવે છે. પ્રથમ 'सि' આવે, પછી 'औ' આવે, પછી 'जस्' આવે તેને ક્રમિકનિર્દેશ કહેવાય છે. અહીં તો 'सि' પછી 'अम्' છે, પછી 'औ' છે. માટે વ્યતિક્રમનિર્દેશ છે. અહીં વ્યતિક્રમનિર્દેશ જ આવૃત્તિથી ઉભય 'औ'ના ગ્રહણને સિદ્ધ કરે છે.

વ્યાકરણમાં સિદ્ધાંત છે કે અર્થનો ભેદ હોય તો શબ્દનો ભેદ હોવો જ જોઈએ. દા.ત. 'हरि' શબ્દનાં બે અર્થ છે : (૧) ઇન્દ્ર અને (૨) વિષ્ણુ. હવે જ્યારે 'हरिः गच्छति' વાક્ય આવશે

ત્યારે ક્યાંતો 'ઇન્દ્ર જાય છે' એવો બોધ થાય છે અથવા તો 'વિષ્ણુ જાય છે' એવો બોધ થાય છે. પરંતુ એક જ વાક્યમાં ઇન્દ્ર જાય છે તથા વિષ્ણુ જાય છે એ પ્રમાણે બંને અર્થનો બોધ કરાવી શકવાનું સામર્થ્ય નથી. હા, 'हरि' શબ્દનો આવૃત્તિથી બેવાર પ્રયોગ કરવામાં આવે તો બંને અર્થનો બોધ થઈ શકે છે. આમ, નવો નવો અર્થ સમજવા માટે શબ્દ તો ભિન્ન ભિન્ન આવશ્યક જ છે. એ પ્રમાણે અહીં પણ 'औ' શબ્દ એક જ વાર લખ્યો છે. છતાં પણ એ 'औ' શબ્દથી પ્રથમા દ્વિવચનનો બોધ પણ કરવો છે. તેમજ દ્વિતીયા દ્વિવચનનો બોધ પણ કરવો છે. આમ એક જ 'औ' શબ્દથી જો બે અર્થનો બોધ કરવો હોય તો 'औ' શબ્દની આવૃત્તિ (પુનરાવૃત્તિ) કરવા દ્વારા જ થઈ શકશે અને સૂત્રમાં જે વ્યતિક્રમનિર્દેશ જણાવ્યો છે એનાથી જ જણાય છે કે આવૃત્તિથી ઉભય અર્થનું ગ્રહણ થઈ શકશે.

જ્યારે જ્યારે શબ્દ એક જ ઉચ્ચારણવાળો હશે છતાં બે અર્થમાં પ્રચલિત હશે તો એક જ વાર એ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવશે તથા એ શબ્દની આવૃત્તિ કરી બે વાર ઉચ્ચારણવાળો થયો છે એવું માની લેવામાં આવશે. અહીં અર્થભેદ હોવાને કારણે આવૃત્તિથી શબ્દભેદ થઈ જશે. આવી પ્રક્રિયાને શાસ્ત્રમાં તંત્રનિર્દેશ કહેવામાં આવે છે. આમ જેનું બાહ્ય સ્વરૂપ એક જેવું જ હોય ત્યારે એક જ વાર ઉચ્ચારણ કરાયેલો શબ્દ પણ આવૃત્તિ દ્વારા બે વાર ઉચ્ચારણવાળો માનીને અર્થભેદ થઈ શકશે. આ પ્રક્રિયાને તંત્રનિર્દેશ કહેવામાં આવે છે. આવો અર્થ વ્યતિક્રમનિર્દેશ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

જ્યારે 'अमौ' હશે ત્યારે દ્વિતીયાવિભક્તિનો 'औ' ગ્રહણ થશે. પછી આવૃત્તિથી 'औ' બીજી વાર ગ્રહણ કરવામાં આવશે. આથી 'औजस्' માનીને પ્રથમા વિભક્તિનો લેવામાં આવશે. આમ સ્વરૂપથી બંને 'औ'નો બોધ થશે. આથી જ સૂત્રમાં બંને 'औ'ને અવિશેષતાથી કહ્યા છે. જો વિશેષ એવા 'औ'નું ગ્રહણ જ કરવું હોત તો 'औ'ની પૂર્વમાં 'जस्'ને કહેત. અર્થાત્ સૂત્ર આ પ્રમાણે બનાવત 'स्यौजसम्'. આવી રચનામાં વિશેષ એવા પ્રથમા વિભક્તિના 'औ'નો જ બોધ થાત, પરંતુ આવો બોધ કરવો નથી. માટે જ ટીકામાં લખ્યું છે કે 'औ'નું અવિશેષતાથી ગ્રહણ થાય છે એ પ્રમાણે કહેવામાં આવ્યું છે. અહીં ક્રમભંગ લાઘવ કરવા માટે કર્યો છે.

હવે 'सीमन्' શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : 'सो' ધાતુને 'स्यतेरी च वा' (उणा० ९१५) સૂત્રથી 'मन्' પ્રત્યય થતાં અને અન્ત્ય સ્વરનો 'ई' થતાં 'सीमन्' રૂપ સિદ્ધ થશે.

**( श०न्या० )** ननु करचरणादिमती[१] व्यक्तिः पुरुषार्थोपयोगिनी पुमानित्युच्यते, सैव च स्तन-केशवती स्त्रीति, तद्ग्रहणे च **'सीमा, सीमानौ'** इत्यादावप्रसङ्गेनाव्याप्तिदोषपराहतत्वादिदमनु-

१. 'करण०' अ ।

पपन्नमिति पृच्छति-**किं पुनरि**ति । समाधत्ते-**लिङ्गमि**ति । हेत्वादिकमपि लिङ्गत्वेन प्रसिद्धमिति पृच्छति-**किं पुनस्तदि**ति ।

**અનુવાદ :-** હવે પુલિંગ અથવા તો સ્ત્રીલિંગ શું છે ? આ લિંગો ઓળખવા માટેનો સિદ્ધાંત કયો ? એના સંબંધમાં ચર્ચા ચાલુ થાય છે. અંતે લિંગનું સ્વરૂપ જણાવાશે.

**પૂર્વપક્ષ :-** જે જે હાથ, પગ વગેરેવાળી વ્યક્તિ હોય તથા પુરુષ સંબંધી જેટલા કાર્યો હોય એને કરી શકનાર હોય તે પુરુષ કહેવાય છે. અર્થાત્ પુરુષ સંબંધી કાર્યો કરી શકનાર એવી વ્યક્તિ જો હાથ, પગ વગેરેવાળી હોય તો તે પુરુષ કહેવાય છે. તથા હાથ, પગવાળી એવી એ જ વ્યક્તિ જો સ્તન અને કેશવાળી હોય તો સ્ત્રી કહેવાય છે. જો આ રીતે પુરુષ અને સ્ત્રીને ઓળખવામાં આવશે તો 'सीमन्' વગેરે શબ્દોના પદાર્થોમાં આવા કોઈ ચિહ્નો અથવા તો કાર્યો જણાતા નથી. આથી તેવા પદાર્થોમાં સ્ત્રી અથવા પુરુષનો વ્યવહાર થઈ શકશે નહીં અને તેમ થશે તો એવા શબ્દોમાં સ્ત્રીલિંગ, પુલિંગ વગેરે નક્કી થઈ શકશે નહીં. આથી 'सीमन्' વગેરે શબ્દમાં ખરેખર સ્ત્રીલિંગ વગેરે થવું જોઈએ. પરંતુ એ પ્રમાણે થઈ શકતું નથી. આથી અવ્યાપ્તિદોષથી આવું લક્ષણ દૂષિત થાય છે. માટે સ્ત્રી અને પુરુષને ઓળખવાનું આવું સ્વરૂપ અસંગત થશે.

**ઉત્તરપક્ષ :-** આ શંકાને નજરમાં રાખીને બૃહદ્વૃત્તિમાં આચાર્ય ભગવંતશ્રીએ પંક્તિઓ લખી છે કે '**किं पुनः पुमान् स्त्री वा ?**' અર્થાત્ પુરુષ અથવા તો સ્ત્રી શું છે ? એના સમાધાનમાં જણાવે છે કે પુરુષ અથવા તો સ્ત્રી એ લિંગ છે. અર્થાત્ ચોક્કસ પ્રકારનું ચિહ્ન એ પુરુષ અથવા તો સ્ત્રી છે.

**પૂર્વપક્ષ :-** દર્શનશાસ્ત્રમાં હેતુને પણ લિંગ કહેવામાં આવે છે. દા. ત. 'पर्वतो वह्निमान् धूमात्' અહીં 'धूम' લિંગ સ્વરૂપે છે. આ લિંગ દ્વારા પર્વતમાં અગ્નિની સિદ્ધિ થાય છે. આ પ્રમાણે જે જે હેતુ સ્વરૂપ હોય તેને તેને પણ લિંગ કહેવાય છે. આ સંજોગોમાં અહીં લિંગ તરીકે શું સમજવું ?

**ઉત્તરપક્ષ :-** આ શંકાનાં અનુસંધાનમાં બૃહદ્વૃત્તિ ટીકામાં 'किं पुनः तद्...' પંક્તિઓ લખી છે. અર્થાત્ તે વળી શું છે ? હવે આ પ્રશ્નના ઉત્તર માટે સૌ પ્રથમ 'अयमभिप्रायः...' પંક્તિઓ સમજવી પડશે.

**( श०न्या० )** अयमभिप्रायः-न तावद् गोत्वादिवत् संस्थान(विशेष)व्यङ्ग्यत्वं स्त्रीत्वादि-लिङ्गस्य सामान्य-विशेषरूपताप्रसङ्गात् (जातिविशेषरूपत्वं स्यात्), ततश्च खट्वा-शिंशपा-दार-

पुरुष-नभो-मनः-प्रकृ(भृ)तिष्वलिङ्गतैव स्याद् भिन्नसंस्थानत्वात्। न च सकृदाख्यातं स्त्रीत्वादि-लिङ्गं गोत्वादिवत् सर्वेषु स्त्री-पुं-नपुंसकेषु व्यक्त्यन्तरेषु ग्रहीतुं शक्यते।

**અનુવાદ :-** અહીં અભિપ્રાય આ પ્રમાણે છે - જે પ્રમાણે ગોપિંડની આકૃતિવિશેષથી ગોત્વજાતિ પ્રગટ કરી શકાય છે (અભિવ્યક્ત કરી શકાય છે). તે જ પ્રમાણે ચોક્કસ આકૃતિવિશેષથી સ્ત્રીલિંગ, પુલિંગપણું અભિવ્યક્ત થાય છે, એવું નથી. જગતમાં સાસ્ના, લાઙ્ગુલ, શિંગડાં વગેરે સ્વરૂપ આકૃતિથી ગોત્વજાતિ અભિવ્યક્ત થાય છે. એ જ પ્રમાણે ચોક્કસ આકૃતિવિશેષથી સ્ત્રીત્વ વગેરે લિંગનું જાતિવિશેષપણું પ્રગટ કરાય છે, એવું કહી શકાતું નથી. જો આ પ્રમાણે આકૃતિવિશેષથી જ સ્ત્રીત્વ વગેરે લિંગ ઓળખી શકાત તો खट्वा, शिंशपा, दारा, पुरुष, नभस् તેમજ मनस् વગેરેમાં અલિંગપણું જ પ્રાપ્ત થાત. અહીં 'खट्वा, शिंशपा' વગેરેમાં તો પુરુષ અને સ્ત્રીની આકૃતિથી ભિન્ન આકૃતિ જોવા મળે છે. આથી લિંગવિશેષનો નિર્ણય થઈ શકત નહીં અને એવા નામોમાં અલિંગપણું સિદ્ધ થાત. પરંતુ 'पुरुष' શબ્દમાં તો પુરુષને ઉપયોગી એવા કાર્ય કરવાવાળાપણું પણ છે તેમજ હાથ, પગવાળાપણું પણ છે, તો એમાં અલિંગપણાંનો દોષ કેવી રીતે આવે ? એના અનુસંધાનમાં એવું કહી શકાશે કે પુરુષોને પણ છાતીનાં ભાગ ઉપર નાના સ્તન જેવો આકાર હોવાથી સ્ત્રીલિંગની અભિવ્યક્તિ થવાની આપત્તિ આવે છે. આથી 'पुरुष' શબ્દમાં પણ ઉપર કહેલા લક્ષણ પ્રમાણે (પુરુષને ઉપયોગી એવા કામો કરવાવાળાપણું તથા સ્તન, કેશવાળાપણું) અન્યલિંગપણું જ પ્રાપ્ત થાય છે. જુદા જુદા પદાર્થોમાં આકૃતિની ભિન્નતા હોવાથી કોઈપણ પદાર્થમાં આકૃતિ દ્વારા લિંગપણું પ્રગટ થઈ શકશે નહીં.

જે પ્રમાણે એક ગાયને બતાવીને કહેવામાં આવે છે કે આનાં જેવી આકૃતિ આ દુનિયામાં જેની જેની છે તેને ગાય કહેવામાં આવે છે. આ પ્રમાણે એક વાર કહેવાથી નહીં કહેવાયેલી વ્યક્તિને પણ ગ્રહણ કરી શકાય છે. પરંતુ આ પ્રમાણે કોઈ પદાર્થમાં સ્ત્રી અથવા તો પુરુષની ઓળખાણ કરાવીને કહી શકાતું નથી કે આવા આવા જેટલા પદાર્થો છે તે બધા જ સ્ત્રીલિંગ અથવા તો પુલિંગ અથવા તો નપુંસકલિંગ છે. આ પ્રમાણે એકવાર કથન કરવાથી પણ સ્ત્રીલિંગ, પુલિંગ વગેરે જાણી શકાશે નહીં. આ પ્રમાણે ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગ નક્કી થઈ શકતું નથી.

**(श०न्या०)** अथ स्तन-केशवत्त्वं रोमशत्वमुभयोर्लिङ्गवत्त्वेन सदृशत्वं च स्त्रीत्वं पुंस्त्वं नपुंसकत्वं च लिङ्गमिति। यदाहुः-

"स्तन-केशवती स्त्री स्याद् रोमशः पुरुषः स्मृतः।
उभयोरन्तरं यच्च तदभावे नपुंसकम्" ॥१८॥ इति।

एतदपि न संगच्छते, अतिव्याप्त्यव्याप्तिदोषदुष्टत्वात्।

**અનુવાદ :-** સ્તન, કેશવાળાપણું તથા કર્કશવાળવાળાપણું તથા બંનેનાં લિંગપણાંથી સદશવાળાપણું જેમાં જેમાં હોય તેમાં તેમાં અનુક્રમે સ્ત્રીપણું, પુરુષપણું અને નપુંસકપણું થશે અને એ પ્રમાણે સ્ત્રીલિંગ, પુલિંગ અને નપુંસકલિંગનો વ્યવહાર થશે. મહાભાષ્ય વગેરેમાં પણ કહ્યું છે કે -

જે સ્તન અને કેશવાળી હોય તે સ્ત્રી છે તથા કર્કશ રુંવાટીવાળા (છાતી વગેરે ઉપર વાળવાળા) જે હોય તે પુરુષ છે તથા જે વ્યક્તિ આ બેની મધ્યમાં છે અર્થાત્ જેમાં સ્તન, કેશ નથી તથા કર્કશ વાળ વગેરે નથી તે નપુંસક છે.

આ લક્ષણ પણ સંગત થતું નથી. જો સ્ત્રી અને પુરુષનું આવું લક્ષણ માનવામાં આવશે તો તે અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષથી દૂષિત થાય છે. આ પ્રમાણે બે દોષથી દૂષિત હોવાથી આ લક્ષણ પણ સંગત થતું નથી.

**(શ૦ન્યા૦)** तथाहि-स्त्रीवेषधारिणि भ्रूकुंसे स्तन-केशवत्त्वात् स्त्रीत्वप्रसङ्गः(भ्रूकुंसः स्त्रीवेषधारी नटस्तस्य स्तनकेशसम्बन्धात् स्त्रीत्वे सत्याप् स्यात्), केशवपने च स्त्रियाः स्त्रीत्वं न स्यात्, तदानीं केशैः संबन्धाभावात्, कुमार्याश्च स्तनादिसंबन्धस्योत्तरकालभावित्वादतिशयेऽपि मतौ विज्ञायमाने स्त्रीत्वं न स्यात् । नापितगृहाभिधायकस्याभेदोपचारेण मनुष्याभिधायिनः खरकुटीशब्दस्य 'खरकुटीः पश्य' इत्यत्र तदर्थस्य लोमशत्वेन पुंस्त्वात् "शसोऽता०" [१.४.४९.] इति नत्वप्रसङ्गः । खट्वा-वृक्षयोः स्त्रीत्व-पुंस्त्वयोरभावात् सत्त्ववाचितया लिङ्गवत्त्वेन स्त्री-पुंससदृशत्वाल्लिङ्गसंख्यारहितस्यासत्त्वभूतस्याव्ययाख्यातार्थस्याभावान्नपुंसकत्वप्रसङ्गः ।

**અનુવાદ :-** હવે સૌ પ્રથમ અતિવ્યાપ્તિદોષ બતાવે છે - જે જે સ્તન અને કેશવાળી હોય તે સ્ત્રી છે એવું માનવામાં આવશે તો સ્ત્રીવેષને ધારણ કરનાર એવા નટમાં સ્તન અને કેશવાળાપણું હોવાથી સ્ત્રીપણાંનો પ્રસંગ આવશે. નટ જ્યારે પોતાનું સ્ત્રી તરીકેનું પાત્ર ભજવતો હોય છે ત્યારે કૃત્રિમ સ્તન અને વાળવાળાપણાંની પ્રાપ્તિ કરે છે. આ પ્રમાણે જે ખરેખર સ્ત્રી નથી તેમાં પણ સ્ત્રીપણાંની પ્રાપ્તિ થાય છે અને સ્ત્રીપણાંની પ્રાપ્તિ થવાથી 'भ्रूकुंस' શબ્દ 'अकारान्त' હોવાથી સ્ત્રીલિંગમાં 'आप्' લાગવાની પ્રાપ્તિ આવે છે. આ પ્રમાણે અતિવ્યાપ્તિ નામનો દોષ પ્રાપ્ત થાય છે.

વળી કોઈક સ્ત્રી પોતાના વાળ કપાવી નાંખે ત્યારે વાળનો અભાવ થવાથી તે સ્ત્રી હોવા છતાં પણ સ્ત્રીપણાંને પ્રાપ્ત કરી શકશે નહીં. આ પ્રમાણે સ્ત્રીમાં સ્ત્રીપણાનું લક્ષણ જવું જોઈએ, છતાં પણ એ લક્ષણ ન જવાથી અવ્યાપ્તિ દોષ આવે છે.

સ્તન અને કેશવાળી જે હોય તે સ્ત્રી કહેવાય છે. અહીં સ્તન અને કેશ બંને શબ્દને 'मतु' પ્રત્યય લાગ્યો છે. 'मतु' પ્રત્યય બહુલપણાને જણાવે છે. દા. ત. સામાન્ય માણસ પાસે ધન હોય છે તેમજ સામાન્ય માણસમાં થોડું થોડું બળ પણ હોય છે, છતાં પણ તેઓ ધનવાન અને બળવાન કહેવાતાં નથી. તેમની પાસે જ્યારે ઘણું ધન અને ઘણું બળ હોય ત્યારે જ તેઓ ધનવાન અથવા તો બળવાન કહી શકાશે. એ જ પ્રમાણે અહીં પણ જ્યારે સ્તનની બહુલતા હશે તથા વાળની બહુલતા હશે ત્યારે જ તે વ્યક્તિને સ્ત્રી કહી શકાશે. કુમારી જ્યારે નાની હોય છે ત્યારે એનાં સ્તનમાં વિશાળપણું નથી હોતું તેમજ વાળમાં અધિકપણું નથી હોતું. કુમારીનું સ્તન અને વાળમાં અધિકપણું તો 'प्रायः' અઢાર વરસની ઉંમર પછી થાય છે. આથી નાની નાની બાલાઓને સ્ત્રી કહી શકાશે નહીં. આમ જ્યાં ખરેખર સ્ત્રીપણું પ્રાપ્ત થાય છે ત્યાં ઉપરોક્ત લક્ષણથી સ્ત્રીપણાંનો અભાવ થાય છે. આ પ્રમાણે અવ્યાપ્તિદોષ આવે છે.

હજામનાં (નાઈનાં) ઘરને 'खरकुटी' કહેવામાં આવે છે. હવે 'खरकुटी'નો અર્થ પણ લક્ષણા સંબંધથી હજામ જ કરવામાં આવે છે. આથી 'खरकुटी' શબ્દ ખરેખર તો હજામનાં ઘર સ્વરૂપ અર્થને પ્રગટ કરતો હતો. પરંતુ એ ઘરમાં હજામનો અભેદઉપચાર થવાથી આ 'खरकुटी' શબ્દ હજામનું (મનુષ્યનું) કથન કરનારો થાય છે. આ પ્રમાણે પુરુષ સ્વરૂપ મનુષ્યનું કથન કરનાર એવા 'खरकुटी' શબ્દમાં પુરુષપણું માનવાની આપત્તિ આવે છે. ખરેખર તો 'खरकुटी' શબ્દ સ્ત્રીપણાંનો વાચક છે. પરંતુ આ 'खरकुटी'નો જે અર્થ છે એમાં કર્કશ વાળવાળાપણું હોવાથી પુરુષપણું પ્રાપ્ત થાય છે અને પુરુષપણું પ્રાપ્ત થતું હોવાથી 'खरकुटीः पश्य' એવો પ્રયોગ પ્રાપ્ત થવો જોઈએ એને બદલે 'खरकुटीन् पश्य' એવાં અનિષ્ટ રૂપની આપત્તિ આવશે. જે જે નામો પુલિંગમાં હોય તે તે નામોમાં 'शसोऽता...' (૧/૪/૪૯) સૂત્રથી 'स्'નો 'न्' થવાની પ્રાપ્તિ આવશે. આ પ્રમાણે ઉપરોક્ત લક્ષણ માનવાથી 'खरकुटी' શબ્દમાં અતિવ્યાપ્તિદોષ આવે છે. 'તું હજામોને જો.' એ પ્રમાણેનો અર્થ 'खरकुटीन् पश्य'નો થશે જે અનિષ્ટ પ્રયોગ છે.

'खट्वा' અને 'वृक्ष'માં આમ તો અનુક્રમે સ્ત્રીલિંગપણું અને પુલિંગપણું છે. છતાં પણ ઉપરોક્ત લક્ષણ પ્રમાણે આ 'खट्वा' અને 'वृक्ष'માં અનુક્રમે સ્ત્રીપણાં અને પુરુષપણાંનો અભાવ થાય છે. વળી આ બંને શબ્દોનાં પદાર્થો સત્ત્વ સ્વરૂપ છે. આથી લિંગપણું પ્રાપ્ત થવું જોઈએ. વળી, લિંગપણાંથી આ બંનેમાં પુરુષપણું અને સ્ત્રીપણું પ્રાપ્ત ન થાય તો સ્ત્રી અને પુરુષનાં સદૃશપણાંથી નપુંસકપણાંનો પ્રસંગ આવશે. અહીં 'स्त्रीपुंससदृशत्वात्' હેતુ આગળ અલ્પવિરામ સમજી અને પાછળ 'नपुंसकत्वप्रसङ्गः'નો અન્વય કરવાથી ઉપરોક્ત બોધ પ્રાપ્ત થશે.

તથા હવે બીજો હેતુ આપીને પણ તે બંને શબ્દોમાં નપુંસકત્વનો દોષ બતાવે છે - આ બંને શબ્દો અસત્ત્વભૂત નથી. આથી લિંગ અને સંખ્યાથી રહિત એવા અસત્ત્વભૂત અવ્યય સ્વરૂપ

પણ નથી. જે જે અસત્ત્વભૂત હોય તેની વ્યાખ્યા થઈ શકતી નથી. આથી અસત્ત્વભૂત એવા અવ્યય કે જેની વ્યાખ્યા થઈ શકતી નથી એવા અર્થનો અભાવ 'खट्वा' અને 'वृक्ष' શબ્દમાં હોવાથી નપુંસકત્વનો પ્રસંગ આવે છે. બંને શબ્દો સત્ત્વવાચક હોવાથી તથા ઉપરોક્ત લિંગનો અભાવ હોવાથી તેમજ અસત્ત્વભૂત એવાં ન કથન કરી શકાય એવાં અવ્યયનો પણ અભાવ હોવાથી નપુંસકપણાંનો પ્રસંગ આવે છે. આ પ્રમાણે 'खट्वा' અને 'वृक्ष'માં અતિવ્યાપ્તિ દોષ આવે છે.

**(શ૦ન્યા૦)** न च सूक्ष्मत्वात् खट्वादौ स्तनकेशादेर्दुर्बलेन्द्रियैरनुपलम्भ इति वाच्यम्, इन्द्रियदौर्बल्यमप्यनुपलब्धिकारणं प्रमाणान्तरावसितवस्तुविषयमेवाभिधातुं शक्यम्, न चात्र किञ्चिदपि तत्सद्भावे प्रमाणमस्ति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** 'खट्वा' વગેરેમાં સ્તન તથા કેશ વગેરેવાળાપણું તો છે જ, પરંતુ અત્યંત સૂક્ષ્મ હોવાથી અને આપણી ઇન્દ્રિયો દુર્બળ હોવાથી તે લિંગની પ્રાપ્તિ થઈ શકતી નથી. આમ પ્રત્યક્ષથી નહીં જણાવા માત્રથી એમાં પુલિંગ અને સ્ત્રીલિંગપણાંનો સદ્ભાવ નથી એવું કહી શકાશે નહીં.

અહીં ઇન્દ્રિયની દુર્બલતા સ્વરૂપ હેતુને આપીને 'खट्वा' અને 'वृक्ष' શબ્દનાં પદાર્થમાં સ્ત્રીલિંગ અને પુલિંગ હોવા છતાં પણ અપ્રાપ્તિ બતાવી તેનાં અનુસંધાનમાં સિદ્ધાંતકારો કહે છે કે વિદ્યમાન પદાર્થોની અપ્રાપ્તિ છ પ્રકારે થાય છે.

(૧) **अतिसन्निकर्षात्** :- આંખોની અત્યંત સમીપ કોઈ વસ્તુ આવી જાય તો પણ તેનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. દા. ત. આંખોમાં કાજળ આંજવામાં આવે તો કાજળ આંખોની અત્યંત સમીપ હોવાથી તે વ્યક્તિ કાજળનું પ્રત્યક્ષ કરી શકતી નથી.

(૨) **अतिविप्रकर्षात्** :- આંખોથી કોઈ વસ્તુ અત્યંત દૂર હોય તો પણ તેનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. દા. ત. દૂર-દૂર આકાશમાં પક્ષી ઊડતું હોય તો વિદ્યમાન એવાં પક્ષી પદાર્થની પણ આંખો દ્વારા પ્રાપ્તિ થઈ શકતી નથી.

(૩) **मूर्त्यन्तरव्यवधानात्** :- મૂર્ત પદાર્થોનું વચ્ચે વ્યવધાન આવી જાય તો પણ પદાર્થનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. દા. ત. પેટીમાં રહેલું સુવર્ણ પેટીનાં આવરણને કારણે દેખાતું નથી.

(૪) **तमसाऽऽवृतत्त्वात्** :- અંધકારથી કોઈ વસ્તુ ઢંકાઈ જાય ત્યારે પણ આંખો દ્વારા એ વસ્તુનું પ્રત્યક્ષ થઈ શકતું નથી.

(૫) **इन्द्रियदौर्बल्यात्** :- આપણી ઇન્દ્રિય દુર્બલ હોય તો પણ સામે રહેલાં પદાર્થની પ્રતીતિ થતી નથી. દા. ત. આંખોમાં નંબર વધી ગયા હોય તો પણ વસ્તુનું પ્રત્યક્ષ થતું નથી.

(૬) **अतिप्रमादात्** :- અન્ય વિષયમાં ચિત્ત આસક્ત થઈ જાય તો પણ સમીપ રહેલા પદાર્થનું પ્રત્યક્ષ થઈ શકતું નથી.

આ પ્રમાણે અનુપલબ્ધિનાં ૬ હેતુઓમાં આચાર્ય ભગવંતશ્રીએ ઇન્દ્રિયની દુર્બલતા સ્વરૂપ હેતુ બતાવીને 'खट्वा' અને 'वृक्ष' શબ્દમાં સ્તન વગેરેનો સદ્ભાવ હોવા છતાં પણ પ્રતીતિ થતી નથી એવો અર્થ જણાવ્યો.

**પૂર્વપક્ષ :-** અત્યંત સૂક્ષ્મપણાંથી 'खट्वा' વગેરેમાં સ્તન, કેશ વગેરે પણ દુર્બલ એવી ઇન્દ્રિયથી પ્રાપ્ત કરી શકાતું નથી, એવું કહી શકાતું નથી. ઇન્દ્રિયની દુર્બલતા ત્યારે જ કહી શકાય કે જો અન્ય પ્રમાણથી તે લક્ષણોની પ્રાપ્તિ 'खट्वा' વગેરેમાં થઈ શકતી હોય. 'खट्वा, वृक्ष' વગેરેમાં સ્તન, કેશ વગેરેનાં સદ્ભાવમાં કોઈ પણ પ્રમાણ નથી.

**( શ૦ન્યા૦ )** अथ आदित्यगतिवत् सदपि नोपलभ्यते इति चेद्, नैवम्-तत्रादित्यगतेरनुपलभ्यमानत्वेऽपि देशान्तरप्राप्तिलक्षणेन कार्येणानुमीयमानत्वात् सत्त्वमुपपद्यते । एवं तर्हि खट्वादौ आबादेर्लिङ्गकार्यस्य दर्शनात् तदनुमानमस्तु ।

**ઉત્તરપક્ષ :-** સૂર્યમાં ગતિ વિદ્યમાન હોય છે છતાં પણ પ્રત્યક્ષપ્રમાણથી તે પ્રાપ્ત થઈ શકતી નથી. પરંતુ તેટલામાત્રથી સૂર્યમાં ગતિ નથી એવું કહી શકાતું નથી. એ જ પ્રમાણે 'खट्वा, वृक्ष' વગેરેમાં પણ સ્તન, કેશ વગેરેનો સદ્ભાવ તો છે જ, પરંતુ તેનું પ્રત્યક્ષ થઈ શકતું નથી. આ પ્રમાણે પ્રત્યક્ષ ન થવા માત્રથી તેમાં સ્તન, કેશ વગેરે ચિહ્નો નથી તેવું કહી શકાતું નથી.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે જો તમે કહેતાં હો તો એવું નથી. ત્યાં સૂર્યની ગતિ ભલે પ્રત્યક્ષથી પ્રાપ્ત ન થાય તો પણ દેશાંતર પ્રાપ્તિ સ્વરૂપ કાર્યથી સૂર્યની ગતિનું અનુમાન થઈ શકે છે. અને એ પ્રમાણે સૂર્યમાં ગતિ વિદ્યમાન જ છે જે દેશાંતર પ્રાપ્તિ સ્વરૂપ લિંગથી નક્કી થઈ શકે છે.

**ઉત્તરપક્ષ :-** જો દેશાંતર પ્રાપ્તિ સ્વરૂપ કાર્યથી સૂર્યમાં ગતિનો નિશ્ચય થઈ શકે છે તો 'खट्वा' વગેરેમાં પણ 'आप्' વગેરે ચિહ્ન પ્રાપ્ત થાય છે. આથી 'आप्'ની પ્રાપ્તિ સ્વરૂપ કાર્યથી 'खट्वा' વગેરેમાં સ્તન વગેરેનું અનુમાન કરી શકાય છે. માટે 'खट्वा' વગેરેમાં સ્તન વગેરે લક્ષણને આધારે સ્ત્રીપણું વગેરે માની શકાશે.

**( શ૦ન્યા૦ )** अत्राभिधीयते-आदित्यगत्यनुमाने देशान्तरप्राप्तिः प्रामाणिकी सती लिङ्गं भवति, इह तु तल्लिङ्गस्वरूपविविक्तखट्वादिवस्तुविषयेण प्रत्यक्षेण लिङ्गाभावनिश्चयकरणे (०कारिणा) विरुध्यते, इतरेतराश्रयत्वं च सति आबादौ लिङ्गावगमः, सति च लिङ्गे आबादय इति । तथा 'तटः, तटी, तटम्' इति कार्यदर्शनात् सर्वलिङ्गप्रसङ्गः; न चैकस्मिन् द्रव्ये सर्वलिङ्गत्वं युक्तं

विरोधात्, स्त्री-पुंस-सद्भावे च नपुंसकत्वं न स्यात्, 'तदभावे नपुंसकम्' इति वचनात्, तस्माद् वैयाकरणैः स्वसिद्धान्तः कश्चिदाश्रयितव्य इति । पुनः समाधत्ते-**अयमियमिदमिति**-

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** સૂર્યની ગતિનાં અનુમાનમાં દેશાંતરપ્રાપ્તિ એ પ્રામાણિક લિંગ છે. દા. ત. કોઈક મનુષ્ય એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જતો હોય ત્યારે દેશાંતરપ્રાપ્તિ સ્વરૂપ કાર્યથી તેનાં કારણ સ્વરૂપ ગમનક્રિયાનું પણ પ્રત્યક્ષ થાય જ છે. એ જ પ્રમાણે સૂર્યને વિશે સવાર, બપોર અને સાંજનાં સમયે દેશાંતરપ્રાપ્તિ સ્વરૂપ કાર્ય તો જણાય જ છે પરંતુ સૂર્યની ગતિ અત્યંત ધીમી હોવાથી પ્રત્યક્ષથી એ ગતિનો નિર્ણય થઈ શકતો નથી. આમ છતાં પણ દેશાંતરપ્રાપ્તિ પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ થયેલી હોવાથી લિંગ થઈ શકે છે અને તેનાં દ્વારા સૂર્યની ગતિનું અનુમાન થઈ શકે છે. જ્યારે અહીં તો 'खट्वादि' વસ્તુના જે સ્તન, કેશ વગેરે લિંગો છે તે લિંગ સ્વરૂપથી રહિત એવી 'खट्वादि' વસ્તુ વિષયમાં પ્રત્યક્ષથી લિંગના અભાવનો નિશ્ચય થાય છે અર્થાત્ 'खट्वादि' વસ્તુઓમાં ક્યારેય પણ સ્તન, કેશ વગેરેનું પ્રત્યક્ષ થતું જ નથી. આમ સ્તન, કેશ વગેરે લિંગના પ્રત્યક્ષનો અભાવ હોવાથી બીજા કોઈ લિંગથી પણ તે લક્ષણોનું અનુમાન થઈ શકતું નથી. અહીં એવું લિંગ છે જે લિંગના અભાવનું જ પ્રત્યક્ષ કરાવે છે. નદીમાં પાણીનો પ્રવાહ વધારે હોય તો પર્વત ઉપર વરસાદ છે એવું કહી શકાય છે, તેમ અહીં તો પ્રત્યક્ષથી કોઈ લિંગ જણાતું નથી. આથી 'खट्वा' વગેરેમાં સ્તન, કેશ વગેરે લિંગનાં અભાવનો જ નિશ્ચય થાય છે. કોઈ સારી આંખવાળાઓ પણ એ લિંગનું પ્રત્યક્ષ કરી શકતા નથી. માટે લિંગાભાવનો જ અહીં નિશ્ચય થાય છે.

વળી ઇતરેતરઆશ્રયદોષ પણ આવે છે. 'आप्' વગેરે હોય તો લિંગનો બોધ થાય છે અને લિંગ હોય તો 'आप्' વગેરે પ્રત્યય થઈ શકે છે. જો સ્તન વગેરે ચિહ્નોનું પ્રત્યક્ષ ન થઈ શકે તો 'आप्' વગેરે કેવી રીતે થઈ શકે ? અને 'आप्' વગેરે હોય તો તેનાથી સ્તન વગેરે લિંગનો નિશ્ચય કેવી રીતે થઈ શકે ? 'आप्' વગેરે હોય તો સ્તન વગેરે લિંગો હોય અને સ્તન વગેરે લિંગો હોય તો 'आप्' વગેરે પ્રત્યય હોય. આ પ્રમાણે ઇતરેતરઆશ્રયદોષ આવતો હોવાથી ઉપર કહેલા ચિહ્નોવાળા સ્ત્રી, પુરુષ અને નપુંસકનો વિચાર યોગ્ય જણાતો નથી.

વળી, 'तटः, तटी, तटम्' એ પ્રમાણે એક જ પદાર્થનાં ત્રણ શબ્દોમાં ત્રણેય લિંગની પ્રાપ્તિ હોવાથી પદાર્થોમાં બધા લિંગોનો પ્રસંગ આવે છે. સ્ત્રી, પુરુષ અને નપુંસકને ઓળખાવનાર જુદા જુદા ચિહ્નો હોય છતાં પણ બધા ચિહ્નોનો એક જ પદાર્થમાં સમાવેશ થાય તે યોગ્ય નથી. ગાયને ઓળખાવનાર જે લિંગ છે એ જ ગાયમાં ભેંસને ઓળખાવનાર લિંગનો પણ સમાવેશ થઈ જાય તો વિરોધ નામનો દોષ આવે છે. આમ વિરોધ હોવાથી એક જ દ્રવ્યમાં બધા લિંગો માની શકાતા નથી. સ્ત્રી અને પુરુષનાં સદ્ભાવમાં નપુંસકપણું નથી હોતું અને સ્ત્રી, પુરુષના

અભાવમાં નપુંસકપણું હોય છે, આવું વચન છે. નપુંસકની વ્યુત્પત્તિથી જ જણાય છે કે જેમાં પુલિંગ અને સ્ત્રીલિંગ નથી તે નપુંસક કહેવાય છે. આમ સ્ત્રી અને પુરુષનાં સદ્ભાવમાં નપુંસકપણું ન થઈ શકવાથી એક જ દ્રવ્યમાં બધા જ લિંગો કહી શકાતા નથી. આ પ્રમાણે વૈયાકરણીઓવડે લિંગનાં નિશ્ચય માટે પોતાનો કોઈ સિદ્ધાંત આશ્રય કરવા યોગ્ય છે. આથી એવો કયો સિદ્ધાંત છે કે જેને કારણે પદાર્થમાં કોઈ ચોક્કસ લિંગ છે, એવો નિશ્ચય થઈ શકે ?

**ઉત્તરપક્ષ :-** આના સમાધાનમાં બૃહદ્વૃત્તિમાં 'अयम्, इयम्, इदम्' પંક્તિઓ લખી છે. જેના માટે 'अयम्' સર્વનામનો પ્રયોગ હશે તે પુલિંગવાળું નામ કહેવાશે. તથા 'इयम्' સર્વનામનો પ્રયોગ હશે તે સ્ત્રીલિંગવાળું નામ કહેવાશે, તેમજ 'इदम्' સર્વનામનો પ્રયોગ થયો હશે તે નપુંસકલિંગવાળું નામ કહેવાશે. આથી 'अयम् पर्वतः, इयम् नदी, इदम् पुस्तकं' વગેરે પ્રયોગો દ્વારા પુલિંગ, સ્ત્રીલિંગ તથા નપુંસકલિંગની વ્યવસ્થા સહેલાઈથી થઈ શકશે. અને સ્ત્રીલિંગ, પુલિંગ, નપુંસકલિંગ વગેરેનું આ આપત્તિ વગરનું લિંગ સિદ્ધ થાય છે.

**( श०न्या० )** लोकस्तावच्छिष्टप्रयोगानुसारी क्वचिदयमिति प्रयुङ्क्ते-अयं घट इति, न तत्रेयमिदमिति वा, क्वचिदियमिति प्रयुङ्क्ते-इयं कुटीति, न तत्रायमिदमिति वा, तथा (क्वचिद्) इदं कुड्यमिति प्रयुङ्क्ते, न तत्रायमियमिति वा ।

**અનુવાદ :-** લોક એ શિષ્ટ પ્રયોગને અનુસરવાવાળો હોય છે. આથી કોઈક સ્થાનમાં अयम् સર્વનામનો પ્રયોગ કરાય છે એવાં સ્થાનમાં 'अयम् घटः' વગેરે પ્રયોગો હોય છે. 'अयम् घटः' સ્થાનમાં 'इयम्' અને 'इदम्' સર્વનામના પ્રયોગ થતા નથી. કોઈક સ્થાનમાં 'इयम्' સર્વનામનો પ્રયોગ કરાય છે તો તેવા સ્થાનમાં 'इयम् कुटी' વગેરે પ્રયોગો જણાય છે. આવા પ્રયોગમાં 'अयम्' અને इदम्' સર્વનામનાં પ્રયોગો થતાં નથી. તથા કોઈક સ્થાનોમાં 'इदम्' સર્વનામનો પ્રયોગ થાય છે. દા. ત. 'इदम् कुड्यम्' આ પ્રયોગમાં 'अयम्' અને 'इयम्' સર્વનામના પ્રયોગો થતા નથી.

**( श०न्या० )** तत्र यत उत्पादप्रलयस्थितिलक्षणात् स्वभावादयमियमिदमितिशब्दो व्यवतिष्ठते स तच्छब्दव्यवस्थाहेतुः स्वभावो लिङ्गम् । अयमभिप्रायः प्रतिलक्ष(तिक्ष)णं उत्पाद-प्रलय-स्थिति-धर्माणः सर्वे भावाः पूर्वस्वभावातिवृत्त्या स्वयमेवोत्तरीभवन्तः कुम्भादयो दृश्यन्ते, नहि कश्चिद् स्वस्मिन्नात्मनि मुहूर्तमप्यवतिष्ठते, वर्द्धते च यावदनेन वर्द्धितव्यम्, अपायेन वा युज्यते। तत्रोत्पादः पुंस्त्वम्, प्रलयः स्त्रीत्वम्, स्थितिर्नपुंसकत्वमुच्यते । तथाहि रूपादीनां पर्यायाणां सवनं प्रसवः पुमान्, अपचयः स्त्यानं स्त्री, साम्यावस्था स्थितिर्नपुंसकम् । एताश्चावस्थाः शब्दगोचरा एवेति । तत्र कश्चि-च्छब्दः केनचिदेकेन द्वाभ्यां त्रिभिर्वा धर्मैर्विशिष्टमर्थं नियमविकल्पाभ्यामाचष्टे, तत्र शिष्टप्रसिद्धिः प्रमाणम् । लोके च सूतेऽपत्यमिति पुमान्, स्त्यायति गर्भोऽस्यामिति स्त्री,

इति कर्त्रधिकरणसाधनावेतौ, इह तु भावसाधनौ । सर्वाश्च मूर्तयः संस्त्यानप्रसवगुणाः, रूपादिसंघातरूपं च घटादि वस्तु, नह्येकान्तेन व्यतिरिक्तमवयवि द्रव्यमस्ति ।

**અનુવાદ :-** હવે આચાર્ય ભગવંતશ્રી વસ્તુમાં રહેલા કોઈ ચોક્કસ ધર્મોને કારણે લિંગની વ્યવસ્થા બતાવે છે. દરેક વસ્તુમાં ઉત્પાદ, પ્રલય અને સ્થિતિ સ્વરૂપ સ્વભાવ હોય છે અને આ સ્વભાવથી જ 'अयम्, इयम्, इदम्' એવા સર્વનામની વ્યવસ્થા થાય છે અને એ સ્વભાવ જ તે તે સર્વનામોની વ્યવસ્થામાં કારણરૂપ છે. અને આ સ્વભાવ જ લિંગ સ્વરૂપે છે. અહીં અભિપ્રાય આ પ્રમાણે છે - દરેક ક્ષણે ઉત્પત્તિ, નાશ અને સ્થિતિધર્મવાળા બધા જ પદાર્થો જણાય છે. પૂર્વસ્વભાવ વ્યતીત થવાથી જાતે જ પછીનાં સ્વભાવવાળા થતા એવાં કુંભ વગેરે દેખાય છે. કોઈપણ પદાર્થ પોતાનાં સ્વરૂપમાં મુહૂર્ત પણ રહી શકતો નથી. જ્યાં સુધી એનાવડે વધવા યોગ્ય છે ત્યાં સુધી તે વધે છે અથવા તો તે પદાર્થ નાશની સાથે જોડાય છે અર્થાત્ તે પદાર્થ વિયોગથી યુક્ત થાય છે. ત્યાં જે ઉત્પત્તિ છે તે પુરુષપણું છે અને જે પ્રલય છે તે સ્ત્રીપણું છે તથા સ્થિતિ નપુંસકપણાંવાળી કહેવાય છે. રૂપાદિ પર્યાયોની ઉત્પત્તિ તે પુરુષ છે તથા રૂપાદિ પર્યાયોની હાનિ એ સ્ત્રી છે તેમજ સામ્ય અવસ્થા સ્વરૂપ સ્થિતિ એ નપુંસક છે. અહીં અભિપ્રાય આ પ્રમાણે છે - રૂપાદિ પર્યાયોની ઉત્પત્તિ થવી એ પુરુષપણું છે. તથા રૂપાદિ પર્યાયોનો નાશ થવો એ સ્ત્રીપણું છે અને રૂપાદિ પર્યાયોની સ્થિતિ હોવી એ નપુંસકપણું છે. આ બધી અવસ્થાઓ માત્ર શબ્દ વિષયવાળી જ છે. અર્થાત્ શબ્દ વિષય છે જેનો એવી આ અવસ્થાઓ છે. જે જે શબ્દોનાં પ્રયોગો લોકવ્યવહારમાં થાય છે એ શબ્દ દ્વારા કોઈકને કોઈક અર્થનો બોધ થતો જ હોય છે. દરેક પદાર્થોમાં આમ તો ઉત્પત્તિ, નાશ અને સામ્ય અવસ્થાઓ વિદ્યમાન જ છે. આથી તે તે પદાર્થોનાં વાચક એવાં શબ્દોમાં એકસાથે ત્રણ લિંગ થવાની આપત્તિ આવશે. બધા જ શબ્દો કંઈ ત્રણ લિંગવાળા હોતા નથી. આથી આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે કોઈક શબ્દ એક ધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહે છે. આવો શબ્દ એક લિંગવાળો થશે. કોઈક શબ્દ બે ધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહે છે. દા. ત. 'ब्राह्मण' શબ્દ. કોઈક શબ્દ ત્રણ ધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહે છે. દા. ત. 'तट' શબ્દ છે તે ઉપરોક્ત ત્રણેય ધર્મવાળાં (ઉત્પત્તિ, નાશ અને સ્થિતિ) પદાર્થને કહે છે. આ પ્રમાણે શબ્દ દ્વારા અર્થનું કથન ક્યાં તો નિયમથી (લિંગાનુશાસનનાં નિયમથી) થાય છે અથવા તો વિકલ્પથી થાય છે. લિંગ લિંગાનુશાસનનાં નિયમથી ત્રણ પ્રકારે નક્કી થાય છે. દરેક પદાર્થોમાં ઉત્પાદ, હાનિ અને સ્થિતિ સ્વરૂપ ત્રણ અવસ્થાઓ હોય જ છે. આથી પદાર્થમાં પણ ત્રણેય અવસ્થાઓ હોતે છતે પણ 'वृक्ष' શબ્દ ઉત્પાદ સ્વરૂપ ધર્મથી વિશિષ્ટ એવા અર્થને જ કહે છે. આ વસ્તુ લિંગાનુશાસનનાં નિયમથી નક્કી થાય છે. તથા 'खट्वा' શબ્દ હાનિ સ્વરૂપ ધર્મને જ કહે છે. આ પણ લિંગાનુશાસનનાં નિયમથી જ નક્કી થાય છે. તથા 'दधि' શબ્દ સ્થિતિ

સ્વરૂપ અવસ્થાવાળા પદાર્થને જ કહે છે. આ પણ લિંગાનુશાસનનાં નિયમથી જ નક્કી થાય છે. આ પ્રમાણે જે જે શબ્દો લિંગાનુશાસનનાં નિયમથી જે જે લિંગોવાળા હશે તે તે શબ્દો તે તે ધર્મથી વિશિષ્ટ એવા અર્થને નિયમથી કહેશે.

કેટલાક શબ્દો વિકલ્પથી બે અથવા ત્રણ ધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે. દા. ત. 'शङ्ख' શબ્દ પુલિંગ અને નપુંસક એ પ્રમાણે બંને લિંગોમાં હોય છે. આથી 'शङ्खः' શબ્દ ક્યાંતો ઉત્પાદધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે અથવા તો સ્થિતિધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે ત્યારે 'शङ्खम्' શબ્દનો પ્રયોગ થશે. કેટલાક શબ્દોમાં નપુંસકલિંગ અને સ્ત્રીલિંગ એમ બંને લિંગો વપરાશે. દા. ત. 'भागधेयम्' અને 'भागधेयी' (કિસ્મતવાળું અને કિસ્મતવાળી.) આ પ્રમાણે આ શબ્દ ક્યાંતો સ્થિતિધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે અથવા તો હાનિધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે.

'वत्सः, वत्सा' આ શબ્દો પુલિંગ અને સ્ત્રીલિંગમાં હોય છે. આથી આ શબ્દ ઉત્પાદધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે અથવા તો હાનિધર્મથી વિશિષ્ટ એવા અર્થને કહેશે. 'वत्सः' એટલે દીકરો અને 'वत्सा' એટલે દીકરી. કેટલાક શબ્દો ત્રણ ધર્મથી વિશિષ્ટ અર્થને વિકલ્પથી કહે છે, જેમ કે, 'तटः, तटी, तटम्'.

દરેક શબ્દોને તે તે ધર્મોથી વિશિષ્ટ એવા અર્થને કહેનારા બતાવ્યા તેમાં પ્રમાણ તરીકે શિષ્ટપુરુષો દ્વારા થયેલી પ્રસિદ્ધિ જ કારણ છે.

વ્યવહારથી લોકો જે લિંગ નક્કી કરે છે એમાં ક્યાં તો કર્તાની પ્રધાનતા છે અથવા તો અધિકરણની પ્રધાનતા છે. દા. ત. 'पिता अपत्यम् सूते' (પિતા બાળકને ઉત્પન્ન કરે છે.) આથી લોકમાં 'पुमान्' શબ્દ કર્તાકારકની પ્રધાનતાવાળો છે. તથા 'स्ताययति गर्भोऽस्याम्' (ગર્ભ જેમાં વૃદ્ધિ પામે છે.) એ પ્રમાણે અધિકરણ અર્થમાં 'स्त्री' શબ્દ વપરાય છે. આ બધી વિવક્ષાઓ સામાન્ય લોક સંબંધી છે. પરંતુ વ્યાકરણમાં તો ભાવની પ્રધાનતાવાળા પુમાન્, સ્ત્રી અને નપુંસક લિંગો છે. વૈયાકરણીઓ ઉત્પાદને પુમાન્ કહે છે, હાનિને (વ્યયને) સ્ત્રી કહે છે અને સ્થિતિને નપુંસક કહે છે. આ ઉત્પાદ, વ્યય અને સ્થિતિ ત્રણેય શબ્દો ભાવવાચક અર્થાત્ ક્રિયાવાચક છે. માટે વ્યાકરણમાં ભાવની પ્રધાનતાથી લિંગોનું કથન થાય છે.

બધી જ મૂર્તિઓ (આ શબ્દનો અર્થ હવે પછી તરત જ આવે છે.) વ્યય, ઉત્પાદ તથા સ્થિતિ સ્વરૂપ ગુણોવાળી છે.

સાંખ્યદર્શન પ્રમાણે 'सत्त्व, रजस् અને तमस्' એમ મૂળપ્રકૃતિનાં ત્રણ ગુણો છે. હવે આ ત્રણ ગુણનાં પરિણામ સ્વરૂપ જ રૂપાદિ પાંચ ગુણો છે. (રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ) તથા આ પાંચનાં સમૂહરૂપ જ ઘટાદિ વસ્તુ છે. એકાંતે પાંચ ગુણથી રહિત એવું અવયવી સ્વરૂપ દ્રવ્ય

હોતું નથી. અર્થાત્ અવયવી સ્વરૂપ ઘટાદિ દ્રવ્ય હોય અને રૂપાદિ ગુણો ન હોય એવું ક્યારેય ન બને.

**(શ૦ન્યા૦)** यद्यपि अनार(ब्ध)कार्याणां तेषां पूर्वावस्थायामप्रत्यक्षत्वाच्छब्दव्यवहारा-गोचरत्वम्, यदाह–"गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति;" तथाऽपि तत्परिणामरूपा लोकप्रसिद्धा रूपादयो गृह्यन्ते, संपिण्डितस्वभावाः चक्षुर्गोचरा मूर्तिशब्देनोच्यन्ते ।

**અનુવાદ :-** પ્રકૃતિનાં ગુણ સ્વરૂપ સત્ત્વ, રજસ્ અને તમસ્, જ્યારે કાર્યનો આરંભ કરાયો નથી હોતો ત્યારે એ ગુણો પોતાનાં કારણ સ્વરૂપ મૂળપ્રકૃતિમાં લીન રહે છે. તે સમયે તેઓ અત્યંત સૂક્ષ્મ હોવાથી તેનું પ્રત્યક્ષ થતું નથી. આથી, તે ગુણો ('सत्त्व, रजस् અને तमस्' જે ઉત્પાદ, પ્રલય અને સ્થિતિ સ્વરૂપ છે.) વ્યવહારને યોગ્ય ન હોવાથી શબ્દવ્યવહારનાં અવિષયરૂપ થાય છે. આથી હવે શંકા થાય છે કે કાર્યનો આરંભ કર્યા પહેલાં જે પ્રકૃતિનાં સત્ત્વાદિ ગુણ છે તેની ત્રણ અવસ્થાઓ સ્ત્રી, પુમાન્ અને નપુંસક છે અથવા તો શબ્દાદિ પાંચ કાર્યોનો આરંભ થયા બાદ સત્ત્વાદિ ગુણ જે પ્રત્યક્ષનો વિષય થાય છે એ ગુણોની અવસ્થાઓ પુમાન્, સ્ત્રી, નપુંસક વગેરે છે ? લિંગ નક્કી કરવા માટે વૈયાકરણીઓએ પ્રકૃતિનાં ત્રણ ગુણો જે 'सत्त्व, रजस् અને तमस्' સ્વરૂપ છે એ બધાની અપચય, ઉપચય અને સ્થિતિ સ્વરૂપ અવસ્થાઓને ધ્યાનમાં લીધી છે. એટલે કે ત્રણ ગુણોનાં પરિણામ સ્વરૂપ જે અપચય અવસ્થા છે તેનાથી સ્ત્રીલિંગ નક્કી થાય છે તથા ઉપચય અવસ્થા છે તેનાથી પુલિંગ નક્કી થાય છે તથા જે સામ્ય અવસ્થા છે તેનાથી નપુંસકલિંગ નક્કી થાય છે. હવે આ ત્રણ ગુણો કાર્યના આરંભ થયા પૂર્વે અત્યંત સૂક્ષ્મ હોવાથી પ્રત્યક્ષનો વિષય બનતા નથી. આથી એ ગુણોને આધારે શબ્દોનો વ્યવહાર થઈ શકતો નથી. આથી કાર્યનો આરંભ થયા પૂર્વે આ બધા ગુણો શબ્દવ્યવહારનો વિષય બનતા નથી.

આ 'सत्त्व, रजस् અને तमस्' ગુણો બે સ્વરૂપમાં પ્રાપ્ત થશે. પહેલું સ્વરૂપ રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા શબ્દો સ્વરૂપ કાર્યો વિદ્યમાન ન હતા ત્યારે પણ આ બધા કાર્યોનાં કારણ સ્વરૂપ ત્રણ ગુણો વિદ્યમાન જ હતા. તથા જ્યારે રૂપ, રસ, ગંધ વગેરે કાર્યો વિદ્યમાન હતા ત્યારે તાદાત્મ્યસંબંધથી સત્ત્વ વગેરે ગુણો તે તે કાર્યોમાં હતા. આ સત્ત્વ વગેરે ગુણોનું સ્વરૂપ જ્યારે કાર્યોમાં વિદ્યમાન ન હતું એ એનું સૂક્ષ્મ સ્વરૂપ હતું. એને માટે આચાર્ય ભગવંતે અહીં પંક્તિ લખી છે કે 'गुणानां परमं रूपं न दृष्टिपथमृच्छति।' અર્થાત્ સત્ત્વ, રજસ્ વગેરે ગુણો જે શબ્દ વગેરે કાર્ય સ્વરૂપ પરિણત ન હતા એવી અવસ્થાનું પ્રત્યક્ષ થતું નથી. અહીં એક લૌકિક ઉદાહરણ સમજીએ. કાચી કેરીમાં મીઠાશ છે. તે મીઠાશનું પ્રત્યક્ષ નથી થતું. જોકે એ મીઠાશ જેમ કાચી કેરીમાં તાદાત્મ્યસંબંધથી રહી છે તે જ પ્રમાણે પાકી કેરીમાં પણ મીઠાશ તાદાત્મ્યસંબંધથી રહી છે. એ જ પ્રમાણે અહીં 'सत्त्व, रजस्' વગેરે ગુણો જેમ પ્રકૃતિમાં રહ્યા છે એ જ પ્રમાણે રૂપાદિ

કાર્યોમાં પણ આ ત્રણ ગુણો તાદાત્મ્યસંબંધથી રહ્યા છે. આ બંને અવસ્થામાં પણ સત્ત્વ વગેરે ગુણોનું પ્રત્યક્ષ સંભવિત નથી. માત્ર સત્ત્વાદિ ગુણોના કાર્યો રૂપાદિનું જ પ્રત્યક્ષ થઈ શકે છે. આ પ્રમાણે સત્ત્વ વગેરે ગુણોનું પ્રત્યક્ષ થઈ શકતું નથી તો પછી એની જુદી જુદી ઉપચય વગેરે અવસ્થાઓને આધારે જે લિંગનો નિર્ણય કરવામાં આવ્યો છે તેનું પણ પ્રત્યક્ષ આપણા જેવાં છદ્મસ્થ જીવોને થઈ શકશે નહીં. તો પણ સત્ત્વાદિ ગુણોનાં પરિણામ રૂપ લોકપ્રસિદ્ધ એવાં (વ્યવહારિક લોક) શબ્દ વગેરે ગુણોનું પ્રત્યક્ષ તો થાય જ છે. આ રૂપાદિ ગુણો તેજ, જલ, પૃથ્વી, વાયુ તથા આકાશ દ્રવ્ય (એ પાંચ ગુણોનાં સમૂહ ભેગો થવાથી) દ્વારા ચક્ષુનાં વિષયભૂત થાય જ છે. અને એ પાંચ ભૂતો જ (પૃથ્વી વગેરે) મૂર્તિ શબ્દવડે કહેવાય છે. કોઈ કોઈ દ્રવ્યો ત્રણ કે ચાર વગેરે ગુણોનાં સમૂહવાળાં પણ હોય છે.

**(શ૦ન્યા૦)** सर्वपदार्थव्यापित्वं पुंस्त्वादीनां उत्पादादिप्रवृत्तेर्नित्यत्वात्; सामान्यमपि गोत्वादिकं व्यक्तेरव्यतिरिक्तत्वात् प्रवृत्तिधर्मः, शशविषाणादावप्युत्तरपदार्थद्वारको लिङ्गयोग इति पदार्थव्यापिनीत्वं प्रवृत्तेः, स्त्रीत्वं स्त्रीता पुंस्त्वमित्यादौ संस्त्यानादेरपि प्रवृत्तिलक्षणलिङ्गयोगः । न चाव्यवस्थाप्रसङ्गः, विवक्षातो व्यवस्थासिद्धेः, लोकव्यवहारानुयायिनी च विवक्षाऽऽश्रीयते न तु प्रायोक्त्री । तदुक्तं हरिणा–

"संनिधाने निमित्तानां किञ्चिदेव प्रवर्तकम् ।
यथा तक्षादिशब्दानां लिङ्गेषु नियमस्तथा ॥१९॥
भावतत्त्वदृशः शिष्टाः शब्दार्थेषु व्यवस्थिताः ।
यद्यद्धर्मगताने(द्धर्मेऽङ्गतामे)ति लिङ्गं तत् तत् प्रचक्षते" ॥२०॥

**અનુવાદ :-** પુમાન્, સ્ત્રી અને નપુંસકનું આ પ્રમાણે સર્વવ્યાપીપણું સિદ્ધ થાય છે. કારણ કે લિંગનો નિર્ણય ઉત્પાદ, પ્રલય અને સ્થિતિનાં પરિણામ સ્વરૂપથી કરવામાં આવે છે. અને આ ઉત્પાદાદિ પ્રવૃત્તિ નિત્ય હોવાથી બધા જ પદાર્થમાં પુલિંગ વગેરેપણું પ્રાપ્ત થશે.

લિંગની વ્યવસ્થામાં પ્રવૃત્તિ સ્વરૂપ ધર્મનું ('રજસ્' વગેરે પ્રકૃતિનાં પરિણામો તે પ્રવૃત્તિ કહેવાય છે.) સામાન્યથી આલંબન લેવાય છે. આથી જ્યાં જ્યાં પ્રવૃત્તિ સ્વરૂપ ધર્મ હશે ત્યાં ત્યાં લિંગનો વ્યવહાર થઈ શકશે. આ લિંગ સામાન્યનું લક્ષણ કહેવાય. ઉત્પાદ વગેરે વિશેષથી થયેલાં પરિણામો (પ્રવૃત્તિ) દ્વારા લિંગવિશેષનું (પુલિંગ, સ્ત્રીલિંગ વગેરેનું) કથન થશે. હવે જે જે શબ્દો જાતિપ્રવૃત્તિનિમિત્તક હશે ત્યાં ત્યાં ગોત્વ વગેરે જાતિઓ નિત્ય હોવાથી પ્રવૃત્તિધર્મના અયોગવાળી થશે. તો પછી જાતિવાચક શબ્દોમાં પ્રવૃત્તિધર્મનો અભાવ હોવાથી લિંગનો સંબંધ કેવી રીતે થશે ? એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત બૃહન્યાસમાં લખે છે કે 'सामान्यमपि गोत्वादिकं

व्यक्तेरव्यतिरिक्तत्वात् प्रवृत्तिधर्मः' આ પંક્તિનો અર્થ આ પ્રમાણે થશે - સામાન્ય એવું પણ ગોત્વ વગેરે પદાર્થથી ભિન્ન ન હોવાથી અને પદાર્થ એ પ્રવૃત્તિ સ્વરૂપ પરિણામવાળો હોવાથી જાતિવાચક શબ્દો પણ પ્રવૃત્તિધર્મવાળા થાય છે. આથી જાતિવાચક શબ્દોમાં પણ લિંગનો યોગ થઈ શકશે. જાતિ અને પદાર્થ હંમેશાં અભેદપણે સાથે જ રહે છે. આ પ્રમાણે જાતિવાચક શબ્દમાં પણ પ્રવૃત્તિ સ્વરૂપ લિંગનું સામાન્ય લક્ષણ આવી શકે છે.

પ્રવૃત્તિધર્મ એ જો પદાર્થનો ધર્મ હોય તો 'असत्' અર્થના વાચક 'शशविषाणः' વગેરે શબ્દોમાં લિંગનો નિર્ણય કેવી રીતે થઈ શકશે ? એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે ઉત્તર પદાર્થનાં ધર્મનો, બુદ્ધિવડે કલ્પના કરાયેલ સમુદાય સ્વરૂપ પદાર્થમાં આરોપ કરાય છે. જે પ્રમાણે 'शशविषाणः' વગેરે પદાર્થમાં બુદ્ધિ સ્વરૂપ અર્થવાન્પણાંથી નામસંજ્ઞા થાય છે એ જ પ્રમાણે ઉત્તરપદાર્થનાં ('विषाणः') ધર્મ સંબંધી જ બુદ્ધિ સ્વરૂપ અર્થવાન્પણાંથી 'शशविषाणः' વગેરે શબ્દોમાં લિંગનો સંબંધ થઈ શકશે.

'स्त्रीत्वं' શબ્દ નપુંસકલિંગમાં છે, 'स्त्रीता' શબ્દ સ્ત્રીલિંગમાં છે અને 'पुंस्त्वं' શબ્દ નપુંસકલિંગમાં છે. આ ત્રણેય શબ્દનાં વાચકો તરીકે જે પણ પદાર્થો આવશે એ પદાર્થોમાં ઉત્પત્તિ, વ્યય અને સ્થિતિ સ્વરૂપ ધર્મો તો રહેવાના જ, એ સમયે જો સ્થિતિ સ્વરૂપ ધર્મની પ્રધાનતાથી જો તેમાં રહેલા સ્થિતિ સ્વરૂપ ધર્મને કેન્દ્રમાં રાખીને પ્રવૃત્તિ કરવામાં આવશે તો 'स्त्रीत्वं' શબ્દનું કથન થશે. તેમજ હાનિ (વ્યય) સ્વરૂપ ધર્મની પ્રધાનતાથી 'स्त्रीता' શબ્દની પ્રવૃત્તિ થશે. અને સ્થિતિ સ્વરૂપ ધર્મની પ્રધાનતાથી 'पुंस्त्वं' શબ્દની પ્રવૃત્તિ થશે. આમ, તે તે લિંગવાચક શબ્દોમાં પણ તે તે ધર્મોની વિવક્ષાથી નપુંસકલિંગ વગેરે લિંગો થઈ શકશે. આ પ્રમાણે 'स्त्रीत्वं' વગેરે શબ્દોમાં પણ સ્થિતિ, હાનિ વગેરે ધર્મોથી પ્રવૃત્તિ થઈ શકશે.

આ પ્રમાણે તો દરેક પદાર્થમાં બધા જ ધર્મો વારાફરથી આવી જતા હોવાથી કોઈ એક ધર્મ સંબંધી લિંગના નિર્ણયની શક્યતા રહેશે નહીં. અર્થાત્ કોઈ એક જ ધર્મને માનીને ચોક્કસ લિંગનો નિર્ણય રહેશે નહીં. આવી શંકાના અનુસંધાનમાં આચાર્ય ભગવંત લખે છે કે કોઈ ચોક્કસ લિંગનો નિર્ણય થઈ શકશે નહીં એવું કહેવું નહીં. કારણ કે ચોક્કસ ધર્મની વિવક્ષાથી ચોક્કસ લિંગનો નિર્ણય થઈ શકશે. અહીં શિષ્ટપુરુષોનાં વ્યવહારને અનુસરનારી એવી વિવક્ષાનો જ આશ્રય કરાય છે. પરંતુ પ્રયોગ કરનારના વ્યવહારને અનુસરનારી એવી વિવક્ષાનો આશ્રય કરાતો નથી. હરિવડે પણ વાક્યપદીયમાં કહેવાયું છે કે જે પ્રકારે સુથાર વગેરે શબ્દોનાં અર્થોમાં રહેલાં અનેક ધર્મોમાંથી કોઈ એક ધર્મ જ તેવાં અર્થોવાળાં શબ્દોનાં વપરાશમાં નિમિત્ત બને છે. તે જ પ્રકારે શબ્દોમાં લિંગનાં અનેક ધર્મો રહ્યાં છે. આમ છતાં પણ તે અનેક ધર્મોમાંથી કોઈ એક જ ધર્મ તે તે શબ્દોનાં લિંગનો વાચક બને છે. દા. ત. 'तक्षन्' શબ્દ છે.

આ 'तक्षन्' શબ્દનો અર્થ થાય છે સુથાર. આ સુથાર લાકડાં કાપે છે, લાકડાંને માપે છે, લાકડાંને છોલે છે તથા લાકડામાંથી અનેક આકૃતિઓ પણ બનાવે છે. આમ, અનેક ક્રિયાઓ સુથારમાં રહી છે. છતાં પણ છોલવા સ્વરૂપ એક જ નિમિત્તનો આશ્રય લઈને જ 'तक्षन्' શબ્દનો પ્રયોગ થાય છે.

કુંભાર માટી લાવે છે, તેને (માટીને) સાફ કરે છે, પાણી લાવે છે, ઘડા વગેરેની આકૃતિઓ બનાવે છે. આ પ્રમાણે 'कुम्भकार' શબ્દના પ્રયોગમાં રહેલા એવા અનેક નિમિત્તોમાંથી પણ માત્ર ઘડો બનાવવા રૂપી કાર્યના નિમિત્તને જ ગ્રહણ કરવામાં આવે છે. તથા માત્ર ઘડો બનાવવાના નિમિત્તને લીધે જ તેને 'कुम्भकार' કહેવાય છે.

એ જ પ્રમાણે કોઈ પણ વસ્તુમાં ત્રણ લિંગધર્મો રહ્યાં છે : ઉત્પાદ, પ્રલય અને સ્થિતિ. આમ છતાં પણ કોઈ એક લિંગધર્મનો આશ્રય લઈને તે તે શબ્દો તે તે લિંગનાં જ વાચકો બને છે.

આ પ્રમાણે લિંગનાં નિર્ણયમાં પદાર્થમાં રહેલાં ત્રણ ધર્મો કારણ બને છે. આવી શક્યતામાં તો દરેક પદાર્થોમાં ત્રણ ત્રણ લિંગોની પ્રાપ્તિ થાય છે. આથી કોઈક એક ધર્મને આશ્રયીને જ લિંગની વ્યવસ્થા નક્કી થાય છે. આ સંજોગોમાં કોઈકની માન્યતા પ્રમાણે જ શબ્દનાં વાચ્યમાં રહેલાં કોઈ ચોક્કસ ધર્મનું આલંબન લઈને લિંગની વ્યવસ્થા થઈ શકશે. આ સંજોગોમાં ચોક્કસ ધર્મનું આલંબન કોની વિવક્ષા પ્રમાણે લેવું ? એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત ઉપર જવાબ આપી ગયા છે કે શિષ્ટ વ્યવહારને અનુસરનારી એવી વિવક્ષાનો આશ્રય કરાય છે અને આવી માન્યતાનાં અનસંધાનમાં જ ભર્તૃહરિ દ્વારા રચાયેલ વાક્યપદીય ગ્રંથનાં ત્રીજા કાંડનો 'लिङ्ग-समुद्देश'નો વીસમો અને એકવીસમો શ્લોક જણાવે છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે -

કોઈક કાર્યના અનેક નિમિત્તો હોય તો પણ કોઈક જ નિમિત્ત પ્રવર્તક બને છે. જે પ્રમાણે 'तक्षन्' વગેરે શબ્દોમાં સુથારમાં ઘણી બધી ક્રિયાઓ પ્રવર્તતી હોવા છતાં પણ છોલવા સ્વરૂપ ક્રિયા સંબંધી નિમિત્તનો આશ્રય કરીને 'तक्षन्' નામ પાડવામાં આવે છે. આ પ્રમાણે જ લિંગનાં નિર્ણયમાં પણ પદાર્થમાં રહેલા ત્રણ ધર્મો કારણ બને છે. છતાં પણ કોઈ ચોક્કસ ધર્મનું આલંબન લઈને લિંગનું કથન કરવામાં આવે છે. અને એ પ્રમાણે શબ્દોની પ્રવૃત્તિ થાય છે. શબ્દોનું અનેક પ્રકારવાળાપણું હોવાથી આ પ્રમાણે શક્ય બને છે. આ બધામાં શિષ્ટપુરુષો જ પ્રમાણ છે.

અહીં પ્રશ્ન થાય છે કે અહીં કયો લોક ગ્રહણ કરવા યોગ્ય છે ? એના અનુસંધાનમાં એકવીસમો શ્લોક જણાવે છે જેનો અર્થ આ પ્રમાણે છે -

લોક શબ્દથી અહીં શિષ્ટપુરુષોની વિવક્ષા કરાય છે. વસ્તુનું જે પરમાર્થ સ્વરૂપ છે તેનો સાક્ષાત્કાર કરનાર જે છે તેઓ શિષ્ટપુરુષો કહેવાય છે. આ શિષ્ટપુરુષોનો બોધ નિરાવરણ છે.

તેથી તેઓ વસ્તુના પરમાર્થનો સાક્ષાત્કાર કરી શકે છે. જે જે શબ્દોમાં જે જે લિંગ, પ્રયોગ કરનારના અભ્યુદયમાં કારણતાને પ્રાપ્ત કરે છે તે તે શબ્દોનાં તે તે લિંગને જ તેઓ કહે છે.

મહાભાષ્યમાં આવે છે કે શબ્દપ્રયોગ શુદ્ધ હોય અથવા તો અશુદ્ધ હોય, અર્થનો બોધ તો બંને પ્રકારનાં પ્રયોગોથી થઈ શકે છે, તો પછી શુદ્ધ શબ્દનો આગ્રહ શા માટે રાખવામાં આવે છે ? એનાં અનુસંધાનમાં મહાભાષ્યકાર કહે છે કે શુદ્ધ શબ્દપ્રયોગથી જ કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

હવે લિંગનું નિર્ધારણ કરનાર શિષ્ટપુરુષો છે. તથા લિંગનો નિર્ણય કરવા માટે વસ્તુમાં રહેલો જે જે ધર્મ અભ્યુદય પ્રાપ્તિમાં કારણ બને છે તે તે ધર્મને આશ્રયીને જ શિષ્ટપુરુષો લિંગનું કથન કરે છે. આથી પ્રયોગ કરનારની વિવક્ષા અહીં ધ્યાનમાં લેવાતી નથી. કારણ કે તે તો સ્વેચ્છારૂપ છે. માત્ર શિષ્ટપુરુષોની વિવક્ષા જ અહીં જાણવા યોગ્ય છે.

**(શ૦ન્યા૦)** तस्माच्छिष्टलोकाल्लिङ्गस्य प्रतिपादने व्यवस्थाऽनुमन्तव्येति । भ्रुकुंसादिषु तु स्तनकेशलक्षणलिङ्गानभ्युपगम एव परिहारः । 'पुष्यस्तारका नक्षत्रम्' इति शब्दान्यत्वाल्लिङ्गान्यत्वम्, एकस्मिन्नेवार्थे उत्पादादिसद्भावात् । तथा 'कुटीरः' इति रेफस्यावयवस्योपजननेऽवयवान्यत्वाच्छब्दान्यत्वे लिङ्गभेदः, यदाह "एकार्थेषु शब्दान्यत्वाद्" इति । एकरूपेषु तु समानार्थेषु तटादिषु शब्देषु यदा यस्य यस्य धर्मस्योत्कलितरूपता विवक्ष्यते तदा तत् तल्लिङ्गमिति । यद्यप्यविचारितरमणीयं लिङ्गमाश्रित्य वक्तारः शब्दानुच्चारयन्ति श्रोतारश्च प्रतिपद्यन्ते, तथाऽपि वस्तुतत्त्वनिर्णयार्थमिदमुच्यते ।

**અનુવાદ** :- તેથી લિંગના પ્રતિપાદનમાં શિષ્ટપુરુષોનું આલંબન લઈને વ્યવસ્થા જાણવા યોગ્ય છે.

હવે અગાઉ 'नट' વગેરે શબ્દોમાં જે અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ વગેરે દોષો આપેલ હતા તેનું આચાર્ય ભગવંત નિવારણ કરે છે. 'नट'માં કૃત્રિમ સ્તન અને કેશ દ્વારા જે સ્ત્રીલિંગની આપત્તિ આપી હતી તે બરાબર ન હતી. કૃત્રિમ લક્ષણોથી વસ્તુની ઓળખાણ ન થઈ શકે. આથી તે વસ્તુઓમાં આવા કૃત્રિમ લક્ષણોનો સ્વીકાર ન કરવો એ જ આપત્તિનો પરિહાર છે. એક જ પદાર્થને જણાવનારા ભિન્ન ભિન્ન શબ્દો હોય તો અન્ય અન્ય શબ્દો હોવાથી લિંગ પણ અન્ય અન્ય કહી શકાય છે. એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને સ્થિતિ સ્વરૂપ ત્રણેય ધર્મોનો સદ્ભાવ હોવાથી કોઈ પણ લિંગની પ્રરૂપણા થઈ શકે છે. માટે જ એક જ અર્થના વાચક એવા 'पुष्यः' શબ્દમાં પુલિંગ છે, 'तारकाः' શબ્દમાં સ્ત્રીલિંગ છે, તેમજ 'नक्षत्रम्' શબ્દમાં નપુંસકલિંગ છે. તથા 'कुटीरः' શબ્દ પુલિંગમાં છે, તથા 'कुटी' શબ્દ સ્ત્રીલિંગમાં છે. બંને શબ્દોનો અર્થ ઝૂંપડી

જ થાય છે. પરંતુ એક શબ્દમાં રેફ અવયવની ઉત્પત્તિ થવાથી શબ્દનો અવયવ અન્ય હોવાથી શબ્દમાં પણ અન્યપણું થાય છે. આથી લિંગભેદ થઈ શકે છે. મહાભાષ્યમાં કહ્યું છે કે એક જ પદાર્થમાં અન્ય અન્ય શબ્દો વાચક તરીકે હોઈ શકે છે અને ભિન્ન ભિન્ન શબ્દો પ્રમાણે લિંગ પણ ભિન્ન ભિન્ન થઈ શકે છે. સમાન અર્થવાળા પદાર્થોમાં એક જ સ્વરૂપવાળા શબ્દો હોય તો એ શબ્દોમાં પણ ભિન્ન ભિન્ન લિંગ થઈ શકે છે. દા. ત. 'तटः' શબ્દનો કિનારો અર્થ થાય છે. આ 'तटः' શબ્દમાં ત્રણેય લિંગોની પ્રરૂપણા થઈ છે. અહીં શબ્દોની ભિન્નતા નથી. છતાં પણ ત્રણ લિંગો થયા છે એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે દરેક પદાર્થોમાં ઉત્પાદ, વ્યય અને સ્થિતિ એમ ત્રણ ધર્મો રહ્યા છે. આથી જે જે ધર્મોની પ્રગટરૂપે વિવક્ષા કરવામાં આવે છે તે તે ધર્મોથી એક જ પ્રકારનાં શબ્દમાં પણ તે તે લિંગો આવી શકશે.

આમ તો લિંગનો વિચાર કર્યા વિના જ વક્તા શબ્દોનાં પ્રયોગો કરે છે. તથા શ્રોતા પણ લિંગનો વિચાર કર્યા વિના જ શબ્દોને ગ્રહણ કરે છે. આપે ત્રણ ધર્મો દ્વારા શબ્દોમાં લિંગોનો નિર્ણય થાય છે એ પ્રમાણે ઉપર જે રજૂઆત કરી તે સામાન્ય લોકોનાં જ્ઞાનની બહારનો વિષય છે. સામાન્ય લોકો ક્રાંઈ ઉત્પાદ વગેરેનો આશ્રય કરીને લિંગને નક્કી કરી શકતા નથી. જેમ વ્યાકરણના નિયમોથી 'बालाभ्याम्' વગેરે પ્રયોગોની સિદ્ધિ જિજ્ઞાસુ લોકો જાણી શકે છે. એ જ પ્રમાણે ઉત્પાદ વગેરે ધર્મોથી લિંગનો નિર્ણય કરવો અલ્પ બુદ્ધિવાળા લોકો માટે અશક્ય છે. આ પરિસ્થિતિમાં પદાર્થમાં રહેલા ઉત્પાદ વગેરે ધર્મોથી લિંગની વ્યવસ્થા નક્કી થઈ શકે છે એ અંગેની ઉપરોક્ત તમામ ચર્ચા અસંગત ઠરે છે. આવા તાત્પર્યને ધ્યાનમાં લઈને જ આચાર્ય ભગવંતશ્રીએ 'यद्यपि अविचारित...' પંક્તિઓ લખી છે. જોકે વિચારણા કર્યા વગર જ લિંગને આશ્રયીને વક્તાઓ શબ્દોનું ઉચ્ચારણ કરે છે તથા શ્રોતાઓ તે તે લિંગવાળા શબ્દોનો સાહજિક જ સ્વીકાર કરે છે, તો પણ વસ્તુતત્ત્વનાં નિર્ણયને માટે જ ઉપરોક્ત તમામ ચર્ચાઓ કરી છે. આનાથી લિંગના નિર્ણયમાં મુખ્યતયા કોણ ભાગ ભજવે છે, એનો બોધ આપણા જેવાં પામર જીવોને પણ આવા જ્ઞાનીપુરુષો દ્વારા થાય છે.

**(श०न्या०)** तच्च लिङ्गमर्थधर्म इति केचित् । तथाहि-घटादिशब्दस्य यदभिधेयं तच्छ्रवणजन्मना विज्ञानेन विषयीक्रियते, तस्य तदन्वय-व्यतिरेकाभ्यामभ्युपगतात्मनो धर्मः स्वभावो लिङ्गम् । यद्ययं अभिधानधर्म एवाङ्गीक्रियते तदा गुणवचनानामाश्रयतो लिङ्गोपादान-मनुपपन्नं स्यात्, 'शुक्लः पटः, शुक्ला शाटी, शुक्लं वस्त्रम्' इति, नहि शुक्लादिशब्दानां पटादिशब्दस्वरूपमाश्रयः, तदनभिधानाद्, अर्थो ह्येभिरभिधीयते, तत्रैषां तल्लिङ्गनियमानुपपत्तिः; अभिधेयधर्मे तु यत् पटादिशब्दैरभिधीयते तदेव शुक्लादिशब्दैरिति तत्तल्लिङ्गव्यवस्थोपपद्यते इत्यर्थधर्मत्वमस्याऽऽश्रीयत इत्याह **तच्चेत्यादि** ।

**અનુવાદ :-** હવે આ લિંગ છે તે અર્થના ધર્મસ્વરૂપ છે અથવા તો શબ્દના ધર્મ સ્વરૂપ છે એ ચર્ચાના અનુસંધાનમાં આચાર્ય ભગવંત બંને પક્ષોની વિચારણા કરી અંતમાં ઉભય પ્રકારે માનવામાં પણ દોષ નથી એવું સિદ્ધ કરે છે. કેટલાક લોકો લિંગને અર્થનો ધર્મ માને છે. તે આ પ્રમાણે છે - 'घटादि' શબ્દના શ્રવણથી જે બોધ ઉત્પન્ન થાય છે તે બોધનો વિષય 'घटादि' પદાર્થ બને છે. સૌ પ્રથમ જીવ 'घटादि' શબ્દને સાંભળે છે. એ 'घटादि' શબ્દને સાંભળતાં જ ઘટાદિ શબ્દ વિષયક જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને વાચ્યવાચકભાવસંબંધથી એ જ્ઞાનનો વિષય 'घटादि' પદાર્થ બને છે. હવે 'तस्य' એટલે અભિધેયસ્વરૂપ અર્થનો તથા 'तद् अन्वयव्यतिरेक' એટલે શબ્દના અન્વય વ્યતિરેકથી આવો બોધ કરવો.

હવે આખી પંક્તિનો બોધ આ પ્રમાણે છે - શબ્દના અન્વય વ્યતિરેકથી પ્રાપ્ત થયું છે સ્વરૂપ જેનું એવાં અભિધેયનો ધર્મ (સ્વભાવ) લિંગ છે. અહીં અન્વય વ્યતિરેક આ પ્રમાણે છે - શબ્દ હોય છે તો અભિધેય હોય છે અને શબ્દનો અભાવ હોય છે તો અભિધેયનો અભાવ હોય છે. આમ શબ્દનો અભિધેય સાથેનો આવો અવિનાભાવસંબંધ અન્વય વ્યતિરેકથી પ્રાપ્ત થાય છે. આથી શબ્દના અન્વય વ્યતિરેકથી અભિધેય સ્વરૂપની પ્રાપ્તિ થાય છે અને એ અભિધેયનો જે ધર્મ છે તે જ લિંગ છે. આથી જ્યારે જ્યારે 'घटादि' શબ્દનું શ્રવણ થાય છે ત્યારે ત્યારે અન્વય વ્યતિરેક વ્યાપ્તિથી 'घटादि' પદાર્થનો નિર્ણય થાય છે. અને એવા 'घटादि' પદાર્થનો ઉત્પાદ વગેરે સ્વરૂપ જે ધર્મ છે તે જ લિંગ છે. આથી અહીં એવું નક્કી થયું કે લિંગ એ પદાર્થનો ધર્મ છે પરંતુ શબ્દનો ધર્મ નથી. પરંતુ અહીં જો લિંગને પદાર્થનો ધર્મ ન માનવામાં આવે અને શબ્દનો જ (અભિધાનનો જ) ધર્મ માનવામાં આવશે અર્થાત્ લિંગ એ શબ્દનો જ ધર્મ છે એવું માનવામાં આવશે તો ગુણવાચક નામોનાં આશ્રયથી લિંગનું ગ્રહણ અસંગત થશે. આમ તો ગુણવાચક નામોનું લિંગ એ ગુણવાચક શબ્દો જેમાં રહેતા હોય એ પદાર્થથી નક્કી થાય છે અર્થાત્ પદાર્થમાં રહેલા ઉત્પત્તિ વગેરે ધર્મોનું આલંબન લઈને જે લિંગ નક્કી થાય છે તે જ લિંગ ગુણવાચક શબ્દોનું પણ માનવામાં આવે છે. હવે જો લિંગને અભિધાનનો જ (શબ્દનો જ) ધર્મ માનવામાં આવે તો ગુણવાચક નામોનાં આશ્રયથી લિંગનું ગ્રહણ થાય છે એવો નિયમ અસંગત થશે. જગતમાં એવાં પ્રયોગો જોવા મળે છે કે જ્યાં ગુણવાચક શબ્દોનું લિંગ ગુણવાચક શબ્દોનાં આશ્રયભૂત એવાં પદાર્થનાં લિંગ ઉપરથી જ નક્કી થાય છે. દા. ત. 'शुक्लः पटः', 'शुक्ला शाटी' તથા 'शुक्लम् वस्त्रम्'. અહીં 'पट' શબ્દનો પદાર્થ કપડું છે અને એ કપડા સ્વરૂપ પદાર્થમાં ઉત્પત્તિ સ્વરૂપ ધર્મ રહ્યો છે. આમ તો ઉત્પત્તિ, વ્યય અને સ્થિતિ એ ત્રણેય ધર્મો રહ્યા છે, છતાં પણ ઉત્પત્તિ સ્વરૂપ ધર્મથી 'पट' શબ્દનું લિંગ પુલિંગ થયું છે. હવે એ જ પદાર્થમાં 'शुक्ल' ગુણ પણ રહ્યો છે અને 'शुक्ल' ગુણના વાચક એવાં 'शुक्ल' શબ્દનું લિંગ પણ 'पट' પદાર્થનાં લિંગ પ્રમાણે

જ પુલિંગ સ્વરૂપ થયું છે. એ જ પ્રમાણે 'शुक्ला शाटी', 'शुक्लं वस्त्रम्' વગેરે પ્રયોગોમાં પણ સમજી લેવું. સાડી સ્વરૂપ પદાર્થમાં રહેલા વ્યય સ્વરૂપ ધર્મનું આલંબન લઈને 'शाटी' શબ્દમાં સ્ત્રીલિંગ નક્કી થયું છે. તો એ સ્ત્રીલિંગ સાડી પદાર્થમાં રહેલા શુક્લ ગુણનાં વાચક એવાં 'शुक्ल' શબ્દનું પણ પ્રાપ્ત થશે. હવે જો અભિધાનનો ધર્મ જ લિંગ સ્વરૂપે માનવામાં આવશે તો 'शुक्ल' શબ્દનાં પદાર્થ 'शुक्ल' ગુણનાં ધર્મને જ લિંગ નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવો પડશે, પરંતુ એવું તો વ્યવહારમાં જણાતું નથી.

વળી 'शुक्लादि' શબ્દનાં આશ્રયભૂત 'पटादि' શબ્દ સ્વરૂપ નથી, પરંતુ 'पटादि' શબ્દનો વાચ્ય એવો 'पटादि' પદાર્થ છે. 'शुक्ल' શબ્દ દ્વારા 'पट' શબ્દનું કથન કરવામાં આવતું નથી, પરંતુ 'शुक्ल' વગેરે શબ્દો દ્વારા એવા ગુણવાળો કોઈ અર્થ જ કહેવામાં આવે છે. જો 'शुक्लादि' શબ્દમાં રહેલું લિંગ એ અભિધાનનો (શબ્દનો) ધર્મ હોત તો 'शुक्लादि' શબ્દોના વાચ્ય એવા 'शुक्ल' વગેરે ગુણનાં આશ્રયભૂત એવાં પદાર્થનાં સ્વભાવથી જે લિંગ નક્કી થાય છે એવા લિંગનાં નિયમની અસંગતિ થાત. 'तत्रैषां' પંક્તિમાં 'एषाम्'નો અર્થ 'शुक्लादि' શબ્દનો લેવો. તથા 'तद् लिंगनियम' પંક્તિમાં જે 'तद्' શબ્દ છે તેનો અર્થ આશ્રયનાં લિંગનો નિયમ સમજવો. પરંતુ જો લિંગને અભિધેયનો ધર્મ માનવામાં આવશે તો 'पटादि' શબ્દવડે જે લિંગ કહેવાય છે તે જ લિંગ 'शुक्लादि' શબ્દોવડે પણ કહેવાય છે. અથવા 'पटादि'વડે જે પદાર્થ કહેવાય છે તે જ પદાર્થ 'शुक्ल' વગેરે શબ્દોથી પણ કહેવાય છે. આથી 'पट' શબ્દ અને 'शुक्ल' શબ્દ બંનેનો પદાર્થ એક જ થશે. આથી 'पट' પદાર્થનો જે ધર્મ લિંગ તરીકે વિવક્ષા કરવા માટે યોગ્ય થયો છે તે જ ધર્મ 'शुक्ल' શબ્દનું લિંગ પણ નિશ્ચિત કરશે. અને આવું હોવાથી જ લિંગને અર્થનો ધર્મ માનવામાં આવ્યો છે. આથી જ લિંગ એ અર્થનો ધર્મ બને છે એવું નિશ્ચિત થાય છે. આવા નિયમનાં અનુસંધાનમાં જ બૃહદ્વૃત્તિમાં આચાર્ય ભગવંતશ્રીએ 'तच्चार्थधर्म इत्येके' પંક્તિ લખી છે. અર્થાત્ લિંગ એ અર્થનો ધર્મ થાય છે એવું કેટલાક લોકો કહે છે.

**( श०न्या० )** शब्दधर्म इत्यपरे । तथा(हि)–शब्दप्रतीत्यन्वयव्यतिरेकानुगामिनी लिङ्गप्रतीतिर्लिङ्गस्य शब्दधर्मतां गमयति । यद्धि यत्प्रतीत्यन्वय-व्यतिरेकानुगामिप्रतीति तत् तद्धर्मः, यथा पटप्रतीत्यन्वय-व्यतिरेकानुगामिप्रतीतिः शुक्लो गुण इति; न चार्थे प्रतीयमाने पुंस्त्वादिलिङ्गप्रतीतिः कस्यचिदस्ति । पुल्लिँङ्गादिव्यवहारोऽपि शब्दविषय एव, पुल्लिँङ्गोऽयं शब्द इत्यादि, गुणवचनानामपि शुक्लादीनां स्वधर्मः पुंस्त्वादि लिङ्गम्, परमेतेषामत्र पुंस्त्वमत्र स्त्रीत्वमित्यादिलिङ्गकारिकायां प्रतिपदपाठे गौरवं स्यादिति पटादिशब्दगतं लिङ्गं तदभिधेये वस्तुन्युपकल्प्य तद्द्वारेण गुणवचनानां लाघवार्थं लिङ्गकल्पना क्रियते, यथा–वाक्ये पदानामर्थः परिकल्प्यते; तत्रापि हि पदानां केवलानां लोके प्रयोगाभावाद् वाक्यमेवार्थवत्, तत्र च प्रतिवाक्यं व्युत्पत्त्य-

संभवात् सादृश्यादन्वयव्यतिरेकौ कल्पितावाश्रित्य पदेषु पदार्थावस्थानं क्रियत इत्यत आह- **शब्दधर्म इत्यपरे** इति । तत्र पक्षद्वयस्यापि निर्दोषत्वादुभयपक्षपरिग्रह एव ज्यायानित्यत आह- **उभयथाऽपि न दोष** इति ॥२९॥

**અનુવાદ :-** કેટલાક લોકો લિંગને શબ્દનો ધર્મ માને છે. તેમની માન્યતા પ્રમાણે શબ્દપ્રતીતિનાં (બોધનાં) અન્વય વ્યતિરેકને અનુસરનારી એવી લિંગની પ્રતીતિ છે. લિંગનો બોધ લિંગની શબ્દધર્મતાને જણાવે છે અર્થાત્ લિંગ એ શબ્દનો ધર્મ છે એવું જણાવે છે. જો શબ્દની પ્રતીતિ થાય છે તો તેમાં રહેલાં લિંગની પ્રતીતિ થાય છે. અને જો શબ્દની પ્રતીતિ નથી થતી તો તેમાં રહેલા લિંગની પ્રતીતિ પણ નથી થતી. આમ લિંગનો બોધ શબ્દબોધનાં આધારે જ થાય છે. માટે જ લિંગ એ શબ્દનો ધર્મ છે એવું જણાય છે. જે જેની પ્રતીતિ થવાથી થાય અને જે જેની પ્રતીતિ ન થવાથી ન થાય તે તેનો ધર્મ છે એવું મનાય છે. દા. ત. 'पट' શબ્દનાં લિંગની પ્રતીતિ થવાથી 'शुक्ल' ગુણનાં વાચક એવાં 'शुक्ल' શબ્દનાં લિંગનો બોધ થાય છે તથા 'पट' શબ્દનાં લિંગનાં બોધનો અભાવ થવાથી 'शुक्ल' ગુણનાં વાચક એવાં 'शुक्ल' શબ્દનાં લિંગનાં બોધનો પણ અભાવ થાય છે. આ પ્રમાણે 'पट' શબ્દનાં બોધનાં અન્વય વ્યતિરેકને અનુસરનાર એવો 'शुक्ल' શબ્દનો બોધ છે. માટે 'पट' શબ્દનું જે લિંગ છે તથા 'शुक्ल' શબ્દનું જે લિંગ છે તે બંને શબ્દનાં ધર્મ સ્વરૂપ જ લિંગનો બોધ થાય છે. પદાર્થની પ્રતીતિ થયા પછી 'शुक्ल' વગેરે શબ્દોમાં પુલિંગ વગેરે લિંગની પ્રતીતિ કોઈને પણ થતી નથી અર્થાત્ 'शुक्लादि' શબ્દમાં લિંગનો બોધ 'शुक्लादि' શબ્દનાં આશ્રયભૂત એવાં પદાર્થનો બોધ થયા પછી જ થાય છે એવું નથી. વળી પુલિંગ વગેરે વ્યવહાર પણ શબ્દનાં વિષય સ્વરૂપ જ છે. જગતનાં લોકો એવું બોલે પણ છે કે આ શબ્દ પુલિંગ છે અને આ શબ્દ સ્ત્રીલિંગ છે. આમ લિંગનો વ્યવહાર શબ્દને આશ્રિત જ છે અર્થાત્ લિંગ એ અભિધેયનો ધર્મ નથી. જો અભિધેયનો ધર્મ હોત તો 'शुक्ल' ગુણનાં આશ્રયભૂત એવાં અભિધેયનો ધર્મ જ લિંગ સ્વરૂપે થાત.

જો 'शुक्लादि' શબ્દનો પોતાનો ધર્મ જ લિંગ સ્વરૂપે છે તો પછી 'शुक्ल' વગેરે શબ્દોમાં 'पट' પદાર્થનું લિંગ જ શા માટે આવે છે ? અર્થાત્ 'पट' પદાર્થનો જે ઉત્પત્તિ સ્વરૂપ સ્વભાવ પુંસ્ત્વધર્મ સ્વરૂપે નક્કી થયો છે તો એ જ ધર્મ 'शुक्ल' શબ્દમાં શા માટે પ્રાપ્ત થાય છે ? આવી શંકાના અનુસંધાનમાં 'परमेतेषामत्र पुंस्त्वम् ...' પંક્તિઓ લખી છે.

'शुक्लादि' શબ્દો હજારો શબ્દોનાં વિશેષણભૂત થશે. ક્યારેક 'शुक्लः' શબ્દ 'पटः'નું વિશેષણ બનશે. ક્યારેક 'शुक्ला' શબ્દ 'शाटी'નું વિશેષણ બનશે. આથી લિંગ જો શબ્દનો ધર્મ માનવામાં આવશે તો એક 'शुक्लः' શબ્દમાં પણ જુદા જુદા લિંગોનું કથન કરવું પડશે. આથી જ લિંગાનુશાસનમાં પ્રત્યેક શબ્દોનાં આ પ્રમાણે લિંગનું કથન કરતાં મહાગૌરવનો પ્રસંગ આવશે.

આ ગૌરવદોષને ટાળવા માટે જ 'पटादि' શબ્દને વિશે રહેલું જે લિંગ છે એ લિંગ જ 'पट' શબ્દનાં અભિધેય સ્વરૂપ વસ્તુમાં કલ્પી લેવામાં આવે છે અને એ 'पट' પદાર્થ દ્વારા તેમાં જ રહેલાં 'शुक्ल' ગુણનાં વાચક 'शुक्लः' શબ્દમાં પણ 'पट' પદાર્થનાં લિંગની જ કલ્પના કરવામાં આવે છે. લિંગાનુશાસનમાં આવી કલ્પનાને કારણે ઘણું જ લાઘવ થાય છે. અને તેથી જ વિશેષણ સ્વરૂપ ગુણોનાં અથવા દ્રવ્યોનાં લિંગોનું કથન લિંગાનુશાસનમાં કરવામાં આવ્યું નથી. વાસ્તવમાં તો લિંગ શબ્દોનો ધર્મ છે, પરંતુ તેને અર્થનો ધર્મ માનીને એનાં આધારે જ (અર્થનાં આધારે જ) ગુણવાચક નામોમાં પણ લિંગની કલ્પના કરી લેવામાં આવે છે.

અહીં જિજ્ઞાસા થાય કે આવી કોઈક કલ્પના અન્ય સ્થળમાં કરવામાં આવી છે ? એનાં અનુસંધાનમાં અન્ય કલ્પનાનું સ્થળ બતાવે છે.

વાક્યોમાં પદોનો અર્થ કલ્પના કરવામાં આવે છે. ખરેખર પદોનો અર્થ હોતો જ નથી. વાક્યોનો જ અર્થ હોય છે. લોકમાં જ્યારે વાણીવ્યવહાર થાય છે ત્યારે પદોનો અર્થ બીજા કોઈ પદ સાથે સંબંધિત થઈને જ અર્થને જણાવે છે. પરંતુ પદો સ્વતંત્ર રીતે પોતાનાં અર્થોને જણાવી શકતાં નથી. માટે જ માત્ર પદોનો પ્રયોગ લોકમાં થતો નથી. ખરેખર તો વાક્ય જ અર્થવાળું છે, તો પણ વાક્યોમાં પદોનો અર્થ કલ્પી લેવામાં આવે છે અને જાણે કે પદોનો જ અર્થ છે એવું જણાય છે. એ જ પ્રમાણે અહીં પણ લિંગ ખરેખર તો શબ્દનો જ ધર્મ છે. પરંતુ લાઘવકલ્પનાથી એને અર્થનો ધર્મ માની લેવામાં આવે છે.

વ્યાકરણ અથવા વેદાંતમાં અખંડાર્થ માનવામાં આવે છે. દા. ત. 'देवदत्तः ग्रामं गच्छति ।' વાક્યમાં કોઈ ખંડાર્થ નથી, પરંતુ એક અખંડાર્થ જ છે. બધા પદો સંબંધિત થઈને જ અખંડાર્થને જણાવે છે. વાસ્તવિકતાથી તો પદોનો કોઈ ભિન્ન અર્થ હોતો નથી. ભર્તૃહરિનાં વાક્યપદીય ગ્રંથનાં પહેલા કાંડમાં એક કારિકા આવે છે -

"पदे न वर्णा विद्यन्ते, वर्णेष्वयवया न च । वाक्यात्पदानामत्यन्तं प्रविवेको न कश्चन ॥७४॥"

આ શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે -

પદોમાં વર્ણોની વિદ્યમાનતા નથી અને વર્ણોમાં અવયવોની વિદ્યમાનતા નથી તથા વાક્યથી પદોમાં કોઈ ભિન્નતા નથી. વાક્ય જ સર્વસ્વ છે, કોઈ અલગ અલગ પદોનું અસ્તિત્વ છે જ નહીં. વાક્યમાંથી અલગ અલગ પદો દ્વારા અલગ અલગ અર્થ કરી શકાતો નથી.

પહેલાં આપણે અક્ષરો માનીએ છીએ, અક્ષરોથી શબ્દ બનાવીએ છીએ અને શબ્દોથી (પદોથી) વાક્યો બનાવીએ છીએ તથા વાક્યોથી આપણને અર્થ મળે છે. અહીં ભર્તૃહરિ કહે છે કે શબ્દોમાં તમે વર્ણોને અવયવ તરીકે જોઈ રહ્યા છો તે બરાબર નથી; અને એ જ પ્રમાણે વાક્યોમાં શબ્દોને (પદોને) અવયવ સ્વરૂપે જોઈ રહ્યા છો, તે પણ બરાબર નથી. વસ્તુતઃ

પદોમાં વર્ણ અલગ અલગ ખંડરૂપે હોતા જ નથી અને વાક્યોમાં પદો અલગ અલગ સ્વરૂપે હોતા નથી, છતાં પણ આપણે વાક્યોમાં પદોની કલ્પના કરી લઈએ છીએ. દા. ત. 'देवदत्तः ग्रामम् गच्छति।' આ એક વાક્ય છે. અહીં એક પદ 'देवदत्तः' છે, બીજું પદ 'ग्रामम्' છે અને ત્રીજું પદ 'गच्छति છે. અહીં વાક્યોમાં પદો ન હોવા છતાં પણ પદોની કલ્પના કરી લઈએ છીએ, તે પ્રમાણે શબ્દોમાં જ લિંગ હોય છે છતાં પણ આપણે અર્થોમાં આ લિંગની કલ્પના કરી લઈએ છીએ. વાસ્તવિક રીતે તો લિંગ એ શબ્દનો ધર્મ છે. (દા. ત. લિંગ એ 'वृक्षः' શબ્દનો ધર્મ છે.) છતાં પણ લિંગ એ 'वृक्षः' પદાર્થનો ધર્મ છે એવી કલ્પના કરી લઈએ છીએ. વ્યવહારમાં કોઈ પણ એવું નથી કહેતું કે 'वृक्ष' પદાર્થ પુલિંગવાળો છે. બધા એવું જ કહે છે કે 'वृक्ष' શબ્દ પુલિંગવાળો છે, છતાં પણ અહીં લિંગને જે અર્થનો ધર્મ માનવામાં આવે છે તે માત્ર કલ્પનાનાં આધાર પર જ છે.

એ જ પ્રમાણે લોકમાં પણ માત્ર પદોનાં પ્રયોગો થતાં નથી, પરંતુ વાક્યોના પ્રયોગો જ થાય છે. કારણ કે વાક્ય જ અર્થવાન્ છે. છતાં પણ આપણે એવું કહેતાં હોઈએ છીએ કે આ પદનો આ અર્થ છે અને બીજા પદનો આ અર્થ છે. આ માત્ર કલ્પના જ છે. એ જ પ્રમાણે શબ્દ પુલિંગવાળો છે, પરંતુ અર્થ પુલિંગવાળો નથી. વળી અર્થ પુલિંગવાળો છે એવો વ્યવહાર પણ જણાતો નથી. આથી અર્થમાં જે લિંગની વ્યવસ્થા કરી છે તે માત્ર કલ્પના જ છે. આવી કલ્પના શા માટે કરવામાં આવી ? એનાં અનુસંધાનમાં હવે ગ્રંથકાર જણાવે છે.

લોકમાં વ્યુત્પત્તિ વાક્યની નથી થતી પરંતુ પદોની જ થાય છે. માટે જ વાક્યોમાં પદો પૃથક્ ન હોવા છતાં આપણે પદોની કલ્પના કરી લઈએ છીએ. વ્યાકરણની પ્રક્રિયાને નિભાવવા માટે જ વાક્યમાં પદોની કલ્પના કરીએ છીએ. 'तत्र च..' પંક્તિ ન્યાસમાં લખી છે એનો અર્થ આ પ્રમાણે છે - વાક્યોમાં પદો ભિન્ન છે, એવું માનવામાં નથી આવ્યું એવો સિદ્ધાંત છે. આવો સિદ્ધાંત હોવાથી વ્યુત્પત્તિ કરવી હશે તો વાક્યની જ થઈ શકશે, પરંતુ પ્રતિવાક્યની વ્યુત્પત્તિનો અસંભવ હોવાથી અમે વાક્યોમાં પદોની કલ્પના કરી છે. આવી કલ્પના કયા આધાર પર કરી છે ? એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંત કહે છે કે જેવું વાક્ય હોય છે તેવા જ પદો હોય છે અને આ સાદશ્યના આધાર પર જ વાક્યોમાં અવિદ્યમાન એવાં પદોની પણ કલ્પના કરવામાં આવી છે. આમાં અન્વય વ્યતિરેક આ પ્રમાણે છે - જે પ્રમાણે વાક્ય હોવાથી અર્થબોધ થાય છે એ જ પ્રમાણે પદો હોવાથી પણ અર્થબોધ થાય છે - આ અન્વયવ્યાપ્તિ છે. તથા વાક્ય ન હોવાથી અર્થબોધ નથી થતો એવી જ રીતે પદો ન હોવાથી પણ અર્થબોધ નથી થતો - આ વ્યતિરેકવ્યાપ્તિ છે. આ પ્રમાણે વાક્યનાં સદશપણાંથી કલ્પિત એવાં અન્વય વ્યતિરેકનો આશ્રય કરીને પદોમાં પણ પદાર્થનો બોધ કરવામાં આવે છે. આથી જેમ વસ્તુતઃ તો વાક્યાર્થ જ છે, છતાં પણ પદાર્થની કલ્પના કરવામાં આવે છે એ જ પ્રમાણે અહીં લિંગ વસ્તુતઃ તો શબ્દનો

જ ધર્મ છે, છતાં પણ લાઘવને કારણે લિંગને અર્થનો ધર્મ માનવામાં આવે છે. આથી જ ગ્રંથકારે બૃહદ્‌વૃત્તિમાં પંક્તિઓ લખી છે કે લિંગ એ શબ્દનો ધર્મ છે એવું બીજાઓ માને છે.

અહીં બંને પક્ષો નિર્દોષ હોવાથી ઉભય પક્ષને ગ્રહણ કરવા એ જ શ્રેષ્ઠ છે. આથી જ ગ્રંથકાર બૃહદ્‌વૃત્તિ ટીકામાં કહે છે કે ઉભય પ્રકારે પણ દોષ નથી.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

આ સૂત્ર ઉપર न्याससारसमुद्धार જણાતો નથી.

**॥ एकोनविंशतितमम् सूत्रम् समाप्तम् ॥**

❋ ❋ ❋

# सूत्रम् - स्वरादयोऽव्ययम् । १ । १ । ३० ॥

**-: તત્ત્વપ્રકાશિકા :-**

**स्वरादयः शब्दा अव्ययसंज्ञा भवन्ति । स्वः सुखयति । एहि जाये ! स्वा रोहाव । स्वः संजानीते । स्वः स्पृहयति । स्वरागच्छति । "छायेव या स्वर्जलधेर्जलेषु ।" स्वर्वसति । अन्तर्यामि । अन्तर्वसति । 'अत्युच्चैसौ, अत्युच्चैसः' इत्यत्रोच्चैरतिक्रान्तो यस्तदभिधायकस्य पूर्वपदार्थप्रधानस्य समासस्य संबन्धी स्यादिर्नोच्चैःशब्दस्य, तेन "अव्ययस्य" [ ३.२.७. ] इति लुप् न भवति, 'परमोच्चैः, परमनीचैः' इत्यत्र तु उत्तरपदार्थप्रधानत्वात् समासस्या-व्ययसंबन्ध्येव स्यादिरिति भवत्येव ।**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

"स्वर्" વગેરે શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. સ્વર્ગ પ્રસન્ન કરે છે. હે પત્ની ! તું આવ, આપણે બે સ્વર્ગમાં ઉત્પન્ન થઈએ. તે સ્વર્ગને જાણે છે. (અહીં "स्वर्" શબ્દને "समो ज्ञोऽस्मृतौ वा" (૨/૨/૫૧) સૂત્રથી સ્મૃતિભિન્ન અર્થમાં વિકલ્પે તૃતીયા થઈ છે.) તે સ્વર્ગની સ્પૃહા કરે છે. તે સ્વર્ગમાંથી આવે છે, સ્વર્ગની નદી (ગંગા)ના જલમાં છાયાની જેમ જે." (આ કોઈ શ્લોકનું ચરણ છે. જેથી અર્થનું અનુસંધાન શ્લોક પ્રમાણે થઈ શકશે.) તે સ્વર્ગમાં વસે છે. હું મધ્યમાં જાઉં છું. તે મધ્યમાં વસે છે. ઊંચાઈને ઓળંગનાર બે વ્યક્તિઓ, ઊંચાઈને ઓળંગનાર ઘણા બધા. આ બંને શબ્દોમાં "उच्चैस् अतिक्रान्तः यः" એ પ્રમાણે પ્રાદિ તત્પુરુષનો વિગ્રહ હોવાથી

પૂર્વપદની પ્રધાનતાવાળો આ સમાસ છે. આમ "उच्चैस्" અવ્યય હોતે છતે પણ પૂર્વપદની પ્રધાનતા થવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી સ્યાદિનો લોપ થયો નથી. સર્વોત્તમ એવી ઊંચાઈ, અત્યંત નીચું - અહીં ઉત્તરપદનું પ્રધાનપણું હોવાથી અને ઉત્તરપદાર્થ અવ્યય સ્વરૂપ હોવાથી અવ્યય સંબંધી સ્યાદિનો (૩/૨/૭) સૂત્રથી લોપ થયો છે.

**( त०प्र० ) अन्वर्थसंज्ञाचेयम्-'अव्ययम्' इति ( तेन ) लिङ्ग-कारक-विभक्ति-नानात्वेऽपि न नानारूपतां प्रतिपद्यत इति, यदुक्तम्-**

**"सदृशं त्रिषु लिङ्गेषु सर्वासु च विभक्तिषु ।**
**वचनेषु च सर्वेषु यन्न व्येति तदव्ययम्" ॥५॥**

**अन्वर्थाश्रयणे च स्वराद्यव्ययमव्ययं ( स्वरादि अव्ययम्-अव्ययं ) भवतीति स्वरादे-र्विशेषणत्वेन तदन्तविज्ञानात् परमोच्चैः परमनीचैरित्यादावप्यव्ययसंज्ञा भवति ।**

**અનુવાદ :-** અવ્યયસંજ્ઞા એ અન્વર્થ સંજ્ઞા છે, અર્થાત્ વ્યુત્પત્તિ દ્વારા જ અર્થને અનુસરનારી એવી આ અન્વર્થ સંજ્ઞા છે. "न व्येति इति अव्ययम्" જે અનેક સ્વરૂપોને પ્રાપ્ત કરતું નથી, તે અવ્યયસંજ્ઞાવાળું થાય છે. તેથી લિંગ, કારક અને વિભક્તિ સંબંધી અનેકપણું હોતે છતે પણ તે અનેકપણાંને પ્રાપ્ત કરતાં નથી. આથી જે શબ્દો લિંગ, કારક અને વિભક્તિ સંબંધી અનેકપણાંને પ્રાપ્ત કરતાં નથી, તે અવ્યય કહેવાય છે. કહ્યું પણ છે કે, જે ત્રણેય લિંગોમાં, બધી વિભક્તિઓમાં અને બધા વચનોમાં વિવિધ સ્વરૂપોને પ્રાપ્ત થતાં નથી. અર્થાત્ તેઓનાં સ્વરૂપમાં કોઈ પ્રકારનો ભેદ (ભિન્નતા) હોતો નથી તે અવ્યય હોય છે.

અહીં અન્વર્થ સંજ્ઞાનો આશ્રય કરીને "स्वर्" વગેરેનું સ્વરૂપ બતાવ્યું છે. અર્થાત્ અનેક રૂપોને પ્રાપ્ત નહિ કરતા એવાં સ્વરૂપવાળા જે "स्वर्" વગેરે છે, તે અવ્યયસંજ્ઞાવાળા થાય છે. આથી "स्वरादि अव्ययम् अव्ययम्" એ પ્રમાણે સૂત્રનો તાત્પર્યાર્થ સમજાય છે. એટલે કે, "स्वर्" વગેરે જે અનેક સ્વરૂપવાળા નથી એવાં તે "अव्यय" શબ્દનું વિશેષણ બને છે અને "विशेषणमन्तः..." પરિભાષાથી આવા "स्वर्" વગેરે સમાસમાં અંતે આવશે તો "परमोच्चैः", "परमनीचैः" વગેરેની પણ અવ્યયસંજ્ઞા થશે. "अत्युच्चैसः" વગેરે શબ્દોમાં પૂર્વપદની પ્રધાનતા હોવાથી અવ્યયસંજ્ઞાની આપત્તિ આવશે નહીં.

**( त०प्र० ) स्वर्, अन्तर्, सनुतर्, पुनर्, प्रातर्, सायम्, नक्तम्, अस्तम्, दिवा, दोषा, ह्यस्, श्वस्, कम्, शम्, योस्, मयस्, विहायसा, रोदसी, ओम्, भूस्, भुवस्,**

**स्वस्ति, समयां, निकषा, अन्तरा, पुरा, बहिस्, अवस्, अधस्, असाम्प्रतम्, अद्धा, ऋतम्, सत्यम्, इद्धा, मुधा, मृषा, वृथा, वृषा, मिथ्या, मिथो, मिथु, मिथस्, मिथुस्, मिथुनम्, अनिशम्, मुहुस्, अभीक्ष्णम्, मङ्क्षु, झटिति, उच्चैस्, नीचैस्, शनैस्, अवश्यम्, सामि, साचि, विष्वक् (च्), अन्वक् (च्), ताजक्, द्राक्, स्राक्, ऋधक्, पृथक्, घिक्, हिरुक्, ज्योक्, मनाक्, ईषत्, जोषम्, ज्योषम्, तूष्णीम्, कामम्, निकामम्, प्रकामम्, अरम्, वरम्, परम्, चिरम्, आरात्, तिरस्, मनस्, नमस्, भूयस्, प्रायस्, प्रबाहु, प्रबाहुक्, प्रबाहुकम्, आर्य, हलम्, आर्यहलम्, स्वयम्, अलम्, कु, बलवत्, अतीव, सुष्ठु, दुष्ठु, ऋते, सपदि, साक्षात्, सन्, प्रशान्, सनात्, सनत्, सना, नाना, विना, क्षमा, शु, सहसा, युगपत्, उपांशु, पुरतस्, पुरस्, पुरस्तात्, शश्वत्, कुवित्(द्), आविस्, प्रादुस्, इति स्वरादयः ।**

**અનુવાદ :-** "स्वर्"થી શરૂ કરીને "प्रादुस्" સુધીનાં તમામ અવ્યયો સ્વરાદિ ગણપાઠવાળાં કહેવાય છે. આ દરેક અવ્યયોનો અર્થ બૃહન્ન્યાસનાં ભાષાંતરમાં અમે જણાવીશું.

**(त०प्र०) बहुवचनमाकृतिगणार्थम्, तेनान्येषामपि चादिषूपात्तानामनुपात्तानां च स्वरादिसधर्मणामव्ययसंज्ञा भवति । स्वरादयो हि स्वार्थस्य वाचका न तु चादिवद् द्योतका इति । अव्ययप्रदेशाः-"अव्ययस्य" [ ३.२.७. ] इत्यादयः ॥३०॥**

**અનુવાદ :-** વ્યાકરણમાં કોઈ વિશેષ નિયમ માટે શબ્દોની યાદી તૈયાર કરવામાં આવે છે અને તે યાદી નમૂના પૂરતી જ હોય છે. આથી એવી યાદીઓને આકૃતિગણ કહેવાય છે અને જ્યાં જ્યાં બહુવચન કર્યું હશે ત્યાં ત્યાં આ નમૂના પૂરતી યાદીથી અતિરિક્ત એવા શબ્દોની પણ અવ્યયસંજ્ઞા થશે. તેથી સ્વરાદિ સંબંધી સમાન ધર્મવાળા એવાં "चादि ગણપાઠમાં ગ્રહણ કરાયેલાં અને નહિ ગ્રહણ કરાયેલાં એવાં અન્યોની પણ અવ્યયસંજ્ઞા થાય છે. "स्वर्" વગેરે અવ્યયો પોતાનાં અર્થનાં વાચકો છે, પરંતુ "चादि"ની જેમ અર્થને પ્રકાશિત કરનારા નથી. અવ્યયસંજ્ઞાનાં પ્રયોજનસ્થાનો "अव्ययस्य" (૩/૨/૭) વગેરે સૂત્રો છે.

**-: શબ્દમહાર્ણવન્યાસ :-**

**स्वरादयेत्यादि**-स्वर् आदिर्येषामिति बहुव्रीहिः, अवयवेन विग्रहः समुदायः समासार्थः । ✻ विशेष्यासंनिधानेनापि पदसंस्कारो भवति ✻ इति न्यायव्युत्पत्त्यर्थं '**स्वरादयः**' इति पुंसा निर्देशः "आकृतिग्रहणा जातिः०" इतिवत्, अन्यथा तु गृह्यतेऽनयेति ग्रहणीति स्यात् । न च

लिङ्गसर्वनामनपुंसकेन निर्देशः प्राप्नोति ? स्वरादिशब्दाऽऽरब्धत्वेन तत्समुदायस्य पूर्वं बुद्धावुपारोहाद् ।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"स्वर् आदिः" છે જેઓને એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ છે. "स्वरादयः" શબ્દ જે સૂત્રમાં લખ્યો છે, એ જ શબ્દનો અહીં અવયવ વડે વિગ્રહ જણાવ્યો છે, પરંતુ બહુવ્રીહિ સમાસનો અન્ય પદાર્થ જણાવ્યો નથી. આથી આચાર્ય ભગવંતે ટીકામાં લખ્યું છે કે સમુદાય એ સમાસનું અન્યપદ અર્થાત્ સમુદાય એ "स्वरादयः" સ્વરૂપ બહુવ્રીહિ સમાસનો અન્યપદાર્થ છે. અહીં "आदि" પદ અવયવ અર્થમાં છે.

સૌ પ્રથમ પદસંસ્કારને સમજીએ. વ્યાકરણના નિયમથી પ્રકૃતિ અને પ્રત્યયનું જોડાણ કરવા દ્વારા જુદાં જુદાં નિયમોને આધીન જે પદોની પ્રાપ્તિ થાય છે એને પદસંસ્કાર કહેવામાં આવે છે. દા.ત. "गम्" ધાતુ છે. આ ધાતુથી સામાન્યથી ભવિષ્યકાળ સમજીને ભવિષ્યકાળ સંબંધી "स्यति" પ્રત્યય લાગે છે તથા પ્રત્યય "स्"થી શરૂ થતો હોવાથી "गम्" ધાતુથી પર અને "स्यति" પ્રત્યયની પૂર્વમાં "इट्"નો આગમ થાય છે અને આવી પ્રક્રિયા દ્વારા "गमिष्यति" પદની સામાન્યથી ભવિષ્યકાળ અર્થમાં પ્રાપ્તિ થાય છે. હવે એની સાથે ક્યાં તો "श्वस्" પદ જોડાશે અથવા તો "वर्षेण" પદ જોડાશે. આમ થવાથી "श्वो गमिष्यति" અને "वर्षेण गमिष्यति" વાક્યની પ્રાપ્તિ થશે. આ બંને વાક્યોનો અર્થ આ પ્રમાણે થશે : તે આવતી કાલે જશે તથા તે એક વર્ષમાં જશે. અહીં "श्वस्" વગેરે પદો જોડાવાથી ભવિષ્યકાળમાં વિશેષતા ઉત્પન્ન થઈ જાય છે. એકમાં આવતી કાલ સંબંધી ભવિષ્યકાળ છે તથા બીજા વાક્યમાં એક વર્ષના કાળ સંબંધી ભવિષ્યકાળ છે. જ્યારે "गमिष्यति" સાથે બે પદો જોડાયા ન હતા ત્યારે સામાન્યથી વ્યાકરણના નિયમોનો અમલ કરીને "गमिष्यति" રૂપની સિદ્ધિ કરી દીધી હતી. આને પદસંસ્કાર કહેવામાં આવે છે. પછીથી ભિન્ન ભિન્ન પદો જોડાવા દ્વારા "गमिष्यति"ના વિશેષ અર્થો પ્રાપ્ત થાય છે છતાં પણ મૂળથી સિદ્ધ કરેલ "गमिष्यति" પદમાં કોઈ દોષ નથી, કારણ કે વ્યાકરણના નિયમથી સિદ્ધ થયેલું "गमिष्यति" પદ છે. આ પ્રમાણે વ્યાકરણના નિયમથી સિદ્ધ થયેલા તે તે પદો પદસંસ્કારવાળા કહેવાય છે.

એ જ પ્રમાણે અહીં "स्वरादयः" શબ્દની સિદ્ધિ, વ્યાકરણના નિયમોથી સમાસ, લિંગની પ્રાપ્તિ, પ્રથમા વિભક્તિ વગેરે કરવા દ્વારા કરવામાં આવી છે, તો આ પ્રમાણે પ્રાપ્ત થયેલું એવું "स्वरादयः" પદ એ પદસંસ્કારવાળું કહેવાશે. "स्वरादयः"ની સમીપમાં કોઈ પદોનો સંબંધ નથી એમ માનીને "स्वरादयः"ને પદ માનવામાં આવ્યું છે. આને જ પદસંસ્કાર કહેવામાં આવે છે.

એક ન્યાય છે કે, વિશેષ્યના અસન્નિધાનથી પણ પદસંસ્કાર થાય છે. અર્થાત્ વિશેષ્યના અમિશ્રણથી પણ પદસંસ્કાર થાય છે. એવા ન્યાયની જાણકારી કરાવવા માટે स्वरादयः શબ્દને પુલિંગમાં નિર્દેશ કરાયો છે. આમ તો स्वरादयः શબ્દ વિશેષણ છે અને अव्ययम् શબ્દ એ વિશેષ્ય છે. અહીં વિશેષ્યનો નપુંસકલિંગમાં પ્રયોગ થયો છે, જ્યારે વિશેષણનો પુલિંગમાં પ્રયોગ થયો છે. આમ તો વિશેષણનું અને વિશેષ્યનું લિંગ સમાન જ હોવું જોઈએ, છતાં પણ "अव्ययम्" સ્વરૂપ વિશેષ્યના સંબંધને ધ્યાનમાં રાખ્યા વગર જ "स्वरादयः" શબ્દમાં પુલિંગનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આમ વિશેષણ સ્વરૂપ "स्वरादयः"ને કોઈ બીજા પદની સાથેના જોડાણને ધ્યાનમાં લીધા વિના જ સમાસ, લિંગ, પ્રથમાવિભક્તિ વગેરે વ્યાકરણના નિયમોથી સિદ્ધ કરી દીધું છે. આથી જ ઉદ્દેશ-વિધેયભાવમાં લિંગમાં તફાવત થયો છે. "अव्ययम्" એ વિધેય સ્વરૂપ છે, જેમાં નપુંસકલિંગપણું થયું છે તથા "स्वरादयः" એ ઉદ્દેશ્ય સ્વરૂપ છે, જેમાં પુલિંગપણું થયું છે. આવી અસમાનતા બીજા કોઈપણ પદના જોડાણને ધ્યાનમાં લીધા વિના "स्वरादयः" પદની સિદ્ધિ કરી લેવાથી થઈ છે. વળી વ્યાકરણના નિયમોથી આ પદની સિદ્ધિ થઈ છે, એને પદસંસ્કાર કહેવાય છે. આવા પ્રયોગની પ્રાપ્તિ થવાથી જ જણાય છે કે વિશેષ્યનું અસન્નિધાન થવાથી પણ પદસંસ્કાર થાય છે એવો સિદ્ધાંત વ્યાકરણમાં હોવો જ જોઈએ. જો આ ન્યાય ન હોત તો "स्वरादयः"ને બદલે "स्वरादीनि" પ્રયોગની પ્રાપ્તિ થાત જે સત્ય ગણાત, છતાં પણ અહીં "स्वरादयः"ને સાધુ પદ માન્યું છે, એ જ બતાવે છે કે, ઉપર જણાવેલો ન્યાય વ્યાકરણમાં વિદ્યમાન છે.

આ ન્યાયની પ્રસિદ્ધિ માટે ગ્રન્થકાર બીજું ઉદાહરણ "आकृतिग्रहणा जातिः इतिवत्" પંક્તિ દ્વારા જણાવે છે - અહીં "आकृतिग्रहणा" એ બહુવ્રીહિ સમાસ છે. "आकृतिग्रहणम् यस्यां सा इति आकृतिग्रहणा" અહીં "आक्रियते" અર્થાત્ "व्यज्यते अनया इति आकृतिः" તથા "गृह्यते अनेन इति ग्रहणम्" હવે આ બંને પદોનો બહુવ્રીહિ સમાસ કરતાં "आकृतिग्रहणा" શબ્દ થાય છે. અવયવના સંસ્થાનવિશેષ જેનાથી ગ્રહણ કરાય છે અથવા તો જણાય છે આવો સમાસનો અર્થ થશે. અહીં પણ વિશેષ્ય સ્વરૂપ "आकृति" પદના જોડાણ વગર જ વિગ્રહવાક્યમાં "ग्रहणम्" સ્વરૂપ વિશેષણ વાચક પદનો વ્યાકરણના નિયમથી પદસંસ્કાર કરવામાં આવ્યો છે. અહીં "आकृतिग्रहणा" શબ્દમાં સામાન્યથી "अकारान्त" નામ માનીને સ્ત્રીલિંગમાં "आप्" પ્રત્યય કરવા દ્વારા "ग्रहणा" શબ્દ કરી દેવામાં આવ્યો છે.

"आकृतिः" સ્વરૂપ વિશેષ્યને ધ્યાનમાં લેવામાં આવ્યું હોત તો "गृह्यते अनया" એવી વ્યુત્પત્તિ દ્વારા "ग्रहणी સ્વરૂપ પ્રાપ્ત થાત. કારણ કે "आकृतिः" સ્વરૂપ વિશેષ્યને ધ્યાનમાં રાખીને "ग्रहणी" સ્વરૂપ સ્ત્રીલિંગ જ પ્રાપ્ત થાત. એ પરિસ્થિતિમાં "आकृतिग्रहणी जातिः" એવો પ્રયોગ પ્રાપ્ત

થાત, છતાં પણ "आकृतिग्रहणा" પ્રયોગને પણ સાધુ પ્રયોગ માન્યો છે તે ઉપરોક્ત ન્યાયના સામર્થ્યથી જ મનાયો છે.

"न च लिङ्गसर्वनाम..." પંક્તિનો અર્થ જાણતાં પહેલાં લિંગ પણ સર્વનામ છે એવું સિદ્ધ કરવા દ્વારા શંકા રજૂ કરવામાં આવી છે. જે શબ્દોનો ઉપયોગ બધા વ્યક્તિઓ માટે કરાય તેને સર્વનામ કહેવામાં આવે છે. દા.ત. કૃષ્ણ આવ્યા અને તે ગયા, રામ આવ્યા અને તે ગયા, હનુમાન આવ્યા અને તે ગયા. અહીં દરેક વાક્યમાં "તે" સ્વરૂપ સર્વનામનો પ્રયોગ કૃષ્ણ, રામ, અને હનુમાન માટે થયો છે. આથી "તે" બધાનું નામ બની જવાથી સર્વનામ કહેવાશે. એ જ પ્રમાણે વ્યાકરણમાં લિંગાનુશાસનના નિયમથી બધા જ પદાર્થોને સામાન્યથી નપુંસકલિંગ થાય છે. જ્યાં જ્યાં નપુંસકલિંગ નહીં કરવું હોય ત્યાં ત્યાં અપવાદ નિયમો દ્વારા પુલિંગ અથવા સ્ત્રીલિંગ કરવામાં આવશે. આથી લિંગ સ્વરૂપ સર્વનામ સામાન્યથી નપુંસકલિંગને કહેશે. આ માન્યતાને ધ્યાનમાં રાખીને પૂર્વપક્ષ શંકા કરે છે કે स्वरादयः શબ્દમાં જે તમે પુલિંગ કર્યું છે, એના બદલે લિંગ સ્વરૂપ સર્વનામ જે નપુંસક સ્વરૂપ છે. અર્થાત્ બધા શબ્દોને સામાન્યથી નપુંસકલિંગ થાય છે, તેથી "स्वरादयः" શબ્દમાં નપુંસકલિંગ પ્રાપ્ત થાય છે. આથી "स्वरादीनि" પ્રયોગ પ્રાપ્ત થવો જોઈએ. આના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે, "स्वर्" વગેરે શબ્દોથી આરંભ કરાયો હોવાથી સૌ પ્રથમ બુદ્ધિમાં "स्वर्" વગેરેનો સમુદાય ઉપસ્થિત થાય છે તથા સમુદાયનો પુલિંગમાં નિર્દેશ થતો હોવાથી અહીં "स्वरादयः" શબ્દમાં પુલિંગ કરવામાં આવ્યું છે.

**(श०न्या०) 'अव्ययम्'** इत्येकवचननपुंसकेन निर्देशः ※ अभिधेयविशेषनिरपेक्षः पद-संस्कार-पक्षोऽप्यस्ति ※ इति ज्ञापनार्थम् । तत्र हि पदान्तरनिरपेक्षे संस्क्रियमाणे नपुंसकं लिङ्ग-मर्थनामप्राप्तं एकत्वं च, वस्त्वन्तरनिरपेक्षत्वात् सन्निहिततत्रभाविनो बहिरङ्गस्याऽऽश्रयस्य संबन्धिन्यौ लिङ्ग-संख्ये न भवतः, एवं च "आकृतिग्रहणा जातिः०" इति सिद्धं भवति ।

**અનુવાદ :-** 'अव्ययम्' શબ્દમાં કયું લિંગ પ્રાપ્ત થાય ? એ પદાર્થને આધારે નક્કી થશે. અહીં "अव्ययम् શબ્દનો પદાર્થ શું ? એ જ્યાં સુધી નક્કી નહીં થાય ત્યાં સુધી "अव्ययम्" શબ્દનું લિંગ નક્કી ન થઈ શકે. હવે જો "अव्ययम् શબ્દનો પદાર્થ વિચારવામાં આવે તો તે "स्वर्" વગેરેના સમુદાય સ્વરૂપ થશે અને "स्वर्" વગેરેનો સમુદાય પુલિંગમાં હોવાથી તે સમુદાયના વાચક "अव्ययम्" શબ્દમાં પણ પુલિંગપણાંની જ પ્રાપ્તિ થવી જોઈએ તેમજ બહુવચનની પણ પ્રાપ્તિ થવી જોઈએ, છતાં પણ "अव्ययम्" શબ્દમાં એકવચન અને નપુંસકલિંગવડે નિર્દેશ કરાયો છે, એનાથી આચાર્ય ભગવંત એવું જણાવે છે કે અભિધેય વિશેષથી નિરપેક્ષ એવો પદસંસ્કાર થાય છે અર્થાત્ અભિધેયને ધ્યાનમાં લીધા વિના જ તે તે પદોમાં લિંગ અને વચનનો નિર્દેશ

કરી દેવામાં આવે છે, એવો પક્ષ પણ વિદ્યમાન છે એવું જણાવવા માટે આચાર્ય ભગવંતશ્રીએ "अव्ययम्" એ પ્રમાણે એકવચન અને નપુંસકલિંગથી નિર્દેશ કર્યો છે.

"अव्ययम्" શબ્દમાં અન્યપદથી નિરપેક્ષપણું માનીને પદસંસ્કાર કરાયો છે. આથી સામાન્યથી અર્થવાળા નામને પ્રાપ્ત એવું નપુંસકલિંગ કરાયું છે. અહીં અર્થ એટલે "अव्ययम्" પદનો વાચ્યાર્થ થશે અને એ વાચ્યાર્થ સંબંધી જે વાચક છે તે "अव्ययम्" છે. આથી "अव्ययम्" એ અર્થનામ કહેવાશે અર્થાત્ અર્થ સંબંધી નામ કહેવાશે. આ અર્થનામને સામાન્યથી પ્રાપ્ત થતું એકવચન અને નપુંસકલિંગપણું કરાયું છે. લિંગ અને સંખ્યા આ પ્રમાણે જ કેમ કરી ? એના અનુસંધાનમાં હેતુ આપે છે - "वस्त्वन्तर-निरपेक्षत्वात्" અર્થાત્ "अव्ययम्" શબ્દ અન્ય વસ્તુથી નિરપેક્ષ હોવાથી સમીપમાં ત્યાં રહેનાર એવા બહિરંગ આશ્રય સ્વરૂપ "स्वरादयः" પદના સંબંધી લિંગ અને સંખ્યા થતાં નથી. અર્થાત્ "अव्ययम्" પદની નજીક રહેલા 'स्वरादयः' શબ્દનું બહુવચન તથા પુલિંગપણું, વિશેષણ સ્વરૂપ "अव्ययम्" પદમાં થતાં નથી અને આ પ્રમાણે "आकृतिग्रहणा जातिः" પ્રયોગની પણ સિદ્ધિ થાય છે.

**( श०न्या० )** यदा तु वाक्यसंस्कारपक्षस्तदाऽऽश्रयविशेषस्य पूर्वमेव प्रक्रमे विशेषणानामपि तन्निविविष्टत्वात् तद्गतयोर्लिङ्गसंख्ययोर्योगो भवति । सर्वत्र च लौकिकः प्रयोगः प्रामाण्येनाऽऽश्रीयत इत्यनवस्थाऽपि न भवतीति ।

**અનુવાદ :-** જ્યારે વાક્યસંસ્કાર પક્ષનો આશ્રય કરવામાં આવે છે ત્યારે આશ્રયવિશેષનો પૂર્વમાં જ આરંભ કરાય છે અર્થાત્ આશ્રયવિશેષ સ્વરૂપ જે "स्वरादयः" છે તેનો સૌ પ્રથમ આરંભ કરાય છે અને વિશેષણ સ્વરૂપ જે "अव्ययम्" છે તેનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. આથી "स्वरादयः" સ્વરૂપ વિશેષ્યને જે વિભક્તિ અને વચન થશે તે જ વિભક્તિ અને વચન "अव्ययम्" શબ્દને થશે. પરંતુ આ સૂત્રના શબ્દોમાં વાક્યસંસ્કાર પક્ષનો આશ્રય કરાયો નથી, પરંતુ "औदन्ताः स्वराः" વગેરે સૂત્રોમાં વાક્યસંસ્કાર પક્ષનો આશ્રય કરાયો હોવાથી "स्वराः" શબ્દને જે વચન અને લિંગપણું છે, તે જ વચન અને લિંગપણું એના આશ્રય સ્વરૂપ "औदन्ताः" પદમાં પણ છે. વાક્યસંસ્કાર પક્ષમાં બધા જ પદોને એક સાથે સંબંધિત કરાય છે. બધા પદો એકબીજા સાથે સંબંધિત હોય તો જ વાક્ય કહેવાય છે. આથી એવા વાક્યમાં વ્યાકરણના નિયમો વિચારવા હશે તો બધા જ પદોની હાજરીમાં વિચારી શકાશે. આથી વાક્યસંસ્કાર પક્ષમાં જે વચન અને લિંગ વિશેષ્ય સંબંધી પદમાં થયું હશે તે જ લિંગ અને વચન વિશેષણને પણ થશે.

**પૂર્વપક્ષ :** જો પદસંસ્કારપક્ષનો આશ્રય કરાશે તો વિશેષણ-વિશેષ્યભાવમાં ભિન્ન ભિન્ન લિંગ વગેરે હશે તથા વાક્યસંસ્કારપક્ષનો આશ્રય કરવામાં આવશે તો વિશેષણ-વિશેષ્યભાવમાં સમાન

લિંગ વગેરે હશે. આથી કોઈપણ પ્રયોગોમાં વિશેષણ-વિશેષ્યભાવમાં લિંગ વગેરેનાં કોઈ ચોક્કસ સિદ્ધાન્ત થઈ શકશે નહીં. આ પ્રમાણે અનવસ્થા નામનો દોષ આવશે.

**ઉત્તરપક્ષ :-** બધા જ સ્થાનોમાં શિષ્ટપુરુષોનાં પ્રયોગો જ પ્રમાણપણાંથી આશ્રય કરાય છે. અર્થાત્ શિષ્ટપુરુષોના પ્રયોગોને જ પ્રમાણિત માનવામાં આવે છે. આથી અમારે અનવસ્થા દોષનો કોઈ અવકાશ રહેતો નથી. એ પ્રયોગો જો સામાન્ય લોકોવડે થયા હોય તો જ દોષનો અવકાશ રહેત.

**( श०न्या० )** 'स्वर्' इत्यतः सेरव्ययत्वाद् "अव्ययस्य" [३.२.७.] इति लुप् । "सुखण् तत्क्रियायाम्" "चुरादिभ्यो णिच्" [३.४.१७.] इति णिचि "अतः" [४.३.८२.] इत्यलोपे तिवि शवि च **सुखयति** । '

**અનુવાદ :-** હવે, "स्वः सुखयति" વાક્યની વ્યુત્પત્તિ બતાવે છે - "स्वर् + सि" આ અવસ્થામાં "स्वर्" અવ્યય હોવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી "सि"નો લોપ થતાં અને "र्"નો પદને અંતે વિસર્ગ થતાં "स्वः" શબ્દ પ્રાપ્ત થાય છે. "सुख" ધાતુ સુખી કરવા અર્થમાં "चुरादि" ગણપાઠનો છે. આથી, "चुरादिभ्यो णिच्" (૩/૪/૧૭) સૂત્રથી "णिच्" પ્રત્યય થાય છે. હવે, "सुख + णिच्" આ અવસ્થામાં "अतः" (૪/૩/૮૨) સૂત્રથી "सुख"ના "अ"નો લોપ થતાં "सुखि" ધાતુ થાય છે. "सुखि" ધાતુને વર્તમાના વિભક્તિનો "तिव्"લાગતાં "शव्"પ્રત્યય આવે છે. હવે ગુણ વગેરે કાર્યો થતાં "सुखयति"સ્વરૂપ ક્રિયાપદ પ્રાપ્ત થાય છે. આખા વાક્યનો અર્થ થશે કે "સ્વર્ગ સુખી કરે છે."

**( श०न्या० )** 'इंण्क् गतौ" आङ्पूर्वादतः पञ्चम्या हौ "अवर्णस्ये०" [१.२.६.] इत्येत्वे **एहि** । "जनैचि प्रादुर्भावे" अतः "ऋशि-जनि-पुणि:०" [उणा० ३६१.] इति ये "ये नवा" [४.२.६२.] इत्यात्वे "आत्" [२.४.१८.] इत्यापि आमन्त्र्ये सौ "एदापः" [१.४.४२.] इत्येत्वे **जाये ?** इति । "रुहं जन्मनि" इत्यतः पञ्चम्या आववि शवि "लघोरुपान्त्यस्य" [४.३.४.] इति गुणे च रोहाव, पूर्वत्र च "रो रे लुग् दीर्घश्चा०" [१.३.४१.] इति रलोपे **स्वा रोहाव** ।

**અનુવાદ :-** "જવા"અર્થવાળો "इ" ધાતુ બીજા ત્રણનો "आङ्" ઉપસર્ગ સહિત છે. આથી "आ + इ" ધાતુને આજ્ઞાર્થનો "हि" પ્રત્યય થતાં અને "अवर्णस्ये..." (૧/૨/૬) સૂત્રથી "आ + इ"નો "ए" થતાં "एहि" રૂપ થાય છે. ચોથા ગણનો "जन्" ધાતુ "ઉત્પન્ન કરવું" અર્થવાળો છે. આ "जन्" ધાતુને "ऋशि-जनि..." (उणादि० ૩૬૧) સૂત્રથી "य" થતાં તેમજ "ये नवा" (૪/૨/૬૨) સૂત્રથી "य" પ્રત્યય પર છતાં "न्"નો "आ" થાય છે. આથી, "ज् + आ + य" = "जाय" શબ્દ થાય છે. આ "जाय" શબ્દને "आत्" (૨/૪/૧૮) સૂત્રથી સ્ત્રીલિંગમાં "आप्"

પ્રત્યય થતાં "जाया" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "जाया" શબ્દને સંબોધનમાં "सि" પ્રત્યય થતાં "एद्दापः" (૧/૪/૪૨) સૂત્રથી "आ"નો "ए" થતાં "जाये" રૂપની પ્રાપ્તિ થાય છે.

હવે "ઉત્પન્ન થવા" અર્થવાળા "रुह्" ધાતુને આજ્ઞાર્થનો "आवव्" પ્રત્યય થતાં "शव्" ઉમેરાય છે. હવે, रुह् + शव् + आव. આ અવસ્થામાં "लघोरुपान्त्यस्य" (૪/૩/૪) સૂત્રથી ઉપાન્ત્યમાં "उ"નો ગુણ થતાં "रोहाव" સ્વરૂપ ક્રિયાપદની પ્રાપ્તિ થાય છે. હવે स्वर् रोहाव આ અવસ્થામાં "रो रे लुग्"... (૧/૩/૪૨) સૂત્રથી "स्वर्"નાં "र्"નો લોપ થતાં પૂર્વનો "अ" દીર્ઘ થતાં "स्वा रोहाव" પ્રાપ્ત થશે. "હે પત્ની, તું આવ, આપણે બે સ્વર્ગમાં ઉત્પન્ન થઈએ." આ પ્રમાણેનો અર્થ "एहि जाये ! स्वा रोहाव।" વાક્યનો પ્રાપ્ત થશે.

**(શ૦न्या०)** "स्पृहण् ईप्सायाम्" इत्यतः चुरादित्वाण्णिचि अकारलोपे तिवि शवि **(स्पृहयति)**। ("गम्लृं गतौ" इत्यत आङ्पूर्वाद् वर्तमानातिवि शवि) "गमिषद्०" [४.२.१०६.] इति छत्वे "स्वरेभ्यः" [१.३.३०.] इति द्वित्वे "अघोषे प्रथमो०" [१.३.५०.] इति प्रथमछस्य चत्वे **आगच्छति**।

**અનુવાદ :-** "ઝંખવું" અર્થવાળો "स्पृह्" ધાતુ દશમા ગણનો છે. આથી "चुरादि"પણાંથી સ્વાર્થમાં "णिच्" પ્રત્યય થાય છે. તથા "स्पृह" ધાતુનાં અન્ત્ય "अ"નો લોપ થાય છે. હવે "तिव्" પ્રત્યય આવતાં "शव्" ઉમેરાય છે. આથી "स्पृहि + शव् + तिव्" આ અવસ્થામાં ગુણ વગેરે કાર્યો કરતાં, "स्पृहयति" સ્વરૂપ ક્રિયાપદની પ્રાપ્તિ થાય છે. "स्वः स्पृहयति।" આ પદનો અર્થ "તે સ્વર્ગને ઝંખે છે" એ પ્રમાણે થશે.

"ગતિ" અર્થવાળો "गम्" ધાતુ "आङ्" ઉપસર્ગ સહિત અહીં લીધો છે. હવે "आगम् + शव् + तिव्" આ અવસ્થામાં "गमिषद्..." (૪/૨/૧૦૬) સૂત્રથી "म्"નો "छ्" થાય છે તથા "स्वरेभ्यः" (૧/૩/૩૦) સૂત્રથી "छ्"નું દ્વિત્વ થાય છે તેમજ "अघोषे प्रथमो..." (૧/૩/૫૦) સૂત્રથી પ્રથમ "छ्"નો "च्" થતાં "आगच्छति" સ્વરૂપ ક્રિયાપદની પ્રાપ્તિ થાય છે. "स्वर् आगच्छति।" આ વાક્યનો "તે સ્વર્ગમાંથી આવે છે" એ પ્રમાણેનો અર્થ થાય છે. स्वर् શબ્દમાં પંચમી વિભક્તિ લાગીને લોપ થઈ ગઈ છે.

**(શ૦न्या०) छायेति**-(अत्र त्रुटितमाभाति)। एतेषु स्वःशब्दाद् यथायोगं विभक्तिः।

**અનુવાદ :-** "छायेव या..." આ પ્રમાણે જે શ્લોકનું ચરણ જણાય છે તે ખંડિત થયેલું જણાય છે. ઉપરનાં તમામ વાક્યોમાં "स्वर्" શબ્દથી યોગ્યતા પ્રમાણે વિભક્તિ થઈ છે.

**(શ૦न्या०)** इह स्वरादीनां तदन्तानामव्ययकार्यस्य विधि-प्रतिषेधदर्शनात् तद्विशेषं दर्शयितुमाह-**अत्युच्चैसावि**ति-उच्चैरतिक्रान्ताविति शक्तिप्रधानान्यप्यव्ययानि वृत्तिविषये

शक्तिमत्प्रधानानि भवन्ति, यथा दोषामन्यमहरिति, तत उच्चैःशब्दस्य प्रक्रियायां द्वितीयान्तस्य समासे अत्युच्चैसाविति । "अव्ययस्य" [३.२.७.] इत्यव्ययसंबन्धिनः स्यादेर्लुबुच्यते, अत्युच्चैसावित्यादौ च यत्रोपसर्जनस्वराद्यन्तो भवति तत्रावयवोऽव्ययं न समुदायस्तस्य, अव्ययान्तसमुदायो ह्ययमुच्चैरतिक्रान्तो यस्तमतिक्रान्तमाह नोच्चैरर्थम्, तस्योपसर्जनत्वाद्, अतिक्रान्तस्य च लिङ्ग–कारक–विभक्तिसंख्याविशेषोपादानादव्यययोगित्वम्, वक्ष्यमाणयुक्त्या वाऽव्ययस्याव्ययत्वमुच्यते, समुदायस्य चायम् "नाम्नः प्रथमैक–द्विबहौ" [२.२.३१.] इति स्यादिर्नावयवस्याव्ययस्य इति लुब् न भवतीत्याह–**उच्चैरि**त्यादि–पूर्वपदार्थश्च समुदायार्थः, अर्थद्वारकश्च संबन्ध इति स्याद्युत्पत्तिः समुदायादेव ।

**અનુવાદ** :- અહીં "स्वरादि" અવ્યયો જ્યારે સમાસના અન્તે આવશે ત્યારે કોઈક સ્થાનમાં અવ્યય માનવામાં આવશે અને કોઈક સ્થાનમાં અવ્યય માનવામાં નહીં આવે. આથી સમાસને અન્તે રહેલા "स्वरादि" અવ્યય સંબંધી કાર્યમાં વિધિ અને પ્રતિષેધ બંનેનું દર્શન થતું હોવાથી તે સંબંધમાં કંઈક વિશેષતાને બતાવવા માટે કહે છે - આ સંબંધમાં બૃહદ્‌વૃત્તિટીકામાં "अत्युच्चैसौ..." પંક્તિઓ લખી છે જેનો અર્થ આ પ્રમાણે છે -

"अत्युच्चैसौ, अत्युच्चैसः" એ પ્રમાણે પ્રયોગમાં ઊંચાને ઓળંગી જનાર જે બે જણા છે અથવા તો ઘણા બધા છે એવા અર્થને જણાવનાર પૂર્વપદાર્થ પ્રધાન એવા સમાસ સંબંધી આ "स्यादि" વિભક્તિ છે. પરંતુ "उच्चैस्" શબ્દ સંબંધી નથી. અર્થાત્ "अतिक्रान्त" અર્થ સંબંધી "स्यादि" વિભક્તિ છે. માટે "उच्चैस्" અવ્યય સંબંધી स्यादि ન હોવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી લોપ થતો નથી. આમ તો અવ્યયો શક્તિપ્રધાન હોય છે. પરંતુ શક્તિપ્રધાન એવા અવ્યયો પણ સમાસનાં વિષયમાં શક્તિમાનની પ્રધાનતાવાળા થાય છે. અવ્યય "उच्चैस्"ની પોતાની જે શક્તિ છે તે અધિકરણ શક્તિ છે. ક્યાંક ક્યાંક "उच्चैस्"ની કર્તુત્વશક્તિ પણ માનવામાં આવી છે. જેમ કે "उच्चैः पुरुषः तिष्ठति ।" (ઊંચો એવો પુરુષ ઊભો છે.) પરંતુ સમાસનાં વિષયમાં જ્યારે આ અવ્યય આવે છે ત્યારે શક્તિમાનની પ્રધાનતાવાળો થાય છે. અહીં ઊંચાઈને ઓળંગનાર પુરુષ છે અને પુરુષ એ દ્રવ્ય સ્વરૂપ હોવાથી શક્તિમાન એ પુરુષ સ્વરૂપ થઈ જશે. માટે સમાસનાં વિષયમાં "उच्चैस्" અવ્યય શક્તિમાન એવા પુરુષની પ્રધાનતાવાળો થશે.

જે પ્રમાણે "दोषा आत्मानम् मन्यते" એ અર્થમાં "दोषामन्यम्" એ સમાસ થશે જેનું વિશેષ્ય "अहः" થશે. આનો અર્થ પોતાને રાત્રિ માનનાર એવો દિવસ થશે. આમ તો "दोषा" અવ્યયની અધિકરણ શક્તિ છે, પરંતુ સમાસનાં વિષયમાં પોતાને રાત્રિ માનનાર એવો જે દિવસ છે એ દિવસની પ્રધાનતાવાળો "दोषा" અવ્યય બન્યો છે. આથી દ્રવ્યની પ્રધાનતા થવાથી "दोषामन्यं"

સ્વરૂપ સામાસિક શબ્દમાં વિભક્તિનો લોપ થયો નથી. માટે જ "दोषामन्यं"માં દિવસ સ્વરૂપ દ્રવ્યની પ્રધાનતાની અપેક્ષાએ લિંગ, વચન વગેરે થયા છે. તે જ પ્રમાણે દ્વિતીયાન્ત એવા "उच्चैस्" શબ્દની પ્રક્રિયાનાં નિમિત્તે સમાસમાં "अत्युच्चैसौ"ની પ્રાપ્તિ થાય છે. "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી અવ્યય સંબંધી સ્યાદિનો લોપ કહેવાય છે, પરંતુ "अत्युच्चैसौ" વગેરે પ્રયોગમાં ઉપસર્જનભૂત એવો સ્વરાદિ અંત થાય છે. આવા સમાસોમાં અવયવ એ અવ્યય હોય છે, પરંતુ ઉપસર્જનભૂત એવાં સ્વરાદિ અંતનો સમુદાય એ અવ્યય નથી. અર્થાત્ "अत्युच्चैसौ" એ અવ્યય નથી. અવ્યય અંત એવો આ જે સમુદાય છે, તે ઊંચાને ઓળંગી જનાર જે પુરુષ છે તેને કહે છે, પરંતુ "उच्चैस्"નાં અર્થને કહેતો નથી. કારણ કે "उच्चैस्"નો અર્થ સમાસમાં ગૌણ થઈ ગયો છે. "अतिक्रान्त" અર્થ સંબંધી લિંગ, કારક, વિભક્તિ અને સંખ્યાવિશેષનું ગ્રહણ હોવાથી અતિક્રાન્ત અર્થનું અવ્યયની સાથે સંબંધીપણું થયું છે. "सदृशं त्रिषु"... યુક્તિથી અવ્યયનું અવ્યયપણું કહેવાય છે. જ્યારે અહીં સમુદાય સંબંધી "स्यादि" વિભક્તિ છે, જે (૨/૨/૩૧) સૂત્રથી થઈ છે. આમ અવ્યયસંબંધી અવયવની સ્યાદિ વિભક્તિ ન હોવાથી (૩/૨/૭) સૂત્રથી લોપ થયો નથી. માટે જ કહે છે "उच्चैः अतिक्रान्तः..." માં સમાસ સંબંધી સ્યાદિ છે પણ "उच्चैस्" સંબંધી નથી.

આ સમાસમાં પૂર્વપદાર્થ જ સમુદાય સ્વરૂપ અર્થ છે તથા "उच्चैस्" શબ્દનો અતિક્રાન્ત અર્થ દ્વારા સંબંધ થાય છે. માટે જ સ્યાદિની ઉત્પત્તિ સમુદાયથી થઈ છે અને તેથી (૩/૨/૭) સૂત્રથી વિભક્તિનો લોપ થયો નથી. અવ્યયની પ્રધાનતા ન હોવાથી (૩/૨/૭) સૂત્રથી લોપ થતો નથી.

**(श०न्या०) 'परमोच्चैः, परमनीचैः' इत्यत्र तु** इति-तुशब्दो विशेषणार्थः, पूर्वस्मादत्र विशेषं द्योतयति-परमोच्चैरित्यादौ यत्रानुपसर्जनस्वराद्यन्तो भवति तत्रावयवः समुदायश्चो-भयमप्यव्ययं भवत्येव, समासस्योत्तरपदार्थप्रधान(त्वा)ल्लिङ्गादिविशेषानुपादानाच्च इत्यव्यय-संबन्ध्येव स्यादिरिति भवत्येव लुप्, एवकारेणाऽनव्ययसंज्ञां निराकरोति ।

**અનુવાદ :-** અહીં "तु" શબ્દ વિશેષ અર્થ માટે છે. અહીં વિશેષણ અને વિશેષ બંનેના અર્થ એક જ છે. वि + शिष् ધાતુને ભાવમાં "अनट्" પ્રત્યય લાગતાં "विशेषणम्" શબ્દ પ્રાપ્ત થાય છે. તથા वि + शिष् ધાતુને ભાવમાં घञ् પ્રત્યય લાગતાં "વિશેષ" શબ્દ પ્રાપ્ત થાય છે. આમ બંને શબ્દનો એક જ અર્થ પ્રાપ્ત થાય છે. આથી "तु" શબ્દ અહીં વિશેષને જણાવવા માટે લખ્યો છે. "अत्युच्चैसौ" પ્રયોગથી "परमोच्चैः" પ્રયોગમાં વિશેષતા છે. "अत्युच्चैसौ" પ્રયોગમાં અને "परमोच्चैः" પ્રયોગમાં "स्वरादि" ગણપાઠનો "उच्चैस्" અવ્યય સમાસને અંતે જ છે છતાં પણ બે પ્રયોગમાં વિશેષતા છે. "अत्युच्चैसौ" પ્રયોગમાં પૂર્વપક્ષની પ્રધાનતા છે અને "उच्चैस्"

અવ્યયની અપ્રધાનતા છે. તથા "परमोच्चैः" સ્વરૂપ સામાસિક પ્રયોગમાં "उच्चैस्" સ્વરૂપ જે અવ્યય છે, એની જ પ્રધાનતા છે. વળી परमोच्चैः પ્રયોગમાં બંને પદની પ્રધાનતા છે. આથી આવા સ્થાનોમાં અવયવ પણ અવ્યય થાય છે અને સમુદાય પણ અવ્યય થાય છે અને આ સમાસ ઉત્તરપદાર્થની પ્રધાનતાવાળો હોવાથી તથા અવ્યયને કારણે લિંગ વગેરે વિશેષનું અગ્રહણ હોવાથી "परमोच्चैः" શબ્દમાં જે સ્યાદિ વિભક્તિ પ્રાપ્ત થશે તે અવ્યય સંબંધી થશે. આથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી "परमोच्चैः" સ્વરૂપ સામાસિક શબ્દની વિભક્તિનો લોપ થશે જ. બૃહદ્વૃત્તિની ટીકામાં समासस्य अव्यय सम्बन्धी एव... પંક્તિમાં જે एवकार લખ્યો છે એ एवकारથી શું ફળ મળે છે ? એ સંબંધમાં શબ્દમહાર્ણવન્યાસકાર જણાવે છે કે "परमोच्चैः" પ્રયોગમાં હવે અવ્યય ભિન્ન સંજ્ઞા નહીં થાય.

**(શ૦ન્યા૦)** ननु सूत्रे विशेषस्याऽश्रूयमाणत्वाल्लिङ्गादिविशेषानुपादाने स्वरादयोऽव्ययसंज्ञा भवन्तीति कुतोऽवगम्यते इत्याह–**अन्वर्थसंज्ञा चे**त्यादि–चशब्दो यस्मादर्थे । अन्वर्थं दर्शयति–**लिङ्गे**ति–तत्र लिङ्गविशेषप्रतिपादने सामर्थ्याभावाल्लिङ्गेषु नानात्वाभावः, तथा यानि साधनप्रधाना-न्यव्ययानि तेषां शक्त्यन्तरानावेशात् क्रियाप्रधानानां च शक्तिसंभवा(संबन्धा) भावात् कारकेऽपि नानात्वाभावः, एकत्वादीनामप्यर्थानामभावाद् वचनेऽपि नानात्वाभावः । तदेवं यान्यसत्त्वभूतार्था-भिधायीन्यव्ययानि तेषां लिङ्गकारकैकत्वादिभिरयोगाद् (तेषां) द्रव्यधर्मत्वात्, सत्त्ववाचिनामपि शब्दशक्तिस्वाभाव्याद् युष्मदस्मदोर्लिङ्गेनेव तदयोगात्, न व्येति नानात्वं न गच्छति सत्त्वधर्मान्न गृह्णातीत्यन्वर्थसिद्धिः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** સૂત્રમાં કોઈ વિશેષતા જણાવી નથી. વળી કોઈ ચિહ્નવિશેષનું ગ્રહણ કરાયું નથી. આ પરિસ્થિતિમાં स्वर् વગેરે અવ્યયસંજ્ઞાવાળા થાય છે એવું કેવી રીતે જણાશે ? કદાચ કોઈ કહે કે स्वर् વગેરે જે ગણપાઠ છે એ અવ્યયસંજ્ઞાવાળો થાય છે એ પ્રમાણે સ્પષ્ટ બોધ થઈ જ જાય છે તો આ પૂર્વપક્ષ શા માટે ઊભો થયો છે ? એના અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે "स्वरादि" અવ્યયોમાં લિંગરહિતપણું અને વચનરહિતપણું કેવી રીતે પ્રાપ્ત થશે ? સૂત્રમાં તો એવી કોઈ વિશેષતા જણાતી નથી કે જેમાં લિંગ વગેરેથી રહિતપણું હોય તે અવ્યય કહેવાય.

**ઉત્તરપક્ષ :-** આ શંકાના અનુસંધાનમાં જ બૃહદ્વૃત્તિટીકામાં अन्वर्थसंज्ञा च इयम्... પંક્તિઓ લખી છે. અહીં જે અવ્યયસંજ્ઞા કરવામાં આવી છે, તે અન્વર્થસંજ્ઞા છે. વ્યુત્પત્તિને અનુસરનારી હોય તે અન્વર્થસંજ્ઞા કહેવાય છે. લિંગ, કારક, વચન વગેરેના કારણે જેમાં અનેકપણું પ્રાપ્ત થતું નથી તે અવ્યય કહેવાય છે. अन्वर्थसंज्ञा च इयम् ... આ પંક્તિમાં જે "चकार" લખ્યો છે

તેનો અર્થ જેથી થાય છે અર્થાત્ જે કારણથી આ અન્વર્થસંજ્ઞા છે તેથી શું ફળ મળે છે ? તે હવે જણાવે છે - હવે અન્વર્થને બતાવે છે. "तत्र" એટલે કે અવ્યયોમાં લિંગ વિશેષનું પ્રતિપાદન કરવાના સામર્થ્યનો અભાવ હોવાથી લિંગને વિશે અનેકપણું પ્રાપ્ત થતું નથી. અર્થાત્ આ અવ્યય પુલિંગવાળો છે અને આ અવ્યય નપુંસકલિંગવાળો છે અથવા આ અવ્યય સ્ત્રીલિંગવાળો છે આવું વર્ગીકરણ થઈ શકતું નથી. માટે અવ્યયોમાં લિંગના વિષયમાં અનેકપણું પ્રાપ્ત થતું નથી. જે જે અવ્યયો સાધનની (કારકની) પ્રધાનતાવાળા હોય છે તે તે અવ્યયોમાં અન્ય કારકશક્તિઓનો પ્રવેશ ન થવાથી કારકને વિશે પણ અવ્યયોમાં અનેકપણું પ્રાપ્ત થતું નથી. તથા જે જે ક્રિયાપ્રધાન અવ્યયો છે તેમાં તેમાં પણ શક્તિના સંભવનો અભાવ હોવાથી કારકને વિશે અનેકપણું પ્રાપ્ત થતું નથી. દા.ત. "दिवा" અવ્યય અધિકરણ શક્તિની પ્રધાનતાવાળો છે માટે એમાં બાકીના પાંચ કારકોનો સમાવેશ થઈ શકશે નહીં. એ જ પ્રમાણે "शनैः" અવ્યય ક્રિયાની પ્રધાનતાવાળો છે. આથી આ અવ્યયમાં પણ કારક નિમિત્તક શક્તિનો સંભવ થઈ શકતો નથી. જે જે અવ્યયો છે તેમાં એકત્વ વગેરે અર્થોનો પણ અભાવ હોવાથી વચનને વિશે પણ અનેકપણાંનો અભાવ થાય છે.

અવ્યયો બે પ્રકારના છે : (૧) સત્ત્વભૂત અર્થને કહેનારાં, દા.ત. "स्वर्, विहायसा, रोदसी" વગેરે, જ્યારે (૨) કેટલાક અવ્યંયો અસત્ત્વભૂત અર્થને કહેનાર છે. હવે જે જે અસત્ત્વભૂત અર્થને કહેનારા અવ્યયો છે એ અવ્યયોમાં તો લિંગ, કારક અને એકત્વ વગેરેનો સંબંધ થઈ શકતો નથી. લિંગ, કારક, એકત્વ વગેરે બધા દ્રવ્યોના ધર્મો છે. જ્યારે અસત્ પદાર્થ એ દ્રવ્ય સ્વરૂપ નથી માટે આવા અવ્યયો લિંગ, કારક વગેરેની અપેક્ષાએ અનેકપણાંને પ્રાપ્ત કરી શકતા નથી. વળી જે સત્ત્વવાચક અવ્યયો છે એ પણ શબ્દશક્તિના સ્વભાવથી લિંગ, કારક અને એકત્વ વગેરેના અભાવવાળા છે. આથી "युष्मद्" અને "अस्मद्" જે પ્રમાણે લિંગના અભાવવાળા છે એ જ પ્રમાણે સત્ત્વભૂત એવા "स्वर्" વગેરે અવ્યયો પણ લિંગ વગેરેના અભાવવાળા જ છે. આથી જ અવ્યયોમાં અન્વર્થસંજ્ઞા નિશ્ચિત થાય છે. જે અનેકપણાંને પ્રાપ્ત કરતા નથી તથા જે સત્ત્વભૂત દ્રવ્યોના ધર્મોને ગ્રહણ કરતા નથી એવો અર્થ અવ્યયનો થાય જ છે. માટે આ બધા જ અવ્યયોમાં અન્વર્થની સિદ્ધિ થાય છે.

**(श०न्या०)** स्वोक्तमेव द्रढयति-**यदुक्तमि**ति यतः अयमर्थः-'अव्ययम्' इति महती संज्ञा क्रियते, संज्ञा च नाम यतः लघीयस्तत् कर्तव्यमिदम्, लाघवार्थत्वात्, संज्ञाकरणस्य चात्र महत्त्वस्येदं प्रयोजनम्, यदन्वर्था सती स्वरादिविशेष्यमव्ययं संज्ञिनमुपस्थापयति-अव्ययं स्वरादि अव्ययसंज्ञं भवतीति ।

**અનુવાદ :-** ગ્રન્થકારે અવ્યયસંજ્ઞાને અન્વર્થસંજ્ઞાવાળી માની છે. આથી વ્યુત્પત્તિ અર્થ પણ

સંજ્ઞામાં ઘટી શકશે. જે અનેકપણાંને પ્રાપ્ત કરતાં નથી તે અવ્યય કહેવાય છે. આ જ માન્યતાના અનુસંધાનમાં "गोपथ ब्राह्मण" ગ્રન્થના શ્લોકનો પાઠ આપે છે. આ ગ્રન્થનું નામ અમે કાશિકા ટીકાના આધારે લખ્યું છે. તેનો અર્થ આ પ્રમાણે છે - ત્રણે લિંગોમાં સમાન હોય છે સાતેય વિભક્તિઓ જેની, ત્રણેય વચનોમાં જેનો કોઈ ફેરફાર થતો નથી અર્થાત્ શબ્દ સ્વરૂપમાં કોઈ પરિવર્તન થતું નથી તેને અવ્યય કહેવાય છે.

અન્વર્થસંજ્ઞાવાળી આ સંજ્ઞા કરી છે તો આવી સંજ્ઞા કરવાનું પ્રયોજન શું છે ? એ સંબંધમાં હવે કંઈક કહે છે. સંજ્ઞા લાઘવને માટે કરવામાં આવે છે, આથી જો સંજ્ઞા કરવી હોય તો શક્ય એટલું લાઘવ કરવું જોઈએ. અહીં "स्वरायो भम्" આ પ્રમાણે "भम्" સ્વરૂપ લઘુસંજ્ઞા કરી હોત તો પણ અવ્યય સંબંધી જે જે કાર્યો હતા તે તે કાર્યો "भ" સંજ્ઞાને માનીને થઈ જ જાત. છતાં પણ "अव्ययम्" એ પ્રમાણે મોટી સંજ્ઞા કરાઈ છે. સંજ્ઞા એ જ હોય છે કે જેનાથી વધારે નાનું બીજું કંઈ જ ન હોઈ શકે. અહીં लघु શબ્દને ईयस् પ્રત્યય લાગીને પ્રાપ્ત થયેલો એવો "लघीयस्"શબ્દ છે. આથી આ કાર્ય (લઘુસંજ્ઞાકરણ સ્વરૂપ કાર્ય) કરવા યોગ્ય છે. આથી સંજ્ઞા કરવામાં આવશે તો જ લાઘવ અર્થવાળાપણું થશે. લાઘવનો આટલો મોટો સિદ્ધાંત વિદ્યમાન હતો છતાં પણ આચાર્ય ભગવંતશ્રીએ "अव्ययम्" એ પ્રમાણે મોટી સંજ્ઞા કરી છે એનું આ પ્રમાણે પ્રયોજન છે - આ સંજ્ઞા એક સાથે બે કાર્યો કરે છે. "अव्ययम्" શબ્દ બે અર્થને એક સાથે પ્રકાશિત કરે છે. (૧) "स्वरादि" એ અવ્યયસંજ્ઞાવાળા છે તથા (૨) અન્વર્થસંજ્ઞાવાળા પણ છે. આથી સૂત્રાર્થ આ પ્રમાણે થશે - "अव्ययम् स्वरादि अव्ययसंज्ञम् भवति" જેનો વ્યય નથી થતો અર્થાત્ જે અનેકપણાંને પ્રાપ્ત નથી કરતાં તેવા "स्वरादि" અવ્યયસંજ્ઞાવાળા થાય છે. અહીં "अव्ययम्" એ "स्वरादि"નું વિશેષણ છે. "स्वरादि" કેવા છે ? તો કહે છે કે, જે અનેકપણાંને પ્રાપ્ત નથી કરતાં એવા "स्वरादि" છે અને "स्वरादि" એ વિશેષ્ય બનશે. અહીં "अव्ययम्" સ્વરૂપ જે "स्वरादि"નું વિશેષણ છે તે "अव्यय" સંજ્ઞાવાળાને બતાવે છે. અહીં સંજ્ઞા "अव्ययं" છે. આથી સંજ્ઞી તરીકે "स्वरादि" આવશે. આથી "संज्ञिनम्" તરીકે "स्वरादि" આવશે. આ પ્રમાણે અન્વર્થસંજ્ઞા થવાથી "अव्ययम् स्वरादि अव्ययसंज्ञम् भवति" એવો સૂત્રાર્થ સંપન્ન થશે.

**( श०न्या० )** ननु कथमेकेन यत्नेनोभयं लभ्यम् ?, तथाहि-अन्वर्थत्वे विज्ञायमानेऽर्थपारतन्त्र्यमापद्यमानः शब्दो न शब्दस्वरूपाधिष्ठानो भवतीति संज्ञा न लभ्यते, अथार्थनिरपेक्षस्वरूपाधिष्ठान एव संज्ञात्वमापद्यते न तर्हि तस्य विशेष(ष्य)त्वमिति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** હવે આપ જો "अव्ययम्" શબ્દથી અન્વર્થપણું સ્થાપિત કરશો, તો એ જ શબ્દ દ્વારા સંજ્ઞાકરણ નહીં થઈ શકે તથા "अव्यय" શબ્દ દ્વારા જો સંજ્ઞાકરણ કરવામાં આવશે તો અન્વર્થપણું એ જ શબ્દ દ્વારા કહી શકાશે નહીં. એક વાક્યથી અથવા તો એક શબ્દથી

એક જ અર્થ પ્રાપ્ત કરી શકાય છે, જો બીજો અર્થ કરવો હોય તો બીજું વાક્ય અથવા તો બીજો શબ્દ રજૂ કરવા યોગ્ય છે. દા.ત. આપણે કહીએ કે આ પાચક છે, તે સમયે આ રસોઈ કરવાવાળો છે એવો જ બોધ લોકોને થતો હોય છે પરંતુ તે જ સમયે લોકોને આ વ્યક્તિનું નામ પણ પાચક છે એવો બોધ થતો નથી. જો લોકોને એવો બોધ કરાવવો હોય તો આ પાચક છે એવું બોલ્યા પછી આ વ્યક્તિનું નામ પણ પાચક છે એવું બીજીવાર ઉપરોક્ત શબ્દનું ઉચ્ચારણ કરીને કહેવું પડે છે. આ સંજોગોમાં તમે તો અહીં "अव्ययम्" શબ્દ એક જ વાર લખ્યો છે, તો એક જ પ્રયત્નથી ઉભય અર્થની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકશે ? તે આ પ્રમાણે છે - જો "अव्ययम्" શબ્દ અન્વર્થપણું જણાવે તો "अव्ययम्" શબ્દ અન્વર્થપણાં સ્વરૂપ અર્થને પરાધીન થઈ જવાથી એ જ શબ્દ સંજ્ઞાને બતાવી શકશે એવું શક્ય બનશે નહીં. અર્થાત્ "अव्ययम्" શબ્દ હવે શબ્દસ્વરૂપના આશ્રયભૂત થતો નથી, માટે આ "अव्ययम्" શબ્દ હવે સંજ્ઞાને બતાવી શકશે નહીં. કદાચ આ જ "अव्ययम्" શબ્દ જો અર્થ નિરપેક્ષ એવા સ્વરૂપના આશ્રયભૂત સંજ્ઞાપણાને પ્રાપ્ત કરશે તો તેવી સંજ્ઞા કોઈ વિશેષપણાંને પ્રાપ્ત કરી શકશે નહિ. અર્થાત્ "स्वर्" વગેરે "अव्यय" સંજ્ઞાવાળા થાય છે એટલું જ તાત્પર્ય "अव्ययम्" શબ્દ દ્વારા જણાશે, પરંતુ આ "स्वर्" વગેરે અનેકપણાંને પ્રાપ્ત કરતાં નથી એવો અર્થ જણાશે નહીં.

**(श०न्या०)** अत्रोच्यते-लोके हि द्विविधा संज्ञा-नैमित्तिकी पारिभाषिकी चेति, तत्र यथा 'कृष्ण' इति संज्ञा सति कृष्णगुणे क्रियमाणा निमित्तप्रयुक्ता नैमित्तिकी, यथा-वासुदेवस्य, असति तु पारिभाषिकी, यथा-कश्चि(कस्यचि)द् गौरस्य । एवं सति संज्ञाकरणकाल एव विशिष्टस्य संज्ञाकरणात् तन्निमित्तशून्यस्य निवर्तितत्वात् पश्चाद् गुणाभिधानेन रूढिरूपेणैव प्रवृत्तावपि विशिष्टस्यैव प्रतिपत्तिर्न नानागमनमिति ।

**ઉત્તરપક્ષ :-** તમારી વાત સત્ય છે, અર્થભેદે શબ્દભેદ થવો જ જોઈએ. આથી બે અર્થોને જણાવવા હોય ત્યારે બે વાર "अव्ययम्" શબ્દનો પ્રયોગ સૂત્રમાં કરવો આવશ્યક છે, પરંતુ અમને આ આપત્તિ આવતી નથી. લોકવ્યવહારમાં બે પ્રકારની સંજ્ઞાઓ કરવામાં આવે છે. (૧) નૈમિત્તિકી તથા (૨) પારિભાષિકી. જો કોઈક વ્યક્તિનો વર્ણ કાળો હોય અને એનું કૃષ્ણ નામ પાડવામાં આવે તો આવી સંજ્ઞા નિમિત્તનું આલંબન લઈને કરાઈ હોવાથી નૈમિત્તિકીસંજ્ઞા કહેવાય છે. દા.ત. વાસુદેવની 'કૃષ્ણ'સંજ્ઞા કરવામાં આવી છે, તે નિમિત્તનું આલંબન લઈને કરવામાં આવી છે તેથી આવી સંજ્ઞાઓ જ્યાં જ્યાં હશે ત્યાં ત્યાં એક જ શબ્દવડે એક સાથે બે અર્થનું પ્રકાશન થશે. માટે અમે પણ અહીં "अव्ययसंज्ञा" નિમિત્તનું આલંબન લઈને જ કરી છે.

જો કોઈ ગોરા વ્યક્તિની કૃષ્ણસંજ્ઞા કરવામાં આવે તો એ પારિભાષિકીસંજ્ઞા કહેવાય છે. આમ સંજ્ઞાઓ બે પ્રકારવાળી હોવાથી કેટલીકવાર જ્યારે સંજ્ઞાકરણ કરવામાં આવે છે ત્યારે ગુણથી

વિશિષ્ટની સંજ્ઞા પણ કરાય છે. આથી કદાચ તેના નિમિત્તવિશેષના અભાવનું પ્રવર્તવું થાય અર્થાત્ નિમિત્તવિશેષનો અભાવ થાય (જે અનેકપણાંને પ્રાપ્ત કરતી નથી) ત્યારે પણ ગુણના કથન સહિત રુઢિ સ્વરૂપથી જ પ્રવૃત્તિવાળી હોવાથી વિશિષ્ટનો જ બોધ થાય છે. અર્થાત્ આ પ્રકારની સંજ્ઞાઓમાં સંજ્ઞાકરણનું નિમિત્ત પણ વિદ્યમાન હોય છે અને સંજ્ઞાપણું પણ વિદ્યમાન હોય છે. માટે એક જ શબ્દના બે અર્થ પ્રાપ્ત થતા નથી એવું નથી, માટે જ "स्वरादयो अव्ययम्" સૂત્રથી પણ ઉપરોક્ત બે અર્થોની પ્રાપ્તિ થઈ જ જાય છે.

**( श०न्या० )** नन्वेवं स्वरादिग्रहणमपनीय 'अलिङ्गसंख्यमव्ययम्' इति कर्तव्यम्, एवं च इतरेऽपि योगा न कृता भवन्ति, अनेनैव सिद्धत्वात् । नन्वेवमपीतरेतराश्रयत्वादप्रसिद्धिः, तथाहि सत्यलिङ्गाऽसंख्यत्वे संज्ञया भवितव्यम्, संज्ञया चालिङ्गाऽसंख्यत्वं भाव्यते, तदितरेतराश्रयं भवति, इतरेतराश्रयाणि च (कार्याणि) न प्रकल्पन्ते । नेदं वाचनिकम् अलिङ्गता असंख्यता च । किं तर्हि ? स्वाभाविकमेतत् । तद्यथा–समानमीहमानानां चाऽधीयानानां च केचिदर्थैर्युज्यन्ते, अपरे न, न च कश्चिदर्थवानिति सर्वैरर्थवद्भिर्भवितव्यम्, नवा कश्चिदनर्थक इति सर्वैरनर्थकैर्भवितव्यमिति (तत्र किमस्माभिः कर्तुं शक्यम्, स्वाभाविकमेतत्) । इह लौकिकत्वादलिङ्गसंख्यात्वस्य नास्तीतरेतराश्रयतेति; नैवम् अर्थोऽपि कैश्चित् (तद्द्योतकविभक्तिलोप)शास्त्रादेवानुगम्यत इतीतरेतराश्रयत्वादयुक्तम् ।

**અનુવાદ :-** અહીં હવે પૂર્વપક્ષ ઉભો થાય છે જેની રજૂઆત કરતાં પહેલાં એવું જણાય છે કે, અહીં પૂર્વપક્ષને એક શંકા હોવી જોઈએ. જે આ પ્રમાણે છે - અહીં બે પ્રકારની સંજ્ઞાઓ બતાવી અને આ સૂત્રમાં નૈમિત્તિકીસંજ્ઞાનું ગ્રહણ કરવામાં આવ્યું છે એવું કહેવા દ્વારા આચાર્ય ભગવંતે અગાઉના પૂર્વપક્ષનું ખંડન કર્યું હતું, પરંતુ અહીં શંકા એ થાય છે કે, કયા સૂત્રમાં નૈમિત્તિકી સંજ્ઞા ગ્રહણ કરવી ? અને કયા સૂત્રમાં પારિભાષિકી સંજ્ઞા ગ્રહણ કરવી ? એ અંગેનો નિર્ણય કેવી રીતે થઈ શકશે ? આવી શંકાને ધ્યાનમાં લઈને પૂર્વપક્ષે હવે પછીની શંકા રજૂ કરી હોય એવું જણાય છે.

**પૂર્વપક્ષ :-** આપે જેમાં લિંગ, કારકશક્તિ અને વચનના નિમિત્તે અનેકપણું પ્રાપ્ત થતું નથી તેવા સ્વર્ વગેરે અવ્યયસંજ્ઞાવાળા થાય છે એવો સૂત્રાર્થ કર્યો છે, તો પછી હવે સૂત્રમાં "स्वरादि" શબ્દ લખવો સહેજ પણ આવશ્યક નથી. એને બદલે જે જે લિંગ અને સંખ્યા વગરના હોય તે તે અવ્યયો હોય છે એવા અર્થવાળું "अलिङ्गसंख्यम् अव्ययम्" આટલું સૂત્ર જ કરવા યોગ્ય છે. જેનાથી જે જે શબ્દો લોકપ્રયોગમાં લિંગ અને સંખ્યા વગરના હશે તેઓની આપોઆપ જ અવ્યયસંજ્ઞા થઈ જશે. આવું લક્ષણ "स्वरादि" ગણપાઠને આપોઆપ જ જણાવી દેશે. આ

પરિસ્થિતિમાં "स्वरादि" શબ્દને સૂત્રમાં લખવાની કોઈ આવશ્યકતા જ રહેતી નથી અને આવું લક્ષણ બનાવશો તો "चादयोऽसत्त्वे" વગેરે અવ્યયસંજ્ઞાના સૂત્રો પણ બનાવવા આવશ્યક નથી. કારણ કે આ સૂત્રથી બધા જ શબ્દોની અવ્યયસંજ્ઞા થઈ જશે.

**ઉત્તરપક્ષ :-** આવું લક્ષણ માનવાથી इतरेतराश्रय દોષ આવતો હોવાથી અવ્યયસંજ્ઞાની સિદ્ધિ થઈ શકશે નહીં. इतरेतराश्रय દોષ આ પ્રમાણે આવે છે : જ્યારે અલિંગપણું અને અસંખ્યાપણું થશે તો અવ્યયસંજ્ઞાપણું થશે અને જે જે શબ્દોમાં અવ્યયસંજ્ઞા થઈ હશે તેમાં જ લિંગ અને સંખ્યાનો યોગ થશે નહીં અર્થાત્ સંજ્ઞાપ્રસિદ્ધિ થશે તો જ લિંગ અને સંખ્યાનો અયોગ કરી શકાશે. આ પ્રમાણે इतरेतराश्रय દોષ ઉપસ્થિત થાય છે. જે જે इतरेतराश्रय દોષવાળા હોય તેવા તેવા સૂત્રો અથવા તો શબ્દો પોતાનું કાર્ય કરવા સમર્થ થતાં નથી.

**પૂર્વપક્ષ :-** અહીં જે જે અવ્યયો છે તે તે લિંગ અને સંખ્યા વગરના છે અને જે જે લિંગ અને સંખ્યા વગરના છે તે અવ્યયો છે એવું જો સૂત્ર દ્વારા સ્થાપિત થયું હોત તો इतरेतराश्रय દોષ આવત. જે શબ્દથી બોલી શકાય તે વાચનિક છે અને જે શબ્દથી બોલી ન શકાય પરંતુ પ્રતીત હોય તે જ્ઞાપ્ય હોય છે. અલિંગ, અસંખ્યાત્વ તે વાચનિક નથી અર્થાત્ આ બધું સ્વાભાવિક જ છે. જે સ્વભાવથી છે તેને કહેવાની આવશ્યકતા નથી અને કદાચ આપ સૂત્ર દ્વારા તેને કહો તો એવું કહેવાથી અવ્યયમાં અલિંગ-અસંખ્યપણું આવી જવાનું નથી અને ન કહો તો એમાં અલિંગ-અસંખ્યાપણું નથી રહેવાનું એવું પણ નથી. અહીં સૂત્ર બનાવવા દ્વારા માત્ર અનુવાદ કરવામાં આવ્યો છે અર્થાત્ સિદ્ધ હકીકતનું માત્ર કથન કરવામાં આવ્યું છે. इतरेतराश्रय દોષ તો ત્યારે જ આવે કે સૂત્રના સામર્થ્યથી અવ્યયસંજ્ઞાપણું થાય અને અવ્યયસંજ્ઞાપણું થાય તો અલિંગ-અસંખ્યાપણું થાય, પણ જે વસ્તુ સ્વાભાવિક હોય એમાં કાંઈ इतरेतराश्रय દોષ આવતો નથી. આ બાબતમાં એક લૌકિક દૃષ્ટાંત આપવામાં આવ્યું છે - સમાન સ્વરૂપથી ચેષ્ટા કરવાવાળા લોકોમાં તથા સમાન સ્વરૂપથી અધ્યયન કરવાવાળા લોકોમાં કેટલાક સફળ થાય છે અને કેટલાક સફળ થતાં નથી. આનાથી એવું તો ન જ મનાય ક્યાં તો બધા સફળ થવા જોઈએ અને ક્યાં તો બધા જ અસફળ થવા જોઈએ. અહીં સફળતા અને નિષ્ફળતા સ્વાભાવિક જ હોય છે, આપણે એમાં કાંઈ કરી શકતા નથી. એ પ્રમાણે અહીં પણ અલિંગ-અસંખ્યાપણું એ સ્વાભાવિક જ છે, માટે અમારે इतरेतराश्रय દોષને અવકાશ જ નથી. અમે તો માત્ર સિદ્ધ હકીકતનું કથન જ કર્યું છે.

**ઉત્તરપક્ષ :-** કેટલાક લોકો દ્વારા અર્થની જાણકારી શાસ્ત્ર દ્વારા જ જાણવામાં આવે છે. શાસ્ત્રકારોએ જ્યારે એમાં અલિંગ-અસંખ્યાપણું જણાવ્યું ત્યારે ખબર પડી કે, અવ્યયમાં અલિંગ-અસંખ્યાપણું છે, અને જો એમાં અલિંગ-અસંખ્યાપણું આવશે તો અવ્યયસંજ્ઞા થશે. માટે જો

અવ્યયસંજ્ઞા વગેરે શાસ્ત્રથી જણાતા હોય તો इतरेतराश्रय દોષ સ્વાભાવિક જ છે. દા.ત. ધાતુપાઠમાં "भू सत्तायाम्" લખવામાં આવે તો "भू" ધાતુનો હોવા સ્વરૂપ અર્થ તો શાસ્ત્રથી જ જણાય છે. આમ તો હોવા સ્વરૂપ અર્થ તો લોકમાં પ્રસિદ્ધ જ હતો છતાં પણ શાસ્ત્રકારોએ સત્તા અર્થનું કથન કર્યું હોવાથી "भू" ધાતુનો સત્તા સ્વરૂપ અર્થ શાસ્ત્રથી જ પ્રાપ્ત થયેલો કહેવાય છે. એ જ પ્રમાણે અલિંગ-અસંખ્યાત્વ સ્વરૂપ જે અવ્યય છે, એ અવ્યય સ્વરૂપ અર્થ પણ કેટલાક લોકો શાસ્ત્રથી જ જાણે છે અને અવ્યય સંબંધી જે વિભક્તિનો લોપ થાય છે તે પણ કેટલાક લોકોને શાસ્ત્રથી જ જણાય છે. આ પ્રમાણે શાસ્ત્રથી અવ્યયસંજ્ઞાનું વિધાન થયું તેમજ શાસ્ત્રથી અવ્યયસંજ્ઞા સંબંધી વિભક્તિનો લોપ થયો હોવાથી इतरेतराश्रय દોષ છે જ. માટે "अलिङ्गसंख्यमव्ययम्" સૂત્ર દ્વારા इतरेतराश्रय દોષ આવે જ છે. આથી "स्वरादयोऽव्ययम्" સૂત્ર જ બરાબર છે. "अलिङ्गसंख्यमव्ययम्" સૂત્ર યોગ્ય નથી જ.

**( शन्या० )** अस्तु तर्हि प्रयोगेऽश्रूयमाणविभक्तिशब्दोऽव्ययम् । न च दधि मध्विति प्रयोगो-(गे)ऽश्रूयमाणविभक्तित्वादतिप्रसङ्गः, **'दध्नि'** इत्यादौ विभक्तिश्रवणात् । नन्वत्रापीतरेतराश्रयं भवति, इतरेतराश्रयं च न कल्पते,

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જે જે પ્રયોગમાં વિભક્તિરહિત એવા.વિભક્તિના અભાવવાળા શબ્દો સંભળાતા હોય તે તે શબ્દો અવ્યયો કહેવાય છે. કદાચ તમે (સિદ્ધાંતીઓ) એમ કહેશો કે "दधि" "मधु" વગેરેમાં પણ વિભક્તિઓ સંભળાતી નથી. આથી જે અવ્યયો નથી તે પણ અવ્યયો બની જવાની આપત્તિ આવે છે, પરંતુ આવું કહેવું નહીં. "दधि" અને "मधु"માં ભલે વિભક્તિઓ નથી, પરંતુ """दध्नि" અને "मधुनि" પ્રયોગોમાં તો વિભક્તિઓ સંભળાય જ છે, માટે અવ્યયસંજ્ઞા સંબંધી આ નવી વ્યાખ્યા જ બરાબર છે.

**ઉત્તરપક્ષ :-** અહીં પણ इतरेतराश्रय દોષ આવે જ છે. પ્રયોગોમાં વિભક્તિઓ સંભળાતી નથી માટે અવ્યયસંજ્ઞા થશે. એવું કથન કરનાર તો શાસ્ત્ર જ છે. વળી અવ્યયસંજ્ઞા થશે તો વિભક્તિઓ સંભળાશે નહીં. આ પ્રમાણે સંજ્ઞા અને સંજ્ઞાઆશ્રિત કાર્ય બંને એકબીજા પર આધાર રાખતા હોવાથી इतरेतराश्रय દોષ આવે જ છે અને જ્યાં इतरेतराश्रय દોષનો સંભવ હોય ત્યાં કાર્યો થઈ શકતાં નથી.

**( शन्या० )** तदप्ययुक्तम्-वृद्धव्यवहारादेव शब्दार्थसंबन्धावगमाद् एकत्वादिव्यवहारवद-लिङ्गासंख्यत्वमप्यव्ययार्थस्यावगम्यते, तथाहि-इदं तावदयं प्रष्टव्यः-'यद्यपि तावद् वैयाकरणा विभक्तिलोपमारभमाणा अविभक्तिकान् शब्दान् प्रयुञ्जते, ये त्वेते वैयाकरणेभ्योऽन्ये मनुष्याः कथं तेऽविभक्तिकान् शब्दान् प्रयुञ्जते' इति ?, (नन्ववैयाकरणैः संख्याया अज्ञानादेव तद्वाचक-

विभक्तिर्न प्रयुंज्यत इत्यत आह-) अभिज्ञाश्च पुनर्लौकिका एकत्वादीनाम् (अर्थानाम्) । अतश्चाभिज्ञाः-अन्येन हि वस्नेन (मूल्येन) एकं गां क्रीणाति, अन्येन द्वौ, अन्येन त्रीन् । अभिज्ञाश्च न च प्रयुञ्जते, तदेतदेवं संदृश्यताम्-अर्थरूपमेवैतदेवंजातीयकं येनात्र विभक्तिर्न भवतीति, विभक्त्यर्थक्रियाप्रधानत्वादव्ययानामिति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** આ પણ અયોગ્ય છે. સૂત્રના સામર્થ્યથી અવ્યયપણું આવે છે અને અવ્યયપણું આવે છે માટે અલિંગ-અસંખ્યાપણું આવે છે, આવું કંઈ છે જ નહીં. જે પ્રમાણે એકત્વ વગેરેનો વ્યવહાર લૌકિકવ્યવહારથી જણાઈ જ જાય છે. વૃદ્ધ પુરુષો એકત્વ વગેરે વ્યવહાર કરવા માટે કાંઈ શાસ્ત્રનું આલંબન લેતાં નથી. પોતાની બુદ્ધિથી એકત્વ વગેરેનાં વ્યવહારો સ્વાભાવિક સ્વરૂપથી જ કરે છે.. શબ્દ અને અર્થનો સંબંધ જણાવાથી વૃદ્ધપુરુષો સંસારમાં વ્યવહાર કરે છે. આથી અવ્યય સ્વરૂપ શબ્દનો અર્થ પણ અલિંગ અને અસંખ્યાપણાંથી થાય છે એવું સ્વાભાવિક જ જણાઈ જાય છે, શાસ્ત્રકારો તો માત્ર સિદ્ધ હકીકતનું કથન જ કરે છે. લોકો તો વૃદ્ધપુરુષોના વ્યવહારથી જ જાણી જાય છે કે અવ્યયો લિંગ અને સંખ્યાપણાના અભાવવાળા સ્વરૂપપણાંથી અર્થને જણાવે છે. આ અર્થને જાણવા માટે કોઈ શાસ્ત્રનું આલંબન લેતાં નથી. જેમ સમાન સ્વરૂપથી ચેષ્ટા કરવાવાળા એવા કેટલાક લોકો હોતે છતે પણ કોઈક જ સફળ થાય છે અને ઘણાં નિષ્ફળ પણ જાય છે. તો પણ એવું નથી કહેવાતું કે શાસ્ત્રના આલંબનથી જ આમ થાય છે. એ પ્રમાણે અહીં પણ इतरेतराश्रय દોષનો અવકાશ નથી.

इतरेतराश्रयનું ખંડન કરવા માટે પૂર્વપક્ષ મહેનત કરી રહ્યો છે. આથી આ પૂર્વપક્ષ જ "तथाहि इदम् तावद् अयम्..." પંક્તિઓ દ્વારા इतरेतराश्रय દોષ આવતો નથી એવું દઢપણે સિદ્ધ કરે છે. જો આ વાત વૃદ્ધવ્યવહારથી નથી જણાતી તો શિષ્ટપુરુષોએ અવ્યયના અર્થ સંબંધમાં વૈયાકરણીઓને આ વાત પૂછવી જોઈએ - જે જે વૈયાકરણીઓ છે, તેઓ સૌ પ્રથમ વિભક્તિ વગરના શબ્દ પ્રયોગો કરે છે. ત્યાર બાદ તે તે શબ્દોને વિભક્તિઓ જોડે છે અને પછી વિભક્તિઓનો લોપ કરે છે. આ પ્રમાણે વિભક્તિ વગરના શબ્દપ્રયોગો તેઓ કરે છે પરંતુ જેઓ વૈયાકરણીઓથી અન્ય મનુષ્યો છે, તેઓ વિભક્તિ વગરના શબ્દપ્રયોગો કેવી રીતે કરે છે ? તેઓ કાંઈ આ બધી પ્રક્રિયાઓ જાણતા નથી. માટે માનવું જ પડશે કે વિભક્તિ અને લિંગ વગરના શબ્દપ્રયોગો સ્વાભાવિક જ હોય છે.

**ઉત્તરપક્ષ :-** વૈયાકરણીઓ સિવાયના જે લોકો છે તેઓને સંખ્યાનું અજ્ઞાન હોવાથી જ સંખ્યાવાચક વિભક્તિઓનો પ્રયોગ તેઓ કરતા નથી.

**પૂર્વપક્ષ :-** તમે જો આવું કહેતાં હો કે લોકોને સંખ્યા વગેરેનું જ્ઞાન નથી તો તમારી આ

વાત બરાબર નથી. કારણ કે લોકો એકત્વ વગેરે સંખ્યાના જાણકાર છે. લોકો એકત્વ વગેરે સંખ્યાના જાણકાર છે જ આથી જ ચોક્કસ મૂલ્યથી કોઈ એક બળદને ખરીદે છે અને બીજા કોઈ મૂલ્યથી બે બળદને ખરીદે છે તથા અન્ય કોઈ મૂલ્યથી ત્રણ બળદને ખરીદે છે. આમ તો ખેડૂતો ભણેલા હોતા નથી છતાં કેટલી કિંમતમાં બળદો લેવા તેની ભિન્ન ભિન્ન કિંમતો જાણે જ છે. આમ તેઓ જાણે છે છતાં પણ લિંગ સંખ્યા વગેરેનો પ્રયોગ તેઓ કરતાં નથી. માટે જ તેઓ સ્વભાવથી તેવી પ્રવૃત્તિઓ કરતાં હોય છે. તેથી જ આ પ્રમાણે આ વિચારવા યોગ્ય છે કે અવ્યયોનું અર્થ સ્વરૂપ જ એવા પ્રકારવાળું છે જેથી અવ્યયોમાં વિભક્તિ નથી. અવ્યયોમાં વિભક્તિ થતી નથી એના હેતુ તરીકે ગ્રન્થકારે લખ્યું છે કે, અવ્યયો ક્યાંતો વિભક્તિ અર્થની પ્રધાનતાવાળા હોય છે અથવા તો ક્રિયાર્થની પ્રધાનતાવાળા હોય છે. વિભક્તિ અર્થની પ્રધાનતા હોવાથી જ વિભક્તિ અર્થને જણાવવા માટે વિભક્તિના પ્રત્યયો થતાં નથી. આ પ્રમાણે આ અવ્યય સ્વરૂપ શબ્દોનો સ્વભાવ જ એવો છે કે, પહેલેથી જ એમાં વિભક્તિઓનો અભાવ હતો. અહીં કંઈ નિયમો બનાવીને વિભક્તિઓ આવે છે અને જાય છે એવું કાંઈ છે જ નહીં.

**(શ૦ન્યા૦)** तथा तद्धिता अपि केचिद् विभक्त्यर्थप्रधानाः 'तत्र, यत्र' इत्यादयः, केचित् क्रियाप्रधानाः 'नाना, विना' इत्यादयः, "विनञ्भ्यां नानाञौ०" [पा० ५.२.२७.] इति परवचनात्। शब्दशक्तिस्वाभाव्याच्च एकस्मिन्नेवार्थे विधीयमानयोः "टस्तुल्यदिशि" [६.३.२१०.], "तसिः" [६.३.२११.] इत्यण् तस्योर्भिन्नधर्मत्वम् । तत्र पैलुमूलमिति द्रव्यं (पीलुमूलसमानदिक् स्थितमिति हि तत्र बोधः) प्राधान्येनाभिधीयते, पीलुमूलत इति तु द्रव्योपसर्जनस्तृतीयार्थ इति तस्य साधनप्रधानता ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** इतरेतराश्रय દોષનું ખંડન કરનાર આ જ પૂર્વપક્ષ આગળ કહે છે કે, તદ્ધિતાન્ત કેટલાક અવ્યયો પણ વિભક્તિ અર્થની પ્રધાનતાવાળા છે. જેમ કે, "तत्र" "यत्र" વગેરે. કેટલાક અવ્યયો ક્રિયા અર્થની પ્રધાનતાવાળા છે. જેમ કે "नाना" "विना" વગેરે. "वि-नञ्भ्याम् ना-नाञौ" (પા. ૫/૨/૨૭) "वि" અને "नञ्"થી પર સ્વાર્થમાં "ना" અને "नाञ्" પ્રત્યયો થાય છે અને "विना" તથા "नाना" શબ્દો પ્રાપ્ત થાય છે. દા.ત. "ज्ञानं विना गच्छति" અહીં જ્ઞાન વિના તે જાય છે, એ પ્રયોગમાં ક્રિયાવિશેષણ તરીકે વિના અવ્યય આવ્યો છે તથા "नाना करोति" (તે ભિન્ન ભિન્ન કરે છે.) અહીં પણ "नाना" અવ્યય ક્રિયાવિશેષણ સ્વરૂપે છે. અહીં "नाना" શબ્દ ભિન્નતાનો વાચક છે તથા "विना" શબ્દ રહિતતાનો વાચક છે. અહીં એક જ અર્થમાં બે પ્રત્યયો કરવામાં આવે છે, તો તેમાં ભિન્ન ભિન્ન ધર્મપણું કેવી રીતે આવ્યું ? એના સંદર્ભમાં કહે છે કે શબ્દની કોઈ એવી સ્વાભાવિક શક્તિ છે કે એક અર્થમાં વિહિત હોય

તો પણ પ્રયોગમાં ભિન્ન ભિન્ન અર્થ પ્રાપ્ત થાય છે. અહીં "वि" અને "नञ्" બંને નિષેધના વાચક છે અને "ना" પ્રત્યય એક જ અર્થનો વાચક છે, તો પણ પ્રયોગમાં ભિન્ન ભિન્ન અર્થ બતાવે છે. "एकमपि नाना करोति" આ પ્રયોગમાં "नाना" અવ્યય "અનેક" અર્થનો વાચક છે. આનો અર્થ છે - એક હોવા છતાં પણ અનેકને કરે છે. અર્થાત્ અહીં "नाना" શબ્દ ભિન્નતાનો વાચક છે. ક્યાંક "नाना" શબ્દ રહિતતાનો વાચક પણ છે. "नाना नारी निष्फला लोकयात्रा" (નારી વિના ગૃહસ્થયાત્રા નિષ્ફળ છે.) આ પ્રયોગમાં "नाना" શબ્દ રહિતતાનો વાચક છે. આમ પ્રત્યય એક જ અર્થમાં હોવા છતાં શબ્દશક્તિના સ્વભાવથી ભિન્ન ભિન્ન ધર્મપણું થાય છે. અહીં સૂત્રકારે તે તે પ્રયોગોને સિદ્ધ કરવા માટે સૂત્રો બનાવ્યા, પરંતુ એ બધા પ્રયોગો તો સ્વભાવથી સિદ્ધ હતા. માટે આ સૂત્ર સંબંધમાં પણ "अलिङ्गसंख्यम् अव्ययम्" સૂત્ર ભલે બનાવાયું, પરંતુ એમાં લિંગ અને સંખ્યાનો અભાવ તો સ્વભાવથી સિદ્ધ જ હતો, માટે इतरेतराश्रय દોષનો અવકાશ નથી.

હવે એક જ અર્થમાં વિધાન કરાતાં એવા બે પ્રત્યયોમાં શબ્દશક્તિના સ્વભાવથી જ ભિન્ન ધર્મપણું છે એ સંબંધમાં બીજું ઉદાહરણ બતાવે છે - "टस्तुल्यदिशि" (૬/૩/૨૧૦) સૂત્રથી "अण्" પ્રત્યય તુલ્યદિશા અર્થમાં થાય છે તથા "तसिः" (૬/૩/૨૧૧) સૂત્રથી તુલ્યદિશા અર્થમાં "तस्" પ્રત્યય થાય છે. બંને પ્રત્યયો એક જ અર્થમાં વિધાન કરાય છે. "पीलुमूलसमानदिक् स्थितम् मन्दिरम्" અહીં પીલુ-મૂલની સમાન દિશામાં રહેલ અર્થમાં "अण्" પ્રત્યય થતાં पीलुमूल + अण् આ અવસ્થામાં આદિ સ્વરની વૃદ્ધિ થવાથી "पैलुमूलम्" પ્રયોગની સિદ્ધિ થશે. જે પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં અન્યપદની પ્રધાનતા હોય છે, એ જ પ્રમાણે અહીં પણ અન્યપદાર્થ સ્વરૂપ "मन्दिरम्" સ્વરૂપ દ્રવ્યની પ્રધાનતા થશે અર્થાત્ પીલુમૂલની સમાન દિશામાં રહેલું એવું મંદિર એ પ્રમાણેનો અર્થ બોધ થશે.

"पीलूमूलेन सह एकदिक्" એ અર્થમાં "तस्" પ્રત્યય થતાં "पीलुमूलतः" એ પ્રમાણે પ્રયોગની પ્રાપ્તિ થાય છે. જેનો અર્થ એક દિશામાં રહેલું એવું પીલુમૂલનું સહિતપણું થાય છે.

હવે પંક્તિ પ્રમાણે અનુવાદ જોઈએ.

શબ્દશક્તિના સ્વભાવથી એક જ અર્થમાં (સમાનદિશામાં રહેલ) (૬/૩/૨૧૦) સૂત્રથી વિધાન કરાતાં 'अण्' પ્રત્યયનું તથા (૬/૩/૨૧૧) સૂત્રથી વિધાન કરાતાં "तस्" પ્રત્યયનું ભિન્નધર્મપણું છે. ત્યાં "पीलुमूलम्" પ્રયોગમાં પ્રધાનતાથી દ્રવ્ય કહેવાય છે. કારણ કે આ પ્રયોગથી પીલુમૂલની સમાન દિશામાં રહેલ એવા મંદિર સ્વરૂપ દ્રવ્યનો પ્રધાનતાથી બોધ થાય છે તથા "पीलुमूलतः" પ્રયોગમાં દ્રવ્ય ગૌણ બની ગયું છે એવા તૃતીયાર્થનો બોધ પ્રાપ્ત થાય છે. અહીં તૃતીયાર્થ જણાતો હોવાથી સાધનની પ્રધાનતા છે.

**( श०न्या० )** (द्रव्योपसर्जन इति तसिप्रत्ययाभिधेयद्रव्योपसर्जनः प्रकृत्यभिधेयस्तृतीयार्थ इत्यर्थः, तृतीयार्थश्च तत्र साहित्यम्, पीलुमूलेनैकदिक् पीलुमूलतः, एकदिक्स्थपीलुमूलसाहित्य-मित्यर्थः । अन्ये तु पीलुमूलेन समानदिशीत्यर्थकमधिकरणशक्तिप्रधानं पीलुमूलत इत्याहुः, इति नागेशः) ।

**અનુવાદ :-** અહીં કૌંસમાં જે પાઠ આપવામાં આવ્યો છે, એ તૃતીયાથી સંબંધી અર્થને જણાવવા માટે છે. આવા પાઠો ટિપ્પણીમાં આપવામાં આવે તો ગ્રન્થ સંબંધી મૂળ અનુસંધાન યોગ્ય રીતે થઈ શકે. એ "तस्" પ્રત્યય દ્વારા કહેવાતો અર્થ એ દ્રવ્યની અપ્રધાનતાવાળો છે અને "पीलुमूलतः" પ્રત્યયાન્ત જે પ્રકૃતિ છે એ પ્રકૃતિનો અર્થ તૃતીયાર્થ છે. અહીં તૃતીયાર્થ તરીકે સાહિત્ય સ્વરૂપ અર્થ આવે છે. આથી "पीलुमूलतः"નો અર્થ પીલુમૂલની સમાન દિશામાં રહેલું થશે. બીજાઓ તૃતીયાર્થના બદલે અધિકરણ-શક્તિની પ્રધાનતા માને છે. બીજાઓ એટલે કૈયટની પ્રદીપ ટીકા ઉપર ઉદ્યોત ટીકા લખનાર નાગેશજી સમજવાં. એમના પ્રમાણે પીલુમૂલની સાથે સમાન દિશામાં રહેલ એવો અર્થ થશે. આથી અધિકરણશક્તિની પ્રધાનતાવાળો पीलुमूलतः પ્રયોગ છે.

**( श०न्या० )** न चैतयोरर्थयोर्लिङ्ग-संख्यायोगोऽस्ति, तदभावे विभक्त्यभावादितरेतरा-श्रयाभावः । स्यात् एतदेवं यद्यव्ययानां द्वैविध्यमेव स्यात्, तथाहि-'किञ्चिदव्ययं क्रियाप्रधानम्, किञ्चित् साधनप्रधानम् । अन्यत् तु नापि क्रियाप्रधानम्, नापि साधनप्रधानम्, यथा स्वः पश्येति, 'लोहितगङ्गं देशः' इत्यव्ययीभावस्याप्यव्ययत्वं प्रतियन्ति केचन इति । यदाह श्रीशेषाहिः-"स्वरादीनां पुनः सत्त्ववचनानां चाव्ययसंज्ञा" इति, तस्माद् यथान्यासमेवास्तु "स्वरादयो-ऽव्ययम्" इति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** કેટલાક અવ્યયો ક્રિયા-પ્રધાન છે. જ્યારે કેટલાક અવ્યયો સાધન-પ્રધાન છે. હવે આ ક્રિયા-પ્રધાન તથા સાધન-પ્રધાન એમ બંને અવ્યયોમાં લિંગ અને સંખ્યાનો યોગ હોતો નથી. હવે લિંગ અને સંખ્યાનો યોગ હોય તો જ વિભક્તિ હોય છે; પરંતુ લિંગ અને સંખ્યાનો યોગ ન હોવાથી વિભક્તિનો અભાવ થાય છે અને વિભક્તિનો અભાવ થવાથી इतरेतराश्रय દોષનો પણ અભાવ થાય છે. આ પ્રમાણે અમે આ બધા જ અવ્યયો સંબંધી इतरेतराश्रय દોષનું નિરાકરણ કર્યું. આમ "अलिङ्गसंख्यमव्ययम्" સૂત્ર જ યોગ્ય છે જેથી બીજા બધા સૂત્રો પણ બનાવવાની આવશ્યકતા રહેતી નથી.

**ઉત્તરપક્ષ :-** હવે આચાર્ય ભગવંતશ્રી મજબૂત પૂર્વપક્ષને નિરુત્તર કરવાનો "स्यात् एतद् एवम्" પંક્તિઓ દ્વારા પુરુષાર્થ કરે છે. આમ તો તમે કહ્યું છે એ પ્રમાણે જ આ સૂત્ર થાત પરંતુ એવું

ત્યારે જ શક્ય બનત જો અવ્યયો બે પ્રકારના હોત, તે આ પ્રકારે, કેટલાક અવ્યયો ક્રિયા-પ્રધાન હોત અને કેટલાક અવ્યયો સાધન-પ્રધાન હોત તો ઉપરોક્ત આપના કહ્યા પ્રમાણેનું સૂત્ર શક્ય થાત, પરંતુ અવ્યયો આ બે પ્રકારથી અતિરિક્ત એવા અન્ય પ્રકારના પણ છે. જે ક્રિયા-પ્રધાન પણ નથી અને સાધન-પ્રધાન પણ નથી. દા.ત. "स्वः पश्य इति" (તું સ્વર્ગને જો) તથા "लोहितगङ्गम् देशः" વગેરે પ્રયોગોમાં અવ્યયીભાવ સમાસનું પણ અવ્યયપણું કેટલાક લોકો સ્વીકારે છે. અહીં અન્યપદ પ્રધાન એવો અવ્યયીભાવ સમાસ છે. આ બંને ઉદાહરણોમાં જે અવ્યયો છે, તે સત્ત્વ-પ્રધાન અવ્યયો છે. "स्वर्" એટલે સ્વર્ગ એ તો સાક્ષાત્ દ્રવ્ય છે જ, એ જ પ્રમાણે "लोहितगङ्गम् देशः"માં દેશ દ્રવ્યસ્વરૂપ હોવાથી દ્રવ્યની પ્રધાનતા જ છે અને દ્રવ્ય હોવાથી લિંગ અને સંખ્યાનો યોગ અવશ્ય થશે અને જો લિંગ અને સંખ્યાનો યોગ થશે તો એનો અભાવ પણ થશે. આથી इतरेतराश्रय દોષ આવશે જ. અહીં દ્રવ્યવાચક અવ્યયો પણ છે એના અનુસંધાનમાં "श्रीशेषाहिः"નો શાસ્ત્રપાઠ આપે છે. મહાભાષ્યકાર પતંજલિ, શ્રીશેષાહિઃ તરીકે પણ પ્રસિદ્ધ છે. આ પ્રમાણે મહાભાષ્યકાર પણ લખે છે કે સત્ત્વવાચી એવા સ્વરાદિઓની પણ અવ્યયસંજ્ઞા થાય છે. માટે જ અમે જે પ્રમાણે "स्वरादयोऽव्ययम्" સૂત્ર બનાવ્યું છે, તે જ યોગ્ય છે.

**(श०न्या०)** ननु भवत्त्वेवं तथाऽपि संज्ञाविधौ तदन्तविधिप्रतिषेधस्य ज्ञापितत्वाद् * नामग्रहणे न तदन्तविधिः * इति प्रतिषेधाच्च कथं तदन्तस्य 'परमोच्चैः' इत्यादौ संज्ञेत्याह- **अन्वर्थाश्रयणे चे**ति, अयमर्थः-यदन्वर्थसंज्ञाकरणाद् द्वितीयमुपस्थापितमव्ययमिति, तद्विशेष्यत्वेन विज्ञायते, तस्य स्वरादिर्विशेषणत्वेन, ततश्च "विशेषणमन्तः" [७.४.११३.] इति न्यायात् तदन्तविज्ञानात् केवलस्य व्यपदेशिवद्भावेन 'परमोच्चैः' इत्यादावपि संज्ञा विज्ञायत इत्यर्थः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** ભલે તમારું સૂત્ર એ પ્રમાણે જ થાઓ પરંતુ "परमोच्चैः" વગેરેમાં અવ્યયસંજ્ઞા કેવી રીતે થશે ? "उच्चैस्" અવ્યયનો તો "स्वरादि" ગણપાઠમાં સમાવેશ થયો છે પરંતુ "परमोच्चैस्" અવ્યયનો તો "स्वरादि" ગણપાઠમાં સમાવેશ થયો નથી.

તમે જ્યારે "तदन्तम् पदम्" સૂત્ર બનાવ્યું હતું ત્યારે નિયમ બનાવ્યો હતો કે વિભક્તિ અન્તવાળાની પદસંજ્ઞા થશે. આથી બીજી જે જે સંજ્ઞાવિધિઓ હશે ત્યાં ત્યાં "तदन्त"ની સંજ્ઞાવિધિ થશે નહીં. અહીં "स्वरादयोऽव्ययम्"માં "अव्ययम्" એ સંજ્ઞાવિધિ છે. આથી માત્ર "स्वर्" વગેરેની તો અવ્યયસંજ્ઞા આ સૂત્રથી થઈ જ જશે, પરંતુ "तदन्त"ની અવ્યયસંજ્ઞા તો નિયમને કારણે અશક્ય છે. આ પરિસ્થિતિમાં "परमोच्चैः" સમાસની અવ્યયસંજ્ઞા કેવી રીતે થશે ?

વળી પૂર્વપક્ષ "परमोच्चैः"માં અવ્યયસંજ્ઞાનો નિષેધ કરવા માટે બીજો હેતુ પણ આપે છે. વ્યાકરણમાં એક ન્યાય આવે છે - "नामग्रहणे न तदन्तविधिः ।" અર્થાત્ જે નામનું ગ્રહણ કરવામાં

આવ્યું હોય તે નામ કોઈને અન્તે હોય તો તે સંબંધી વિધિ થતી નથી. દા.ત. અહીં "स्वर्" વગેરે શબ્દો સંબંધી અવ્યયસંજ્ઞા થાય છે, તો "स्वर्" વગેરે શબ્દો કોઈને અન્તે આવે તો સંજ્ઞાવિધિ થશે નહીં. માટે "परमोच्चैः"માં કોઈપણ સંજોગોમાં અવ્યયસંજ્ઞા થઈ શકશે નહીં. લૌકિક દુનિયામાં એવું કહી શકાય કે, "ईश" સર્વશક્તિનો માલિક છે. હવે આ જ "ईश" કોઈકને અન્તે આવે અને રમેશ (रमा + ईश) થઈ જાય તો રમેશ કાંઈ સર્વ શક્તિનો માલિક થઈ શકતો નથી.

**ઉત્તરપક્ષ :-** આ શંકાના અનુસંધાનમાં જ આચાર્ય ભગવંતશ્રીએ બૃહદ્વૃત્તિમાં "अन्वर्थाश्रयणे च..." પંક્તિઓ લખી છે. અન્વર્થનો આશ્રય કરાયો હોવાથી લિંગ, વિભક્તિ અને વચનોને વિષે જે ફેરફાર પામતા નથી તે અવ્યયો થાય છે. એ પ્રમાણે અન્વર્થસંજ્ઞાનો આશ્રય કરાયો હોવાથી "परमोच्चैः" વગેરે પ્રયોગોમાં પણ લિંગ, વિભક્તિ અને વચનોને વિશે તે ફેરફાર પામતાં નથી. માટે "तदन्त" એવા સ્વરાદિ વાચક નામોની પણ આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થશે.

હવે "अयम् अर्थः-" પંક્તિ દ્વારા "परमोच्चैः" વગેરે પ્રયોગોમાં પણ અવ્યયસંજ્ઞા થાય છે, તે બતાવે છે. અહીં "अन्वर्थसंज्ञा"નો આશ્રય કરાયો છે. આથી લિંગ વગેરેને વિશે ફેરફાર ન પામતાં એવા "स्वरादि" અવ્યયસંજ્ઞાવાળા થાય છે. સૂત્રાર્થ આ પ્રમાણે થશે - "अव्ययम् स्वरादयोऽव्ययम् ।" અહીં અન્વર્થસંજ્ઞાનો આશ્રય કરાયો હોવાથી "स्वरादयोऽव्ययम्" સૂત્ર ઉપર પ્રમાણે બે "अव्यय" શબ્દોવાળો થશે. અહીં ઉપસ્થિત થયેલો એવો બીજો "अव्यय" શબ્દ એ "स्वरादि"ના વિશેષ્ય તરીકે જણાય છે. આથી ઉપસ્થિત થયેલા એવા બીજા "अव्यय" સંબંધી "स्वरादि" વિશેષણ તરીકે જણાય છે. હવે "स्वरादि" કોઈને અન્તે આવશે તો પણ તેવા નામોની અવ્યયસંજ્ઞા થશે.

કેવળ स्वर् વગેરેની અવ્યયસંજ્ઞા માટે "व्यपदेशिवद्भावेन" હેતુ લખ્યો છે, જેની સમજ આ પ્રમાણે છે : એકમાં પણ આદિ અને અન્તપણું થાય છે અથવા તો એકમાં જ નાના અને મોટાપણું પણ થાય છે. આવી પરિસ્થિતિને વ્યપદેશિવદ્ભાવ કહેવામાં આવે છે. જ્યારે ઘણાં બધા હોય ત્યારે કોઈક શરૂઆતમાં હોય છે અને કોઈક અન્તમાં હોય છે, પરંતુ એકમાં પણ એ જ વસ્તુ શરૂઆતમાં કહેવાય છે અને અન્તમાં પણ કહેવાય છે. દા.ત. દેવદત્તને એક દિકરો છે. તો એ જ દિકરો પહેલો પણ કહેવાય છે અને છેલ્લો પણ કહેવાય છે. આથી વ્યપદેશિવદ્ભાવથી માત્ર "स्वर्" વગેરે અવ્યયોમાં પણ "तदन्त"નું જ્ઞાન થવાથી અવ્યયસંજ્ઞા જણાય છે. "तदन्त" એવા "परमोच्चैः" વગેરેમાં અવ્યયસંજ્ઞા જણાય છે તે અગાઉ જણાવ્યું છે.

**( श०न्या० )** ननु स्वरादौ किञ्चिच्छक्तिप्रधानं किञ्चित् क्रियाप्रधानम्, तथाहि उच्चैःप्रभृतीनां सप्तम्यर्थवृत्तेर्विभक्त्यर्थप्रधानता, हिरुक्पृथक्प्रभृतीनां क्रियाविशेषणत्वात् क्रियाऽर्थप्रधानता,

उपपन्नश्च क्रियापदमन्तरेणापि क्रियापदाक्षेपात् 'पृथग् देवदत्तः' इत्यादि प्रयोगः । शक्ति(क्तेः) क्रियायाश्चासत्त्वरूप-त्वात् स्वरादीनां चादिष्वेव पाठो न्याय्यः,

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** સ્વરાદિ ગણપાઠમાં જે જે અવ્યયો છે એમાં કેટલાક શક્તિ પ્રધાન અવ્યયો છે. અહીં શક્તિ એટલે સાધન અથવા તો કારક એ પ્રમાણેનો બોધ કરવો. તથા કેટલાક અવ્યયો ક્રિયાની પ્રધાનતાવાળા છે, તે આ પ્રમાણે છે - 'उच्चैस्' વગેરે અવ્યયો સપ્તમી અર્થમાં રહેલા હોવાથી વિભક્તિ અર્થની પ્રધાનતાવાળા છે તથા 'हिरुक्', 'पृथक्' વગેરે અવ્યયો ક્રિયાનાં વિશેષણ હોવાથી ક્રિયાની પ્રધાનતાવાળા છે. અહીં 'हिरुक्' એટલે 'વિના' અને 'पृथक्' એટલે 'છોડીને' એવો અર્થ થાય છે. 'मुनिमंडले सर्वे मोदन्ते, हिरुक् रागिणः' (રાગીઓ સિવાય બધા જ મુનિમંડળમાં આનંદ કરે છે.) અહીં 'हिरुक्' અને 'पृथक्' બંને ક્રિયાવિશેષણો છે. આથી ક્રિયાની પ્રધાનતાવાળા કહેવાય છે. જો આ બંને અવ્યયો ક્રિયાની પ્રધાનતાવાળા હોય તો 'पृथक् देवदत्तः' વગેરે પ્રયોગોમાં તો કોઈ ક્રિયા જણાતી નથી. આ પરિસ્થિતિમાં 'पृथक्' અવ્યયને ક્રિયાની પ્રધાનતાવાળો કેવી રીતે કહેવાશે ? એનાં અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે તે તે પ્રયોગોમાં ક્રિયાપદ વિના પણ ક્રિયાપદોનો આક્ષેપ થઈ શકે છે. આથી 'पृथग् देवदत्तः अस्ति' એ પ્રમાણે 'अस्ति' ક્રિયાપદનો આક્ષેપ થઈ શકતો હોવાથી 'अस्ति' ક્રિયાપદનાં વિશેષણ તરીકે 'पृथग्' અવ્યય આવી શકે છે. માટે આ પ્રયોગોમાં 'पृथग्' અવ્યય ક્રિયાની પ્રધાનતાવાળો જ છે. સાધન અને ક્રિયાનું અસત્ત્વપણું છે. સાધન એટલે દ્રવ્યમાં રહેલી કારકશક્તિ તેમજ બીજી ક્રિયા. આમ બંને અસત્ પદાર્થ સ્વરૂપ છે. આથી સ્વરાદિ અવ્યયો અસત્ત્વ અર્થમાં વિદ્યમાન થશે. આ પરિસ્થિતિમાં હવે પછીનું જે સૂત્ર આવે છે એ બધા જ અસત્ત્વ અર્થમાં વિદ્યમાન છે. આથી સ્વરાદિ અવ્યયોને પણ 'चादि' ગણપાઠમાં સમાવી લેવા જોઈએ.

**(શ૦न्या०)** नैवम् चादीनामसत्त्ववचनानामव्ययसंज्ञा; स्वरादीनां सत्त्ववचनानामसत्त्व-वचनानां च, तथाहि-स्वस्ति वाचयति, स्वः पश्यतीति(श्येति) क्रियासंबन्धेऽनेकशक्तिदर्शनात् सत्त्ववाचित्वमवसीयते। किञ्च यदि चादिष्वेव स्वरादीनां पाठः स्यात् ततश्च ''चादिः स्वरोऽनाङ्'' [१.२.३६.] इत्येषामपि सन्धिप्रतिषेधः स्यात् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** હવે પછીનાં સૂત્રમાં જે અવ્યયો આવે છે તે બધા જ અવ્યયો અસત્ત્વ અર્થમાં વિદ્યમાન છે. જ્યારે આ સૂત્રમાં સ્વરાદિ ગણપાઠમાં જેટલા પણ અવ્યયો છે એ સત્ત્વવાચક પણ છે અને અસત્ત્વવાચક પણ છે. તમારા કહેવા પ્રમાણે આ ત્યારે જ શક્ય થાત જો સ્વરાદિ ગણપાઠનાં બધા જ અવ્યયો અસત્ત્વ અર્થમાં હોત. પરંતુ સ્વરાદિ ગણપાઠમાં બે પ્રકારનાં અવ્યયો વિદ્યમાન છે : કેટલાક સત્ત્વવાચક અવ્યયો પણ છે અને કેટલાક અસત્ત્વવાચક અવ્યયો પણ છે.

અહીં સ્વરાદિ ગણપાઠનાં સત્ત્વવાચક અવ્યયોનાં બે ઉદાહરણો બતાવે છે - 'स्वस्ति वाचयति' (કલ્યાણનાં સૂચક વાક્યોને તે કહે છે અથવા ભણે છે.) તથા 'स्वः पश्यति' અથવા 'स्वः पश्य' (તે સ્વર્ગને જુએ છે અથવા તો તું સ્વર્ગને જો.) આવા પ્રયોગોમાં ક્રિયાવાચક શબ્દોની સાથે 'स्वर्' વગેરે શબ્દોથી જણાતા પદાર્થોમાં અનેક શક્તિઓ જણાય છે. આથી 'स्वर्' વગેરે અવ્યયોનું સત્ત્વવાચીપણું નિશ્ચિત કરાય છે.

વળી चादि ગણપાઠમાં જ સ્વરાદિ અવ્યયોનો સમાવેશ કર્યો હોત તો બધા અવ્યયો 'चादि' ગણપાઠવાળા કહેવાત. હવે 'चादिः स्वरोऽनाङ्' (૧/૨/૩૬) એ પ્રમાણે સૂત્ર આવે છે. એ સૂત્ર પ્રમાણે 'चादि' ગણપાઠમાં જેટલા અવ્યયો છે એની સ્વર પર છતાં અસન્ધિ થાય છે. આ પરિસ્થિતિમાં જો સ્વરાદિ અવ્યયોને चादि ગણપાઠમાં સમાવ્યા હોત તો સ્વરાદિ અવ્યયોમાં પણ સ્વર પર છતાં અસન્ધિનો પ્રસંગ આવત. પરંતુ બે સૂત્રો અલગ બનાવવાથી અલગ અલગ પ્રયોગોની સિદ્ધિ શક્ય થઈ.

**( श०न्या० ) स्वरि**ति–सुपूर्वादर्त्तेः "सोरर्त्तेर्लुक् च" [उणा० ९४६.] इत्यरि धातोर्लुकि च, स्वरतेर्वा विचि गुणे च **स्वर्** स्वर्गः । "अम गतौ" "षन भक्तौ" "पूगश् पवने" एभ्यः "पू-सन्यमिभ्यः पुन सनुतान्ताश्च" [उणा० ९४७.] इत्यरि 'अन्त-सनुत-पुन' आदेशे च **अन्तर्, सनुतर्** मध्य-कालवाची (अन्तर्मध्ये, सनुतः कालवाची), **पुनर्**-भूयोऽर्थे । "प्रादतेरर्" [उणा० ९४५.] इति (प्रपूर्वाद्) अतेररि **प्रातर्** प्रभाते ।

**અનુવાદ :-** 'स्वर्' શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે - 'सु + ऋ' ધાતુ. આ ધાતુ બીજા ગણનો છે. "सोरर्त्तेर्लुक् च" (उणा० ૯૪૬) સૂત્રથી 'अर्' પ્રત્યય થાય છે. 'सु + ऋ + अर्' આ અવસ્થામાં ધાતુનો લોપ થતાં 'स्वर्' શબ્દની પ્રાપ્તિ થાય છે. અથવા 'सु + ऋ + विच्' આ અવસ્થામાં ધાતુમાં ગુણ થતાં અને "विच्" પ્રત્યય સંપૂર્ણપણે इत् હોવાથી લોપ થતાં "स्वर्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "स्वर्" શબ્દ સ્વર્ગ અર્થમાં છે. "ગતિ અર્થવાળો " "अम्" ધાતુ પહેલાં ગણનો છે. "ભક્તિ કરવી" અર્થવાળો "सन्" ધાતુ પહેલા ગણનો છે. "પવિત્ર કરવું" અર્થવાળો "पू" ધાતુ નવમા ગણનો છે. આ ત્રણેય ધાતુઓને "पू-सन्यमिभ्यः पुन"... (उणा० ૯૪૭) સૂત્રથી "अर्" પ્રત્યય થતાં તથા "अन्त", "सनुत" અને "पुन" આદેશ થતાં અનુક્રમે "अन्तर्", "सनुतर्" અને "पुनर्" શબ્દોની પ્રાપ્તિ થાય છે. "अन्तर्"નો અર્થ મધ્યમાં થશે. દા.ત. क्रियान्तर् અર્થાત્ બે ક્રિયાની મધ્યમાં અને "सनुतर्"નો અર્થ કાળવાચક થાય છે. આ सनुतर् અવ્યયનો કોઈ પ્રયોગ મળ્યો નથી. "पुनर्" અવ્યય "भूयस्" અર્થમાં છે. भूयस् એટલે ફરીથી "किम् भूयोऽपि ददानि ?" શું હું ફરીથી આપું ? અર્થાત્ (શું હું વધારે આપું ?)

હવે प्रातर् અવ્યયની વ્યુત્પત્તિ બતાવે છે - "प्र + अत्" ધાતુથી "प्रादतेरर्" (उणा० ૯૪૫) સૂત્રથી "अर्" પ્રત્યય થતાં "प्रातर्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ प्रातर् અવ્યય પ્રભાત અર્થમાં છે.

**(श०न्या०)** "षोंच् अन्तकर्मणि" अतः "स्यतेर्णित्" [उणा० ९३६.] इत्यमि "आत ऐः कृञ्चौ" [४.३.५३.] इत्यैत्वे आयादेशे च **सायम्** दिनावसानम्। "न(ण)शौच् अदर्शने" इत्यतः "नशि-नूभ्यां नक्त-नूनौ च" [उणा० ९३५.] इत्यमि नक्तादेशे च **नक्तम्** रात्रौ। बहुलवचनादस्यतेस्तमि **अस्तम्** नाशे, यथा-अस्तं गतः सविता। दिव्यतेः "दिवि-पुरि-वृषिभ्यः कित्" [उणा० ५९९.] इत्याप्रत्यये **दिवा** अहनि। "दुषंच् वैकृत्ये" अतः "सनिक्षमि-दुषेः" [उणा० ६०४.] इत्याप्रत्यये गुणे च **दोषा** रात्रौ पर्युषिते च।

**અનુવાદ :-** સમાપ્ત કરવું અર્થવાળો "सो" ધાતુ ચોથા ગણનો છે. આ "सो" ધાતુથી "स्यतेर्णित्" (उणा० ૯૩૬) સૂત્રથી "अम्" પ્રત્યય થાય છે. "सो + अम्" આ અવસ્થામાં "आत् सन्ध्यक्षरस्य" (૪/૨/૧) સૂત્રથી સન્ધ્યક્ષરનો "आ" થતા "सा + अम्" હવે "आत ऐः कृञ्चौ" (૪/૩/૫૩) સૂત્રથી "आ"નો "ऐ" આદેશ થાય છે તથા સન્ધિના નિયમથી "ऐ"નો "आय्" આદેશ થતાં "सायम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "सायम्" એટલે દિવસનો અન્તભાગ અથવા તો સન્ધ્યા સમય.

અદર્શન અર્થમાં (નાશ થવું અર્થમાં) नश् ધાતુ ચોથા ગણનો છે. કેટલાક લોકો આ "नश्" ધાતુને "णोपदेश" માને છે. "नश्" ધાતુથી नशि-नूभ्याम्... (उणादि० - ૯૩૫) સૂત્રથી अम् પ્રત્યય થાય છે તથા नश्નો "नक्त" આદેશ થતાં "नक्तम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "नक्तम्" અવ્યયનો રાત્રિ અર્થ થાય છે.

ચોથા ગણના "अस्" ધાતુથી "बहुल" વચનથી "तम्" પ્રત્યય થતાં "अस्तम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अस्तम्" અવ્યયનો નાશ અર્થ થાય છે. દા.ત. "अस्तम् गतः सविता" સૂર્ય અદર્શનને પ્રાપ્ત થયો. અહીં નાશ અર્થ વિનાશ અર્થમાં નથી, પરંતુ અદર્શન અર્થમાં છે.

ક્રીડા વગેરે અર્થવાળો "दिव्" ધાતુ ચોથા ગણનો છે. આ "दिव्" ધાતુથી दिवि-पुरि-वृषिभ्यः... (उणादि० - ૫૯૯) સૂત્રથી "आ" પ્રત્યય થતાં "दिवा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "दिवा" અવ્યય દિવસ અર્થમાં છે.

'વિકૃત કરવા' અર્થવાળો "दुष्" ધાતુ ચોથા ગણનો છે. આ "दुष्" ધાતુથી सनि-क्षमि-दुषेः (उणादि० - ૬૦૪) સૂત્રથી "आ" પ્રત્યય થાય છે. "दुष् + आ" આ અવસ્થામાં ઉપાન્ત્યમાં "उ"નો ગુણ થતાં "दोषा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ दोषा અવ્યય રાત્રિ અર્થમાં છે તેમજ વાસી અર્થમાં છે.

**( श०न्या० )** "ओहांक् त्यागे" अतः "पा-हाक्भ्यां पय-ह्यौ च" [उणा० ९५३.] इत्यसि ह्यादेशे च **ह्यस्** अनन्तरातीतदिने। "श्वसक् प्राणने" बाहुलकात् डित्यसि **श्वस्** अनन्तरमागामिदिने। "कमूङ् कान्तौ" "शमूच् उपशमे" आभ्याम् "गमि-जमि-क्षमि-कमि-शमि-समिभ्यो डित्" [उणा० ९३७.] इत्यमि **कम्** उदकमाकाशं च, **शम्** सुखम्। "यमूं उपरमे" अतः "यमि-दमिभ्यां डोस्" [उणा० १००५.] इति डित्योसि **योस्** विषयसुखम्।

**અનુવાદ :-** "ત્યાગ કરવા" અર્થવાળો "हा" ધાતુ બીજા ગણનો છે. આ "हा" ધાતુથી "पा-हाक्भ्याम्..." (उणादि० - ૯૫૩) સૂત્રથી "अस्" પ્રત્યય થાય છે તથા "हा"નો हि આદેશ થઈને "ह्यस्" શબ્દ પ્રાપ્ત થાય છે. "ह्यस्" એટલે વીતેલો એવો આગળનો દિવસ. આપણી ભાષામાં ગઈકાલ એ પ્રમાણે "ह्यस्"નો અર્થ થાય છે.

જીવવું અર્થવાળો "श्वस्" ધાતુ બીજા ગણનો છે. આ "श्वस्" ધાતુથી બહુલપણાંથી "ड्" ઈત્‌વાળો "अस्" પ્રત્યય થતાં "श्वस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "श्वस्" અવ્યય આવતી કાલ અર્થમાં છે અર્થાત્ આવનારો એવો હવે પછીનો તરતનો દિવસ.

કાન્તિ અર્થવાળો "कम्" ધાતુ પહેલા ગણનો છે તથા ઉપશમ અર્થવાળો "शम्" ધાતુ ચોથા ગણનો છે. આ બંને ધાતુઓથી "गमि-जमि-क्षमि..." (उणादि० ૯૩૭) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં "कम्" અને "शम्" પ્રાપ્ત થાય છે. "कम्" અવ્યય પાણી અર્થમાં છે તેમજ આકાશ અર્થમાં છે તથા "शम्" અવ્યય સુખ અર્થમાં છે.

"વિરામ પામવું" અર્થવાળો "यम्" ધાતુ પહેલા ગણનો છે. આ "यम्" ધાતુથી "यमि-दमिभ्याम्..." (उणादि० ૧૦૦૫) સૂત્રથી "ड्" ઈત્‌વાળો "ओस्" પ્રત્યય થતાં "योस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "योस्" અવ્યય વિષયસુખ અર્થમાં છે.

**( श०न्या० )** "मयि गतौ" "अस्" [उणा० ९५२.] इत्यसि **मयस्** सुखम्। "ओहांक् त्यागे" अतो विपूर्वात् "समिण्-निकषिभ्यामाः" [उणा० ५९८.] इति बाहुलकादाप्रत्यये यसागमे च **विहायसा** अन्तरिक्षे। यथाकथञ्चिद् व्युत्पत्तिरियं वर्णानुपूर्वीनिर्ज्ञानार्था, एवमन्यत्रापि। रुदेः "तॄ-स्तॄ-तन्द्रि-तन्त्र्यविभ्य ईः" [उणा० ७११.] इति बहुवचनाद् ईप्रत्यये असागमे च **रोदसी** द्यावा-पृथिव्यौ। अवतेः "अवेर्मः" [उणा० ९३३.] इति मे "मव्यवि-श्रिवि०" [४.१.१०९.] इत्यूटि गुणे च **ओम्** ब्रह्मणि अभ्यादान-प्रतिश्रवणाऽभिमुखीकरणेषु च। "भू सत्तायाम्" इत्यतः "मिथि-रञ्ज्युषि-तॄ-पॄ-शॄ-भू-वष्टिभ्यः कित्" [उणा० ९७१.] इत्यसि उवादेशे पृषोदरादित्वादकारलोपे च **भूस्, भुवस्** यथाक्रमं नाग-मनुष्य-लोकवाचकौ।

**અનુવાદ** :- ગતિ અર્થવાળો "मय्" ધાતુ પહેલા ગણનો છે. આ "मय्" ધાતુથી "अस्" (उणादि० - ૯૫૨) સૂત્રથી "अस्" પ્રત્યય થતાં "मयस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मयस्" અવ્યય સુખ અર્થમાં છે.

"ત્યાગ કરવા" અર્થવાળો "हा" ધાતુ બીજા ગણનો છે. "वि" ઉપસર્ગ પૂર્વક "हा" ધાતુથી "समिण् - निकषिभ्यामाः" (उणादि० ૫૯૮) સૂત્રથી બહુલ વચનથી "आ" પ્રત્યય થાય છે અને "यस्"નો આગમ થતાં "विहायसा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "विहायसा" અવ્યય આકાશ અર્થમાં છે. આ "विहायसा" અવ્યય તૃતીયાર્થમાં જ આવે છે. દા.ત. "विहायसा गच्छति" તે આકાશમાર્ગેથી જાય છે. આ પ્રમાણેનો ઉપરોક્ત વાક્યનો અર્થ છે. ઉપરોક્ત અવ્યયોમાં કોઈક પ્રકારથી વ્યુત્પત્તિ બતાવી છે, જે વર્ણાનુપૂર્વીના જ્ઞાન માટે જ છે. અહીં વ્યુત્પત્તિ ઉપરથી અર્થોની પ્રાપ્તિ થતી નથી. આ પ્રમાણે અન્યત્ર પણ સમજી લેવું.

"રડવા અર્થવાળો" "रुद्" ધાતુ બીજા ગણનો છે. આ रुद् ધાતુથી "तृ-स्तृ-तन्द्रि..." (उणादि. – ૭૧૧) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "ई" પ્રત્યય અને "अस्" આગમ થતાં "रोदसी" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ रोदसी" અવ્યયનો અર્થ આકાશ અને પૃથ્વી થાય છે.

"अव्" ધાતુ "રક્ષણ કરવું" વગેરે અર્થવાળો પહેલા ગણનો છે. આ "अव्" ધાતુથી "अवेर्मः" (उणादि० ૯૩૩) સૂત્રથી "म्" પ્રત્યય થતાં "मव्यवि-श्रिवि..." (૪/૧/૧૦૯) સૂત્રથી "व्"નો "ऊट्" થતાં તેમજ ગુણ થતાં "अ + ओ + म्" પ્રાપ્ત થશે. અહીં બે સમાધાન આપી શકાય - ક્યાં તો હમણાં જ ઉપર જણાવી ગયા તેમ કોઈક રીતે આ વ્યુત્પત્તિ વર્ણાનુપૂર્વીના જ્ઞાન માટે કરી છે અથવા તો "पृषोदरादयः"થી પૂર્વના "अ"નો લોપ કરીને "ओम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "ओम्" શબ્દના ચાર અર્થો છે : (૧) બ્રહ્મ, (૨) પ્રારંભ (અભ્યાદાન), (૩) સ્વીકાર (પ્રતિશ્રવણ), (૪) અભિમુખ કરવું. પ્રાચીન કાળમાં સ્વીકૃતિ અર્થમાં ओम्નો અર્થ પ્રસિદ્ધ હતો. "ओम् कृतम्" હા મારા વડે કરાયું. સામેવાળો વ્યક્તિ કંઈક જણાવતો હોય ત્યારે સાંભળનાર વ્યક્તિ "ओम्" બોલીને જણાવનાર વ્યક્તિને પોતાની અભિમુખ કરે છે. "ओम्" અવ્યય પ્રારંભ અર્થમાં પણ આવે છે. કોઈપણ મન્ત્રના આરંભમાં "ओम्" શબ્દનું ઉચ્ચારણ થાય છે. વર્તમાનમાં "ॐ" એ પ્રમાણે પ્રસિદ્ધિ છે. "ॐ" બ્રાહ્મીલિપિમાં છે, જે "ओम्"ની સમાન જ છે. રઘુવંશ, રામાયણ અને મહાભારત વગેરે ગ્રન્થોમાં "ॐ" પ્રારંભ અર્થમાં પ્રસિદ્ધ છે. 'अ + ओ + म्' અહીં 'अ' અને 'ओ' ભેગા થઈને 'ऊ' ઉચ્ચારણ થાય છે તથા "म्"નું બિન્દુ થઈને "ॐ" ઉચ્ચારણ થઈ શકે છે. પાણિની વ્યાકરણમાં 'ओम्'ના પ્રારંભ અર્થ માટે એક અલગ સૂત્ર આવે છે. "ओमभ्यादाने" (પાણિની-૮/૨/૮૭). આમ મન્ત્રાક્ષરોના પ્રારંભમાં જ્યાં જ્યાં "ओम्" આવતો હશે ત્યાં ત્યાં પ્રારંભ અર્થવાળો "ओम्" હશે.

"सत्ता" અર્થવાળો "भू" ધાતુ પહેલા ગણનો છે. આ "भू" ધાતુથી "मिथि-रञ्ज्युषि..." (उणा० ૯७१) સૂત્રથી "अस्" પ્રત્યય થાય છે. આથી भू + अस् આ અવસ્થામાં पृषोदरादयः સૂત્રથી "अस्"ના अनो લોપ થતાં "भूस्" અવ્યયની પ્રાપ્તિ થાય છે. આ જ "भू" ધાતુથી "अस्" પ્રત્યય થયા બાદ "भू"ના "ऊ"નો "उव्" આદેશ થતાં "भूवस्" શબ્દની પ્રાપ્તિ થાય છે. "भूस्" અવ્યય નાગલોકનો વાચક છે તથા "भूवस्" અવ્યય મનુષ્યલોકનો વાચક છે. નાગલોક એટલે પાતાળલોક એ પ્રમાણે અર્થ પણ થાય છે.

**( श०न्या० )** सुपूर्वात् "असक् भुवि" इत्यतः "सोरस्तेः शित्" [उणा० ६५०.] इति तिप्रत्यये **स्वस्ति** अविनाशनाम (कल्याणम्) । [सम्पूर्वात् 'इंण्क् गतौ' इत्यस्मात् निपूर्वात् 'कष हिंसायाम्' इत्यस्माच्च] "समिण्-निकषिभ्यामाः" [उणा० ५९८.] इत्याकारे गुणे च **समया**, **निकषा** सामीप्ये । अन्तं रातीति "डित्" [उणा० ६०५.] इत्याप्रत्यये **अन्तरा** विनार्थे मध्ये चाधेयप्रधाने । "पुरत् अग्रगमने" "दिवि-पुरि०" [उणा० ५९९.] इति कित्याप्रत्यये **पुरा** भूत-भविष्यत्परीप्साचिरन्तनेषु । "बहुङ् वृद्धौ" "बंहि-वृंहेर्न लुक् च" [उणा० ९९०.] इति इसि **बहिस्** असंवृते प्रदेशे ।

**અનુવાદ :-** "થવા" અર્થવાળો "अस्" બીજા ગણનો છે. "सु + अस्" ધાતુથી પર "सोरस्तेः शित्" (उणा० ६૫0) સૂત્રથી "ति" પ્રત્યય થતાં "स्वस्ति" શબ્દ પ્રાપ્ત થાય છે. "स्वस्ति" એટલે કલ્યાણ. જે જે પરમાર્થ સ્વરૂપ છે તે તે શુભ સત્તા સ્વરૂપે છે. જે અવિનાશ સ્વરૂપે છે, એ કલ્યાણ સ્વરૂપ પણ છે. આમ, કલ્યાણ સ્વરૂપ અર્થ "स्वस्ति" અવ્યયનો થાય છે.

ગતિ અર્થવાળો "इंण्क्" ધાતુ બીજા ગણનો છે તથા હિંસા અર્થવાળો "कष्" ધાતુ પહેલા ગણનો છે. "सम् + इंण्क्" ધાતુ તથા "नि + कष्" ધાતુથી "समिण-निकषिभ्यामाः" (उणा० ૫૯૮) સૂત્રથી "आ" પ્રત્યય તેમજ ગુણ થતાં "समया" અને "निकषा" અવ્યયો પ્રાપ્ત થાય છે. આ બંને અવ્યયો સામીપ્ય (નજીક) અર્થમાં છે. "अन्तं राति" એ અર્થમાં "डित्" (उणा० ६0૫) સૂત્રથી "डित्" એવો "आ" પ્રત્યય થતા "अन्त +रा + आ" અવસ્થા પ્રાપ્ત થાય છે અને એ પ્રમાણે "अन्तरा" અવ્યય પ્રાપ્ત થાય છે. આ "अन्तरा" અવ્યયનો "વિના" અર્થ થાય છે તેમજ "મધ્યમાં" અર્થ પણ થાય છે. આ બંને આધેયની પ્રધાનતાવાળા અર્થો છે. દા. ત. "त्वाम् च माम् च अन्तरा कमण्डलु ।" આનો અર્થ તમારી અને મારી વચ્ચે કમંડલ છે. તો કમંડલ એ કોઈક વસ્તુ ઉપર રહેલ આધેય સ્વરૂપ અર્થ જ છે. રમેશ અને મહેશની વચ્ચે રહેલું પુસ્તક. અહીં પણ પુસ્તક એ આધેય સ્વરૂપ કોઈક વસ્તુ ઉપર રહેનારી એવી વસ્તુ જ છે.

"पुर्" ધાતુ આગળ જવું અર્થમાં છઠ્ઠા ગણનો છે. આ"पुर्" ધાતુથી "दिवि-पुरि०" (उणादि० ૫૯૯) સૂત્રથી "कित्" એવો "आ" પ્રત્યય થતાં "पुरा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पुरा" અવ્યય ચાર અર્થમાં વિદ્યમાન છે : (૧) ભૂતકાળ અર્થ દા.ત. "पुराकालः" પૂર્વનો કાળ, "पुराकल्क" પહેલાનો ચોક્કસ સમય (૨) "पुरा" અવ્યય ભવિષ્યકાળ અર્થમાં પણ વપરાય છે. (૩) "पुरा" અવ્યય પરીપ્સા અર્થમાં પણ વપરાય છે. પરીપ્સા એટલે ત્વરા, અત્યન્ત, જલ્દી. દા.ત. पुरा करोमि (હું જલ્દી કરું છું.) (૪) આ पुरा અવ્યયનો ચિરંતન અર્થ પણ થાય છે. દા.ત. पुरातनकालः પહેલાનો સમય એ પ્રમાણે અર્થ पुरा અવ્યયનો થાય છે.

વૃદ્ધિ અર્થવાળો बहु ધાતુ પહેલા ગણનો છે. આ बहु ધાતુથી बंहि-वृंहेर्न... (उणादि० ૯૯૦) સૂત્રથી "इस्" પ્રત્યય થતાં "बहिस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "बहिस्" અવ્યયનો અસંવૃત પ્રદેશ એ પ્રમાણે અર્થ થાય છે. સંવૃત એટલે ઢંકાયેલું અને અસંવૃત એટલે ન ઢંકાયેલું. આથી અસંવૃતનો અર્થ ખુલ્લું એ પ્રમાણે થાય છે.

**( श०न्या० )** अवेः "अवेर्वा" [उणा० ९६१.] इत्यसि विकल्पेन धादेशे च **अवस्** बहिरर्थे, **अधस्** सामीप्यादौ । नञः संप्रपूर्वात् तमेः "गमि-जमि-क्षमि-कमि-शमि-समिभ्यो डित्" [उणा० ९३७.] इति बहुवचनाद् डित्यमि निपातनात् समो दीर्घत्वे "नञत्" [३.२.१२५.] इति नञोऽकारे च **असाम्प्रतम्** अनौचित्ये । विस्मितार्थादपूर्वाद् दधातेर्डित्याप्रत्यये **अद्धा** अवधारण-मत्यतिशययोः । "ऋक् गतौ" अतः "शी-री-भू-दू-मू-घृ-पा०" [उणा० २०१.] इति किति ते निपातनाद् मान्तत्वे **ऋतम्** शुद्धौ । "असक् भुवि" इत्यतः "शिक्यास्याढ्य-मध्य-विन्ध्य०" [उणा० ३६४.] इति यप्रत्यये निपातनात् सतादेशे च गणपाठाद् मागमे च **सत्यम्** प्रश्न-प्रतिषेधयोः ।

**અનુવાદ :-** "રક્ષણ કરવું" અર્થવાળો "अव्" ધાતુ પહેલા ગણનો છે. આ "अव्" ધાતુથી "अवेर्वा" (उणा० ૯૬૧) સૂત્રથી "अस्" પ્રત્યય થાય છે. તે વખતે "व्"નો વિકલ્પે "ध्" આદેશ થતાં અનુક્રમે "अवस्" અને "अधस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अवस्" અવ્યય બહારના અર્થમાં વિદ્યમાન છે તથા "अधस्" અવ્યય સામીપ્ય વગેરે અર્થમાં વિદ્યમાન છે. અહીં સામીપ્ય પછી "आदि" શબ્દ લખ્યો છે. એ आदिથી "નીચે" એ પ્રમાણે અર્થ સમજવો.

"असांप्रतम्" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે - "नञ्" જેની પૂર્વમાં છે એવા "सम् + प्र + तम्" ધાતુથી "गमि - जमि - क्षमि..." (उणादि० ૯૩૭) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "डित्" એવો "अम्" પ્રત્યય થતાં તેમજ નિપાતનથી "सम्"ના "अ"ની દીર્ઘવિધિ થતાં "असांप्रतम्" અવ્યય પ્રાપ્ત થાય છે. "सांप्रत" શબ્દનો ઉચિત અર્થ થાય છે. આથી "असांप्रतम्"નો અનુચિત અર્થ છે.

"વિસ્મય પામવું" અર્થવાળો "अद्" જેની પૂર્વમાં છે એવા "धा" ધાતુથી પર "डित्" (उणादि० ૬૦૫) સૂત્રથી "उ" ઈત્‌વાળો "आ" પ્રત્યય થતાં "अद्धा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अद्धा" અવ્યય ત્રણ અર્થમાં છે : (૧) "अद्धा" અવ્યય નિશ્ચય અર્થમાં છે. નિશ્ચયનો બીજો અર્થ અવધારણ થાય છે. (૨) બુદ્ધિનું ઉલ્લંઘન કરવું અર્થ પણ "अद्धा" અવ્યયનો છે અથવા તો (૩) અધિક મતિ અર્થ પણ "अद्धा" અવ્યયનો છે. જ્યારે કોઈક પદાર્થમાં અવધારણ થાય છે ત્યારે મતિ ચરમસીમા ઉપર પહોંચી જાય છે. માટે અધિક મતિ એવો અર્થ પણ "अद्धा" અવ્યયનો જણાવેલ છે.

"ગતિ" અર્થવાળો "ऋ" ધાતુ બીજા ગણનો છે. આ "ऋ" ધાતુથી "शी-री-भू..." (उणादि० ૨૦૧) સૂત્રથી कित् એવો "त" પ્રત્યય થતાં તથા નિપાતનથી "म्" અંતપણું થતાં "ऋतम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "ऋतम्" અવ્યય શુદ્ધ અર્થમાં છે. અહીં શુદ્ધ એટલે સત્ય અર્થ સમજવો. સત્ય બે પ્રકારના છે : (૧) જે "ત્રણેય કાળમાં એકસમાન જ હોય એ પહેલા પ્રકારનું સત્ય છે. આ "ऋतम्" પહેલા પ્રકારના સત્ય અર્થવાળો છે. (૨) કોઈ ચોક્કસ સમય પૂરતું સત્ય હોય તે બીજા પ્રકારનું સત્ય છે. કોઈકની વાત અમુક ક્ષણ માટે સ્વીકારીએ ત્યારે "सत्यम्" એ પ્રમાણેનો વચન પ્રયોગ થાય છે. "તમારી વાત સાચી છે" એવો અર્થ અમુક ક્ષણના સત્ય માટે થાય છે, જે અર્થ અહીં "ऋतम्" અવ્યયનો લેવામાં નથી આવ્યો.

હવે "सत्यम्" અવ્યયની વ્યુત્પત્તિ બતાવે છે "થવા" અર્થવાળો "अस्" ધાતુ બીજા ગણનો છે. આ "अस्" ધાતુથી "शिक्यास्याढ्य-मध्य-विन्ध्य..." (उणा० ૩૬૪) સૂત્રથી "य्" પ્રત્યય તેમજ "अस्"નો નિપાતનથી "सत्" આદેશ થતાં અને "म्"નો આગમ થતાં सत्यम् અવ્યય પ્રાપ્ત થાય છે. આ सत्यम् અવ્યયના બે અર્થ છે : (૧) પ્રશ્ન (૨) પ્રતિષેધ. "सत्यम् किम् ?" "શું આ વાત સાચી છે ?" તથા પૂર્વપક્ષની કોઈ વાતનું ખંડન કરવું હોય ત્યારે સૌપ્રથમ જાણે કે એની વાત સ્વીકારતાં હોઈએ તેમ "सत्यम्" અવ્યયનો પ્રયોગ કરીએ છીએ. અર્થાત્ એની વાત સ્વીકારીને પ્રધાનતાથી તો પ્રતિષેધ કરવાનો જ ભાવ હોય છે. બીજા અર્થમાં એને અર્ધસ્વીકાર કહેવામાં આવે છે.

**( श०न्या० )** इत्पूर्वाद् दधातेर्डित्याकारे **इद्धा** प्राकाश्ये । "मुच्लृंती मोक्षणे" अतः "मुचि-स्वदेर्ध च" [उणा० ६०२.] इति कित्याप्रत्यये धादेशे च **मुधा** निर्निमित्त-प्रीतिकरणयोः । "मृषीच् तितिक्षायाम्" अतः "दिवि-पुरि-वृषि-मृषिभ्यः कित्" [उणा० ५९९.] इत्याप्रत्यये **मृषा** अनृतम् । "वृषू सेचने" मृषावद् **वृषा** प्रबलमित्यर्थः । "मिथृग् मेधा-हिंसयोः" अतः "वृ-मिथि-दिशिभ्यस्थ-य-ट्याश्चान्ताः" [उणा० ६०१.] इति कित्याप्रत्यये यागमे च **मिथ्या** अनृतम् । मिथेर्बाहुलकात् कित्योकारे **मिथो** रहःसहार्थयोः ।

**અનુવાદ :-** "इत्" જેની પૂર્વમાં છે એવા "धा" ધાતુથી "डित्" (उणादि० ૬૦૫) સૂત્રથી "डित्" એવો आकार થતાં "इद्धा" શબ્દ પ્રાપ્ત છે. આ "इद्धा" અવ્યયનો પ્રગટ કરવું અર્થ છે.

"મુક્ત કરવું" અર્થવાળો "मुच्" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "मुच्" ધાતુથી "मुचि-स्वदेर्ध च..." (उणादि० ૬૦૨) સૂત્રથી "कित्" એવો "आ" પ્રત્યય અને "च"નો "ध" આદેશ થતાં "मुधा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मुधा" અવ્યયના બે અર્થો છે : (૧) નિર્નિમિત્ત, અને (૨) પ્રીતિકરણ. કોઈક વ્યક્તિ કહે કે, "अहम् धनम् अर्जामि" "હું ધન કમાઉં છું" ત્યારે કોઈક વૈરાગી આત્મા કહે છે કે, "मुधा काम्यसि" "તું (અકારણ) ઇચ્છા કરે છે." જેનો તાત્પર્ય આ પ્રમાણે છે - જે તારી સાથે આવવાનું નથી, તેની તું ફોગટ ઇચ્છા કરે છે. આ "मुधा" શબ્દ પ્રસન્નતાનો વાચક પણ છે. તિતિક્ષા અર્થમાં "मृष्" ધાતુ ચોથા ગણનો છે. આ "मृष्" ધાતુથી "दिवि-पुरि..."(उणा० ૫૯૯) સૂત્રથી "कित्" એવો "आ" પ્રત્યય થતાં "मृषा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मृषा" અવ્યય અસત્ય અર્થમાં છે.

"વરસવું" અર્થમાં "वृष्" ધાતુ પહેલા ગણનો છે. અહીં પણ "मृषा" શબ્દની જેમ જ વ્યુત્પત્તિ જાણવી. આ "वृषा" શબ્દનો પ્રબળ અર્થ થાય છે. "वृषा करोति" તે પ્રબળતાથી કરે છે.

બુદ્ધિ અને હિંસા અર્થવાળો "मिथ्" ધાતુ પહેલા ગણનો છે. આ "मिथ्" ધાતુથી "वृ-मिथि..." (उणा० ૬૦૧) સૂત્રથી "कित्" એવો "आ" પ્રત્યય થતાં અને "य्"નો આગમ થતાં "मिथ्या" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मिथ्या" અવ્યયનો અસત્ય અર્થ થાય છે.

આ જ "मिथ्" ધાતુથી "बहुल" વચનથી "कित्" એવો "ओकार" થતાં "मिथो" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मिथो" અવ્યયનો એકાન્ત અને સહાર્થ અર્થ થાય છે. "मिथो वदिष्यामि" (હું એકાંતમાં બોલીશ.) તથા "मिथो तिष्ठतः" (તેઓ બંને પરસ્પર સાથે રહે છે.)

**( श०न्या० )** मिथेः "पृ-का-हृषि०" [उणा० ७२९.] इति कित्युकारे **मिथु** स्वाङ्गे । मिथेः "मिथि-रज्ज्युषि०" [उणा० ९७१.] इति कित्यसि **मिथस्** विजन-वियोगेतरेतरार्थेषु । मिथेः "मुहि-मिथ्यादेः कित्" [उणा० १०००.] इति कित्युसि **मिथुस्** संगमे । मिथेः "पिशि-मिथि-क्षुधिभ्यः कित्" [उणा० २९०) इति कित्युने निपातनाद् मान्तत्वे **मिथुनम्** स्त्री-पुंसयुगे । नञ्-निपूर्वात् शमेः "गमि-जमि-क्षमि०" [उणा० ९३७.] इति डित्यमि प्रत्यये **अनिशम्** निरन्तरे । "मुहौच् वैचित्ये" अतः "मुहि-मिथ्यादेः०" [उणा० १०००.] इति कित्युसि **मुहुस्** आभीक्ष्ण्ये ।

**અનુવાદ :-** આ જ "मिथ्" ધાતુથી "पृ-का..." (उणा० ૭૨૯) સૂત્રથી "कित्" એવો "उकार"

થતાં "मिथु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मिथु" શબ્દનો "પોતાનું અંગ" એવો અર્થ પ્રાપ્ત થાય છે.

આ જ "मिथ्" ધાતુથી "मिथि-रञ्ज्युषि..." (उणा० ૭૯૧) સૂત્રથી "कित्" એવો "अस्" પ્રત્યય થતાં "मिथस्" શબ્દ પ્રાપ્ત થાય છે. "मिथस्"ના ત્રણ અર્થ છે : (૧) વિજન (એકાંત) (૨) વિયોગ અને (૩) પરસ્પર. "मिथः पश्यतः" (તે બે એકબીજાને જુએ છે.)

"मिथ्" ધાતુથી "मुहि-मिथ्यादेः कित्" (उणा० ૧૦૦૦) સૂત્રથી "कित्" એવો "उस्" પ્રત્યય થતાં "मिथुस्" શબ્દ પ્રાપ્ત થાય છે. "मिथुस्" અવ્યયનો સંગમ અર્થ થાય છે. મેળ હોવો અથવા મિલન થવું અર્થ પણ "मिथुस्" અવ્યયનો છે.

આ જ "मिथ्" ધાતુથી "पिशि-मिथि..." (उणा० ૨૯૦) સૂત્રથી "कित्" એવો उन् પ્રત્યય થાય છે તથા નિપાતનથી "म्"નો આગમ થતાં "मिथुनम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मिथुनम्" "સ્ત્રી-પુરુષના યુગલ" અર્થમાં છે.

"नञ्" અને "नि" ઉપસર્ગથી પર "शम्" ધાતુથી "गमि-जमि-क्षमि०" (उणादि० ૯૩૭) સૂત્રથી "डित्" એવો "अम्" પ્રત્યય થતાં "अनिशम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "अनिशम्" અવ્યયનો નિરંતર અર્થ છે.

"મુંઝાવું" અર્થવાળો "मुह्" ધાતુ ચોથા ગણનો છે. આ "मुह्" ધાતુથી "मुहि-मिथ्यादेः कित्" (उणा० ૧૦૦૦) સૂત્રથી "कित्" એવો "उस्" પ્રત્યય થતાં "मुहुस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मुहुस्" અવ્યય "पुनः पुनः" ક્રિયા સંબંધી અર્થવાળો છે. "मुहुः करोति" તે પુનઃ પુનઃ કરે છે.

**( श०न्या० )** अभिपूर्वाद् "ईक्षि दर्शने" अतः "भ्रूण-तृण-गुण०" [उणा० १८६.] इति णे निपातनाद् मागमे **अभीक्ष्णम्** पुनः पुनरित्यर्थः । "टुमस्जोंत् शुद्धौ" "मस्जीष्यशिभ्यः सुक्" [उणा० ८२६.] इति सुकि, "मस्जेः सः" [४.४.११०.] इति नागमे बाहुलकाच्च नस्य लोपाभावे च **मङ्क्षु**। "झट संघाते" अतः "प्लु-ज्ञा-यजि-षपि-पदि-वसि-वितसिभ्यस्तिः" [उणा० ६४६.] इति बहुवचनात् तिप्रत्यये बाहुलकादिटि च **झटिति** शैघ्र्यार्थावेतौ । (न्युत्पूर्वात् "अञ्चूग् गतौ च" इत्यस्मात्) "न्युद्भ्या-मञ्चेः ककाकैसष्टावच्च" [उणा० १००३.] इति कित्यैसि "अच्च् प्राग् दीर्घश्च" [२.१.१०४.] इति चकारादेशे यथायोगं दीर्घत्वे च "अञ्चोऽनर्चायाम्" [४.२.४६.] इति नलोपे **उच्चैस्** उत्कृष्टार्थे सप्तम्य-र्थप्रधानः, तृतीयार्थश्चेत्येके, **नीचैस्** अवकृष्टे। (शम्पूर्वात् 'णींग् प्रापणे' इत्यतः) "शमो नियो डैस् मलुक् च" [उणा० १००४.] इति **शनैस्** क्रिया-मान्द्ये।

**અનુવાદ** :- "अभि + ईक्ष्" ધાતુથી (જોવું અર્થવાળો "ईक्ष्" ધાતુ પહેલા ગણનો છે.) "भ्रूण-तृण..." (उणा० १८६) સૂત્રથી "ण" પ્રત્યય થતાં અને નિપાતનથી "म्" આગમ થતા "अभीक्ष्णम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ अभीक्ष्णम् અવ્યયનો પુનઃ પુનઃ અર્થ થાય છે. આ જ "अभीक्ष्णम्" અવ્યયને तद्धितनो "यञ्" પ્રત્યય લાગતાં "आभीक्ष्ण्यम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यञ्" પ્રત્યય ભાવમાં લાગે છે. આથી પુનઃ પુનઃ અર્થવાળાપણું અર્થ आभीक्ष्ण्यम्‌નો થાય છે.

શુદ્ધિ અર્થવાળો "मस्ज्" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "मस्ज्" ધાતુથી "मस्जीष्यशिभ्यः सुक्" (उणादि० ८२६) સૂત્રથી सुक् પ્રત્યય થાય છે. "मस्ज् + सुक्" આ અવસ્થામાં "मस्जेः सः" (૪/૪/૧૧૦) સૂત્રથી "स्"ના સ્થાનમાં "न्" આગમ થતાં તેમજ "बहुल" વચનથી "न्"ના લોપનો અભાવ થતાં "मङ्क्षु" શબ્દ પ્રાપ્ત થાય છે. "मङ्क्षु" અવ્યયનો શીઘ્ર અર્થ થાય છે.

"સંઘાત" અર્થવાળો "झट्" ધાતુ પહેલા ગણનો છે. આ "झट्" ધાતુથી "प्लु-ज्ञा-यजि..." (उणा० ६४६) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "ति" પ્રત્યય થાય છે અને बहुल વચનથી "इट्"નો આગમ થતાં "झटिति" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "झटिति" અવ્યય શીઘ્ર (જલ્દી) અર્થમાં છે.

"नि" અને "उद्" ઉપસર્ગપૂર્વક "अञ्च्" ધાતુથી "न्युद्भ्यामञ्चेः०" (उणा० १००३) સૂત્રથી "कित्" એવો "ऐस्" પ્રત્યય થાય છે તથા "अच्च् प्राक् दीर्घश्च" (૨/૧/૧૦૪) સૂત્રથી "अच्"નો "च्" થાય તથા દીર્ઘવિધિની સંભાવના હોય ત્યાં પૂર્વના સ્વરની દીર્ઘવિધિ થાય છે તેમજ अञ्चोऽनर्चायाम् (૪/૨/૪૬) સૂત્રથી "न्"નો લોપ થતાં "उच्चैस्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "उच्चैस्" અવ્યય ઉત્કૃષ્ટ અર્થમાં છે અર્થાત્ ઉત્તમ અર્થવાળો છે. આ "उच्चैस्" અવ્યય ઉત્કૃષ્ટ અર્થમાં સપ્તમી અર્થની પ્રધાનતાવાળો છે. કેટલાક લોકો "उच्चैः" અવ્યયને તૃતીયાર્થની પ્રધાનતાવાળો માને છે.

"नि + अञ्च्" ધાતુ હોય ત્યારે ઉપર પ્રમાણેની જ વિધિ કરવા દ્વારા "नीचैस्" અવ્યય પ્રાપ્ત થાય છે. અહીં દીર્ઘવિધિ પણ થઈ છે. "नीचैस्" અવ્યયનો નીચે એ પ્રમાણે અર્થ થાય છે.

"शम्" જેની પૂર્વમાં છે એવા પ્રાપ્તિ અર્થવાળા "नी" ધાતુથી "शमो नियो..." (उणादि० १००४) સૂત્રથી "डैस्" પ્રત્યય તેમજ "म्"નો લુક્ થતાં "शनैस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "शनैस्" અવ્યયનો ક્રિયાની મંદતા એ પ્રમાણે અર્થ થાય છે. આ અવ્યય "पचति" "गच्छति" વગેરે જે પણ ક્રિયાઓ હશે તેમાં ધીમાપણાંનું કથન કરશે, પરંતુ ગુણ અને દ્રવ્યની સાથે આ અવ્યય જોડાઈ શકશે નહીં. માત્ર ક્રિયામાં જ મંદપણા સ્વરૂપ અર્થ જણાવી શકશે.

**( श०न्या० )** अवपूर्वात् श्यायतेः "गमि-जमि-क्षमि०" [उणा० ९३७.] इत्यत्र बहुवचनाद् डित्यमि **अवश्यम्** आवश्यके । "षोंच् अन्तकर्मणि" अतः "नी-सा-वृ-यु-शृ०" [उणा०

६८७.] इति मौ **सामि** अर्द्धम् । "षचि सेचने" अतः "कमि-वमि०" [उणा० ६१८.] इत्यत्र बहुवचनाद् णिति इकारे उपान्त्यवृद्धौ **साचि** तिर्यगर्थम् । विपूर्वात् सुवतेः क्विपि "उपसर्गात् सुग्-सुव०" [२.३.३९.] इति षत्वे विषूः, तत्पूर्वादञ्चतेर्बाहुलकादौणादिके क्विपि **विष्वक्** (विष्वच्) नानात्वम् । अनुपूर्वादञ्चेः पूर्ववत् क्विपि **अन्वक्** (अन्वच्) पश्चादर्थे । "त्यजं हानौ" "द्रुं गतौ" "स्रुं गतौ" एभ्यः "द्रागादयः" [उणा० ८७०.] इति किकि निपातनाद् यलोप(पाऽऽ)त्वादौ कृते **ताजक्** शीघ्रार्थे, **द्राक्** शैघ्र्ये, **स्राक्** एवार्थे ।

**અનુવાદ :-** "अव" ઉપસર્ગપૂર્વક "श्यै" ધાતુથી (આ ધાતુ પહેલા ગણનો છે.) "गमि-जमि-क्षमि.." (उणा० ૯૩૭) સૂત્રથી બહુવચનથી"डित्" એવો "अम्" પ્રત્યય થતાં अवश्यम् શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अवश्यम्" અવ્યયનો આવશ્યક અર્થ થાય છે.

નષ્ટ કરવું અર્થવાળો "सो" ધાતુ ચોથા ગણનો છે. આ"सो" ધાતુથી "नी-सा-वृ-यु..." (उणादि० ૬૮૭) સૂત્રથી मि પ્રત્યય થતાં "सामि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सामि" અવ્યયનો "અર્ધ" એવો અર્થ થાય છે.

વરસવું અર્થવાળો "सच्" ધાતુ પહેલા ગણનો છે. આ "सच्" ધાતુથી "कमि-वमि"... (उणादि० ૬૧૮) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "णित्" એવો "इकार" થાય છે. सच् + इ આ અવસ્થામાં ઉપાન્ત્ય "अ"ની વૃદ્ધિ થતાં "साचि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "साचि" અવ્યયનો "तिर्यग्" (તીરછું) અર્થ થાય છે.

"वि" ઉપસર્ગથી પર "सू" ધાતુથી પર क्विप् પ્રત્યય થાય છે. वि + सू + क्विप् આ અવસ્થામાં "उपसर्गात् सुग्-सुव..." (૨/૩/૩૯) સૂત્રથી "स्"નો "ष्" થતાં "विषूः" શબ્દ પ્રાપ્ત થાય છે. પ્રેરણા કરવી અર્થવાળો ઉપરનો "सू" ધાતુ છઠ્ઠા ગણનો છે. विषूः જેની પૂર્વમાં છે એવાં "अञ्च्" ધાતુથી बहुल વચનથી उणादि એવો क्विप् પ્રત્યય થતાં "विष्वक्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ विष्वक् અવ્યયનો અનેકપણું અર્થ છે.

"अनु" ઉપસર્ગપૂર્વક "अञ्च्" ધાતુથી પહેલાની જેમ જ क्विप् પ્રત્યય થતાં "अन्वक्" શબ્દ પ્રાપ્ત થાય છે. "अन्वक्" અવ્યયનો પશ્ચાત્ અર્થાત્ પાછળ અર્થ થાય છે.

"ત્યાગ કરવા" સ્વરૂપ અર્થવાળો "त्यज्" ધાતુ તથા "ગતિ" અર્થવાળો "द्रु" અને "स्रु" ધાતુ પહેલા ગણના છે. આ બધા જ ધાતુઓથી "द्रागादयः" (उणा० ૮૭૦) સૂત્રથી "किक्" પ્રત્યય થાય છે. "त्यज् + किक्, द्रु + किक्, स्रु + किक्" આ અવસ્થામાં નિપાતનથી "य"નો લોપ થતાં તેમજ "आत्व" થતાં અનુક્રમે "ताजक्", "द्राक्" અને "स्राक्" શબ્દો પ્રાપ્ત થાય

છે. "ताजक्" અવ્યય શીઘ્ર અર્થમાં છે. "द्राक्" અવ્યય શીઘ્રપણું અર્થમાં છે અને "स्राक्" અવ્યય અવધારણ અર્થમાં છે.

**(श०न्या०)** "ऋधूच् वृद्धौ" "प्रथिष् प्रख्याने" इत्याभ्याम् "ऋधि-पृथि-भिषिभ्यः कित्" [उणा० ८७४.] इत्यजि निपातनात् कत्वे **ऋधक्** वियोग-शीघ्रान्वित-सामीप्यलाभेषु, **पृथक्** वियोगे। दधातेर्द्रागादित्वात् किकि **धिक्** निन्दार्थे। "हिंट् गति-वृद्धयोः" "ज्युङ् गतौ" "मनिच् ज्ञाने" एभ्यो द्रागादिनिपातनात् किकि **हिरुक्** वियोगे, **ज्योक्** शीघ्र-संप्रत्यर्थयोः, **मनाक्** ईषदप्राप्तयोः ।

**અનુવાદ :-** વૃદ્ધિ અર્થવાળો "ऋध्" ધાતુ ચોથા ગણનો છે. પ્રસિદ્ધ કરવું અર્થવાળો "प्रथ्" ધાતુ પહેલા ગણનો છે. આ બંને ધાતુઓથી "ऋधि-पृथि-भिषिभ्यः..." (उणा० ८७४) સૂત્રથી "अज्" પ્રત્યય થાય છે તથા નિપાતનથી "क्" થતાં "ऋधक्" અને "पृथक्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ "ऋधक्" અવ્યયના નીચે પ્રમાણે અર્થો થાય છે : (૧) વિયોગ, (૨) શીઘ્રતા, (દા. ત. ऋधक् पठति તે શીઘ્રતાથી ભણે છે.) (૩) યુક્ત, (૪) સામીપ્ય અને (૫) પ્રાપ્તિ. "पृथक्" અવ્યય વિયોગ અર્થમાં છે અર્થાત્ છૂટાં કરવા સ્વરૂપ અર્થમાં છે.

"धा" ધાતુથી "द्रागादयः" (उणा० ८७०) સૂત્રથી "किक्" પ્રત્યય થતાં "धिक्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "धिक्" અવ્યયનો લુચ્ચો અર્થ થાય છે. અર્થાત્ નિંદા અર્થમાં આ અવ્યય છે. "धिक् जाल्मम्" (લુચ્ચા માણસને ધિક્કાર થાઓ.) "जाल्म" શબ્દને ઉર્દૂમાં જાલિમ કહે છે.

ગતિ અને વૃદ્ધિ અર્થવાળો "हि" ધાતુ પાંચમાં ગણનો છે, ગતિ અર્થવાળો "ज्यु" ધાતુ પહેલા ગણનો છે તથા જ્ઞાન અર્થવાળો "मन्" ધાતુ ચોથા ગણનો છે. આ બધા ધાતુઓથી "द्रागादयः" (उणा० ८७०) સૂત્રથી "किक्" પ્રત્યય થતાં તેમજ નિપાતન થતાં "हिरुक्", "ज्योक्" તથા "मनाक्" અવ્યયો પ્રાપ્ત થાય છે. "हिरुक् અવ્યય વિયોગ અર્થમાં છે. "ज्योक्" અવ્યય શીઘ્ર અને સંપ્રતિ અર્થમાં છે. અહીં સંપ્રતિ એટલે વર્તમાન અર્થ સમજવો. "मनाक्" અવ્યય અલ્પ અર્થ તેમજ અપ્રાપ્તિ અર્થમાં છે.

**(श०न्या०)** "ईषि गत्यादौ" अतः "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति निपातनात् कति **ईषत्** अल्पे । "जुषैति प्रीति-सेवनयोः" अतः "सोरेतेरम्" [उणा० ९३४.] इति बाहुलकादमि **जोषम्** अस्याप्योकारात् प्राग् यागमे **ज्योषम्**, "तूष तुष्टौ" अतः "तूषेरीम् णोऽन्तश्च" [उणा० ९४०.] इति ईम् णागमे च **तूष्णीम्** एते त्रयोऽप्यव्याहरणे। "कमूङ् कान्तौ" अतः पूर्ववदमि **कामम्** निपूर्वाद् **निकामम्** प्रपूर्वात् **प्रकामम्** एते त्रयोऽप्यतिशयार्थे ।

**અનુવાદ :-** ગતિ વગેરે અર્થવાળો "ईष्" ધાતુ પહેલા ગણનો છે. આ "ईष्" ધાતુથી "संश्चद्वेह–त्साक्षादादयः" (उणा० ८८२) સૂત્રથી નિપાતન થવા દ્વારા "कत्" પ્રત્યય થતાં "ईषत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ ईषत् અવ્યય અલ્પ અર્થમાં છે.

પ્રીતિ અને સેવન અર્થવાળો "जुष्" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "जुष्" ધાતુથી "सोरेतेरम्" (उणादि० ९३४) સૂત્રથી "बहुल" વચનથી "अम्" પ્રત્યય થતાં "जोषम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "जोषम्" શબ્દમાં પણ "ओकार"ની પહેલા "य्"નો આગમ થતાં "ज्योतिषम्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"તુષ્ટિ" અર્થવાળો "तूष्" ધાતુ પહેલા ગણનો છે. આ "तूष्" ધાતુથી "तूषेरीम् णोऽन्तश्च" (उणादि० ९४०) સૂત્રથી "ईम्" પ્રત્યય થતાં અને "ण्"નો આગમ થતાં "तूष्णीम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો મૌન અર્થમાં છે. ન્યાસમાં લખ્યું છે કે આ ત્રણેય અવ્યયો અવ્યાહરણ અર્થમાં છે. વ્યાહરણ એટલે બોલવું. "मृगः व्याहरति" (હરણ બોલે છે.) "स्वागतम् व्याहरामः" અમે સ્વાગત શબ્દને બોલીએ છીએ.) "न व्याहरण" એ પ્રમાણે નઞ્ તત્પુરુષ સમાસ થતાં "अव्याहरण" શબ્દ પ્રાપ્ત થાય છે. આથી બોલવાનો અભાવ અર્થ આ ત્રણેય અવ્યયોનો થાય છે. આ જ ભાવાર્થને બીજા અર્થમાં મૌન પણ કહી શકાય છે. "प्रीतः प्रीतिप्रमुखवचनम् स्वागतम् व्याजहार" (તે પ્રીત, પ્રીતિ વગેરે સ્વાગત સ્વરૂપ વચનોને કહેતાં હતાં.) આ પ્રમાણે "व्याहरणं"નો બોલવું અર્થવાળો પ્રયોગ ઘણાં સ્થાનોમાં વપરાય છે.

કાન્તિ અર્થવાળો "कम्" ધાતુ પહેલા ગણનો છે. આ "कम्" ધાતુથી "सोरेतेरम्" (उणादि० ९३४) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં "कामम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ જ શબ્દ "नि" ઉપસર્ગ તેમજ "प्र" ઉપસર્ગ સહિત આવે ત્યારે "निकामम्" અને "प्रकामम्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો અતિશય અર્થાત્ અધિક અર્થમાં છે. "कामम् करोति" તે પેટ ભરીને કરે છે. અર્થાત્ તે અધિક માત્રામાં કરે છે.

**( श०न्या० )** "ऋंक् गतौ" "वृगट् वरणे" "पृ पालनपूरणयोः" एभ्यः पूर्ववदमि गुणे च **अरम्** शीघ्रे, **वरम्** मनागिष्टे, **परम्** केवले । "चिंगट् चयने" अस्माद् "ऋज्यजि–तञ्चि०" [उणा० ३८८.] किति रे अत एव निर्देशाद् मागमे च **चिरम्** दीर्घकाले । आङ्पूर्वाद् "रांक् आदाने" अतः "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति निपातनात् कति आलोपाभावे **आरात्** दूर–समीपयोः । "तृ प्लवन–तरणयोः" अतः "मिथि–रञ्ज्युषि–तृ–पृ०" [उणा० ९७१.] इति किदसि प्रत्यये "ऋतां क्ङितीर्" [४.४.११६.] इति इरादेशे च **तिरस्** अन्तर्द्ध्यवज्ञा–तिर्यग्भावेषु । मन्यतेः "अस्" [उणा० ९५२.] इत्यसि **मनस्** नियमे ।

**અનુવાદ :-** ગતિ અર્થવાળો "ऋ" ધાતુ બીજા ગણનો છે તથા વરવું અર્થવાળો "वृ" ધાતુ પાંચમા ગણનો છે. પાલન કરવું તેમજ પૂરવું આ બે અર્થમાં "पृ" ધાતુ ત્રીજા તેમજ નવમા ગણના છે. આ બધા ધાતુઓથી "सोरेतरम्" (उणादि० ૯૩૪) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં ગુણ થાય છે અને "अरम्", "वरम्" તથા "परम्" શબ્દો પ્રાપ્ત થાય છે. "अरम्" અવ્યય શીઘ્ર અર્થમાં છે. "परम्" અવ્યય કેવલ અર્થમાં છે તથા "वरम्" અવ્યય કંઈક સારુ અર્થમાં છે. "पापात् मरणम् वरम्" (પાપ કરવાથી તો મરણ કંઈક સારું છે.)

સંગ્રહ કરવા અર્થવાળો "चि" ધાતુ પાંચમા ગણનો છે. આ "चि" ધાતુથી "ऋज्यजि-तञ्चि..." (उणा० ૩૮૮) સૂત્રથી "कित्" એવો "र्" પ્રત્યય થાય છે તથા આ સૂત્રથી નિર્દેશ થયો હોવાથી "म्"નો આગમ થતાં "चिरम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "चिरम्" અવ્યય દીર્ઘકાળ અર્થમાં છે.

"आ" ઉપસર્ગપૂર્વક ગ્રહણ કરવા અર્થવાળો "रा" ધાતુ બીજા ગણનો છે. આ "रा" ધાતુથી "संश्चद्वेहत्साक्षादादयः" (उणादि० ૮૮૨) સૂત્રથી નિપાતન દ્વારા "कत्" પ્રત્યય થતાં તેમજ આના લોપનો અભાવ થતાં ("आ"નો લોપ "इडेत्-पुसि चाऽऽतो लुक्" (૪/૩/૯૪) સૂત્રથી થતો હતો.) "आरात्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "आरात्" અવ્યયનો દૂર અને સમીપ અર્થ થાય છે.

"તરવું" અને "ડૂબકી લગાવવી" અર્થવાળો "तृ" ધાતુ પહેલા ગણનો છે. આ "तृ" ધાતુથી मिथि - रज्ज्युषि..." (उणादि० ૯૭૧) સૂત્રથી "कित्" એવો "अस्" પ્રત્યય થાય છે. હવે "तृ + अस्" આ અવસ્થામાં "ऋताम् क्ङितीर्" (૪/૪/૧૧૬) સૂત્રથી "इर्" આદેશ થતાં "तिरस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "तिरस्" અવ્યય છૂપાઈ જવું, અવહેલના તથા તિર્ચ્છા થવું અર્થવાળો છે.

"માનવું" અર્થવાળો "मन्" ધાતુ ચોથા ગણનો છે. આ "मन्" ધાતુથી "अस्" (उणा० ૯૫૨) સૂત્રથી अस् પ્રત્યય થતાં "मनस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मनस्" અવ્યય નિયમ અર્થમાં છે.

**( श०न्या० )** "णमं प्रह्वत्वे" पूर्ववदसि **नमस्** नतौ । भवतेः "मिथि-रज्ज्युषि०" [उणा० ९७१.] कित्यसि बाहुलकाद् यागमे च **भूयस्** पुनरर्थे । प्रपूर्वाद् "इंण्क् गतौ" अतोऽसि **प्रायस्** बाहुल्ये । प्रपूर्वाद् "वहीं प्रापणे" अतः "मि-वहि-चरि-चटिभ्यो वा" [उणा० ७२६.] इति णित्युकारे उपान्त्यवृद्धौ **प्रबाहु** ऊद्ध्वार्थे । प्रबाहुशब्दस्यैव गणपाठात् कान्तत्वं **प्रबाहुक्** अध्वर्यौ । प्रबाहुपूर्वात् कमेः "गमि-जमि-क्षमि-कमि-शमि-समिभ्यो डित्" [उणा० ९३७.]

इत्यमि डित्यन्त्यस्वरादिलोपे **प्रबाहुकम्** (प्रीतिबन्धे) । "ऋक् गतौ" इत्यस्य "शिक्यास्याढ्य०" [उणा० ३६४.] इति निपातनाद् ये वृद्धौ च **आर्य** प्रीतिसंबोधने ।

**અનુવાદ :-** "નમવું" અર્થવાળો "नम्" ધાતુ પહેલાં ગણનો છે. આ "नम्" ધાતુથી "अस्" (उणा० ૯૫૨) સૂત્રથી "अस्" પ્રત્યય થતાં "नमस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नमस्" અવ્યય નમસ્કાર કરવા સ્વરૂપ અર્થમાં છે.

"હોવું" અર્થવાળો "भू" ધાતુ પહેલા ગણનો છે. આ "भू" ધાતુથી "मिथि-रञ्ज्युषि०" (उणादि० ૯૭૧) સૂત્રથી "कित्" એવો "अस्" પ્રત્યય થતાં તથા બહુલ અધિકારથી "य्"નો આગમ થતાં "भूयस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "भूयस्" અવ્યય પુનર્ (અધિક) અર્થમાં છે. "भूयोऽपि जलं ददातु" ફરીથી પણ આપ મને પાણી આપો અર્થાત્ આપ અધિક પાણી આપો. "भूयोऽपि गृह्णातु" આપ અધિક ગ્રહણ કરો. આ પ્રમાણે "भूयस्" અવ્યયના અનેક પ્રયોગો જોવા મળે છે.

"प्र" ઉપસર્ગપૂર્વક ગતિ અર્થવાળો "इ" ધાતુ બીજા ગણનો છે. આ "इ" ધાતુથી (उणादि० ૯૫૨) સૂત્રથી "अस्" પ્રત્યય થતાં "प्रायस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रायः" અવ્યય બહુલ અર્થમાં છે.

"प्र" ઉપસર્ગ પૂર્વક પ્રાપ્તિ અર્થવાળો "वह्" ધાતુ પહેલા ગણનો છે. આ "वह्" ધાતુથી "मि-वहि-चरि..." (उणादि० ૭૨૬) સૂત્રથી "णित्" એવો "उकार" પ્રાપ્ત થાય છે તથા ઉપાન્ત્યમાં વૃદ્ધિ થતાં "प्रबाहु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रबाहु" અવ્યય ઉપર અર્થમાં છે.

આ જ "प्रबाहु" શબ્દમાં ગણપાઠના સામર્થ્યથી "क्" અન્તપણું થતાં "प्रबाहुक्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रबाहुक्" અવ્યય "अध्वर्यु" અર્થમાં છે. સામાન્યથી "अध्वंर्यु" એટલે યજ્ઞ કરનાર એ પ્રમાણે અર્થ થાય છે, પરંતુ આના અર્થને વૈદિક પરંપરા પ્રમાણે સમજીએ :

જ્યારે યજ્ઞ કરવામાં આવે છે, ત્યારે યજ્ઞમાં ચાર વ્યક્તિઓ બેસે છે : (૧) होता, (૨) उद्‌गाता, (૩) अध्वर्यु, અને (૪) यजमान. (૧) યજ્ઞમાં આહુતિ નાંખવાવાળી વ્યક્તિને "होता" કહેવાય છે, (૨) મોટેથી મન્ત્ર બોલવાવાળી વ્યક્તિને "उद्‌गाता" કહેવાય છે, (૩) યજ્ઞનું નેતૃત્વ કરનાર વ્યક્તિને બ્રહ્મા કહેવાય છે, આ બ્રહ્મા એ જ યજમાન છે અને (૪) યજ્ઞની સામગ્રી ભેગી કરનાર વ્યક્તિને "अध्वर्यु" કહેવાય છે. "अध्वर" એટલે યજ્ઞ અને "अध्वर्यु" એટલે યજ્ઞ કરવાવાળો. આમ તો "ध्वर" શબ્દ હિંસા અર્થમાં છે તથા હિંસાના અભાવને "अध्वर" કહેવાય છે. આમ યજ્ઞમાં હિંસાનો ભાવ હોતો નથી.

હવે પ્રશ્ન એ થાય કે, યજ્ઞ મૂળભૂત રીતે તો હિંસાના અભાવવાળો છે તો પછી યજ્ઞના નિમિત્તે હિંસા કેવી રીતે ચાલુ થઈ ? આના અનુસંધાનમાં એવું જણાય છે કે, કેટલાક લોકોને માંસાહાર

ઇષ્ટ હતો. આ પરિસ્થિતિમાં જો તે લોકો માંસાહાર કરે તો ધાર્મિક લોકો તરફથી એમને ઘણું જ સહન કરવું પડે. આથી યજ્ઞમાં એ લોકોએ ધાર્મિકતાના નામે હિંસા ચાલુ કરી, જેથી લોકોનો પ્રતિકાર ઓછો આવે અને પોતાની આસક્તિઓ પણ પુષ્ટ થઈ શકે. વર્તમાનમાં કેટલીકવાર અહંકારના પુષ્ટિકરણ માટે શાસ્ત્રની વાતોને વિકૃત રીતે રજૂ કરીને જો એક પક્ષને ધર્મને નામે કાષાયિક પરિણતિવાળો બનાવવામાં આવે અને ધર્મના નામે જ તેઓના કષાયોનું પુષ્ટિકરણ થાય એવું વાતાવરણ સર્જવામાં આવે તો ખરેખર તો અહીં પોતાના અહંકારનું જ પુષ્ટિકરણ થાય છે. આથી ધીરપુરુષોએ આવી બાબતમાં ખાસ વિચારવા યોગ્ય છે.

"प्रबाहु" જેની પૂર્વમાં છે એવા "कम्" ધાતુથી પર "गमि-जमि-क्षमि..." (उणादि० ૯૩૭) સૂત્રથી "डित्" એવો "अम्" પ્રત્યય થાય છે. આમ થવાથી "कम्"ના "अम्"નો લોપ થાય છે તથા "प्रबाहुकम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ અવ્યયનો અર્થ પ્રીતિબંધ છે. બે વ્યક્તિઓમાં એકબીજાને પ્રેમ ઉત્પન્ન થાય તે પ્રીતિબંધ કહેવાય છે. "प्रबाहुकम् जातम्"અર્થાત્ એકબીજામાં પ્રેમ ઉત્પન્ન થયો.

ગતિ અર્થવાળો "ऋ" ધાતુ ત્રીજા ગણનો છે. આ"ऋ" ધાતુથી "शिक्यास्याढ्य..." (उणादि० ૩૬૪) એ પ્રમાણે નિપાતનથી "य" થતાં તેમજ વૃદ્ધિ થતાં "आर्य" શબ્દ પ્રાપ્ત થાય છે. આ અવ્યય પ્રીતિપૂર્વક સંબોધન કરવું હોય ત્યારે ઉપયોગમાં આવે છે. "हे आर्य !" જો સ્ત્રીલિંગ હોય તો "हे आर्ये !" "आर्य"ને જર્મનીમાં હર કહે છે. દા.ત. હર હિટલર. ઈંગ્લેન્ડમાં "ह्"ને બદલે "स्" બોલે છે. આથી હરને બદલે સર બોલશે. સંક્ષેપમાં એમ કહી શકાય કે "आर्य", હર અને સર ત્રણેય એકાર્થવાચક નામો છે. કોઈક સપ્તાહ બોલે છે, કોઈક હપ્તાહ બોલે છે, કોઈ સમદર્દ બોલે છે. કોઈ હમદર્દ બોલે છે. આ પ્રમાણે બધે જ "ह्"નો "स्" થયેલા પ્રયોગો જોવા મળે છે. આપણે ક્યારેક "समउम्रवाला" બોલીએ છીએ. જ્યારે ઉર્દૂમાં "हमउम्रवाला" બોલાય છે. આપણે સમવયસ્ક બોલીએ છીએ, જ્યારે ઉર્દૂમાં હમવયસ્ક બોલાય છે. આપણે "हे आर्ये !" બોલીએ છીએ. આ જ "आर्या" માટે સંસ્કૃતમાં "प्रमदा" શબ્દ પણ છે. આ "प्रमदा"નું "मदाम्" સ્વરૂપ થયું અને એ જ "मदाम्" સ્વરૂપથી madam બની ગયું. આ પ્રમાણે અપભ્રંશ થવાને કારણે અલગ અલગ શબ્દો અસ્તિત્વમાં આવે છે.

**(श०न्या०)** "हल विलेखने" अतो बाहुलकात् "सोरेतेरम्" [उणा० ९३४.] इत्यमि **हलम्** प्रतिषेध-विषादयोः, समस्तमित्येके । (सुपूर्वात् "इंण्क गतौ" इत्यतः) "सोरेतेरम्" [उणा० ९३४.] इत्यमि **स्वयम्** आत्मनोऽर्थे । "अली भूषणादौ" बाहुलकादमि **अलम्** भूषणपर्याप्त-वारणेषु । "कैं शब्दे" अतः "पृ-का-हृषि-धृषि०" [उणा० ७२९.] इति कित्युकारे **कु** पापार्थे । बलं वातीति "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति निपातनात् कति प्रत्यये "इडेत्पुसि

चातो लुक्" [४.३. ९४.] इति आलुकि **बलवत्** निर्भरे। अतिपूर्वाद् वातेः "अः" [उणा०२.] इत्यप्रत्यये बाहुलकाद् दीर्घत्वे आकारलोपे च **अतीव** अतिशये ।

**અનુવાદ :-** "ખેડવું" અર્થવાળો "हल्" ધાતુ પહેલા ગણનો છે. આ "हल्" ધાતુથી બહુલ અધિકારથી "सोरेतेरम्" (उणादि० ९३४) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં "हलम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हलम्" અવ્યય પ્રતિષેધ અને વિષાદ (દુઃખ અર્થમાં) અર્થમાં છે. કેટલાક લોકો "हलम्" અવ્યયનો સમસ્ત અર્થ પણ માને છે.

"सु" ઉપસર્ગપૂર્વક ગતિ અર્થવાળો "इ" ધાતુ બીજા ગણનો છે. આ "सु + इ" ધાતુથી પર "सोरेतेरम्" (उणादि० ९३४) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં "स्वयं" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "स्वयं" અવ્યય "आत्मा"ના અર્થમાં છે. દા. ત. "स्वयम् कृतम्" આવા વાક્યનો "आत्मना कृतम्" અર્થ થશે. અહીં ટીકામાં "आत्मनः" શબ્દ લખ્યો છે, પરંતુ ત્યાં "आत्मना" હોવું જોઈએ. स्वयं અવ્યયની હંમેશા તૃતીયાન્તથી જ વ્યાખ્યા કરાશે.

"શણગારવું" અર્થવાળો "अल्" ધાતુ પહેલા ગણનો છે. આ "अल्" ધાતુથી બહુલ અધિકારથી "सोरेतेरम्" (उणादि० ९३४) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં "अलम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अलम्" અવ્યય શણગારવું, પર્યાપ્ત અને વારણ.અર્થવાળો છે. દા.ત. "कन्याम् अलङ्करोति" (તે કન્યાને શણગારે છે.) "अलम् मल्लो मल्लाय" (એક મલ્લ માટે બીજો મલ્લ સમર્થ છે. પર્યાપ્ત, કાફી)

"શબ્દ કરવો" અર્થવાળો "कै" ધાતુ પહેલા ગણનો છે. આ "कै" ધાતુથી "પૃ-का..." (उणा० ७२९) સૂત્રથી "कित्" એવો "उकार" થાય છે. "कै + उ" આ અવસ્થામાં ધાતુને અન્તે રહેલા સન્ધ્યક્ષરનો "आ" થતાં "का + उ" થશે. ત્યારબાદ "इडेत् पुसि चाऽऽतो लुक्" (૪/૩/૯૪) સૂત્રથી આનો લોપ થતાં "कु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कु" અવ્યય પાપ અર્થમાં છે. દા.ત. "कापुरुषः" (દુષ્ટ પુરુષ).

"તે બળને પ્રાપ્ત કરે છે" એ અર્થમાં "बल + वा" ધાતુથી પર "संश्चद्वेहत्..." (उणा० ८८२) સૂત્રથી નિપાતનથી "कत्" પ્રત્યય થાય છે. "बल + वा + कत्" આ અવસ્થામાં અગાઉ કહેલા (૪/૩/૯૪) સૂત્રથી "आ"નો લોપ થતાં "बलवत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "बलवत्" અવ્યયનો અધિક અર્થ થાય છે. દા.ત. "बलवत् अस्वस्थः" (તે વધારે બિમાર થયો.) અહીં ન્યાસમાં "बलवत्" શબ્દનો નિર્ભર અર્થ લખ્યો છે, આ નિર્ભર પણ અધિક અર્થમાં જ છે.

"હવાનું ચાલવું" અર્થવાળો "वा" ધાતુ બીજા ગણનો છે. "अति" ઉપસર્ગપૂર્વક "वा" ધાતુથી "अः" (उणादि० २) સૂત્રથી "अ" પ્રત્યય થતાં તથા બહુલપણાથી દીર્ઘપણું અને આકારનો લોપ

થતાં "अतीव" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अतीव" અવ્યયનો અધિક અર્થ થાય છે. દા.ત. "बाल: अतीव पठति" (બાળક ઘણું ભણે છે.)

**( श०न्या० )** सु-दुर्भ्यां तिष्ठतेः "दुःस्वपवनिभ्यः स्थः" [उणा० ७३२.] इति कित्युप्रत्यये **सुष्ठु, दुष्ठु** प्रशंसा-निन्दयोः । "ऋक् गतौ" अतः "शी-री-भू-दू-मू-घृ-पा-धाग्-चित्यर्त्यञ्जि-पुसि-मुसि-वुसि-विसि-रमि-धुर्वि-पूर्विभ्यः कित्" [उणा० २०१.] इति तप्रत्यये बाहुलकादेत्वे **ऋते** वियोगे । संपूर्वात् "पदिंच् गतौ" अतः "पदि-पठि०" [उणा० ६०७.] इति इप्रत्यये गणपाठात् समो मलोपे **सपदि** द्रुते । समीक्ष्यते इति "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति कति साक्षादेशे **साक्षात्** प्रत्यक्षतुल्ययोः । "षन भक्तौ" अतः "गृ-पृ-दुर्वि-धुर्विभ्यः क्विप्" [उणा० ९४३.] इति बहुवचनात् क्विपि बाहुलकाद् दीर्घत्वाभावे **सन्** परित्राणे ।

**અનુવાદ :-** "सु" અને "दुर्" ઉપસર્ગથી પર "स्था" ધાતુથી "दुःस्वपवनिभ्यः०" (उणा० ૭૩૨) સૂત્રથી "कित्" એવો "उ" પ્રત્યય થતાં "सुष्ठु" અને "दुष्ठु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सुष्ठु" અને "दुष्ठु" અવ્યયનો અર્થ અનુક્રમે "પ્રશંસા" અને "નિંદા" થાય છે.

"ગતિ" અર્થવાળો "ऋ" ધાતુ ત્રીજા ગણનો છે. આ "ऋ" ધાતુથી "शी-री-भू-दू..." (उणा० ૨૦૧) સૂત્રથી "कित्" એવો "त्" પ્રત્યય થતાં અને બહુલપણાંથી "ए"પણું થતાં "ऋते" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "ऋते" અવ્યયનો "વિના" એ પ્રમાણે અર્થ થાય છે. દા.ત. "ऋते ज्ञानान्न मुक्तिः" (જ્ઞાન વિના મુક્તિ નથી.) "ऋते तत्त्वं न शान्तिः" (તત્ત્વ વિના શાંતિ (શમ) નથી.)

"ગતિ" અર્થવાળો "पद्" ધાતુ ચોથા ગણનો છે. ગતિ અર્થવાળા "सम् + पद्" ધાતુથી "पदि-पठि..." (उणादि० ૬૦૭) સૂત્રથી "इ" પ્રત્યય થતાં તથા ગણપાઠથી "सम्"ના "म्"નો લોપ થતાં "सपदि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सपदि" અવ્યય જલ્દી અર્થમાં છે. દા.ત. "सपदि आरभते" (તે ઝડપથી આરંભ કરે છે.)

"જોવું" અર્થવાળો "ईक्ष्" ધાતુ પહેલા ગણનો છે. આ "सम् + ईक्ष्" ધાતુથી "संश्चद्वेहत्..." (उणादि० ૮૮૨)" સૂત્રથી "कत्" પ્રત્યય થાય છે. "सम् + ईक्ष् + कत्" આ અવસ્થામાં (उणादि० ૮૮૨) સૂત્રથી "साक्ष" આદેશ થતાં "साक्षात्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "साक्षात्" અવ્યય પ્રત્યક્ષ અને તુલ્ય અર્થમાં છે. દા.ત. "साक्षात् रूपस्य" (રૂપની સમાન.)

"ભક્તિ કરવી" અર્થવાળો "सन्" ધાતુ પહેલા ગણનો તેમજ આઠમા ગણનો છે. આ "सन्" ધાતુથી "गृ-पृ-दुर्वि..." (उणा० ૯૪૩) સૂત્રથી બહુવચનથી "क्विप्" પ્રત્યય થાય છે અને "बहुलम्" અધિકારથી દીર્ઘત્વનો અભાવ થતાં "सन्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सन्" અવ્યય રક્ષણ કરવું અર્થમાં છે.

**( श०न्या० )** प्रपूर्वाच्छमेः पूर्ववत् क्विपि उपान्त्यदीर्घत्वे गणपाठान्मकारस्य नकारे **प्रशान्** चिरन्तने । "षन भक्तौ" अतः "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति कति प्रत्यये निपातनात् प्रत्ययाऽकारस्याऽऽकारे **सनात्** हिंसायाम् । अस्यैव कति **सनत्**, "समिण्-निकषिभ्यामाः" [उणा० ५९८.] इति बाहुलकादाप्रत्यये **सना** (च)नित्ये । न आनयति तादात्म्यमिति डित्याप्रत्यये नखादित्वाद् **नाना** पृथग्भावे । विनयति निषेधति विधिमिति डित्याप्रत्यये **विना** योगप्रतिषेधे । "क्षमौषि सहने" अतः "सनि-क्षमि-दुषेः" [उणा० ६०४.] इत्याप्रत्यये **क्षमा** सहने ।

**અનુવાદ :-** "प्र" પૂર્વક "शम्" ધાતુથી પહેલાની જેમ "क्विप्" પ્રત્યય થતાં તેમજ ઉપાન્ત્યમાં દીર્ઘ આદેશ થતાં તથા ગણપાઠના આલંબનથી "मकार"નો "नकार" થતાં "प्रशान्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रशान्" અવ્યયનો પ્રાચીન અર્થ થાય છે.

"ભક્તિ કરવી" અર્થવાળો "सन्" ધાતુ પહેલા તેમજ આઠમા ગણનો છે. આ"सन्" ધાતુથી "संश्च-द्वेहत्..." (उणा० ८८२) સૂત્રથી "कत्" પ્રત્યય થતાં તેમજ નિપાતનથી પ્રત્યયના "अकार"નો "आकार" થતાં "सनात्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सनात्" અવ્યયનો હિંસા અર્થ છે.

આ જ "सन्" ધાતુથી (उणा० ८८२) સૂત્રથી "कत्" પ્રત્યય થતાં "सनत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सनत्" અવ્યય સર્વદા અર્થમાં છે.

ઉપર કહેલા "सन्" ધાતુથી "समिण्-निकषिभ्यामाः" (उणादि० ५९८) સૂત્રથી ઘણું કરીને "आ" પ્રત્યય થતાં "सना" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सना" અવ્યય નિત્ય અર્થમાં છે. આના ઉદાહરણ તરીકે બે શ્લોકો વિચારવા યોગ્ય છે.

(१) "सत्यम् ब्रूयात् प्रियम् ब्रूयात्, न ब्रूयात् सत्यम् अप्रियम् ।
प्रियम् च नानृतम् ब्रूयात्, एष धर्मः सनातनः ॥१॥"

**અર્થ :-** સત્ય બોલવું જોઈએ, પ્રિય બોલવું જોઈએ, અપ્રિય એવું સત્ય ન જ બોલવું જોઈએ અને પ્રિય એવું અસત્ય બોલવું જોઈએ નહીં, આ ધર્મ સનાતન છે અર્થાત્ નિત્ય છે. ॥૧॥

(२) "न हि वैरेण वैराणि शाम्यन्ति तु कदाचन ।
अवैरेण तु शाम्यन्ति एष धर्मः सनातनः ॥१॥"

**અર્થ :-** વૈરથી વૈરો શમતાં નથી. વળી, અવૈરથી વૈરો શમી જાય છે. આ નિત્ય ધર્મ છે. (સનાતન ધર્મ છે.) ॥૧॥

ઉપરોક્ત બંને પ્રયોગોમાં "सना" અવ્યય નિત્ય અર્થમાં જણાય છે.

જે તાદાત્મ્યને પ્રાપ્ત કરતું નથી એ અર્થમાં "आ + नी" ધાતુને "ડિત્" એવો "आ" પ્રત્યય થતાં તથા "नखादयः" (૩/૨/૧૨૮) સૂત્રથી "न" જ રહેતાં "नाना" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नाना" શબ્દ અનેક અથવા તો પૃથગ્ભાવ અર્થમાં છે.

"विनयति" એટલે તે વિધિનો નિષેધ કરે છે. વિધિનો નિષેધ કરવો એ અર્થમાં "वि" ઉપસર્ગ પૂર્વક "नी" ધાતુથી ડિત્ એવો "आ" પ્રત્યય થતાં "विना" શબ્દ પ્રાપ્ત થાય છે. "विना" અવ્યય સંબંધનું નિવારણ કરવું અર્થમાં છે. "अहम् भोजनम् विना स्थास्यामि" (હું ભોજન વિના રહીશ.) આ પ્રયોગમાં કર્તાની સાથે ભોજન ક્રિયાના સંબંધનું નિવારણ થયું છે.

સહન કરવા અર્થવાળો "क्षम्" ધાતુ પહેલા ગણનો છે. આ "क्षम्" ધાતુથી "सनि-क्षमि..." (उणादि० ૬૦૪) સૂત્રથી "आ" પ્રત્યય થતાં "क्षमा" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "क्षमा" અવ્યય સહન કરવું અર્થમાં છે.

**(श०न्या०)** "शुभि दीप्तौ" अतः "शुभेः स च वा" [उणा० ७४३.] इति डित्युकारे **शु** पूजायाम् । सहपूर्वात् साहेः "डित्" [उणा० ६०५.] इति डित्याकारे **सहसा** अतर्किते । युगपूर्वात् पदेर्बाहुलकादौणादिके क्विपि **युगपत्** क्रियासमभिहारे सहार्थे च । उपपूर्वाद् "अशौटि व्याप्तौ" अतः "अशेरान्नोऽन्तश्च" [उणा० ७१९.] इत्युप्रत्यये नागमे च **उपांशु** शनकैर्वचने । पुरपूर्वात् तस्यतेः क्विपि **पुरतस्,** "पृश् पालन-पूरणयोः" अतः "मिथि-रञ्ज्युषि-तृ-पृ-शृ-भूवष्टिभ्यः कित्" [उणा० ९७१.] इत्यसि "ओष्ठ्यादुर्" [४.४.११७.] इत्युरि **पुरस्** एतावग्रतोऽर्थे । पृणातेः "संश्चद्वेहत्साक्षादादयः" [उणा० ८८२.] इति कति प्रत्यये **पुरस्ताद्** निपात्यते, प्रथमे पुरोऽर्थे च ।

**અનુવાદ :-** "પ્રકાશવું" અર્થવાળો "शुभ्" ધાતુ પહેલા ગણનો છે. આ "शुभ्" ધાતુથી "शुभेः स च वा" (उणादि० ૭૪૩) સૂત્રથી "ડિત્" એવો "उकार" થતાં "शु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "शु" અવ્યય પૂજા (ઉત્તમ) અર્થમાં છે.

"सह" જેની પૂર્વમાં છે એવા "साह्" ધાતુથી પર "ડિત્" (उणादि० ૬૦૫) સૂત્રથી "ડિત્" એવો "अकार" થતાં "सहसा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सहसा" અવ્યય અચાનક અર્થમાં છે અર્થાત્ જેના વિષયમાં કલ્પના ન કરી હોય એવી ઘટના બને તે અચાનક કહેવાય છે.

"युग" શબ્દ પછી "पद्" ધાતુથી પર "बहुलम्" અધિકારથી "उणादि" સંબંધી "क्विप्" પ્રત્યય થતાં "युगपत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "युगपत्" અવ્યય બે અર્થમાં છે. (૧) ક્રિયાસમભિહાર અર્થાત્ કોઈ ક્રિયાને વારંવાર કરવી "क्रियासमभिहारेण अपराध्यन्तम् सहेत् कः ?"

(વારંવાર અપરાધ કરનારને કોણ સહન કરે ?) (૨) આ જ "युगपत्" અવ્યય સહાર્થમાં પણ વપરાય છે. "युगपत् गच्छतः" (તેઓ બંને એક સાથે જાય છે.) અહીં સહ અર્થમાં "युगपत्" અવ્યય આવ્યો છે.

"વ્યાપવું" અર્થવાળા "अश्" ધાતુથી "अशेरान्नोऽन्तश्च" (उणा० ૭૧૯) સૂત્રથી "उ" પ્રત્યય અને "न्"નો આગમ થતાં "उपांशु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "उपांशु" અવ્યય ધીરે બોલવું અર્થમાં છે. લોકો ત્રણ પ્રકારે બોલે છે. (૧) મનમાં બોલવું (૨) ધીરે બોલવું અને (૩) સાંભળવા યોગ્ય બોલવું. જ્યારે મનમાં બોલવામાં આવે છે ત્યારે હોઠ હાલે છે તથા ધીરે બોલવામાં આવે છે એમાં બાજુવાળો સાંભળે છે. "उपांशु" અવ્યયનો આ બીજા પ્રકારનું બોલવું અર્થ થાય છે. "उपांशु वदति" (તે ધીમે બોલે છે.) જોરથી બોલવું એ ભાષણ કહેવાય છે.

"उपांशु" અવ્યયનો ગુપચૂપ (છાનાંમાનાં) અર્થ પણ થાય છે. "कौटिल्य" શાસ્ત્રમાં લખ્યું છે કે, "उपांशु वधः कारयितव्यः" (છાનાં-માનાં વધ કરાવવા યોગ્ય છે.) આ પ્રયોગમાં "उपांशु" અવ્યયનો "ગુપચૂપ" અર્થ પણ થાય છે એવું કહેવાયું છે જે ન્યાસમાં જણાવેલ નથી. "उपांशु" અવ્યયનો અર્થ બતાવવા માટે "शनकैर्वचने" શબ્દ લખ્યો છે ત્યાં शनकैः અવ્યય છે, જેનો ધીમો અર્થ થાય છે.

"पुर्" જેની પૂર્વમાં છે એવા "तस्" ધાતુથી પર "क्विप्" પ્રત્યય થતાં "पुरतस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पुरतस्" અવ્યય આગળ અર્થમાં છે.

"પાલન કરવું" અને "પુરવું" અર્થવાળો "पॄ" ધાતુ નવમા ગણનો છે. આ "पॄ" ધાતુથી "मिथि-रञ्ज्युषि..." (उणादि० ૯૭૧) સૂત્રથી कित् એવો "अस्" પ્રત્યય થાય છે. હવે "पॄ + अस्" આ અવસ્થામાં "ओष्ठ्यादुर्" (૪/૪/૧૧૭) સૂત્રથી "ॠ"નો "उर्" થતાં "पुरस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पुरस्" અવ્યયનો આગળ અર્થ થાય છે.

"पॄ" ધાતુથી "संश्चद्वेहत्..." (उणादि० ૮૮૨) સૂત્રથી "कत्" પ્રત્યય થાય છે તથા નિપાતનથી "पुरस्तात्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पुरस्तात्" અવ્યય સામે તથા પરમ અર્થમાં છે.

**( श०न्या० )** "शश प्लुतिगतौ" अतः "संश्चद्वेहत्साक्षादादयः" इति कति प्रत्यये वागमे च **शश्वत्** नित्ये पुनः पुनरर्थे च, यथा-'शश्वद् वक्ति कुशिक्षितः' इति । कुपूर्वाद् विदेः क्विपि **कुविद्** योगप्रशंसाऽस्तिभावेषु । "अव रक्षणादिषु" अतः "अवेर्णित्" [उणा० ९९५.] इति इसि "ञ्णिति" [४.३.५०.] इति वृद्धौ च **आविस्** प्राकाश्ये । प्रपूर्वाद् "अदं प्सांक् भक्षणे" अतः "रुद्यर्ति०" [उणा० ९९७.] इत्युसि **प्रादुस्** प्राकाश्ये नाम्न्यपि, यथा-हरेर्दश प्रादुर्भावाः, दश नामानीत्यर्थः ।

**અનુવાદ :-** "કૂદવું" અર્થવાળો "शश्" ધાતુ પહેલા ગણનો છે. આ "शश्" ધાતુથી "संश्चत्त्वेहत्..." (उणादि० ૮૮૨) સૂત્રથી "कत्" પ્રત્યય અને "व्"નો આગમ થતાં "शश्वत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "शश्वत्" અવ્યય નિત્ય અને ફરી-ફરી અર્થમાં છે. "शश्वत् वक्ति कुशिक्षितः" (ખરાબ શિક્ષા પામેલો વ્યક્તિ ફરી-ફરી બોલે છે.)

"कु" જેની પૂર્વમાં છે એવા "विद्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "कुविद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कुविद्" અવ્યય પ્રશંસા, સંબંધ (યોગ) તથા વિદ્યમાનભાવ અર્થમાં છે. આ "कुविद्" અવ્યયના પ્રયોગો વેદમાં ઘણાં જોવા મળે છે.

"રક્ષણ કરવા" અર્થવાળો "अव्" ધાતુ પહેલા ગણનો છે. આ "अव्" ધાતુથી "अवेर्णित्" (उणादि० ૯૯૫) સૂત્રથી "इस्" પ્રત્યય થાય છે. "अव् + इस्" આ અવસ્થામાં "ञ्णिति" (૪/૩/૫૦) સૂત્રથી વૃદ્ધિ થતાં "आविस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "आविस्" અવ્યય પ્રગટ કરવું અર્થમાં છે.

"ખાવા" અર્થવાળો "अद्" ધાતુ બીજા ગણનો છે. "प्र + अद्" ધાતુથી "रुद्यर्ति..." (उणादि० ૯૯૭) સૂત્રથી "उस्" પ્રત્યય થતાં "प्रादुस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रादुस्" અવ્યય બે અર્થમાં વિદ્યમાન છે : (૧) પ્રગટ થવું, (૨) નામ. નામ એ વ્યક્તિનું સ્વરૂપ પ્રગટ કરી દે છે. કોઈક વ્યક્તિનું નામ સાંભળતાની સાથે જ એ વ્યક્તિનો આખો ઇતિહાસ નજર સામે પ્રગટ થઈ જાય છે. આથી "प्रादुस्" અવ્યય નામ અર્થમાં પણ વપરાય છે. દા.ત. "हरेः दश प्रादुर्भावा" (હરિના દશ નામો છે.)

**(श०न्या०) इति** शब्द एवंप्रकारे, एवंप्रकाराः स्वरादयः, **न** त्वेतावन्त एवेत्यर्थः । ननु किमत्र निबन्धनम् ? विशेषस्यानिर्देशात्, इतिशब्दस्य च परिसमाप्तावपि वर्त्तमानत्वादेतावन्त एवेत्यर्थो य इति (०र्थः) कुतो न लभ्यते ? इत्याह-**बहुवचनमि**ति । **( आकृतिगणार्थमिति- )** आक्रियतेऽनयेत्याकृतिर्वर्णिकाप्रकारस्तस्या गणस्तदर्थमिति, अयमर्थः-स्वरादिशब्दस्य संज्ञितया संज्ञाविशेषणत्वात् संज्ञायाश्चैकवचनान्तत्वाल्लाघवार्थं चैकवचने प्राप्ते यद् बहुवचनं तद् अन्येऽपि बहवः स्वरादयः सन्तीति ज्ञापनार्थम्, एतेनान्येऽपि स्वरादिसधर्माणः संगृहीता भवन्ति । उक्तं च-

"इयन्त इति संख्यानं निपातानां न विद्यते । प्रयोजनवशादेते निपात्यन्ते पदे पदे" ॥२१॥

अर्थकथनं चैषामुपलक्षणमात्रं द्रष्टव्यम्, यथोक्तम्-

"निपाताश्चोपसर्गाश्च धातवश्चेति ते त्रयः । अनेकार्थाः स्मृताः सर्वे पाठस्तेषां निदर्शनम्" ॥२२॥

इति ।

**અનુવાદ :-** બૃહદ્વૃત્તિ ટીકામાં "स्वर्" વગેરે અવ્યયોનો ગણપાઠ આવ્યા પછી "इति स्वरादयः" શબ્દો લખ્યા છે. આથી પ્રશ્ન થાય છે કે "इति"નો અર્થ શું કરવો ? "इति" સમાપ્તિ અર્થમાં પણ આવે છે અને પ્રકાર અર્થમાં પણ આવે છે. જો સમાપ્તિ અર્થમાં "इति" શબ્દ સમજવામાં આવે તો "स्वर्"થી શરૂ કરીને "प्रादुस्" સુધીના અવ્યયો જ લઈ શકાય. એના સિવાયના શબ્દોમાં અવ્યયસંજ્ઞા ન થાય, પરંતુ આ ગણપાઠથી અતિરિક્ત શબ્દોમાં પણ અવ્યયસંજ્ઞા કરવી છે. માટે "इति" અવ્યય અહીં પ્રકાર અર્થમાં છે. આથી આવા પ્રકારવાળા "स्वर्" વગેરે અવ્યયો છે, પરંતુ "स्वर्"થી આરંભીને "प्रादुस्" સુધીના શબ્દો જ અવ્યયો છે, એવો બોધ કરવાનો નથી.

**પૂર્વપક્ષ :-** આપ કહો છો કે, "स्वर्"થી શરૂ કરીને "प्रादुस्" સુધીના જ શબ્દો અવ્યયો છે એવું સમજવાનું નથી, પરંતુ અધિક શબ્દો અવ્યય તરીકે છે એવો બોધ કરવાનો છે, પરંતુ સૂત્રમાં કોઈ વિશેષતા ન હોવાથી આવો બોધ કેવી રીતે થઈ શકશે ? અર્થાત્ સૂત્રમાં જણાવેલા અવ્યયોથી અતિરિક્ત અવ્યયો પણ "स्वरादि" ગણપાઠમાં છે એવો બોધ સૂત્ર ઉપરથી કેવી રીતે થઈ શકશે ? વળી "इति" શબ્દ સમાપ્તિ અર્થમાં પણ વિદ્યમાન હોવાથી ગણપાઠથી અતિરિક્ત અવ્યયો છે એવો નિશ્ચિત બોધ પણ કેવી રીતે થઈ શકશે ?

**ઉત્તરપક્ષ :-** અહીં સૂત્રમાં બહુવચન કર્યું હોવાથી અધિક અવ્યયો છે એવો બોધ થઈ શકે છે. બહુવચન આકૃતિ ગણના પ્રયોજનવાળું છે. આવું સ્વરૂપ જેનું છે. તે બધા "स्वर्" વગેરે અવ્યયો છે. આવા પ્રકારનું સ્વરૂપ જેનાથી નિયંત્રિત કરાય છે, તે આકૃતિ કહેવાય છે અને આ આકૃતિનો સમૂહ તેના પ્રયોજનવાળું બહુવચન છે. "स्वरादि" શબ્દ સંજ્ઞી તરીકે છે અને "अव्यय" શબ્દ સંજ્ઞા તરીકે છે. જે સંજ્ઞાવાચક શબ્દ છે તે વિશેષ્ય છે તથા "स्वरादि" શબ્દ એ વિશેષણ તરીકે છે. હવે સંજ્ઞાવાચક શબ્દને એકવચન કરવામાં આવ્યું છે. આથી "स्वरादि" શબ્દમાં પણ એકવચન થવું જોઈએ છતાં પણ "स्वरादि" શબ્દમાં જે બહુવચન કર્યું છે, તે "स्वरादि" સિવાયના શબ્દો પણ અવ્યય તરીકે છે એવું જણાવવા માટે જ છે. અમે બહુવચનના સામર્થ્યથી વધારે અવ્યયો માન્યા છે એના અનુસંધાનમાં વૈદિક ગ્રન્થનો શાસ્ત્રપાઠ આપીએ છીએ. વૈદિક ગ્રન્થોના બે શ્લોકના અર્થો આ પ્રમાણે છે -

"इयन्त इति संख्यानं निपातानां न विद्यते । प्रयोजनवशादेते निपात्यन्ते पदे पदे" ॥૨૧॥

નિપાતોની (અવ્યયોની) આટલી જ સંખ્યા વિદ્યમાન નથી કારણ કે પ્રયોજનના વશથી આ અવ્યયો તે તે સ્થાનમાં નિપાતન કરવામાં આવે છે. જે શબ્દોને કોઈક પ્રક્રિયા વગર શુદ્ધ માની લેવામાં આવે છે. તે નિપાતન કહેવાય છે.

અહીં બધા અવ્યયોના અર્થોનું કથન કરવામાં આવ્યું છે તે ઉદાહરણ (નિદર્શન) માત્ર જ

છે. અર્થાત્ નમૂના પૂરતાં જ અર્થ આપવામાં આવ્યા છે. તે તે અવ્યયોના કહેલા અર્થોથી અતિરિક્ત અર્થો પણ વિદ્યમાન છે. એના અનુસંધાનમાં વૈદિક ગ્રન્થનો બીજો શ્લોક આપવામાં આવ્યો છે.

"निपाताश्चोपसर्गाश्च धातवश्चेति ते त्रयः । अनेकार्थाः स्मृताः सर्वे पाठस्तेषां निदर्शनम् ॥२॥"

નિપાતો, ઉપસર્ગો અને ધાતુઓ એ ત્રણેય અનેક અર્થવાળા જાણવા યોગ્ય છે. અર્થોનો અહીં જે નિર્દેશ કરાયો છે, તે ઉદાહરણ પૂરતો જ છે.

**(श०न्या०)** साधर्म्यमेव दर्शयति-**स्वरादयो ही**ति, अयमर्थः-अव्ययं द्विविधम्-वाचकं द्योतकं चेति । तत्र यन्नियमेन पदान्तरोपहितमेव प्रयुज्यते, यथा 'प्लक्षश्च न्यग्रोधश्च' इति चादिः, तत् पदान्तरगतविशेषद्योतनाय द्योतकमुच्यते, चादिर्हि पदान्तरोपात्तमेवार्थं स्वार्थेन भिनत्ति, तेषां स्वार्थप्रकाशने तस्य सहकारिभावात् । यत् तु पदान्तरोपहितमन्तरेणापि प्रयुज्यते, यथा 'स्वः सुखयति' इति स्वरादि तद् वाचकम्, निरपेक्षस्य स्वार्थाभिधानात् । तत्र यदन्यच्चादिषूपात्तमनुपात्तं च सत्यव्ययत्वे स्वार्थस्य वाचकम्, तत् स्वरादौ द्रष्टव्यमित्यर्थः । अव्ययीभावस्य चाव्ययत्वं नाङ्गीकर्तव्यम्, तदङ्गीकरणे हि 'उच्चकैः, नीचकैः' इत्यादिवद् 'उपाग्नि, प्रत्यग्नि' इत्यत्रापि "अव्ययस्य को द् च" [७.३.३१.] इत्यक् प्रसज्येत । तथा 'उपकुम्भंमन्यम्' इत्यादौ 'दोषामन्यमहः' इत्यादिवद् मागमप्रतिषेधः स्यात् । अथाव्ययीभावस्य तु "तृप्तार्थपूरणाव्यया०" [३.१.८५.] इति षष्ठीसमासस्य प्रतिषेधोऽव्ययत्वस्य फलमिति चेत्, न-तत्र समासकाण्डे बहुलाधिकारात् सेत्स्यति । किं च 'अव्ययीभावः' इति महतीं संज्ञां यत् कृतवानाचार्यस्ततोऽपि ज्ञापयति-क्वचिदव्ययत्वमपि (तेन चैत्रस्योपकुम्भमित्यत्र न समासः) ॥३०॥

**અનુવાદ :-** જો "इति" અવ્યય પ્રકાર અર્થમાં છે, તો "स्वरादि" શબ્દોમાં એવો તે કયો ધર્મ રહ્યો છે કે જે ધર્મના આધારે "स्वरादि" શબ્દો સિવાયના શબ્દો પણ અવ્યય તરીકે લઈ શકાય ? આ શંકાના અનુસંધાનમાં જ આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે, "साधर्म्यमेव दर्शयति..." અર્થાત્ "स्वर्" વગેરે અવ્યયો સ્વાર્થના વાચક છે, પરંતુ "चादि" અવ્યયોની જેમ દ્યોતક નથી. દ્યોતક અવ્યયો નજીક રહેલા પદોના અર્થોને જણાવે છે, જ્યારે સ્વાર્થવાચક અવ્યયો પોતાના જ અર્થોને જણાવે છે.

આ અર્થ આ પ્રમાણે છે : અવ્યય બે પ્રકારના છે. (૧) વાચક અને (૨) દ્યોતક. ત્યાં જેનો અન્યપદના સમીપપણાંથી પ્રયોગ થાય છે એ દ્યોતક અવ્યયો છે. દા.ત. "प्लक्षः च न्यग्रोधः च." અહીં "च" અવ્યય "प्लक्ष" અને "न्यग्रोध" સ્વરૂપ અર્થમાં રહેલા સમુચ્ચય સ્વરૂપ અર્થને પ્રગટ કરે છે. "च" વગેરે અવ્યયો અન્યપદથી ગ્રહણ કરેલા અર્થને સ્વાર્થથી વિશેષિત કરે છે.

એટલે કે અન્યપદના જે અર્થો હોય છે એ જ અર્થોને "च" વગેરે અવ્યયો અન્યપદોના અર્થોને પ્રકાશિત કરવા માટે સહકારી કારણ તરીકે ભાગ ભજવે છે. જ્યારે જેનો પ્રયોગ અન્ય પદોના સામીપ્ય વિના પણ થઈ શકે છે, તે વાચક અવ્યયો કહેવાય છે. "स्वरादि" અવ્યયો એ વાચક અવ્યયો છે. દા.ત. "स्वः सुखयति ।" (સ્વર્ગ સુખી કરે છે.) વાચક અવ્યયો કોઈની પણ અપેક્ષા વિના સ્વાર્થનું પ્રકાશન કરે છે, માટે તે વાચક અવ્યયો છે.

અવ્યયીભાવ સમાસમાં અવ્યયપણું સ્વીકારવા યોગ્ય નથી. જો અવ્યયીભાવ સમાસમાં પણ અવ્યયપણું સ્વીકારવામાં આવે તો "उच्चकैः" "नीचकैः" વગેરે પ્રયોગમાં "अव्ययस्य को द् च" (૭/૩/૩૧) સૂત્રથી જેમ "अक्"નો પ્રસંગ આવે છે, તેમ "उपाग्नि", "प्रत्याग्नि" વગેરે અવ્યયીભાવ સમાસોમાં પણ "अक्"ની પ્રાપ્તિનો પ્રસંગ આવત તથા "दोषामन्यमहः" વગેરેમાં જેમ "म्" આગમનો પ્રતિષેધ અવ્યયના કારણે ("दोषा" અવ્યય હોવાને કારણે) (૩/૨/૧૧૧) સૂત્રથી થાય છે. તે જ પ્રમાણે અવ્યયીભાવ સમાસને પણ અવ્યય માનવામાં આવે તો "उपकुम्भंमन्यम्" વગેરે પ્રયોગોમાં પણ (૩/૨/૧૧૧) સૂત્રથી "म्" આગમનો પ્રતિષેધ થવાની આપત્તિ આવશે. ખરેખર તો એવા પ્રયોગોમાં "म्"નો આગમ થાય છે. માટે જ उपकुम्भम्માં અન્તમાં અનુસ્વાર લખેલ છે.

**પૂર્વપક્ષ :-** જો તમે અવ્યયીભાવ સમાસને અવ્યય નહીં માનો તો "तृप्तार्थपूरणाऽव्यया..." (૩/૧/૮૫) સૂત્રથી જે અવ્યયો સાથે ષષ્ઠીઅન્તવાળા નામોના સમાસનો નિષેધ કરાયો છે તો ષષ્ઠી વિભક્તિ-વાળા નામોનો અવ્યયીભાવ સમાસ સાથે સમાસ થતો નથી એવું તમે કહી શકશો નહીં. ખરેખર તો ષષ્ઠ્યન્ત નામોનો અવ્યયીભાવ સમાસનો નિષેધ થાય જ છે. આથી અવ્યયીભાવ સમાસને પણ અવ્યય માનવા જોઈએ. અમે (પાણિનીજી) તો અવ્યયીભાવ સમાસને પણ અવ્યય જ માનીએ છીએ. આથી ષષ્ઠીઅન્તવાળા નામોની સાથે અવ્યયીભાવ સમાસના સમાસનો નિષેધ થઈ શકશે. જ્યારે તમે તો (પૂજ્ય હેમચન્દ્રાચાર્ય) અવ્યયીભાવ સમાસને "અવ્યય" માનતા નથી. આથી ષષ્ઠીઅન્તવાળું નામ + અવ્યયીભાવ સમાસ આ બે નામોના સમાસનો નિષેધ કરવા માટે પૃથગ્ પ્રયત્ન કરવો પડશે.

**ઉત્તરપક્ષ :-** અમારે ઉપરોક્ત આપત્તિ આવતી નથી. સમાસ પ્રકરણ ચાલુ થયું ત્યારે સમાસ સંબંધી અધિકારસૂત્રમાં ("नाम नाम्नैकार्थ्ये समासो बहुलम्" (૩/૧/૧૮)) બહુલમ્ અધિકાર કરવામાં આવ્યો છે. આથી એ બહુલમ્ અધિકારથી અમે ષષ્ઠી વિભક્તિવાળા નામોનો અવ્યયીભાવ સમાસ સાથે સમાસનો નિષેધ સમજી લઈશું. કદાચ તમે કહેશો કે બહુલમ્ અધિકારથી આવું કેવી રીતે સમજી શકાય ? આ તો અત્યન્ત અઘરું છે. આથી અમે કહીએ છીએ કે, આચાર્ય ભગવંતે આવા સમાસોમાં જે અવ્યયીભાવ એ પ્રમાણે મોટી સંજ્ઞા કરી છે તેનાથી

આચાર્ય ભગવંત જણાવે છે કે, ક્યારેક અવ્યયીભાવ સમાસનું પણ અવ્યયપણું થાય છે અને તેથી જ चैत्रस्य उपकुम्भम् આવા પ્રયોગમાં "तृप्तार्थपूरणाऽव्यया..." (૩/૧/૮૫) સૂત્રથી સમાસ થશે નહીં.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

**( न्या०स० ) स्वरेत्यादि । अत्युच्चैसाविति**-ननु पूर्वपदमप्यत्राव्ययम्, ततस्तत्संबन्धित्वाल्लुप् प्राप्नोतीति, सत्यम्-अतिक्रान्तेऽर्थे लिङ्ग-संख्यायोगादतिशब्दः सत्त्वे वर्तते इति नाव्ययम् । "अतिरतिक्रमे च" [३.१.४५.] इत्यत्र बाहुलकात् क्वचित् समासाभावेऽति स्तुत्वेत्यादौ क्रियासंबद्धस्यातिशब्दस्य द्योतकत्वमेवेति ।

**-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-**

**પૂર્વપક્ષ :-** "अत्युच्चैसौ" પ્રયોગમાં પૂર્વપદની પ્રધાનતા વાળો "प्रादि" તત્પુરુષ સમાસ છે. હવે અહીં પૂર્વપદ તરીકે "अति" શબ્દ છે. હવે "अति" અવ્યય તરીકે મનાય તો ઉત્તરપદાર્થમાં થયેલી વિભક્તિ થઈ શકશે નહીં. આ પ્રમાણે ઉત્તરપદાર્થમાં વિભક્તિ આવવી જોઈએ નહીં, છતાં પણ આ પ્રયોગોમાં વિભક્તિનો લોપ કરવામાં આવ્યો નથી. આવું કેમ ?

**ઉત્તરપક્ષ :-** તમારી વાત સાચી છે. અહીં "अति" શબ્દ "अतिक्रान्त" અર્થમાં છે. ઓળંગી ગયેલ કોઈક દ્રવ્ય જ હોઈ શકે અને એવા પદાર્થ સાથે લિંગ અને સંખ્યાનો યોગ થઈ શકે છે. આ સંજોગોમાં "अति" અવ્યય સત્ત્વ અર્થમાં વર્તે છે, માટે "अति" અહીં અવ્યય તરીકે વર્તતો નથી. તેથી જ "अति" અર્થની પ્રધાનતાવાળા એવા આ સમાસમાં "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી વિભક્તિનો લોપ થયો નથી. "अतिस्तुत्वा" વગેરે પ્રયોગોમાં अति અવ્યય પૂજા અર્થમાં છે. આથી "अतिरतिक्रमे च" (૩/૧/૪૫) સૂત્રથી તત્પુરુષ સમાસ થવો જોઈએ. છતાં પણ "बहुलम्" અધિકારથી "अति"નો "स्तुत्वा" સાથે સમાસનો અભાવ થયો છે. અહીં "स्तुत्वा" શબ્દ સ્વયં અવ્યય હોવાથી "स्तुत्वा" પછી થયેલી વિભક્તિના પ્રત્યયનો લોપ "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી થઈ શકશે. બીજું "अति स्तुत्वा" અહીં (૩/૧/૪૫) સૂત્રથી બહુલ અધિકારથી જો સમાસનો નિષેધ સમજવામાં આવે તો "अति" એ પૃથગ્ નામ કહેવાશે. વળી આ નામ પૂજા અર્થમાં હોવાથી સત્ત્વવાચક પદાર્થ સ્વરૂપે થશે. આ સંજોગોમાં "अति" નામને વિભક્તિના પ્રત્યયો થવાની આપત્તિ આવશે. કદાચ તમે એમ કહેશો કે, "अति" ઉપસર્ગ છે માટે ગતિ સંજ્ઞા થવા દ્વારા અવ્યયસંજ્ઞા થઈને વિભક્તિનો લોપ થઈ જશે, પરંતુ આવું પણ થઈ શકશે નહીં. કારણ કે "धातोः पूजार्थ स्वति..." (૩/૧/૧) સૂત્રથી "अति" શબ્દમાં પૂજા અર્થ હોવાને કારણે ઉપસર્ગ સંજ્ઞાનો

અભાવ થાય છે. આથી ગતિસંજ્ઞા થવા દ્વારા અવ્યયસંજ્ઞા થઈ શકશે નહીં. આ સંજોગોમાં "अति" શબ્દમાં વિભક્તિના પ્રત્યયો થવા જ જોઈએ, પરંતુ તમારી ઉપર કહેલી એકેય વાતોનો અવકાશ અમારે રહેતો નથી. કારણ કે "स्तुत्वा" વગેરેમાં જે "अति" શબ્દ જોડાય છે એ "अति" શબ્દનો પોતાનો અર્થ પૂજા અર્થ નથી, પરંતુ "स्तुत्वा"નો જે પૂજા અર્થ છે તેને જ "अति" શબ્દ પ્રકાશિત કરે છે. આથી "अति" શબ્દ "चादयोऽसत्त्वे" (૧/૧/૩૧) સૂત્રથી અવ્યયસંજ્ઞા થવાથી (૩/૨/૭) સૂત્રથી વિભક્તિનો લોપ થઈ જ જશે, આથી અમારે કોઈ આપત્તિ નથી.

**(न्या०स०) परमनीचैरित्यत्र** त्वित्यादि–अत्र तुशब्दो विशेषणार्थः, पूर्वस्माद् विशेषं द्योतयति, तेन किं सिद्धम् ? यत्रानुपसर्जनः स्वराद्यन्तो भवति तत्रावयवः समुदायश्चोभयमप्यव्ययं भवत्येव, समासस्योत्तरपदार्थप्रधानत्वात् । ननु भवत्वेवं तथापि संज्ञाविधौ तदन्तप्रतिषेधस्य ज्ञापितत्वाद् * ग्रहणवता नाम्ना न तदन्तविधिः * इति प्रतिषेधाच्च कथं परमोच्चैरित्यादौ तदन्तस्याव्ययसंज्ञेत्याह–**अन्वर्थाश्रयणे चे**त्यादि–न व्येति–न नानात्वं गच्छति सत्त्वधर्मान्न गृह्णाति इत्यन्वर्थसिद्धिः । अयमर्थः–यदन्वर्थसंज्ञाकरणाद् द्वितीयमव्ययमित्युपस्थापितं तद् विशेष्यत्वेन विज्ञायते, तस्य स्वरादीति विशेषणत्वेन, ततश्च "विशेषणमन्तः" [७.४.११३.] इति न्यायात् तदन्तविज्ञानम्[१], केवलस्य तु व्यपदेशिवद्भावात्, परमोच्चैरित्यादावप्यव्ययसंज्ञा विज्ञायत इत्यर्थः ।

**અનુવાદ :-** ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

**(न्या०स०)** यद् अव्ययम् अक्षयं शब्दरूपं किंविशिष्टम् ? स्वरादि स्वराद्यन्तं तदव्ययसंज्ञं भवतीति च सूत्रार्थः समजनि ।"

**અનુવાદ :-** નહિ નાશ પામતું એવું જે શબ્દ સ્વરૂપ છે તે અવ્યય છે અને આ અવ્યય વિશેષણ સ્વરૂપે છે. આથી વિશેષણ સ્વરૂપ એવા અવ્યય શબ્દથી વિશિષ્ટ શું છે ? એના અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે જે "स्वरादि" અને "स्वरादि" અન્તવાળા શબ્દો છે, તે અવ્યયસંજ્ઞાવાળા થાય છે. એ પ્રમાણે સૂત્રાર્થ પ્રાપ્ત થયો.

**(न्या०स०) इति स्वरादय** इति–इतिशब्द एवंप्रकारार्थः, एवंप्रकाराः स्वरादयो गृह्यन्ते न त्वेतावन्त इत्यर्थः । यतः–

"इयन्त इति संख्यानं निपातानां न विद्यते ।
प्रयोजनवशादेते निपात्यन्ते पदे पदे" ॥१०॥

**आकृतिगणार्थ**मिति–आक्रियतेऽनयेति आकृतिर्वर्णिकाप्रकारः, तस्या गणस्तदर्थमिति ।

१. विज्ञानात् अ ।

"अव्ययीभावस्य चाव्ययत्वं नाङ्गीकर्तव्यम्, तदङ्गीकारेण हि उच्चकैर्नीचकैरित्यादिवद् 'उपाग्नि, प्रत्यग्नि' इत्यत्रापि "अव्ययस्य को द् च" [७.३.३१.] इति अक् प्रसज्येत । तथा उपकुम्भंमन्यमित्यादौ 'दोषामन्यमहः' इत्यादिवद् मागमप्रतिषेधः स्यात् । अथाव्ययीभावस्य "तृप्तार्थपूरणाऽव्यय०" [३.१.८५.] इति षष्ठी-समासप्रतिषेधोऽव्ययसंज्ञाफलमिति चेत् ? न-तत्र समासकाण्डे बहुलाधिकारादेव सेत्स्यतीति । किञ्च, अव्ययीभाव इति महतीं संज्ञां यच्च कृतवान् आचार्यस्तज्ज्ञापयति-क्वचिदव्ययत्वमपीति, तेन चैत्रस्यो-पकुम्भमित्यत्र न समासः ॥३०॥

**અનુવાદ :-** ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

॥ त्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

* * *

# सूत्रम् - चादयोऽसत्त्वे । १ । १ । ३१ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**सीदतोऽस्मिँल्लिङ्ग-सङ्ख्ये इति सत्त्वम्, लिङ्ग-सङ्ख्यावद् द्रव्यम्, इदम्-तदित्यादि-सर्वनामव्यपदेश्यं विशेष्यमिति यावत्; ततोऽन्यत्र वर्त्तमानाश्चादयः शब्दा अव्ययसंज्ञा भवन्ति, निपाता इत्यपि पूर्वेषाम् । वृक्षश्च प्लक्षश्च । असत्त्वे इति किम् ? यत्रैषां सत्त्वरूपेऽनुकार्यादावर्थे वृत्तिस्तत्र मा भूत्-चः समुच्चये । इव उपमायाम् । एवोऽवधारणे ।**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

જેમાં લિંગ અને સંખ્યા બેસે છે અર્થાત્ લિંગ અને સંખ્યાનો સંબંધ જેમાં થાય છે, તે સત્ત્વ કહેવાય છે. લિંગ અને સંખ્યાવાળું જે હોય તે દ્રવ્ય કહેવાય છે. આમ, સત્ત્વ શબ્દથી અહીં દ્રવ્ય અર્થ સમજાય છે અને દ્રવ્ય સ્વરૂપ અર્થ થવાથી "इदम्, तद्" વગેરે સર્વનામથી કથન કરવા યોગ્ય એ વિશેષ્ય થાય છે તથા આ દ્રવ્યથી અન્ય અર્થમાં રહેલા એવા "च" વગેરે શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે.

"पूर्वेषाम्"नो अर्थ आगળના વૈયાકરણીઓ કરવો અર્થાત્ આગળના વૈયાકરણીઓ આ અવ્યયોને નિપાતો પણ કહે છે અર્થાત્ "च" વગેરે અવ્યયો નિપાતસંજ્ઞાવાળા પણ કહેવાય છે. "वृक्षः च प्लक्षः च"માં "च"ની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. અસત્ત્વ અર્થમાં હોય તો જ "च" વગેરેની અવ્યયસંજ્ઞા થાય છે. આવું લખવા દ્વારા ગ્રન્થકાર શું કહેવા માંગે છે ? એના સંદર્ભમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે, જે શબ્દોની "अनुकार्य" વગેરે સ્વરૂપ સત્ત્વ રૂપ અર્થમાં વૃત્તિ છે, તે શબ્દોની અવ્યયસંજ્ઞા થશે નહીં અને જો અવ્યયસંજ્ઞા નહીં થાય તો "च" વગેરે શબ્દોને લાગેલી વિભક્તિઓનો લોપ થશે નહીં. "चः" સમુચ્ચય અર્થમાં છે. "इवः" ઉપમા અર્થમાં છે અને "एवः" અવધારણ અર્થમાં છે. અહીં અનુકરણવાચક એવા "चः" "इवः" તેમજ "एवः" અસત્ત્વ અર્થમાં ન હોવાથી આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થઈ નથી.

**( त० प्र० ) च, अह, ह, वा, एव, एवम्, नूनम्, शश्वत्, सूपत्, कूपत्, कुवित्, नेत्, चेत्, नचेत्, चण्, कच्चित्, यत्र, नह, नहि, हन्त, माकिस्, नकिस्, मा, माङ्, न, नञ्, वाव, त्वाव, न्वाव, वावत्, त्वावत्, न्वावत्, त्वै, तुवै, न्वै, नुवै, रै, वै, श्रौषट्, वौषट्, वषट्, वट्, वाट्, वेट्, पाट्, प्याट्, फट्, हुंफट्, छंवट्, अध, आत्, स्वधा, स्वाहा, अलम्, चन, हि, अथ, ओम्, अथो, नो, नोहि, भोस्, भगोस्, अघोस्, अङ्गो, हंहो, हो, अहो, आहो, उताहो, हा, ही, हे, है, हये, अयि, अये, अररे, अङ्ग, रे, अरे, अवे, ननु, शुकम्, सुकम्, नुकम्, हिकम्, नहिकम्, ऊम्, हुम्, कुम्, उञ्, सुञ्, कम्, हम्, किम्, हिम्, अद्, कद्, यद्, तद्, इद्, चिद्, क्विद्, स्विद्, उत, बत, इव, तु, नु, यच्च, कच्चन, किमुत, किल, किङ्किल, किंस्वित्, उदस्वित्, आहोस्वित्, अहह, नहवै, नवै, नवा, अन्यत्, अन्यत्र, शव्, शप्, अथकिम्, विषु, पट्, पशु, खलु, यदिनाम, यदुत, प्रत्युत, यदा, जातु, यदि, यथाकथाच, यथा, तथा, पुद्, अद्य, पुरा, यावत्, तावत्, दिष्ट्या, मर्या, आम, नाम, स्म, इतिह, सह, अमा, समम्, सत्रा, साकम्, सार्धम्, ईम्, सीम्, कीम्, आम्, आस्, इति, अव, अड, अट, बाह्या, अनुषक्, खोस्, अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, लृ, लॄ, ए, ऐ, ओ, औ, प्र, परा, अप, सम्, अनु, अव, निस्, दुस्-एतौ रान्तावपि, आङ्, नि, वि, प्रति, परि, उप, अधि, अपि, सु, उद्, अति, अभि इति चादयः । बहुवचनमाकृतिगणार्थम् ॥३१॥**

**અનુવાદ :-** ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવશે.

-: શબ્દમહાર્ણવન્યાસ :-

**चादय** इत्यादि-अयं सत्त्वशब्दोऽस्ति द्रव्यपदार्थकः, सीदन्त्यस्मिन् जाति-गुण-क्रिया-लिङ्ग-संख्या-संबन्धा इति व्युत्पत्त्या, यथा-सत्त्वमयं मुनिः, सत्त्वमियं ब्राह्मणीति । अस्त्येव क्रियापदार्थकः, सतो भावः सत्त्वमिति, तदा हि साध्यमानतया क्रियारूपापन्ना सत्तैव सत्त्वशब्दाभिधेया । तत्रार्थद्वयेऽपि सत्त्वशब्दप्रयोगदर्शनाद् विशेषावगतौ प्रमाणानुपलम्भात् कस्येदं ग्रहणम् ?

-: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

આ સત્ત્વ શબ્દ દ્રવ્ય પદાર્થવાળો છે. જેમાં જાતિ, ગુણ, લિંગ અને સંખ્યા વગેરે રહે છે, તે સત્ત્વ કહેવાય છે. "सद्" ધાતુને "त्व" પ્રત્યય થતાં "सत्त्व" શબ્દ પ્રાપ્ત થાય છે. "अयम् मुनिः" અહીં મુનિ એ "सत्त्व" સ્વરૂપ દ્રવ્ય-પદાર્થ છે. એ જ પ્રમાણે બ્રાહ્મણી પણ સત્ત્વ સ્વરૂપ દ્રવ્યપદાર્થ છે. આ સત્ત્વ શબ્દ ક્રિયાપદાર્થવાળો પણ છે. વિદ્યમાનનો ભાવ (सतो भावः) આ અર્થમાં "सत्" શબ્દને "त्व" પ્રત્યય લાગતાં "सत्त्वम्" શબ્દ પ્રાપ્ત થાય છે અને આ (सतो भावः) વ્યુત્પત્તિથી જે "सत्त्व" શબ્દ પ્રાપ્ત થયો તે ક્રિયા પદાર્થવાળો થાય છે. આથી તે સમયે સાધ્યમાનપણાંથી ક્રિયા સ્વરૂપને પ્રાપ્ત થયેલી સત્તા જ "सत्त्व" શબ્દનું અભિધેય છે અર્થાત્ "सत्त्व" શબ્દનું અભિધેય ક્રિયા સ્વરૂપ પદાર્થ છે. આમ "सत्त्व" શબ્દના બે અર્થ જણાયા. (૧) દ્રવ્યસ્વરૂપ પદાર્થ અને (૨) ક્રિયા સ્વરૂપ પદાર્થ. આથી વિશેષની પ્રાપ્તિમાં પ્રમાણનો અભાવ હોવાથી કયા અર્થવાળો "सत्त्व" શબ્દ અહીં ગ્રહણ કરવો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. કોઈ ચોક્કસ અર્થવાળો "सत्त्व" શબ્દ લેવામાં કોઈ પ્રમાણ ન હોવાથી ઉપરોક્ત શંકા ઉપસ્થિત થઈ છે.

**( श०न्या० )** उच्यते-विधि-प्रतिषेधयोर्द्रव्यहेतुत्वाद् द्रव्यपदार्थकस्यैवेदं ग्रहणम् । यदि तु सत्त्वशब्देन सत्तोच्येत तदा प्रतिषेधोऽनर्थकः स्यात्, नहि चादिषु सत्तावाची कश्चिच्छब्दोऽस्ति यदर्थो निषेधः स्यात् । 'पशुर्वै पुरुषः' इत्यत्र च पशुशब्दस्य चादिषु पठितत्वादसत्तावाचित्वा-दव्ययसंज्ञाप्रसङ्गः, तथा 'चः पठितः' 'हिर्यस्मादर्थे' इत्यादिचाद्यनुकरणानां चेति विधि-प्रतिषेधा-वभिमतविषयौ न व्यवतिष्ठेयाताम्, द्रव्यवचने तु व्यवतिष्ठेते । द्रव्यशब्देन चात्र इदम्-तदिति-सर्वनामप्रत्यवमर्शयोग्यं जात्यादिभिरवच्छिद्यमानं विशेष्यस्वरूपं वस्त्वभिधीयते, तदुक्तम्-

"वस्तूपलक्षणं यत्र सर्वनाम प्रयुज्यते । द्रव्यमित्युच्यते सोऽर्थो भेद्यत्वेन विवक्षितः ॥२३॥"

**અનુવાદ :-** ઉપરોક્ત શંકાના અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે અહીં અસત્ત્વ સ્વરૂપ

નञ्‌તત્પુરુષ સમાસ કરવા દ્વારા સત્ત્વનો નિષેધ બતાવવામાં આવ્યો છે. વિધિ અને પ્રતિષેધ દ્રવ્ય સંબંધમાં જ હોઈ શકે. અહીં સત્ત્વનો નિષેધ કરવામાં આવ્યો છે. આથી દ્રવ્યપદાર્થવાળો સત્ત્વ શબ્દ સમજવામાં આવે તો જ એમાં પ્રતિષેધ થઈ શકશે, પરંતુ ક્રિયાપદાર્થવાળો સત્ત્વ શબ્દ લેવામાં આવે તો એવા સત્ત્વનો પ્રતિષેધ થઈ શકતો નથી. કારણ કે, સત્ત્વ શબ્દથી જો સત્તા સ્વરૂપ ક્રિયા અર્થ લેવામાં આવે તો સત્તાનો પ્રતિષેધ જે સૂત્રમાં કરવામાં આવ્યો છે, તે નિરર્થક સિદ્ધ થશે, કારણ કે "चादि" ગણપાઠમાં સત્તાવાચી કોઈ શબ્દ જ નથી. વળી "चादि" ગણપાઠમાં જેટલા અવ્યયો છે, એ અવ્યયોમાં અમુક અવ્યયોના અર્થ સત્તાવાચક પણ હોય અને દ્રવ્યવાચક પણ હોય તો એવું કહી શકાય કે સત્તા અર્થવાળા જો "चादि" શબ્દો ન હોય તો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. પરંતુ અહીં તો સત્તાવાચી કોઈ શબ્દો જ નથી. આથી જ નિષેધ નિરર્થક સિદ્ધ થશે.

વળી તમે સત્તાવાચી અર્થ માન્યો છે, આથી સત્તા ભિન્ન અર્થવાળા જે જે હશે તે તે બધાની અવ્યયસંજ્ઞા થશે. આથી "पशुर्वै पुरुषः" પ્રયોગમાં "पशु" શબ્દમાં પણ અવ્યયસંજ્ઞાનો પ્રસંગ આવશે. અહીં "सत्त्व" શબ્દથી સત્તા અર્થ લીધો છે અને આ પ્રયોગમાં "पशु" શબ્દ પુરુષનો વાચક હોવાથી વળી "चादि" ગણપાઠમાં એનો પાઠ પણ છે તથા પુરુષનો વાચક હોવાથી સત્તા ભિન્ન અર્થવાળો પણ છે, આથી આ "पशु" શબ્દમાં અવ્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. "पशुर्वै पुरुषः"નો અર્થ પુરુષ નિશ્ચિતપણે પશુ છે, ત્યાં "वै" અવ્યય નિશ્ચિત અર્થમાં છે.

વળી સત્ત્વ શબ્દનો સત્તા (ક્રિયા) અર્થ કરશો તો સત્તાવાચકથી ભિન્ન શબ્દોમાં અવ્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવશે તે આ પ્રમાણે છે - "चः पठितः" (ચ એ પ્રમાણે વ્યક્તિ ભણ્યો.) "हिर्यस्मादर्थे" (हि એ હેતુ અર્થમાં છે.) અહીં "चः" તેમજ "हिः" વગેરે અનુકરણવાચક દ્રવ્યાર્થવાળા હોવાથી સત્તા અર્થવાળા નથી. આથી સત્તા ભિન્ન અર્થવાળા ઉપરોક્ત તમામ શબ્દોમાં અવ્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. ખરેખર તો ઉપરોક્ત તમામ પ્રયોગમાં એ બધા અવ્યયસંજ્ઞાવાળા થતાં નથી. આમ સત્ત્વ શબ્દનો સત્તાવાચક અર્થ કરીશું તો અભિમત વિષયવાળા વિધિ અને પ્રતિષેધની વ્યવસ્થા થઈ શકશે નહીં. કારણ કે "चादि" ગણપાઠમાં બધા જ શબ્દો સત્તા (ક્રિયા) અર્થવાળા નથી. આથી એવું કહી શકાશે નહીં કે "चादि" ગણપાઠમાં આટલા શબ્દો સત્તા ભિન્ન અર્થવાળા છે અને આટલા શબ્દો સત્તા અર્થવાળા છે, પરંતુ સત્ત્વ શબ્દનો જો દ્રવ્ય સ્વરૂપ અર્થ કરીશું તો વિધિ અને પ્રતિષેધની વ્યવસ્થા થઈ શકશે. જે જે દ્રવ્યથી ભિન્ન અર્થવાળા હશે તે તે શબ્દોમાં અવ્યયસંજ્ઞા સ્વરૂપ વિધિ થઈ શકશે તેમજ દ્રવ્ય અર્થવાળા જે જે શબ્દો હશે તેમાં અવ્યયસંજ્ઞાનો નિષેધ થઈ શકશે.

દ્રવ્ય શબ્દથી વિશેષ્ય સ્વરૂપ વસ્તુ કહેવાય છે. આ વિશેષ્ય સ્વરૂપ વસ્તુના-બે વિશેષણ છે. જે "इदम्" "तद्" વગેરે સર્વનામોથી વિચારી શકાય છે તે દ્રવ્ય છે તથા જાતિ, ગુણ વગેરેથી

જે પૃથગ્ કરી શકાય છે તે દ્રવ્ય છે. આમ અહીં સમુદિત અર્થ આ પ્રમાણે થશે - "इदम्" "तद्" વગેરે સર્વનામોથી જે વિચારી શકાય છે તથા જાતિ, ગુણ વગેરેથી જે પૃથગ્ કરી શકાય છે એવી વિશેષ્ય સ્વરૂપ વસ્તુ છે તે દ્રવ્ય કહેવાય છે. તેના સંબંધમાં આચાર્ય ભગવંત શ્રીહેમચન્દ્રાચાર્યજી હવે વાક્યપદીય ગ્રન્થના બીજા વાક્યકાંડના ૪૩૪મા શ્લોકનો પાઠ આપે છે - શબ્દ એ પદાર્થનું ઉપલક્ષણ છે, પરંતુ પદાર્થનું વિશેષણ નથી. શબ્દ જો પદાર્થનું વિશેષણ બને તો પદાર્થનો ધર્મ શબ્દ બની જશે. દા.ત. "दूर" શબ્દ છે. એનો પદાર્થ અમુક અંતર પછી હોય છે અને શબ્દ અહીં વિદ્યમાન હોય છે. આથી "दूर" શબ્દ અને "दूर" પદાર્થનો સંબંધ હોતો નથી, છતાં પણ "दूर" શબ્દ એ "दूर" પદાર્થનું સ્વરૂપ છે અને આને જ વસ્તુનો ઉપલક્ષણ સ્વરૂપ ધર્મ કહેવાય છે. જેમ કે ઘર વગેરેમાં અવિદ્યમાન એવો કાગડો પણ ઘરનું સ્વરૂપ કહેવાય છે. એ જ પ્રમાણે દ્રવ્યમાં અવિદ્યમાન એવો શબ્દ પણ દ્રવ્યનું સ્વરૂપ કહેવાય છે, જે ઉપલક્ષણ સ્વરૂપે કહેવાય છે. વસ્તુમાં વિદ્યમાન હોય અને વસ્તુની ઓળખાણ કરાવે તે લક્ષણ કહેવાયું છે અને વસ્તુમાં અવિદ્યમાન હોય અને પદાર્થની ઓળખાણ કરાવે તેને ઉપલક્ષણ કહેવાય છે. સર્વનામો પણ પદાર્થના ઉપલક્ષણ સ્વરૂપ છે. ગ્રન્થકાર આ શ્લોકમાં દ્રવ્યની વ્યાખ્યા કરતાં કહે છે કે, જેના સંબંધમાં પદાર્થ માત્રનું કથન કરનારું સર્વનામ પ્રયોજાય છે, તેને દ્રવ્ય કહેવાય છે તથા જાતિ વગેરે દ્વારા જેમાં વિશેષ્યત્વ પ્રાપ્ત થાય છે, તે પદાર્થને દ્રવ્ય કહેવાય છે.

"सर्व વગેરે સર્વનામો પદાર્થ માત્રનું કથન કરે છે તથા "अन्य" વગેરે સર્વનામો વિશિષ્ટ વસ્તુઓના વાચક છે. "इदम्" સર્વનામ પ્રત્યક્ષ અર્થનું વાચક છે. જ્યારે "तद्" સર્વનામ પરોક્ષ અર્થનું વાચક છે. આમ દ્રવ્યની વ્યાખ્યા સંક્ષેપથી આ પ્રમાણે થશે - જેના સંબંધમાં પદાર્થના ઉપલક્ષણ સ્વરૂપ સર્વનામ પ્રયોગ કરાય છે તથા ભેદ્યત્વથી (જાતિ, ગુણ વગેરે) જે અર્થ વિવક્ષિત કરાય છે, એ અર્થને દ્રવ્ય કહેવાય છે.

**(श०न्या०)** भेद्यत्वेन जात्यादिभिर्विशेष्यत्वेनेत्यर्थ इत्याह **सीदत** इति-विशेषणभावेनेति शेषः ।

**અનુવાદ :-** શ્લોકમાં જે "भेद्यत्वेन" શબ્દ લખ્યો છે તેનો અર્થ જણાવતાં આચાર્ય ભગવંતશ્રી કહે છે કે, "भेद्यत्व" એટલે જાતિ વગેરે વિશેષ્યપણાંથી તેવો બોધ કરવો. બૃહદ્વૃત્તિટીકામાં "सीदतः..." પંક્તિઓ લખી છે, એના સંબંધમાં આચાર્ય ભગવંત કહે છે કે, જેમાં લિંગ, સંખ્યા વિશેષણભાવથી રહે છે, તે સત્ત્વ છે અર્થાત્ લિંગ, સંખ્યાવાળું જે છે તે દ્રવ્ય છે.

**(श०न्या०)** नन्वसत्त्वे इति पर्युदासो वाऽयं स्याद्-यदन्यत् सत्त्ववचनादिति ? प्रसज्य-प्रतिषेधो वा-सत्त्ववचने नेति ? तत्र यद्ययं पर्युदासः स्यात् तदा 'सत्त्वादन्यत्र वर्तमानाश्चादयो-

ऽव्ययसंज्ञा भवन्ति' इत्येष सूत्रार्थः स्यात् । तत्र विप्रशब्दस्यापि विप्रातीति डप्रत्ययान्तस्य क्रियोपसर्जनद्रव्यवाचित्वात् केव-लाद् द्रव्यात् क्रियाद्रव्यसमुदायस्यान्यत्वाद् द्रव्यादन्यस्मिन्नर्थे वर्तमानत्वाद् विधेः प्राधान्यात् क्रमपाठादव्ययमितिविशेष्यसंनिधापिततदन्तविधिष्विष्टत्वादव्यय-संज्ञया भाव्यम्, अस्ति च प्रादिभिरस्य सारूप्यमित्यविभक्त्यन्तश्रवणप्रसङ्गः । चादिषु पठितस्य वा पशुशब्दस्य जातिव्यवच्छिन्नद्रव्ये वर्तमानस्य संज्ञा स्यात्, या हि जातिविशिष्टे द्रव्ये वर्त्तते सा जातिद्रव्यसमुदायात्मकमर्थमाह, यश्चैवंविधोऽर्थः स केवलाद् द्रव्यादन्यो भवति, सत्त्वं चैत-स्याव्ययसंज्ञायामयं पशुरिति विभक्तिश्रवणं न स्यात् ।

**અનુવાદ :-** સૂત્રમાં જે "असत्त्व" શબ્દ લખ્યો છે ત્યાં શંકા થાય છે કે, આ "सत्त्व" શબ્દ સાથે જોડાયેલ નિષેધ શું પર્યુદાસ સ્વરૂપે છે ? અર્થાત્ સત્ત્વથી અન્ય જે સત્ત્વ સદૃશ છે એવો અર્થબોધ કરવાનો છે ? અથવા તો આ નિષેધ પ્રસજ્ય સ્વરૂપે છે ? અર્થાત્ જે જે દ્રવ્ય સ્વરૂપ નથી તેવો અર્થબોધ કરવાનો છે ?

જો પર્યુદાસનિષેધ સમજવામાં આવશે તો દ્રવ્ય અર્થથી દ્રવ્ય સદૃશ અન્ય અર્થમાં વર્તતા "च" વગેરે અવ્યયસંજ્ઞાવાળા થશે આ પ્રમાણે સૂત્રાર્થ થશે. આ પ્રમાણે પર્યુદાસનિષેધ સમજવામાં આવશે તો "विप्र" શબ્દ પણ અવ્યયસંજ્ઞા બની જવાની આપત્તિ આવશે. "विप्राति" એવા અર્થમાં "वि" ઉપસર્ગપૂર્વક "प्रा" ધાતુને "ड" (कृत्) પ્રત્યય થતાં "विप्र" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે આ "विप्र" શબ્દ માત્ર દ્રવ્યવાચક નથી કારણ કે ક્રિયા જેમાં ગૌણ થઈ ગઈ છે એવો દ્રવ્યવાચક આ "विप्र" શબ્દ છે. દા.ત. "कारक" શબ્દમાં દ્રવ્યની પ્રધાનતા છે અને ક્રિયા એ દ્રવ્યના ઉપલક્ષણપણાંથી છે. માટે જે પ્રમાણે "शिव" શબ્દ કેવળ દ્રવ્યવાચક છે એનાથી ક્રિયા અને દ્રવ્યના સમુદાયવાચક એવા "विप्र" વગેરે શબ્દો અન્ય છે. આ પ્રમાણે દ્રવ્યથી અન્ય અને છતાં પણ દ્રવ્ય સદૃશ એવો "विप्र" શબ્દ થાય છે. પર્યુદાસનિષેધમાં વિધિની પ્રધાનતા હોવાથી આવા "विप्र" શબ્દમાં અવ્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવે છે. કદાચ તમે કહેશો કે "चादि" ગણપાઠમાં "विप्र" શબ્દનો સમાવેશ થયો નથી, આથી અવ્યયસંજ્ઞાની આપત્તિ આવતી નથી, તો એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી "क्रमपाठात्" હેતુ આપે છે. "च" વગેરે સમુદાયના ક્રમમાં "प्र" પણ આવે છે. વળી चादि ગણપાઠમાં એનો સમાવેશ થયો જ છે. "प्र" ભલે અવ્યય થાય પણ વિપ્રની અવ્યયસંજ્ઞા કેવી રીતે થાય ? "अव्ययम् चादयः अव्ययम्" અર્થાત્ હાનિ ન થતાં એવા "च" વગેરે અવ્યયો છે. અહીં છેલ્લો "अव्ययम्" એ વિશેષ્ય છે, "च" વગેરે વિશેષણ છે. આથી "वि" ઉપસર્ગ પછી "प्र" અવ્યય આવ્યો હોવા છતાં પણ "विशेषणमन्तः" પરિભાષાથી "विप्र" શબ્દમાં પણ અવ્યયસંજ્ઞા થવા યોગ્ય છે અને "प्र" વગેરે સાથે આ "विप्र"

શબ્દનું સમાનપણું છે માટે "अविभक्ति अन्त"ના શ્રવણનો પ્રસંગ આવે છે. ખરેખર તો 'विप्र' શબ્દ દ્રવ્યનો વાચક છે માટે તેમાં વિભક્તિઓ સંભળાય જ છે.

હવે "पशु" શબ્દ અંગે આપત્તિ બતાવે છે : આમ તો "पशु" શબ્દ चादि ગણપાઠમાં છે, આથી અવ્યયસંજ્ઞા થવી જોઈએ. આ "पशु" શબ્દમાં અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે છે. આ આપત્તિ આ પ્રમાણે છે : "चादि" ગણમાં કહેલો એવો "पशु" શબ્દ જાતિથી વિશિષ્ટ એવા દ્રવ્યમાં વર્તે છે અને જાતિથી વિશિષ્ટ એવા દ્રવ્યમાં વર્તતો હોવાથી આ "पशु" માત્ર દ્રવ્યથી ભિન્ન થવાથી અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે છે. ખરેખર તો 'पशु' શબ્દ દ્રવ્યનો વાચક હોવાથી તેમાં વિભક્તિઓ સંભળાય છે.

સૌ પ્રથમ જાતિ શબ્દનો અર્થ સમજીએ : "एकम् अनेकानुगतम् सामान्यम् जातिः" જે એક હોય અને અનેકમાં અનુગત હોય એવું જે સામાન્ય છે તે જાતિ કહેવાય છે. મનુષ્ય, ગાય વગેરે શબ્દો પહેલા જાતિવાચક હોય છે, કારણ કે જાતિ પિંડમાં રહે છે તથા જાતિમાં રહ્યા પછી કોઈ વિશેષ સ્વરૂપે પ્રસિદ્ધ થાય છે. જેમ જાતિ દેવદત્ત સ્વરૂપ પિંડમાં રહે છે તેમ યજ્ઞદત્ત વગેરે પિંડોમાં પણ રહે છે. પંક્તિનો અર્થ જોઈએ તો જાતિ વ્યવચ્છિન્ન એટલે જાતિવાચક "चादि"માં કહેલો એવો "पशु" શબ્દ જાતિ વિશિષ્ટ દ્રવ્યમાં રહે છે. જે જાતિ વિશિષ્ટ દ્રવ્યમાં રહે છે તે જાતિ અને દ્રવ્યના સમુદાય સ્વરૂપ અર્થને કહે છે. જે જાતિ અને દ્રવ્યના સમુદાય સ્વરૂપ અર્થ છે તે કેવળ દ્રવ્યવાચક શબ્દથી અન્ય થાય છે.

પર્યુદાસનિષેધ તદ્ સદૃશનું ગ્રહણ કરતો હોવાથી "वृक्ष" વગેરે શબ્દો કેવળ દ્રવ્યવાચક હોવાથી એવા શબ્દોથી આ જાતિવિશિષ્ટ દ્રવ્ય અન્ય થાય છે. આનું સત્ત્વપણું પણ છે તથા આની અવ્યયસંજ્ઞા હોતે છતે अयम् पशुः એ પ્રમાણે વિભક્તિશ્રવણ થવું જોઈશે નહીં. આમ પર્યુદાસનિષેધ માનતા विप्रः શબ્દ અને पशुः શબ્દ આ બંનેની અવ્યયસંજ્ઞા પ્રાપ્ત થવાનો દોષ આવે છે.

**( श०न्या० )** अथ प्रसज्यप्रतिषेधः, न दोषो भवति । यथा न दोषस्तथाऽस्तु । तत्र हि यत्र द्रव्यगन्धोप्यस्ति तत्र सर्वत्र प्रतिषेधेन भाव्यम्, निषेधप्राधान्याद्, अस्ति चेह द्रव्यगन्धः, विप्रत्वपशुत्वजात्याश्रयस्य द्रव्यस्य विप्रपशुशब्दाभ्यामभिधानादिति प्रसज्यप्रतिषेध एव ज्यायानिति । अत एवाह-**ततोऽन्यत्रे**ति । **अन्यत्रे**ति-सत्त्वाभावे, सत्त्वे चेन्न वर्त्तन्ते इत्यर्थः । क्व तर्हि वर्तमानः पशुशब्दोऽसत्त्ववचनो भवति ? यत्र वृत्तोऽव्ययसंज्ञां लभते, दृश्यर्थे यथा- 'जना लोभं न यन्ति पशु मन्यमानाः' इति, अत्र दृश्यर्थेन मननं विशेष्यते, दर्शनीयं ज्ञानं प्रतिपन्ना जना लोभं परित्यजन्तीत्यर्थः ।

**અનુવાદ :-** જો તમે પ્રસજ્ય પ્રતિષેધ સ્વીકારશો તો દોષ થશે નહીં અને જે પ્રકારે દોષ ન હોય એ પ્રકારે જ થવું જોઈએ. પ્રસજ્ય પ્રતિષેધ અપનાવતા "पशुः" શબ્દ તથા "विप्रः" શબ્દ આ બંનેમાં અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવતી નથી. પ્રસજ્ય પ્રતિષેધ દ્રવ્ય માત્રનો નિષેધ કરે છે. જે જે શબ્દોમાં દ્રવ્યની જરાક પણ ગંધ આવે તો એવા શબ્દો અવ્યય સ્વરૂપે થઈ શકતાં નથી. પ્રસજ્ય પ્રતિષેધમાં નિષેધની પ્રધાનતા હોવાથી દ્રવ્યત્વ ધર્મથી યુક્ત જે જે હશે તે બધાની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થશે નહીં. "विप्र" શબ્દ જે ક્રિયા અને દ્રવ્યના સમુદાયવાચક છે તે દ્રવ્યવાચક હોવાને કારણે અવ્યયસંજ્ઞા તરીકે લઈ શકાશે નહીં. કારણ કે અહીં દ્રવ્યની ગંધ છે અર્થાત્ આંશિક રીતે પણ અહીં દ્રવ્યત્વ વિદ્યમાન છે. "विप्र" અને "पशु" શબ્દથી અનુક્રમે "विप्रत्व" અને "पशुत्व" જાતિ આશ્રય એવા દ્રવ્યનું કથન થતું હોવાથી જો પ્રસજ્ય પ્રતિષેધ લેવામાં આવશે તો આવા દ્રવ્યવાચક નામોનો સત્ત્વ શબ્દના નિષેધ દ્વારા નિષેધ થઈ જવાથી અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે નહીં. આથી પ્રસજ્ય પ્રતિષેધ જ શ્રેષ્ઠ છે, પરંતુ પર્યુદાસનિષેધ યોગ્ય નથી. માટે જ બૃહદ્વૃત્તિમાં આચાર્ય ભગવંતશ્રીએ પંક્તિઓ લખી છે કે ततः अन्यत्र અર્થાત્ દ્રવ્યથી અન્યત્ર રહેલ એવા च વગેરે શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. આ પંક્તિઓ દ્વારા પ્રસજ્યપ્રતિષેધ સ્પષ્ટપણે જણાય છે. अन्यत्रનો અર્થ સત્ત્વાભાવમાં કરવો અર્થાત્ જો કોઈપણ શબ્દો સત્ત્વમાં ન વર્તે તો અવ્યયસંજ્ઞાવાળો થાય એ પ્રમાણેનો અર્થ "असत्त्व" શબ્દનો પ્રાપ્ત થાય છે.

જો પશુ શબ્દને તમે દ્રવ્યવાચક માનો છો અને અવ્યયસંજ્ઞાનો નિષેધ કરો છો તો चादि ગણપાઠમાં "पशु" શબ્દનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આથી શંકા થાય છે કે, "असत्त्व" અર્થમાં "पशु" શબ્દ કયાં સ્થાનમાં પ્રાપ્ત થશે ? એના અનુસંધાનમાં અમે કહીએ છીએ કે જેમાં પ્રયોગ કરાયેલો એવો "पशु" શબ્દ અવ્યયસંજ્ઞાને પ્રાપ્ત થાય છે એ મનન કરવા અર્થમાં જ હોય છે. જો મનન અર્થમાં પશુ શબ્દ હશે તો એ "असत्त्व" અર્થમાં વિદ્યમાન કહેવાશે. મનન કરવું એ ક્રિયા છે અને ક્રિયાવાચક શબ્દો એ દ્રવ્યવાચક તરીકે હોતા નથી માટે આવા શબ્દો અસત્ત્વવાચક તરીકે કહેવાય છે.

મનન અર્થમાં આ પ્રમાણે પ્રયોગ છે - "जना लोभं न यन्ति पशु मन्यमानाः" આ પ્રયોગમાં દૃશ્ નાં અર્થથી મનન વિશેષિત કરાયું છે. અર્થાત્ "पशु" શબ્દનો ક્રિયાવાચક અર્થ એ વિશેષણ તરીકે છે તથા "मन्यमानाः" સ્વરૂપ ક્રિયા એ વિશેષ્ય સ્વરૂપે છે. ઉપરોક્ત ઉદાહરણનો અર્થ આ પ્રમાણે થશે - સમ્યગ્ દૃષ્ટારૂપથી મનન કરતાં એવા જીવો લોભને પ્રાપ્ત કરતાં નથી. પાણિની વ્યાકરણમાં "लोभम्" શબ્દને બદલે "लोधम्" પ્રયોગ આવે છે. બીજા બધા શબ્દો ઉપરોક્ત પ્રયોગ પ્રમાણે જ છે. પરંતુ ત્યાં "लोधम्"નો કોઈ વિશેષ અર્થ જણાતો નથી. આથી આ ગ્રન્થના

રચયિતાનો "लोभम्" શબ્દ જ યોગ્ય જણાય છે. ટૂંકમાં એમ કહી શકાય કે "दर्शनीय" (સમ્યગ્)જ્ઞાનને પ્રાપ્ત કરતાં એવા લોકો લોભનો ત્યાગ કરે છે. મહાભાષ્યકાર "लोघम्" શબ્દનો શું અર્થ કરવા માંગે છે, તેનો બોધ ન થાય ત્યાં સુધી "लोभम्" શબ્દ રાખવો વધારે યોગ્ય જણાય છે.

**(श०न्या०)** "चिंग्ट् चयने" अतो "नञः क्रमि-गमि०" [उणा० ४.] इति बाहुलकाद् डित्यकारे **च** अन्वाचय-समाहारेतरेतरयोग-समुच्चयेषु । नञ्-पूर्वाज्जहातेः पूर्ववद् डित्यकारे "नञत्" [३.२.१२५.] इत्यत्वे **अह** निर्देश-विनियोग-किलार्थेषु । जहातेः पूर्ववद् डः, **ह** अवधारणे पादपूरणे च ।

**અનુવાદ :-** ભેગું કરવા અર્થવાળો "चि" ધાતુ પાંચમા ગણનો છે. આ "चि" ધાતુથી "नञः-क्रमि-गमि..." (उणादि० ૪) સૂત્રથી ઘણું કરીને ડિત્ એવો अकार થતાં "च" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "च" શબ્દ અન્વાચય, સમાહાર, ઇતરેતરયોગ અને સમુચ્ચય અર્થમાં રહેલો છે.

પાછળથી જે જોડવામાં આવે તે અન્વાચય કહેવાય છે. દા. ત. "त्वम् भिक्षाम् आनय गाम् च आनय यदि लभस्व" અર્થાત્ તમે ભિક્ષા લાવો અને ગાય મળે તો તે પણ લઈ આવજો. અહીં મુખ્યપણે તો ભિક્ષા લાવવાનું કાર્ય છે, પરંતુ ગૌણપણે ગાય લાવવાનું કાર્ય પણ છે. આથી પાછળથી ગાય લાવવાનું કાર્ય જોડાણ પામતું હોવાથી "चकार" અન્વાચય અર્થવાળો કહેવાય છે.

સમાહાર એટલે સમૂહ તથા ઇતરેતરમાં પણ જુદાં જુદાં પદાર્થોનો સમૂહ થાય છે. પરંતુ બંને સમૂહમાં ફેર છે. સમાહારમાં સમૂહ છે અને એકત્વ છે; જ્યારે ઇતરેતરમાં જોડાણ છે, પરંતુ અલગ અલગ અસ્તિત્વ પણ રહે છે. સમાહારમાં દ્રવ્યોને પિંડીભૂત કરવામાં આવે છે, જ્યારે ઇતરેતરમાં દ્રવ્યો પિંડીભૂત થતાં નથી.

બે ક્રિયાનું જોડાણ થાય છે, તેને સમુચ્ચય કહેવાય છે. "पठति च पचति च" આ પ્રમાણે સમુચ્ચય ક્રિયાઓના જોડાણ સંબંધી હોય છે. ઇતરેતર અને સમાહાર અર્થમાં દ્વન્દ્વ સમાસ થાય છે, પરંતુ સમુચ્ચય અર્થમાં ક્યારેય પણ દ્વન્દ્વ સમાસ થતો નથી. रामश्च लक्ष्मणश्च અહીં ઇતરેતર અર્થવાળો चकार છે. त्वक् च वाक् च અહીં સમાહાર અર્થવાળો चकार છે.

"हा" ધાતુ ત્રીજા ગણનો ત્યાગ કરવા સ્વરૂપ અર્થવાળો છે. આ "हा" ધાતુથી "नञः क्रमि-गमि..." (उणादि० ૪) સૂત્રથી ડિત્ એવો अकार થતાં "ह" શબ્દ થશે પછી "न ह" આ અવસ્થામાં "नञत्" (૩/૨/૧૨૫) સૂત્રથી "न"નો अ થતાં अह શબ્દ પ્રાપ્ત થાય છે. આ अह અવ્યય નિર્દેશ, વિનિયોગ તથા કિલ અર્થમાં છે. કોઈની તરફ અંગુલિ બતાવીને કથન કરવું તે નિર્દેશ સ્વરૂપ

અર્થ કહેવાય છે તથા કોઈકને નિયુક્ત કરવો અથવા તો ફરજ પર નિશ્ચિત કરવો એ વિનિયોગ અર્થ છે. નોકર વગેરેને નિયુક્ત કરવામાં આવે છે ત્યારે વિનિયોગ અર્થ પ્રાપ્ત થાય છે. કિલ એટલે નિશ્ચય અને ભૂત અર્થ થાય છે. દા.ત. जघान कंसम् किल वासुदेवः । વાસુદેવે કંસને માર્યો. આ પ્રયોગમાં किल અવ્યય ભૂતકાળની ઐતિહાસિક ઘટના બતાવવા માટે થયો છે.

"हा" ધાતુથી પહેલાની જેમ જ "ड" પ્રત્યય થતાં "ह" શબ્દ પ્રાપ્ત થાય છે. આ ह અવ્યય અવધારણ અને પાદપૂર્તિ અર્થમાં છે. અવધારણ એટલે एवकारનો જે અર્થ છે તે જ 'ह' અવ્યયનો પણ અર્થ છે.

**(શ૦ન્યા૦)** "वन भक्तौ" अतः "डित्" [उणा० ६०५.] इति डित्याकारे **वा** विकल्पोपमानयोः । "इंण्क् गतौ" अतः "लटि-खटि-खलि०" [उणा० ५०५.] इति वे गुणे च **एव** अवधारण-पृथक्त्व-परिमाणेषु, अस्यैव निपातनाद् मान्तत्वे **एवम्** उपमानोपदेश-प्रश्नावधारण-प्रतिज्ञानेषु । "णूत् स्तवने" अतः "नशि-नूभ्यां नक्त-नूनौ च" [उणा० ९३५.] इत्यम्प्रत्यये नूनादेशे च **नूनम्** तर्केऽर्थनिश्चये च ।

**અનુવાદ :-** ભક્તિ કરવી અર્થવાળો "वन्" ધાતુ આઠમાં ગણનો છે. આ वन् ધાતુથી "डित्" (उणा० ६०५) સૂત્રથી "डित्" એવો આકાર થતાં वा શબ્દ પ્રાપ્ત થાય છે. આ वा અવ્યય વિકલ્પ અને ઉપમાન અર્થમાં છે. વિકલ્પ એટલે ક્યાં તો પ્રવૃતિ થશે અથવા તો પ્રવૃતિ નહીં થાય. તેમજ વિભાષા અર્થમાં પણ वा શબ્દ છે, જ્યારે ક્યારેક અન્ય અર્થમાં છે. આથી આ વિકલ્પ અર્થ સંબંધી આ વાત થઈ. હવે "वा"નો બીજો અર્થ ઉપમાન છે. "मणीवोष्ट्रस्य लम्बेते" ઊંટના મુખના બે મણિની જેમ બે વાછરડાં ઊંટના મુખ ઉપર લટકી રહ્યા છે. અહીં वा ઉપમાન અર્થમાં છે. કોઈક વ્યક્તિએ બે વાછરડાંને એક જ દોરી વડે ગળાથી બાંધેલ હતા. આ બંને વાછરડાં ખેતરમાં ચરતાં હતા તે વખતે ઊંટ ચરતો ચરતો ત્યાં આવ્યો અને જેવી ઊંટે ગરદન ઊંચી કરી, તેથી એક જ દોરી વડે બંધાયેલ બંને વાછરડાં ઊંટના ગળામાં લટકવા લાગ્યા. આ ઘટનાને જોઈને કવિએ કલ્પના કરી કે જાણે કે બે મણિ ઊંટની ગરદન ઉપર લટકી રહ્યા ન હોય. આ પ્રમાણે "वा" અહીં ઉપમાન અર્થમાં છે.

પ્રાપ્તિ અર્થવાળો (ગતિ અર્થવાળો) "इ" ધાતુ બીજા ગણનો છે. આ "इ" ધાતુથી "लटि-खटि-खलि..." (उणादि० ५०५) સૂત્રથી "व" પ્રત્યય થતાં તેમજ "इ" ધાતુનો ગુણ થતાં "एव" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "एव" અવ્યય અવધારણ પૃથક્ત્વ અને પરિમાણ અર્થમાં છે. પરિમાણ અર્થમાં "एवकार" આ પ્રમાણે છે - "एकम् एव चषकम् पिबति" તે એક જ ગ્લાસ પીવે છે. અહીં પરિમાણ અર્થમાં "एवकार" છે. "अर्जुन एव धर्नुधरः" અહીં અર્જુન

સિવાયનાથી અર્જુનને પૃથગ્ કરવા માટે "एवकार" લખાયો છે. આથી પૃથકત્વ અર્થમાં "एवकार" થશે.

આ "एव" અવ્યય જ નિપાતનથી મ્ અન્તવાળો થાય ત્યારે "एवम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "एवम्" અવ્યય ઉપમાન, ઉપદેશ, પ્રશ્નનું અવધારણ તથા સ્વીકાર કરવો અર્થમાં છે. પ્રતિજ્ઞાન એટલે સ્વીકાર કરવો અર્થ થાય છે. કોઈક વ્યક્તિ સવાલ પૂછે ત્યારે સાંભળનાર વ્યક્તિ પ્રશ્ન સાંભળીને "एवम् !" એ પ્રમાણે બોલે છે. અહીં "एवम्" અવ્યય પ્રશ્નના અવધારણ અર્થમાં છે. હવે સ્વીકાર કરવો અર્થવાળા एवम् અવ્યયનું ઉદાહરણ બતાવે છે - "भवान् द्व्याश्रयम् पठेत् ?" આપ "द्व्याश्रय"ને ભણશો ? ત્યારે સામેવાળો કહે "एवम्". અહીં સ્વીકાર અર્થમાં "एवम्" છે. "एवम् कुरु ।" અહીં "एवम्" અવ્યય ઉપદેશ અર્થમાં છે. (તું આ પ્રમાણે કર.) "एवम् करणीयम्" અહીં ઉપમાન અર્થમાં "एवम्" અવ્યય છે. કોઈકે જે પ્રમાણે કાર્ય કર્યું હોય તે પ્રમાણે જ કાર્ય કરવા યોગ્ય છે એવું કહેવામાં આવે ત્યારે પૂર્વના કાર્યની સાથે આ કાર્યની સરખામણી કરવામાં આવે છે માટે "एवम्" ઉપમાન અર્થમાં છે.

સ્તવના કરવા અર્થવાળો "नू" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "नू" ધાતુથી "नशि-नूभ्याम्..." (उणादि० ૯૩૫) સૂત્રથી "अम्" પ્રત્યય થતાં અને "नू"નો नून् આદેશ થતાં "नूनम्" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "नूनम्" અવ્યય તર્ક અને અર્થ-નિશ્ચય અર્થમાં છે. દા.ત. "नूनम् कविवराः विपरीत बोधाः" નિશ્ચિતતાથી કવિઓ વિપરીત બોધવાળા હોય છે. અહીં કવિઓ વિપરીત બોધવાળા હોય છે એવા અર્થના નિશ્ચયમાં "नूनम्" અવ્યય છે. ઉપરોક્ત ઉદાહરણ ભર્તુહરિના વૈરાગ્યશતકમાં છે. હવે તર્ક અર્થનું ઉદાહરણ આપે છે. "नूनम् तद् भाव्यम्" અર્થાત્ માનો કે ન માનો, તે થવા યોગ્ય છે. તથા "नूनम् देवदत्तो अयम्" આ દેવદત્ત જ લાગે છે. તથા જ્યાં અડધી અડધી હોવા ન હોવાની શક્યતા છે, તેને સંશય કહેવાય છે. દા.ત. "पुरुषो वा स्थाणुर्वा" અહીં पुरुष અથવા તો "स्थाणु" હોવાની શક્યતા અડધી-અડધી છે, ક્યાંતો पुरुष હોઈ શકે અથવા તો स्थाणु હોઈ શકે. બંને પક્ષે નિશ્ચય થવાની શક્યતા છે, એને સંશય કહેવાય છે. જ્યારે લગભગ બેમાંથી એક પક્ષમાં જ નિશ્ચય થવાની શક્યતા હોય તેને તર્ક કહેવાય છે. અગાઉના બે ઉદાહરણોમાં દેવદત્તના નિશ્ચયની પૂરેપૂરી શક્યતા છે અથવા તો કોઈ ચોક્કસ ઘટના થવા યોગ્યની પૂરી શક્યતા છે. આ પ્રમાણે નિશ્ચય એક પક્ષમાં નવ્વાણુ ટકા ઝૂકે એને તર્ક કહેવાય છે. "उत्कटैः कोटिकः संशय उत्प्रेक्षा" (वितर्क) અહીં "नूनम्" શબ્દ આવા અર્થમાં આવ્યો છે - માત્ર પૂર્ણ નિશ્ચયની અવસ્થા નથી, પૂર્ણ નિશ્ચયમાં એક ટકાની અશક્યતા હોય એવો અર્થ તર્કનો થાય છે. नूनम् અવ્યય તર્ક અને નિશ્ચય અર્થમાં છે.

**( श०न्या० ) शश्वत्** इति स्वरादावपि पठितः । सुपूर्वात् कुपूर्वाच्च पतेः क्विपि बाहुलकाद्

दीर्घत्वे च **सूपत्, कूपत्** द्वावपि प्रश्न-वितर्कप्रशंसासु । क्वचित् स्वरादावप्यधीतः । नयतेश्चिनोतेश्च विचि निपातनात् तागमे **नेत्, चेत्** द्वावपि प्रतिषेधविचार-समुच्चयेषु । नञ्पूर्वात् चिनोतेरेव पूर्ववद् **नचेत्** निषेधे । **चण्णि**ति-चशब्द एवायं णित् चेदर्थे पठ्यते, अयं च दास्यति, अयं चेद् दास्यतीत्यर्थः । केचित् तु "चण शब्दे" इत्यस्य विजन्तस्य रूपमिच्छन्ति, तत् तु न बुद्ध्यामहे । कुपूर्वाच्चिनोतेः क्विपि निपातनात् कद्भावे **कच्चित्** इष्टप्रश्ने ।

**અનુવાદ :-** "शश्वत्" અવ્યય સ્વરાદિ ગણપાઠમાં પણ આવી ગયો છે, એની વ્યુત્પત્તિ વગેરે બધું ત્યાં બતાવી દેવામાં આવ્યું છે. "शश्वत्" અવ્યયનો નિરંતર અર્થ થાય છે.

"પડવું" અર્થવાળો "पत्" ધાતુ પહેલાં ગણનો છે. "सु" ઉપસર્ગ પૂર્વક અને "कु" પૂર્વક "पत्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને ઘણું કરીને દીર્ઘવિધિ થતાં "सूपत्" અને "कूपत्" શબ્દ પ્રાપ્ત થશે. આ બંને અવ્યયોનો વેદોમાં પ્રયોગ જોવા મળે છે. આ બંને અવ્યયો પ્રશ્ન, વિતર્ક અને પ્રશંસા અર્થમાં છે. તર્ક અને વિતર્ક બંને એક જ અર્થવાળા છે. આ બંને અવ્યયો ક્યાંક સ્વરાદિમાં પણ કહેવાયા છે.

"લઈ જવું" અર્થવાળો "नी" ધાતુ પહેલા ગણનો છે તથા "સંગ્રહ કરવો" અર્થવાળો "चि" ધાતુ પાંચમા ગણનો છે. આ બંને ધાતુઓથી કર્તા અર્થમાં "क्विच्" પ્રત્યય થતાં તથા નિપાતનથી "त्"નો આગમ થતાં અનુક્રમે "नेत्" અને "चेत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ બંને અવ્યયો પ્રતિષેધ, વિચાર અને સમુચ્ચય અર્થમાં છે. "चेत् एवम् भवति" જો આ પ્રમાણે થાય છે. અહીં વિચાર અર્થમાં "चेत्" અવ્યય છે.

"नञ्" જેની પૂર્વમાં છે, એવા "चि" ધાતુથી પર પૂર્વની જેમ જ પ્રક્રિયા થઈને "चेत्" શબ્દની પ્રાપ્તિ થતાં "नचेत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नचेत्" અવ્યય નિષેધ અર્થમાં છે.

હવે "चण्" શબ્દ સંબંધી કથન કરે છે : "च" શબ્દ "ण्" ઇત્‌વાળો થતાં "चण्" શબ્દ પ્રાપ્ત થાય છે. અવ્યય તરીકે તો અહીં "च" જ છે. પરંતુ આ "च" સમુચ્ચય અર્થમાં વર્તમાન "च"થી ભિન્ન અર્થવાળો છે. "ण्" ઇત્‌વાળો "च" "चेत्" અર્થમાં છે. આથી "चण्"માં "णकार" અનુબંધ સ્વરૂપે સમજવો. "ण्" અનુબંધને કારણે આ "च"નો "चेत्" અર્થ થાય છે એ પ્રમાણે મહાભાષ્ય ઉપર ઉદ્યોતટીકા લખાઈ છે, તેમાં ટીકાકારે જણાવ્યું છે. જિજ્ઞાસુએ મહાભાષ્યનું (૮/૧/૩૦) સૂત્ર જોવું. (निपातैर्यद्यदिहन्त-कुविन्नेच्चेच्चण्कच्चिद्यत्रयुक्तम् ।). "अयम् च दास्यति" આ વાક્યમાં "च" અવ્યય આપ્યો છે, તેનો "चेत्" અર્થ કરવો. આથી ઉપરોક્ત વાક્યનો - "આ જો આપશે" - એ પ્રમાણે અર્થ થશે. કેટલાંક લોકો શબ્દ કરવા અર્થવાળા "चण्" ધાતુ સંબંધમાં આ અવ્યય પ્રાપ્ત થાય છે એવું કહે છે. તેમના મત પ્રમાણે

"चण् + विच्" પ્રત્યય (કર્તા અર્થમાં) થતાં "चण्" શબ્દ પ્રાપ્ત થાય છે. પરંતુ આવું સ્વરૂપ અમારી બુદ્ધિના વિષયભૂત થતું નથી.

"कु" જેની પૂર્વમાં છે એવા "चि" ધાતુથી પર "क्विप्" પ્રત્યય થતાં અને "कु"નો "कत्" ભાવ થતાં "कच्चित्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कच्चित्" અવ્યય ઈષ્ટપ્રશ્ન અર્થમાં છે. દા.ત. "कच्चित् निद्रावशं नैषि।" રામાયણમાં એક પ્રસંગ આવે છે. ત્યાં રામ રાજ્ય સોંપ્યા પછી ભરતને પૂછે છે : તમે રાજ્ય સંભાળ્યું છે તો નિદ્રાને વશ તો નથી થતાંને ? અહીંયા ભરત મહારાજાને આ પ્રશ્ન ઈષ્ટ છે. રામાયણમાં એક સર્ગ આખો જ "कच्चित्" અવ્યયના પ્રયોગો સંબંધી આવે છે. "कच्चित् त्वम् पठसि ?" શું તમે ભણો છો ? ગુરુ જ્યારે પોતાના શિષ્યને ભણતા જુએ ત્યારે આવો પ્રશ્ન પૂછે છે. તે સમયે શિષ્યને માટે આ ઈષ્ટપ્રશ્ન છે.

**(श०न्या०)** "यतैङ् प्रयत्ने" अतः "त्रट्" [उणा० ४४६.] इति त्रटि **यत्र** कालेऽधिकरणे। "णहींच् बन्धने" अतः "अः" [उणा० २.] इत्यप्रत्यये **नह** प्रत्यारम्भ-विषाद-प्रतिविधिषु। नह्यतेः मण्यादित्वादिकारे **नहि** अभावे। 'हनंक् हिंसा-गत्योः' अतः "दम्यमि-तमि०" [उणा० २००.] इत्यत्र बहुवचनात् ते **हन्त** प्रीति-विषाद-संप्रदानेषु। माङ्पूर्वान्नङ्पूर्वाच्च कायतेर्बाहुलकाद् डितीसि आकारलोपे "नञत्" [३.२.१२५.] इत्यत्वाभावे च **माकिस्, नकिस्,** द्वावपि निषेधे वर्जने च। "मांक् माने" अतः "डित्" [उणा० ६०५.] इत्याप्रत्यये आकारलोपे च **मा,** 'अङित् माशब्दो नास्ति' इत्यन्ये, ङिद्योगे **माङ्,** नह्यतेर्बाहुलकाद् डकारे **न,** ञिद्योगे च **नञ्,** एते सर्वेऽपि निषेधे।

**અનુવાદ :-** પ્રયત્ન કરવા અર્થવાળો "यत्" ધાતુ પહેલા ગણનો છે. આ "यत्" ધાતુથી "त्रट्" (उणादि० ૪૪૬) સૂત્રથી "त्रट्" પ્રત્યય થતાં "यत्र" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં "यत् + त्र" આ અવસ્થામાં એક "त्"નો લોપ થતાં "यत्र" શબ્દ પ્રાપ્ત થાય છે. "यत्र" અવ્યય કાળ સ્વરૂપ અધિકરણ અર્થમાં છે. દા.ત. "यत्र काले पर्जन्यो वर्षति" "यत्र"ના મનોરમા ટીકામાં અમર્ષ, ગર્હા, આશ્ચર્ય વગેરે અર્થો પણ બતાવ્યા છે.

બંધન અર્થવાળો "नह्" ધાતુ ચોથા ગણનો છે. આ "नह्" ધાતુથી "अः" (उणा० ૨) સૂત્રથી "अ" પ્રત્યય થતાં "नह" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नह" અવ્યય પ્રત્યારંભ, વિષાદ અને પ્રતિવિધિ અર્થમાં છે.

પાણિની વ્યાકરણમાં "नह प्रत्यारम्भे" (૮/૧/૩૧) સૂત્ર પ્રત્યારંભ અર્થ માટે આવે છે. કોઈક કાર્યને કરવા માટે પ્રેરિત વ્યક્તિને ઠપકો આપવા માટે પ્રતિષેધ યુક્ત વચન તે પ્રત્યારંભ છે. "नह भोक्ष्यसे ?" (શું તું ખાઈશ નહીં ?) અહીં પ્રશ્ન પૂછનારને એવું જણાવ્યું છે કે, પ્રેરિત

વ્યક્તિ ખાવાનો નથી, આથી ઠપકો આપવા માટે પ્રતિષેધ યુક્ત વચન બોલે છે. પાણિની વ્યાકરણમાં લખ્યું છે કે, "नह" અવ્યયનાં યોગમાં વર્તમાના વિભક્તિ અંતવાળું ક્રિયાપદ આવે ત્યારે અંતે અનુદાત્ત સ્વર ન થાય અર્થાત્ भोक्ष्यसे પદમાં અન્ત્ય એવો "ए" સ્વર ધીરેથી નથી બોલાતો એટલે કે ઊંચેથી બોલાય છે. બીજો પ્રયોગ આ પ્રમાણે છે : "नह अध्येष्यसे ?" (શું તું નહીં ભણે ?) અહીં સામેવાળો વ્યક્તિ ભણતો નથી માટે ઠપકા દ્વારા ઊંચે અવાજે આ કહેવાય છે. આ "नह" અવ્યય વિષાદ (દુઃખ) અર્થમાં પણ છે તથા પ્રતિવિધિ (નિરાકરણ) અર્થમાં પણ છે.

બંધન અર્થવાળો "नह्" ધાતુ ચોથા ગણનો છે. આ "नह्" ધાતુથી "पदि-पठि... मण्यादिभ्यः" (उणा० ६०७) સૂત્રથી "इकार" પ્રત્યય થતાં "नहि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नहि" અવ્યય અભાવ અર્થમાં છે.

હિંસા અને ગતિ અર્થવાળો "हन्" ધાતુ બીજા ગણનો છે. આ "हन्" ધાતુથી "दम्यमि-तमि..." (उणा० २००) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "त" પ્રત્યય થતાં "हन्त" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हन्त" અવ્યય પ્રીતિ, વિષાદ અને સંપ્રદાન અર્થમાં છે. પ્રીતિ એટલે પ્રસન્નતા, વિષાદ એટલે દુઃખ અને સંપ્રદાન એટલે આપવું અર્થ થાય છે. "हन्त पचति" આ વાક્યમાં "हन्त" અવ્યય પ્રીતિ અર્થમાં છે. કોઈ મનગમતી વ્યક્તિ રસોઈ કરતી હોય ત્યારે કોઈક વ્યક્તિ હર્ષ સાથે, તે રાંધે છે ! એવા શબ્દો બોલે છે. એવો પદાર્થ જણાવવા માટે અહીં "हन्त" અવ્યયનો પ્રયોગ થયો છે. "हन्त पचति" (તે રાંધે છે !) અહીં કોઈ અણગમતી વ્યક્તિ રસોઈ કરતી હોય છે ત્યારે "पचति" વાક્યનો પ્રયોગ કરનારને વિષાદ હોય છે. આથી વિષાદની અનુભૂતિમાંથી "हन्त पचति !"વાક્યનો પ્રયોગ કરાય છે.

હવે સંપ્રદાન અર્થમાં "हन्त" અવ્યયનો પ્રયોગ બતાવે છે - ભિક્ષા આપવાને "हन्तकार" કહેવાય છે. "भूः इयम् हन्तकारः" આ વાક્યનો અર્થ આ પ્રમાણે છે - આ પૃથ્વી જ તમારું દાન છે. પરશુરામે સંપૂર્ણ પૃથ્વીને જીતીને બ્રાહ્મણને (કાશ્યપને) આપી હતી. આથી એના સંદર્ભમાં ઉપરોક્ત વાક્ય છે.

શબ્દ કરવો અર્થવાળો "कै" ધાતુ પહેલા ગણનો છે. "माङ्" પૂર્વક "कै" ધાતુથી તેમજ "नञ्" પૂર્વક "कै" ધાતુથી "उणादि"નો "डित्" એવો "इस्" પ્રત્યય થાય છે. આથી "किस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ શબ્દ સાથે माङ् અને नञ् જોડાતાં અનુક્રમે "माकिस्" અને "नकिस्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ બંને અવ્યયો નિષેધ અને વર્જન અર્થમાં છે. "नकिस्" શબ્દમાં "नञत्" (૩/૨/૧૨૫) સૂત્રથી "नञ्" હોવાના કારણે "न" નો "अ" થયો નથી. "माङ्" અવ્યય "ङ्" ઇત્‌વાળો છે અને એકલો "मा" અવ્યય "ङ्" ઇત્ વગરનો છે. આથી કોઈક વાક્યમાં "ङ्"

ઈતવાળો "माङ्" આવશે ત્યારે "अड् धातोः..." (૪/૪/૨૯) સૂત્રથી અદ્યતની વગેરેના યોગમાં "अट्"નો આગમ થતો નથી, પરંતુ એકલો "मा" અવ્યય આવ્યો હોય તો "अट्"નો આગમ થશે.

"માપવું" અર્થવાળો "मा" ધાતુ બીજા ગણનો છે. આ "मा" ધાતુથી "डित्" (उणादि० ૬૦૫) સૂત્રથી "आ" પ્રત્યય થતાં અને "आकार"નો લોપ થતાં "मा" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "मा" શબ્દનો "ङित्"ના યોગમાં "माङ्" શબ્દ પ્રાપ્ત થાય છે.

કેટલાક લોકો "ङ" ઈત્ વગરનો "मा" શબ્દ માનતાં નથી. "नह्" ધાતુથી બહુલવચનથી "डकार" થતાં "न" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "न"ની સાથે ञित् જોડાશે તો "नञ्" શબ્દ પ્રાપ્ત થાય છે. मा, माङ्, न તથા नञ् બધા જ અવ્યયો નિષેધ અર્થમાં છે.

**(श०न्या०)** वातेः "लटि-खटि-खलि०" [उणा० ५०५.] इत्यत्र बहुवचनाद् वे **वाव** संबोधने। "तुंक् वृत्ति-हिंसा-पूरणेषु" ("णुक् स्तुतौ") इत्याभ्याम् "प्रह्वाऽऽह्वा-यह्वा०" [उणा० ५१४.] इति निपातनाद् वे आकारे गुणाभावे च **त्वाव**, **न्वाव**, वाति-तौति-नौतिभ्यः "संश्चद्वेहत्साक्षादादयः" [उणा०,८८२.] इति कति प्रत्यये आवागमे च **वावत्**, **त्वावत्**, **न्वावत्**, एते सर्वेऽपि अनुमान-प्रतिज्ञा-प्रैष-समाप्तिषु । तौतेर्बाहुलकाद् डितैकारे (ङित्यैकारे) वत्वे तुवादेशे च **त्वै तुवै**, नौतेः पूर्ववत् **न्वै नुवै** चत्वारोऽप्येते वितर्के पादपूरणे च। "रांक् दाने" अतः "रातेर्डैः" [उणा० ८६६.] इति डिदैकारे अन्तलोपे **रै** दाने दीप्तौ च। वातेर्बालहुकात् पूर्वेण डैप्रत्यये **वै** स्फुटार्थे ।

**અનુવાદ :-** "ગતિ" અને "પ્રયત્ન" અર્થવાળો "वा" ધાતુ બીજા ગણનો છે. આ "वा" ધાતુથી "लटि-खटि-खलि..." (उणा० ૫૦૫) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી व પ્રત્યય થતાં "वाव" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "वाव" અવ્યય સંબોધન અર્થમાં છે.

વૃત્તિ, હિંસા વગેરે અર્થમાં "तु" ધાતુ બીજા ગણનો છે તથા સ્તુતિ અર્થવાળો "नु" ધાતુ બીજા ગણનો છે. આ બંને ધાતુથી "प्रह्वाऽऽह्वा..." (उणा० ૫૧૪) સૂત્રથી નિપાતનથી "व" પ્રત્યય થતાં તથા "आकार" અને ગુણનો અભાવ થતાં "त्वाव" અને "न्वाव" શબ્દો પ્રાપ્ત થાય છે. બીજા ગણના "वा" ધાતુ, "तु" ધાતુ તેમજ "नु" ધાતુથી "संश्चद्वेहद्-साक्षादादयः" (उणा० ૮૮૨) સૂત્રથી "कत्" પ્રત્યય થતાં તેમજ "आव"નો આગમ થતાં "वावत्", "त्वावत्", "न्वावत्" શબ્દો પ્રાપ્ત થાય છે. "वाव", "त्वाव", "न्वाव", "वावत्", "त्वावत्" અને "न्वावत्" આ બધા જ અવ્યયો "અનુમાન", "પ્રતિજ્ઞા", "પ્રૈષ" તથા "સમાપ્તિ" અર્થમાં

છે. "પ્રૈષ" એટલે કોઈપણ કાર્ય માટે કોઈક જગ્યાએ કોઈકને મોકલવો પડે તો એવા અર્થને પ્રૈષ અર્થ કહેવાય છે. પ્રતિજ્ઞા વગેરે અર્થો સમજાઈ જાય એવા જ છે.

"तु" ધાતુથી બહુલવચનથી "ड" ઈત્‌વાળા "ऐकार" થતાં તથા "उ"નો "व्" તેમજ "उव्" આદેશ થતાં "त्वै" અને "तुवै" શબ્દ પ્રાપ્ત થાય છે તેમજ "नु" ધાતુથી પણ "ड्" ઈત્‌વાળો "ऐ" પ્રત્યય થતાં તથા પહેલાની જેમ જ "व्" તેમજ "उव्" આદેશ થતાં "न्वै" તેમજ "नुवै" શબ્દો પ્રાપ્ત થાય છે. આ ચારેય અવ્યયો વિતર્ક અને પાદપૂર્તિ અર્થમાં છે.

"આપવું" અર્થવાળો "रा" ધાતુ બીજા ગણનો છે. આ "रा" ધાતુથી "रातेर्डैः" (उणा० ८६६) સૂત્રથી "डित्" એવો "ऐकार" થતાં અન્તના "आ"નો લોપ થાય છે અને "रै" શબ્દની પ્રાપ્તિ થાય છે. આ "रै" શબ્દનો અર્થ "આપવું" તેમજ "પ્રકાશવું" થાય છે.

"वा" ધાતુથી પણ આગળનાની જેમ જ "डै" પ્રત્યય થતાં "वै" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "वै" અવ્યય પ્રગટ અર્થમાં છે. આ "वै" અવ્યયનો અર્થ સમજવા માટે એક શ્લોક જોઈએ.

"आत्मज्ञानम् समारंभः तितिक्षा धर्म नित्यता । विमर्थानपि कर्षन्ति च वै पण्डितः उच्यते ॥१॥"

"च वै पण्डितः उच्यते"નો અર્થ આ પ્રમાણે થશે : આત્મજ્ઞાન વગેરે વિશેષણવાળા પ્રગટપણે પંડિત કહેવાશે. આથી અહીં "वै" અવ્યય પ્રગટ અર્થમાં છે.

**( श०न्या० )** शृणोति-वाति-वष्टिभ्यो बाहुलकादटि प्रत्यये यथाक्रमं श्रौष्-वौष्-वषाऽऽदेशे च **श्रौषट्, वौषट्, वषट्,** देवहविर्दानादौ । "वट वेष्टने" अतो विचि बाहुलकादुपान्त्यस्य विकल्पेन दीर्घत्वे **वट् वाट्,** "विट शब्दे" अतो विचि गुणे च **वेट्,** एते त्रयोऽपि वियोगे वाक्यपादपूरणयोः । पटेर्णिगन्तात् क्विपि **पाट्,** अपिपूर्वादटेर्णिगन्तात् क्विपि निपातनादपिशब्द-स्याकारलोपे च **प्याट्** द्वावप्येतौ संबोधने । अत्र डकारं केचित् पठन्ति । "स्फट विशरणे" अतो बाहुलकात् क्विपि सकारलोपे च **फट्,** अस्यैव हुंपूर्वस्य **हुंफट्,** छमेर्विचि छम्, तत्पूर्वाद् वटेर्विचि **छंवट्,** एते त्रयोऽपि भर्त्सनसंबोधने । नञ्पूर्वाद् दधातेः "क्वचिद्" [५.१.१७१.] इति डे नञोऽत्वे च **अध** अधोऽर्थे । आङ्पूर्वादततेः क्विपि **आत्** कोप-पीडयोः ।

**અનુવાદ :-** "સાંભળવું" અર્થવાળો "श्रु" ધાતુ પાંચમા ગણનો છે. "વાવું" અર્થવાળો "वा" ધાતુ બીજા ગણનો છે. પ્રકાશવું તથા ઈચ્છવું અર્થવાળો "वश्" ધાતુ બીજા ગણનો છે. આ બધા જ ધાતુઓથી બહુલવચનથી "अट्" પ્રત્યય થતાં તેમજ અનુક્રમે "श्रौष्", "वौष्", "वष्" આદેશ થતાં "श्रौषट्", "वौषट्" અને "वषट्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ બધા અવ્યયો દેવને આહુતિ સ્વરૂપે દાન આપવાના અર્થમાં છે.

"વીંટાળવું" અર્થવાળો "वट्" ધાતુ પહેલા ગણનો છે. હવે આ "वट्" ધાતુથી "विच्" પ્રત્યય

થતાં તેમજ બહુલવચનથી ઉપાન્ત્યનો વિકલ્પે દીર્ઘ થતાં "वट्" અને "वाट्" શબ્દો પ્રાપ્ત થાય છે.

શબ્દ કરવો અર્થવાળો "विट्" ધાતુ પહેલા ગણનો છે. આ "विट्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં તેમજ ગુણ થતાં "वेट्" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં "वट्", "वाट्" તેમજ "वेट्" આ ત્રણેય અવ્યયોનો વિયોગ, વાક્યપૂર્તિ અને પાદપૂર્તિ અર્થ થાય છે.

"શોભવું" અર્થવાળો "पट्" ધાતુ દશમા ગણનો છે. આ "पट्" ધાતુ જ્યારે પ્રેરક પ્રયોગમાં હોય છે ત્યારે પ્રેરક એવા "पट्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "पाट्" શબ્દ પ્રાપ્ત થાય છે. તથા "अपि" જેની પૂર્વમાં છે તેમજ નિપાતનથી "अपि"ના "अ"નો લોપ થતાં "पि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पि" શબ્દથી પર "णिगन्त" એવા "अट्" ધાતુથી પર "क्विप्" પ્રત્યય થતાં "पि + आटि + क्विप्" આ અવસ્થામાં "णिग्" તેમજ "क्विप्"નો લોપ થતાં "प्याट्" શબ્દ પ્રાપ્ત થાય છે. "पाट्" તેમજ "प्याट्" આ બંને અવ્યયો સંબોધન અર્થમાં વપરાય છે. કેટલાક લોકો આ બંને શબ્દમાં 'ट्'ને બદલે 'ड्'નો બોધ કરે છે. આથી તેમના મતે "पाड्" અને "प्याड्" શબ્દો પ્રાપ્ત થશે. અર્થો તો બંને મતમાં સમાન જ છે.

"થાકી જવા" અર્થવાળો "स्फट्" ધાતુ પહેલા ગણનો છે. આ "स्फट्" ધાતુથી બહુલવચનથી "क्विप्" પ્રત્યય થતાં તેમજ "स्"નો લોપ થતાં "फट्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ જ "फट्" શબ્દની પૂર્વમાં "हुं" આવે તો "हुंफट्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ખાવું" તેમજ "જમવું" અર્થવાળો "छम्" ધાતુ પહેલા ગણનો છે. આ "छम्" ધાતુને "विच्" પ્રત્યય લાગતાં "छम्" શબ્દ પ્રાપ્ત થાય છે. તથા "छम्" જેની પૂર્વમાં છે તેવા "वट्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "छंवट्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "फट्" "हुंफट्" તેમજ "छंवट्" આ ત્રણેય અવ્યયો તિરસ્કાર કરવા પૂર્વક સંબોધન અર્થમાં છે.

"ધારણ કરવું" અર્થવાળો "धा" ધાતુ બીજા ગણનો છે. હવે "नञ्" જેની પૂર્વમાં છે એવા "धा" ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી ड् પ્રત્યય થતાં તેમજ "नञ्"નો "अ" થતાં "अध" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अध" અવ્યય "નીચે" એ પ્રમાણે અર્થમાં છે.

"आङ्" જેની પૂર્વમાં છે તેવા "अत्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "आत्" શબ્દ પ્રાપ્ત થાય છે. "आत्" અવ્યય પીડા અને કોપ અર્થમાં છે.

**( श०न्या० )** "स्वदि आस्वादने" अतः "मुचि-स्वदेर्ध च" [उणा० ६०२.] इत्याप्रत्यये दस्य धाऽऽदेशे च **स्वधा** पितृबलौ । सुपूर्वाद् "ब्रूंक् व्यक्तायां वाचि" इत्यतः "सोर्ब्रूग आह च" [उणा० ६०३.] इत्याकारे आहादेशे च **स्वाहा** हविर्दाने । **अलम्** इति स्वरादौ निरूपितम् ।

"चन शब्दे" "अः" [उणा० २.] इत्यकारे **चन** अप्यर्थे पादपूरणे च । हिनोतेः क्विपि ❋आगमशासनमनित्यम्❋ इति तागमाभावे च **हि** हेतावधारणे च । "अम गतौ" अतः "पथ-यूथ-गूथ-कुथ-तिथ-निथ-सूरथादयः" [उणा० २३१.] इति थे निपातनान्मकाराभावे च **अथ** मङ्गलानन्तरारम्भ-प्रश्न-कार्त्स्न्येषु । **ओमि**ति स्वरादौ पठितम् । अथ शब्दस्यैव निपातनादोकारे **अथो** अन्वादेशादौ ।

**અનુવાદ :-** "સ્વાદ લેવા" અર્થવાળો "स्वद्" ધાતુ પહેલા ગણનો છે. આ "स्वद्" ધાતુને "मुचि-स्वदेर्ध च" (उणा० ૬૦૨) સૂત્રથી आ પ્રત્યય થતાં અને "द्"નો "धा" આદેશ થતાં "स्वधा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "स्वधा" અવ્યયનો "આહુતિ આપવી" અર્થ છે. આહુતિ એટલે "ઘી" વગેરેને અગ્નિમાં નાખવું.

કહેવું અર્થવાળો "ब्रू" ધાતુ બીજા ગણનો છે. "सु" ઉપસર્ગ પૂર્વક "ब्रू" ધાતુથી "सोर्ब्रूग आह च" (उणा० ૬૦૩) સૂત્રથી आकार થતાં તેમજ "ब्रू" ધાતુનો "आह" આદેશ થતાં "स्वाहा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "स्वाहा" અવ્યય દેવોને આહુતિ આપવાના અર્થમાં છે.

"अलम्" અવ્યય "स्वरादि" ગણપાઠમાં કહેવાઈ ગયો છે. આ અવ્યય શણગારવું, પર્યાપ્ત અને નિષેધ અર્થવાળો છે.

"શબ્દ કરવો" અર્થવાળો "चन्" ધાતુ પહેલા ગણનો છે. આ "चन्" ધાતુથી "अः" (उणादि० २) સૂત્રથી "अकार" થતાં "चन" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "चन" અવ્યય "अपि" અર્થ અને પાદપૂર્તિ અર્થમાં છે. "कदाचन" બોલો કે "कदापि" બોલો બંને એક જ અર્થમાં છે.

"જવું" અને "મોકલવા" અર્થવાળો "हि" ધાતુ પાંચમા ગણનો છે. આ "हि" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "हि" શબ્દ પ્રાપ્ત થાય છે. ખરેખર તો "हि" શબ્દ હ્રસ્વસ્વરાન્ત હોવાથી "क्विप्" પ્રત્યય લાગતાં "त्"નો આગમ થવો જોઈએ, પરંતુ "आगमशासनम् अनित्यम्" ન્યાયથી અહીં "त्"નો આગમ થતો નથી. આથી "हि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हि" અવ્યય હેતુ-અર્થ અને અવધારણ અર્થમાં છે. "हि"નો"यस्मात्" અર્થ ઘણે ઠેકાણે જોવા મળે છે. જે "हि" શબ્દ હેતુ અર્થમાં છે એવું સૂચન કરે છે.

ગતિ અર્થવાળો "अम्" ધાતુ પહેલા ગણનો છે. આ "अम्" ધાતુથી "पथ-यूथ-गूथ..." (उणा० ૨૩૧) સૂત્રથી "थ" પ્રત્યય થતાં તથા નિપાતનથી मकारનો અભાવ થતાં "अथ" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अथ" અવ્યય મંગલ, અનન્તર, આરંભ, પ્રશ્ન અને સંપૂર્ણ અર્થમાં છે. "अथ पठिष्यामः ।" અમે આના પછી ભણશું. અહીં "अथ" અવ્યય અનન્તર અર્થમાં છે. "अथ स्वोपज्ञतत्त्वप्रकाशिकाभिधा बृहद्वृत्तिः" અહીં "अथ" અવ્યય આરંભમાં અર્થ છે. "अथ गच्छति"

તે જાય છે. અહીં "अथ" અવ્યય પૂર્ણતા અર્થમાં છે. "अथ एनम् व्याकरणम् अध्यापय।" અહીં અન્વાદેશ અર્થમાં "अथ" અવ્યય છે. एतद् સર્વનામનું દ્વિતીયા એકવચન અન્વાદેશ સ્વરૂપે છે.

"ओम्" એ અવ્યય સ્વરાદિ ગણપાઠમાં આવી ગયો છે.

"अथ" શબ્દમાં જ અન્ત્યનો નિપાતનથી "ओकार" થતાં "अथो" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अथो" અવ્યય અન્વાદેશ, પ્રારંભ વગેરે અર્થમાં છે.

**(શ૦ન્યા૦)** "णुक् स्तुतौ" अतो विचि गुणे च **नो** निषेधे। नौतेः "व्रियो हिक्" [उणा० ७१०.] इति बाहुलकाद् हौ गुणे च **नोहि** निषेधे। भातेर्भपूर्वाद् गमेः "अघुङ् गत्याक्षेपे" अतश्च "यमि-दमिभ्यां डोस्" [उणा० १००५.] इति बहुलवचनाद् डोसि प्रत्यये अङ्घेस्त्वन्त्यस्वरादि-लोपाभावे नलोपे च **भोस्, भगोस्, अघोस्**, अङ्घेरेव "द्यु-गमिभ्यां डोः" [उणा० ८६७.] इति बाहुलदाक् डोप्रत्यये परे अन्त्यस्वरादिलोपाभावे च **अङ्घो**, हंपूर्वात् केवलाद् नञ्पूर्वाद् आङ्पूर्वाद् उताङ्पूर्वाच्च जहातेः पूर्ववद् डोप्रत्ययः **हंहो, हो, अहो, आहो, उताहो** नवाप्येते संबुद्धौ।

**અનુવાદ :-** સ્તુતિ કરવા અર્થવાળો "नु" ધાતુ બીજા ગણનો છે. આ "नु" ધાતુથી "विच्" પ્રત્યય થતાં અને ગુણ થતાં "नो" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नो" અવ્યય નિષેધ અર્થમાં છે.

"સ્તુતિ કરવા" અર્થવાળા "नु" ધાતુથી પર "व्रियो हिक्" (उणादि० ૭૧૦) સૂત્રથી બહુલવચનથી "हि" પ્રત્યય અને ગુણ થતાં "नोहि" શબ્દ પ્રાપ્ત થાય છે. આ 'नोहि' અવ્યય નિષેધ અર્થમાં છે.

"શોભવું" અને "પ્રકાશવું" અર્થવાળો "भा" ધાતુ બીજા ગણનો છે. આ "भा" ધાતુથી તેમજ "भ" જેની પૂર્વમાં છે એવા "गम्" ધાતુથી તથા જલ્દી ચાલવું અર્થવાળા પહેલા ગણના "अघुङ्" ધાતુથી "यमि-दमिभ्याम् डोस्" (उणा० ૧૦૦૫) સૂત્રથી બહુલવચનથી "उणादि"નો "डोस्" પ્રત્યય થતાં "भोस्" અને "भगोस्" શબ્દ પ્રાપ્ત થાય છે તેમજ "अघुङ्" ધાતુમાં ઉદિતને કારણે "न्"નો આગમ થવાથી "अङ्घ्" ધાતુ થશે. હવે આ ધાતુથી "डोस्" પ્રત્યય થતાં અન્ત્ય સ્વરાદિનો લોપ થવાની પ્રાપ્તિ આવે છે તે થશે નહીં તથા "न्"નો લોપ થશે. આમ થવાથી "अघोस्" શબ્દની પ્રાપ્તિ થાય છે.

"अङ्घ्" ધાતુથી પર "द्यु-गमिभ्याम् डोः" (उणादि० ૮૬૭) સૂત્રથી બહુલવચનના સામર્થ્યથી "डो" પ્રત્યય થતાં અને અન્ત્ય સ્વરાદિના લોપનો અભાવ થતાં "अङ्घो" શબ્દ પ્રાપ્ત થાય છે.

"हम्" જેની પૂર્વમાં છે એવા "हा" ધાતુથી પહેલાની જેમ જ "डो" પ્રત્યય થતાં "हंहो" શબ્દ પ્રાપ્ત થાય છે.

માત્ર "हा" ધાતુથી પર પહેલાની જેમ જ "डो" પ્રત્યય થતાં "हो" શબ્દ પ્રાપ્ત થાય છે.

"नञ्" જેની પૂર્વમાં છે એવા "हा" ધાતુથી પર પહેલાની જેમ જ "डो" પ્રત્યય થતાં "अहो" શબ્દ પ્રાપ્ત થશે.

"आङ्" ઉપસર્ગ પૂર્વક "हा" ધાતુથી પર પહેલાની જેમ જ "डो" પ્રત્યય થતાં "आहो" શબ્દ પ્રાપ્ત થાય છે.

"उताङ्" જેની પૂર્વમાં છે એવા "हा" ધાતુથી પર પહેલાની જેમ "डो" પ્રત્યય થતાં "उताहो" શબ્દ પ્રાપ્ત થાય છે.

ઉપર જણાવેલા "भोस्", "भगोस्", "अघोस्" પછી "अङ्घो" "हंहो", "हो", "अहो", "आहो", "उताहो" આ નવે અવ્યયો સંબોધન અર્થમાં છે.

**(श०न्या०)** जहातेः "डित्" [उणा० ६०५.] इति डित्याप्रत्यये **हा** विषाद-शोकार्तिषु। जहातेः "वातात् प्रमः कित्" [उणा० ७१३.] इति बाहुलकादीकारे ही विस्मये। हिनोतेर्विचि गुणे च **हे**, हिनोतेरेव बाहुलकाद् डैप्रत्यये **है**, एकारे प्रत्यये गुणे च **हये**, एतेः "स्वरेभ्य इः" [उणा० ६०६.] इति इप्रत्यये **अयि**, अस्यैव बाहुलकादेकारे **अये**, अर्तेः "ऋच्छि-चटि-वटि-कुटि०" [उणा० ३९७.] इति सूत्रेण अरप्रत्यये गुणे बाहुलकादेकारान्तत्वे च **अररे**, अमेः "गम्यमि-रम्यजि०" [उणा० ९२.] इति गे **अङ्ग**, रीयतेर्विचि **रे**, नञ्पूर्वस्यास्यैव विचि **अरे**, "वींक् प्रजनादौ" नञ्पूर्वादतो विचि **अवे**, द्वादशैतेऽनुशय-संबोधनयोः। नञ्पूर्वान्नौतेः क्विपि निपातनात् तागमाभावे **ननु** विरोधोक्तौ अनन्वयादौ च।

**અનુવાદ :-** "हा" ધાતુથી "डित्" (उणा० ૬૦૫) સૂત્રથી "ड्" ઇત્ વાળો "आ" પ્રત્યય થતાં "हा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हा" અવ્યય વિષાદ, શોક અને પીડા અર્થમાં છે.

બીજા ગણના "हा" ધાતુથી "वातात् प्रमः कित्" (उणादि० ૭૧૩) સૂત્રથી બહુલ અધિકારથી "ईकार" થતાં "ही" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં "इडेत्पुंसि चाऽऽतो लुक्" (૪/૩/૯૪) સૂત્રથી "आ"નો લોપ થતાં "ही" શબ્દ પ્રાપ્ત થાય છે. "ही" અવ્યય વિસ્મય અર્થમાં છે. દા.ત. "ही विचित्रो विपाकः।"

પાંચમા ગણના "हि" ધાતુથી પર "विच्" પ્રત્યય થતાં તેમજ ગુણ થતાં "हे" શબ્દ પ્રાપ્ત થાય છે.

પાંચમા ગણના "हि" ધાતુથી પર બહુલવચનથી "डै" પ્રત્યય થતાં "है" શબ્દ પ્રાપ્ત થાય છે. તથા આ જ "हि" ધાતુથી પર "ए" પ્રત્યય થતાં તેમજ ગુણ થતાં "हये" શબ્દ પ્રાપ્ત થાય છે.

બીજા ગણના "इ" ધાતુથી પર "स्वरेभ्यः इः" (उणादि० ૬૦૬) સૂત્રથી "इ" પ્રત્યય થતાં "अयि" શબ્દ પ્રાપ્ત થાય છે.

આ જ "इ" ધાતુથી પર બહુલ અધિકારથી "ए" પ્રત્યય થતાં "अये" શબ્દ પ્રાપ્ત થાય છે.

ત્રીજા ગણના "ऋ" ધાતુથી "ऋच्छि-चटि..." (उणादि० ૩૯૭) સૂત્રથી "अर" પ્રત્યય થતાં તેમજ ગુણ થતાં અન્તમાં ઘણું કરીને "एकार" થતાં "अरे" શબ્દ પ્રાપ્ત થાય છે.

"अम्" ધાતુથી गम्यमि-रमि... (उणादि० ૯૨) સૂત્રથી "ग" પ્રત્યય થતાં "अङ्ग" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ઝરવું, ટપકવું" અર્થવાળો "री" ધાતુ ચોથા ગણનો છે. આ "री" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "रे" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "रे"ની પૂર્વમાં "नञ्" આવે તો "अरे" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ગર્ભ ગ્રહણ કરવો" અર્થવાળો "वी" ધાતુ બીજા ગણનો છે. "नञ्" જેની પૂર્વમાં છે એવા "वी" ધાતુથી પર "विच्" પ્રત્યય થતાં "अवे" શબ્દ પ્રાપ્ત થાય છે.

અહીં ઉપર બાર અવ્યયો બતાવવામાં આવ્યા તે આ પ્રમાણે છે. हे, है, हये, अयि, अये, अररे, अङ्ग, रे, अरे, अवे તથા અગાઉ જણાવેલ हा અને ही એ પ્રમાણે બારેય અવ્યયો પશ્ચાત્તાપ અને સંબોધન અર્થમાં છે.

"नञ्" જેની પૂર્વમાં છે એવા બીજા ગણના "नु" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તથા નિપાતનથી "त्" આગમનો અભાવ થતાં "ननु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "ननु" શબ્દ વિરોધનું કથન કરવા અર્થમાં છે તથા વાદવિવાદ સ્વરૂપ ચર્ચામાં પ્રતિવાદીનો મત રજૂ કરતાં વાક્યના આરંભમાં મૂકાય છે. દા.ત. "ननु अचेतनानि एव वृश्चिकादिशरीराणि" અહીં વીંછી વગેરેના શરીરો ખરેખર અચેતન છે ? આ વાક્યમાં પ્રતિવાદીની વિરોધ-ઉક્તિ જણાય છે. "ननु" સંબંધ અર્થમાં પણ આવે છે તેમજ આદિથી પ્રશ્નવાચક અર્થ પણ છે. દા.ત. "ननु समाप्तकृत्यो गौतमः ?" શું ગૌતમે કામ પૂરું કર્યું ? અવધારણ અર્થમાં પણ "ननु" અવ્યય આવે છે. દા.ત. "त्रिलोकनाथेन मखद्विषः ननु नियम्याः ।" (ત્રિલોકનાથે યજ્ઞનો દ્વેષ કરનારનું અવશ્ય નિયમન કરવું જોઈએ.) આ "ननु" અવ્યય સંબોધન અર્થમાં પણ આવે છે. "ननु मानव !" (હે ! માનવ.) પ્રાર્થના અર્થમાં પણ "ननु" અવ્યય આવે છે. દા.ત. "ननु माम् प्रापय पत्युरन्तिकम् ।" (કૃપા કરીને તમે મને પતિ પાસે પહોંચાડો.)

**(श०न्या०) शुकम्, सुकम्, नुकम्, हिकम्, नहिकम्** स्वादिपूर्वात् कमेः "गमि-जमि-क्षमि-कमि-शमि-समिभ्यो डित्" [उणा० १३७.] इति डिदम्, पञ्चैते प्रत्याख्याने । अवतेः "अवेर्मः" [उणा० १३३.] इति मे "मव्यविश्रिवि०" [४/१/१०९] इत्यूटि कृते निपातनाद्

गुणाभावे **ऊम्** प्रश्ने । जुहोतेः क्विप निपातनान्मन्तत्वम् **हुम्** भर्त्सने । कौतेः पूर्ववत् **कुम्** प्रश्ने । वयतेः क्विपि य्वृति निपातनाद् ञिद्योगे च **उञ्** अस्ति सत्त्वे रुषोक्तौ च । "सुं प्रसवैश्वर्ययोः" पूर्ववत् **सुञ्** । **कम्** इति स्वरादौ ज्ञातव्यम् । "हम्म गतौ" अतः क्विपि निपातनान्मलोपे च **हम्** रोषानुकम्पादौ । कौति (कौतेः) "कोर्डिम्" [उणा० ९३९.] इति डिमि **किम्** प्रश्ने वितर्के च ।

**અનુવાદ :-** "कम्" ધાતુથી "गमि-जमि-क्षमि..." (ઉણાદિ૦ ૯૩૭) સૂત્રથી "डित्" એવો अम् પ્રત્યય થાય છે, આથી "कम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कम्" શબ્દની પૂર્વમાં "शु", "सु", "नु", "हि" તથા "नहि" શબ્દો થતાં અનુક્રમે "शुकम्", "सुकम्", "नुकम्", "हिकम्" તેમજ "नहिकम्" એ પ્રમાણે પાંચ શબ્દો પ્રાપ્ત થાય છે. આ પાંચેય અવ્યયો ખંડન કરવા અર્થમાં છે.

"अव्" ધાતુથી "अवेर्मः" (ઉણાદિ૦ ૯૩૩) સૂત્રથી "म्" પ્રત્યય થાય છે. "अव् + म्" આ અવસ્થામાં "मव्यविश्रिवि..." (૪/૧/૧૦૯) સૂત્રથી "व्"નો "ऊट्" થતાં તથા નિપાતનથી ગુણનો અભાવ થતાં "ऊम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "ऊम्" અવ્યય પ્રશ્ન અર્થમાં છે.

"હોમવું" અર્થવાળો "हु" ધાતુ ત્રીજા ગણનો છે. આ "हु" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને નિપાતનથી "म्" અંતપણું થતાં "हुम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "हुम्" અવ્યય તિરસ્કાર કરવો અર્થમાં છે.

"कु" ધાતુથી (બીજા ગણનો) પહેલાની જેમ જ "क्विप्" પ્રત્યય અને "म्" અંતપણું થતાં (નિપાતનથી) "कुम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कुम्" અવ્યય પ્રશ્ન અર્થમાં છે.

"વીટવું" અર્થવાળો "वे" ધાતુ પહેલા ગણનો છે. આ "वे" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તથા "य्वृत्" થતાં "उ" પ્રાપ્ત થાય છે. હવે નિપાતનથી "ञ्" થતાં "उञ्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "उञ्" અવ્યય "દ્રવ્ય વિદ્યમાન છે" તથા "રોષથી કથન કરવું" અર્થમાં છે.

"પ્રસવ" અને "ઐશ્વર્ય" અર્થવાળો "सु" ધાતુ પહેલા ગણનો છે. આ "सु" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને "ञ्" થતાં "सुञ्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सुञ्" અવ્યય "उञ्"ના અર્થવાળો થશે.

"कम्" અવ્યય સ્વરાદિ-ગણપાઠમાંથી જાણવા યોગ્ય છે.

ગતિ અર્થવાળો "हम्म्" ધાતુ પહેલા ગણનો છે. આ ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને નિપાતનથી "म्"નો લોપ થતાં "हम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हम्" અવ્યય ગુસ્સો કરવો તથા અનુકંપા સ્વરૂપ અર્થમાં છે.

શબ્દ કરવો-અર્થવાળો "कु" ધાતુ બીજા ગણનો છે. આ "कु" ધાતુથી "कोर्डिम्" (उणादि० ૯૩૯) સૂત્રથી "डिम्" પ્રત્યય થતાં "किम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "किम्" અવ્યય પ્રશ્ન અને વિતર્ક અર્થમાં છે. આ અવ્યયના ઉદાહરણો આ પ્રમાણે છે : (૧) "लोभश्चेद् गुणेन किम् ?" (જો લોભ છે ત્યાં ગુણથી શું ફાયદો ?) અહીં "किम्" અવ્યય ફાયદા અર્થમાં છે. હવે પ્રશ્ન અર્થમાં "किम्" અવ્યયનું ઉદાહરણ બતાવે છે - (૨) "तत्रैव चपले किं न प्रलयं गतासि ?" હે ચપલા (સ્ત્રી) ! તું ત્યાં જ નષ્ટ કેમ ન થઈ ? વિતર્ક અર્થ આગળ અમે બીજા અવ્યય સંબંધોમાં જણાવી ગયા છીએ, માટે અહીં તે અર્થની સમજ જણાવી નથી.

**( श०न्या० )** हिनोतेः "कोर्डिम्" इति बाहुलकाद् डिम् **हिम्** संभ्रम-भर्त्सनयोः । "अदंक् भक्षणे" क्विपि **अद्** विस्मये । "कदु रोदनाऽऽह्वानयोः" क्विपि निपातनाद् नलोपे च **कद्** कुत्सायाम् । "यजीं देवपूजादौ" "तनूयी विस्तारे" आभ्यां डदि प्रत्यये **यद्, तद्** हेत्वर्थ-वाक्योपन्यासयोः । एतेः क्विपि तागमे निपातनाद् दत्वे च **इद्** अपूर्व एवार्थे ईषदर्थे च । चिनोतेरिद्वत् **चिद्** प्रश्नाऽवधारणयोः । कुपूर्वादेतेः क्विपि तागमे गणपाठाद् दत्वे च क्विद् भर्त्सनपादपूरणयोः । "ष्विदांच् गात्रप्रक्षरणे" क्विपि **स्विद्** विमर्शप्रश्नयोः । वयतेः "शी-री-भू-दू-मू०" [उणा० २०१.] इत्यत्र बहुवचनात् किति ते य्वृति च **उत** विकल्पे ।

**અનુવાદ :-** "મોકલવું" અર્થવાળો "हि" ધાતુ પાંચમા ગણનો છે. આ "हि" ધાતુથી "कोर्डिम्" (उणादि० ૯૩૯) સૂત્રથી બહુલવચનથી "डिम्" પ્રત્યય થતાં "हिम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "हिम्" અવ્યય સંભ્રમ (ગભરાહટ) તથા ધમકાવવું અર્થમાં છે.

ખાવું અર્થવાળો "अद्" ધાતુ બીજા ગણનો છે. આ "अद्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "अद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अद्" અવ્યય વિસ્મય અર્થમાં છે. "अद्भुतम्" આ અવ્યય "भुतम्" શબ્દની સાથે જોડાયો છે. એનો અર્થ આશ્ચર્યજનક થાય છે.

રડવું અને બોલાવવું અર્થવાળો "कद्" ધાતુ પહેલા ગણનો છે. આ "कद्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તેમજ ઉદિત ધાતુ હોવાને કારણે પ્રાપ્ત થયેલા "न्"નો લોપ થતાં "कद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "कद्" અવ્યય નિંદા અર્થમાં છે. દા.ત. "कदश्व" (ખરાબ ઘોડો.)

દેવ-પૂજા અર્થવાળો "यज्" ધાતુ પહેલા ગણનો છે તથા વિસ્તારવું અર્થવાળો "तन्" ધાતુ આઠમા ગણનો છે. આ બંને ધાતુથી "डद्" પ્રત્યય થતાં અનુક્રમે "यद्" અને "तद्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ બંને અવ્યયો હેતુ અર્થ અને વાક્યની રજૂઆત કરવાના અર્થમાં વપરાય છે. દા.ત. "यद् एवम् अस्ति तद् तु तथास्ति" જે આ પ્રમાણે છે તે તે પ્રકારે છે. અહીં બે અવ્યયો વાક્યો રજૂ કરતા હોવાથી જે બે વાક્યોને રજૂ કરવા સ્વરૂપ છે તે વાક્ય ઉપન્યાસ કહેવાય છે.

"राजपुत्रा वयम् तद् विग्रहम् श्रोतुम् नः कुतूहलम् अस्ति" (અમે રાજપુત્રો છીએ તે કારણે યુદ્ધ વિશે સાંભળવાનું અમને કુતૂહલ છે.) અહીં "तद्" અવ્યય હેતુ અર્થમાં આવ્યો છે. જેથી અર્થમાં પણ "यद्" અવ્યય આવે છે. "किम् शक्यम् कर्तुम् यन्न क्रुध्यते नृपः ?" (શું કરી શકાય જેથી રાજા ગુસ્સે ન થાય ?) વાક્ય ઉપન્ન્યાસનું બીજું ઉદાહરણ બતાવાય છે. "किम् त्वम् मत्तोऽसि यदेवम् असंबद्धम् प्रलपसे ?" (શું તું પાગલ છે, જે આ પ્રમાણે અસંબદ્ધ બોલે છે ?)

"इ" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તથા "त्"નો આગમ થતાં તેમજ નિપાતનથી "द्" થતાં "इद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "इद्" અવ્યય "અપૂર્વ, અવધારણ અને ઈષદ્" અર્થમાં વપરાય છે.

"સંગ્રહ કરવા" અર્થવાળો "चि" ધાતુ પાંચમા ગણનો છે. આ "चि" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તેમજ નિપાતનથી "त्" આગમનો "द्" થતાં "चिद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "चिद्" અવ્યય પ્રશ્ન અને અવધારણ અર્થમાં છે.

"इ" ધાતુ બીજા ગણનો છે. આ "इ" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "त्"નો આગમ થાય છે અને ગણપાઠથી "त्"નો "द्" થતાં "इद्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "कु" જેની પૂર્વમાં છે તેવો "इद्" શબ્દ થતાં "क्विद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "क्विद्" અવ્યય નિંદા અને પાદપૂરણ અર્થમાં છે.

"પરસેવો છૂટવો" અર્થવાળો "स्विद्" ધાતુ ચોથા ગણનો છે. આ "स्विद्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "स्विद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "स्विद्" અવ્યય વિચારવું અને પ્રશ્ન અર્થમાં છે. આ "स्विद्" અવ્યય "किम्" તથા અન્ય અવ્યયોની પાછળ લાગે છે અને પ્રશ્ન પૂછવા માટે કે શંકા તથા અનિશ્ચયનો અર્થ આપે છે. દા.ત. "किंस्वित्" "आहोस्वित्" એ જ પ્રમાણે અગાઉ જે "चित्" અવ્યય આવ્યો તે પણ "किम्" સર્વનામના અન્તે જોડાય છે, જેથી "किञ्चित्" "कश्चित्" વગેરે પ્રયોગો જોવા મળશે. તે પણ અનિશ્ચયનો અર્થ આપે છે.

"વણવું" અર્થવાળો "वे" ધાતુ પહેલા ગણનો છે. આ "वे" ધાતુથી "शी-री-भू-दू-मू..." (उणादि० २०१) સૂત્રથી બહુવચનથી "कित्" એવો "त" પ્રત્યય થતાં અને "य्वृत्" થતાં "उत" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "उत" અવ્યય વિકલ્પ અર્થમાં છે.

**( श०न्या० )** "वनूयी याचने" अतोऽपि पूर्ववत् ते 'यमि-रमि-नमि०' [४.२.५५.] इति नलोपे च **बत** खेदा-ऽनुकम्पा-संतोष-विस्मया-ऽऽमन्त्रणेषु । एतेः "निघृषी०" [उणा० ५१९.] इत्यत्र बहुवचनाद् वप्रत्यये **इव** उपमाऽवधारणयोः । तौतेः क्विपि निपातनात् तागमाभावे **तु** विशेषणपादपूरणयोः । नौतेः पूर्ववत् **नु** वितर्के पादपूरणे च । यत्पूर्वाच्चिनोतेः "क्वचिद्"

[५.१.१७१.] इतिं डे **यच्च** वाक्यान्तरोपक्रमे । "कचि दीप्तौ" अतः "बिदन-गगन-गहनादयः" [उणा० २७५.] इति निपातनादने **कच्चन** क्वचिदर्थे । किंपूर्वाद् वयतेः पूर्ववत् किति ते **किमुत** विकल्पे । "किल श्वैत्यक्रीडनयोः" "नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः कः" [५.१. ५४.] इति के **किल** संप्रश्नवार्तयोः । किंपूर्वात् किलेः **किङ्किल** किलार्थे ।

**અનુવાદ :-** "માંગવું" અર્થવાળો "वन्" ધાતુ આઠમા ગણનો છે. આ "वन्" ધાતુથી પહેલાની જેમ જ (उणादि० २०१) સૂત્રથી "त" પ્રત્યય થતાં તેમજ "यमि-रमि-नमि..." (૪/૨/૫૫) સૂત્રથી "न्"નો લોપ થતાં "बत" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં ખરેખર ધાતુમાં "व" હતો, પરંતુ અહીં "ब" થયો છે. એ "ब" અને "व"ને અભેદ માનીને કરાયો છે તેમ જાણવું. આ "बत" અવ્યય ખેદ, અનુકંપા, સંતોષ, વિસ્મય, સંબોધન વગેરે અર્થોમાં છે.

સૌ પ્રથમ ખેદ અર્થનું ઉદાહરણ જણાવીએ છીએ - "अहो बत महत्पापम् कर्तुम् व्यवसिता वयम् ।" (અરેરે ! ખેદની વાત છે કે, અમે મોટું પાપ કરવા લાગ્યા છીએ.) અનુકંપા અર્થનો પ્રયોગ આ પ્રમાણે છે : "क्व बत हरिणकानाम् जीवितं चातिलोलम् ?" (ક્યાં બિચારાં હરણોનું અતિચંચળ જીવન ?) હવે સંબોધન અર્થનો પ્રયોગ બતાવીએ છીએ : "बत वितरत तोयम् तोयवाहाः" (હે વાદળો ! તમે પાણી વરસાવો.) હવે વિસ્મય અર્થનું ઉદાહરણ બતાવીએ છીએ : "अहो ! बत महत् चित्रम् ।" (અરે ! ખરેખર મોટું આશ્ચર્ય છે.) હવે સંતોષ અર્થવાળો बत અવ્યયનો પ્રયોગ બતાવીએ છીએ : "अहो ! बत असि स्पृहणीयवीर्यः" હાશ ! તમે સ્પૃહા કરવા યોગ્ય બળવાળા છો.

"इ" ધાતુથી "निघृषी..." (उणादि० ५११) સૂત્રથી બહુલવચનના સામર્થ્યથી "व" પ્રત્યય થતાં "इव" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "इव" અવ્યય ઉપમા અને અવધારણ અર્થમાં છે. "संसारोऽर्णव इव" (સંસાર સમુદ્ર જેવો છે.) "अयम् चौर इव आभाति" (આ ચોર જ લાગે છે.)

બીજા ગણના "तु" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને નિપાતનથી "त्" આગમનો અભાવ થતાં "तु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "तु" શબ્દ વિશેષણ અને પાદપૂર્તિ અર્થમાં છે. તેમાં વિશેષણ સ્વરૂપ અર્થનો પ્રયોગ બતાવીએ છીએ - "रामो मर्यादापुरुषोत्तमोऽस्ति रावणस्तु न ।" (રામ એ મર્યાદા પુરુષોત્તમ છે, પરંતુ રાવણ નથી.) અહીં વિશેષણ અર્થ એટલે ભેદક અર્થ થશે. રામથી રાવણને મર્યાદાપુરુષોત્તમ ન હોવા તરીકે ભિન્ન કર્યા, આ વસ્તુ "तु" અવ્યય દ્વારા જણાઈ.

સ્તુતિ કરવી અર્થવાળો "नु" ધાતુ બીજા ગણનો છે તથા આ "नु" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તેમજ નિપાતનથી "त्" આગમનો અભાવ થતાં "नु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नु"

અવ્યય પાદપૂર્તિ અને વિતર્ક અર્થમાં છે. વિતર્ક અર્થનું ઉદાહરણ આ પ્રમાણે છે - "स्वप्नो नु माया नु मतिभ्रमो नु ?" (શું આ સ્વપ્ન હતું, માયા હતી કે મતિભ્રમ હતો ?) ઘણીવાર આ અવ્યય પ્રશ્નવાચક અર્થનામો સાથે જોડાઈને સંભાવના સૂચવે છે. દા.ત. "कथम् नु गुणवद् विन्देयं कलत्रम् ?" (હું કેવી રીતે ગુણવાન પત્નીને મેળવું ?)

પાંચમા ગણના "चि" ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં તેમજ "यत्" પૂર્વમાં આવતાં "यच्च" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यच्च" અવ્યય અન્ય વાક્યનો આરંભ કરવા માટેના અર્થમાં છે. દા.ત. "रामः मोक्षं गतः यच्च मह्यम् बहु रोचते ।" (રામ મોક્ષમાં ગયા જે મને બહુ ગમે છે.)

"પ્રકાશવું" અર્થવાળો "कच्" ધાતુ પહેલા ગણનો છે. આ "कच्" ધાતુથી "बिदन-गगन-गहनादयः" (उणादि० २७५) સૂત્રથી નિપાતનથી "अन" પ્રત્યય થતાં "कच्चन" શબ્દ પ્રાપ્ત થાય છે. "कच्चन अस्ति" (કોઈક સ્થાનમાં તે છે.) અહીં "कच्चन" અવ્યય કોઈક સ્થાનમાં (ક્વચિત્) અર્થમાં છે.

"वे" ધાતુથી "कित्" એવો "त" પ્રત્યય થતાં "उत" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "उत" શબ્દ "किम्" સર્વનામપૂર્વક આવે તો "किमुत" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "किमुत" અવ્યય વિકલ્પ અર્થમાં છે. આ "किमुत" અવ્યય સંશય અને અનિશ્ચિતતા અર્થમાં પણ છે.

"किमुत" અવ્યય જેવા જ અર્થવાળો "किमु" અવ્યય પણ આવે છે. આ "किमुत" અવ્યયનો "હજી કેટલું વધારે" અર્થ પણ થાય છે. તેનું ઉદાહરણ આ પ્રમાણે છે :

"यौवनं, धनसम्पत्तिः, प्रभुत्वम्, अविवेकिता । एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥१॥"

"યૌવન, ધનસંપત્તિ, સત્તા અને અવિવેકીપણું - એક એક પણ અનર્થ માટે થાય છે, તો જ્યાં ચારનું (સમકાલીનપણું હોય) તેનું તો પૂછવું જ શું ?"

"सर्वाविनयानामेकैकमप्येषामायतनं किमुत समवायः" - આ ગદ્ય કાદંબરીનું છે, જે ઉપરના સંબંધવાળું જ છે. જે પ્રમાણે નવું યૌવન, સંપત્તિવાળાપણું વગેરે એક એક પણ બધા અવિનયોનું કારણ છે, તો પછી ચારેયનો સમૂહ તો શું ? અર્થાત્ અહીં "किमुत" અવ્યય અધિકતાનો ઘોતક છે.

"સફેદ હોવું" અને "રમવું" અર્થવાળો "किल्" ધાતુ પહેલા ગણનો છે. આ "किल्" ધાતુથી "नाम्युपान्त्य प्री-कृ-गृ-ज्ञः कः" (૫/૧/૫૪) સૂત્રથી "क" પ્રત્યય થતાં "किल" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "किल" અવ્યય પ્રશ્ન કરવો અર્થમાં તથા કોઈ પુરાણી વાર્તા કહેવી એવા અર્થમાં છે. વાર્તાનો અર્થ જુની વાતો કહેવી તે થાય છે. અમે વાર્તા અર્થનું ઉદાહરણ આપીએ છીએ : દા.ત. "जघान कंसं किल वासुदेवः" (કૃષ્ણએ કંસને માર્યા હતા.)

"किम्" સર્વનામ પૂર્વક ઉપરનો "किल" અવ્યય આવે તો "किङ्किल" શબ્દ પ્રાપ્ત થાય છે. આમ તો "किङ्किल" અવ્યય ઉપર બતાવેલા "किल" અવ્યયના અર્થમાં જ છે, છતાં પણ દુઃખ અને અસંતોષ અર્થ પણ તે બતાવે છે. "किंकिल" એટલે કેવું દુઃખકર છે. "न संभावयामि न मर्षयामि तत्र भवान् किंकिल वृषलं याजयिष्यति !" (હું વિચારી શકતો નથી. હું સહન નથી કરતો. કેવું દુઃખકર છે કે આપ ત્યાં શૂદ્ર પાસે યજ્ઞ કરાવશો !)

**(શ૦ન્યા૦) किंस्वित्, उदस्वित्, आहोस्वित्** किमादिपूर्वात् स्विदेः क्विपि उदोऽकारागमश्च, त्रयो प्येते प्रश्नवितर्क-विकल्पेषु । अहपूर्वाज्जहातेः "क्वचिद्" [५.१.१७१.] इति डे **अहह** अद्भुत-खेदयोः । नहपूर्वाद् वातेः "रातेर्डैः" [उणा० ८६६.] इति बाहुलकाड्डैः **नहवै**, वातेरेव नञ्पूर्वात् पूर्ववड्डैः **नवै** द्वावपि प्रत्याख्याने । नञ्पूर्वाद् वातेः "डित्" [उणा० ६०५.] इत्याप्रत्यये **नवा** विभाषायाम् । "अन श्वसक् प्राणने" अतः "स्था-च्छा-मा-सा०" [उणा० ३५७.] इति ये निपातनात् तकारे **अन्यत्** अन्यार्थः । अन्यपूर्वात् त्रायतेः "आतो डोऽह्वावामः" [५.१.७६.] इति डे **अन्यत्र** अन्याधिकरणे काले। शपतेः क्विपि "जपादीनां पो वः" [२.३.१०५.] इति पस्यैकत्र वत्वे **शव्, शप्** द्वावपि प्रतिग्रहे । अथपूर्वात् कौतेः "कोर्डिम्" [उणा० ९३९.] इति डिमि **अथकिम्** अङ्गीकारे ।

**અનુવાદ :-** "किम्" વગેરે પૂર્વક "स्विद्" ધાતુથી क्विप् પ્રત્યય થતાં તથા "उद्"માં "अकार"નો આગમ થતાં અનુક્રમે "किंस्विद्" "उदस्वित्" અને "आहोस्वित्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો પ્રશ્ન, વિતર્ક અને વિકલ્પ અર્થમાં આવે છે. દા.ત. "किंस्विद्" (કેવી રીતે ?) અહીં પ્રશ્ન અર્થમાં છે. "अद्रेः शृङ्गं हरति पवनः किंस्वित् ?" (શું પર્વત ઉપરથી પવન શીંગડાને હરે છે ?) અહીં પ્રશ્ન અર્થમાં "किंस्विद्" અવ્યય આવ્યો છે. "अहम् आहोस्वित् त्वम् कः शोभनः ?" (હું અથવા તો તું કોણ સારો છે ?) અહીં "आहोस्वित्" અવ્યય વિકલ્પ અર્થમાં છે.

"अह" જેની પૂર્વમાં છે એવા "हा" ધાતુથી પર "क्वचिद्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "अहह" શબ્દ પ્રાપ્ત થાય છે. "अहह" અવ્યય અદ્ભુત અને ખેદ અર્થમાં છે. "अहह ! कष्टमपण्डितता विधेः ।" ખેદની વાત છે ! વિધિનું મૂર્ખપણું એ કષ્ટ સ્વરૂપ છે. અહીં "अहह" અવ્યય ખેદ અર્થમાં આવ્યો છે. "अहह ! महताम् निस्सीमानश्चरित्रविभूतयः" અરે ! મોટાઓની ચરિત્ર સ્વરૂપ સંપતિ (આચરણ સ્વરૂપ સંપત્તિ) અપરિમિત છે. અહીં "अहह" અવ્યય અદ્ભુત અર્થમાં આવ્યો છે.

"नह" પૂર્વક "वा" ધાતુથી પર "रातेर्डैः" (ઉણા૦ ૮૬૬) સૂત્રથી બહુલ વચનથી "डै" પ્રત્યય થતાં "नहवै" શબ્દ પ્રાપ્ત થાય છે.

જો પૂર્વપદમાં "नह"ને બદલે "नञ्" આવે તો "नवै" શબ્દ પ્રાપ્ત થાય છે. "नहवै" તથા "नवै" આ બંને અવ્યયો પ્રત્યાખ્યાન અર્થમાં છે. પ્રત્યાખ્યાનનો અર્થ "પ્રતિકથન" થાય છે.

"वा" ધાતુથી "डित्" (उणादि० ૬૦૫) સૂત્રથી "आ" પ્રત્યય થતાં "वा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "वा" શબ્દ જો "नञ्" પૂર્વક આવે તો "नवा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नवा" શબ્દ વિભાષા અર્થમાં છે.

"જીવવું" અર્થવાળો "अन्" ધાતુ બીજા ગણનો છે. આ "अन्" ધાતુથી "स्था-च्छा-मा-सा०" (उणादि० ૩૫૭) સૂત્રથી "य" પ્રત્યય થતાં તથા નિપાતનથી "तकार" થતાં "अन्यत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अन्यत्" અવ્યય અન્ય (બીજા) અર્થમાં છે.

"રક્ષણ કરવું" અર્થવાળો "त्रै" ધાતુ પહેલા ગણનો છે. આ "त्रै" ધાતુથી "आतो डोऽह्वावामः" (૫/૧/૭૬) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "त्र" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "अन्य" જેની પૂર્વમાં છે એવા ઉપરોક્ત "त्र" શબ્દથી "अन्यत्र" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अन्यत्र" અવ્યય, કાળ સ્વરૂપ અન્ય અધિકરણમાં છે.

"સોગંદ ખાવાં" અર્થવાળો "शप्" ધાતુ પહેલા ગણનો છે. આ "शप्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં તથા "जपादीनाम् पो वः" (૨/૩/૧૦૫) સૂત્રથી "प्"નો એક સ્થાનમાં "व्" થતાં અનુક્રમે "शव्" તેમજ "शप्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ બંને અવ્યયો ગ્રહણ કરવું અર્થમાં છે. દાનમાં આપવાનું હોય છે, જ્યારે પ્રતિગ્રહમાં આપવાથી વિરુદ્ધ ગ્રહણ કરવાનું હોય છે.

"अथ" જેની પૂર્વમાં છે એવા "શબ્દ કરવો" અર્થવાળા બીજા ગણના "कु" ધાતુથી "कोर्डिम्" (उणादि० ૯૩૯) સૂત્રથી "डिम्" પ્રત્યય થતાં "अथकिम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अथकिम्" અવ્યય સ્વીકારવું અર્થમાં છે. "अथकिम् त्वम् पृच्छसि ?" (હા, બીજું શું તમે પૂછો છો ?) અર્થાત્ એક વસ્તુ સ્વીકારવામાં આવી છે, ત્યારબાદ આ વાક્યનો પ્રયોગ થયો હોવાથી આ અવ્યય સ્વીકારવા અર્થમાં છે.

**(श०न्या०)** "विष्लृंकी व्याप्तौ" अतः "पृ-का-हृषि-घृषि०" [उणा० ७२९.] इत्यत्र बहुवचनात् कित्युकारे **विषु** नानात्वे । पटेः क्विपि **पट्** पाटवे । स्पशेः सौत्रात् "स्पशि-भ्रस्जेः स्लुक्च" [उणा० ७३१.] इत्युप्रत्यये सकारलोपे च **पशु** दृश्यर्थे । "खल संचये" इत्यतः "भृ-मृ-तृ-त्सरि०" [उणा० ७१६.] इत्यत्र बहुवचनादुप्रत्यये **खलु** निषेध-वाक्यालङ्कार-जिज्ञासा-ऽनुनयेषु । यत्पूर्वादितेः क्विपि अनित्यत्वात् तागमाभावे यदि, तत्पूर्वाच्च नमेर्घत्रि **यदिनाम** पक्षान्तरे । यत्पूर्वात् प्रतिपूर्वाच्च वयतेः किति ते प्रत्यये य्वृति च **यदुत**

पराशयप्रकाशनादौ, **प्रत्युत** उक्तवैपरीत्ये । यत्पूर्वादतेः "डित्" [उणा० ६०५.] इति डाप्रत्यये **यदा** देशाद्यधिकरणे । 'जैं क्षये' अतः "कृ-सि-कम्यमि-गमि०" [उणा० ७७३.] इत्यत्र बहुवचनात् तुप्रत्यये **जातु** अवधारण-पादपूरणयोः । **यदि** इति यदिनाम इत्यत्र साधितः, अर्थोऽपि स एव । यथाकथापूर्वादञ्चतेः "मूलविभुजादयः" [५.१.१४४.] इति के **यथाकथाच** अनादरेणेत्यर्थे ।

**અનુવાદ :-** "વ્યાપવું" અર્થવાળો "विष्" ધાતુ બીજા ગણનો છે. આ "विष्" ધાતુથી "पृ-का-हृषि..." (उणा० ७२९) સૂત્રથી બહુવચનના સામર્થ્યથી "कित्" એવો "उकार" થતાં "विषु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "विषु" અવ્યય વિવિધ પ્રકાર અર્થમાં છે.

"ગતિ" અર્થવાળો "पट्" ધાતુ પહેલા ગણનો છે. આ "पट्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "पट्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पट्" અવ્યય તીવ્રતા તથા ચતુરાઈ અર્થમાં છે.

સૌત્ર એવા "स्पश्" ધાતુથી "स्पशि-भ्रस्जेः..." (उणा० ७३१) સૂત્રથી "उ" પ્રત્યય થતાં અને "सकार"નો લોપ થતાં "पशु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पशु" અવ્યય વિચારવું અર્થમાં છે, જેની સમજ આગળ આવી ગઈ છે.

"ભેગું કરવા" અર્થવાળો "खल्" ધાતુ પહેલા ગણનો છે. આ "खल्" ધાતુથી "भृ-मृ-तृ..." (उणा० ७१६) સૂત્રથી બહુવચનથી "उ" પ્રત્યય થતાં "खलु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "खलु" અવ્યય નિષેધ, વાક્યઅલંકાર, જિજ્ઞાસા તેમજ સંબોધન અર્થમાં છે. આ અર્થોના ઉદાહરણ નીચે પ્રમાણે છે.

સૌ પ્રથમ નિષેધ અર્થનું ઉદાહરણ આપીએ છીએ : "खलु रुदित्वा" । (રડશો નહીં.) "खलु" અવ્યય જ્યારે વાક્યાલંકારમાં આવે ત્યારે તેનો કોઈ અર્થ થતો નથી, એ માત્ર વાક્યની શોભા વધારતો હોય છે. હવે જિજ્ઞાસા અર્થનું ઉદાહરણ આપીએ છીએ : "न खलु ताम् अभिक्रुद्धो गुरुः ?" (તેના ઉપર ગુરુ ગુસ્સે ન થયા ?) હવે અનુનય (પ્રાર્થના) અર્થનું ઉદાહરણ આપે છે. "देहि खलु मे प्रतिवचनं" । (કૃપા કરીને મને પ્રત્યુત્તર આપો.) "खलु" અવ્યય "નિશ્ચય" અર્થમાં પણ આવે છે. "अनुत्सेकः खलु विक्रमालंकारः ।" (ખરેખર નિરભિમાનીપણું પરાક્રમનું ભૂષણ છે.) "કારણ" અર્થમાં પણ "खलु" અવ્યય આવે છે. "न विदीर्ये, कठिना खलु स्त्रियः" (હું ફાટી નહીં પડું, કારણ કે સ્ત્રીઓ કઠોર હોય છે.) કેટલાક લોકો આ વાક્યને વિષાદ અર્થનું ઉદાહરણ માને છે.

બીજા ગણના "इ" ધાતુથી પર "क्विप्" પ્રત્યય થતાં તેમજ અનિત્યપણું થવાથી "त्"ના આગમનો અભાવ થતાં "इ" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "इ" શબ્દની પૂર્વમાં "यद्" આવે તો "यदि" શબ્દ પ્રાપ્ત થાય છે.

તથા "यदि" જેની પૂર્વમાં છે એવા નમવું અર્થવાળા પહેલા ગણના "नम्" ધાતુથી "घञ्" પ્રત્યય થતાં "यदिनाम" શબ્દ પ્રાપ્ત થાય છે. આ અવ્યય પક્ષાન્તર અર્થમાં છે. "यदिनाम जयेम" (અમે જીતીએ પણ ખરા.)

"यद्" પૂર્વક "वे" ધાતુથી અને "प्रति" પૂર્વક "वे" ધાતુથી कित् એવો "त्" પ્રત્યય થતાં અને य्वृत्" થતાં "यदुत" અને "प्रत्युत" શબ્દ પ્રાપ્ત થાય છે. "यदुत" અવ્યય બીજાના આશયને પ્રકાશિત કરવા સ્વરૂપ અર્થમાં છે. "प्रत्युत" અવ્યય કહેલાથી વિપરીત અર્થમાં છે. "कृतमपि महोपकारम् पय इव पीत्वा निरातङ्कः प्रत्युत हन्तुम् यतते काकोदरसोदरः खलो जगति ।" જગતમાં કરેલા એવા મહોપકારને પણ દૂધની જેમ પીને નિર્લજ્જ એવાં સર્પના સગાભાઈ સ્વરૂપ દુષ્ટ પુરુષ પ્રતિ ઉપકાર કરવાને બદલે હણવાને માટે પ્રયત્ન કરે છે.

"यद्" પૂર્વક "अत्" ધાતુથી "डित्" (उणा० ૬૦૫) સૂત્રથી "डा" પ્રત્યય થતાં "यदा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यदा" અવ્યય દેશ સ્વરૂપ અધિકરણ અર્થમાં તથા "आदि"થી કાળ સ્વરૂપ અધિકરણ અર્થમાં પણ વપરાય છે. "यदा यदा हि धर्मस्य ग्लानिः भवति..." (જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે...) અહીં "यदा" અવ્યય કાળ સ્વરૂપ અધિકરણ અર્થમાં છે.

"ક્ષય પામવા" અર્થવાળો "जै" ધાતુ પહેલા ગણનો છે. આ "जै" ધાતુથી "कृ-सि-कम्यमि०" (उणा० ૭૭૩) સૂત્રથી બહુવચનથી "तु" પ્રત્યય થતાં "जातु" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "जातु" અવ્યય અવધારણ અને પાદપૂર્તિ અર્થમાં છે. આ બે અર્થ સિવાય નિંદા અર્થ અને સંભાવના અર્થ પણ છે. દા.ત. "किम् तेन जातु जातेन मातुर्यौवनहारिणा ?" (માતાના યૌવનને હરનારા તેના જન્મથી શું લાભ છે ?) અવધારણ અર્થનું ઉદાહરણ આ પ્રમાણે છે : "न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।" (કામના ઉપભોગથી કામ જરા પણ શાંત થતો નથી.)

"यदि" અવ્યયની વ્યુત્પત્તિ "यदिनाम" અવ્યયમાં જણાવી ગયા છીએ તથા "यदि" અવ્યયનો અર્થ પણ "यदिनाम" અવ્યયના અર્થ પ્રમાણે થાય છે. અહીં "કદાચ" અર્થ થાય છે. દા.ત. "यदि तावत् एवम् क्रियताम् ।" (કદાચ આ પ્રમાણે કરાય.) જો અથવા તો સ્વરૂપ અર્થ પણ આ અવ્યયનો જણાય છે. "यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ?" પ્રયત્ન કરવા છતાં જો સફળ ન થાય તો અહીં કોનો દોષ ?)

"यथाकथा" જેની પૂર્વમાં છે એવા "अञ्च्" ધાતુથી "मूलविभुजादयः" (૫/૧/૧૪૪) સૂત્રથી "क" પ્રત્યય થતાં "अञ्च्"ના અનુનાસિકનો લોપ થતાં "यथाकथाच" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यथाकथाच" અવ્યયનો "અનાદરથી" એવો અર્થ થાય છે. અર્થાત્ તૃતીયાન્ત એવો અનાદર અર્થ જ આ અવ્યયનો થાય છે. દા.ત. "यथाकथाच ददाति" અનાદરથી તે આપે છે.

**(श०न्या०)** यमेः "पथ-यूथ०" [उणा० २३१.] इत्यादिनिपातनाद् थे आत्वे च **यथा** योग्यता-वीप्सा-ऽनतिवृत्ति-सादृश्येषु । तनेर्यथावत् **तथा** साम्ये । पुनःशब्दस्य दत्वे नलोपे च **पुद्** कुत्सायाम् । हन्तेः "क्वचिद्" [५.१.१७१.] इति डे निपातनाद् द्यादेशे च **द्य** हिंसाप्रातिलोम्ययोः । पूर्वमप्येष **पुरा** शब्दः पठितः, तत्र किल स्वरादिवत् सत्त्वभूते काले, अयं त्वसत्त्वभूते इति । "यांक् प्रापणे" "यतैङ् प्रयत्ने" वा अतः "संश्चद्वेहद्०" [उणा० ८८२.] इति कित्यति निपातनाद् **यावत्** मर्यादा-ऽवधारण-परिमाणेषु । "तनूयी विस्तारे" अस्य पूर्ववन्निपातनात् **तावत्** अर्थः पूर्वक एव । "दिशींत् अतिसर्जने" "वृ-मिथि०" [उणा० ६०१.] इत्याप्रत्यये ट्यागमे च **दिष्ट्या** प्रीति-सेवनयोः, सभाजनप्रातिलोम्ययोर्वा । "मृंत् प्राणत्यागे" अतः "स्वरेभ्यः०" [उणा० ६०६.] इति इप्रत्यये मरि, तत्पूर्वादटतेः "क्वचिद्" [५.१.१७१.] इति डे आकारे **मर्या** सीमबन्धे । "अमण् रोगे" अतोऽलि **आम** पीडायाम् ।

**અનુવાદ :-** "यम्" ધાતુથી "पथ-यूथ..." (उणा० ૨૩૧) સૂત્રથી નિપાતનથી "थ" પ્રત્યય અને "आ" થતાં यथा શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यथा" અવ્યય યોગ્યતા, વીપ્સા, ઉલ્લંઘનનો અભાવ તેમજ સાદૃશ્ય અર્થમાં છે. સૌ પ્રથમ સાદૃશ્ય અર્થનો પ્રયોગ જણાવીએ છીએ - "आसीत् इयम् दशरथस्य गृहे यथा श्रीः ।" (તે દશરથના ઘરમાં લક્ષ્મીની જેમ રહી હતી.) અનતિવૃત્તિનું ઉદાહરણ બતાવે છે - यथाशक्ति पठ ।" (તું શક્તિનું ઉલ્લંઘન કર્યા વગર ભણ અથવા તો તું શક્તિ પ્રમાણે ભણ.) "यथाबलम् कुरु ।" (તું બળ પ્રમાણે કર.) હવે વીપ્સા અર્થનું ઉદાહરણ આપે છે : "यथा पण्डितम् भोजय" (તું જે જે પંડિતો છે તેને ભોજન કરાવ.) હવે યોગ્યતા અર્થનું ઉદાહરણ આપે છે - "यथारूपम् चेष्टाम् कुरु" (તું રૂપને યોગ્ય ચેષ્ટા કર.)

"तन्" ધાતુથી પણ "यथा"ની જેમ જ વ્યુત્પત્તિ થતાં "तथा" અવ્યય પ્રાપ્ત થાય છે. આ "तथा" અવ્યય સામ્ય અર્થમાં છે. દા.ત. "यथा वृक्षः तथा फलम्" (જે પ્રમાણે વૃક્ષ છે તે પ્રમાણે ફળ છે.)

"पुनर्" શબ્દમાં "र्"નો "द्" થતાં અને તેમજ "न"નો લોપ થતાં "पुद्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "पुद्" અવ્યય નિંદા અર્થમાં છે.

હિંસા કરવી અર્થવાળા બીજા ગણના "हन्" ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં અને નિપાતનથી "द्य" આદેશ થતાં "द्य" અવ્યય પ્રાપ્ત થાય છે. આ "द्य" અવ્યય હિંસા અને વિપરીતપણાં અર્થમાં છે.

"पुरा" અવ્યય સ્વરાદિ ગણપાઠમાં આવી ગયો છે. ત્યાં સત્ત્વભૂત કાળ અર્થમાં "पुरा" અવ્યય વર્તે છે. જ્યારે અહીં અસત્ત્વભૂત અર્થમાં "पुरा" અવ્યય છે. આ "पुरा" અવ્યયની વ્યુત્પત્તિ

"स्वरादि" ગણપાઠની જેમ જ સમજી લેવી. દા.ત. "पुरा कथा" (કાલ્પનિક કથા.) પુરાનો અર્થ અહીં કાલ્પનિક કરવામાં આવ્યો છે, જે અસત્ત્વ અર્થમાં છે.

જવું અર્થવાળો "या" ધાતુ બીજા ગણનો છે તથા પ્રયત્ન કરવો અર્થવાળો यत् ધાતુ પહેલા ગણનો છે. આ બે માંથી કોઈપણ એક ધાતુથી "संश्चद्वेहत..." (उणा० ૮૮૨) સૂત્રથી "कित्" એવો "अत्" પ્રત્યય થતાં તેમજ નિપાતનથી "यावत्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यावत्" અવ્યય મર્યાદા અવધારણ અને પરિમાણ અર્થમાં છે. સૌ પ્રથમ મર્યાદા અર્થનું ઉદાહરણ આપે છે : "यावत् वृक्षः तावत् पुरुषः चलति।" (જ્યાં સુધી વૃક્ષ છે ત્યાં સુધી પુરુષ ચાલે છે.) "यावदमत्रं भोजय।" (જેટલા વાસણો છે તેટલાને તું જમાડ.) અહીં "यावदमत्रं" અવ્યયીભાવ સમાસમાં "यावत्" અવ્યય અવધારણ અર્થમાં છે. કાળ અર્થમાં પણ મર્યાદાનું ઉદાહરણ બતાવીએ છીએ - "स्तन्यत्यागम् यावत् पुत्रयोः अवेक्षस्व।" (સ્તનપાન છોડે ત્યાં સુધી તું બે પુત્રોની સંભાળ રાખ.) "यावत् जलम् तावत् दुग्धं।" (જેટલું પાણી છે તેટલું દૂધ છે.) અહીં ચા બનાવતી વખતે પાણી અને દૂધનું પરિમાણ આવા પ્રયોગોથી બતાવાય છે.

"વિસ્તાર કરવો" અર્થવાળો "तन्" ધાતુ આઠમા ગણનો છે. આ "तन्" ધાતુથી પણ "यावत्"ની જેમ વ્યુત્પત્તિ થતાં "तावत्" અવ્યય પ્રાપ્ત થાય છે. આ "तावत्" અવ્યયના અર્થો પણ "यावत्" અવ્યય જેવા જ છે. "यावत्" અને "तावत्" અવ્યયો એકબીજાને સાપેક્ષ છે.

"નિર્દેશ કરવો" અર્થવાળો "दिश्" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "दिश्" ધાતુથી "वृ-मिथि..." (उणा० ૬૦૧) સૂત્રથી "आ" પ્રત્યય થતાં તેમજ "ट्य्"નો આગમ થતાં "दिष्ट्या" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "दिष्ट्या" અવ્યય પ્રસન્નતા અને આચરણ કરવું અર્થવાળો છે. દા.ત. "दिष्ट्या पठामि" (હું પ્રસન્નતાથી ભણું છું.) "दिष्ट्या प्रतिहतं दुर्जातम् " (આનંદનો વિષય છે કે અભાગ્યનો નાશ થયો.) આ दिष्ट्या અવ્યયના પ્રીતિ અને આચરણ સિવાય વિકલ્પ પક્ષમાં બીજા બે અર્થો બતાવ્યા છે. એક સભાજન અર્થ છે. સભાજન એટલે સન્માન કરવું. દા.ત. "दिष्ट्या भवान् आगतः।" (આપ આવી ગયા.) આ વાક્યમાં આવનાર વ્યક્તિના સન્માનનો ભાવ જણાઈ રહ્યો છે. "प्रातिलोम्य"ને બદલે "अप्रातिलोम्य" અર્થ હોવો વધારે સંગત જણાય છે. "अप्रातिलोम्य" એટલે અનુકૂળ અર્થ થાય છે.

"મરવું" અર્થવાળો "मृ" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "मृ" ધાતુથી "स्वरेभ्यः०" (उणा० ૬૦૬) સૂત્રથી "इ" પ્રત્યય થતાં मरि શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मरि" શબ્દથી પર अट् ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં તેમજ "आकार" થતાં "मर्या" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "मर्या" અવ્યય સીમા અર્થમાં છે.

રોગ અર્થવાળો "अम्" ધાતુ દશમા ગણનો છે. આ "अम्" ધાતુથી "अल्" પ્રત્યય થતાં

"अम् + णिच् + अल्" આ અવસ્થામાં "आम" શબ્દ પ્રાપ્ત થાય છે. "आम" અવ્યય પીડા અર્થમાં છે.

**( श०न्या० )** नमेर्घञि **नाम** प्रकाश्यसंभाव्य-क्रोधोपगम-कुत्सनेषु । "असूच् क्षेपणे" अतः "रुक्म-ग्रीष्म०" [उणा० ३४६.] इति निपातनान्मेऽकारलोपे च **स्म** अतीते पादपूरणे च । इतिपूर्वाज्जहातेः "आतो डोऽह्वावा-मः" [५.१.७६.] इति डे **इतिह** पुराश्रुतौ । सहेः "अः" [उणा० २.] इत्यकारे **सह** तुल्ययोगविद्यमानयोः । नञ्पूर्वान्मातेः "डित्" [उणा० ६०५.] इत्याकारे **अमा** सहार्थे समीपे च । संपूर्वादमेर्विचि **समम्** समन्ततोऽर्थे । "सत्रणि संदान-क्रियायाम्" अतः "डित्" [उणा० ६०५.] इत्याकारे **सत्रा,** स्यतेर्विचि तत्पूर्वात् कमेर्विचि **साकम्,** सापूर्वाद् ऋध्यतेः "सोरेतेरम्" [उणा० ९३४.] इति बाहुलकादमि गुणे च **सार्द्धम्** एते त्रयोऽपि सहार्थे ।

**અનુવાદ :-** "નમવું" અર્થવાળા "नम्" ધાતુથી પર "घञ्" પ્રત્યય થતાં "नाम" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "नाम" અવ્યય પ્રસિદ્ધ અર્થ, સંભાવના અર્થ, નિંદા અર્થ અને ક્રોધની પ્રાપ્તિ અર્થમાં છે. સૌ પ્રથમ પ્રસિદ્ધ અર્થનું ઉદાહરણ બતાવે છે : "हिमालयो नाम नगाधिराजः" (હિમાલય પર્વતોના રાજા તરીકે પ્રસિદ્ધ છે.) હવે સંભાવના અર્થનું ઉદાહરણ બતાવે છે : "दृष्टस्त्वया कश्चित् धर्मज्ञो नाम ।" (તારા વડે સંભવતઃ કોઈ ધર્મજ્ઞ જોવાયો છે.) હવે ક્રોધની પ્રાપ્તિનું ઉદાહરણ બતાવે છે - "को नाम मयि स्थिते" (હું હોતે છતે કોણ છે ?) અહીં "ક્રોધની પ્રાપ્તિ થઈ" એ પ્રમાણે અર્થ પ્રાપ્ત થાય છે. "त्वाम् पीडयति यः" (જે તને પીડે છે. અર્થાત્ આખું વાક્ય આ પ્રમાણે થશે - હું હોતે છતે તે કોણ છે જે તને પીડે છે.)

હવે "नाम" અવ્યયના નિન્દા અર્થને બતાવે છે : "ममापि नाम दशाननस्य परैः परिभवः ।" (રાવણ એવા મારો પણ બીજાઓ વડે પરાભવ કરાયો.)

"નિશ્ચય" અર્થમાં પણ "नाम" અવ્યય આવે છે. "मया नाम जितम्" (મારા વડે તે ચોક્કસ જિતાયો છે.) "विनीतवेषेण प्रविष्टव्यानि तपोवनानि नाम ।" (તપોવનમાં સાચે જ વિનીત વેશથી પ્રવેશ કરવો જોઈએ અર્થાત્ ઉદ્ભટ વેશથી પ્રવેશ કરવો જોઈએ નહીં.)

આજ્ઞાર્થ વિભક્તિ સાથે "સમ્મતિ" અર્થમાં પણ "नाम" અવ્યય આવે છે. "एवमस्तु नाम" (ઠીક એ પ્રમાણે થાઓ.)

"વિસ્મય" અર્થમાં પણ "नाम" અવ્યય આવે છે. "अन्धो नाम पर्वतमारोहति" (આશ્ચર્ય છે કે, આંધળો પર્વત ઉપર આરોહણ કરે છે.)

"ફેંકવું" અર્થવાળો "अस्" ધાતુ ચોથા ગણનો છે. આ "अस्" ધાતુથી "रुक्म-ग्रीष्म..."

(उणा० ३४६) સૂત્રથી નિપાતનથી "म" થતાં અને "अस्"ના "अ"નો લોપ થતાં "स्म" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "स्म" અવ્યય ભૂતકાળ અર્થમાં તેમજ પાદપૂર્તિ અર્થમાં છે. "गच्छति स्म" (તે ગયો હતો.)

"इति" જેની પૂર્વમાં છે એવા "हा" ધાતુથી "आतो डोऽह्वा मः" (૫/૧/૭૬) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "इतिह" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "इतिह" અવ્યયનો "પહેલાનું સાંભળેલું" એવો અર્થ થાય છે. "इतिह एवम्" આ પ્રમાણે પ્રાચીન કાળમાં હતું.

"सह्" ધાતુથી "अः" (उणा० २) સૂત્રથી "अकार" થતાં "सह" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "सह" અવ્યય તુલ્યયોગ અને વિદ્યમાન અર્થમાં છે. "पुत्रेण सह पिता गच्छति" (પુત્રની સાથે પિતા જાય છે.) આ તુલ્યયોગ અર્થનું ઉદાહરણ છે. હવે વિદ્યમાન અર્થનું ઉદાહરણ બતાવે છે : "सह एव दशभिः पुत्रैः भारं वहति गर्दभी" (દશ પુત્રો સાથે પણ ગધેડી ભારને વહન કરે છે.)

"नञ्" પૂર્વક "मा" ધાતુથી "डित्" (उणा० ६०५) સૂત્રથી "आकार" થતાં "अमा" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अमा" અવ્યય "सह" અર્થ અને સમીપ અર્થમાં છે. "अमावस्या" અહીં સૂર્ય અને ચન્દ્ર એક સાથે રહે છે, એવા દિવસને "अमावस्या" કહેવાય છે. આ પ્રયોગમાં अमा, सह અર્થમાં છે.

"सम्" પૂર્વક "अम्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "समंम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "समम्" અવ્યય સહિત અર્થમાં છે. "आहो निवत्स्यति समम् हरिणाङ्गनाभिः" (ઘણું કરીને હરણ જેવા અંગોવાળી સ્ત્રીઓ સાથે તે રહે છે.)

"દાન આપવું" અર્થવાળો "सत्र्" ધાતુ દશમા ગણનો છે. આ "सत्र्" ધાતુથી "डित्" (उणा० ६०५) સૂત્રથી "आकार" થતાં "सत्रा" શબ્દ પ્રાપ્ત થાય છે. "सो" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "सा" શબ્દ પ્રાપ્ત થાય છે તથા "सा" જેની પૂર્વમાં છે એવા "कम्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "साकम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "सा" જેની પૂર્વમાં છે એવા "ऋध्" ધાતુથી "सोरेतेरम्" (उणा० ९३४) સૂત્રથી ઘણું કરીને "अम्" પ્રત્યય તેમજ ગુણ થતાં "सार्धम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો સહાર્થમાં છે. "पित्रा सत्रा आगच्छति बालः ।" (બાળક પિતા સાથે આવે છે.) "यान्ती गुरुजनैः साकम् स्मयमाना नतांबुजा ।" (ગુરુજનો સાથે નમેલા કમળવાળી વિસ્મય પામતી જતી એવી તેણી.) "वनम् मया सार्धम् असि प्रपन्नः ।" (વનમાં મારી સાથે પહોંચેલો એવો તું છે.)

**(श०न्या०)** "ईङ्च् गतौ", "कमूङ् कान्तौ", "षम वैक्लव्ये" एभ्यः "ईङ्-कमि-शमि-समिभ्यो डित्" [उणा० ९४१.] इति डिदीम्प्रत्यये **ईम्, कीम्, सीम्** निर्देश-निवेदन-

वाक्यपादपूरणेषु। **ईम्** अव्यक्ते, **कीम्** संशय-प्रश्नानुमानेषु, **सीम्** अभिनयव्याहरणा-ऽमर्ष-पादपूरणेष्वित्येके। आङ्पूर्वादमेर्विचि **आम्** प्रतिवचना-ऽवधारणयोः। आस्तेः क्विपि **आस्** स्मृति-खेदयोः कोपे च। एतेः "दृ-मुषि०" [उणा० ६५१.] इति किति तौ **इति** एवमर्थे आद्यर्थे हेत्वर्थे प्रकारार्थे शब्दप्रादुर्भावे ग्रन्थसमाप्तौ पदार्थविपर्यासादौ च। अवेः "अः" [उणा० २.] इत्यप्रत्यये **अव**, "अड उद्यमे", "अट गतौ" आभ्यां पूर्ववद् अः, **अड**, **अट**, एते त्रयोऽपि भर्त्सने। बाह्यशब्दस्य निपातनादाकारः **बाह्या** निष्पत्तौ। अनुषञ्जेः क्विपि **अनुषक्** अनुमाने, केचित् तान्तम्, अन्ये दान्तम्, अपरे दीर्घादि च मन्यन्ते। खनेर्बाहुलकाद् डोसि **खोस्** कुत्सायाम्।

**અનુવાદ :-** "ગતિ" અર્થવાળો "ई" ધાતુ ચોથા ગણનો છે તથા "कान्ति" અર્થવાળો "कम्" ધાતુ પહેલા ગણનો છે. "વ્યાકુળ થવા" અર્થવાળો "सम्" ધાતુ પહેલા ગણનો છે. આ બધા ધાતુઓથી "ईड्-कमि-शमि..." (उणा० ९४१) સૂત્રથી "ड" ઇત્ વાળો "ईम्" પ્રત્યય થતાં "ईम्", "कीम्" તથા "सीम्" શબ્દો પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો નિર્દેશ, નિવેદન અને વાક્યપૂર્તિ અર્થમાં છે. "ईम्" અવ્યય અવ્યક્ત અર્થમાં પણ છે. આ અવ્યયના પ્રયોગો વેદમાં જોવા મળે છે. અંગુલિના સંકેત દ્વારા જે કરવામાં આવે તેને નિર્દેશ કહેવામાં આવે છે. "कीम्" અવ્યય સંશય, પ્રશ્ન અને અનુમાન અર્થમાં વપરાય છે. જ્યારે "सीम्" અવ્યય અભિનય, બોલવું, ગુસ્સો કરવો અને પાદપૂરણ અર્થમાં આવે છે, આવું કેટલાક લોકો માને છે, અર્થાત્ નિર્દેશ કરવો, નિવેદન કરવું અને વાક્યની પાદપૂર્તિ કરવી એવો અર્થ આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીએ જણાવ્યો છે. જ્યારે "ईम्" અવ્યય અવ્યક્ત અર્થમાં છે. જુદાં જુદાં અર્થો ત્રણેય અવ્યયોના જણાવ્યા છે એવું કેટલાક લોકોની માન્યતાના આધારે છે.

"आङ्" પૂર્વક "अम्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં "आम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "आम्" અવ્યય પ્રત્યુત્તર અને અવધારણ અર્થમાં છે. અવધારણ અર્થનું ઉદાહરણ આ પ્રમાણે છે - "आम् चिरस्य खलु प्रतिबुद्धोऽस्मि।" (ખરેખર લાંબા સમયનો બોધ પામેલો જ હું છું.) आम् અવ્યય સ્વીકાર અર્થમાં પણ આવે છે. "आम् कुर्मः।" (હા અમે કરીએ છીએ.)

બીજા ગણના "आस्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "आस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "आस्" અવ્યય સ્મૃતિ અને ખેદ અર્થમાં છે. ક્રોધ અર્થમાં પણ "आस्" અવ્યય છે. સૌ પ્રથમ ક્રોધ અર્થનું ઉદાહરણ આપીએ છીએ - "आः कथम् अद्यापि राक्षसत्रासः ?" (કેમ હજુ પણ રાક્ષસનો ત્રાસ છે ?) પીડા અર્થમાં ઉદાહરણ આ પ્રમાણે છે : "आः शीतम् तावत् दिनात्।" (તે દિવસથી ઠંડી છે.) વિરોધ અર્થમાં પણ "आस्" અવ્યય આવે છે. "आः क एष मयि स्थिते ?" (હું હાજર હોતે છતે આ કોણ છે ?) આ પ્રયોગમાં વાક્ય બોલનારનો વિરોધ પ્રગટ

થાય છે. હવે સુખ અથવા તો ખેદનું ઉદાહરણ આપીએ છીએ. "विद्यामातरम् आः प्रदर्शय नृपशून् भिक्षामहे निस्त्रपाः" (વિદ્યારૂપી માતાને બતાવીને નિર્લજ્જ એવા અમે મનુષ્યરૂપી પશુઓ પાસેથી ભિક્ષા માગીએ છીએ.) અહીં અમે આટલી આટલી વિદ્યા પ્રાપ્ત કરી છે એવું બતાવવા દ્વારા લોકો પાસે ભિક્ષા માંગીએ છીએ. જો અમારી પાસે જ્ઞાન ન હોત તો અમે કદાચ ભિક્ષા પ્રાપ્ત કરી શકત નહીં. આમ, અમારી અહીં ભિક્ષા માંગવાની પદ્ધતિ દ્વારા ખેદ સ્પષ્ટ રીતે જણાવાય છે.

પ્રત્યાસ્મરણ અર્થમાં પણ "आस्" અવ્યય આવે છે. એક વાતને જોઈને અથવા તો અનુભવીને બીજી વાત યાદ આવવી તે પ્રત્યાસ્મરણ કહેવાય છે. "आः उपनयतु भवान् भूर्जपत्रम्..." (આપ ભોજપત્રને લાવો હું પુરાણી (જૂની) વાતો બતાવીશ.)

બીજા ગણના જવું અર્થવાળા "इ" ધાતુથી "दृ-मुषि..." (उणा० ૬૫૧) સૂત્રથી "कित्" એવો "ति" પ્રત્યય થતાં "इति" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "इति" અવ્યય "एवम्" અર્થ, આદિ અર્થ, હેતુ અર્થ, પ્રકાર અર્થ, શબ્દની ઉત્પત્તિ અર્થ, ગ્રન્થની સમાપ્તિ અર્થ તેમજ પદાર્થ-વિપર્યાસ વગેરે અર્થોમાં છે.

સૌ પ્રથમ एवम् અર્થનું ઉદાહરણ આપીએ છીએ : "रामाभिधानो हरिरित्युवाच ।" (રામનામ ધારણ કરેલા હરિએ આ પ્રમાણે કહ્યું હતું.) હવે હેતુ અર્થનું ઉદાહરણ આપીએ છીએ : દા.ત. "वैदेशिकोऽस्मि इति पृच्छामि ।" (હું પરદેશી છું આથી હું પૂછું છું.) "पुराणम् इति एव न साधु सर्वम् ।" (જુનું છે એટલા કારણથી જ બધું સારું નથી.) હવે પ્રકાર અર્થનું ઉદાહરણ આપીએ છીએ - "इति उक्तवन्तम् परिरभ्य दोर्भ्याम् ।" (આ પ્રકારે બોલેલાને બે હાથ વડે આલિંગન કરીને.) "इति स्वरादयः" આ પ્રકારે "स्वर्" વગેરે અવ્યયો છે. હવે સમાપ્તિ અર્થનું ઉદાહરણ બતાવીએ છીએ : "इति प्रथमोऽध्यायः ।" (આ પ્રમાણે પ્રથમ અધ્યાય સમાપ્ત થયો.)

"શબ્દના સ્વરૂપને પ્રકાશિત કરતો" એવો પણ "इति" અવ્યયનો અર્થ છે. "अत एव गो इति आह।" (આ કારણથી જ તે "गो" એ પ્રમાણે બોલે છે.) આ પ્રયોગમાં પ્રાદુર્ભાવ અર્થવાળો "इति" અવ્યય છે.

"अव्" ધાતુથી "अः" (उणा० ૨) સૂત્રથી "अ" પ્રત્યય થતાં "अव" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ઉદ્યમ કરવો" અર્થવાળા अड्" ધાતુથી અને ગતિ અર્થવાળા "अट्" ધાતુથી પહેલાની જેમ જ "अ" પ્રત્યય થતાં અનુક્રમે "अड" અને "अट" શબ્દ પ્રાપ્ત થાય છે. આ ત્રણેય અવ્યયો પણ નિંદા અર્થમાં છે.

"बाह्य" શબ્દ સંબંધી નિપાતનથી "आकार" થતાં "बाह्या" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "बाह्या" અવ્યય ઉત્પત્તિ અર્થમાં છે.

"अनु" ઉપસર્ગ પૂર્વક "सञ्ज्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "अनुषक्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अनुषक्" અવ્યય અનુમાન અર્થમાં છે. કેટલાક લોકો આ અવ્યય "त्" અંતવાળો માને છે. બીજાઓ "द्" અંતવાળો માને છે તથા અન્યો આદિમાં "अ" દીર્ઘ છે, એવું માને છે.

"खन्" ધાતુથી ઘણું કરીને "डोस्" પ્રત્યય થતાં "खोस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "खोस्" અવ્યય નિંદા અર્થમાં છે.

**(श०न्या०)** "अट गतौ" "क्वचिद्" [५.१.१७१.] इति डे **अ**, अस्मादेव डित्याकारे **आ**, एति-ईयतिभ्यां क्विपि अनित्यत्वात् तागमाभावे **इ, ई**, "उङ् शब्दे", "ऊयैङ् तन्तुसन्ताने" इत्याभ्यां क्विपि यलोपे च **उ, ऊ**, "ऋंक् गतौ", "ॠश् गतौ" उभयोरेव **ऋ, ॠ**, अनयोरेव "ऋफिडादीनां०" [२.३.१०४.] इति लृत्वे **लृ, लॄ**, इण उङश्च विचि गुणे **ए, ओ**, निपातनाद् वृद्धौ च **ऐ, औ**, एते चतुर्दशापि पूरण-भर्त्सनाऽऽमन्त्रण-निषेधेषु ।

**અનુવાદ :-** સ્વરો પણ અવ્યય તરીકે અસત્ત્વ અર્થમાં આવી શકે છે. આથી બધા સ્વરોનો "चादि" ગણપાઠમાં સમાવેશ કર્યો છે.

"ગતિ" અર્થવાળો "अट्" ધાતુ પહેલા ગણનો છે. આ "अट्" ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "अ" શબ્દ પ્રાપ્ત થાય છે તથા આ જ "अट्" ધાતુથી (૫/૧/૧૭૧) સૂત્રથી લક્ષ્યના અનુરોધથી "डित्" એવો "आकार" થતાં "आ" શબ્દ પ્રાપ્ત થાય છે.

"જવું" અર્થવાળા બીજા ગણના "इ" ધાતુથી તથા "જવું" અર્થવાળા જ ચોથા ગણના "ई" ધાતુથી क्विप् પ્રત્યય થતાં તથા આગમ અનિત્ય હોવાથી "त्" આગમનો અભાવ થતાં ("इ"માં "त्" આગમની પ્રાપ્તિ હતી.) "इ" અને "ई" શબ્દ પ્રાપ્ત થાય છે.

શબ્દ કરવા અર્થવાળા "उ" ધાતુથી તથા "ગૂંથવું" અર્થવાળા "ऊय्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં અને "य्"નો લોપ થતાં અનુક્રમે "उ" અને "ऊ" શબ્દ પ્રાપ્ત થાય છે. "ગતિ" અર્થવાળો "ऋ" ધાતુ બીજા ગણનો તથા "ॠ" નવમા ગણનો છે. આ બંને ધાતુઓથી "क्विप्" પ્રત્યય થતાં "ऋ" તેમજ "ॠ" શબ્દો પ્રાપ્ત થાય છે. આ બે સંબંધી જ "ऋफिडादीनां..." (૨/૩/૧૦૪) સૂત્રથી "लृ" અને "लॄ" શબ્દો પ્રાપ્ત થાય છે. "इ" ધાતુ તેમજ "उङ्" ધાતુથી "विच्" પ્રત્યય થતાં અને ગુણ થતાં "ए" અને "ओ" શબ્દ પ્રાપ્ત થાય છે તથા નિપાતનથી વૃદ્ધિ થતાં "ऐ" અને "औ" શબ્દો પ્રાપ્ત થાય છે. આ ચૌદે પણ અવ્યયો અથવા આ ચૌદ સ્વરો "પૂરણ", "આમંત્રણ" અને "નિષેધ" અર્થમાં છે.

**( श०न्या० )** "प्रांक् पूरणे" अतः "क्वचिद्" [५.१.१७१.] इति डे **प्र** । "पृश् पालन-पूरणयोः" अतः "समिण्-निकषिभ्यामाः" [उणा० ५९८.] इति बहुलवचनादाप्रत्यये गुणे च **परा** । अवतेः "उभ्यवेर्लुक् च" [उणा० ३०३.] इति पः प्रत्यये वोलोपे च **अप** । "षम वैक्लव्ये" अतः "गमि-जमि०" [उणा० ९३७.] इति डित्यमि **सम्** । "अन, श्वसक् प्राणने" अतः "भृ-मृ-तृ-त्सरि०" [उणा० ७१६.] इत्युप्रत्यये **अनु** । अवतेरप्रत्यये **अव** । नयतेः "नियो डित्" [उणा० ९९४.] इति डिदिसि **निस्**, "दुषंच् वैकृत्ये" अतः "दुषेर्डित्" [उणा० ९९९.] डित्युसि **दुस्**, निपादनाद् हृस्वत्वं (रेफत्वं) च **निर्, दुर्,** इत्याह-**एतौ रान्तावपि** । "वींक् प्रजननादौ" "नी-वी-प्रहृभ्यो डित्" [उणा० ६१६.] इति डितीकारेऽन्तलोपे **वि** । अनितेर्डित्याप्रत्यये ङिद्योगे च **आङ्** । नयतेः "नी-वी-प्रहृभ्यो डित्" [उणा० ६१६.] इति इकारे **नि** । "प्रथिष् प्रख्याने" अतः "प्रथेर्लुक्च०" [उणा० ६४७.] इति तिप्रत्यये थलोपे च **प्रति** । पृणातेः "स्वरेभ्यः०" [उणा० ६०६.] इति इप्रत्यये गुणे च **परि** । "उभत् पूरणे" अतः "उभ्यवेर्लुक् च" [उणा० ३०३.] इति पप्रत्यये **उप** । "अदंक् भक्षणे" अतः "तृ-भ्रम्य-द्यापी०" [उणा० ६११.] इति इप्रत्यये अधादेशे च **अधि** । "आप्लृंट् व्याप्तौ" अतः पूर्वसूत्रेण इप्रत्ययेऽपादेशे च **अपि** । "शुभि दीप्तौ" "शुभेः सं च वा" [उणा० ७४३.] इति डित्युकारे सादेशे **च सु** । "उन्दैप् क्लेदने" अतो वदेर्वा क्विपि नलोपे च **उद्** । अततेः "पदि... जनि-मण्यादिभ्यः" [उणा० ६०७.] इप्रत्यये **अति** । "अभुङ् शब्दे" इत्यतः "अम्भि-कुण्ठि-कम्प्यं-हिभ्यो नलुक् च" [उणा० ६१४.] इति ["पदिपठि० जनिमण्यादिभ्यः"] [उणा० ६०७.] इत्यत्रादिग्रहणाद् बहुवचनाद्वा] इप्रत्यये नलोपे च **अभि** ।

**અનુવાદ :-** "પૂરવું" અર્થવાળો "प्रा" ધાતુ બીજા ગણનો છે. આ "प्रा" ધાતુથી "क्वचित्" (૫/૧/૧૭૧) સૂત્રથી "ड" પ્રત્યય થતાં "प्र" શબ્દ પ્રાપ્ત થાય છે.

"પાલન કરવું" અને "પૂરવું" અર્થવાળો "पृ" નવમા ગણનો છે. આ "पृ" ધાતુથી "समिण्-निकषिभ्यामाः" (उणा० ૫૯૮) સૂત્રથી બહુલવચનથી "आ" પ્રત્યય અને ગુણ થતાં "परा" શબ્દ પ્રાપ્ત થાય છે.

"अव्" ધાતુથી "उभ्यवेर्लुक् च" (उणा० ૩૦૩) સૂત્રથી "प" પ્રત્યય અને "व्"નો લોપ થતાં "अप" શબ્દ પ્રાપ્ત થાય છે.

"વ્યાકુળ" અર્થવાળો "सम्" ધાતુ પહેલા ગણનો છે. આ "सम्" ધાતુથી "गमि-जमि..." (उणा० ૯૩૭) સૂત્રથી ડિત્ એવો "अम्" પ્રત્યય થતાં "सम्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"જીવવું" અર્થવાળો "अन्" ધાતુ બીજા ગણનો છે. આ "अन्" ધાતુથી "भृ-मृ-तृ..." (उणा० ૭૧૬) સૂત્રથી "उ" પ્રત્યય થતાં "अनु" શબ્દ પ્રાપ્ત થાય છે.

"अव्" ધાતુથી "अ" પ્રત્યય થતાં "अव" શબ્દ પ્રાપ્ત થાય છે.

"नी" ધાતુથી "नियो डित्" (उणा० ૯૯૪) સૂત્રથી "डित्" એવો "इस्" પ્રત્યય થતાં "निस्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"વિકાર પામવા" અર્થવાળો "दुष्" ધાતુ ચોથા ગણનો છે. આ "दुष्" ધાતુથી "दुषेर्डित्" (उणा० ૯૯૯) સૂત્રથી ડિત્ એવો "उस्" પ્રત્યય થતાં "दुस्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"निस्" અને "दुस्" શબ્દોમાં જ નિપાતનથી રેફપણું થતાં "निर्" અને "दुर्" શબ્દો પ્રાપ્ત થાય છે. આથી જ કહ્યું છે કે, આ બંને ઉપસર્ગો "र्" અંતવાળા પણ છે.

"ગર્ભ ગ્રહણ કરવા" અર્થવાળો "वी" ધાતુ બીજા ગણનો છે. આ वी ધાતુથી "नी-वी-प्रहभ्यो..." (उणा० ૬૧૬) સૂત્રથી "डित्" એવો "इकार" થતાં "वि" શબ્દ પ્રાપ્ત થાય છે. (પ્રત્યય "डित्" હોવાથી "वी" ધાતુનાં "ई"નો લોપ થયો છે.)

બીજા ગણનાં "अन्" ધાતુથી "डित्" એવો "आ" થતાં અને "ङ्"નો યોગ થતાં "आङ्" શબ્દ પ્રાપ્ત થાય છે.

પહેલા ગણનાં "नी" ધાતુથી "नी-वी-प्रहभ्यो..." (उणा० ૬૧૬) સૂત્રથી "डित्" એવો "इकार" થતાં "नि" શબ્દ પ્રાપ્ત થાય છે.

"પ્રસિદ્ધ કરવા" અર્થવાળો "प्रथ्" ધાતુ પહેલા ગણનો છે. આ "प्रथ्" ધાતુથી "प्रथेर्लुक् च..." (उणा० ૬૪૭) સૂત્રથી "ति" પ્રત્યય થતાં અને "थ्"નો લોપ થતાં "प्रति" શબ્દ પ્રાપ્ત થાય છે.

નવમા ગણનાં "पृ" ધાતુથી "स्वरेभ्यः..." (उणा० ૬૦૬) સૂત્રથી "इ" પ્રત્યય અને ગુણ થતાં "परि" શબ્દ પ્રાપ્ત થાય છે.

"પૂરવું" અર્થવાળો "उभ्" ધાતુ છઠ્ઠા ગણનો છે. આ "उभ्" ધાતુથી "उभ्यवेर्लुक् च" (उणा० ૩૦૩) સૂત્રથી "प" પ્રત્યય થતાં "उप" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ખાવું" અર્થવાળો "अद्" ધાતુ બીજા ગણનો છે. આ "अद्" ધાતુથી "तृ-भ्रम्य..." (उणा० ૬૧૧) સૂત્રથી "कित्" એવો "इ" પ્રત્યય થતાં તથા "अध्" આદેશ થતાં "अधि" શબ્દ પ્રાપ્ત થાય છે.

"વ્યાપવું" અર્થવાળો "आप्" ધાતુ પાંચમા ગણનો છે. આ "आप्" ધાતુથી "तृ-भ्रम्य..." (उणा० ૬૧૧) સૂત્રથી "इ" પ્રત્યય થતાં અને "अप्" આદેશ થતાં "अपि" શબ્દ પ્રાપ્ત થાય છે.

"પ્રકાશવું" અર્થવાળો "शुभ्" ધાતુ પહેલા ગણનો છે. આ "शुभ्" ધાતુથી "शुभेः स च वा" (उणा० ૭૪૩) સૂત્રથી "डित्" એવો "उकार" થતાં તથા "श्"નો "स्" આદેશ થતાં "सु" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ભીનું કરવું" અર્થવાળો "उन्द्" ધાતુ સાતમા ગણનો છે. આથી "उन्द्" ધાતુથી અથવા તો "वद्" ધાતુથી "क्विप्" પ્રત્યય થતાં "य्वृत्" થવાથી અને "न्"નો લોપ થતાં "उद्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"अत्" ધાતુથી "जनि-मण्यादिभ्यः" (उणा० ૬૦૭) સૂત્રથી (અહીં સૂત્રનાં અંતિમ શબ્દો લખવામાં આવ્યા છે. પરંતુ ખરેખર તો સૂત્ર "पदि-पठि..." વગેરે શબ્દોથી શરૂ થાય છે.) "इ" પ્રત્યય થતાં "अति" શબ્દ પ્રાપ્ત થાય છે.

"શબ્દ કરવો" અર્થવાળો "अम्भ्" ધાતુ પહેલા ગણનો છે. આ "अम्भ्" ધાતુથી "अम्भि-कुण्ठि..." (उणा० ૬૧૪) સૂત્રથી "कित्" એવો "इ" પ્રત્યય થતાં અથવા તો (उणा० ૬૦૭) સૂત્રનાં બહુવચનનાં અથવા આદિના સામર્થ્યથી "इ" પ્રત્યય અને "न्"નો લોપ થતાં "अभि" શબ્દ પ્રાપ્ત થાય છે.

**( श०न्या० )** ननु सर्वथाऽत्र स्वरादिषु चादिषु च प्रक्रियाकथनं स्वरूपनिर्ज्ञानार्थम्, स्वरूपं च स्वरूपेण पठ्यमानानां पाठादेव निर्ज्ञायते, यथा-प्रकृति-प्रत्यय-विकाराऽऽगमाणाम्, इत्यव्युत्पन्ना एवामी सन्तु, किमेषां प्रक्रियाकथनेन ? उच्यते, कथ्यमाना प्रक्रिया पाठस्यैवानुग्रहं विदधती सुखप्रतिपत्त्यर्था भवतीति प्रदर्शिता ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** "स्वरादि" ગણપાઠ અને "चादि" ગણપાઠ એ પ્રમાણે બધે જ પ્રક્રિયાનું કથન માત્ર શબ્દનાં સ્વરૂપને જણાવવા માટે જ કર્યું છે. આ પ્રક્રિયાનું કથન થવાથી કંઈ સ્વરાદિ ગણપાઠનાં અને "चादि" ગણપાઠનાં અવ્યયોનાં અર્થોનો બોધ થતો નથી. આથી જણાવે છે કે, તે તે શબ્દોમાં પ્રક્રિયાનું કથન માત્ર શબ્દોનાં સ્વરૂપને જણાવવા માટે જ કર્યું છે અને આવું સ્વરૂપ તો સ્વરૂપથી કહેવાતાં શબ્દોનાં પાઠથી જ જણાય છે. જે પ્રમાણે "भू सत्तायाम्" વગેરે પ્રકૃતિઓનાં કથનમાં "भू" સ્વરૂપ પ્રકૃતિ વ્યુત્પત્તિ કર્યા વગર સ્વરૂપથી જ જણાઈ જાય છે. તે જ પ્રમાણે વિભક્તિ (सि વગેરે) તથા "कृत्" ("अण्" વગેરે) પ્રત્યયો સ્વરૂપથી જ જણાઈ જાય છે. તે જ પ્રમાણે વિકાર અને આગમ પણ સ્વરૂપથી જ જણાઈ જાય છે. આમ પ્રકૃતિ, પ્રત્યય વગેરેનાં સ્વરૂપને જણાવવા માટે જેમ પ્રક્રિયાનું કથન આવશ્યક નથી તે જ પ્રમાણે "स्वरादि" અને "चादि" અવ્યયોનાં સ્વરૂપને જણાવવા માટે પ્રક્રિયાનું કથન આવશ્યક નથી. માટે આ બધા શબ્દો અવ્યુત્પન્ન જ થાઓ. આ બધા અવ્યયોની પ્રક્રિયાના કથન વડે સર્યું.

**ઉત્તરપક્ષ** :- કહેવાતી એવી "स्वरादि" અને "चादि" અવ્યયોની પ્રક્રિયા પાઠ સંબંધી જ ઉપકારને કરતી સૂખપૂર્વક સ્વીકારનાં પ્રયોજનવાળી થાય છે, માટે જ બતાવવામાં આવી છે. અર્થાત્ આગમ, ધાતુપાઠ પ્રકૃતિ વગેરેનું માત્ર સ્વરૂપથી જ કથન થયું છે, તે જ પ્રમાણે અવ્યય વગેરેનું પણ સ્વરૂપથી કથન કર્યું હોત તો ચાલત, પરંતુ અહીં વ્યુત્પત્તિ કરવાથી અવ્યયના પાઠને જ ફાયદો થાય છે. તેના સ્વરૂપનું જ્ઞાન સુખપૂર્વક થઈ શકે છે. માટે જ અમે અહીં સ્વર અને અવ્યયની વ્યુત્પત્તિઓ બતાવી છે.

વાક્યપદીયમાં એક શ્લોક આવે છે :

"उपायाः शिक्षमाणानाम् बालनामुपलालनाः ।
असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहते ॥२३८॥" (**वाक्यपदीय द्वितीय वाक्यकाण्ड**)

પ્રકૃતિ સ્વયમ્ પોતાના અર્થોમાં સિદ્ધ જ છે. છતાં પણ વ્યાકરણકારોએ શબ્દોની પ્રક્રિયા અર્થ જણાવવા માટે જણાવી છે. આ પ્રમાણે વ્યાકરણકારોએ જે ઉપાયો બતાવ્યા છે, એ શિક્ષણ પ્રાપ્ત કરતાં બાળકોને પટાવવા (બહેલાવવા) માટે છે. ખરેખર આ અસત્ય માર્ગ છે છતાં પણ આધ્યાત્મિક જીવનમાં જેમ નશ્વર દેહથી અનશ્વર આત્માની પ્રાપ્તિ કરાય છે તેમ અહીં પણ અસત્ય માર્ગમાં સ્થિર થઈને અસત્ય માર્ગથી જ સત્યને પ્રાપ્ત કરાય છે.

અહીં પણ આચાર્ય ભગવંતે ઉપસર્ગોની જે પ્રક્રિયા બતાવી છે, તે ભલે અસત્ય હોય છતાં પણ એ લોકોને તે તે ઉપસર્ગોના સ્વરૂપનું જ્ઞાન સુખપૂર્વક થઈ શકે એ માટે જ છે. તેથી આ રીતે પ્રક્રિયા-કથનનું આલંબન લેવું એ અયોગ્ય નથી જ.

**(श०न्या०)** प्रादीनामर्थनिदर्शनमाचार्याः परानुग्रहार्थमारभन्ते, यथा-**प्र**-आदिकर्मोदीरण-भृशार्थैश्वर्य-संभव-नियोग-शुद्धीच्छा-प्रीति-शान्ति-पूजा-दर्शन-तत्पर-प्रशंसा-संग-दिग्योगाऽवयव-वियोगाऽन्तर्भाव-हिंसा-बहुत्व-महत्त्व-स्थिति-दान-नानार्थ-दक्षिणानुवृत्त्यादिषु । आदिकर्मणि-कर्तुमारब्धः प्रकृतः कटो देवदत्तेन । उदीरणे-उदीर्णा मूषिकाः-प्रबला मूषिकाः । भृशार्थे-भृशं वृद्धाः-प्रवृद्धा नद्यः । ऐश्वर्ये-ईश्वरो गृहस्य-प्रभवति गृहस्य, प्रभुर्देशस्य । संभवे-हिमवतो गङ्गा प्रभवति । नियोगे-नियुक्ते सैन्ये प्रकृतः । शुद्धौ-प्रसन्ना आपः, प्रसन्ना द्यौः, *प्रसन्नेन्द्रियः । इच्छार्थे-इच्छति कन्याम्-प्रार्थयते कन्याम्, इच्छति परदारान्-प्रकुरुते परदारान् । प्रीतौ-प्रीणाति राजा-प्रसीदति राजा । शान्तौ-शान्तात्मा-प्रश्रितः प्रशान्तः,* प्रश्रितं वाक्यमाह । पूजायाम्-प्राञ्जलिः प्रह्वः । दर्शने-प्रियां दृष्ट्वा क्रीडति-प्रक्रीडति । तत्परे-पितामहात् परः-प्रपितामहः । एवं प्रणप्ता, प्रपौत्रः । प्रशंसायाम्-शोभनं शास्त्रम्-प्रधानं शास्त्रम् । सङ्गे-प्रसक्तः-प्रमत्तः । दिग्योगे-पूर्वा दिक्-प्राची दिक् । अवयवे-प्रघणोऽगारस्य, प्रघाणोऽगारस्य । वियोगे-

वियुक्तो वसति-प्रवसति । अन्तर्भावे-अन्तर्भूतः-प्रविष्टः, अन्तः क्षिप्तः-प्रक्षिप्तः । हिंसायाम्-प्रहरणं, प्रहरति । बहुत्वे-बहुचौरो देशः, प्रचौरो देशः । महत्त्वे-महानध्वा-प्रकृष्टोऽ-ध्वा । स्थितौ-शास्त्रं प्रमाणम्, लोकः प्रमाणम् । दाने-देवेभ्यो ददाति-प्रयच्छति । नानार्थे-नाना कीर्णाः-प्रकीर्णाः, नाना दक्षिणाः-प्रदक्षिणम् (णाः) । अनुवृत्तौ-अनुवृत्तः शिष्यः-प्रशिष्य इति ।

**परा**-वध-घर्षण-स्वर्गति-विक्रमा-ऽप्रत्यक्षा-ऽनाभिमुख्य-भृशार्थ-मोह-प्रातिलोम्येषु । वधे-पराघातः । घर्षणे-परामर्शनम् । स्वर्गतौ-स्वर्गतः-परेतः । विक्रमे-पराक्रमः । अप्रत्यक्षे-परोक्षम् । अनाभिमुख्ये-परावृत्तः, पराङ्मुखः । भृशार्थे-पराजितः । मोहे-पराभूतः । प्रातिलोम्ये-परावृत्ता युद्ध इति ।

**अप**-वर्जन-वियोगा-ऽऽलेखन-चौर्य-निर्देश-वैकृत-विधिविपर्ययर्णग्रहणाऽवयव-पूजा-निह्नव-सव्यवृत्तिषु । वर्जने-अप साकेताद् वृष्टो मेघः । वियोगे-अपयुक्ता गौर्वत्सेन । आलेखने-अपस्किरते वृषभः । चौर्ये-अपहरति । निर्देशे-अपदिशति परम् । वैकृते-अपजल्पति । विधिविपर्यये-अपशब्दः, अपनयः । ऋणग्रहणे-अपमित्य याचते । अवयवे-अपस्करो रथाङ्गम् । पूजायाम्-अपचितो गुरुर्देव-दत्तेन । निह्नवे-शतमपजानीते, सहस्रमपजानीते । सव्यवृत्तौ-अपसव्यं गच्छति ।

**અનુવાદ :-** હવે "प्र" વગેરે અવ્યયોના અર્થોને બીજાના ઉપકારને માટે આચાર્યભગવંત બતાવવાનો આરંભ કરે છે.

**प्र** :- प्र અવ્યયના નીચે પ્રમાણે અર્થો છે : પ્રારંભ અર્થથી આરંભ કરીને અનુવૃત્તિ અર્થ સુધીના અર્થો प्र અવ્યયના છે. આથી એક એક અર્થના જુદાં જુદાં પ્રયોગો બતાવવા દ્વારા આચાર્યભગવંતશ્રી प्र અવ્યયના બધા જ અર્થો બતાવે છે.

(૧) आदिकर्म :- ક્રિયાનો આરંભ. અહીં "प्र" અવ્યયનો - "કરવા માટે આરંભ કર્યો" એવો અર્થ થાય છે. દા.ત. प्रकृतः कटो देवदत्तेन । (દેવદત્તવડે કટ કરવા માટે આરંભ કરાયો.)

(૨) उदीरण :- વધવું. દા.ત. उदीर्णा मूषिकाः-प्रबला मूषिकाः (ચોરો વધ્યા.)

(૩) भृशार्थ :- વધવું અર્થ. દા.ત. प्रवृद्धा नद्यः (નદીઓ વધી.)

(૪) ऐश्वर्य :- સ્વામી. દા.ત. प्रभवति गृहस्थः (ઘરમાં તેનું પ્રભુત્વ છે.) देशस्य प्रभुः (દેશનો સ્વામી.)

(૫) संभवः :- ઉત્પત્તિ અથવા જન્મ. (દા.ત. हिमवतो गङ्गा प्रभवति (હિમાલયમાંથી ગંગા ઉત્પન્ન થાય છે.) અહીં "संभव"નો જન્મ અર્થ કર્યો છે એના અનુસંધાનમાં "कुमारसंभव" નામનું

કાવ્ય છે તેનો અર્થ જણાવીએ છીએ - "कुमारस्य संभवः इति कुमारसंभवः" કુમારના જન્મનું વર્ણન જે કાવ્યમાં આવે છે, એ કાવ્યને કુમારસંભવ કહેવામાં આવે છે. આમ, "प्र" અવ્યય અહીં "संभव" એટલે કે જન્મ અર્થમાં પ્રાપ્ત થાય છે.

(૬) नियोग :- જોડાણ અર્થમાં "प्र" અવ્યય આવે છે. દા. ત. सैन्ये प्रकृतः (તે સૈન્યમાં જોડાયો.)

(૭) शुद्धि :- નિર્મળ અર્થમાં "प्र" અવ્યય આવે છે. દા.ત. प्रसन्ना आपः (નિર્મળ પાણી.) प्रसन्ना द्यौः (સ્વચ્છ આકાશ.) प्रसन्नेन्द्रियः (સ્વચ્છ એવી ઇન્દ્રિય.)

(૮) इच्छा :- પ્રાર્થના. દા.ત. कन्याम् प्रार्थयते । (તે કન્યાને ઇચ્છે છે.) परदारान् प्रकुरुते (તે પરદારાને ઇચ્છે છે.)

(૯) प्रीति :- પ્રસન્ન અર્થમાં - राजा प्रसीदति (રાજા પ્રસન્ન થાય છે.)

(૧૦) शान्ति :- ક્રોધનો અભાવ અર્થમાં प्र અવ્યય છે. દા.ત. प्रश्रितः (શાન્ત એવો તે.) प्रशान्तः (શાન્ત એવો તે.) प्रश्रितम् वाक्यम् आह (શાંતિ યુક્ત વાક્યને તે કહે છે.)

(૧૧) पूजा :- આ અર્થ પ્રસિદ્ધ છે. (प्राञ्जलिः આદર સહિત હાથ જોડેલો એવો તે.) प्रह्वः *ઝુકેલો.*

(૧૨) दर्शन :- જોવું. જોવું અર્થમાં "प्र" અવ્યય છે. દા.ત. प्रियाम् प्रक्रीडति (તે પ્રિયાને જોઈને ક્રીડા કરે છે.)

(૧૩) तत्पर :- આગળ અર્થમાં. દા.ત. प्रपितामह (દાદાની આગળ - પહેલાં) અર્થાત્ દાદાના બાપ્પા એવો અર્થ થાય. प्रणप्ता તથા प्रपौत्रः આ બંને શબ્દોના અર્થ દીકરાના દીકરાનો દીકરો થાય છે અર્થાત્ પિતાની ચોથી પેઢી એવો અર્થ છે.

(૧૪) प्रशंसा :- આ અર્થ પ્રસિદ્ધ જ છે. "प्रधानम् शास्त्रम्" (સુંદર શાસ્ત્ર.)

(૧૫) सङ्ग :- અર્થાત્ આસક્ત. प्रसक्त (આસક્ત) તથા प्रमत्तः (કોઈક પદાર્થમાં આસક્ત અથવા તો મદવાળો.)

(૧૬) दिग्योग :- દિશા અર્થમાં પણ "प्र" અવ્યય આવે છે. દા.ત. प्राची दिक् (પૂર્વ દિશા.)

(૧૭) अवयव :- આ અર્થ પ્રસિદ્ધ છે. प्रघणः अगारस्य ઘરનો ઉંબરો. प्रघाण શબ્દ પણ આ અર્થમાં છે.

(૧૮) वियोग :- છૂટાં પડવા સ્વરૂપ અર્થમાં प्र અવ્યય છે. દા.ત. प्रवसति (તે પ્રવાસ કરે છે.)

(૧૯) अन्तर्भाव :- અંદર થવા સ્વરૂપ અર્થમાં "प्र" અવ્યય છે. દા.ત. प्रविष्टः (પ્રવેશેલો.) प्रक्षिप्तः (પ્રવેશેલું.)

(૨૦) हिंसा :- આ અર્થ પ્રસિદ્ધ છે. દા.ત. प्रहरति (તે પ્રહાર કરે છે અથવા તો તે હિંસા કરે છે.) प्रहरणम् (પ્રહાર કરવો અથવા તો હિંસા કરવી અથવા તો આ શબ્દનો 'શસ્ત્ર' અર્થ થાય છે.)

(૨૧) बहुत्व :- આ અર્થ પ્રસિદ્ધ છે. દા.ત. प्रचौरो देशः (ઘણાં ચોરવાળો દેશ.)

(૨૨) महत्त्व :- મોટા અર્થમાં "प्र" અવ્યય આવે છે. प्रकृष्टो अध्वा (મોટો એવો માર્ગ.)

(૨૩) स्थिति :- મર્યાદા અર્થમાં "प्र" અવ્યય આવે છે. દા.ત. शास्त्रम् प्रमाणम् अस्ति (શાસ્ત્ર મર્યાદા છે.) लोकः प्रमाणम् अस्ति । (લોક મર્યાદા છે.)

(૨૪) दान :- આપવું અર્થમાં "प्र" અવ્યય આવે છે. દા.ત. प्रयच्छति (તે દેવોને આપે છે.)

(૨૫) नाना :- "અનેક સ્થાનો પર" અર્થમાં "प्र" અવ્યય આવે છે. प्रकीर्णाः (અનેક સ્થાનો પર ફેલાયેલ.) અનેકવાર જમણી બાજુ જવું એ અર્થમાં "प्रदक्षिणम्" શબ્દ પણ આવે છે.

(૨૬) अनुवृत्ति :- અનુગામી અર્થમાં "प्र" અવ્યય આવે છે. દા.ત. प्रशिष्यः શિષ્યને અનુસરતો અર્થાત્ શિષ્યનો શિષ્ય.

**परा** :- હવે परा અવ્યયના જુદાં જુદાં અર્થ બતાવે છે : વધ અર્થથી આરંભ કરીને પ્રાતિલોમ્ય સુધીના અર્થોમાં "परा" અવ્યય પ્રવર્તે છે.

(૧) वध :- હિંસા કરવી અર્થમાં परा અવ્યય આવે છે. દા.ત. पराघातः (વધ કરવા અર્થમાં.)

(૨) घर्षण :- વિષયનો સ્પર્શ કરવો અર્થમાં परा અવ્યય આવે છે. परामर्शनम् (કોઈપણ વિષયમાં ઊંડા ઊતરવા માટે વિચાર કરવો. આ દ્વારા વિષયનો સ્પર્શ થાય છે.

(૩) स्वर्गति :- સ્વર્ગમાં જવું અર્થમાં परा અવ્યય આવે છે. परेतः (સ્વર્ગમાં ગયેલ.)

(૪) विक्रम :- શૂરવીરતા અર્થમાં परा અવ્યય આવે છે. દા.ત. पराक्रमः (શૂરવીરતાનું પ્રદર્શન કરે ત્યારે પરાક્રમ શબ્દપ્રયોગ થાય છે.

(૫) अप्रत्यक्ष :- ઇન્દ્રિયથી ન જણાતું હોય એવા અર્થમાં "परा" અવ્યય આવે છે. દા.ત. परोक्षम् (આપણી ઇન્દ્રિયથી પર.)

(૬) अनाभिमुख्य :- અનભિમુખપણાં અર્થમાં "परा" અવ્યય આવે છે. દા.ત. परावृत्तः (પાછાં આવવું.) તથા पराङ्मुख :- (અવળા મુખવાળો.) અર્થાત્ મુખથી દૂર થયેલો.)

(૭) भृशार्थ :- અધિક અર્થમાં "परा" અવ્યય આવે છે. દા.ત. पराजितः (ભયંકર હાર)

(૮) मोह :- આમ તો મોહ એટલે અજ્ઞાન અર્થ થાય છે, પરંતુ કોઈક વ્યક્તિ પાસે જાદુની કળા હોય અને તે કળાથી શત્રુને હરાવે તો આવો અર્થ પણ "परा" અવ્યયનો થાય છે. દા.ત.

पराभूत: જાદુની કળાવાળો માણસ શત્રુને કળા દ્વારા હરાવે છે. આવો અર્થ આ "पराभूत:" શબ્દનો થાય છે.

(૯) प्रातिलोम्य :- પ્રતિકૂળતા અથવા શત્રુતા અર્થમાં परा અવ્યય આવે છે. દા.ત. युद्धे परावृत: યુદ્ધમાં પ્રતિકૂળ અથવા યુદ્ધમાં શત્રુતા.

**अप** :- "अप" અવ્યય વર્જનથી શરૂ કરીને અસવ્યવૃત્તિ અર્થમાં છે.

(૧) वर्जन :- ત્યાગ અર્થમાં "अप" અવ્યય આવે છે. દા.ત. अप साकेताद् वृष्ट: मेघ: । (સાકેત દેશ સિવાય વરસાદ વરસ્યો.)

(૨) वियोग :- જુદા થવું અર્થમાં अप અવ્યય આવે છે. દા.ત. अपयुक्ता गौर्वत्सेन । (વાછરડાં સાથે ગાય છૂટી પડી.)

(૩) आलेखन :- ખોતરવું અર્થમાં अप અવ્યય આવે છે. દા.ત. अपस्किरते वृषभ: (બળદ ખોતરે છે.) બળદ પોતાનાં બે પગોથી જમીનને ખોદતો હોય છે ત્યારે આવો પ્રયોગ થાય છે.

(૪) चौर्य :- ચોરી કરવા સ્વરૂપ અર્થમાં "अप" અવ્યય આવે છે.अपहरति (તે ચોરી કરે છે.)

(૫) निर्देश :- સંકેત કરવા અર્થમાં अप અવ્યય આવે છે. દા.ત. अपदिशति परम् (તે બીજાનો સંકેત કરે છે.)

(૬) वैकृत :- વિકાર અર્થમાં "अप" અવ્યય આવે છે. દા.ત. તે વિકૃત બોલે છે, આ અર્થ "अपजल्पति"નો છે. જ્યારે વક્તા બોલતો હોય છે ત્યારે સ્વર અને વ્યંજનોમાં ઉચ્ચારણની અપેક્ષાએ વિકૃતિ આવે છે, ત્યારે આવો પ્રયોગ થાય છે.

(૭) विधिविपर्यय :- વિધિથી વિરુદ્ધ અર્થમાં "अप" અવ્યય આવે છે. દા.ત. अपशब्द: શિષ્ટપુરુષોના પ્રયોગોમાં ન આવતા હોય તેવા બધાં જ શબ્દો "अपशब्द" કહેવાય છે તથા अपनय: (બીજા નયોની વિચારણા વિના એકાન્તે નયનો પ્રયોગ થાય તેવા નયો અપનયો કહેવાય છે.)

(૮) ऋणग्रहण :- દેવું ગ્રહણ કરવા અર્થમાં "अप" અવ્યય આવે છે. દા.ત. "अपमित्य याचते" (તે દેવું કરીને માંગે છે. અર્થાત્ જુનું દેવું તો હજુ વિદ્યમાન જ છે છતાં પણ તે નવા દેવાને ગ્રહણ કરે છે.)

(૯) अवयव :- "अप" અવ્યય અવયવ અર્થમાં આવે છે. દા.ત. अपस्कर: રથનો અવયવ. (રથના પૈડાં સિવાયના જે અંગ હોય એ અર્થમાં આ અવ્યય આવે છે.)

(૧૦) पूजा :- "अप" અવ્યય સત્કાર અર્થમાં પણ આવે છે. દા.ત. अपचितो गुरुर्देवदत्तेन (દેવદત્ત વડે ગુરુ પુજાયા.)

(૧૧) निह्नव :- છુપાવવું અર્થમાં આ "अप" અવ્યય આવે છે. शतमपजानीते (તે સોને છુપાવે છે.) सहस्रम् अपजानीते (તે હજારને છુપાવે છે.)

(૧૧) सव्यवृत्ति :- વિપરીત અર્થમાં "अप" અવ્યય આવે છે. દા.ત. "अपसव्यं गच्छति" (વિપરીતતાથી જાય છે. ક્રિયાવિશેષણ છે.) સવ્યવૃત્તિનો અર્થ 'વિપર્યય હોવો જોઈએ, એવું માનીને જણાવ્યું' છે.

**( श०न्या० ) सम्**-मूर्त्ति-वचनैक्य-प्रभव-समन्ताद्भाव-भूषण-समवायाऽऽभिमुख्य-यौगपद्य-श्लेषण-भृशार्थ-दर्शनीयत्व-सादृश्याऽ-नास्थिताऽपिधान-क्रोध-मर्यादेर्ष्या-चीवरग्रहणाऽस्पष्ट-प्रीति-स्वीकरणाऽल्पार्था-ऽभ्यास-प्राधान्य-पुनः क्रियासु । मूर्तौ-संहता मूर्तिर्घटादीनाम् । वचनैक्ये-एकवादः-संवादः । प्रभवे-तिलेभ्यस्तैलं संभूतम् । समन्ताद्भावे-समन्ताद् गच्छति-संगच्छते । भूषणे-भूषिता कन्या-संस्कृता कन्या । समवाये-संकरः । आभिमुख्ये-समुत्तिष्ठति । यौगपद्ये-युगपत्कृतः-संकेतः (संकृतः) । श्लेषणे-सन्धिः । भृशार्थे-सन्नह्यति । दर्शनीयत्वे-संस्थिता कन्या, दर्शनीयेत्यर्थः । सादृश्ये-गोसंस्थानं गवयस्य । अनास्थिते-संस्थितः केतुः । अपिधाने-संवृतं द्वारम् । क्रोधे-संरम्भः । मर्यादायाम्-संस्था । ईर्ष्यायाम्-संलापः । चीवरग्रहणे-संचीवरयते भिक्षुः । अस्पष्टे-संशयः । प्रीतौ-संभाषणम् । स्वीकरणे-संगृह्णाति । अल्पार्थे-समर्थ(र्घ)म् । अभ्यासे-समीपम् । प्राधान्ये-समर्थः सम्राट् । पुनः-क्रियायाम्-पुनर्धावति-संधावति, पुनस्तपति-संतपति ।

**અનુવાદ :- सम् :-** सम् અવ્યયના મૂર્તિ અર્થથી શરૂ કરીને ફરીથી ક્રિયા અર્થના પ્રયોગો બતાવે છે.

(૧) मूर्ति :- સંઘાત અર્થમાં सम् અવ્યય આવે છે. દા.ત. घटादीनाम् संहता (ઘટ વગેરેનો સંઘાત અર્થાત્ ઘટ વગેરે એકદમ જોડાયેલા છે. જે પદાર્થો પિંડ સ્વરૂપે હોય તેને સંઘાત સ્વરૂપ કહેવાય છે અને તે જ મૂર્તિ સ્વરૂપે હોય છે.)

(૨) वचनैक्य :- "વચનમાં એકપણું" અર્થમાં सम् અવ્યય આવે છે. દા.ત. संवादः (બંને વચનો સમાન સ્વરૂપવાળા હોય અર્થાત્ એક જ તાત્પર્યનું કથન કરતાં હોય ત્યારે संवाद શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.)

(૩) प्रभव :- ઉત્પન્ન થવું અર્થમાં सम् અવ્યય આવે છે. દા.ત. तिलेभ्यः तैलम् संभूतम् (તલમાંથી તેલ ઉત્પન્ન થયું.)

(૪) समन्तात् भाव :- ચારે બાજુએથી થવું અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संगच्छते - આમ તો संगच्छध्वम् (તમે સાથે જાઓ.) આ પ્રમાણે વેદમાં પ્રસિદ્ધ અર્થ છે. આથી અહીં

संगच्छतेનો અર્થ સાથે મળે છે, એવો થવો જોઈએ. જે સમન્તાત્ ભાવ અર્થમાં ઘટતો નથી, અહીં 'समन्ताद् गच्छति'ના બદલે 'सहभावे गच्छति' હોઈ શકે છે. આ વિચારવા યોગ્ય છે. અવ્યયકોશમાં આ જ અર્થમાં संपतन्ति (ચારે બાજુથી પડે છે.) પ્રયોગ આવ્યો છે.

(૫) भूषण :- શણગારવું અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संस्कृता कन्या (કન્યા શણગારાઈ.)

(૬) समवाय :- મળવું અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संकरः (મળવું.) संगमः (મળવું.)

(૭) आभिमुख्यः :- સન્મુખ થવા અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. समुत्तिष्ठति (તે સન્મુખ થયો.)

(૮) यौगपद्य :- યુગપત્ કરવું અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संकेत" (પ્રેમીઓનું મિલન સ્થળ અથવા તો સમાગમ સ્થાન.) જે સ્થાન પ્રેમીઓને જોડે છે, તે સ્થળને "संकेत" શબ્દથી જણાવાય છે.

(૯) श्लेषण :- જોડાણ અર્થમાં અથવા તો સમાગમ અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "सन्धिः" (સંગમ અથવા તો મેળાપ.)

(૧૦) भृशार्थ :- પ્રબળ અર્થ અથવા તો દૃઢ અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "सन्नह्यति" (તે પ્રબળતાથી સજ્જ થાય છે અથવા તો મજબૂત રીતે સજ્જ=તૈયાર થાય છે.)

(૧૧) दर्शनीयत्व :- જોવા યોગ્યપણાં અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संस्थिता कन्या" (જોવા યોગ્ય કન્યા.) જોવાને યોગ્ય હોય એ રીતે સ્થિત થયેલી કન્યાને માટે આવો શબ્દપ્રયોગ થાય છે. આ અર્થ અવ્યયકોશમાં નથી.

(૧૨) सादृश्य :- સમાન અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "गोसंस्थानम् गवयस्य" (ગવયની ગાય જેવી આકૃતિ) એક જેવી સ્થિતિ જેની છે તે સંસ્થાન કહેવાય છે. જેવી ગાયની સ્થિતિ છે તેવી ગવયની સ્થિતિ છે, આથી આકૃતિની અપેક્ષાએ સમાનતા આવે છે.

(૧૩) अनास्थित :- મૃત અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संस्थितः केतुः" (કેતુ નાશ પામ્યો. કેતુ અસ્ત થયો.) કેતુ જ્યારે ઉપર હોય અને રાહુનો ગ્રહ નીચે હોય તે સમયે વિષ્ણુ ભગવાન કેતુનો શિરચ્છેદ કરે છે ત્યારે संस्थितः केतुः એવો પ્રયોગ થાય છે.

(૧૪) अपिधान :- બંધ કરવું અર્થમાં "सम्" અવ્યય આવે છે અથવા તો ભેગુ કરવું અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संवृतम् द्वारम्" (ભેગા થયેલા બે દ્વારો અથવા તો બંધ દરવાજો.) દરવાજો જ્યારે બંધ કરવો હોય ત્યારે બે દરવાજાને ભેગા કરવામાં આવે છે, એવી

અપેક્ષાથી બંધ દ્વારો કહેવાય છે તથા આવા તાત્પર્યને જણાવવા માટે "संवृतम् द्वारम्" એ પ્રમાણે શબ્દપ્રયોગ થાય છે.

(૧૫) क्रोध :- અરુચિભાવ અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संरम्भः" (ક્રોધ.)

(૧૬) मर्यादा :- સમ્યક્ સ્થિતિ અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संस्था (સમ્યક્ સ્થિતિ.) અથવા (મર્યાદા) संस्थाम् भिनत्ति તે મર્યાદાને તોડે છે. સમાજના જે નીતિ-નિયમો હોય તેમાં રહેવું તે મર્યાદા કહેવાય. શાસ્ત્રના સિદ્ધાંતોમાં સમ્યક્ સ્થિતિ રાખવી તે મર્યાદા કહેવાય છે.

(૧૭) ईर्ष्या :- અસહન શક્તિ અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संलापः (પરસ્પર વાતચીત કરવી.) અમરકોશ તથા શબ્દકલ્પદ્રુમ વગેરે ગ્રન્થોમાં संलापનો અર્થ પરસ્પર વાતચીત કરવી એ પ્રમાણે થાય છે, ક્યાંય ઈર્ષ્યા અર્થ જણાતો નથી. આથી જિજ્ઞાસુઓએ આ બાબતમાં વિચારવા યોગ્ય છે કે અહીં सम् અવ્યય ईर्ष्या અર્થમાં કેવી રીતે આવી શકે ?

(૧૮) चीवरग्रहणम् :- વસ્ત્રને ગ્રહણ કરવા અર્થમાં "सम्" અવ્યય આવે છે. संचीवरयते भिक्षुः (ભિક્ષુક વસ્ત્રને ગ્રહણ કરે છે.)

(૧૯) अस्पष्ट :- "सम्" અવ્યય અપ્રગટ અર્થમાં આવે છે અથવા તો નિશ્ચયનો અભાવ અર્થ થાય છે. દા.ત. संशयः (વિરુદ્ધ ધર્મનો બોધ થતો હોવાથી નિશ્ચયનો અભાવ થાય છે.)

(૨૦) प्रीति :- પ્રસન્નતા અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. संभाषणम् (સાથે બોલવું.) જ્યારે વ્યક્તિ પ્રસન્ન હોય છે ત્યારે જ પરસ્પર સાથે બોલતી હોય છે. આથી અહીં सम् અવ્યયને પ્રીતિ અર્થવાળો કહ્યો છે.

(૨૧) स्वीकरणम् :- ગ્રહણ કરવું અથવા સંગ્રહ કરવા અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संगृह्णाति" (તે સંગ્રહ કરે છે.)

(૨૨) अल्पार्थ :- "सम्" અવ્યય ન્યૂન અર્થમાં આવે છે. દા.ત. "समर्घम्" (અલ્પ મૂલ્યવાળું.) "इदम् वस्तु समर्घम्" (આ વસ્તુ સસ્તી છે.)

(૨૩) अभ्यास :- નજીક અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "समीपम्" (નજીક.) "श्" વાળો પણ अभ्याश શબ્દ નજીક અર્થમાં હોય છે.

(૨૪) प्राधान्य :- મુખ્ય અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. समर्थः सम्राट् (પ્રધાન એવા સમ્રાટ.)

(૨૫) पुनः क्रिया :- ફરીથી ક્રિયા કરવી અર્થમાં "सम्" અવ્યય આવે છે. દા.ત. "संधावति" (તે ફરીથી દોડે છે.) संतपति (તે ફરીથી તપે છે.)

**(श०न्या०)** **अनु**-देशा-ऽधीष्ट-सामीप्य-स्वाध्याय-साम्या-ऽर्थाभावा-ऽऽयति-निसर्ग-भृशार्थ-सादृश्या-ऽनुवृत्ति-हितार्थ-लक्षण-हीनार्थ-तृतीयार्थ-स्वाध्यायाधिक्य-वीप्सासु । देशे-अनूपो देशः । अधीष्टे-इन्द्रानुब्रूहि । सामीप्ये-अनुशोणं पाटलिपुत्रम् । स्वाध्याये-अनुपदम्, अनुवाक्यम् । साम्ये-अनुमतम्, अनुवदति । अर्थाभावे-अनुतपति । आयत्याम्-अनुशयः, अनुबन्धः । निसर्गे-अनुज्ञातो-ऽसि । भृशार्थे-अनुरक्तः, अनुस्मरति । सादृश्ये-अनुकरोति, अनुरूपम् । अनुवृत्तौ-सुवर्चला आदित्य-मनुपर्येति । हितार्थे-अनुलोममनुक्रोशं करोति, अनुगृह्णाति । लक्षणे-वृक्षमनु विद्योतते । हीने-अनु जिनभद्रगणिं व्याख्यातारः । तृतीयार्थे-नदीमन्ववसिता सेना, नद्या सहाऽवबद्धेत्यर्थः । स्वाध्यायाधिक्ये-अनूचान उपाध्यायः । वीप्सायाम्-वृक्षम् वृक्षमनु सिञ्चति ।

**અનુવાદ :- अनु :-** "अनु" અવ્યય દેશ અર્થથી શરૂ કરીને વીપ્સા અર્થ સુધીના અર્થમાં આવે છે.

(૧) देश :- ચોક્કસ ક્ષેત્ર અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनुपः देशः" (જે દેશમાં પાણી વધારે હોય અને જમીન ઓછી હોય એવા દેશને "अनुपः" કહેવામાં આવે છે. જાપાન ટાપુઓનો દેશ હોવાથી ત્યાં પાણી વધારે હોય છે અને જમીન ઓછી હોય છે. માટે "अनुपः" એ એક પ્રકારનું દેશવાચક નામ જ છે. અહીં "अनु" અવ્યય દેશવાચક કહેવાય છે.)

(૨) अधीष्ट :- સન્માનપૂર્વક પ્રાર્થના કરવા અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "इन्द्र अनुब्रूहि" (હે ઈન્દ્ર ! તું મને ભણાવ.) અહીં કોઈક વ્યક્તિ ઈન્દ્ર મહારાજાને ભણાવવા માટે પ્રાર્થના કરે છે.

(૩) सामीप्य :- નજીકપણાંના અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनुशोणम् पाटलिपुत्रम्" (શોણ નદીની પાસે પાટલિપુત્ર છે.)

(૪) स्वाध्याय :- જેમાં વ્યવસ્થિત અધ્યયન કરવામાં આવે છે તેને સ્વાધ્યાય કહેવામાં આવે છે. વેદને સ્વાધ્યાય કહેવાય છે. વેદમાં જુદાં જુદાં ખંડો હોય છે. તેઓને "अनुपदम्" કહેવાય છે. અથવા તો "अनुवाक्यम्" કહેવાય છે. આથી જ્યારે જ્યારે વેદનું પઠન કરવામાં આવે ત્યારે ત્યારે "अनुपदम्" અથવા "अनुवाक्यम्"નું આલંબન લેવાતું હોવાથી તે બંને સ્વાધ્યાય સ્વરૂપ કહેવાય છે.

(૫) साम्य :- સમાન બુદ્ધિ અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. अनुमतम् (જ્યારે કોઈક વ્યક્તિની વાતને આપણે માન્ય કરીએ છીએ અથવા તો સ્વીકારીએ છીએ ત્યારે સમાન મતિ થાય છે અને આવા અર્થને "अनुमतम्" અર્થ કહેવાય છે) તથા "अनुवदति" (જે પ્રમાણે કોઈક

બોલ્યું હોય તે પ્રમાણે જ બીજો વ્યક્તિ બોલે ત્યારે "अनुवदति" શબ્દપ્રયોગ થાય છે. જેનો અર્થ બોલેલાની સમાન બોલે છે.)

(૬) अर्थाभाव :- "કોઈ ચોક્કસ પદાર્થનો અભાવ" અર્થમાં "अनु" અવ્યય આવે છે. "अनुतपति" (તે પ્રાયશ્ચિત્ત કરે છે.) કોઈક વ્યક્તિથી ભૂલ થઈ ગઈ હોય ત્યારે તે ભૂલને દૂર કરવા માટે પ્રાયશ્ચિત્ત કરે છે. આથી ભૂલ સ્વરૂપ જે પદાર્થ છે તેનો અભાવ થતો હોવાથી अर्थाभाव સ્વરૂપ અર્થમાં "अनु" અવ્યય આવ્યો છે.

(૭) आयती :- ભવિષ્ય અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. अनुशयः (પ્રાયશ્ચિત્ત.) अनुबन्धः (સાતત્ય અથવા તો અબાધ પરંપરા) પ્રાયશ્ચિત્ત કરતી વખતે જીવ ભવિષ્યના વિપાકોને ધ્યાનમાં રાખે છે. આથી ભવિષ્યના વિપાકોને યાદ કરીને પ્રાયશ્ચિત્ત કરાતું હોવાથી "अनु" અવ્યય ભવિષ્ય અર્થમાં કહી શકાય છે. તે જ પ્રમાણે જીવ આજે જ્યારે કર્મબંધ કરતો હોય ત્યારે આજની અપેક્ષાએ બંધ કહેવાય છે અને ભવિષ્યની અપેક્ષાએ બંધનો બંધ કહેવાય છે અર્થાત્ બંધ થયા પછીનો જે બંધ થવાનો છે, તેને "अनुबंध" કહેવાતો હોવાથી અહીં "अनु" અવ્યય ભવિષ્ય અર્થમાં છે.

(૮) निसर्ग :- અનુમતિ અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनुज्ञातोऽसि" (તું સંમત થયો છે અથવા તો તું અનુમત થયો છે.)

(૯) भृशार्थ :- વધારે અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. अनुरक्तः (વધારે આસક્ત) તથા अनुस्मरति (તે વધારે સ્મરણ કરે છે.)

(૧૦) सादृश्य :- સમાન અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनुकरोति" (તે અનુકરણ કરે છે.) અહીં સામેવાળો જેવું કરે છે એવું તે કરતો હોવાથી "अनुकरण"માં સાદશ્ય આવે છે તથા अनुरूपम् (રૂપને યોગ્ય અથવા તો સ્વરૂપને યોગ્ય.) અહીં પણ સાદશ્ય અર્થમાં "अनु" અવ્યય આવ્યો છે.

(૧૧) हितार्थ :- કલ્યાણ અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. अनुलोमम् करोति (તે લોમને= રુંવાટીને અનુસરે છે.) કોઈક વ્યક્તિ જે બાજુ રુંવાટી વળતી હોય તે બાજુ જ માલીસ કરે ત્યારે "अनुलोमम् करोति" વાક્યનો પ્રયોગ થાય છે તથા રુંવાટી જે દિશામાં વળેલી હોય તેનાથી વિપરીત દિશામાં જો માલીશ કરવામાં આવે તો "प्रतिलोमम् करोति" વાક્યનો પ્રયોગ થાય છે. "अनुक्रोशं करोति" (આક્રોશ કર્યા પછી દયા કરવામાં આવે છે તે અર્થ આ પ્રયોગનો થાય છે.) अनुगृह्णाति (અનુકંપા કરે છે.)

ઉપરના "अनु" અવ્યયવાળા ત્રણેય પ્રયોગોમાં કર્તાને હિતબુદ્ધિ હોવાથી "अनु" અવ્યય હિતાર્થમાં આવે છે.

(૧૨) अनुवृत्ति :- અનુસરવું અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "सुवर्चला आदित्यम् अनुपर्येति" (સૂર્યમુખીનું ફૂલ સૂર્યને અનુસરે છે.)

(૧૩) लक्षण :- ચિહ્ન અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. वृक्षम् अनु विद्योतते (વૃક્ષની સામે વીજળી પ્રકાશે છે અથવા તો વૃક્ષ તરફ વીજળી પ્રકાશે છે.) અહીં વીજળી પ્રકાશવાની ઘટના વૃક્ષ સ્વરૂપ લક્ષણથી (ચિહ્ન) ઓળખાય છે. માટે "अनु" અવ્યય લક્ષણ અર્થમાં આવેલો કહેવાય છે.

(૧૪) हीन :- ન્યૂન અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनु जिनभद्रगणिं व्याख्यातारः" (જિનભદ્રગણિ કરતાં અન્ય વ્યાખ્યા કરનારાઓ હીન હતા.)

(૧૫) तृतीयार्थ :- તૃતીયાર્થ એટલે સહાર્થ; અર્થાત્ સહાર્થમાં પણ "अनु" અવ્યય આવે છે. "नदीम् अन्वसिता सेना" (સેના નદીની સાથે સાથે રહી હતી.)

(૧૬) स्वाध्यायाधिक्ये :- અધિકસ્વાધ્યાય અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "अनूचान उपाध्यायः ।" "अनूचान"નો અર્થ જ ઉપાધ્યાય થાય છે. ઉપાધ્યાય આખો દિવસ ભણતાં અને ભણાવતાં હોવાથી અધિક સ્વાધ્યાય અર્થ તેમનામાં ઘટી શકે છે.

(૧૭) वीप्सा :- ક્રિયા દ્વારા, ગુણ દ્વારા કે દ્રવ્ય દ્વારા બધી વસ્તુઓને વ્યાપી જવું તે વીપ્સા કહેવાય છે. આ વીપ્સા અર્થમાં "अनु" અવ્યય આવે છે. દા.ત. "वृक्षम् वृक्षम् अनु सिञ्चति" (તે દરેક વૃક્ષોને સિંચે છે.)

**(श०न्या०) अव**-विज्ञाना-ऽधोभाव-स्पर्द्धा-ऽऽलम्बन-सामीप्य-शुद्धि-स्वादुकारेषदर्थ-व्याप्ति-भृशार्थ-निश्चय-परिभव-प्राप्ति-गाम्भीर्य-वृत्तान्तवियोग-वर्चस्क-देशाख्या-ऽहितक्रिया-ऽऽश्रयस्पर्शेषु । विज्ञाने-अवगच्छति । अधोभावे-अधःक्षेपणम्-अवक्षेपणम् । स्पर्द्धायाम्-अवक्षिपति मल्लो मल्लं । आलम्बने-अवष्टभ्य यष्टिं गच्छति । सामीप्ये-अवष्टब्धा शरत् । शुद्धौ-अवदातं मुखम् । स्वादुकारे-अवदंशः पानस्य । ईषदर्थे-ईषल्लीढम्-अवलीढम् । व्याप्तौ-अवकीर्णं पांशुभिः । भृशार्थे-अवगाढो दोषः । निश्चये-अवधृतं कार्यम् । परिभवे-अवमन्यते । प्राप्तौ-अवाप्तोऽर्थः । गाम्भीर्ये-अवस्थितः । वृत्तान्ते-काऽवस्था । वियोगे-अवमुक्तनूपुरा कन्या । वर्चस्के-अवस्करः । देशाख्यायाम्-अवकाशः । अहितक्रियायाम्-अवदूष्यन्ते कार्यम् । आश्रये-अवलीनो वायसः । स्पर्शे-अवगाहसुखं तोयम् ।

**અનુવાદ :- अव :-** "अव" અવ્યયના વિજ્ઞાન અર્થથી સ્પર્શ સુધીના અર્થો છે.

(૧) विज्ञान :- જાણવું અર્થમાં "अव" અવ્યય આવે છે. "अवगच्छति" (તે જાણે છે.)

(૨) अधोभाव :- નીચે થવું અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवक्षेपणम्" (નીચે ફેંકવું.)

(૩) स्पर्धा :- સ્પર્ધા અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवक्षिपति मल्लो मल्लम्।" (એક મલ્લ બીજા મલ્લને પછાડે છે.)

(૪) आलंबन :- આશ્રય લેવા અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवष्टभ्य यष्टिम् गच्छति।" (તે લાકડીનું આલંબન લઈને (આધાર લઈને) જાય છે.)

(૫) सामीप्य :- સમીપ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवष्टब्धा शरत्।" (નજીક એવી શરદઋતુ.)

(૬) शुद्ध :- સ્વચ્છ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवदातम् मुखम्।" (સ્વચ્છ એવું મુખ.)

(૭) स्वादुकार :- સ્વાદિષ્ટ કરવા અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवदंशः पानस्य" (તેણે પીવા યોગ્ય દ્રવ્યને સ્વાદિષ્ટ કર્યું.)

(૮) ईषदर्थ :- અલ્પ અર્થમાં अव આવે છે. દા.ત. "अवलीढम्" (તેણે થોડુ ચાટ્યું.)

(૯) व्याप्ति :- વ્યાપવું અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवकीर्णम् पांशुभिः" (ધૂળથી વ્યાપ્ત થયેલું વન.)

(૧૦) भृशार्थ :- ગાઢ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા. ત. "अवगाढः दोषः" (ગાઢ એવો દોષ અથવા તો ઘનીભૂત એવો દોષ.)

(૧૧) निश्चय :- નિશ્ચિત અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवधृतम् कार्यम्" (નિશ્ચિત એવું કાર્ય.)

(૧૨) परिभव :- તિરસ્કાર અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवमन्यते" (તે તિરસ્કાર કરે છે.)

(૧૩) प्राप्ति :- પ્રાપ્ત કરવું અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवाप्तोऽर्थः" (તેણે અર્થ પ્રાપ્ત કર્યા.)

(૧૪) गाम्भीर्य :- ઊંડાણ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवस्थितः" (ગંભીરતાથી રહેલો એવો તે.)

(૧૫) वृत्तान्त :- સમાચાર અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "का-अवस्था ?" (શું સમાચાર છે ?)

(૧૬) वियोग :- રહિત અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवमुक्तनूपुरा कन्या" (કન્યા ઝાંઝર રહિત થઈ.)

*(૧૭) वर्चस्क :- મેલ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवस्करः" (કચરો અથવા ઉકરડો.)*

(૧૮) देशाख्या :- દેશ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवकाशः" (ખુલ્લી જગ્યા અથવા તો ખુલ્લું સ્થાન.) અહીં સ્થાન (દેશ) અર્થમાં "अव" અવ્યય છે.

(૧૯) अहितक्रिया :- હિત વગરની ક્રિયા અર્થમાં "अव" અવ્યય આવે છે. દા. ત. "अवदूष्यन्ते कार्यम्" (તેઓ કાર્યને દૂષિત કરે છે.)

(૨૦) आश्रय :- આધાર અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवलीनो वायसः" (કાગડો (શાખા ઉપર) આશ્રિત થયો.)

(૨૧) स्पर्श :- સ્પર્શ અર્થમાં "अव" અવ્યય આવે છે. દા.ત. "अवगाहसुखम् तोयम्" (સ્પર્શમાં સુખદાયક પાણી.)

**(श०न्या०) निर्**-वियोग-भृशार्था-ऽभावा-ऽत्यय-प्रादुर्भाव-हेत्ववधारणाऽऽदेशा-ऽतिक्रमणा-ऽभिनिःसरणेषु । वियोगे-वियुक्तः शल्येन-निःशल्यः । भृशार्थे-भृशं दग्धः-निर्दग्धः । अभावेमक्षिकाणामभावः-निर्मक्षिकम्, निर्मशकम् । अत्यये-अतीतमेघं नभः-निर्मेघम् । प्रादुर्भावे-निर्मितम्, निष्पन्नम् । हेतौ-हेतुनोक्तम् निरुक्तम् । अवधारणे-निश्चयः । आदेशे-निर्देशः । अतिक्रमणे-अतिक्रान्तः कौशाम्ब्याः-निष्कौशाम्बिः । अभिनिःसरणे-अभिनिःसृतजिह्वः-निर्जिह्वः ।

***અનુવાદ :- निर् :-*** *"निर्" અવ્યય વિયોગથી શરૂ કરીને અભિનિઃસરણ અર્થ સુધીના અર્થમાં* આવે છે.

(૧) वियोग :- છૂટાં પડવા સ્વરૂપ અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निःशल्यः (તે શલ્યથી રહિત થયો.)

(૨) भृशार्थ :- ગાઢ અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निर्दग्धः (વધારે બળ્યો.)

(૩) अभाव :- વસ્તુના અસ્તિત્વના અભાવ અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निर्मक्षिकम् (માખીનો અભાવ.) निर्मशकम् (મચ્છરોનો અભાવ.) આ બંને, અભાવ અર્થમાં અવ્યયીભાવ સમાસ છે.

(૪) अत्यय :- વીતવું અર્થમાં (પસાર થવું અર્થમાં) "निर्" અવ્યય આવે છે. દા.ત. निर्मेघम् (પસાર થઈ ગયા છે વાદળ જેમાં એવું આકાશ.)

(૫) प्रादुर्भाव :- ઉત્પન્ન થવા સ્વરૂપ અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निर्मितम् (મારા વડે નિર્માણ કરાયું અર્થાત્ ઉત્પન્ન કરાયું.) તથા निष्पन्नम् (વસ્તુ ઉત્પન્ન થઈ.)

(૬) हेतु :- કારણ અર્થમાં પણ "निर्" અવ્યય આવે છે. દા.ત. "निरुक्तम्" વ્યાખ્યાગ્રન્થ, વ્યુત્પત્તિ સહિત વ્યાખ્યા, છ વેદાંગમાંથી એક અંગને, 'निरुक्तम्' કહે છે. આ 'निरुक्तम्'માં અપ્રચલિત એવા વૈદિક શબ્દોની વ્યાખ્યા કરવામાં આવી છે. આ પ્રમાણે મુખ્ય સ્વરૂપે વેદો હતા. માટે જ તેના (વેદોના) નિમિત્તે આ વ્યાખ્યાગ્રન્થ થયો. તેથી અહીં હેતુ અર્થમાં 'निर्' અવ્યય આવ્યો છે.

(૭) अवधारण :- નિશ્ચય અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निश्चयः (તેનું અવધારણ થયું.)

(૮) आदेश :- કથન કરવું અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निर्देशः (કથન કરવું.)

(૯) अतिक्रमण :- અતિક્રમણ (ઉલ્લંઘન) કરવું અર્થમાં "निर्" અવ્યય આવે છે. દા.ત. निष्कौशाम्बिः (કૌશાંબી નગરીનું ઉલ્લંઘન કરનાર.)

(૧૦) अभिनिःसरण :- સન્મુખ નીકળવું અર્થમાં "निर्" અવ્યય આવે છે. निर्जिह्वः (સન્મુખ નીકળી છે જીભ જેની એવો કોઈ પુરુષ.) કોઈક વ્યક્તિ કોઈક ભાઈની સામે જીભ બહાર કાઢીને ઉભો રહે ત્યારે આવો પ્રયોગ થાય છે.

**( श०न्या० ) दुर्**–ईषदर्थ–कुत्सा–वैकृत–व्यृद्धि–कृच्छ्र–ऽप्रतिनन्दना–ऽनीप्सासु । ईषदर्थे–दुर्बलः, दुर्गृहीतः । कुत्सायाम्–दुर्गन्धः, दुरन्तः । वैकृते–दुर्वर्णः, दुश्चर्म्मा । व्यृद्धौ–कम्बोजानां व्यृद्धिः–दुष्कम्बोजम् । कृच्छ्रे–कृच्छ्रेण क्रियते–दुष्करम् । अप्रतिनन्दने–असम्यगुक्तम्–दुरुक्तम् । अनीप्सायाम्–अनीप्सितभगा–दुर्भगा ।

**અનુવાદ :- दुर् :-** "ईषत्" અર્થથી શરૂ કરીને અનીપ્સા સુધીના અર્થમાં "दुर्" અવ્યય આવે છે.

(૧) ईषत् :- અલ્પ અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुर्बलः (ઓછું બળ.) दुर्गृहित (કમજોરીથી - ઓછી શક્તિથી ગ્રહણ કરેલ.)

(૨) कुत्सा :- નિંદા અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुर्गन्धः (ખરાબ ગંધ) તથા दुरन्तः (ખરાબ છે અન્ત (પરિણામ) જેનો એવો તે दुरन्त કહેવાય છે.)

(૩) वैकृत :- વિકૃત કરવા સ્વરૂપ અર્થમાં "दुर्" અવ્યય આવે છે. दुर्वर्णः (ખરાબ વર્ણ.) તથા दुश्चर्म्मा (ખરાબ ચામડી.)

(૪) व्यृद्धि :- ઋદ્ધિના અભાવ અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुष्कम्बोजम् (કંબોજના લોકોની ઋદ્ધિનો અભાવ.)

(૫) कृच्छ्र :- દુઃખ અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुष्करम् (દુઃખેથી કરાયું.)

(૬) अप्रतिनन्दन :- પ્રસન્નતા ન હોય એવું કરવું અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुरुक्तम् કોઈક વ્યક્તિ જ્યારે અસમ્યક્ વચન બોલે છે, ત્યારે બોલનારને પ્રસન્નતા હોતી નથી એવું જણાય છે. માટે તેવા વચનોને "दुरुक्तम्" શબ્દો વડે કહેવાય છે.

(૭) अनीप्सा :- પ્રાપ્ત કરવાને ઈચ્છવું નહીં અર્થમાં "दुर्" અવ્યય આવે છે. દા.ત. दुर्भगाः (પ્રાપ્ત કરવાને ન ઈચ્છવા સ્વરૂપ ભાગ્ય.)

**( श०न्या० ) वि**-नानार्था-ऽपाया-ऽत्यय-भय-दूर-भृशार्थ-कलहैश्वर्य-वियोग-मोह-हर्ष-कुत्सा-प्रादुर्भावा-ऽनाभिमुख्या-ऽनवस्थान-प्राधान्यभोजन-संज्ञा-दाक्ष्य-व्यय-व्याप्तिषु । नानार्थे-नाना चित्रम्-विचित्रम् । अपाये-विदुःखः, विशोकः । अत्यये-व्यृक्षं नभः, विहिमः कालः । भये-विषण्णः, विभीतः । दूरे-विकृष्टोऽध्वा । भृशार्थे-भृशं वृद्धा-विवृद्धा नद्यः, भृशं रौति-विरौति । कलहे-विग्रहः, विषादः । ऐश्वर्ये-विभुर्देशस्य । वियोगे-विपुत्रः, विभूषणः, विशिरस्कः । मोहे-विचित्तः, विमनाः । हर्षे-विस्मितमुखः । कुत्सायाम्-कुत्सितमङ्गं यस्य स व्यङ्गः, विरूपः । प्रादुर्भावे-प्रादुर्भूतो लोहितः-विलोहितः । अनाभिमुख्ये-विमुखः । अनवस्थाने-विभ्रान्तः । प्राधान्ये-विशिष्टः । भोजने-विपक्वम् । संज्ञायाम्-विष्किरः शकुनिः, विकिरो वा । दाक्ष्ये-दक्षः विक्रान्तः । व्यये-शतं विनयते, सहस्रं विनयते । व्याप्तौ-कृत्स्नमस्याप्तं शरीरं दोषैः-व्याप्तम् ।

**અનુવાદ :- वि** :- નાના અર્થથી શરૂ કરીને વ્યાપ્તિ સુધીના અર્થમાં "वि" અવ્યય આવે છે.

(૧) नाना :- અનેક અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विचित्रम् (અનેક પ્રકારનું.)

(૨) अपाय :- વિદાય અથવા તો વિયોગ અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विदुःखः (જેનું દુઃખ દૂર થયું છે તે.) તથા विशोकः (જેનો શોક દૂર થયો છે તે.)

(૩) अत्यय :- अत्यय એટલે રહિત અર્થમાં "वि" અવ્યય આવે છે. व्यृक्षम् नभः (તારા વગરનું આકાશ.) विहिमः कालः (હિમ વગરનો કાળ.)

(૪) भय :- ભય અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विषण्णः (દુઃખી અથવા ઉદાસ.) જે માણસ ભયવાળો હોય તે જ દુઃખી હોય છે. તથા विभीतः (ભયભીત.) વિશેષ પ્રકારે ભયભીત થાય ત્યારે આવો પ્રયોગ થાય છે.

(૫) दूर :- ઘણું અંતર હોય એવા અર્થમાં "वि" અવ્યય આવે છે. विकृष्टः अध्वा (દૂર એવો માર્ગ.)

(૬) भृशार्थ :- વધારે અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विवृद्धा नद्यः (નદીઓ વધી અર્થાત્ વધેલી નદીઓ.) નદીમાં પૂર આવે ત્યારે આવા પ્રયોગો થાય છે. विरौति (તે ઘણું બધું રડે છે.)

(૭) कलह :- લડાઈ અર્થમાં અથવા તો કંકાસ અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विग्रह (લડાઈ.) અહીં विग्रह શબ્દ પછી कलह અર્થમાં विषादः શબ્દ લખેલ છે. જે કલહ અર્થમાં હોય એવું જણાતું નથી. માટે આ બાબતમાં જિજ્ઞાસુઓએ વિચારવું.

(૮) ऐश्वर्य :- સ્વામી અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विभुः देशस्य (દેશનો સ્વામી.)

(૯) वियोग :- છૂટાં પડવા સ્વરૂપ અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विपुत्रः (પુત્ર વગરનો પિતા.) તથા विशिरस्कः (જેના શિરનો છેદ થઈ ગયો છે તે પુરુષ અર્થાત્ શિરચ્છેદવાળો પુરુષ. ન્યાસમાં વિયોગ અર્થમાં विभूषणः પ્રયોગ પણ બતાવેલ છે. પરંતુ विभूषणનો અર્થ તો શણગારવું થાય છે. આથી વિયોગ અર્થ માટે આ ઉદાહરણ સંગત જણાતુ નથી.

(૧૦) मोह :- મૂંઝાવું અર્થમાં "वि" અવ્યય આવે છે. विचित्तः (જેનું ચિત્ત બરાબર નથી તે.) તથા विमनाः (જેનું મન બરાબર નથી તે.)

(૧૧) हर्ष :- આનંદ અર્થમાં "वि" અવ્યય આવે છે. विस्मितमुखः (હર્ષાન્વિત થયેલું મુખ.)

(૧૨) कुत्सा :- નિંદા અર્થમાં પણ "वि" અવ્યય આવે છે. દા.ત. व्यङ्गः (ખરાબ અંગ છે, જેને તે દુષ્ટ અંગવાળો પુરુષ કહેવાય છે. આયુર્વેદમાં શરીર ઉપર કાળા કાળા ડાઘા પડે તેવા વ્યક્તિને व्यङ्ग કહેવામાં આવે છે) તથા विरूपः (ખરાબ રૂપવાળો પુરુષ.)

(૧૩) प्रादुर्भाव :- ઉત્પત્તિ અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. "विलोहितः" ઉત્પન્ન થયો છે. લાલ રંગ જેને, એ विलोहित કહેવાય છે.

(૧૪) अनाभिमुख्य :- જે અભિમુખ ન હોય એ અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विमुखः જે મુખથી દૂર થયો છે તે विमुखः કહેવાય છે.

(૧૫) अनवस्थान :- સ્થિતિ ન હોવી અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विभ्रान्तः (અસ્થિર.)

(૧૬) प्राधान्य :- મુખ્ય અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विशिष्टः (મુખ્ય.)

(૧૭) भोजन :- જે વસ્તુ સંપૂર્ણતયા પાકમાં વિદ્યમાન હોય તેને ભોજન કહેવાય છે. દા.ત.

"विपक्वम्" સંપૂર્ણ સ્વરૂપથી પાકેલું હોય તેને विपक्वम् કહેવામાં આવે છે. જે વસ્તુ પૂર્ણ રૂપથી પાકેલું હોય તે ભોજન કહેવાય છે. માટે જ "विपक्वम्"નો ભોજન અર્થ પણ કર્યો છે.

(૧૮) संज्ञा :- સંજ્ઞા અર્થમાં પણ "वि" અવ્યય આવે છે. દા.ત. विष्किरः અથવા તો विकिरः (એક પક્ષી.)

(૧૯) दाक्ष्य :- શીઘ્ર કાર્ય કરનાર હોય તે દક્ષ કહેવાય છે અને ભાવમાં પ્રત્યય લાગ્યો હોવાથી શીઘ્ર કાર્ય કરનારપણાં અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. विक्रान्तः (શીઘ્ર કાર્યને કરવાવાળો.)

(૨૦) व्यय :- ખર્ચ કરવો અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. "शतम् विनयते" (તે સો રૂપિયાનો ખર્ચ કરે છે.) બીજું सहस्रम् विनयते (તે હજાર રૂપિયાનો ખર્ચ કરે છે.)

(૨૧) व्याप्ति :- વ્યાપવું અર્થમાં "वि" અવ્યય આવે છે. દા.ત. व्याप्तम् (આ પ્રયોગ માટે સંપૂર્ણ વાક્ય દ્વારા અર્થ બતાવે છે.) कृत्स्नमस्याप्तं शरीरं दोषैः-व्याप्तम् । (આનું દોષોવડે પ્રાપ્ત થયેલું એવું સંપૂર્ણ શરીર.)

**(श०न्या०) आङ्**-मर्यादा-प्राप्ति-स्पर्श-लिप्सा-भय-श्लेष-कृच्छ्रा-ऽऽदिकर्म्म-ग्रहण-नीड-समीप-विक्रिया-ऽर्हणा-ऽऽवृत्त्या-ऽऽशीः-स्वीकरणे-षदर्था-ऽभिविधि-क्रियायोगा-ऽन्तर्भाव-स्पर्द्धा-ऽऽभिमुख्योद्ध्र्वकर्मभृशार्थ-प्रादुर्भाव-समवाय-स्मरण-विस्मय-प्रतिष्ठा-निर्देश-शक्त्यप्रसाद-विवृता-ऽनुबन्ध-पुनर्वचनेषु । मर्यादायाम्-आ पाटलिपुत्राद् वृष्टो मेघः । प्राप्तौ-आसादितः । स्पर्शे-आलिप्तः, आलभते । लिप्सायाम्-आकाङ्क्षति । भये-आविग्नः । श्लेषे-आलिङ्गति । कृच्छ्रे-आपत् । आदिकर्मणि-आरब्धः कर्तुम् । ग्रहणे-आलम्बते यष्टिम् । नीडे-आवसथः, आलयः, आवासः । समीपे-आसन्नो देवः । विक्रियायाम्-आवृक्तं सुवर्णम्, आक्रन्दति बालः । अर्हणे-आमन्त्रितः । आवृत्तौ-आवृत्तो दिवसः । आशिषि-आयुराशास्ते, पुत्रमाशास्ते । स्वीकरणे-आदत्ते फलानि, आदत्ते रसान् सूर्यः । ईषदर्थे-ईषत्कृतिराकृतिः, आताम्रः, आच्छाया । अभिविधौ-आकुमारं यशः शाकटायनस्य । क्रियायोगे-आयोगः, ऐ(ए)ष्टिः । अन्तर्भावे-आपानमुदकम् । स्पर्द्धायाम्-आह्वयते मल्लो मल्लम् । आभिमुख्ये-आगच्छति । ऊद्ध्र्वकर्मणि-आरोहति वृक्षम् । भृशार्थे-आधूता शाखा, आपीनानीव धेनूनां जघनानि प्रसुस्रुवुः । प्रादुर्भावे-आपन्नसत्त्वा स्त्री । समवाये-आसेवा, आकुलम् । स्मरणे-आ भवतु विज्ञातम् । विस्मये-आश्चर्यम् । प्रतिष्ठायाम्-आस्पदम् । निर्देशे-आदिष्टम् । शक्तौ-आधर्षयति । अप्रसादे-आविलमुदकम् । विवृते-आकाशम् । अनुबन्धे-आयाति । पुनर्वचने-आम्रेडितम् ।

**અનુવાદ :- आङ् :-** મર્યાદાથી શરૂ કરીને પુનર્વચન સુધીના અર્થમાં "आङ्" અવ્યય આવે છે.

(૧) मर्यादा :- સીમા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आ पाटलिपुत्रात् वृष्टो मेघः (પાટલિપુત્રને છોડીને અર્થાત્ પાટલિપુત્ર સુધી વરસાદ વરસ્યો.)

(૨) प्राप्ति :- પ્રાપ્ત કરવા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आसादितः (તેણે પ્રાપ્ત કર્યું.)

(૩) स्पर्श :- સ્પર્શ કરવા સ્વરૂપ અર્થમાં आङ् અવ્યય આવે છે. आलिप्तः (તેણે લેપન કર્યું.) લેપનક્રિયા કરવા માટે શરીરનો સ્પર્શ આવશ્યક છે. તથા आलभते (તે સ્પર્શ કરે છે.)

(૪) लिप्सा :- મેળવવાની ઇચ્છા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आकाङ्क्षति (તે મેળવવાને ઇચ્છે છે.)

(૫) भय :- ભય પામવા સ્વરૂપ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आविग्नः (તે ભયભીત થયો.)

(૬) श्लेष :- જોડાવા સ્વરૂપ અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आलिङ्गति (તે આલિંગન કરે છે. અર્થાત્ તે બીજાને ભેટે છે.)

(૭) कृच्छ्र :- સંકટ અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आपत् (સંકટ.)

(૮) आदिकर्म :- આરંભ કરવા સ્વરૂપ અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. कर्तुम् आरब्धः (તેણે કરવા માટે આરંભ કર્યો.)

(૯) ग्रहण :- ગ્રહણ કરવા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आलम्बते यष्टिम् (તે લાકડીને ગ્રહણ કરે છે.)

(૧૦) नीड :- નિવાસ અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आवसथः, आलयः અને आवासः (આ ત્રણેયનો અર્થ રહેઠાણ સ્વરૂપ થાય છે.)

(૧૧) समीप :- નજીક અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आसन्नो देवः (નજીક દેવ.)

(૧૨) विक्रिया :- ફેરફાર કરવા સ્વરૂપ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आवृत्तम् सुवर्णम् (ભેળસેળ કરેલું સોનું.) તથા आक्रन्दति बालः (બાળક રડે છે.)

(૧૩) अर्हण :- સન્માનપૂર્વક બોલાવવા એવા અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आमन्त्रितः (તે સન્માનપૂર્વક બોલાવાયો.)

(૧૪) आवृत्ति :- પાછા આવવા સ્વરૂપ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आवृतो दिवसः (દિવસ પાછો આવ્યો.)

(૧૫) आशिष :- આશીર્વાદ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. "पुत्रम् आशास्ते" (તે પુત્રને આશીર્વાદ આપે છે.)

(૧૬) स्वीकरण :- ગ્રહણ કરવા સ્વરૂપ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. "आदत्ते फलानि" (તે ફળોને ગ્રહણ કરે છે.) તથા आदत्ते रसान् सूर्यः (સૂર્ય રસોને ગ્રહણ કરે છે.) અહીં તાત્પર્ય આ પ્રમાણે છે - ફળો વગેરે ગરમીમાં સૂકાઈ જાય છે ત્યારે કવિ કલ્પના કરે છે કે સૂર્ય રસોને ગ્રહણ કરે છે. તથા સમુદ્રમાંથી પણ સૂર્ય અમૃત સ્વરૂપ પાણીને ગ્રહણ કરીને વરસાદરૂપે વરસાવે છે, ત્યારે વરસાવવા માટે સૂર્યએ પાણીને જે ગ્રહણ કર્યું તે રસ ગ્રહણ કરવા બરાબર છે.

(૧૭) ईषदर्थ :- અલ્પ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आकृतिः (અલ્પ કૃતિ.) आताम्रः (અલ્પ તાંબુ) તથા आच्छायाः (અલ્પ છાયા.)

(૧૮) अभिविधि :- અંતિમ સીમા અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आकुमारं यशः शाकटायनस्य (શાકટાયન વૈયાકરણીનો યશ કુમારો સુધી વ્યાપ્યો હતો.)

(૧૯) क्रियायोग :- ક્રિયાની સાથે સંબંધી એવો પણ "आङ्" અવ્યય આવે છે, જે ક્રિયાના અર્થને બતાવે છે. દા.ત. आयोगः (જોડવાની ક્રિયા અથવા તો આદેશ.) તથા ऐष्टिः (આવવું.)

(૨૦) अन्तर्भाव :- અંદર હોવું અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. "आपानम्" (મદિરાલય) મદિરા જ્યાં મળે તે સ્થાનને आपानम् કહેવાય છે. અહીં મદિરાનો અન્તર્ભાવ થયો છે. આથી અન્તર્ભાવ અર્થમાં आङ् અવ્યય આવે છે. અહીં "आपानम्" પછી "उदकम् " લખ્યું હોવાથી "आपानम्"નો પરબ અર્થ થાય છે. જ્યાં પાણી છે એવું સ્થાન "आपानम्"ના અર્થ સ્વરૂપ થશે.

(૨૧) स्पर्धा :- સ્પર્ધા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. "आह्वयते मल्लो मल्लम्" (એક મલ્લ બીજા મલ્લને આહ્‌વાન કરે છે.)

(૨૨) आभिमुख्य :- સન્મુખ આવવા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आगच्छति (તે સામે આવે છે.)

(૨૩) उर्ध्वकर्मन् :- ઉપર ક્રિયા અર્થમાં "आ" અવ્યય આવે છે. દા.ત. आरोहति वृक्षम् (તે વૃક્ષ ઉપર આરોહણ કરે છે.)

(૨૪) भृशार्थ :- અધિક અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आधूता शाखा (વધારે ફેલાયેલી શાખા.) તથા आपीनानीव धेनूनां जघनानि प्रसुस्नुवुः (જઘન એટલે સ્તનનો આગળનો ભાગ. आपीन - ઘણાં મોટાં. હવે સંપૂર્ણ વાક્યાર્થ આ પ્રમાણે થશે - આકાશમાંથી વરસાદ વરસતો

હતો ત્યારે કવિએ એવું લખ્યું કે, ગાયના મોટા મોટા સ્તનોનો આગળનો ભાગ વરસી ગયો. અર્થાત્ ગાયના મોટાં સ્તનોમાંથી દૂધ ઝર્યું.)

(૨૫) प्रादुर्भाव :- ઉત્પન્ન થવા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आपन्नसत्त्वा स्त्री (ઉત્પન્ન થયો છે જીવ જેને એવી સ્ત્રી અર્થાત્ ગર્ભવતી સ્ત્રી.)

(૨૬) समवाय :- મેળાપ અર્થમાં અથવા તો મળવું અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आसेवा । આમ તો "आसेवा" એટલે આચરણ થાય છે. જ્યારે જ્ઞાન પ્રમાણે ક્રિયા થાય ત્યારે જ્ઞાન અને ક્રિયા એકમેક થઈ જાય છે, તેને आसेवा કહેવાય છે, અર્થાત્ જ્ઞાન પ્રમાણેનું આચરણ. તથા आकुलम् કોઈ જીવ પરિસ્થિતિથી આવિષ્ટ થઈ જાય ત્યારે आकुलम् શબ્દપ્રયોગ થાય છે. અર્થાત્ ઘટનાઓ સાથે (અશુભ) ઓતપ્રોત થઈ જાય છે ત્યારે "आकुलम्" શબ્દપ્રયોગ થાય છે.

(૨૭) स्मरण :- યાદ કરવા અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आभवतु विज्ञानम् અહીં સ્મરણ અર્થમાં જે પ્રયોગ આપ્યો છે, તેમાં કંઈક સુધારાને અવકાશ છે. સાચો પ્રયોગ આ પ્રમાણે હોવો જોઈએ. आ भवतु विज्ञातम् (ઓહ ! જ્ઞાન થયું અર્થાત્ યાદ આવ્યું.)

(૨૮) विस्मय :- વિસ્મય અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आश्चर्यम् (વિસ્મય અર્થ થાય છે.)

(૨૯) प्रतिष्ठा :- આધાર અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आस्पदम् (આધાર). પાણિની વ્યાકરણમાં "आस्पदम् प्रतिष्ठायाम्" (૬/૧/૧૪૬) સૂત્ર આવે છે. જ્યારે સિદ્ધહેમ વ્યાકરણમાં "वर्चस्कादिषु अवस्करादयः" (૩/૨/૪૮) સૂત્રમાં आस्पदम् प्रतिष्ठायाम्" પ્રયોગ આપેલ છે.

(૩૦) निर्देश :- સંકેત કરવા અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आदिष्टम् (તે સંકેત કરે છે અથવા તો નિર્દેશ કરે છે.)

(૩૧) शक्ति :- તાકાત અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आघर्षयति (તે ધમકાવે છે.) જ્યારે વ્યક્તિ કોઈકને ધમકાવતી હોય છે ત્યારે પોતાની શક્તિ વધારે છે, એવું માનીને જ ધમકાવતો હોય છે. પોતાના કરતાં વધારે બળવાળો હોય તો તો ધમકાવી શકાતાં નથી. પોતાની પાસે વધારે શક્તિ હોય તો જ અન્યને ધમકાવી શકાય છે. આ અર્થ સંબંધમાં રામાયણમાં એક પ્રસંગ આવે છે, જે સંબંધમાં સંસ્કૃતમાં વાક્ય નીચે પ્રમાણે છે :

"यद् कर्तव्यम् मनुष्येण, घर्षणाम् परिमार्जता ।
तद् कृतम् सकलम् सीते ! मयेदम् मानकांक्षिणा ॥१॥"

**અર્થ :-** જે મનુષ્યવડે કરવા યોગ્ય છે. તે ધમકાવનારને સુધારતા એવા અભિમાનની

આકાંક્ષાવાળા મારાવડે હે સીતા ! તે બધું કરાયું છે અર્થાત્ રામ સીતાને કહે છે કે, હું તને રાવણ પાસેથી છોડાવી લાવ્યો છું એ તને પ્રાપ્ત કરવા માટે નથી કર્યું, માત્ર મને ધમકાવનારનું અભિમાન ઉતારવા માટે મારા વડે આ કાર્ય કરાયું છે.

(૩૨) अप्रसाद :- અશુદ્ધ અર્થમાં आङ् અવ્યય આવે છે. દા.ત. आवलिम् उदकम् (અશુદ્ધ પાણી.)

(૩૩) विवृत्त :- ખુલ્લું આકાશ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. "आकाशम्" (ખુલ્લું ક્ષેત્ર.)

(૩૪) अनुबन्ध :- જોડાણ થવા સ્વરૂપ અર્થમાં "आङ्" અવ્યય આવે છે અથવા તો સંબંધ થવા અર્થમાં "आङ्" અવ્યય આવે છે. आयाति (તે આવે છે.) અહીં સંબંધ અર્થમાં "आङ्" અવ્યય આવે છે. આવવાની ક્રિયા દ્વારા સંબંધ થાય છે.

(૩૫) पुनर्वचन :- ફરીથી કહેવું અર્થમાં "आङ्" અવ્યય આવે છે. દા.ત. आम्रेडितम् (શબ્દ અથવા તો ધ્વનિની આવૃત્તિ અર્થાત્ શબ્દનું ફરીથી ઉચ્ચારણ.)

**( श०न्या० )** नि-लेश-राशि-भृशार्था-ऽधोभाव-प्रसाद-संन्यासा-ऽर्था-ऽर्थगत्यादेश-दारकर्मोपदर्शन-केतनोपरमणा-ऽऽवृत्ति-बन्धन-दर्शना-ऽवसान-कौशला-ऽऽसेवा-नियम-समीपा-ऽन्तर्भाव-मोक्ष-तमस्तापसान्ना-ऽऽश्रय-ग्रहण-वर्ण-वृक्षा-ऽभावा-ऽतिशयेषु । लेशे-लेशेन हसति-निहसति, निहासः, निघर्षः । राशौ-धान्यनिकरः, यवनिकरः । भृशार्थे-भृशं गृहीतः-निगृहीतः । अधोभावे-अधः पतति-निपतति । प्रसादे-प्रसन्नं पानम्-निपानम्, निगता आपः । संन्यासे-निक्षेपः, निश्रेणी । अर्थे-निधानम् । अर्थगतौ-गतार्थानि वाक्यानि-निगतानि वाक्यानि । आदेशे-आदिष्टः कर्तुम्-नियुक्तः कर्तुम् । दारकर्म्मणि-निविशते । उपदर्शने-अर्थं निदर्शयति । केतने-निमन्त्रयते । उपरमणे-निवृत्तः पापात् । आवृत्तौ-निवृत्तः सूर्यः । बन्धने-निगलम् । दर्शने-निध्यायति, निशामयति(ते) । अवसाने-निष्ठितम्, नितिष्ठति । कौशले-विद्यासु निष्णातः-निपुणः । आसेवायाम्-नियतः पन्थाः, नियतो रथः । नियमे-नियमः । समीपे-निपार्श्वः । अन्तर्भावे-निपीतमुदकम्, निहितं द्रव्यम् । मोक्षे-निसृष्टम् । तमसि-निहारः । तापसान्ने-निहारो (नीवारा?) व्रीहिः । आश्रये-निलयः, निवासः । ग्रहणे-निग्रहः । वर्णे-नीलः । वृक्षे-नीपः । अभावे-निद्रव्यः । अतिशये-न्यूनः, निपीडितः ।

**અનુવાદ :- नि :-** લેશ અર્થથી શરૂ કરીને અતિશય અર્થ સુધીના અર્થમાં नि અવ્યય આવે છે.

(૧) लेश :- અલ્પ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निहसति (તે અલ્પ હસે છે.) निहासः (અલ્પ હાસ્ય.) તથા निघर्षः (થોડું ઘર્ષણ.)

(૨) राशि :- સમૂહ અર્થમાં नि અવ્યય આવે છે. धान्यनिकरः (ધાન્યનો સમૂહ.) તથા यवनिकरः (જવનો સમૂહ.)

(૩) भृशार्थ :- અધિક અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निगृहीतः (તેણે અતિશય ગ્રહણ કર્યું.)

(૪) अधोभाव :- "નીચે" અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. निपतति (તે નીચે પડે છે.)

(૫) प्रसाद :- પ્રસન્ન અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. "निपानम्" (પ્રસન્નતાથી પીવું.) "निगता आपः" આ પ્રયોગમાં માત્ર અર્થની પંક્તિ લખી છે. પરંતુ સામાસિક શબ્દ લખ્યો નથી. આથી, અહીં સંદેહ રહે છે. માટે અમે એનો અર્થ જણાવતાં નથી.

(૬) संन्यास :- ત્યાગ કરવા અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निक्षेप (ફેંકવું.) ત્યાર બાદ निश्रेणी શબ્દ લખ્યો છે, પરંતુ સંન્યાસ અર્થમાં આનો અર્થ શું થાય ? એ અંગે વિચારણા કરવા યોગ્ય છે.

(૭) अर्थ :- ધન અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निधानम् (ધનસંપત્તિ.)

(૮) अर्थगति :- અર્થનો બોધ એવા અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. वाक्यानि निगतानि (બોધ થયેલા વાક્યો.)

(૯) आदेश :- આદેશ કરવા અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. नियुक्तः कर्तुम् (કરવા માટે તે આદેશ કરાયો.)

(૧૦) दारकर्मन् :- સ્ત્રીની સાથે સંસર્ગ કરવા અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निविशते (તે સ્ત્રીની સાથે સૂએ છે.)

(૧૧) उपदर्शन :- અર્થને સમીપપણાંથી બતાવવા અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. अर्थम् निदर्शयति તે અર્થને સમીપપણાંથી બતાવે છે અથવા તો તે અર્થને ઉદાહરણ સહિત બતાવે છે.

(૧૨) केतन :- નિવાસસ્થાન અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निमन्त्रयते (તે આમંત્રણ આપે છે.) કોઈ વ્યક્તિને પોતાને ત્યાં બોલાવવી હોય ત્યારે નિમંત્રણ શબ્દનો પ્રયોગ થાય છે તથા કોઈને સંબોધન કરવું હોય ત્યારે આમંત્રણ શબ્દનો પ્રયોગ થાય છે.

(૧૩) उपरमणे :- વિરામ પામવા સ્વરૂપ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निवृत्तः पापात् (તે પાપથી વિરામ પામ્યો.)

(૧૪) अवृत्ति :- પૂ. આ. શ્રી લાવણ્યસૂરિ મહારાજે જે પુસ્તક છપાવ્યું છે તેમાં "आवृत्ति"

શબ્દ લખ્યો છે, પરંતુ "अवृत्ति" શબ્દ હોવો જોઈએ. દા.ત. सूर्यः निवृत्तः (પ્રવૃત્તિ પૂર્ણ થઈ છે એવો સૂર્ય.) પ્રવૃત્તિની પૂર્ણતા અર્થમાં अवृत्ति શબ્દ આવે છે. અર્થાત્ સત્તાનો અભાવ.

(૧૫) बन्धन :- બંધાવું અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. "निगडम्" અથવા તો "निगलम्" "ड"નો "ल" થઈ શકતો હોવાથી બંને પ્રયોગો સાચા છે. (બેડી અર્થવાળો "निगडम्" શબ્દ છે.) अलोहमयम् निगडम् स्त्रीणाम् (સ્ત્રીઓનું અલોહમય=લોખંડ વગરનું, બંધન હોય છે.) આ પ્રયોગ ચાણક્યના નીતિ શાસ્ત્રમાં આવે છે.

(૧૬) दर्शन :- જોવા સ્વરૂપ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निद्धायति (તે જુએ છે.) તથા निशामयति અથવા તો निशामयते (તે જુએ છે.)

(૧૭) अवसान :- અન્ત અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निष्ठितम् (તે પૂર્ણ થયું.) "नितिष्ठति" (તે પૂર્ણ થાય છે.)

(૧૮) कौशल :- કુશલ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निपुणः તે વિદ્યામાં કુશળ છે.

(૧૯) आसेवा :- જોડવું અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. नियतः पन्थाः (જોડાયેલો રસ્તો.) પથિક જ્યારે એક ગામથી બીજા ગામ જતો હોય છે ત્યારે રસ્તો એની સાથે જોડાયેલો રહે છે એવા તાત્પર્યથી આવો પ્રયોગ થાય છે તથા नियतो रथः (જોડાયેલો રથ.) રથને બળદ સાથે જોડીને તૈયાર કરવામાં આવે ત્યારે આવો પ્રયોગ થાય છે.

(૨૦) नियम :- જ્યારે વૃત્તિઓને નિયંત્રણમાં લાવવાની હોય ત્યારે નિયમમાં રહ્યો છે એવું કહેવાય છે. આમ નિયમ અર્થમાં પણ "नि" અવ્યય આવે છે. દા.ત. नियमः (વ્રત વગેરે સંબંધી નિયંત્રણ.)

(૨૧) समीप :- નજીક અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निपार्श्वः (પડખાંની નજીક.) તથા निकटः (નજીક.)

(૨૨) अन्तर्भाव :- અંદરભાવ થવો એ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. "निपीतम् उदकम्" (પાણી ઘણું ઉંડું ગયું.) "निहितम् द्रव्यम्" (દ્રવ્ય રાખી લીધું.) અર્થાત્ કોઈક આપણને દ્રવ્ય આપે અને આપણે એ દ્રવ્યને રાખી લઈએ તો આપણામાં દ્રવ્યનો અન્તર્ભાવ થયેલો કહેવાય.

(૨૩) मोक्ष :- છૂટી જવા સ્વરૂપ અર્થમાં नि અવ્યય આવે છે અથવા તો મુક્ત થવા સ્વરૂપ અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. निसृष्टम् (છોડી દીધું.)

(૨૪) तमस् :- અંધકાર અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. निहार (ધુમ્મસ થાય એવી

અવસ્થાને નિહાર કહેવામાં આવે છે.) ધુમ્મસ હોય છે ત્યારે અંધારું હોય છે એવા તાત્પર્યમાં આ પ્રયોગ થયો છે.

(૨૫) तापसान्न :- તાપસના અન્ન અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. અહીં લાવણ્યસૂરિ મ.સા. निहारो वीहिः પ્રયોગ આપ્યો છે, પરંતુ निहारो પ્રયોગને બદલે नीवारः શબ્દપ્રયોગ હોવો જોઈએ. આ नीवारः પ્રયોગનો અર્થ જંગલી ચોખા થાય છે. અને આ ચોખા રોપ્યા વગર જ ઊગે છે. તાપસો ઘણું કરીને જંગલમાં રહેતાં હોવાથી આવું જ ધાન્ય ખાતાં હોય છે. તેથી તાપસાન્ન અર્થમાં नीवारः પ્રયોગ આવે છે.

(૨૬) आश्रय :- આધાર અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निलयः (જીવને રહેવાનું ઘર.) निवासः (જીવને રહેવાનું સ્થાન.)

(૨૭) ग्रहण :- પકડવું અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. निग्रहः (ગ્રહણ કરવું અથવા તો વશ કરવું.)

(૨૮) वर्ण :- લાલ, લીલો વગેરે વર્ણ કહેવાય છે. પાંચ વર્ણમાંથી એક વર્ણ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. नीलः (કાળો રંગ.)

(૨૯) वृक्ष :- વૃક્ષ અર્થમાં "नि" અવ્યય આવે છે. દા.ત. नीपः (કદંબ નામનું વૃક્ષ જે વરસાદમાં ફૂલ આપે છે.)

(૩૦) अभाव :- વસ્તુના અભાવ અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. निद्रव्यः (निर्धन અર્થાત્ ધન વગરનો.)

(૩૧) अतिशय :- વધારે અર્થમાં नि અવ્યય આવે છે. દા.ત. न्यूनः (વધારે ઓછું.) निपीडितः (વધારે પીડિત.)

**( श०न्या० ) प्रति**-पुनःक्रिया-ऽऽदान-सादृश्य-हनन-निर्यातन-तद्योग-विनिमया-ऽऽभिमुख्य-वाम-दिग्योग-व्याप्त्याध्यान-मात्रार्थे-संभावनतत्त्वाख्या-भाग-लक्षण-वारण-संबन्ध-वीप्सा-व्याधि-स्थानेषु । पुनः-क्रियायाम्-पुनरुक्तम्-प्रत्युक्तम् । आदाने-प्रतिगृह्णाति, प्रतियाचते। सादृश्ये-प्रतिरूप-कम्। हनने-प्रतिहतं पापम्। निर्यातने-प्रतिकृतम्, प्रतीकारः। तद्योगे-प्रतिपन्नः प्रेष्यः । विनिमये-तैलार्थी घृतं प्रतिददाति । आभिमुख्ये-प्रत्यग्नि शलभाः पतन्ति। वामेप्रतिलोमं करोति । दिग्योगे-प्रतीची दिक् । व्याप्तौ-प्रतिकीर्णं पुष्पैः । आध्याने-प्रतिवेदयति मन्त्रम् । मात्रार्थे-सूपोऽल्पः सूपप्रति । संभावने-प्रत्ययः, प्रतिपत्तिः । तत्त्वाख्यायाम्-शोभनो देवदत्तो धर्मं प्रति । भागे-यदत्र मां प्रति स्यात् । लक्षणे-वृक्षं प्रति विद्योतते । वारणे-प्रति-

षिद्धः । संबन्धे-अक्षसम्बद्धं प्रत्यक्षम् । वीप्सायाम्-वृक्षं वृक्षं प्रति सिञ्चति । व्याधौ-प्रतिश्यायः । स्थाने-प्रतिष्ठितः ।

**અનુવાદ :- प्रति :-** પુનઃ ક્રિયાથી આરંભ કરીને સ્થાન સુધીના અર્થમાં "प्रति" અવ્યય આવે છે.

(૧) पुनःक्रिया :- ફરીથી ક્રિયા કરવી અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. "पुनरुक्तम्" (ફરીથી કહેવાયેલું.) આવા અર્થમાં प्रति અવ્યયના યોગમાં "प्रत्युक्तम्" શબ્દ આવે છે.

(૨) आदान :- ગ્રહણ કરવા અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. "प्रतिगृह्णाति" (તે ગ્રહણ કરે છે.) તથા प्रतियाचते (તે માંગે છે.) અહીં प्रतिगृह्णाति પ્રયોગમાં પકડે છે અર્થ પણ આવી શકે અથવા તો સ્વીકાર કરે છે, અર્થ પણ આવી શકે.

(૩) सादृश्य :- એના જેવું એવા અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिरूपकम् (એના જેવું જ.)

(૪) हनन :- નાશ કરવા સ્વરૂપ અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिहतम् पापम् (પાપનો નાશ થયો.)

(૫) निर्यातन :- બદલો લેવો અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिकृतम् (તેને બદલો લીધો.) તથા प्रतिकारः (प्रतीकार) इ અને ઈવાળા એમ બંને પ્રયોગો જોવા મળે છે. (તેણે સામનો કર્યો.)

(૬) तद्योग :- સ્વીકાર કરવા અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिपन्नः (તેણે સ્વીકાર કર્યો.) प्रेष्यः એટલે સેવક. આથી આખા વાક્યનો અર્થ થશે. સેવકે સ્વીકાર કર્યો.

(૭) विनिमय :- બદલામાં આપવું અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. "तैलार्थी घृतम् प्रति-ददाति" (તેલનો અર્થી બદલામાં ઘીને આપે છે.)

(૮) आभिमुख्य :- સન્મુખ થવા સ્વરૂપ અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रत्यग्नि शलभाः पतन्ति (અગ્નિ સન્મુખ પતંગિયાઓ પડે છે.)

(૯) वाम :- ઊલટા અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. प्रतिलोमम् करोति (તે રુંવાટીઓને વિપરીત કરે છે અર્થાત્ વાળ જે બાજુ વળેલા હોય તેની ઊંધી દિશામાં કરે છે અથવા રુંવાટીઓની વિરોધી દિશામાં માલીશ કરે છે.)

(૧૦) दिग्योग :- દિશાવાચક નામમાં પણ "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतीची दिक् (પશ્ચિમ દિશા.)

(૧૧) व्याप्ति :- વ્યાપવું અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिकीर्णम् पुष्पैः (પુષ્પોવડે વ્યાપ્ત થયું.)

(૧૨) आध्यान :- ઉત્કંઠાપૂર્વક યાદ કરવું, અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. प्रतिवेदयति मन्त्रम् (તે મન્ત્રને ઉત્કંઠાપૂર્વક યાદ કરે છે.)

(૧૩) मात्रार्थ :- અલ્પ અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. सूपप्रति (અલ્પ સૂપ.)

(૧૪) सम्भावन :- આદર અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. प्रत्ययः (આદર.) प्रतिपत्तिः (આદર અથવા સ્વીકાર.)

(૧૫) तत्वाख्या :- મૂળ વાત કહેવી અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. शोभनो देवदत्तो धर्मम् प्रति (દેવદત્ત ધર્મ પ્રત્યે સારો છે.)

(૧૬) भाग :- ભાગ અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. यदत्र माम् प्रति स्यात् (જે અહીં મારા ભાગનું છે.)

(૧૭) लक्षण :- ઓળખવાની નિશાની અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. वृक्षम् प्रति विद्योतते विद्युत् (વૃક્ષ પાસે વિજળી પ્રકાશે છે.)

(૧૮) वारण :- અટકાવવું અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. प्रतिषिद्धः (નિષેધ.)

(૧૯) सम्बन्ध :- સંબંધ અર્થમાં प्रति અવ્યય આવે છે. દા.ત. प्रत्यक्षम् (ઇન્દ્રિય સંબંધી જે હોય તે પ્રત્યક્ષ કહેવાય છે.)

(૨૦) वीप्सा :- વીપ્સા અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. वृक्षम् वृक्षम् प्रति सिञ्चति (તે દરેક વૃક્ષનું સિંચન કરે છે.)

(૨૧) व्याधि :- રોગ અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. प्रतिश्यायः (શરદી થયા પછી નાક ગળે તે રોગ.)

(૨૨) स्थान :- રહેવું અર્થમાં "प्रति" અવ્યય આવે છે. દા.ત. "प्रतिष्ठितः" (તે રહ્યો.)

**(श०न्या०) परि**-ईषदर्थ-व्याप्त्युपर्यर्थ-भृश-सान्त्व-समन्ताद्भाव-भूषण-पूजा-समवाय-वर्जनाऽऽलिङ्गन-निवसन-शोक-भोजन-लङ्घन-वीप्सा-ऽवज्ञान-तत्त्वाख्या-स्पर्श-लक्षणा-ऽभ्यावृत्ति-नियमेषु । ईषदर्थे-पर्यग्निकृतम्, परिषेवितम् । व्याप्तौ-परिगतोऽग्निः, परिवातम् । उपर्यर्थे-परिपूर्णः, परिधानम् । अभ्यासे-गत्वा गत्वा आगच्छति-परिगच्छति । सान्त्वे-परिगृह्णाति । समन्ताद्भावे-परिधावति, परिवृत्तम् । भूषणे-सुवर्णपरिष्कृतमासनम् । पूजायाम्-परिचरति । समवाये-परिषत्, परिस्तरः । वर्ज्जने-परि त्रिगर्त्तेभ्यो वृष्टो देवः, वर्ज्जयित्वा स्नाति-

परिस्नाति । आलिङ्गने-परिष्वजते कन्यां माणवकः । निवसने-परिधत्ते वासः । शोके-कृतं परिदेवयते । भोजने-प्राघूर्णान् परिवेषयति । लङ्घने-परिस्कन्दति। वीप्सायाम्-वृक्षं वृक्षं परि सिञ्चति । अवज्ञाने-परिभवति । तत्त्वाख्यायाम्-परिसंख्यातम् । स्पर्शे-परिपक्वम् । लक्षणे-देवलक्षणेन परिज्ञातश्चारः । अभ्यावृत्तौ-परिवृतः संवत्सरः । नियमे-परिसमाप्तम् ।

**અનુવાદ :- परि :-** ईषद् અર્થથી શરૂ કરીને नियम સુધીના અર્થમાં "परि" અવ્યય આવે છે.

(૧) ईषदर्थ :- અલ્પ અર્થમાં परि અવ્યય આવે છે. દા.ત. पर्यग्नि कृतम् (અલ્પ અગ્નિ કરાયો.) परिषेवितम् (થોડુ સેવન કરાયું.)

(૨) व्याप्ति :- વ્યાપવું અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिगतोऽग्निः (અગ્નિ વ્યાપી ગયો.) તથા परिवातम् (વાયુ વ્યાપી ગયો.)

(૩) उपर्यर्थ :- ઉપર અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिपूर्णः (ઉપર સુધી ભરાયેલું.) તથા परिधानम् (ઉપર સુધી ધારણ કરેલું.)

(૪) अभ्यास :- અભ્યાસ અર્થમાં परि અવ્યય આવે છે. દા.ત. गत्वा गत्वा आगच्छति इति परिगच्छति (તે જઈ જઈને આવે છે.) અહીં આવવાની પ્રવૃત્તિ વારંવાર થતી હોવાથી અભ્યાસ અર્થ સંગત થાય છે.

(૫) सान्त्व :- સહાય કરવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. આ અવ્યયનો સાન્ત્વન આપવું (દિલાસો આપવો) અર્થ પણ થાય છે. દા.ત. परिगृह्णाति (તે સહાય કરે છે અથવા તો તે દિલાસો આપે છે.)

(૬) समन्तात् भाव :- ચારે બાજુએથી થવું અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिधावति (તે ચારે બાજુથી દોડે છે.) તથા परिवृत्तं (બધી બાજુથી ઘેરાયેલો.)

(૭) भूषण :- શણગારવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. सुवर्णपरिष्कृतम् आसनम् (સુવર્ણથી સજાવેલ એવું આસન.)

(૮) पूजा :- આ અર્થ પ્રસિદ્ધ છે. પૂજા અર્થમાં પણ "परि" અવ્યય આવે છે. દા.ત. परिचरति (તે સેવા કરે છે.) જે વ્યક્તિ કોઈકની સેવા કરતી હોય એ વ્યક્તિ એને માટે પૂજ્ય હોય તો જ સેવા કરી શકે છે.

(૯) समवाय :- સમુચ્ચય અથવા તો મેળાપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिषत् (સભા અથવા તો સમ્યગ્ રીતે મળવાનું સ્થળ.) "परिस्तरः" ના અર્થ માટે વિચારવું.

(૧૦) वर्जन :- ત્યાગ કરવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. परि त्रिगर्तेभ्यो वृष्टो देवः (ત્રિગર્ત સ્વરૂપ દેશને છોડીને વરુણ દેવ વરસ્યા.) તથા परिस्नाति (તે છોડીને સ્નાન કરે છે.)

(૧૧) आलिंगन :- ભેટવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिष्वजते कन्याम् माणवकः (બાળક કન્યાને ભેટે છે.)

(૧૨) निवसनम् :- પહેરવા સ્વરૂપ અર્થમાં परि અવ્યય આવે છે. દા.ત. परिधत्ते वासः (તે વસ્ત્રને પહેરે છે.)

(૧૩) शोक :- અફસોસ કરવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. कृतं परिदेवयते (તે કરેલાનો શોક કરે છે.)

(૧૪) भोजन :- ખાવા સ્વરૂપ અર્થમાં परि અવ્યય આવે છે. દા.ત. "प्राघूर्णान् परिवेषयति" (તે અતિથિઓને ખવડાવે છે.) અથવા તો (તે અતિથિઓને પીરસે છે.)

(૧૫) लङ्घन :- ઉલ્લંઘન કરવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिस्कन्दति (તે ઉલ્લંઘન કરે છે.)

(૧૬) वीप्सा :- વીપ્સા અર્થમાં (જેનો અર્થ અગાઉ જણાવી ગયા છીએ.) "परि" અવ્યય આવે છે. દા.ત. "वृक्षम् वृक्षम् परि सिञ्चति" (તે દરેક વૃક્ષને સીંચે છે.)

(૧૭) अवज्ञान :- તિરસ્કાર કરવા સ્વરૂપ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिभवति (તે તિરસ્કાર કરે છે.)

(૧૮) तत्त्वाख्या :- પૂર્ણ રૂપથી જણાતાંનું કથન કરવું એવા અર્થમાં परि અવ્યય આવે છે. દા.ત. परिसंख्यातम् (પૂર્ણ રૂપથી ગણાયેલ.)

(૧૯) स्पर्श :- સ્પર્શ અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिपक्वम् (એકદમ પાકું) અનાજ જ્યારે પાકી જાય છે ત્યારે પાક ક્રિયા દ્વારા અનાજનો સંપૂર્ણ સ્પર્શ થાય છે.

(૨૦) लक्षण :- સંકેત અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. देवलक्षणेन परिज्ञातः चारः (ગુપ્તચર દેવના લક્ષણથી જણાયો.) અહીં કેટલાક ગુપ્તચરો આંખ વગેરે સ્થિર કરીને શત્રુદેશમાં આવતાં હોય ત્યારે જાણે કે દેવતાના લક્ષણને આધારે તે જણાઈ જાય છે.

(૨૧) अभ्यावृत्ति :- પાછા આવવા અર્થમાં "परि" અવ્યય આવે છે. દા.ત. परिवृतः संवत्सरः (ફરીથી આવેલું વરસ.)

(૨૨) नियम :- નિયમ અર્થમાં परिसमाप्तम् પ્રયોગ બતાવ્યો છે. એ બરાબર જણાતો નથી. જિજ્ઞાસુઓએ આ બાબતમાં વિચારવું.

**( श०न्या० )** उप-वर्जन-प्रतियत्न-वैकृत-वाक्याऽध्याहार-लवन-परीक्षासंपत्सर्प्पण-गुह्याऽऽगः-क्षय-सामर्थ्या-ऽऽचार्यकरण-सादृश्य-स्वीकरण-पीडा-मन्त्रक्रिया-व्याप्ति-दोषा-ख्यान-युक्ति-संज्ञा-पूर्वकर्म्म-पूजा-दान-सामीप्या-ऽधिक-हीन-लिप्सासु । वर्जने-उपवासः,

उपवसति–अशनवर्जनं करोति । प्रतियत्ने–एधोदकस्योपस्कुरुते । वैकृते–उपस्कृतं भुङ्क्ते, उपस्कृतं सहते । वाक्याऽध्याहारे–सोपस्कारं वाक्यमाह । लवने–उपस्कीर्य मद्रका लुनन्ति। परीक्षायाम्–उपेक्षितव्यम् । संपदि–उपपन्नस्य, उपपन्ना शरद्, उपपन्नवाक्यसाधुः। सर्पणे–उपसर्पति, उपतिष्ठते कर्मकरः । गुह्ये–उपह्वरः, उपांशुः, उपगूर्णम् । आगसि–उपालम्भः, उपाघातः । क्षये–उपक्षीणः, उपयुक्तं द्रव्यम् । सामर्थ्ये–उपचितः । आचार्यकरणे–उपदिशति उपाध्यायः । सादृश्ये–उपमानम् । स्वीकरणे–उपगृह्णाति । पीडायाम्–स्तनोपपीडं शेते, उपपीडितः। मन्त्रक्रियायाम्–उपनयते, उपनयनम् । व्याप्तौ–उपकीर्णं सर्वतः । दोषाऽऽख्याने–उपघातः । युक्तौ–लवणोपसृष्टम्, देवोपसृष्टम् । संज्ञायाम्–उपधा, उपसर्गः । पूर्वकर्मणि–उपक्रमः, उपकारः । पूजायाम्–उपतिष्ठते देवम्, उपस्थानम्, उपचारः । दाने–उपहरत्यर्थम्, बलिमुपहरेत् । सामीप्ये–उपकुम्भम्, उपमणिकम् । अधिके–उपखार्यां द्रोणः । हीने–उपार्जुनं योद्धारः । लिप्सायाम्–उपयाचते, उपसादितोऽर्थः ।

**અનુવાદ :- उप :-** વર્જન વગેરેથી શરૂ કરીને મેળવવાની ઇચ્છા સુધીના અર્થમાં "उप" અવ્યય આવે છે.

(૧) वर्जन :- વર્જન કરવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपवासः (જેમાં અન્નનો ત્યાગ કરવામાં આવે છે.) તથા उपवसति (તે અન્નનું વર્જન કરે છે.)

(૨) प्रतियत्ने :- કોઈ વસ્તુમાં જે ગુણ રહ્યો હોય એ ગુણને બદલીને બીજો ગુણ પ્રાપ્ત કરાવવામાં આવે તે પ્રતિયત્ન કહેવાય છે અને આવા અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. "एधोदकस्य उप-स्कुरुते ।" આ વાક્યનો અર્થ સમજતાં પહેલાં કેટલીક સમજ પ્રાપ્ત કરવી આવશ્યક છે. આ સંબંધી બોધ પાણિની વ્યાકરણના कृञः प्रतियत्ने (૨/૩/૫૩) સૂત્રની કાશિકા ટીકામાંથી પ્રાપ્ત થયો છે. "एधोदकस्य" શબ્દના બે પ્રકારના વિગ્રહો છે : "एधः च उदकः च" આ બેનો સમાહાર દ્વન્દ્વ સમાસ કરીને ષષ્ઠી એકવચન કર્યું છે. જ્યારે આ પ્રમાણે વિગ્રહ કરવામાં આવશે ત્યારે નીચે પ્રમાણે અર્થ થશે. (તે ઇંધણ અને પાણીમાં ગુણાન્તરને ઉત્પન્ન કરે છે.)

एधस् શબ્દ स् અન્તવાળો પણ છે. જેનું પ્રથમા એકવચન एधः થશે તથા दक શબ્દ પાણી અર્થનો વાચક છે. આથી આખું વાક્ય "एधः दकस्य उपस्कुरुते" થશે. (ઇંધણ પાણીમાં ગુણાન્તરને કરે છે.) જ્યારે ઇંધણ ઉપર પાણી મૂકવામાં આવે ત્યારે પાણી શીતસ્પર્શને છોડીને ઉષ્ણ એવા સ્પર્શને પ્રાપ્ત કરે છે, આથી ગુણાન્તર પ્રાપ્ત થાય છે.

(૩) वैकृत :- ફેરફાર કરવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपस्कृतम् भुङ्क्ते (તે વિકૃત કરેલાને ખાય છે.) તુવેરનું શાક હોય છે તેની કચોરી બનાવીને ખાવામાં આવે તો

તે વિકાર સ્વરૂપ થાય છે. તથા બીજો પ્રયોગ उपस्कृतम् सहते (તે વિપરીત રીતે કાર્ય કરીને સહન કરે છે.) દા.ત. કોઈકને રોટલી બનાવવાનું કહ્યું હોય ત્યારે રોટલીને બદલે ભારતના નકશા જેવી રોટલી બનાવે તો આવા કાર્ય બદલ તેને સહન કરવું પડે છે, આવા તાત્પર્યમાં આ પ્રયોગ આવે છે.

(૪) वाक्याध्याहार :- વાક્ય સાક્ષાત્ ન જણાતું હોય એવા અર્થમાં પણ "उप" અવ્યય આવે છે. દા.ત. "स गच्छति ।" લખ્યા પછી "अयम् च" લખવામાં આવે તો "अयम् च"ની સાથે "गच्छति" ક્રિયાપદ જોડવું પડે છે. પછી જ એનો પરિપૂર્ણ બોધ પ્રાપ્ત થાય છે. આવા તાત્પર્યને માટે "सोप-स्कारम् वाक्यमाह" વાક્યપ્રયોગ આવે છે. (તે અધ્યાહાર સહિત વાક્યને કહે છે.)

(૫) लवन :- લણણી કરવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपस्कीर्य मद्रका लुनन्ति (મદ્રક દેશના લોકો ગમે તેમ લણણી કરીને લણણી કરે છે.) અર્થાત્ આડેધડ લણણી કરે છે.

(૬) परीक्षा :- બધી બાજુથી જોવું અર્થાત્ સૂક્ષ્મતાથી જોવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपेक्षितव्यम् (નજીકથી જોવું જોઈએ.) उप + ईक्ष् ધાતુ નજીકથી જોવા અર્થમાં છે. કોઈપણ વસ્તુને નજીકથી જોવામાં આવે તો એ એની પરીક્ષા સ્વરૂપ જ છે.

(૭) सम्पद् :- સંપત્તિ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. પહેલો પ્રયોગ "उपपन्नस्य" આપ્યો છે, પરંતુ આ પ્રયોગ વિચારણા માંગી લે છે. બીજો પ્રયોગ છે उपपन्ना शरद् (શરદઋતુ સંપન્ન થઈ.) જે લોકો માટે સંપત્તિ સ્વરૂપ કહેવાય છે. તથા उपपन्नवाक्यसाधुः (સંગત વાક્યવાળા સાધુ.) અર્થાત્ યોગ્ય વાક્ય બોલનારા સાધુ છે. અહીં સંગત વાક્યો એ સાધુની સંપત્તિ કહેવાય છે.

(૮) सर्पण :- સરકવાં અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. "उपसर्पति" (તે નજીક આવે છે.) તથા उपतिष्ठते कर्मकरः (નોકર નજીક આવે છે.)

(૯) गुह्य :- એકાન્ત સ્થાનમાં એવા અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपह्वर : (ગુફા અથવા ગુપ્ત સ્થાન.) તથા उपांशुः (મંત્રનો જાપ કરવો.) અથવા તો (મંત્રને ધીરે ધીરે બોલવો.) તથા उपगूर्णम् (આનો અર્થ વિચારવો.)

(૧૦) आगस् :- અપરાધ અર્થમાં उप અવ્યય આવે છે. દા.ત. उपालम्भ : (ઠપકો) તથા उपाघातः (કોઈનો અપરાધ કરવો.)

(૧૧) क्षय :- નાશ કરવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત.उपक्षीणः (તે ક્ષય પામ્યો.) તથા उपयुक्तम् द्रव्यम् (ઉપયોગ થયેલું દ્રવ્ય.) દ્રવ્યનો જ્યારે ઉપયોગ થઈ જાય ત્યારે નાશ થાય છે, દ્રવ્ય નાશ પામે ત્યારે જ ઉપયોગ થયેલું ગણાય.

(૧૨) सामर्थ्य :- શક્તિ અર્થમાં उप અવ્યય આવે છે. દા.ત. उपचितः (તે સમર્થ થયો.)

(૧૩) आचार्यकरण :- આચાર્યકરણ એટલે કોઈને શિષ્ય બનાવવો. આમ આચાર્યકરણ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपदिशति उपाध्यायः (ઉપાધ્યાય ઉપદેશ આપે છે.) અહીં તાત્પર્ય આ પ્રમાણે છે - ઉપાધ્યાય ઉપદેશ આપે છે, તેથી શિષ્ય પ્રતિબોધ પામે છે અને શિષ્ય પ્રતિબોધ પામે તો શિષ્ય બનવા તૈયાર થાય છે. આથી ઉપાધ્યાયની ઉપદેશ આપવાની ક્રિયા એ આચાર્યકરણ સ્વરૂપ જ કહેવાય છે.

(૧૪) सादृश्य :- સમાન અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. તુલના અથવા તો એકસ્વરૂપપણું. उपमान શબ્દ જ ઉપમાન અર્થના ઉદાહરણ તરીકે આપ્યો છે. માટે અમે માત્ર ઉપમાનનો અર્થ જ પ્રથમ બતાવી દીધો છે.

(૧૫) स्वीकरण :- ગ્રહણ કરવા સ્વરૂપ અર્થમાં उप અવ્યય આવે છે. દા.ત. उपगृह्णाति (તે સ્વીકાર કરે છે) અથવા તો (તે ગ્રહણ કરે છે.)

(૧૬) पीडा :- દુઃખી કરવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. स्तनोपपीडं शेते (સ્તનોને દબાવીને સૂએ છે.) તથા उपपीडितः (તે પીડિત થયો.)

(૧૭) मन्त्रक्रिया :- મન્ત્ર બોલીને ક્રિયા કરવા અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपनयते (જનોઈ પહેરાવતી વખતે મન્ત્ર બોલીને સંસ્કાર કરવામાં આવે તે ઉપનયન કહેવાય છે) તથા उपनयनम् (આ શબ્દનો અર્થ પણ उपनयते જેવો જ સમજવો. માત્ર "उपनयते" વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનો પ્રયોગ હતો. જ્યારે "उपनयनम्" ક્રિયાવાચક અર્થને બતાવે છે.)

(૧૮) व्याप्ति :- વ્યાપવું અર્થમાં उप અવ્યય આવે છે. દા.ત. उपकीर्णम् सर्वतः (સર્વ બાજુથી વ્યાપ્ત થયું.)

(૧૯) दोषाख्यान :- દોષ બતાવવા સ્વરૂપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपघातः (તેણે દોષ બતાવ્યો.)

(૨૦) युक्ति :- સંગમ અથવા તો મેળાપ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. लवणोपसृष्टम् (મીઠાથી યુક્ત.) તથા देवोपसृष्टम् (દેવથી યુક્ત.) કોઈક જીવમાં દેવતા પ્રવેશી જાય તો એવો જીવ દેવથી યુક્ત કહેવાય છે.

(૨૧) संज्ञा :- આ અર્થ પ્રસિદ્ધ છે. કોઈકનું નામ પાડવામાં આવે અથવા તો કોઈક અર્થને ચોક્કસ નામથી ઓળખવામાં આવે તેને સંજ્ઞા કહેવાય છે. દા.ત. उपधा (પાણિની વ્યાકરણમાં ઉપાન્ત્ય વર્ણની उपधा સંજ્ઞા કરવામાં આવી છે. દા.ત. बाल શબ્દ છે, તો આ શબ્દમાં ब् + आ + ल् + अ વર્ણો છે. અહીં ઉપાન્ત્યમાં लकार છે. આથી "लकार" એ उपधा સંજ્ઞા સ્વરૂપ

છે.) તથા उपसर्गः અહીં કોઈપણ ધાતુની પૂર્વમાં ધાતુ અર્થના દ્યોતક તરીકે જે प्र, परा, वि વગેરે લખવામાં આવે છે, તે ઉપસર્ગ સંજ્ઞાવાળા કહેવાય છે.

(૨૨) पूर्वकर्म :- કોઈપણ કાર્ય શરૂ કરવામાં આવે ત્યારે "તેની શરૂઆત" અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपक्रमः (આરંભ કરવો.) તથા उपकार. કોઈપણ કાર્ય શરૂ કરતાં પહેલાં તૈયારી કરવામાં આવે તે उपकार શબ્દનો અર્થ થાય છે.

(૨૩) पूजा :- પોતાનો અપકર્ષ કરવા સાથે બીજાને બહુમાનપૂર્વક સન્માન આપવું તે પૂજા શબ્દનો અર્થ છે અને આ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. देवम् उपतिष्ठते (તે દેવને પૂજે છે.) તથા उपस्थानम् (દેવને પૂજવા.) उपचारः (પૂજા.)

(૨૪) दान :- આપવું અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपहरति अर्थम् (તે ધનને આપે છે.) તથા बलिम् उपहरेत् (તે બલિને આપે.)

(૨૫) सामीप्य :- નજીક અર્થમાં उप અવ્યય આવે છે. દા.ત. उपकुम्भम् (ઘડાની નજીક અર્થાત્ કુંભની નજીક.) તથા उपमणिकम् (મોટા ઘડાની નજીક.) કુંભને નાનો ઘટ કહેવામાં આવે છે તથા મોટા ઘટને મણિક તરીકે કહેવામાં આવે છે.

(૨૬) अधिक :- વધારે અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपखार्यां द्रोणः (ખારીથી અધિક દ્રોણ.)

(૨૭) हीन :- અલ્પ અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. उपार्जुनम् योद्धारः (યોદ્ધાઓ અર્જુનથી હીન છે.)

(૨૮) लिप्सा :- પ્રાપ્ત કરવાને ઇચ્છવું અર્થમાં "उप" અવ્યય આવે છે. દા.ત. "उपयाचते" (તે માંગે છે.) उपसादितोऽर्थः (પ્રાપ્ત કરવાને ઇચ્છેલ અર્થવાળો તે.)

**( श०न्या० ) अधि**-अधिकारा-ऽधिष्ठान-पाठोपर्यर्थैश्वर्य-बाधना-ऽऽधिक्यस्मरण-सहयोग-स्ववशतासु । अधिकारे-अधिकारो राज्ञः, अधिकृतो ग्रामे । अधिष्ठाने-मय्यधिष्ठितम्, अध्यात्मं कथा वर्तते । पाठे-अधीतं व्याकरणम् । उपर्यर्थे-अधिरोहति, अधिक्रान्तम् । ऐश्वर्ये-अधिपतिर्देशस्य, अधि श्रेणिके मगधाः । बाधने-अधिकुरुते शत्रून् । आधिक्ये-अधि खार्यां द्रोणः । स्मरणे-मातुरध्येति, पितुरध्येति । सहयोगे-अधिवसति । स्ववशतायाम्-आत्माधीनः ।

**અનુવાદ :- अधि :-** અધિકારથી શરૂ કરીને સ્વવશતા સુધીના अधि અવ્યયના અર્થો છે.

(૧) अधिकार :- સ્વામિત્વ અર્થમાં अधि અવ્યય આવે છે. દા.ત. अधिकारो राज्ञः (રાજાનું સ્વામિપણું) તથા अधिकृतो ग्रामे (ગામને વિશે સ્વામિપણું.)

(૨) अधिष्ठान :- આધાર અથવા આશ્રય અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. मयि अधिष्ठितम् (તે મારા ઉપર આશ્રિત છે.) અર્થાત્ (મારા ઉપર સ્થિત છે.) તથા अध्यात्मम् कथा वर्तते (આત્મામાં કથા રહે છે.)

(૩) पाठ :- અધ્યયન અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. अधीतम् व्याकरणम् (તેના વડે વ્યાકરણ ભણાયું.)

(૪) उपरिं :- ઉપર અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. अधिरोहति (તે ઉપર આરોહણ કરે છે.)

(૫) ऐश्वर्य :- સ્વામી અર્થમાં अधि અવ્યય આવે છે. દા.ત. अधिपतिः देशस्य (દેશનો સ્વામી.) તથા अधि श्रेणिके मगधाः (શ્રેણિકના સ્વામિપણાંમાં મગધ દેશ છે.)

(૬) बाधन :- બાધિત કરવા સ્વરૂપ અથવા પીડવા સ્વરૂપ અર્થમાં अधि અવ્યય આવે છે. अधिकुरुते शत्रुन् (તે શત્રુઓને બાધિત કરે છે.) અથવા તો (પીડિત કરે છે.)

(૭) आधिक्य :- અધિકપણાં સ્વરૂપ અર્થમાં अधि અવ્યય આવે છે. દા.ત. अधि खार्यां द्रोणः (દ્રોણ ખારીથી અધિક છે.)

(૮) स्मरण :- સ્મરણ કરવા સ્વરૂપ અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. मातुः अध्येति (તે માતાને યાદ કરે છે.) તથા पितुः अध्येति (તે પિતાને યાદ કરે છે.)

(૯) सहयोग :- સાથે અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. अधिवसति તે સાથે રહે છે.

(૧૦) स्ववशता :- સ્વને આશ્રિત અર્થમાં "अधि" અવ્યય આવે છે. દા.ત. आत्माधीनः (આત્માને આશ્રિત.)

**(श०न्या०) अपि**-पदार्था-ऽनुवृत्त्यपेक्षा-समुच्चया-ऽन्ववसर्ग-गर्हा-ऽऽशीः-संभावन-भूषण-संवरण-प्रश्ना-ऽवमर्शेषु । पदार्थे-सर्प्पिषोऽपि स्यात्, सर्प्पिषो मात्रापि स्यादित्यर्थः । अनुवृत्तौ-अपि माम् योजय । अपेक्षायाम्-अयमपि विद्वान् । समुच्चये-अपि सिञ्च, अपि स्तुहि । अन्ववसर्गे-भवानपि च्छत्रं गृह्णातु । गर्हायाम्-अपि तत्रभवान् सावद्यं सेवते । आशिषि-अपि मे स्वस्ति पुत्राय, अपि शिवं गोभ्यः । संभावने-अपि पर्वतं शिरसा भिन्द्यात् । भूषणे-अपि नह्यति हारम् । संवरणे-अपिहितं द्वारम् । प्रश्ने-अपि कुशलम् ?, अपि गच्छामि ? । अवमर्शे-अपि भज्येयं न नमेयम्, अपि काकः श्येनायते ।

**અનુવાદ :- अपि :-** પદાર્થ સ્વરૂપ અર્થથી શરૂ કરીને અવમર્શ સુધીના અર્થમાં "अधि" અવ્યય આવે છે.

(૧) पदार्थ :- પદાર્થ સ્વરૂપ અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. सर्पिषो अपि स्यात् (ઘીની માત્રા પણ હોવી જોઈએ.) અહીં अपि પદાર્થને સૂચિત કરી રહ્યો છે જે પદાર્થને અધ્યાહારથી રજૂ કરે છે. અર્થાત્ ઘી પણ અહીં અભિપ્રેત છે.

(૨) अनुवृत्ति :- "अपि" અવ્યયનો આ અર્થ અવ્યય કોશમાં ક્યાંય બતાવેલ નથી, છતાં પણ સ્વીકૃતિ અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. अपि माम् योजय (તમે મને પણ જોડો.)

(૩) अपेक्षा :- અપેક્ષા અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. અહીં अयमपि विद्वान् એ પ્રમાણે અપેક્ષા અર્થમાં ઉદાહરણ આપ્યું છે. પરંતુ આ ઉદાહરણનો અપેક્ષા અર્થ સંગત થતો નથી. આ ઉદાહરણ આક્ષેપ અર્થમાં આવી શકે છે. જે આ પ્રમાણે છે - આ પણ વિદ્વાન છે. અવ્યયકોશમાં અપેક્ષા અર્થવાળા "अपि"નું ઉદાહરણ નીચે પ્રમાણે છે - "अपि गृह्णीयाम् वेदम् ?" (શું હું વેદને ભણી શકું છું ?) અહીં પ્રશ્ન પૂછનારને વેદ ભણવાની અપેક્ષા છે. જેમ કે જૈનદર્શનનો અનુયાયી પૂછે કે "अपि गृह्णीयाम् आगमम् ?" (શું હું આગમ ભણી શકું છું ?)

(૪) समुच्चय :- સમુચ્ચય અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. अपि सिञ्च (તું સિંચન કર.) તથા "अपि स्तुहि" (તું સ્તુતિ કર.) અહીં તાત્પર્ય અર્થ આ પ્રમાણે છે - તું વધારે સિંચન કર. તથા તું વધારે સ્તુતિ કર.

(૫) अन्ववसर्ग :- સ્વેચ્છા અથવા તો મનમરજી અર્થમાં अपि અવ્યય આવે છે. દા.ત. भवान् अपि छत्रम् गृह्णातु (આપ પણ છત્રને ગ્રહણ કરો.) કેટલાક લોકો છત્ર લઈને જતાં હતાં ત્યારે આ વ્યક્તિ પાસે છત્ર ન હતું. આથી કેટલાંક લોકો આ વ્યક્તિને કહે છે કે, તમે પણ ઇચ્છો તો છત્ર લઈ શકો છો. આ પ્રમાણે છત્ર લેવા માટે લેનારની સ્વેચ્છા જણાવી છે.

(૬) गर्हा :- નિંદા અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. "अपि तत्र भवान् सावद्यम् सेवते ?" (શું આપ ત્યાં સાવદ્યનું પણ સેવન કરો છો ?) અહીં પ્રશ્ન પૂછવા દ્વારા સામેવાળી વ્યક્તિ જે સાવદ્યનું સેવન કરે છે, તે આ વક્તાને ગમતું નથી એવા અર્થમાં નિંદા પ્રગટ થાય છે.

(૭) आशिष् :- મંગલકામના અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. "अपि मे स्वस्ति पुत्राय" (મારા પુત્રનું કલ્યાણ થાઓ.) તથા अपि शिवम् गोभ्यः (ગાયનું કલ્યાણ થાઓ.)

(૮) संभावन :- સંભાવના અર્થમાં अपि અવ્યય આવે છે. દા.ત. "अपि पर्वतम् शिरसा भिन्द्यात्।" (શું તે પર્વતને મસ્તક વડે ભેદે છે ?)

(૯) भूषण :- શણગારવા અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. "अपि नह्यति हारम्" (તે હારને બાંધે છે.) उप અવ્યયપૂર્વક "नह्" ધાતુ પહેરવા અર્થમાં છે. દા.ત. "उपनह्यति वस्त्रम्"

તે વસ્ત્રને પહેરે છે. પહેરવું અને બાંધવું એ બંને ક્રિયાઓ અલગ છે. અહીં બાંધવું શોભા વધારવા સ્વરૂપ અર્થમાં છે.

જ્યારે अपि + नह् ધાતુને ભૂતકૃદન્તનો "क्त" લાગે છે, ત્યારે अपिनद्ध પ્રયોગ થાય છે. હવે આ પ્રયોગમાં પહેલો અક્ષર અને છેલ્લો જોડાક્ષર કાઢી નાંખવામાં આવે તો "पिन" શબ્દ બાકી રહે છે. કાગળોને બાંધવા માટે Pin શબ્દનો ઉપયોગ થાય છે. આ Pin શબ્દ અંગ્રેજીમાં વધારે ઉપયોગમાં આવે છે. આ અંગ્રેજી શબ્દ अपिनद्ध શબ્દ ઉપરથી જ બન્યો છે. All શબ્દ "अखिल" શબ્દ ઉપરથી બન્યો છે. આ બધી બાબતોથી જણાય છે કે, સંસ્કૃત ભાષા બધી જ ભાષાઓના મૂળમાં છે.

(૧૦) संवरण :- બંધ કરવા સ્વરૂપ અર્થમાં "अपि" અવ્યય આવે છે. દા.ત. "अपिहितम् द्वारम्" (તેનાથી દ્વારને બંધ કરાયું.)

(૧૧) प्रश्न :- પ્રશ્ન અર્થમાં પણ "अपि" અવ્યય આવે છે. દા.ત. अपि कुशलम् ?" (શું આપ કુશળ છો ?) તથા अपि गच्छामि ? (શું હું જાઉં છું ?)

(૧૨) अवमर्श :- વિચાર કરવા સ્વરૂપ અર્થમાં अपि અવ્યય આવે છે. દા.ત. "अपि भज्ज्येयम्, न नमेयम् ।" (હું તૂટી જઈશ પણ નમીશ નહીં.) "તથા अपि काकः श्येनायते ?" (શું કાગડો પણ બાજપક્ષી બની શકે છે ?) અર્થાત્ (બાજ જેવો બની શકે છે ?) જે પ્રમાણે બાજપક્ષી તરાપ મારે છે તે પ્રમાણે કાગડો પણ તરાપ મારતો હોય એવા તાત્પર્ય માટે આવો પ્રયોગ થાય છે.

**( श०न्या० ) सु**-पूजा-भृशार्था-ऽनुमति-समृद्धि-दृढाऽऽख्या-ऽकृच्छ्रेषु । पूजायाम्-पूजितो राजा-सुराजा, सुगौः । भृशार्थे-सुषुसम्, सुषिक्तम् । अनुमतौ-सुकृतम्, सूक्तम्, सुदत्तम् । समृद्धौ-समृद्धो देशः, सुमगधं वर्तते, सुमद्रं वर्तते । दृढाख्यायाम्-सुबद्धम्, सुकृतम् । अकृच्छ्रे-सुकरः कटो भवता ।

**અનુવાદ :- सु** :- આ અવ્યય પૂજાથી આરંભ કરીને અકૃચ્છ્ર સુધીના અર્થમાં આવે છે.

(૧) पूजा :- આદર કરવા સ્વરૂપ અર્થમાં सु અવ્યય આવે છે. દા.ત. सुराजा (ઉત્તમ રાજા.) सुगौः (ઉત્તમ ગાય.)

(૨) भृशार्थ :- અધિક અર્થમાં "सु" અવ્યય આવે છે. દા.ત. सुषुप्तम् (તેના વડે વધારે ઉંઘાયું.) તથા सुषिक्तम् (તેના વડે વધારે સિંચન કરાયું.)

(૩) अनुमति :- સંમતિ અર્થમાં "सु" અવ્યય આવે છે. દા.ત. કોઈક કહે કે मया एतद् कृतम् (મારા વડે આ કરાયું) ત્યારે ગુરુ ખુશ થઈને કહે सुकृतम् (હે વત્સ ! બહુ સરસ કરાયું.) અહીં

ગુરુની સંમતિ સ્પષ્ટ જણાય છે. એ જ પ્રમાણે सूक्तम् (હે વત્સ ! બહુ સરસ બોલાયું.) તથા सुदत्तम् (હે વત્સ ! તારા વડે બહુ સરસ અપાયું.)

(૪) समृद्धि :- આ અર્થમાં પણ "सु" અવ્યય આવે છે. દા.ત. सुमगधम् वर्तते (મગધની સમૃદ્ધિ વર્તે છે.) તથા सुमद्रम् वर्तते (મદ્રદેશની સમૃદ્ધિ વર્તે છે.)

(૫) दृढाख्या :- દૃઢ સ્વરૂપ અર્થમાં "सु" અવ્યય આવે છે. દા.ત. सुबद्धम् (મજબૂત રીતે બંધાયું.) તથા सुकृतम् (મજબૂત રીતે કરાયું.)

(૬) अकृच्छ्र :- સહેલા અર્થમાં सु અવ્યય આવે છે. દા.ત. सुकरः कटो भवता (આપના વડે કટ આસાનીથી કરાઈ.)

**( श०न्या० ) उत्**-प्राबल्य-संभव-लाभोद्ध्र्वकर्म-प्रकाशा-ऽस्वस्थ-मोक्ष-दृश्य-समृद्ध्य-त्यया-ऽन्याय-प्राधान्य-शक्त्यवरपर-दिग्योग-निर्देशेषु । प्राबल्ये-उद्बला मूषिका, उद्बलं याति। संभवे-उद्गतो दर्पो नीचस्य । लाभे-उत्पन्नं द्रव्यम्, उदपादि भैक्षम् । ऊद्ध्र्वकर्मणि-आसनादुत्तिष्ठति । प्रकाशे-प्रकाशं चरति-उच्चरति, उद्भवति । अस्वस्थे-उत्सुकः, उच्चित्तः, उन्मत्तः । मोक्षे-उत्सृष्टः । दृश्ये-उत्सवः, उद्यानम् । समृद्धौ-उत्थितं कुटुम्बम् । अत्यये-अतीतमेघं नभः-उन्मेघम् । अन्याये-उत्कुरुते कन्याम्, उत्कुरुते परदारान् । प्राधान्ये-उत्कृष्टोऽश्वः, उत्तमं कुलम् । शक्तौ-उत्सहते गन्तुम् । अवरपरे-उत्तरः । दिग्योगे-उदीची दिक् । निर्देशे-उद्दिशति, उद्देशः ।

**અનુવાદ :- उद् :-** प्राबल्य અર્થથી શરૂ કરીને निर्देश સુધીના અર્થમાં "उद्" અવ્યય આવે છે.

(૧) प्राबल्य :- પ્રબળ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उद्बला मूषिका (પ્રબળ ચોરો) તથા उद्बलम् याति (પ્રબળતાપૂર્વક જઈ રહ્યો છે.)

(૨) संभव :- ઉત્પન્ન થવા સ્વરૂપ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. "उद्गतो दर्पो नीचस्य" (અધમને દર્પ (અહંકાર) ઉત્પન્ન થયો.)

(૩) लाभ :- પ્રાપ્તિ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्पन्नम् द्रव्यम् (ધન પ્રાપ્ત થયું.) તથા उदपादि भैक्षम् (ભિક્ષા સંબંધી ખોરાકને પ્રાપ્ત કર્યો.)

(૪) उर्ध्वकर्म :- ઊભા થવા સ્વરૂપ ક્રિયા અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. आसनाद् उत्तिष्ठति (તે આસન ઉપરથી ઊભો થાય છે.)

(૫) प्रकाश :- પ્રગટ કરવા સ્વરૂપ અર્થમાં "उद्" અવ્યય આવે છે અથવા તો વાચકતા અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उच्चरति (તે પ્રગટ રૂપથી ઉચ્ચારણ કરે છે.) તથા "उद्भवति" (ધ્વનિ પ્રગટ રૂપથી થાય છે.)

(૬) अस्वस्थ :- રોગી અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्सुकः રઘુવંશ કાવ્યમાં उत्सुकનો રોગી અર્થ કર્યો છે. અથવા તો બેચેન અર્થ પણ उत्सुकનો થાય છે તથા उच्चित्तः તેમજ उन्मत्तः આ બંનેનો અર્થ વ્યક્તિ સામાન્યથી સ્વસ્થ નથી એવો થાય છે.

(૭) मोक्ष :- છોડવા સ્વરૂપ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्सृष्टः (તેણે છોડી દીધું.)

(૮) दृश्य :- જોવા યોગ્ય અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्सवः (આનંદનું પર્વ જે ઘણાં લોકોને જોવા યોગ્ય હોય છે) તથા उद्यानः (પ્રમોદનું સ્થાન.) અવ્યય કોશમાં उत्सव શબ્દ ઉત્કૃષ્ટ અર્થમાં છે.

(૯) समृद्धि :- સમૃદ્ધિ અર્થમાં उद् અવ્યય આવે છે. દા.ત. उत्थितम् कुटुम्बम् (સમૃદ્ધ એવું કુટુંબ.)

(૧૦) अत्यय :- અતીત અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उन्मेघम् (વાદળો જેમાંથી જતાં રહ્યા છે એવું વાદળ વગરનું આકાશ.)

(૧૧) अन्याय :- અનુચિત કાર્ય કરવા અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्कुरुते परदारान् (તે અનુચિત રૂપથી પરદારા સાથે સંપર્ક કરે છે.) उत्कुरुते कन्याम् (તે કન્યાની સાથે અનુચિત પ્રવૃતિ કરે છે.)

(૧૨) प्राधान्यम् :- પ્રધાનપણાં સ્વરૂપ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उत्कृष्टः अश्वः (ઉત્તમ એવો ઘોડો.) उत्तमं कुलम् (ઉત્તમ એવું કુળ.)

(૧૩) शक्ति :- સમર્થ અર્થમાં उद् અવ્યય આવે છે. દા.ત. उत्सहते गन्तुम् (જવા માટે સમર્થ થાય છે.)

(૧૪) अवरपरे :- અન્ય એવું પર રહેલું એવા અર્થમાં उद् અવ્યય આવે છે. દા.ત. उत्तरः (જે વસ્તુ છે એનાથી પર રહેલું ઉત્તર કહેવાય છે.) અવ્યયકોશમાં માત્ર પર અર્થ જ આવ્યો છે, પરંતુ अवरपर અર્થ આવ્યો નથી.

(૧૫) दिग्योग :- દિશા અર્થમાં उद् અવ્યય આવે છે. દા.ત. उदीची दिक् (ઉત્તર દિશા.)

(૧૬) निर्देश :- સંકેત કરવા સ્વરૂપ અર્થમાં "उद्" અવ્યય આવે છે. દા.ત. उद्दिशति (તે સંકેત કરે છે.) તથા उद्देशः (નામ માત્રથી વસ્તુનું કથન કરવું તે અથવા તો સંકેત.)

**( श०न्या० ) अति**-पूजा-भृशार्था-ऽनुमत्यतिक्रमण-समृद्धि-भूताभावा-ऽवज्ञान-हीनार्थेषु । पूजायाम्-पूजितो राजा-अतिराजा, अतिगौः । भृशार्थे-अतिकृतम्, अतीसारः, अतिवृष्टिः । अनुमतौ-अतिचिन्तितम् । अतिक्रमणे-अतिक्रान्तोऽन्यान् रथानतिरथः, अतिरि कुलम् । समृद्धौ-

समृद्धो देशः-अतिदेशः । भूताभावे-अतीतमेघं नभः । अवज्ञाने-अतिच्छिनत्ति, अतिहूतं धान्यम् । हीनार्थे-हीनं वाहयति-अतिवाहयति ।

**અનુવાદ :- अति :-** પૂજા અર્થથી શરૂ કરીને હીન સુધીના અર્થમાં अति અવ્યય આવે છે.

(૧) पूजा :- આદર અથવા સન્માન અર્થમાં "अति" અવ્યય આવે છે. દા.ત. अतिराजा (પૂજ્ય એવો રાજા અથવા તો ઉત્તમ એવો રાજા) તથા अतिगौः (પૂજ્ય એવી ગાય અથવા તો ઉત્તમ એવી ગાય.)

(૨) भृशार्थ :- અધિક અર્થમાં "अति" અવ્યય આવે છે. દા.ત. अतिकृतम् (વધારે કરાયું.) તથા अतीसारः અથવા अतिसारः (વધારે સમય મળવિસર્જન થાય તે.) તથા अतिवृष्टिः (વધારે વરસાદ.)

(૩) अनुमति :- અનુજ્ઞા અર્થમાં अति અવ્યય આવે છે. દા.ત. अतिचिन्तितम् (આ ઉદાહરણ અનુમતિ અર્થમાં સંગત થતું નથી. છતાં પણ જિજ્ઞાસુએ આ બાબતમાં વિચારવું.) અવ્યયકોશમાં અનુમતિ અર્થમાં अतिसृजति તથા अतिसृष्ट ઉદાહરણો આપ્યા છે. (अतिसृजति એટલે તે સ્વીકાર કરે છે.) અર્થાત્ કોઈક કહે કે તમે જે ઇચ્છો તે કરી શકો છે. તે સમયે સામેવાળો વ્યક્તિ એ વાતને સ્વીકારી લે અને પ્રવૃત્તિ કરે ત્યારે अतिसृजति પ્રયોગ થાય છે તથા अतिसृष्टम् એટલે તેણે સ્વીકાર્યું એવો અર્થ થાય છે.

(૪) अतिक्रमण :- ઓળંગવા સ્વરૂપ અર્થમાં अति અવ્યય આવે છે. अतिरथः (બીજા રથોને ઓળંગી ગયેલ એવો રથ.) તથા अतिरि कुलम् (ધનને ઓળંગી ગયેલ કુળ.)

(૫) समृद्धि :- સંપત્તિ સ્વરૂપ અર્થમાં अति અવ્યય આવે છે. દા.ત. अतिदेशः (સમૃદ્ધ એવો દેશ.)

(૬) भूताभाव :- હોવાના અભાવ અર્થમાં अति અવ્યય આવે છે. દા.ત. अतीत-मेघम् नभः (મેઘના અભાવવાળું આકાશ અર્થાત્ ભૂતકાળમાં વાદળો હતા, પરંતુ અત્યારે નથી.) અવ્યયકોશમાં ભૂતાભાવને બદલે માત્ર ભૂત અર્થમાં જ "अति" અવ્યય જણાવેલ છે.

(૭) अवज्ञान :- અનાદર અર્થમાં "अति" અવ્યય આવે છે. દા.ત. अतिछिन्नत्ति (તે અનાદરપૂર્વક છેદે છે.) अतिहूतम् धान्यम् (અનાદરપૂર્વક આહૂતિ અપાયેલ ધાન્ય.)

(૮) हीन :- જઘન્ય અર્થમાં अति અવ્યય આવે છે. દા.ત. अतिवाहयति (તે હીનતાથી વહન કરે છે.)

**( श०न्या० ) अभि**-आभिमुख्य-संनिकृष्ट-वशीकरणोद्ध्र्वकर्म-पूजा-कुल-सान्त्व-व्यासीच्छा-दोषोल्वण-रूप-वचन-लक्ष्य-वीप्सा-नव-प्रणयेषु । आभिमुख्ये-अभितः । वशी-

करणे-अभिचरति मन्त्रैर्माणवकः कन्याम् । ऊद्र्ध्वकर्म्मणि-अभिरोहति वृक्षम् । पूजायाम्-अभिवादये । कुले-अभिजातो माणवकः । सान्त्वे-अभिमन्यते कन्याम् । व्याप्तौ-अभिकीर्णाः पांशुभिः । इच्छायाम्-अभिलषति मैथुनम् । दोषोल्वणे-अभिस्यन्दः । रूपे-अभिरूपो माणवकः । वचने-अभिधेयः साधुः । लक्ष्ये-अभिविध्यति । वीप्सायाम्-वृक्षं वृक्षमभि सिञ्चति । नवे-अभिनवं माल्यम् । प्रणये-अभिमन्त्रितोऽग्निः ॥३१॥

**અનુવાદ :- अभि :-** આભિમુખ્યથી શરૂ કરીને પ્રણય સુધીના અર્થમાં "अभि" અવ્યય આવે છે.

(૧) आभिमुख्य :- સન્મુખ થવા સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभितः (સન્મુખ થયો.) गुरूम् अभितः शिष्यः तिष्ठति. (ગુરુની સન્મુખ એવો શિષ્ય ઊભો છે.)

(૨) वशीकरण :- વશ કરવા સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिचरति मन्त्रैः माणवकः कन्याम् - છોકરો (યુવાન) મન્ત્રોથી કન્યાને વશીભૂત કરે છે.

(૩) ऊर्ध्वकर्म :- ઊંચે ક્રિયા કરવી અર્થમાં अभि અવ્યય આવે છે. દા.ત. अभिरोहति वृक्षम् (તે વૃક્ષ ઉપર આરોહણ કરે છે.)

(૪) पूजा :- આદર કરવા સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिवादये (હું તમારો આદર કરું છું અથવા તો હું તમારું સન્માન કરું છું.)

(૫) कुल :- વંશ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिजातो माणवकः (બાળક ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયો.)

(૬) सान्त्व :- શાંત કરવા સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिमन्यते कन्याम् (તે કન્યાને શાંત કરે છે.)

(૭) व्याप्ति :- વ્યાપવા સ્વરૂપ અર્થમાં अभि અવ્યય આવે છે. દા.ત. अभिकीर्णाः पांशुभिः (ધૂળથી વ્યાપ્ય થયા.)

(૮) इच्छा :- ઇચ્છા કરવી સ્વરૂપ અર્થમાં अभि અવ્યય આવે છે. દા.ત. "अभिलषति मैथुनम्" (તે મૈથુનની ઇચ્છા કરે છે.)

(૯) दोषोल्वण :- દોષની અધિકતા અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिस्यन्दः (કોઈ ચીજનું પ્રવાહિત થવું. દા.ત. ગોળ હોય એ જો પ્રવાહી સ્વરૂપ બની જાય તો દોષ રૂપ થાય છે.)

(૧૦) रूप :- સુંદર રૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिरूपो माणवकः (સુંદર બાળક.)

(૧૧) वचन :- વચન (કહેવા) સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिधेयः साधुः (કહેવા યોગ્ય સાધુ.)

(૧૨) लक्ष्य :- કોઈ સંકેતિત વસ્તુના અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिविध्यति (તે લક્ષ્યને વીંધે છે.)

(૧૩) वीप्सा :- વીપ્સા અર્થમાં अभि અવ્યય આવે છે. દા.ત. वृक्षम् वृक्षम् अभि सिञ्चति (તે દરેક વૃક્ષને સીંચે છે.)

(૧૪) नव :- નવા સ્વરૂપ અર્થમાં "अभि" અવ્યય આવે છે. દા.ત. अभिनवम् माल्यम् (નવી માળા.)

(૧૫) प्रणय :- જોડવા સ્વરૂપ અર્થમાં अभि અવ્યય આવે છે. દા.ત. अभिमन्त्रितः अग्निः (મન્ત્રથી ભાવિત કરેલો અગ્નિ.)

### -: ન્યાસસારસમુદ્ધાર :-

**चादय** इत्यादि । **अनुकार्यादा**विति-आदिशब्दादत्युच्चैसावित्यत्र वाचकस्यातिशब्दस्य, चिनोतीति 'चः' इत्येवंक्रियाप्रधानस्य च चशब्दस्य नाव्ययसंज्ञेति ॥३१॥

### -: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

બૃહદ્વૃત્તિ ટીકામાં अनुकार्यादौ શબ્દ લખ્યો છે. આ શબ્દમાં જે आदि છે તે आदि શબ્દથી "अत्युच्चैसौ" પ્રયોગમાં अति શબ્દની પ્રધાનતા હોવાથી વાચક એવા अति શબ્દની અવ્યયસંજ્ઞા થતી નથી તથા चिनोति એ પ્રમાણે "चि" ધાતુથી "ड" પ્રત્યય થતાં ક્રિયાપ્રધાન એવા च શબ્દની અવ્યયસંજ્ઞા થતી નથી.

**॥ एकत्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

❊ ❊ ❊

# सूत्रम् - अधण्तस्वाद्या शसः । १ । १ । ३२ ॥

### -: તત્ત્વપ્રકાશિકા :-

**धण्वर्जितास्तस्वादयः शस्पर्यन्ता ये प्रत्ययास्तदन्तं शब्दरूपमव्ययसंज्ञं भवति ।**

**देवा अर्जुनतोऽभवन्, अत्र षष्ठ्यन्ताद् "व्याश्रये तसुः" [ ७.२.८१. ] । ततः; अत्र पित्तस् । तत्र । इह । क्व । कदा । एतर्हि । अधुना । इदानीम् । सद्यः । परेद्यवि । पूर्वेद्युः । उभयद्युः । परुत् । परारि । ऐषमः । कर्हि । यथा । कथम् । पञ्चधा । ऐकध्यम् । द्वैधम् । द्वेधा । पञ्चकृत्वः । द्विः । सकृत् । बहुधा । प्राक् । दक्षिणतः । पश्चात् । पुरः । पुरस्तात् । उपरि । उपरिष्टात् । दक्षिणा । दक्षिणाहि । दक्षिणेन । द्वितीया करोति क्षेत्रम् । शुक्लीकरोति । अग्निसात् संपद्यते । देवत्रा करोति । बहुशः ।**

**-: तत्त्वप्रकाशिकानो अनुवाद :-**

"धण्" प्रत्ययने छोडीने "तसु"थी शरू करीने "शस्" सुधीना जे प्रत्ययो छे, ते प्रत्ययान्तवाळुं एवुं शब्द स्वरूप अव्ययसंज्ञावाळुं थाय छे.

"देवो अर्जुनना पक्षमां थया." अहीं षष्ठी अंतवाळा अर्जुन नामथी व्याश्रये तसुः (७/२/८१) सूत्रथी तस् प्रत्यय थतां अर्जुनतः रूप प्राप्त थाय छे. "तद्" सर्वनामने पित् एवो तस् प्रत्यय थतां ततः अव्यय प्राप्त थाय छे. आ ततः अव्ययनो तेथी अर्थ प्राप्त थाय छे. तत्र = त्यां, इह = अहीं, क्व = क्यां, कदा = क्यारे, तथा एतर्हि, "अधुना" अने "इदानीम्" आ त्रणेयनो अर्थ आ समयमां थाय छे. सद्यः=आजे, परेद्यवि=बीजा दिवसे पूर्वेद्युः=आगळनां दिवसे. उभयद्युः=बंने दिवसे. परुत्=वीती गयेलुं वर्ष. परारि=वीती गयेलुं त्रीजुं वर्ष. ऐषमः चालु वर्षमां. कर्हि=क्यारे. यथा=जे प्रकारे. कथम्=कयां प्रकारे. पञ्चधा=पांच प्रकारे. ऐकध्यम्=समयनी अनेकान्तिकता. द्वैधम्=बे प्रकारे. द्वेधा=बे प्रकारे. पञ्चकृत्वः=पांच वार. द्विः=बे वार. सकृत्=एक वार. बहुधा=बहु प्रकारे. प्राक्=पूर्व देश, पूर्व काल. पूर्व दिशा. दक्षिणतः=दक्षिण दिशाथी, जमणी बाजुथी. पश्चात्=पाछळ. पुरः=आगळ, सामे पुरस्तात्= आगळ, सामे. उपरि=उपर. उपरिष्टात्=उपर. दक्षिणा=जमणी बाजुथी, दक्षिण दिशाथी. दक्षिणाहि=दूर दक्षिण दिशाथी, जमणी बाजुथी. दक्षिणेन=दक्षिण दिशा बाजु. द्वितीया करोति क्षेत्रम्=खेतरने बीजीवार खेडे छे. शुक्लीकरोति=सफेद न हतुं ते सफेद करे छे. अग्निसात् संपद्यते=जे पहेलां अग्नि स्वरूप न हतुं ते अग्नि स्वरूप प्राप्त थाय छे. देवत्रा करोति=देवनां निमित्ते आपवा योग्य करे छे. बहुशः=बहुवार.

**( त० प्र०- ) अधणिति किम् ? पथिद्वैधानि, संशयत्रैधानि । आ शस इति किम् ? पचतिरूपम् ॥३२॥**

**अनुवाद :-** ""धण्"ना वर्जन" द्वारा शुं कहे छे ? जो "धण्" प्रत्यय अंतवाळुं नाम हशे

તો અવ્યયસંજ્ઞા થશે નહિ. "पथिद्वैधानि"=માર્ગનાં બે પ્રકારો. संशयत्रैधानि=સંશયનાં ત્રણ પ્રકારો. આ शसः દ્વારા શું કહેવા માંગે છે ? पचतिरूपम्=તે સારૂ રાંધે છે.

## -: શબ્દમહાર્ણવન્યાસ :-

**अधणि**त्यादि-तसुरादिर्यस्य तत् तस्वादि, न धण् अधण्, अधण् च तत् तस्वादि च **अधण् तस्वादि,** अत्र सामान्याभिधानान्नपुंसकत्वे "अनतो लुप्" [१.४.५९.] इति सेर्लुपि। आङ्शब्दाद् "अव्ययस्य" [३.२.७.] इति सेर्लुपि "आङाऽवधौ" [२.२.७०.] इति शसः पञ्चमी। तस्वादयः प्रत्ययाः, ते प्रकृत्यविनाभाविन इति तैः प्रकृतिरनुमीयते-'अस्त्यत्र प्रकृतिः' इति, तस्याश्चैते विशेषणत्वेनाऽऽश्रीयन्ते, ततो "विशेषणमन्तः" [७.४.११३.] इति तदन्तविज्ञानं भवतीत्याह- **ये प्रत्ययास्तदन्तं शब्दरूपमि**ति ।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"તસુ આદિ છે જેને તે" એ પ્રમાણે "तस्वादि" બહુવ્રીહિ સમાસ થાય છે. "न धण् अधण्" એ પ્રમાણે नञ् તત્પુરૂષ સમાસ થાય છે. "अधण् च तत् तस्वादि च" એ પ્રમાણે કર્મધારય સમાસ થતાં "अधणृतस्वादि" પ્રાપ્ત થાય છે. અહીં, ઉત્સર્ગથી નપુંસકપણું થવાથી પ્રથમા એકવચનનાં सि પ્રત્યયનો "अनतो लुप्" (૧/૪/૫૯) સૂત્રથી લોપ થયો. "आङ्" શબ્દથી પ્રથમા એકવચનનાં "सि"નો (૩/૨/૭) સૂત્રથી લોપ થયો છે. તથા शस् શબ્દથી "आङाऽवधौ" (૨/૨/૭૦) સૂત્રથી પંચમી વિભક્તિ થઈ છે. "तसु" વગેરે પ્રત્યયો છે અને તેઓ પ્રકૃતિની સાથે અવિનાભાવ સંબંધથી રહેનારા છે. આથી પ્રત્યયોથી પ્રકૃતિનું અનુમાન કરાય છે. પ્રત્યયો સાથે પ્રકૃતિની વ્યાપ્તિ મળતી હોવાથી જ્યાં જ્યાં પ્રત્યય છે ત્યાં ત્યાં પ્રકૃતિ છે. આથી અહીં પ્રકૃતિ છે અને પ્રકૃતિ સંબંધી આ પ્રત્યયો વિશેષણપણાંથી આશ્રય કરાય છે. તેથી "विशेषणमन्तः" (૭/૪/૧૧૩) સૂત્રથી "तदन्त"નું જ્ઞાન થાય છે. તેથી "આચાર્યભગવંત" બૃહદ્‌વૃત્તિ ટીકામાં કહે છે કે, "धण्"ને વર્જીને "तस्"થી શરૂ કરીને शस् સુધીનાં જે પ્રત્યયો છે તેવા પ્રત્યય અંતવાળું એવું શબ્દ સ્વરૂપ અવ્યયસંજ્ઞાવાળું થાય છે.

**( श०न्या० )** अथ प्रत्ययमात्रस्य संज्ञायां को दोषः स्यात्, येन तदन्तमित्युच्यते ? सत्यम्- **'अर्जुनतस्'** इत्यादेः समुदायस्यानव्ययत्वे तत्संबन्धिनः स्यादेस्तदवयवाव्ययासंबन्धित्वाद् "अव्ययस्य" [३.२.७.] इति लुब् न स्यात्। न च संज्ञाकरणसामर्थ्यात् परमात्रस्य लुप् स्यादिति वाच्यम्, अगर्थं संज्ञाकरणं स्यादिति, "अव्ययस्य" [३.२.७.] इति वा(चा)ऽव्ययसंबन्धिनः स्यादेर्लुबुच्यते । किञ्च-**'अर्जुनतः'** इत्यादौ प्रत्ययमात्रादर्थवत्त्वेन नामत्वे स्याद्युत्पत्तौ "प्रत्ययः

प्रकृत्यादेः" [७.४.११५.] इति वचनात् प्रत्ययमात्रस्य प्रकृतित्वेन तदन्तत्वे पूर्वस्य च "नामसिदयूव्यञ्जने" [१.१.२१.] इति पदत्वात् "सपूर्वात् प्रथमान्ताद् वा" [२.१.३२.] इति विकल्पप्रसङ्गः स्यात्, तस्मात् तदन्तसमुदायोऽव्ययमिति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** અહીં પ્રત્યય માત્રની અવ્યયસંજ્ઞા કરવામાં આવી હોત તો કયો દોષ થાત, કે જેથી પ્રત્યયો જેને અંતે છે એવા નામોની અવ્યયસંજ્ઞા થાય છે, એવું કહેવાય છે ?

**ઉત્તરપક્ષ :-** આપની વાત સાચી છે. "अर्जुनतस्" વગેરેમાં સમુદાયનું અનવ્યયપણું થવાથી સમુદાય સંબંધી જે સ્યાદિ વિભક્તિ છે, તે સ્યાદિનો "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી લોપ થાત નહિ. કારણ કે "अर्जुनतस्" વગેરેમાં સ્યાદિ વિભક્તિ સમુદાય સંબંધી છે. વળી સમુદાય અવ્યય નથી. તથા સમુદાયનો એક અવયવ જે 'तस्' છે તે અવ્યય થાય છે. અને આ સ્યાદિ તો અવયવ સંબંધી નથી, પણ સમુદાય સંબંધી છે. માટે 'तस्' જો અવ્યયસંજ્ઞાવાળો થાત તો સમુદાય સંબંધી સ્યાદિ વિભક્તિનો 'अव्ययस्य' (૩/૨/૭) સૂત્રથી લોપ થાત નહીં.

**પૂર્વપક્ષ :-** સંજ્ઞા કરવાના સામર્થ્યથી જ અવ્યય સ્વરૂપ 'तस्' પ્રત્યયથી પર રહેલ વિભક્તિનો લોપ થશે. અહીં 'तस्' પ્રત્યયને અવ્યયસંજ્ઞા કરવામાં આવી છે. વળી તે પ્રકૃતિના અંતે જ રહે છે. આ સંજોગોમાં જો 'अव्ययस्य' (૩/૨/૭) સૂત્રથી સ્યાદિનો લોપ ન થાય તો અવ્યયસંજ્ઞાનું પ્રયોજન જ રહેતું નથી. માટે સૂત્ર નિષ્ફળ ન થાય તેથી 'तदन्त' માં પણ વિભક્તિનો લોપ થશે જ.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે કહેવું નહિ. પરમાત્ર સંબંધી એવી સ્યાદિનો લોપ કરવા માટે જ સંજ્ઞાકરણ કરવામાં આવ્યું નથી, પરંતુ અવ્યયનાં અન્ત્ય સ્વરની પૂર્વમાં "अक्" પ્રત્યય થાય છે.અને અવ્યયને અંતે આવેલાં "क्"નો "द्" થાય છે. એ પ્રમાણે (૭/૩/૩૧) સૂત્રમાં "अक्"નાં પ્રયોજન માટે પણ સંજ્ઞાકરણ કરવામાં આવ્યું છે. તેથી "तस्" વગેરેની અવ્યયસંજ્ઞાનું સફળપણું "अक्" વગેરે થવા દ્વારા જ થઈ જાય છે. માટે સંજ્ઞાકરણ હવે સમુદાય સંબંધી સ્યાદિનો લોપ કરવા સમર્થ નહિ બને. આથી "अर्जुनतस्" વગેરેને સ્યાદિ વિભક્તિનો લોપ થઈ શકશે નહીં.

બીજું "अर्जुनतः" વગેરે પ્રયોગોમાં માત્ર तस्ની જો અવ્યયસંજ્ઞા થાય તો "तस्" પ્રત્યયમાં અર્થવાનપણું હોવાથી "तस्" પ્રત્યયની નામસંજ્ઞા પણ થાત. આથી "तस्" પ્રત્યયથી સ્યાદિ પ્રત્યયો પ્રાપ્ત થયે છતે "प्रत्ययः प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) સૂત્રથી પ્રત્યયમાત્ર પ્રકૃતિ થશે અને પ્રકૃતિને સ્યાદિ પ્રત્યયો થવાથી તદન્તપણું થશે તથા પૂર્વનાનું (અર્જુનનું) પદપણું થવાથી પૂર્વપદ એવા અર્જુન સહિત પ્રથમા અંતવાળું પદ (तस् +सि) થવાથી એના પછી જો કોઈ "युष्मद्" અને "अस्मद्"નું રૂપ આવશે તો "सपूर्वाद् प्रथमान्ताद् वा" (૨/૧/૩૨) સૂત્રથી "युष्मद्" અને

"अस्मद्" સંબંધી અન્વાદેશો વિકલ્પે થવાનો પ્રસંગ આવશે. જ્યારે આવું તો જગતમાં જોવા મળતું નથી. આથી માત્ર तस् વગેરેની અવ્યયસંજ્ઞા નહિ થાય પરંતુ तस् વગેરે અંતવાળા સમુદાયની અવ્યયસંજ્ઞા થશે.

**( श०न्या० )** दीव्यतेरचि गुणे प्रथमाबहुवचने "अत आः स्यादौ जस्०" [१.४.१.] इत्यात्वे समानदीर्घत्वे सस्य "सो रुः" [२.१.७२.] इति रुत्वे "रोर्यः" [१.३.२६.] इति ये "स्वरे वा" [१.३.२४.] इति तस्य लुकि च **देवा** इति । **( अर्जुनतोऽभवन्निति )**-"अर्ज अर्जने" अतः "यम्य-जिशक्यर्जि०" [उणा० २८८.] इत्युने अर्जुनः, तस्य पक्षः (इति) षष्ठ्यन्ताद् "व्याश्रये तसुः" [७.२.८१.] इति तसुः । तदन्तस्याव्ययत्वे "अव्ययस्य" [३.२.७.] इत्यधिकरणसप्तम्येकवचनस्य लुप्, स्थानिवद्भावेन "तदन्तं पदम्" [१.१.२०.] इति पदत्वे "सो रुः" [२.१.७२.] इति रुत्वे "अतोऽतिरो रुः" [१.३.२०.] इत्युत्वे "अवर्णस्येवर्णादिना०" [१.२.६.] इत्योत्वे "एदोतः पदान्तेऽस्य लुग्" [१.२.२७.] इति अभवन् शब्दस्याकारलोपः । तसुरित्युकारस्तसोऽपरिग्रहार्थम्, अन्यथा "किमद्व्यादि०" [७.२. ८९.] इति विहितस्य तसो ग्रहणं स्यादित्याह-**अत्रे**ति-('ततः' इति प्रयोगे) तच्छब्दात् पञ्चम्येकवचना-न्तात् "किमद्व्यादि०" [७.२.८९.] इति पित्तसि "ऐकार्थ्ये" [३.२.८.] इति विभक्तेर्लुपि "आ द्वेरः" [२.१.४१.] इति दस्यात्वे "लुगस्यादेत्यपदे" [२.१.११३.] इति तकाराकारलोपे च तसन्तस्या-व्ययत्वे "अव्ययस्य" [३.२.७.] इति सेर्लुपि रुत्वादि पूर्ववत् ।

**અનુવાદ :-** ચોથા ગણનાં "दिव्" ધાતુથી "अच्" પ્રત્યય થતાં અને ગુણ થતાં "देव" શબ્દ પ્રાપ્ત થાય છે. "देव" શબ્દને પ્રથમા બહુવચનનો "जस्" પ્રત્યય લાગતાં "अत आः स्यादौ जस्..." (૧/૪/૧) સૂત્રથી "देव"નાં "अ"નો "आ" થતાં "देवा + जस्" આ અવસ્થામાં સમાનનું દીર્ઘપણું થતાં "देवास्" પ્રાપ્ત થશે. હવે "स्"નો "सो रुः" (૨/૧/૭૨) સૂત્રથી "रु" થતાં "रोर्यः" (૧/૩/૨૬) સૂત્રથી "रु"નો "य्" થતાં તેમજ "स्वरे वा" (૧/૩/૨૪) સૂત્રથી "य्"નો વિકલ્પે લોપ થતાં "देवा" રૂપ પ્રાપ્ત થાય છે.

"મેળવવું" અર્થમાં "अर्ज्" ધાતુ પહેલા ગણનો છે. આ अर्ज्" ધાતુથી "यम्यजिशक्यर्जि..." (उणा. २८८) સૂત્રથી "उन" થતાં "अर्जुनः" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "तस्य पक्षः" એ અર્થમાં "व्याश्रये तसुः" (૭/૨/૮૧) સૂત્રથી "तसु" પ્રત્યય થાય છે. હવે આ "तस्" અંતવાળા "अर्जुन" શબ્દની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થશે. "अर्जुनतः + ङि" આ અવસ્થામાં "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી અધિકરણ સપ્તમી એકવચનનો લોપ થાય છે. આ લોપ થયેલાં "ङि"નો

સ્થાનીવદ્‌ભાવ થવાથી "तदन्तं पदम्" (૧/૧/૨૦) સૂત્રથી પદસંજ્ઞા થાય છે. હવે "अर्जुनतस् अभवन्". આ અવસ્થામાં अर्जुनतस्માં પદસંજ્ઞા થવાથી "सो रुः" (૨/૧/૭૨) સૂત્રથી "स्"નો "र्" થવાથી તેમજ "अतोऽतिरो रुः" (૧/૩/૨૦) સૂત્રથી "र्"નો "उ" થાય છે. તથા "अवर्णस्येवर्णा..." (૧/૨/૬) સૂત્રથી "ओ" થતાં "एदोतः पदान्तेऽस्य लुग्" (૧/૨/૨૭) સૂત્રથી "अभवन्" શબ્દનાં "अकार"નો લોપ થાય છે. "तसुः" એ પ્રમાણે (૭/૨/૮૧) સૂત્રમાં જે "तस्" પ્રત્યયને "उकार" અનુબંધ કર્યો છે તે "पित्" એવા "तस्"નું વર્જન કરવા માટે છે. જો उकार અનુબંધ ન કર્યો હોત તો किमद्वयादि... (૭/૨/૮૯) સૂત્રમાં વિપુલ અને બહુલ અર્થમાં વિધાન કરાયેલ "तस्"નું પણ ગ્રહણ થાત. આથી જ બૃહદ્‌વૃત્તિ ટીકામાં લખ્યું છે કે અહીં ("अर्जुनतः"માં) ષષ્ઠી અંતવાળા નામથી અનેક પક્ષ આશ્રયમાં (૭/૨/૮૧) સૂત્રથી "तसु" પ્રત્યય થાય છે.

હવે "ततः" પ્રયોગ સંબંધી બતાવે છે - પંચમી એકવચનવાળા "तद्" શબ્દથી "किमद्वयादि..." (૭/૨/૮૯) સૂત્રથી पित् એવો तस् પ્રત્યય થતાં "ऐकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી વિભક્તિનો લોપ થતાં "आ द्वेरः" (૨/૧/૪૧) સૂત્રથી "तद्" નાં "द्"નો "अ" થતાં તથા "लुगस्यादेत्यपदे" (૨/૧/૧૧૩) સૂત્રથી "तकार"નાં "अकारनो" લોપ થતાં "ततस्"નું અવ્યયપણું થતાં "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી "सि"નો લોપ થતાં "रुत्व" વગેરે પૂર્વની જેમ જ થતાં "ततः" અવ્યય પ્રાપ્ત થશે.

**( श०न्या० )** एवं तच्छब्दात् सप्तम्यन्तात् "सप्तम्याः" [७.२.९४.] इति त्रपि **तत्र** । तथा इदम्शब्दस्य किम्शब्दस्य च त्रपि "क्व-कुत्रात्रेह" [७.२.९३.] इति निपातनाद् **इह, क्व** । किम्शब्दात् कालेऽधिकरणे "किं-यत्-तत्०" [७.२.९५.] इति दाप्रत्यये किमः काऽऽदेशे **कदा** । तथा इदम्शब्दस्य सप्तम्यन्तस्य "सदाऽधुना०" [७.२.९६.] इति निपातनाद् **एतर्हि, अधुना, इदानीम्** । समानशब्दस्य परशब्दस्य च अहन्यधिकरणे "सद्योऽद्य-परेद्यव्यह्नि" [७.२.९७.] इति निपातनात् **सद्यः, परेद्यवि** । एवं पूर्वशब्दादुभयशब्दाच्च "पूर्वापराऽधरोत्तरा-ऽन्याऽन्यतरेतरादेद्युस्" [७.२.९८.] इति एद्युसि "उभयाद् द्युश्च" [७.२.९९.] इति द्युसि च **पूर्वेद्युः, उभयद्युः** ।

**અનુવાદ :-** આ પ્રમાણે સપ્તમી અંતવાળાં "तद्" શબ્દથી પર "सप्तम्याः" (૭/૨/૯૪) સૂત્રથી અધિકરણ અર્થમાં "त्रप्" પ્રત્યય થતાં "तत्र" શબ્દ પ્રાપ્ત થાય છે.

તે જ પ્રમાણે "इदम्" શબ્દ અને "किम्" શબ્દને "त्रप्" પ્રત્યય લાગતાં "क्व-कुत्रात्रेह" (૭/૨/૯૩) સૂત્રથી નિપાતન થવાથી "इह" અને "क्व" શબ્દ પ્રાપ્ત થાય છે.

"किम्" શબ્દથી કાળ સ્વરૂપ અધિકરણ અર્થમાં "किं-यत्-तद्..." (૭/૨/૯૫) સૂત્રથી "दा" પ્રત્યય થતાં અને "किम्"નો "क" આદેશ થતાં "कदा" શબ્દ પ્રાપ્ત થાય છે.

સપ્તમી અંતવાળા એવા "इदम्" શબ્દ સંબંધી "सदाऽधुना..." (૭/૨/૯૬) સૂત્રથી નિપાતન થવાથી "एतर्हि", "अधुना", "इदानीम्" શબ્દો પ્રાપ્ત થાય છે.

"समान" અને पर શબ્દ પછી દિવસ સ્વરૂપ અધિકરણ અર્થમાં "द्यस्" અને "एद्यवि" પ્રત્યય "सद्योऽद्य-परे..." (૭/૨/૯૭) સૂત્રથી થતાં નિપાતન થવાથી "सद्यः" તથા "परेद्यवि" શબ્દો પ્રાપ્ત થાય છે.

એ જ પ્રમાણે "पूर्व" અને "उभय" શબ્દથી "पूर्वापराऽधरोत्तरा..." (૭/૨/૯૮) સૂત્રથી કાલ અર્થમાં "एद्युस्" પ્રત્યય થતાં તથા "उभयाद् द्युश्च" (૭/૨/૯૯) સૂત્રથી "द्युस्" પ્રત્યય થતાં અનુક્રમે "पूर्वेद्युः" અને "उभयद्युः" શબ્દો પ્રાપ્ત થાય છે.

**( श०न्या० )** पूर्वशब्दस्य परशब्दस्य वा पूर्वतरशब्दस्य परतरशब्दस्य वा इदम्शब्दस्य च वर्षेऽधिकरणे "ऐषमः परुत् परारि वर्षे" [७.२.१००.] इति निपातनात् **परुत्, परारि, ऐषमः**। किम्शब्दस्य अनद्यतनकालाधिकरणे "अनद्यतने र्हिः" [७.२.१०१.] इति र्हौ "किमः कस्तसादौ च" [२.१.४०.] इति कादेशे च **कर्हि**। यच्छब्दात् तृतीयान्तात् "प्रकारे था" [७.२.१०२.] इति थाप्रत्यये पूर्ववदत्वादौ **यथा**। एवं किम् शब्दस्य "कथमित्थम्" [७.२.१०३.] (इति) निपातनात् **कथम्**। पञ्चन्शब्दात् तृतीयान्तात् प्रकारे "संख्याया धा" [७.२.१०४.] इति धाप्रत्यये नलोपे च **पञ्चधा**।

**અનુવાદ :-** વર્ષ સ્વરૂપ અધિકરણ અર્થમાં "पूर्व" શબ્દ અને "पर" શબ્દ અથવા તો "पूर्वतर" શબ્દ અને "परतर" શબ્દ અને "इदम्" શબ્દ સંબંધી "ऐषमः परुत् परारि वर्षे" (૭/૨/૧૦૦) સૂત્રથી નિપાતન થવાથી "परुत्" "परारि" અને "ऐषमः" શબ્દો પ્રાપ્ત થાય છે.

અનદ્યતન કાળ સ્વરૂપ અધિકરણ અર્થમાં "किम्" શબ્દને "अनद्यतने र्हिः" (૭/૨/૧૦૧) સૂત્રથી "र्हि" પ્રત્યય થતાં તેમજ "किमः कस्तसादौ च" (૨/૧/૪૦) સૂત્રથી "क" આદેશ થતાં "कर्हि" શબ્દ પ્રાપ્ત થાય છે.

તૃતીયા અંતવાળાં "यद्" સર્વનામથી "प्रकारे था" (૭/૨/૧૦૨) સૂત્રથી "था" પ્રત્યય થતાં અને પહેલાંની જેમ જ "यद्"નાં "द्"નો "अ" વગેરે કાર્યો થતાં "यथा" શબ્દ પ્રાપ્ત થાય છે. (અહીં સૂત્ર પ્રમાણે સર્વ વિભક્તિવાળું यद् જોઈએ.) તે જ પ્રમાણે "किम्" સર્વનામમાં પણ પ્રકાર અર્થમાં "कथमित्थम्" (૭/૨/૧૦૩) સૂત્રથી નિપાતન થવાથી "कथम्" અવ્યય પ્રાપ્ત થાય છે.

તૃતીયા અંતવાળાં "पञ्चन्" શબ્દથી પર "संख्याया धा" (૭/૨/૧૦૪) સૂત્રથી પ્રકાર અર્થમાં "धा" પ્રત્યય થવાથી તથા "न्"નો લોપ થવાથી "पञ्चधा" શબ્દ પ્રાપ્ત થાય છે.

**(श०न्या०)** एवमेकशब्दाद् "वैकाद्ध्यमञ्" [७.२.१०६.] इति ध्यमञि "वृद्धिः स्वरेष्वादे-र्ञ्णिति तद्धिते" [७.४.१.] इति वृद्धौ च **ऐकध्यम्** । द्विशब्दाद् "द्वित्रेर्धमञेधौ वा" [७.२.१०७.] इति धमञि वृद्धौ, एधाप्रत्यये "अवर्णेवर्णस्य" [७.४.६८.] इति इकारलोपे च **द्वैधम्, द्वेधा** । पञ्चन्-शब्दाद् वारे वर्तमानाद् वारवत्यर्थे "वारे कृत्वस्" [७.२.१०९.] इति कृत्वसि **पञ्चकृत्वः** । एवं द्वि-शब्दाद् "द्वि-त्रि-चतुरः सुच्" [७.२.११०.] इति सुचि **द्विः** । एकशब्दाद् "एकात् सकृच्चास्य" [७.२.१११.] इति सुचि सकृदादेशे च सकृत्, ततः "क्रियाविशेषणाद्" [२.१.४१.] इत्यमि "अव्ययस्य" [३.२.७.] इति तल्लुपि "पदस्य" [२.१.८९.] इति सलोपे **सकृत्** । बहुशब्दाद् "बहोर्धासन्ने" [७.२.११२.] इति धाप्रत्यये **बहुधा** ।

**અનુવાદ :-** એ જ પ્રમાણે "एक" શબ્દથી "वैकाद्ध्यमञ्" (૭/૨/૧૦૬) સૂત્રથી "પ્રકાર" અર્થમાં "ध्यमञ्" પ્રત્યય થવાથી અને "वृद्धिः स्वरेष्वादेः..." (૭/૪/૧) સૂત્રથી વૃદ્ધિ થવાથી "ऐकध्यम्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"द्वि" શબ્દથી "द्वित्रेर्धमञेधौ वा" (૭/૨/૧૦૭) સૂત્રથી "પ્રકાર" અર્થમાં તથા "વિશાલ" અર્થમાં "धमञ्" પ્રત્યય થતાં તેમજ વૃદ્ધિ થતાં "द्वैधम्" શબ્દ પ્રાપ્ત થાય છે.

તેમજ "द्वि" શબ્દને "एधा" પ્રત્યય થતાં "अवर्णेवर्णस्य" (૭/૪/૬૮) સૂત્રથી इकारनो લોપ થતાં "द्वेधा" શબ્દ પ્રાપ્ત થાય છે.

"વાર" અર્થમાં વર્તમાન સંખ્યાવાચક पञ्चन् શબ્દથી વાર અર્થમાં "वारे कृत्वस्" (૭/૨/૧૦૯) સૂત્રથી "कृत्वस्" પ્રત્યય થતાં "पञ्चकृत्वः" શબ્દ પ્રાપ્ત થાય છે.

એ જ પ્રમાણે "द्वि" શબ્દથી "द्वि-त्रि-चतुरः..." (૭/૨/૧૧૦) સૂત્રથી ઉપર પ્રમાણેનાં અર્થમાં જ "सुच्" પ્રત્યય થતાં "द्विः" શબ્દ પ્રાપ્ત થાય છે.

"एक" શબ્દથી "एकात् सकृच्चास्य" (૭/૨/૧૧૧) સૂત્રથી વાર અર્થમાં જ "सुच्" પ્રત્યય થતાં અને "सकृत्" આદેશ થતાં "सकृत्" શબ્દ નિપાતન થાય છે. હવે આ ક્રિયાવિશેષણ થવાથી "क्रियाविशेषणात्" (૨/૨/૪૧) સૂત્રથી "अम्" થતાં તથા "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી "अम्નો લોપ થતાં તેમજ "पदस्य"થી "सुच्"નો લોપ થતાં "सकृत्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"बहु" શબ્દથી "बहोर्धासन्ने" (૭/૨/૧૧૨) સૂત્રથી આસન્ન એવાં "વાર" અર્થમાં "धा" પ્રત્યય થતાં "बहुधा" શબ્દ પ્રાપ્ત થાય છે. "बहुधा भुङ्क्ते"નો અર્થ "થોડા થોડા સમયને અંતરે ખાય છે" એવો થશે.

**( शन्या० )** प्राच्शब्दात् "दिक्शब्दाद् दिग्देशकालेषु प्रथमा-पञ्चमी-सप्तम्याः" [७.२.११३.] इति धाप्रत्ययः, तस्य "लुबञ्चेः" [७.२.१२३.] इति लुपि च **प्राक्** । दक्षिणाशब्दाद् दिगादिवृत्तेः प्रथमाद्यन्ताद् "दक्षिणोत्तराच्चातस्" [७.२.११७.] इति अतसि अवर्णलोपे च **दक्षिणतः** । एवमपरशब्दस्य "अधराऽपराच्चाऽऽत्" [७.२.११८.] इति आति प्रत्यये "पश्चोऽपरस्य दिक्पूर्वस्य चाति" [७.२.१२४.] इति पश्चादेशे च **पश्चात्** । पूर्वशब्दात् "पूर्वाऽवराऽधरेभ्योऽसस्तातौ पुरवधश्चैषाम्" [७.२.११५.] इत्यसि अस्ताति च पुरादेशे च **पुरः पुरस्तात्** । तथा ऊद्ध्र्वशब्दात् "ऊद्ध्र्वाद्रिरिष्टातावुपश्चास्य" [७.२.११४.] इति रौ रिष्टाति च उपादेव (उपादेशे) **उपरि, उपरिष्टात्** । दक्षिणा-शब्दाद् "वा दक्षिणात् प्रथमा-सप्तम्याः०" [७.२.११९.] इत्याप्रत्यये, दूरार्थाद् "आही दूरे" [७.२.१२०.] इत्याहिप्रत्यये च, अदूरार्थाद् "अदूरे एनः" [७.२.१२२.] इति एनप्रत्यये च **दक्षिणा, दक्षिणाहि, दक्षिणेन** । द्वितीयशब्दात् करोतिना योगे "तीयशम्बबीजात् कृगा कृषौ डाच्" [७.२.१३५.] इति डाचि अन्तलोपे च **द्वितीया करोति क्षेत्रम्** ।

**અનુવાદ :-** "प्राक्" શબ્દથી "दिक्शब्दाद् दिग्देश..." (૭/૨/૧૧૩) સૂત્રથી "धा" પ્રત્યય થતાં તેમજ "लुबञ्चेः" (૭/૨/૧૨૩) સૂત્રથી "धा"નો લોપ થતાં "प्राक्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"दक्षिणा" શબ્દથી (દિક્, દેશ અને કાળનાં સૂચક) "दक्षिणोत्तराच्चातस्" (૭/૨/૧૧૭) સૂત્રથી "अतस्" પ્રત્યય થાય છે અને अ વર્ણનો લોપ થતાં "दक्षिणतः" શબ્દ પ્રાપ્ત થાય છે.

એ જ પ્રમાણે "अपर" શબ્દને "अधराऽपराच्चाऽऽत्" (૭/૨/૧૧૮) સૂત્રથી "आत्" પ્રત્યય થતાં અને "पश्चोऽपरस्य दिक्पूर्वस्य..." (૭/૨/૧૨૪) સૂત્રથી "अपर"નો "पश्च" આદેશ થતાં "पश्चात्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"पूर्व" શબ્દથી "पूर्वाऽवराधरेभ्यो..." (૭/૨/૧૧૫) સૂત્રથી "अस्" અને "अस्तात्" પ્રત્યય થતાં તથા "पुर्" આદેશ થતાં "पुरः" અને "पुरस्तात्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"उद्धर्व" શબ્દથી "ऊर्ध्वाद्रिरिष्टाता..." (૭/૨/૧૧૪) સૂત્રથી "रि" અને "रिष्टात्" પ્રત્યય થતાં તથા કૌંસનાં પાઠ પ્રમાણે "उप" આદેશ થતાં "उपरि" અને "उपरिष्टात्" શબ્દો પ્રાપ્ત થાય છે.

"दक्षिणा" શબ્દથી "वा दक्षिणात्..." (૭/૨/૧૧૯) સૂત્રથી "आ" પ્રત્યય થતાં તથા દૂર અર્થવાળાં "दक्षिणा" શબ્દથી "आही दूरे" (૭/૨/૧૨૦) સૂત્રથી "आहि" પ્રત્યય થતાં તેમજ નજીક અર્થવાળાં "दक्षिणा" શબ્દથી "अदूरे एनः" (૭/૨/૧૨૨) સૂત્રથી "एन" પ્રત્યય થતાં અનુક્રમે "दक्षिणा", "दक्षिणाहि" અને "दक्षिणेन" શબ્દો પ્રાપ્ત થાય છે.

"द्वितीय" શબ્દથી "कृ" ધાતુનો યોગ હોય ત્યારે "तीयशम्बबीजात्..." (૭/૨/૧૩૫) સૂત્રથી "डाच्" પ્રત્યય થતાં અને અન્તનો લોપ થતાં "द्वितीया करोति क्षेत्रम्" શબ્દો પ્રાપ્ત થાય છે.

**(श०न्या०)** शुक्लशब्दात् "कृभ्वस्तिभ्यां कर्मकर्तृभ्यां प्रागतत्तत्त्वे च्विः" [७.२.१२६.] इति च्वौ "ईश्च्वाववर्णस्याऽनव्ययस्य" [४.३.१११.] इतीत्वे **शुक्लीकरोति** । अग्निशब्दाद् "जातेः सम्पदा च" [७.२.१३१.] इति साति **अग्निसात् संपद्यते** । देवशब्दाद् "देये त्रा च" [७.२.१३३.] इति त्राप्रत्यये **देवत्रा करोति** । बहुशब्दाद् "बह्वल्पार्थात् कारकादिष्टाऽनिष्टे प्शस्" [७.२.१५०.] इति प्शसि **बहुशः** । अत्र तस्वादयः शसन्ताः प्रत्यया दर्शिताः तदन्तानां चाव्ययत्वेऽव्ययकार्यं स्यादिलुबादिकं विज्ञेयम् ।

**અનુવાદ :-** "शुक्ल" શબ્દથી "कृभ्वस्तिभ्यां..." (૭/૨/૧૨૬) સૂત્રથી "च्वि" પ્રત્યય થતાં અને "ईश्च्वावर्णा..." (૪/૩/૧૧૧) સૂત્રથી "ई" થતાં "शुक्लीकरोति" શબ્દ પ્રાપ્ત થાય છે.

"अग्नि" શબ્દથી "जातेः सम्पदा च" (૭/૨/૧૩૧) સૂત્રથી "सात्" પ્રત્યય થતાં "अग्निसात् संपद्यते" શબ્દ પ્રાપ્ત થાય છે.

"देव" શબ્દથી "देये त्रा च" (૭/૨/૧૩૩) સૂત્રથી "त्रा" પ્રત્યય થતાં "देवत्रा करोति" શબ્દ પ્રાપ્ત થાય છે.

"बहु" શબ્દથી "बह्वल्पार्थात् कारकादिष्टाऽनिष्टे प्शस्" (૭/૨/૧૫૦) સૂત્રથી "प्शस्" પ્રત્યય થતાં "बहुशः" શબ્દ પ્રાપ્ત થાય છે.

અહીં "तसु"થી શરૂ કરીને "शस्" અંત સુધીનાં પ્રત્યયો બતાવ્યા છે અને તે પ્રત્યયાંતવાળાનું અવ્યયપણું થયે છતે સ્યાદિ લોપ વગેરે સ્વરૂપ અવ્યય કાર્ય જાણવા યોગ્ય છે.

**(श०न्या०)** तस्वादिषु धण् पर्युदस्तः, स किमर्थः ? इत्याह-**अधणिति किमिति** । **पथिद्वैधानि, संशयत्रैधानी**ति प्रयोगदर्शनेन प्रतिब्रूते, द्वौ प्रकारौ येषाम्, त्रयः प्रकारा येषामित्यर्थे द्वि-त्रिशब्दाभ्याम् "तद्वति धण्" [७.२.१०८.] इति धणि वृद्धौ च "द्वैध, त्रैध" इति; ततः पथो द्वैधानि, संशयस्य त्रैधानि "षष्ठ्ययत्नाच्छेषे" [३.१.७६.] इति समासे "ऐकार्थ्ये" [३.२.८.] इति षष्ठीलुपि पथिद्वैधानि, संशय-त्रैधानि । अत्र यद्यव्ययसंज्ञाऽभविष्यत् तदा

"अव्ययस्य" [३.२.७.] इति स्यादेर्लुप्, "तृप्तार्थपूरणा-व्यया०" [३.१.८५.] इति षष्ठीसमास-प्रतिषेधश्चाभविष्यताम् ॥३२॥

**અનુવાદ :-** "तसु" વગેરેમાં "धण्"નું વર્જન કર્યું છે તે કયા પ્રયોજનવાળું છે ? એ સંબંધમાં બૃહદ્‌વૃત્તિ ટીકામાં લખ્યું છે કે "अधण् इति किम् ?" "पथि द्वैधानि" તથા "संशयत्रैधानि" એ પ્રમાણે પ્રયોગ બતાવવા વડે કહે છે. સૌ પ્રથમ બે પ્રકાર જેઓનાં છે તથા ત્રણ પ્રકાર જેઓનાં છે એ અર્થમાં "द्वि" અને "त्रि" શબ્દથી "तद्वति०" (૭/૨/૧૦૮) સૂત્રથી ધણ્ તથા વૃદ્ધિ થતાં "द्वैध" અને "त्रैध" શબ્દ પ્રાપ્ત થાય છે. પછી માર્ગનાં બે પ્રકારો અને સંશયનાં ત્રણ પ્રકારો એ પ્રમાણે "षष्ठ्ययत्नाच्छेषे" (૩/૧/૭૬) સૂત્રથી સમાસ થતાં તેમજ "एकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી ષષ્ઠીનો લોપ થતાં "पथिद्वैधानि" અને "संशयत्रैधानि" શબ્દો પ્રાપ્ત થાય છે. અહીં જો અવ્યયસંજ્ઞા થઈ હોત તો "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી સ્યાદિનો લોપ થયો હોત અને "तृप्तार्थपूरणा..." (૩/૧/૮૫) સૂત્રથી ષષ્ઠી સમાસનો નિષેધ થયો હોત.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

**अधणित्यादि**-तस्वादयः प्रत्ययाः, ते च प्रकृत्यविनाभाविन इति तैः प्रकृतिरनुमीयते, तस्याश्चैते विशेषणत्वेनाऽऽश्रीयन्ते, ततः, "विशेषणमन्तः" [७.४.११३.] इति तदन्तविज्ञानं भवतीत्याह-**तदन्तमिति** । किञ्च प्रत्ययस्यैवाव्ययत्वे अर्जुनत इत्यादौ प्रत्ययमात्रादव्ययादर्थवत्त्वेन नामत्वे स्याद्युत्पत्तौ "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति वचनात् प्रत्ययमात्रस्यैव प्रकृतित्वेन तदन्तत्वे पूर्वस्य च "नाम सिद०" [१.१.३१.] इति पदत्वे "सपूर्वात् प्रथमान्ताद् वा" [२.१.३२.] इति विकल्पप्रसङ्गः, तस्मात् तदन्तः समुदाय एवाव्ययम्; न प्रत्ययमात्रमिति । **अर्जुनत** इति-अत्र सप्तम्येकवचनस्य लुप् ॥३२॥

**-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-**

ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયેલ છે.

**॥ द्वात्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

❋ ❋ ❋

## सूत्रम् - विभक्तिथमन्ततसाद्याभाः । १ । १ । ३३ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**विभक्त्यन्तप्रतिरूपकाः, थमवसाना ये तसादयः प्रत्ययास्तदन्तप्रतिरूपकाश्च शब्दा अव्ययसंज्ञा भवन्ति ।**

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

વિભક્તિ અન્તવાળા જેવું સ્વરૂપ જે જે શબ્દોનું છે, તે તે શબ્દોની અવ્યયસંજ્ઞા થાય છે તથા "तस्" પ્રત્યયથી શરૂ કરીને "थम्" પ્રત્યય સુધીના પ્રત્યયાન્તવાળા જે શબ્દો છે, એવા શબ્દો જેવા જ શબ્દો જોવા મળે તો તેઓની પણ અવ્યયસંજ્ઞા થાય છે.

**(त० प्र०) अहंयुः, शुभंयुः । अस्तिक्षीरा ब्राह्मणी । कुतः, यथा, तथा, कथमिति । अहम् १; शुभम्, कृतम्, पर्याप्तम् २; येन, तेन, चिरेण, अन्तरेण ३; ते, मे, चिराय, अह्नाय ४; चिरात्, अकस्मात् ५; चिरस्य, अन्योन्यस्य, मम ६; एकपदे, अग्रे, प्रगे, प्राह्णे, हेतौ, रात्रौ, वेलायाम्, मात्रायाम् ७। एते प्रथमादिविभक्त्यन्तप्रतिरूपकाः ।**

**અનુવાદ :-** સૌ પ્રથમ બૃહદ્વૃત્તિમાં રહેલા તમામ શબ્દોની વ્યુત્પત્તિ અથવા તો વિગ્રહ શબ્દમહાર્ણવ-ન્યાસમાં બતાવવામાં આવશે નહીં, આથી આ બૃહદ્વૃત્તિટીકામાં અમે આ અવ્યયોની વિશેષ વાતો જણાવીએ છીએ

સૌ પ્રથમ "अहंयुः" તથા "शुभंयुः" બંને શબ્દો જાણે કે પ્રથમા વિભક્તિ અન્ત જેવા ન હોય એવા જણાય છે. આ બંને શબ્દો "अहम्" તથા "शुभम्"ને "मतु" અર્થમાં તદ્ધિતનો "युस्" પ્રત્યય લાગતાં પ્રાપ્ત થાય છે. આમ તો "अहम्" તથા "शुभम्"ને "युस्" પ્રત્યય લાગે ત્યારે તદ્ધિતવૃત્તિ હોવાથી "अहम्" તથા "शुभम्"ની વિભક્તિનો લોપ થવાથી "मद्युः" તથા "शुभयुः" એ પ્રમાણે અનિષ્ટરૂપ પ્રાપ્ત થાત પરંતુ હવે વિભક્તિ જેવી આભા જેઓની છે એવા "अहं" અને "शुभं"ની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા પ્રાપ્ત થશે.

"अहंयुः" શબ્દ ઘમંડી, અહંકારી, સ્વાર્થી વગેરે અર્થમાં છે તથા "शुभंयुः" શબ્દ મંગલમય, ભાગ્યશાળી વગેરે અર્થમાં છે.

અહીં ખાસ વિશેષતા એ સમજવા યોગ્ય છે કે, "अहम्" તથા "शुभम्"ની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. કારણ કે "अहम्" અને "शुभम्" વિભક્તિ અન્ત જેવા દેખાતા શબ્દો છે, ત્યારબાદ તદ્ધિતનો "युस्" પ્રત્યય લાગતાં "अहंयुः" અને "शुभंयुः" શબ્દ પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ એવા "अहंमयुः" તથા "शुभंयुः" શબ્દ અવ્યયસંજ્ઞાવાળા થતા નથી. આ શબ્દોનું

તો વિશેષણ સ્વરૂપપણું થવાથી સાતેય વિભક્તિમાં ત્રણેય વચનોમાં રૂપો પ્રાપ્ત થાય છે. આ બાબતનો ખુલાસો અભિધાન ચિંતામણીના શ્લોક નં. ૪૩૩માં કરવામાં આવ્યો છે તથા આપ્ટેના શબ્દકોશનાં આ બંને શબ્દોને વિશેષણ સ્વરૂપે જ બતાવવામાં આવ્યા છે.

"अस्तिक्षीरा ब्राह्मणी" અહીં બહુવ્રીહિ સમાસ તરીકે अस्तिक्षीरा પદ છે. આ સમાસમાં "अस्ति" પદ "तिव्" પ્રત્યયાન્ત હોય એવું જણાય છે. માટે "अस्ति" અવ્યય સ્વરૂપે છે જેનો અર્થ વિદ્યમાન સ્વરૂપ થાય છે.

"कुतः" આ શબ્દ આમ તો (૭/૨/૮૯) સૂત્રથી "किम्" સર્વનામને "पित्" એવો "तस्" પ્રત્યય થઈને પ્રાપ્ત થાય છે તથા (૭/૨/૯૦) સૂત્રથી "किम्"નો "कु" આદેશ થાય છે અને તેમ થવાથી "कुतः" શબ્દ પ્રાપ્ત થાય છે. આથી તદ્ધિતવૃતિ થવાથી આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. કારણ કે આ સૂત્ર પ્રમાણે "तस्"થી શરૂ કરીને "थम्" પ્રત્યયાન્ત સુધીના શબ્દોની અવ્યયસંજ્ઞા થાય છે અર્થાત્ જાણે કે "तस्"થી શરૂ કરીને "थमन्त" સુધીના પ્રત્યયાન્ત જેવા શબ્દો ન હોય એવા જણાય છે. માટે અવ્યયસંજ્ઞા આ સૂત્રથી થશે.

અહીં એક પ્રશ્ન થશે કે, આ कुतः શબ્દની અવ્યયસંજ્ઞા તો अधणतस्वाद्या शसः (૧/૧/૩૨) સૂત્રથી પણ થઈ જ જતી હતી છતાં પણ આ સૂત્રથી ફરીથી અવ્યયસંજ્ઞા શા માટે કરવામાં આવી ? આના અનુસંધાનમાં એવું જણાય છે કે (૧/૧/૩૨) સૂત્રથી જે જે શબ્દોની અવ્યયસંજ્ઞા થશે તે તે શબ્દોના અર્થ જે અર્થવાળા પ્રત્યયો લાગ્યા હશે તે અર્થ પ્રમાણે થશે. હવે किम् સર્વનામને પંચમી અર્થમાં "तस्" પ્રત્યય લાગતો હોવાથી "कुतः"નો અર્થ 'ક્યાંથી' થશે. જ્યારે આ સૂત્રથી એના જેવા સ્વરૂપવાળા જ "कुतः" શબ્દની ફરીથી અવ્યયસંજ્ઞા કરી છે આથી તેનો અર્થ અગાઉના "कुतः" કરતાં અલગ થાય છે. તે અર્થ આ પ્રમાણે થાય છે : 'કેમ, કયાં કારણથી, કયાં પ્રયોજનથી તથા કેવી રીતે' અર્થો "कुतः" અવ્યયના થાય છે. દા.ત. "स्फुरति च बाहुः कुतः फलम् इहास्य ?" (હાથ ફરકે છે, આનું ફળ અહીં કેવી રીતે ?) જો (૧/૧/૩૨) સૂત્રથી "कुतः"ની અવ્યયસંજ્ઞા થઈ હોત તો 'કેમ, કયાં કારણથી' વગેરે અર્થો પ્રાપ્ત થાત નહીં.

હવે "यथा" તેમજ "तथा" અવ્યય સંબંધી જણાવાય છે : (૧/૧/૩૨) સૂત્ર પ્રમાણે આ બંનેય શબ્દોની અવ્યયસંજ્ઞા થઈ છે. તેનો અર્થ 'જે પ્રકારે' તથા 'તે પ્રકારે' થશે. જ્યારે આ સૂત્રથી આ બંને શબ્દો જાણે કે "था" પ્રત્યય અન્તવાળા ન હોય એવા જણાય છે. માટે આ સૂત્રથી તેની અવ્યયસંજ્ઞા થાય છે. तथा અવ્યયનો 'વધારે પણ, આ પ્રકારથી પણ, તો પણ, ફરીથી પણ' વગેરે અર્થો થાય છે. દા.ત. "प्रथितम् दुष्यन्तस्य चरितं तथापीदम् न लक्षये" (દુષ્યન્તનું આચરણ પ્રસિદ્ધ છે, તો પણ હું તેને ધ્યાનમાં લેતો નથી.)

આ સૂત્રથી "यथा" અવ્યયની જે અવ્યયસંજ્ઞા થઈ છે તેનો અર્થ નીચે પ્રમાણે છે :

જેમ કે દા.ત. यत्र यत्र धूमः तत्र तत्र वह्निः यथा महानसम् આ ઉદાહરણમાં यथा અવ્યય દષ્ટાન્ત માટે આવ્યો છે. આથી यथा અવ્યયનો 'જેમ કે' અર્થ થયો છે. यथा અવ્યય તુલનાને તથા *સમાનતાને* જણાવનાર છે. દા.ત. आसीदियं दशरथस्य गृहे यथा श्रीः (આણી દશરથના ઘરમાં લક્ષ્મીની જેમ રહી.)

"આના માટે" અર્થ પણ यथा અવ્યયનો થાય છે. દા.ત. "दर्शय चौरसिंहम् यथा व्यापादयामि" તે ચોર સ્વરૂપ સિંહને બતાવ, આના માટે (કોઈક નુકશાન કર્યું હશે તે બતાવીને,) હું તેને મારી નાંખું.

"कथम्" (૧/૧/૩૨) સૂત્રથી "कथम्" અવ્યયનો 'કયાં પ્રકારે' અર્થ થાય છે, જયારે આ સૂત્રથી જે "कथम्" અવ્યય થયો છે, તેનો આશ્ચર્ય સ્વરૂપ અર્થ થાય છે. દા.ત. "कथम् माम् एव उद्दिशति" (અરે ! મને જ તે કથન કરે છે અથવા તો જણાવે છે.) અમે અહીં બે જ અર્થો જણાવ્યા છે, પરંતુ બીજા પણ ઘણાં અર્થો થાય છે. એ જ પ્રમાણે "कुतः" "यथा" વગેરેના પણ અનેક અર્થો વિચારી લેવા.

હવે પ્રથમા વગેરે વિભક્તિ અન્ત જેવા શબ્દોની અવ્યયસંજ્ઞા થાય છે તેના ઉદાહરણો બતાવવામાં આવે છે.

*સૌ પ્રથમ પ્રથમા વિભક્તિ અન્તવાળા "अहम्"ની અવ્યયસંજ્ઞા થાય છે. આ "अहम्"* અવ્યયનો અહંકાર અર્થ થાય છે.

હવે દ્વિતીયા વિભક્તિ અન્ત જેવું સ્વરૂપ છે જેઓનું તેવા શબ્દોની અવ્યયસંજ્ઞાના ઉદાહરણો બતાવે છે.

"शुभम्" અવ્યયનો કલ્યાણ અથવા તો મંગલ અર્થ થાય છે.

"कृतम्" અવ્યયનો પર્યાપ્ત અર્થ થાય છે અથવા તો અધિક નહીં અથવા તો બસ કરો અથવા તો કરણની સાથે નિષેધ અર્થ થશે. દા.ત. कृतम् सन्देहेन (શંકા કરવાથી સર્યું અર્થાત્ શંકા ન કરો.)

"पर्याप्तम्" અભિધાન ચિંતામણીમાં "म्" અન્તવાળા "पर्याप्तम्"ને અવ્યય કહ્યો છે. જેનો અર્થ સ્વેચ્છાપૂર્વક થાય છે. જે ક્રિયાવિશેષણ સ્વરૂપ છે. તથા શબ્દકલ્પદ્રુમ ગ્રન્થમાં શ્રીધરસ્વામી पर्याप्तम् અવ્યયનો समर्थम् અર્થ કરે છે.

હવે તૃતીયા વિભક્તિ અન્ત જેવું સ્વરૂપ છે જેઓનું તેવા येन, तेन વગેરે અવ્યયો છે.

સૌપ્રથમ येन અવ્યયનો અર્થ આ પ્રમાણે છે - 'જેનાથી, જે કારણથી, જેથી'. દા.ત. दर्शय तम् "चौरसिंहम् येन व्यापादयामि" (તે ચોરસિંહને તું મને બતાવ જેથી હું તેને મારી નાંખું.) આ અવ્યય ઘણું કરીને ક્રિયાવિશેષણ સ્વરૂપ અર્થમાં આવે છે.

અભિધાન ચિંતામણી પ્રમાણે येन અવ્યયનો અર્થ 'જેથી' થાય છે. દા.ત. येन दाता तेन श्लाघ्यः (જેથી આપનાર છે, તેથી વખાણવા યોગ્ય છે.)

तेन અવ્યયના येन પ્રમાણે જ અર્થ થશે. જેમ કે તેનાથી, તે કારણથી વગેરે.

चिरेण અવ્યયનો અર્થ દીર્ઘકાળ થાય છે. "न चिरेण पर्वते वसेत्" (દીર્ઘકાળ સુધી પર્વતમાં વસવું જોઈએ નહીં.) "कियत् चिरेण आर्यपुत्रः प्रतिपत्तिम् दास्यति ?" (કેટલા લાંબા સમય સુધી આર્યપુત્ર આદરને આપશે ?) આગળ જતાં चिराय, चिरात् તથા चिरस्य અવ્યયો આવશે એ બધાનો જ અર્થ દીર્ઘકાળ થશે. દા.ત. "चिराय निर्धनो भूत्वा" (લાંબા સમયથી ધન વગરનો થઈને) તથા चिरात् दृष्टोऽसि (તું દીર્ઘકાળ સુધી જોવાયો છે.) "चिरस्य धनलब्धा असि" (તું દીર્ઘકાળથી ધનને પ્રાપ્ત કરેલી છે.)

"अन्तरेण" અવ્યયનો અર્થ બતાવે છે - अन्तरेण અવ્યય વિના અર્થમાં આવે છે. દા.ત. "त्वाम् अन्तरेण नहि संप्रति कश्चिदीशः ।" તારા વિના વર્તમાનમાં બીજો કોઈ સ્વામી નથી.

હવે ચતુર્થી, વિભક્તિ અન્ત જેવી આભા જેની છે, એવા અવ્યયો બતાવે છે -

"तुभ्यम्" તથા "तव"નો "ते" સ્વરૂપ અન્વાદેશ થાય છે. આ અન્વાદેશ અવ્યય સ્વરૂપે છે. તેમાં કોઈ વિભક્તિ રહેતી નથી, તેનો અર્થ તને અથવા તો તારો થાય છે. એ જ પ્રમાણે "मह्यम्" તથા "मम"નો "मे" સ્વરૂપ અન્વાદેશ થાય છે. આ અન્વાદેશ અવ્યય સ્વરૂપે છે. તેમાં કોઈ વિભક્તિ રહેતી નથી, તેનો અર્થ મને અથવા તો મારો થાય છે.

"चिराय" અવ્યયનો અર્થ ઉપર આવી ગયો છે.

"अह्नाय" અવ્યય શીઘ્ર અર્થમાં છે. રઘુવંશકાવ્યમાં આ અંગેનું એક ઉદાહરણ આવે છે - अह्नाय तावत् अरूणेन तमो निरस्तं (સૂર્યનાં સારથિ વડે તરત જ અંધકાર દૂર કરાયો.)

હવે પંચમી વિભક્તિ જેવી આભા જેની છે એવા અવ્યયોના અર્થ બતાવે છે -

"चिरात्" અવ્યયનો અર્થ અમે ઉપર જણાવી ગયા છીએ.

"अकस्मात्" અવ્યયનો અચાનક અર્થ થાય છે. દા.ત. अकस्मात् आगन्तुना सह विश्वासो न युक्तः । (અચાનક આવનારની સાથે વિશ્વાસ યોગ્ય નથી.)

હવે ષષ્ઠી વિભક્તિ જેવી આભા જેની છે એવા અવ્યયોનો અર્થ બતાવે છે -

"चिरस्य" અવ્યયનો અર્થ ઉપર આવી ગયો છે.

"अन्योऽन्यस्य" અવ્યયનો પરસ્પર અર્થ થાય છે.

"मम" અવ્યય મારું અથવા મારા અર્થમાં વિદ્યમાન છે.

હવે સપ્તમી વિભક્તિ જેવી આભા જેની છે એવા શબ્દોના અર્થ બતાવે છે -

"एकपदे" અવ્યયનો અચાનક અર્થ થાય છે. દા.ત. निहन्ति अरीन् एकपदे यः (જે શત્રુઓને અચાનક હણે છે.) दानम् एकपदे यशः (અચાનક દાન એ યશ સ્વરૂપ છે.)

"अग्रे" અવ્યયની સામે અથવા "પ્રથમ" અથવા તો ની ઉપસ્થિતિમાં, અર્થમાં આવે છે. દા.ત. एवमग्रे वक्ष्यते (આ પ્રમાણે પછી કહેવાશે.) અહીં "अग्रे" અવ્યય પછી અર્થમાં આવ્યો છે.

"प्रगे" અવ્યયનો "પો ફાટતાં જ" અર્થ થાય છે.

"प्राह्णे" અવ્યયનો અર્થ પ્રાતઃકાળ અથવા સવારનો સમય છે.

"हेतौ" અવ્યયનો અર્થ, કારણ અને નિમિત્ત થાય છે.

"रात्रौ" અવ્યયનો અર્થ રાત્રિ થાય છે. શબ્દકલ્પદ્રુમમાં "रात्रौ"નો અર્થ નિશા લખેલ છે. આ અર્થ અમરટીકામાં ભરત માને છે.

"वेलायाम्" અવ્યયનો અર્થ "સમયમાં" થાય છે. દા. ત. वेलायाम् धर्मम् कुरु । (તું સમયે ધર્મ કર.)

"मात्रायाम्" અલ્પ અર્થમાં આવે છે. मात्रायाम् औषधम् स्वाद । (તું ઔષધને માત્રામાં ખા.)

આ બધા અવ્યયો પ્રથમા વગેરે વિભક્તિ અન્તવાળા શબ્દો જેવા જ અવ્યયો છે અર્થાત્ વિભક્તિ અન્તવાળા શબ્દોનું જેવું સ્વરૂપ છે, તેના જેવા જ આ બધા શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. જેમ સંસારમાં અસલ વસ્તુ હોય એની નકલ કરીને બીજી કોઈક વ્યક્તિ અસલ જેવી નકલી વસ્તુ બનાવે ત્યારે નકલી વસ્તુ અસલ જેવી જ છે એવું કહેવાય છે. એ જ પ્રમાણે અહીં પણ અસલ વિભક્તિઅન્ત જેવા જ આ નકલી શબ્દો અવ્યય સ્વરૂપે છે.

**( त० प्र० ) अस्ति, नास्ति, असि, अस्मि, विद्यते, भवति, एहि, ब्रूहि, मन्ये, शङ्के, अस्तु, भवतु, पूर्यते, स्यात्, आस, आह, वर्त्तते, नवर्त्तते, याति, नयाति, पश्य, पश्यत, आदह, आदङ्क, आतङ्क इति तिवादिविभक्त्यन्तप्रतिरूपकाः ॥३३॥**

**અનુવાદ** :- હવે तिवादि વિભક્તિ અન્તવાળા અવ્યયો બતાવે છે -

"अस्ति" અવ્યય વિદ્યમાન અર્થમાં છે. જેમ કે अस्तिक्षीरा गौः (વિદ્યમાન દૂધવાળી ગાય.) તથા "આથી આમ છે કે" અર્થમાં પણ "अस्ति" અવ્યય આવે છે. દા.ત. अस्ति सिंहः प्रतिवसति स्म આથી આમ છે કે સિંહ રહેતો હતો.

"नास्ति" અવ્યય અવિદ્યમાન અર્થમાં આવે છે. દા.ત. नास्तिक्षीरा गौः (દૂધ વગરની ગાય.)

"असि" અવ્યયનો અર્થ હું થાય છે. "अस्मि"નો જે અર્થ છે એ જ "असि"નો અર્થ છે.

"अस्मि" અવ્યય अहम् અથવા તો હું અર્થમાં છે. દા. ત. अस्मि त्वाम् वच्मि (હું તમને કહું છું.)

"विद्यते" અવ્યય સત્તા અર્થમાં છે તથા "भवति" અવ્યય હોવું અર્થમાં છે તેમજ "एहि" અવ્યય આવો અર્થમાં છે. "ब्रूहि" અવ્યય બોલો અર્થમાં છે.

"मन्ये" અવ્યય "એવી સંભાવના" અર્થમાં છે. દા.ત "मन्ये एवम् भवेत्" (સંભાવના છે કે એ પ્રમાણે થાય.)

"शङ्के" અવ્યય સંભાવના અર્થમાં છે. ઉત્કટકોટિનો સંશય હોય ત્યારે (એક ટકા જેટલી ન હોવાની શક્યતા હોય અને નવ્વાણું ટકા જેટલી હોવાની શક્યતા હોય ત્યારે) "शङ्के" અવ્યયનો પ્રયોગ થાય છે. દા. ત. शङ्के देवदत्तः अत्र अस्ति (માનો કે ન માનો અહીં દેવદત્ત છે જ.)

"अस्तु" અવ્યય ઇચ્છા અર્થમાં છે. દા.ત. अस्तु मम धनम् (મને ધન હોય.) भवतु चलामि। (સારું ! હું ચાલુ છું.) અહીં भवतु અવ્યય "સારું" અર્થમાં છે.

"पूर्यते" અવ્યય નિષેધ અર્થમાં અર્થાત્ રોકવું અર્થમાં છે. દા.ત. "पूर्यते प्राणायामेन" (પ્રાણાયામ વડે સર્યું.)

"स्यात्" અવ્યય સંભાવના અર્થમાં છે. આવું થઈ શકે છે વગેરે અર્થમાં પણ "स्यात्" અવ્યય છે. દા.ત. स्यात् एवम् એ પ્રમાણે ભલે થાય. અહીં આવું થઈ શકે છે એવા અર્થમાં "स्यात्" અવ્યય આવ્યો છે.

"आस" અવ્યય ઇતિહાસની ભૂતકાળ સંબંધી ઘટનાનો સૂચક છે તથા "आह" અવ્યય કઠોરતા, કહેવું, આજ્ઞા તથા મોકલવા વગેરે અર્થોમાં છે તથા "वर्तते" અવ્યય વિદ્યમાન અર્થમાં છે.

"नवर्तते" અવ્યય અવિદ્યમાન અર્થમાં છે તથા याति અવ્યય "તે જાય છે" અર્થમાં છે તેમજ "नयाति" અવ્યય "તે જતો નથી" અર્થમાં છે. "पश्य" અવ્યય તું જુવે છે તેવા અર્થમાં છે તેમજ "पश्यत" અવ્યય તમે જુઓ છો તેવા અર્થમાં છે.

आदह અવ્યય હિંસા, ઉપક્રમ (પ્રારંભ) તથા નિંદા અર્થમાં છે. દા.ત. अरीन् आदह (તે શત્રુઓને મારે છે.)

નિંદા અર્થનું ઉદાહરણ આ પ્રમાણે છે - કોઈ કહે કે, આ કાર્ય હું કરું ? હવે આ કામ (કાર્ય) બહુ અઘરું હોય ત્યારે સામેવાળી વ્યક્તિ બીજી વ્યક્તિની નિંદા કરવાના અભિપ્રાયથી કહે છે -

कुरु आदह यदि करिष्यसि । (તમે કરો જો કરી શકશો તો.) અહીં કાર્ય કરવાની યોગ્યતા ન હોવાથી નિંદા અર્થમાં આ પ્રમાણે બોલે છે.

आदङ्क તથા आतङ्क બંને અવ્યય એક જ અર્થવાળા છે. આ બંને અવ્યયનો અર્થ નિંદા વિનાશ અને પ્રતિગ્રહ (ગ્રહણ કરવા સ્વરૂપ) છે.

ઉપર જણાવેલા તમામ અવ્યયો तिवादि વિભક્તિઅન્તવાળા શબ્દો જેવા જ છે.

## -: શબ્દમહાર્ણવન્યાસ :-

**श० न्या०-विभक्ती**त्यादि-तस् आदिर्येषां ते तसादयः, थम् अन्ते येषां ते थमन्ताः, थमन्ताश्च ते तसादयश्चेत्यत्र बहुव्रीहिगर्भः कर्मधारयः, तदनु विभक्तयश्च थमन्त-तसादयश्चेति द्वन्द्वः, ततश्चाभा-शब्देनोष्ट्रमुखादित्वात् बहुव्रीहिः, तदन्तविधिरत्र पूर्ववत् ।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

तस् આદિમાં છે જેઓને તે तसादयः થાય છે. અહીં तसादयः એ બહુવ્રીહિ સમાસ થશે. તથા थम् અન્તમાં છે જેઓને એ પ્રમાણે थमन्ताः પણ બહુવ્રીહિ સમાસ થશે. थमन्ताः च ते तसादयश्च એમ કર્મધારય સમાસ થતાં थमन्ततसादयः શબ્દ પ્રાપ્ત થાય છે. આમ બહુવ્રીહિ જેનાં ગર્ભમાં છે એવો કર્મધારય સમાસ છે.

હવે "विभक्ति" અને "थमन्त तसादयः"નો દ્વન્દ્વ સમાસ થતાં "विभक्तिथमन्ततसादयः" સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે. ત્યારબાદ "आभा" શબ્દની સાથે "उष्ट्रमुखादयः" (૩/૧/૨૩) સૂત્રથી બહુવ્રીહિ સમાસ થતાં "विभक्तिथमन्ततसादिआभाः" સ્વરૂપ સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે. વિભક્તિ વગેરે તમામ પ્રત્યયો હોવાથી આગળનાં સૂત્રની જેમ જ પ્રત્યયાંતવાળા શબ્દો અવ્યય તરીકે જાણવા.

**(श०न्या०)** "स्त्यादिर्विभक्तिः" [१.१.१९.] इति वचनादुभयी विभक्तिः-स्यादिः-त्यादिश्च, अतस्तदन्तप्रतिरूपकं क्रमेण दर्शयति-**अहंयुरि**त्यादि-अहमस्यास्ति, शुभमस्यास्ति "ऊर्णाऽहं-शुभमो युस्" [७.२.१७.] इति युसि **अहंयुः, शुभंयुः** । यदीदं विभक्तिप्रतिरूपकं नाभविष्यदव्ययं तदा विभक्त्यन्तरानुत्पत्तौ सत्यैकार्थ्ये पूर्वविभक्तेर्लुपि अहं पुत्रोऽस्य 'मत्पुत्रः' इत्यादिवद् वैरूप्यमापत्स्यत ।

**અનુવાદ :-** (૧/૧/૧૯) સૂત્ર પ્રમાણે "विभक्ति" શબ્દથી "सि" વગેરે અને "ति" વગેરે બંને વિભક્તિનો બોધ કરવો. આથી જ હવે "सि" વગેરે અને "ति" વગેરે પ્રત્યયાંત જેવાં

શબ્દો અનુક્રમે બતાવે છે - "अहंयुः" વગેરે શબ્દો સિ વગેરે વિભક્તિ અંતવાળા જેવાં હોવાથી આ સૂત્રથી અવ્યયસંજ્ઞાવાળા થાય છે. अहम् (હું પણું) જેને છે તથા કલ્યાણ જેને છે, એ અર્થમાં "ऊर्णाऽहं-शुभमो युस्" (૭/૨/૧૭) સૂત્રથી "युस्" પ્રત્યય થતાં "अहंयुः" અને "शुभंयुः" શબ્દો પ્રાપ્ત થાય છે.

હવે "अहम्" શબ્દને આ સૂત્રથી અવ્યયસંજ્ઞા ન થઈ હોત તો "अहम् + युस्" આ પરિસ્થિતિમાં તદ્ધિતવૃત્તિ થવાથી (अहम्ને બીજી કોઈ વિભક્તિની ઉત્પત્તિ ન થતાં) "ऐकार्थ्ये" સૂત્રથી પૂર્વની "सि" વિભક્તિનો લોપ થતાં "अस्मद् + युस्" આ અવસ્થામાં "त्वमौ प्रत्ययोत्तरपदे..." (૨/૧/૧૧) સૂત્રથી "अस्मद्"નો "मद्" આદેશ થવા દ્વારા "मद्युः" એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત. જેમ अहं पुत्रः अस्य આ અર્થમાં બહુવ્રીહિ સમાસ થતાં "मत्पुत्रः" (अहम्ની વિભક્તિનો લોપ થવા દ્વારા) સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે તે જ પ્રમાણે અહીં "मद्युः" રૂપ પ્રાપ્ત થાત.

**( श०न्या० )** एवम् '**अस्तिक्षीरा ब्राह्मणी**' इत्यत्रास्तिशब्दस्य त्यादिविभक्त्यन्तप्रतिरूपकाव्ययत्वाभावे नामत्वाभावात् समासाभावे आब् न स्यात् ।

**અનુવાદ :-** એ જ પ્રમાણે વિદ્યમાન દૂધવાળી બ્રાહ્મણી આ બહુવ્રીહિ સમાસમાં જો "अस्ति" શબ્દને ति વગેરે વિભક્તિ અંત જેવો અવ્યય ન માન્યો હોત તો નામસંજ્ઞાનો અભાવ થાત અને નામસંજ્ઞાનો અભાવ થતાં સમાસનો અભાવ થાત તથા સમાસનો અભાવ થયે છતે "आप्" થાત નહિ.

**( श०न्या० )** **कृतमि**(कुत इ)त्यादयस्तसादिप्रतिनिभाः । **अहमि**ति प्रथमैकवचनान्तप्रतिरूपकम् । **शुभमा**दयस्त्रयो द्वितीयान्तप्रतिरूपकाः । **येने**त्यादयश्चत्वारस्तृतीयान्तसदृशाः । **ते**प्रभृतयश्चत्वारश्चतुर्थ्यन्तप्रतिरूपकाः । **चिरादकस्मादि**त्येतौ पञ्चम्यन्ततुल्यौ । **चिरस्या**दयस्त्रयः षष्ठ्यन्तनिभाः । शेषा अष्टौ सप्तम्यन्ताकृतयः । न च वाच्यमेते स्वार्थे प्रथमादिविभक्त्यन्ता एव, 'अहंयुः, अर्थे(अग्रे)कृत्य' इत्यादौ "ऐकार्थ्ये" [३.२.८.] इति विभक्तिलोपे तदन्तश्रवणाप्रसङ्गादित्याह-**एत** इत्यादि । अस्त्यादीनां च तिवादिप्रतिरूपकत्वे प्रयोजनमुक्तमेव ॥३३॥

**અનુવાદ :-** અહીં કૌંસનો પાઠ સંગત જણાય છે. "कुतः" વગેરે "तस्" વગેરે પ્રત્યયાંતવાળા જેવાં શબ્દો આ સૂત્રથી અવ્યયસંજ્ઞાવાળા થાય છે. "अहम्" એ પ્રમાણે પ્રથમા વિભક્તિ એકવચન અંત જેવો અવ્યય થાય છે. શુભમ્ વગેરે ત્રણ શબ્દો (पर्याप्तम् સુધી) દ્વિતીયા વિભક્તિ એકવચન અંત જેવાં અવ્યયો થાય છે. "येन" વગેરે ચાર શબ્દો (अन्तरेण સુધી) તૃતીયા વિભક્તિ એકવચન અંત જેવાં અવ્યયો થાય છે. તે વગેરે ચાર શબ્દો ચતુર્થી અંત જેવા (अह्नाय સુધી) અવ્યયો થાય

છે. "चिरात्" અને "अकस्माद्" આ બંને શબ્દો પંચમી વિભક્તિ એકવચન અંત જેવાં અવ્યયો થાય છે. "चिरस्य" વગેરે ત્રણ શબ્દો (मम સુધી) ષષ્ઠી વિભક્તિ એકવચન અંત જેવાં અવ્યયો થાય છે. एकपदेથી શરૂ કરીને मात्रायाम् સુધીનાં આઠ શબ્દો સપ્તમી વિભક્તિ એકવચન અંત જેવાં અવ્યયો થાય છે.

"अहम्" વગેરે શબ્દો હું વગેરે અર્થમાં પ્રથમા વગેરે વિભક્તિ અંતવાળા જ છે, એવું કહેવું નહીં. अहंयुः તથા अग्रेकृत्य વગેરે પ્રયોગોમાં વિભક્તિનો લોપ "ऐकार्थ्ये" (૩/૨/૮) સૂત્રથી જણાતો નથી. જો આ બધાને વિભક્તિ અંત જેવાં ગણીને અવ્યયસંજ્ઞા ન માનીએ તો "अहंयुः", "अग्रेकृत्य" વગેરેમાં વિભક્તિનો લોપ થયે છતે मद्युः, "अग्रकृत्य" વગેરે શબ્દો સંભળાત. પરંતુ વિભક્તિ અંતવાળા જેવાંની અવ્યયસંજ્ઞા થવાથી હવે અવ્યયને નવી વિભક્તિ આવી અને "ऐकार्थ्ये" સૂત્રથી લોપ થશે. અહીં "अहम्" વગેરે પ્રકૃતિ બની, આથી કોઈ પણ જાતનાં ફેરફાર વિનાની જ રહેશે. આથી જ બૃહદ્વૃત્તિ ટીકામાં લખ્યું છે કે, "अहम्" વગેરે પ્રથમા વગેરે વિભક્તિ અંત જેવાં અવ્યયસંજ્ઞાવાળા થાય છે તથા "अस्ति" વગેરે જે तिवादि અંતવાળા છે તે શબ્દોને પણ तिवादि અંતવાળા જેવાં માનીને જ આ સૂત્રથી અવ્યયસંજ્ઞા કરી છે. તેનું પ્રયોજન કહેવાઈ જ ગયું છે.

અહીં અમારી કેટલીક વિચારણાઓ જણાવીએ છીએ : (૧/૧/૩૨) સૂત્રથી "पित् तस्" વગેરે પ્રત્યયાંતવાળાની અવ્યયસંજ્ઞા થઈ જ જતી હતી, છતાં આ સૂત્રમાં ફરીથી तस् વગેરે પ્રત્યયાંતવાળાની અવ્યયસંજ્ઞા શા માટે કરી ? આનાં અનુસંધાનમાં આ સૂત્રથી कुतः વગેરે શબ્દોની જે અવ્યયસંજ્ઞા થશે તે "पित्तस्" વગેરે સ્વરૂપ तद्धित પ્રત્યયાંતવાળા શબ્દો ગણાશે નહિ. પરંતુ માત્ર અવ્યુત્પન્ન નામ જ ગણાશે. આથી तद्धित અંત માનીને જે અર્થ થતાં હશે, તે અર્થો આ અવ્યયનાં થશે નહીં તથા આ અવ્યયો तद्धित પ્રત્યયાંતવાળા છે એવું માનીને તે તે સૂત્રો સંબંધી કાર્યો પણ નહિ થાય. દા.ત. यथाऽथा (૩/૧/૪૧) સૂત્રથી "यथा" અવ્યય અવ્યુત્પન્ન હશે તો જ સમાસ થશે. એટલે કે એ સૂત્રથી "यथा देवदत्तः तथा यज्ञदत्तः" અહીં સાદશ્ય અર્થ હોવાથી (૩/૧/૪૧) સૂત્રથી સમાસ થશે નહીં. આથી સાદશ્ય અર્થમાં હવે "यथा" અવ્યય આવશે તો (૩/૧/૪૦) સૂત્રથી પણ સમાસ થશે નહિ. અહીં વિભક્તિ અન્ત જેવી આભાવાળા तथा तस् વગેરે પ્રત્યયાન્ત જેવી આભાવાળા અવ્યયોના અર્થો તદ્ધિતાન્ત જેવા નથી થતાં. માટે જ અમે બૃહદ્વૃત્તિટીકાના ભાષાંતરમાં અલગ અલગ અર્થો આપ્યા છે.

**-: न्याससारसमुद्धार :-**

**न्या० स०**-**विभक्ती**त्यादि-**आदङ्क्के**ति-अत्र "तकु कृच्छ्रजीवने" इत्यस्य स्थाने दकुरिति पठन्ति ॥३३॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

કષ્ટપૂર્વક જીવવું અર્થવાળો "तकु" ધાતુ પહેલા ગણનો છે અને આ तकु નાં સ્થાનમાં "दकु" કહેવાયો છે. આથી "आदङ्क" અવ્યય પણ થાય છે.

॥ त्रयस्त्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

# सूत्रम् - वत्तस्याम् । १ । १ । ३४ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**वत्-तस्याम्प्रत्ययान्तः शब्दोऽव्ययसंज्ञो भवति । वत्-तसिसाहचर्याद् 'आम्' इति तद्धितस्य "किंत्याद्येऽव्यय०" [ ७.३.८. ] इत्यादिना विहितस्यामो ग्रहणम् ।**

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

"वत्", "तसि" અને "आम्" પ્રત્યયાન્તવાળા શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. "वत्" અને "तसि"નાં સાહચર્યથી "किंत्याद्येऽव्यय..." (૭/૩/૮) વગેરે સૂત્ર વડે વિધાન કરેલ તદ્ધિત સંબંધી "आम्"નું જ ગ્રહણ કરવું.

**( त० प्र० ) मुनेरर्हं मुनिवद् वृत्तम्, "तस्यार्हे क्रियायां वत्" [ ७.१.५१. ] इति वत् । क्षत्रिया इव क्षत्रियवद् युद्ध्यन्ते, "स्यादेरिवे" [ ७.१.५२. ] इति वत् । पीलु-मूलेनैकदिक्-पीलुमूलतो विद्योतते विद्युत्, "तसिः" [ ६.३.२११. ] इति तसिः । उरसैकदिक्-उरस्तः, "यश्चोरसः" [ ६.३.२१२. ] इति तसिः । आम्-उच्चैस्तराम् । उच्चैस्तमाम् ॥३४॥**

**અનુવાદ :-** તેને યોગ્ય એવી ક્રિયા હોતે છતે ષષ્ઠી અંત નામને "वत्" પ્રત્યય "तस्यार्हे क्रियायां वत्" (૭/૧/૫૧) સૂત્રથી થાય છે. આથી "मुनिवद् वृत्तम्"નો અર્થ "મુનિને યોગ્ય એવું આચરણ" થાય છે. "सि" વગેરે વિભક્તિ અંતવાળાં શબ્દથી સાદશ્યવાળી ક્રિયા અર્થ હોતે છતે "वत्" પ્રત્યય થાય છે. ("स्यादेरिवे" (૭/૧/૫૨) સૂત્રથી) क्षत्रियवत् युद्ध्यन्ते=ક્ષત્રિયની જેમ તેઓ યુદ્ધ કરે છે. સમાન દિશા અર્થમાં તૃતીયાન્ત નામથી પર तसिः

(૬/૩/૨૧૧) સૂત્રથી तसि (तस्) પ્રત્યય થાય છે તથા તૃતીયાન્તવાળા એવા उरस् શબ્દથી ૫૨ સમાન દિશા અર્થમાં यश्चोरसः (૬/૩/૨૧૨) સૂત્રથી "य" તેમજ "तसि" પ્રત્યય થાય છે. આથી पीलुमूलेन एक-दिक् આ અર્થમાં तस् પ્રત્યય થતાં पीलुमूलतः શબ્દની પ્રાપ્તિ થાય છે. पीलुमूलतः विद्योतते विद्युत् (પીલુમૂલની (આ એક રાજસ્થાનમાં થતાં વૃક્ષનું નામ છે.) સમાનદિશામાં વીજળી પ્રકાશે છે.)

उरसा एकदिक् इति उरस्तः (છાતીની સાથે સમાન દિશામાં) તથા आम् પ્રત્યયાન્ત-વાળા उच्चैस्तराम् તેમજ उच्चैस्तमाम् આ બંને શબ્દોના (અવ્યયોના) અર્થ અત્યન્ત ઊંચું થાય છે.

## -: શબ્દમહાર્ણવન્યાસ :-

**वत्-तस्याम**िति-त्रिपदः समाहारो द्वन्द्वः, तदन्तविधिः पूर्ववत्। 'आम्' इति षष्ठीबहुवचनस्य तद्धितस्य परोक्षास्थाननिष्पन्नस्य चाविशेषात् त्रयाणां ग्रहणं प्राप्नोति, द्वयोरेव चेष्यते, अतिव्याप्त्युपहतत्वादलक्षणमेतद् इत्याह-**वत्तसी**त्यादि। अयमर्थः-वत्-तसी अविभक्ती, तत्साहचर्यादामोऽप्यविभक्तेरेव ग्रहणम्, 'दरिद्राञ्चकृवद्भिः' इत्यत्र क्वसुस्थाननिष्पन्नस्य पचतितरामित्यस्य च ग्रहणं भवति, तावेव हि तयोर्वत्-तस्योरविभक्तित्वेन हितौ अत आह-**तद्धितस्ये**त्यादिरूपापेक्षया त्वेकवचनम्, अत एव "किंत्याद्येऽव्यय०" [७.३.८.] ('इत्यादिना') इत्यत्रादिशब्द आम्-विधायकसूत्रपरिग्रहार्थ उक्तः। दरिद्राञ्चकृवद्भिरित्यत्रामोऽव्ययत्वेऽपि कुत्सितादौ "अव्ययस्य को द् च" [७.३.३१.] इति अग् न भवति, अपरिसमाप्तार्थत्वाद् आमन्तस्य कुत्सितादिभिर्योगाभावादिति। अथवाऽऽमेव य आम्, स एवान्यत्र गृह्यते, षष्ठीबहुवचनं तु मनसामित्याम् च मुनीनामिति नाम् च इति तस्याग्रहणम्।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"वत्तस्याम्" આ આખું પદ ત્રિપદ સમાહાર દ્વન્દ્વ સમાસવાળું છે. "वत्", "तसि" અને "आम्" આ ત્રણેય "तद्धित" પ્રત્યયો છે. આ પ્રત્યયો હોવાથી પ્રત્યયાન્ત નામોની અવ્યયસંજ્ઞા થાય છે. આમ તો સંજ્ઞાવિધિમાં तदन्तની સંજ્ઞાવિધિનો तदन्तम् पदम् (૧/૧/૨૦) સૂત્રમાં નિષેધ કરેલ હતો. આથી આ સૂત્રમાં આ ત્રણ પ્રત્યયાન્ત નામોની અવ્યયસંજ્ઞા થઈ શકશે નહીં. આમ છતાં પણ અહીં तदन्त નામોની અવ્યયસંજ્ઞા ઇષ્ટ છે. આથી આ ત્રણેય પ્રત્યયાન્ત નામોની અવ્યયસંજ્ઞા अधणतस्वाद्या शसः (૧/૧/૩૨) સૂત્રમાં કહેલી નીતિ પ્રમાણે થશે.

સૂત્રમાં "आम्" પ્રત્યયનું ગ્રહણ કરેલ છે. आम् પ્રત્યય ત્રણ પ્રકારના પ્રાપ્ત થાય છે. (૧)

ષષ્ઠી બહુવચનનો તથા (૨) तद्धितनो તેમજ (૩) પરોક્ષાના સ્થાનમાં પ્રાપ્ત થતો. હવે સૂત્રમાં કોઈ વિશેષતા ન બતાવી હોવાથી ત્રણેય પ્રકારના आम् પ્રત્યયનું ગ્રહણ થઈ શકે છે. આચાર્ય ભગવંતને માત્ર બે જ પ્રકારના आम् ઇષ્ટ છે, જ્યારે સૂત્રના સામર્થ્યથી તો ત્રણેય પ્રકારના "आम्"નું ગ્રહણ પ્રાપ્ત થાય છે. આથી અતિવ્યાપ્તિ દોષથી દૂષિત થતું હોવાથી આ સૂત્ર બરાબર નથી. આ આપત્તિને ટાળવા માટે બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે वत् અને तसि પ્રત્યયના સાહચર્યથી "आम्" પ્રત્યય પણ તદ્ધિતનો લેવો. પરંતુ પરોક્ષા સ્થાનનો "आम्" પણ લેવો છે આથી નીચે કહેલી નીતિથી બંને आम् લઈ શકાશે. "वत्" તેમજ "तसि" પ્રત્યય વિભક્તિ સ્વરૂપ નથી. આથી અવિભક્તિના સાહચર્યથી आम् પણ અવિભક્તિ સ્વરૂપ જ ગ્રહણ કરવો, જેનાથી दरिद्राञ्चकृवद्भिः પ્રયોગમાં वस् (क्वसु) સ્થાનમાં પ્રાપ્ત થયેલ "आम्"નું ગ્રહણ થઈ શકશે. આ પ્રમાણે એક तद्धित સંબંધી आम् લેવાશે તેમજ બીજો પરોક્ષા સ્થાનથી નિષ્પન્ન થયેલો એવો आम् પણ લેવાશે. અહીં ષષ્ઠી વિભક્તિ સંબંધી જે आम् છે તે લઈ શકાશે નહીં. पचतितराम् પ્રયોગમાં તદ્ધિત પ્રત્યય સંબંધી "आम्" છે. આથી "वत्" અને "तस्"ની સાથે અવિભક્તિ સ્વરૂપ એવો "आम्" જ લઈ શકાશે. આના અનુસંધાનમાં બૃહદ્-વૃત્તિટીકામાં આચાર્ય ભગવંતશ્રીએ तद्धित સંબંધી (૭/૩/૮) સૂત્રથી વિધાન કરાયેલ आम् પ્રત્યયનું ગ્રહણ થશે એવી પંક્તિઓ લખી છે.

હવે શંકા એ થાય છે કે જો બંને 'आम्'નું ગ્રહણ કરવાનું ઇચ્છાયું હોય તો 'आम् इति तद्धितस्य' આ પ્રમાણે એકવચનનો પ્રયોગ શા માટે ? અહીં ઇષ્ટ છે બે 'आम्' જ્યારે 'तद्धितस्य' એકવચન કરવા દ્વારા માત્ર 'तद्धित'નો 'आम्' જ પ્રાપ્ત થઈ શકશે. એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી બૃહન્ન્યાસમાં જણાવે છે કે અહીં 'तद्धित' પ્રત્યયના સ્વરૂપની અપેક્ષાએ જ એકવચન કર્યું છે. આથી માત્ર 'तद्धित'નો 'आम्' પ્રત્યય જ આવી શકશે, પરંતુ બૃહદ્વૃત્તિ ટીકામાં 'किं-त्यादि-ए०' (૭/૩/૮) પછી જે 'इत्यादिना' શબ્દ લખ્યો છે તે 'आम्'નું વિધાન કરનાર સૂત્રના ગ્રહણ કરવા માટે છે. આથી હવે 'आदि' શબ્દથી 'धातोरनेक०' (૩/૪/૪૬) સૂત્રનું ગ્રહણ પણ થઈ શકશે, જેનાથી પરોક્ષાનો 'आम्' પણ લઈ શકાશે. આ પ્રમાણે વિભક્તિભિન્ન એવા બંને 'आम्' પ્રત્યયોનું ગ્રહણ થઈ શકશે.

"दरिद्राञ्चकृवद्भिः" : અહીં "दरिद्राम्" શબ્દ "आम्" અન્તવાળો હોવાથી અવ્યય થાય છે. છતાં પણ "अव्ययस्य को द्..." (૭/૩/૩૧) સૂત્રથી અન્ત્ય સ્વરની પૂર્વમાં 'अक्' પ્રત્યય થતો નથી, કારણ કે એ સૂત્રથી 'कुत्सित' અર્થમાં 'अक्' પ્રત્યય થાય છે. જ્યારે અહીં 'आम्' પ્રત્યય અપરિસમાપ્ત અર્થમાં હોવાથી 'कुत्सित' વગેરે અર્થ થઈ શકતો નથી માટે (૭/૩/૩૧) સૂત્રથી 'अक्' પ્રત્યય થતો નથી.

સૂત્રમાં સામાન્યથી 'आम्' લખ્યો છે, આથી ત્રણેય 'आम्' ગ્રહણ કરવાની આપત્તિ આવે છે. આ આપત્તિનું નિરાકરણ 'अथवा' લખવા દ્વારા બીજી રીતે જણાવે છે. 'आम्' તરીકે જે 'आम्' સ્વરૂપ પ્રત્યય હોય તે જ લેવાશે. ષષ્ઠી બહુવચનનો જે आम् છે તે आम् સ્વરૂપવાળો પણ છે અને नाम् સ્વરૂપ-વાળો પણ છે. 'मनसाम्' પ્રયોગમાં आम् સ્વરૂપવાળો आम् છે, જ્યારે 'मुनीनाम्' પ્રયોગમાં જે आम् છે તે नाम् સ્વરૂપવાળો છે. આથી ષષ્ઠી બહુવચનનો आम् શુદ્ધ એવા आम् સ્વરૂપવાળો ન હોવાથી તેનું ગ્રહણ થઈ શકશે નહીં.

**(श० न्या०)** "मनिंच् ज्ञाने" अतः "मनेरुदेतौ चास्य वा" [उणा० ६१२.] इति इप्रत्यये मुनिः। क्षदेः सौत्राद् "हु-या-मा-श्रु-वंसि०" [उणा० ४५१.] इति त्रे क्षत्रम्, तस्यापत्यम् "क्षत्राद्०" [६.१.९३.] इये क्षत्रियः। "पींङ्च् पाने" अतः "पीङः किद्" [उणा० ८२१.] इति लुप्रत्यये पीलुः, "मूंङ् बन्धने" अतः "शुक-शीमूभ्यः कित्" [उणा० ४६३.] इति ले मूलम्, पीलोर्मूलं पीलुमूलम्। "ऋंक् गतौ" अतः "अर्त्तेरुराशौं च" [उणा० ९६७.] इत्यसि उरस्। **उच्चैस्तरा(म्, उच्चैस्तमा)**मिति-"क्वचित् स्वार्थे" [७.३.७.] इति तरपि "प्रकृष्टे तमप्" [७.३.५.] इति तमपि च तयोरन्तस्यामादेशेऽव्ययत्वात् सर्वत्र "अव्ययस्य" [३.२.७.] इति स्यादेर्लुप् ॥३४॥

**અનુવાદ :-** "વિચારવું" અર્થમાં "मन्" ધાતુ ચોથા ગણનો છે. આ "मन्" ધાતુથી "मनेरुदेतौ चास्य वा" (उणा० ६१२) સૂત્રથી "इ" પ્રત્યય થતાં "मुनिः" શબ્દ પ્રાપ્ત થાય છે. સૌત્ર એવાં "क्षद्" ધાતુથી "हु-या-मा..." (उणा० ४५१) સૂત્રથી "त्र" પ્રત્યય થતાં क्षत्रम् શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "क्षत्र"નો દિકરો એ અર્થમાં "क्षत्राद्..." (૬/૧/૯૩) સૂત્રથી "इय" પ્રત્યય થતાં "क्षत्रिय" શબ્દ બને છે.

"પીવા" અર્થમાં "पी" ધાતુ ચોથા ગણનો છે. આ "पी" ધાતુથી "पीङः किद्" (उणा० ८२१) સૂત્રથી "लु" પ્રત્યય થતાં "पीलुः" શબ્દ પ્રાપ્ત થાય છે. "બંધન" અર્થમાં "मू" ધાતુ પહેલા ગણનો છે. આ "मू" ધાતુથી "शुक-शी-मूभ्यः..." (उणा० ४६३) સૂત્રથી "ल" પ્રત્યય થતાં "मूलम्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે પીલુનું મૂળ એ પ્રમાણે ષષ્ઠી તત્પુરુષ સમાસ થતાં "पीलुमूलम्" શબ્દ પ્રાપ્ત થાય છે.

"ગતિ" અર્થવાળો "ऋ" ધાતુ બીજા ગણનો છે. આ "ऋ" ધાતુથી "अर्त्तेरुराशौं च" (उणा० ९६७) સૂત્રથી "उर्" આદેશ થતાં અને "अस्" પ્રત્યય થતાં "उरस्" શબ્દ પ્રાપ્ત થાય છે.

उच्चैस्तराम्, उच्चैस्तमाम् પ્રયોગમાં "क्वचित् स्वार्थे" (૭/૩/૭) સૂત્રથી "तरप्" પ્રત્યય થતાં અને "प्रकृष्टे तमप्" (૭/૩/૫) સૂત્રથી "तमप्" પ્રત્યય થતાં તથા તે બે હોતે છતે અંતનો "आम्"

આદેશ થતાં "उच्चैस्तराम्" અને "उच्चैस्तमाम्" શબ્દો પ્રાપ્ત થાય છે. હવે આ બધાનું અવ્યયપણું થવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

**वत्तस्यामि**ति । आमिति षष्ठीबहुवचनस्य तद्धितस्य परोक्षास्थाननिष्पन्नस्य चाविशेषेण त्रयाणामपि ग्रहणं प्राप्नोति, द्वयोरेव चेष्यतेऽतोऽतिव्याप्त्युपहतत्वादलक्षणमेतद् इत्याह-**वत्तसी**ति ।

***-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-***

ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયેલ છે.

**(न्या०स०) तद्धितस्ये**त्युपलक्षणम्, ततः "धातोरनेकस्वरात्०" [३.४.४६.] इत्यादिना विहितस्याप्यामो ग्रहणम्, तेन पाचयाञ्चक्रुषेत्यादौ टालोपे पदत्वादनुस्वारसिद्धिः ।

**અનુવાદ :-** "तद्धितस्य" એ પ્રમાણે ઉપલક્ષણ સ્વરૂપ સમજવો. તેથી "धातोः अनेकस्वराद्..." (૩/૪/૪૬) સૂત્રથી વિધાન કરાયેલ "आम्"નું પણ ગ્રહણ થઈ શકશે. તેથી "पाचयाञ्चक्रुषा"માં તૃતીયા એકવચન "टा"નો લોપ થતાં પદપણું પ્રાપ્ત થવાથી "पाचयाञ्चक्रुषा" પ્રયોગમાં (૧/૩/૧૪) સૂત્રથી અનુસ્વાર સ્વરૂપવાળાં "पाचयाञ्चक्रुषा" પ્રયોગની પણ સિદ્ધિ થશે.

**(न्या०स०)** न चोपलक्षणात् षष्ठीबहुवचनस्यापि ग्रहणं किं न स्यादिति वाच्यम्, यतो य आम् आमेव भवति स एव गृह्यते, अयं तु नाम् साम् वा भवतीति । यद्वा वत्तसी अविभक्ती, तत्साहचर्यादामोऽपि अविभक्तेरेव ग्रहणम्, ततो दरिद्राञ्चकृवद्भिरित्यत्र क्वसुस्थाननिष्पन्नस्य पचतितरामित्यत्र "किंत्याद्येऽव्यय०" [७.३.८.] इति विहितस्य च ग्रहणं भवति, यत एतावेव तयोर्वत्-तस्योरविभक्तित्वेन हिता-विति व्युत्पत्त्या तद्धितावित्यभिधीयते । अस्मिंश्च व्याख्याने "किंत्याद्येऽव्यय०" [७.३.८.] इत्यनेन इत्यन्तेन इदमेव सूत्रं संपूर्णं गृह्यते, आदिशब्देन तु "धातोरनेकस्वर०" [३.४.४६.] इति विहितस्य क्वसु-कानस्थानस्येति । तथा दरिद्राञ्चकृवद्भिरित्यत्रामन्तस्याव्ययत्वेऽपि कुत्सिताद्यर्थे "अव्ययस्य को द् च" [७.३.३१.] इति अक् न भवति, अपरिसमाप्तार्थत्वेनामन्तस्य कुत्सितार्थासंभवाद् इति । **उच्चै-स्तरामि**ति-"क्वचित् स्वार्थे" [७.३.७.] इति **प्रकृष्टे** चार्थे तरप् ॥३४॥

**અનુવાદ :-** ઉપરોક્ત તમામ પંક્તિઓનો સંપૂર્ણ અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયેલ છે. પરંતુ ઉપલક્ષણથી જેમ પરોક્ષનો आम् ગ્રહણ કરાય છે, તેમ ષષ્ઠી બહુવચનનો

પણ ગ્રહણ થઈ શકશે, આ પ્રશ્ન છે. જેનો જવાબ અનુવાદમાં (શબ્દમહાર્ણવન્યાસમાં) આવી ગયેલ છે.

॥ चतुस्त्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

# सूत्रम् - क्त्वातुमम् । १ । १ । ३५ ॥

## -: તત્ત્વપ્રકાશિકા :-

**क्त्वा, तुम्, अम् इत्येतत् प्रत्ययान्तं शब्दरूपमव्ययसंज्ञं भवति । (क्त्वा-) कृत्वा । हृत्वा । प्रकृत्य । प्रहृत्य । तुम्-कर्त्तुम् । हर्त्तुम् । अमिति णम्-खणमो-रुत्सृष्टानुबन्धयोर्ग्रहणम्, न द्वितीयैकवचनस्य क्त्वा-तुम्साहचर्यात् । यावज्जीवमदात् । स्वादुंकारं भुङ्क्ते ॥३५॥**

## -: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

**અનુવાદ :-** क्त्वा, तुम् અને अम् એ પ્રમાણે આ ત્રણેય પ્રત્યયાંતવાળા શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે.

कृत्वा=કરીને, हृत्वा=હરણ કરીને, प्रकृत्य=આરંભ કરીને, प्रहृत्य=પ્રહાર કરીને.

હવે तुम् અંતવાળા અવ્યયો બતાવે છે. कर्त्तुम्=કરવા માટે, हर्त्तुम्=હરણ કરવા માટે.

अम् એ પ્રમાણે સામાન્ય નિર્દેશ કરાયો હોવાથી ત્યાગ કરાયેલાં અનુબંધવાળા એવાં "णम्" તથા "खणम्" બંનેનું ગ્રહણ કરવું, પરંતુ દ્વિતીયા એકવચનનો "अम्" પ્રત્યય ગ્રહણ કરવો નહિ. "त्वा" અને "तुम्" પ્રત્યયો એ कृत् પ્રત્યયો છે. આથી कृत् પ્રત્યયનાં સાહચર્યથી "अम्" પણ कृत् પ્રત્યયસંબંધી જ આવશે. यावज्जीवमदात्=તેણે જીવ્યો ત્યાં સુધી આપ્યું. स्वादुंकारं भुङ्क्ते=તે સ્વાદવાળું કરીને ખાય છે.

## -: શબ્દમહાર્ણવન્યાસ :-

**क्त्वातुममिति** । "डुकृंग् करणे" "हृंग् हरणे" अतः "प्राक्काले" [५.४.४७.] इति क्त्वा-प्रत्ययः । **प्रकृत्य, प्रहृत्ये**त्यत्रापि स्थानिवद्भावेनाव्ययत्वम् । **क्त्वे**ति-ककारोऽसंदेहार्थः, अन्यथा

त्वा इति निर्देशे संदेहः स्यात्-किमयं क्त्वाप्रत्ययस्य निर्देशः ? उताहो विदितं गोत्वं यकाभिस्ता विदितगोत्वा इति त्वप्रत्ययस्याऽऽबन्तस्य ? इति। **कर्त्तुं हर्त्तुमि**ति-कृगो हृगश्च "क्रियायां क्रियार्थायाम्०" [५.३.१३.] इति तुम् ।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"કરવું" અર્થવાળો "कृ" ધાતુ પહેલા ગણનો છે તથા "હરણ કરવું" અર્થવાળો "हृ" ધાતુ પણ પહેલા ગણનો છે. આ બંને ધાતુઓથી "प्राक्काले" (૫/૪/૪૭) સૂત્રથી "क्त्वा" પ્રત્યય થાય છે. આમ તો क्त्वा પ્રત્યય અંતવાળો શબ્દ અવ્યય કહેવાય છે, પરંતુ ધાતુ જ્યારે અવ્યય સહિત હશે ત્યારે "त्वा"નો "यप्" આદેશ થશે. આ "यप्" આદેશનો સ્થાનિવત્ ભાવ થવાથી "यप्" આદેશ પણ "क्त्वा" સ્વરૂપ જ મનાશે. માટે "यप्" અંતવાળાં શબ્દો પણ આ સૂત્રથી અવ્યયસંજ્ઞાવાળા થશે.

સૂત્રમાં "क्त्वा" પ્રત્યયની આગળ રહેલ ककारનો નિર્દેશ સંશયનું નિવારણ કરવા માટે છે. જો "त्वातुमम्" સૂત્ર જ બનાવ્યું હોત તો શંકા થાત કે આ "त्वा"થી "क्त्वा" પ્રત્યયનું ગ્રહણ કરવું અથવા તો "आप्" અંતવાળા એવાં ભાવવાચક "त्वा"નું ગ્રહણ કરવું ? દા.ત. જણાયું છે ગોપણું જેણીઓ વડે એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં "જણાયેલાં ગોત્વવાળી જેણીઓ" "विदितगोत्वा यकाः" આ દૃષ્ટાંતમાં "आप्" અંતવાળો "त्वा" છે. આથી આવા त्वाનો વ્યવચ્છેદ કરવા માટે સૂત્રમાં "ककार"વાળા "त्वा"નો નિર્દેશ કર્યો છે.

"कर्त्तुम्" અને "हर्तुम्" પ્રયોગમાં "कृ" અને "हृ" ધાતુથી "क्रियायां क्रियार्थायाम्..." (૫/૩/૧૩) સૂત્રથી "तुम्" પ્રત્યય થયો છે.

**( श०न्या० )** यद्यप्यमिति सामान्यनिर्देशात् स्यादि-त्यादिसंबन्धिनोरप्यमोः प्रसक्तिस्तथाऽपि कृत्क्त्वा-तुम् साहचर्यात् कृदेव गृह्यत इत्याह-**अमि**त्यादि-उत्सृष्टस्त्यक्तोऽनुबन्धो ययोरिति विग्रहः । **न द्वितीयैकवचनस्ये**ति-द्वितीयाया एकवचनमिति स्यादेरम्, द्वितीयं ततोऽपरं च तदेकवचनं चेति त्यादेरम्, इत्यावृत्त्या द्वयोरपि निषेधः सिद्धः ।

**અનુવાદ :-** જો કે સૂત્રમાં "अम्" એ પ્રમાણે સામાન્યથી નિર્દેશ થયો છે. આથી स्यादि અને त्यादिનાં સંબંધવાળા "अम्"નો પણ પ્રસંગ છે; છતાં પણ "क्त्वा" અને "तुम्" कृत् પ્રત્યય હોવાથી कृत् પ્રત્યયનાં સાહચર્યથી "अम्" પણ कृत् સંબંધી જ ગ્રહણ કરાય છે. માટે જ બૃહદ્વૃત્તિ ટીકામાં લખ્યું છે કે ત્યાગ કરાયેલાં અનુબંધવાળાં એવાં "णम्" અને "खणम्" સ્વરૂપ कृत् પ્રત્યયનું જ ગ્રહણ થાય છે; પરંતુ દ્વિતીયા એકવચનનો નહિ. દ્વિતીયા એકવચનનો "अम्"

પ્રત્યય એ સ્યાદિનો છે. હવે "द्वितीयाएकवचन" સ્વરૂપ સામાસિક શબ્દનાં બે પ્રકારે અર્થ થશે - द्वितीयाया: एकवचनम् આમ કરવાથી સ્યાદિ વિભક્તિનો अम् આવશે. ત્યારબાદ द्वितीयम्નો અર્થ જ બીજો કરવો. અર્થાત્ "अपरं च तदेकवचनम् च" એ પ્રમાણે બીજા એવા એકવચન તરીકે હ્યસ્તન ભૂતકાળ પહેલો પુરુષ એકવચનનો "अम्" પ્રત્યય આવશે. આથી એક જ સામાસિક પદની બીજીવાર આવૃત્તિ કરવાથી બંને પ્રકારનાં "अम्"નો નિષેધ "द्वितीयैकवचनम्" શબ્દથી થઈ જશે.

**(शन्या०)** ननु भवतु साहचर्यव्याख्यानात् कृदमो ग्रहणम्, तथाऽपि केवलस्य प्रयोगासंभवात् प्रत्ययग्रहणे संज्ञाविधावपि तदन्तविधेरिष्टत्वात् कथं विशेषण-विशेष्यभाव: ? किममन्तग्रहणेन पूर्वं कृद् विशेष्यते पश्चात् कृता तदन्तविधि: ? आहोस्वित् पूर्वं कृता तदन्तविधि: पश्चात् कृदन्तममन्तग्रहणेन ? तत्राऽऽद्ये पक्षे "इणो दमक्" [उणा० ९३८.] इति दमकि इदम्-शब्दस्याव्ययत्वं प्राप्नोति, अस्ति ह्यमाऽत्रामन्तकृदन्तं धातुरूपम्; द्वितीयपक्षे तु 'प्रतामौ, प्रताम:' इत्यत्र प्राप्नोति, अस्त्येवात्र क्विपो लोपेऽपि प्रत्ययलक्षणेन कृदन्तत्वं भूतपूर्वगत्या चामन्तत्वम्। उभयथाऽपि न दोष:, तथाहि–स्वरादौ स्वयम् शब्दस्य पाठरूपाया आचार्यप्रवृत्तेर्विज्ञायते–नोणाद्यमन्तस्यानेनाव्ययसंज्ञा, अन्यथा अनेनैव सिद्धत्वात् तस्य तत्र पाठो व्यर्थ: स्यात्। 'प्रतामौ, प्रताम:' इत्यत्राप्यप्रसङ्ग: स्वरादौ प्रशान्शब्दस्य पाठरूपाया आचार्यप्रवृत्तेरेव, तस्य हि "मो नो म्वोश्च" [२.१.६७.] इति नत्वेऽपि भूतपूर्वगत्याऽमन्तत्वात् सिद्धमव्ययत्वमिति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** "क्त्वा" અને "तुम्" એ કૃત્ પ્રત્યય છે. માટે "साहचर्यात् सदृशस्य एव" ન્યાયથી કૃત્ એવાં "अम्"નું જ ગ્રહણ થશે, પરંતુ સ્યાદિ વગેરે સંબંધી "अम्"નું ગ્રહણ નહિ થઈ શકે. હવે માત્ર "अम्" પ્રત્યય અવ્યય બનતો ન હોવાથી સંજ્ઞાવિધિમાં પણ પ્રત્યયનું ગ્રહણ હોતે છતે તદન્તવિધિ ઇષ્ટ છે. (આમ તો "तदन्तं पदम्"માં બાકીની સંજ્ઞાવિધિઓમાં તદન્તની સંજ્ઞાવિધિ માની નથી. છતાં પણ "स्वरादयोऽव्ययम्"માં अव्ययम् એ પ્રમાણે અન્વર્થ સંજ્ઞાનો આશ્રય કરવા દ્વારા સંજ્ઞા-વિધિમાં તદન્તની અવ્યયસંજ્ઞા માની. "अव्ययम्" એ પ્રમાણે મોટી સંજ્ઞા કરવા દ્વારા "આચાર્ય ભગવંતે" આ અન્વર્થ સંજ્ઞા માની છે.) તો હવે તદન્તપણું કેવી રીતે કરવું ? અર્થાત્ "कृत्" અને "अम्" વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ કરીને અન્તપણું કરવાનું કેવી રીતે થઈ શકે ? સૌ પ્રથમ "अम्" અને "कृत्" વચ્ચે બે રીતે વિશેષણ-વિશેષ્યભાવ થઈ શકશે. ક્યાંતો अम्થી વિશિષ્ટ એવો कृत् થશે અથવા તો कृत्થી વિશિષ્ટ એવો अम् થશે. જ્યારે अम्થી વિશિષ્ટ એવો कृत् થશે ત્યારે अम् વિશેષણ સ્વરૂપે હશે તથા कृत् વિશેષ્ય સ્વરૂપે હશે. આથી "अम्"વાળો 'कृत्' પ્રત્યય છે એવો અર્થ ફલિત થશે. તથા જ્યારે

कृत्‌થી વિશિષ્ટ अम् થશે ત્યારે कृत् વિશેષણ થશે અને अम् વિશેષ્ય થશે. આથી कृत्‌વાળો अम् પ્રત્યય એવો અર્થ ફલિત થશે. આ હકીકત દૃષ્ટાન્તથી સમજવી હોય તો આ રીતે સમજી શકાય એમ છે. દા.ત. "नीलम् कमलम्" (લીલું કમળ) અહીં નીલ એ વિશેષણ છે, જ્યારે કમળ એ વિશેષ્ય છે. આથી 'નીલથી વિશિષ્ટ એવું કમળ છે' એવો બોધ થશે. જ્યારે ઘણાં બધા રંગોમાં કમળ વિદ્યમાન હોય ત્યારે આવા વિશેષ કમળને નીલ રંગ, બાકીના કમળોથી પૃથગ્ કરે છે. કેટલીકવાર कमलम् नीलम् આ રીતે પણ પ્રયોગો વ્યવહારમાં દેખાતા હોય છે. અહીં કમળ વિશેષણ તરીકે છે અને નીલ રંગ વિશેષ્ય તરીકે છે. આથી કમળથી વિશિષ્ટ એવો નીલ રંગ થશે. વ્યવહારમાં ઘણાં બધા નીલા રંગો હોય ત્યારે કોઈક પ્રકારના નીલા રંગને બીજા બધા નીલા રંગોથી જુદા કરવા માટે કમળ સ્વરૂપ વિશેષણનો ઉપયોગ કરવામાં આવે છે. આથી કમળનો જે નીલ રંગ હશે તે જ નીલ રંગ ઈષ્ટ તરીકે જણાશે. બાકીના નીલ રંગો ઈષ્ટ તરીકે રહેશે નહીં.

જો ચાલુ સૂત્રમાં "अम्"થી વિશિષ્ટ એવો कृत् અર્થ સમજવામાં આવશે તો આ પક્ષમાં "इणो दमक्" (उणा० ૯૩૮) સૂત્રથી "दमक्" પ્રત્યય થતાં "इदम्" શબ્દમાં અવ્યયપણું પ્રાપ્ત થાય છે. અહીં "दमक्" પ્રત્યય એ कृत् પ્રત્યય છે અને આપણો વિકલ્પ अम्‌વાળો कृत् પ્રત્યય લઈને તદન્તવિધિ કરવાનો છે. આ પરિસ્થિતિમાં (उणा० ૯૩૮) સૂત્રથી જે दमक् (दम्) પ્રત્યય થાય છે, તે अमन्तવાળો कृत् પ્રત્યય છે. હવે આ પ્રત્યય ધાતુને અન્તે આવશે તો આવા કૃદન્તની અવ્યયસંજ્ઞા થશે. જેમ કે "इदम्" શબ્દ એ अमन्तવાળા कृत् પ્રત્યયવાળો છે. અને આ પ્રયોગમાં अमन्तવાળો कृत् પ્રત્યય दम् છે અને दम् અન્તવાળું કૃદંત એ इदम् છે. આથી अमन्तવાળો જે कृत् છે અને એ कृत् અન્તે છે જેનો એવો ધાતુ "इ" છે. "दम्" એ જો कृत् પ્રત્યય છે, તો એ कृत् પ્રત્યયાન્તવાળો इदम् શબ્દ અવ્યય થવાની આપત્તિ આવશે.

બીજા પક્ષમાં कृत्‌થી વિશિષ્ટ એવો अम् પ્રત્યય સમજવાનો છે. प्र + तम् ધાતુને "क्विप्" પ્રત્યય લાગતાં प्रताम् સ્વરૂપ કૃદન્ત બને છે. અહીં "क्विप्" પ્રત્યય આવીને લોપ થઈ જાય છે. આથી શંકા થાય કે 'प्रताम्' कृत् પ્રત્યય અન્તવાળો કેવી રીતે છે ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે "प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणम् कार्यम् विज्ञायते" એવા ન્યાયથી અમે प्रताम् શબ્દને "क्विप्" પ્રત્યયાન્તવાળો માનીને જ કૃદન્ત માનીશું તથા "भूतपूर्वकः तद्वदुपचारः" ન્યાયથી "प्रताम्"ને ભૂતકાળમાં अमन्तવાળો હતો એમ માનીને અત્યારે પણ आमन्तવાળાને બદલે अमन्तવાળો જ માનીશું. અહીં "प्रताम्" શબ્દ એ कृत् (क्विप्) સાથે तदन्तविधि કર્યા પછી अमन्तવાળો થયો છે. આથી બીજા અર્થ પ્રમાણે "प्रताम्" શબ્દમાં પણ અવ્યયસંજ્ઞા થવાની આપત્તિ આવે છે.

આ આપત્તિના અનુસંધાનમાં જણાવે છે કે બંને પ્રકારથી વિશેષણ-વિશેષ્યભાવ કરવામાં આવે તો પણ કોઈ દોષ નથી. તે આ પ્રમાણે છે - "स्वरादि" ગણપાઠમાં જુદાં જુદાં અવ્યયો બતાવ્યા છે, એમાં એક "स्वयम्" અવ્યય પણ છે, જે अमअन्तવાળો છે. હવે જો अमन्तવાળાની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થવાની હતી તો "स्वरादि" ગણપાઠમાં એનો સમાવેશ કરવો આવશ્યક ન હતો. છતાં પણ આચાર્ય ભગવંતશ્રીએ "स्वरादि" ગણપાઠમાં स्वयम् અવ્યયનો સમાવેશ કર્યો છે. એનાથી જણાય છે કે, उणादि अमन्तવાળા શબ્દોની અવ્યયસંજ્ઞા આ સૂત્રથી થશે નહીં.

તથા "प्रतामौ" "प्रतामः" અહીં પણ અવ્યયસંજ્ઞાનો પ્રસંગ આવતો નથી. "स्वरादि" ગણપાઠમાં प्रशान् શબ્દનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ प्रशान् શબ્દ ખરેખર તો म् અન્તવાળો હતો, પરંતુ "मो नो म्वोश्च" સૂત્રથી मनो न् થયો છે. આથી "भूतपूर्वकः तद्वदुपचारः" ન્યાયથી प्रशान् શબ્દ प्रशाम् સ્વરૂપે જ છે. હવે જો આ સૂત્રથી જ તેની અવ્યયસંજ્ઞા થવાની હોત તો "स्वरादि" ગણપાઠમાં તેનો સમાવેશ વ્યર્થ થાત આથી આચાર્ય ભગવંતની આવી પ્રવૃતિથી જણાય છે કે જે "कृत्"થી વિશિષ્ટ એવા "अम्" વાળો શબ્દ હશે ત્યારે પણ આ સૂત્રથી જ અવ્યયસંજ્ઞા થશે.

**( श०न्या० )** "शानी तेजने" इत्यस्य तु प्रशानिति रूपं न भवति, तस्य क्विबन्तस्य प्रयोगादर्शनादिति । यावतो जीवेः "यावतो विन्दजीवः" [५.४.५५.] इति णमि अमन्तत्वेनाव्ययत्वात् सेर्लुपि **यावज्जीवम्** । ददातेरद्यतनीदौ "सिजद्यतन्याम्" [३.४.५३.] इति सिचि "पिबैतिदा०" [४.३.६६.] इति तल्लुपि "अड् धातोरादिर्ह्यस्तन्यां चामाङा" [४.४.२९.] इत्यडागमे च **अदात्** । स्वदेः "कृ-वा-पा-जि-स्वदि-साधि०" [उणा० १.] इत्युणि "ञ्णिति" [४.३.५०.] इत्युपान्त्यवृद्धौ स्वादु, तत्पूर्वात् करोतेः "स्वाद्वर्थाददीर्घाद्" [५.४.५३.] इति णमि वृद्धौ "खित्यनव्यया०" [३.२.१११.] इति मागमेऽनुस्वारे च **स्वादुंकारम्** । भुजेर्वर्त्तमाना-तेप्रत्यये "रुधां स्वराच्छ्नो नलुक् च" [३.४.८२.] इति श्नप्रत्यये "श्नाऽस्त्योर्लुग्" [४.२.९०.] इति तदकारलोपे "चजः कगम्" [२.१.८६.] इति गत्वे "अघोषे प्रथमः०" [१.३.५०.] इति प्रथमत्वे "म्नाम्०" [१.३.३९.] इति नस्य ङत्वे भुङ्क्ते ॥३५॥

**પૂર્વપક્ષ :-** ખરેખર "प्रशान्" શબ્દ તેજ કરવા અર્થવાળા "शान्" ધાતુ ઉપરથી क्विबन्तવાળો થયો છે. આથી अमन्तવાળો છે જ નહીં.

**ઉત્તરપક્ષ :-** शान् ધાતુ ઉપરથી क्विबन्तવાળો પ્રયોગ દેખાતો ન હોવાથી शान् ધાતુવાળો प्रशान् શબ્દ છે જ નહીં. માટે આપે આપેલા દોષનો અવકાશ નથી. અર્થાત્ 'प्रशान्' શબ્દ 'अम्' અંતવાળો જ છે.

"यावत्" શબ્દથી પર "जीव्" ધાતુ આવે ત્યારે આ "जीव्" ધાતુથી પર "यावतो विन्दजीवः" (૫/૪/૫૫) સૂત્રથી "णम्" પ્રત્યય લાગતાં "यावज्जीवम्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "यावज्जीवम्" શબ્દ "अम्" અંતવાળો હોવાથી આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. હવે "यावज्जीवम् + सि" આ અવસ્થામાં "यावज्जीवम्" અવ્યય હોવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી "सि"નો લોપ થતાં "यावज्जीवम्" પદ પ્રાપ્ત થાય છે.

હવે "अदात्" પદની "सिद्धि" બતાવે છે. "दा" ધાતુથી અદ્યતનીનો "दीव्" પ્રત્યય લાગતાં "सीजद्यतन्याम्" (૩/૪/૫૩) સૂત્રથી "सिच्" પ્રત્યય લાગતાં दा + सिच् + दिव् અવસ્થા પ્રાપ્ત થાય છે. આ "सिच्" પ્રત્યયનો "पिबैतिदा..." (૪/૩/૬૬) સૂત્રથી લોપ થતાં તથા "अड्धातोः..." (૪/૪/૨૯) સૂત્રથી "अट्"નો આગમ થતાં "अदात्" પદની પ્રાપ્તિ થાય છે. આમ "यावज्जीवम् अदात्" વાક્યની નિષ્પત્તિ થઈ જેનો અર્થ 'તે જીવ્યો ત્યાં સુધી તેને આપ્યું' એ પ્રમાણે થાય છે.

હવે "स्वादुंकारं भुङ्क्ते" વાક્યની સિદ્ધિ બતાવે છે. સૌ પ્રથમ "स्वादुंकारं" પદને સિદ્ધ કરે છે. "स्वय्" ધાતુથી "कृ, वा, पा..." (उणादि० १) સૂત્રથી "उण्" પ્રત્યય થતાં તેમજ ઉપાન્ત્યની વૃદ્ધિ થતાં ("ञ्णिति" (૪/૩/૫૦) સૂત્રથી) "स्वादु" શબ્દની પ્રાપ્તિ થાય છે. હવે "स्वादुं करोति" અર્થમાં "स्वादुं" શબ્દથી પર રહેલાં "कृ" ધાતુને "स्वाद्वर्थाददीर्घात्" (૫/૪/૫૩) સૂત્રથી "खणम्" પ્રત્યય લાગતાં તથા વૃદ્ધિ થતાં "स्वादुंकारं" અવસ્થા પ્રાપ્ત થાય છે. અહીં "खणम्" પ્રત્યય "ख्" ઇત્ સંજ્ઞાવાળો હોવાથી "खित्यनव्यया..." (૩/૨/૧૧૧) સૂત્રથી "म्"નો આગમ તેમજ "म्"નો અનુસ્વાર થતાં "स्वादुंकारं" પદની પ્રાપ્તિ થાય છે.

હવે "भुङ्क्ते" પદની સિદ્ધિ બતાવે છે. "भुज्" ધાતુથી વર્તમાન કાળનાં "ते" પ્રત્યય પર છતાં "रुधां स्वरात्..." (૩/૪/૮૨) સૂત્રથી "श्न" પ્રત્યય થતાં તેમજ "श्नाऽस्त्योर्लुग्" (૪/૨/૯૦) સૂત્રથી "श्न"નાં અકારનો લોપ થતાં "भुनज् + ते" અવસ્થા પ્રાપ્ત થાય છે. હવે "चजः कगम्" (૨/૪/૮૬) સૂત્રથી "ज्"નો "ग्" થતાં તથા પાછળ "ते" પ્રત્યય હોવાથી અઘોષ પર છતાં એ જ "ग्"નો अघोषे प्रथम...(૧/૩/૫૦) સૂત્રથી "क्" થતાં "भुनक् + ते" અવસ્થા પ્રાપ્ત થાય છે. હવે "म्नां..." (૧/૩/૩૯) સૂત્રથી "न्"નો "ङ्" થતાં "भुङ्क्ते" શબ્દ પ્રાપ્ત થાય છે. આમ "स्वादुंकारं भुङ्क्ते" વાક્ય પ્રાપ્ત થાય છે. જેનો અર્થ તે સ્વાદિષ્ટ કરીને ખાય છે એ પ્રમાણે થાય છે.

## -: ન્યાસસારસમુદ્ધાર :-

**क्त्वा-तुमे**त्यादि । क्त्वेति ककारोऽसंदेहार्थः, अन्यथा त्वा इति निर्देशे संदेहः स्यात्-किमयं

क्त्वाप्रत्ययस्य निर्देशः ? किं वा विदितं गोत्वं यकाभिस्ता विदितगोत्वा इति त्वप्रत्ययस्याबन्तस्य ? इति, **न द्वितीयैकवचनस्येति** ।

## -: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

**( न्या०स० )** द्वितीयैकवचनान्तस्याव्ययत्वे "अव्ययस्य को द् च" [७.३.३१.] इति अक् स्यात् । तथा देवस्य दर्शनं कुर्वित्यादौ "तृन्नुदन्त०" [२.२.९०.] इत्यनेन षष्ठी न स्यात् । नन्वेवं ह्यस्तन्यद्यतन्यमन्तस्याव्ययत्वं कथं निषिध्यते ? सत्यम्–द्वितीयं च तदेकवचनं चेति विग्रहे तस्यापि संग्रहः, द्वितीयापेक्षया द्वितीयं चैकवचनं ह्यस्तन्यद्यतन्योरमिति ॥३५॥

**અનુવાદ :-** દ્વિતીયા એકવચનમાં સ્યાદિ વિભક્તિનો "अम्" પ્રત્યય આવે છે. આ સૂત્ર "अम्" પ્રત્યય અંતવાળા શબ્દોની અવ્યયસંજ્ઞા કરે છે. આથી જો દ્વિતીયા એકવચન અંતવાળા શબ્દોની જો આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થઈ હોત તો "अव्ययस्य को द् च" (૭/૩/૩૧) સૂત્રથી (૭/૩/૫૮) સૂત્રની પહેલાનાં અર્થોમાં અવ્યયનાં અન્ત્ય સ્વરની પૂર્વમાં "अक्" પ્રત્યય થાત અને અવ્યયને છેડે આવેલા "क्"નો "द्" થઈ જાત.

તથા "देवस्य दर्शनं कुरु" વગેરે પ્રયોગોમાં "दर्शनं" "अम्" અંતવાળું દ્વિતીયા એકવચનનું રૂપ હોવાથી આ "दर्शनं" પદની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા થાત અને આ "दर्शनं" સ્વરૂપ અવ્યયનું કર્મ "देव" શબ્દ છે. આથી આ "देव" શબ્દને "तृन्नुदन्ता..." (૨/૨/૯૦) સૂત્રથી જે ષષ્ઠીનો નિષેધ થાય છે એ નિષેધ થઈ શકત નહિ. આથી "देवं दर्शनं कुरु" એવા અનિષ્ટ રૂપની આપત્તિ આવત.

**પૂર્વપક્ષ :-** કદાચ "क्त्वा" અને "तुम्"નાં સાહચર્યથી દ્વિતીયા એકવચનનાં अम् પ્રત્યય અંતવાળાની આ સૂત્રથી અવ્યયસંજ્ઞા ન થાત, કારણ કે "क्त्वा" અને "तुम्" कृत् પ્રત્યયો છે. જ્યારે દ્વિતીયા એકવચનનો "अम्" પ્રત્યય એ સ્યાદિ પ્રત્યય છે. આથી સાદશ્ય ન હોવાને કારણે દ્વિતીયા એકવચનનો "अम्" પ્રત્યય લઈ શકાત નહિ. પરંતુ હ્યસ્તની અને અદ્યતનીનો જે "अम्" પ્રત્યય છે એવાં "अम्" અંતવાળાની અવ્યયસંજ્ઞાનો નિષેધ કેવી રીતે કરી શકાશે ?

**ઉત્તરપક્ષ :-** "द्वितीयैकवचनस्य"નો બે પ્રકારે વિગ્રહ થવાથી આવી આપત્તિ આવશે નહિ. એક ષષ્ઠી તત્પુરુષ સમાસનાં અર્થવાળો થશે જે આ પ્રમાણે છે - "द्वितीयायाः एकवचनम् इति द्वितीयैक-वचनम्". આમ ષષ્ઠી તત્પુરુષનાં અર્થ પ્રમાણે દ્વિતીયા એકવચન "अम्" અંતવાળાની અવ્યયસંજ્ઞાનો નિષેધ થશે તથા બીજો અર્થ કર્મધારય સમાસ પ્રમાણે કરવામાં આવશે જે આ

પ્રમાણે છે - "द्वितीयं च तद् एकवचनम् च" અર્થાત્ બીજો એવો એક વચનનો પ્રત્યય. અહીં દ્વિતીયા વિભક્તિનાં એકવચનનાં "अम्" પ્રત્યયની અપેક્ષાએ બીજા એવાં એકવચનનાં પ્રત્યય તરીકે હ્યસ્તની અને અદ્યતનીનો "अम्" પ્રત્યય થશે અને આ "अम्" પ્રત્યયનો નિષેધ પણ "द्वितीयैकवचन"નાં નિષેધ દ્વારા જ થઈ જશે. આથી કોઈ આપત્તિ આવશે નહિ.

॥ पञ्चत्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

* * *

# सूत्रम् - गतिः । १ । १ । ३६ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**( त० प्र० ) गतिसंज्ञाः शब्दा अव्ययसंज्ञा भवन्ति । अदःकृत्य, अत्राऽव्ययत्वे "अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रेऽनव्ययस्य" [ २.३.५. ] इति सकारो न भवति ॥३६॥**

### -: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

ગતિસંજ્ઞાવાળા શબ્દો અવ્યયસંજ્ઞાવાળા થાય છે. દા.ત. "अदःकृत्य" આ વાક્યનો અર્થ "આને કરીને" એ પ્રમાણે થાય છે. તથા "अदःकृत्य" શબ્દમાં "अदस्"નું અવ્યયપણું થવાથી "अतः कृ-कमि..." (૨/૩/૫) સૂત્રથી "र्"નો सकार થતો નથી.

### -: શબ્દમહાર્ણવન્યાસ :-

**गतिरिति**-("अदंक् भक्षणे" अतः) "अदेरन्ध च वा" [उणा० ९६३.] इत्यसि अदस् त्यदादि, "अग्रहानुपदेशे०" [३.१.५.] (इति) अस्य गतिसंज्ञा वक्ष्यते, तत्पूर्वात् कृगः क्त्वा-प्रत्ययस्य यबादेशे "ह्रस्वस्य तः पित्कृति" [४.४.११४.] इति तागमे **अदःकृत्य** ॥३६॥

### -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

"ખાવું" અર્થવાળો "अद्" ધાતુ બીજા ગણનો છે. આ "अद्" ધાતુથી "अदेरन्ध च वा" (उणा० ૯૬૩) સૂત્રથી "अस्" પ્રત્યય થતાં "अदस्" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "अदस्" શબ્દ "त्यदादि" સર્વનામ સંબંધી છે. આ "अदस्" શબ્દની "अग्रहानुपदेशे..." (૩/૧/૫) સૂત્રથી

ગતિસંજ્ઞા થાય છે. હવે "अदस्" જેની પૂર્વમાં છે એવાં "कृ" ધાતુથી "क्त्वा" પ્રત્યય થતાં अदस् + कृ + क्त्वा અવસ્થા પ્રાપ્ત થાય છે. આ અવસ્થામાં "अनञः क्त्वो यप्" (૩/૨/૧૫૪) સૂત્રથી "क्त्वा"નો "यप्" આદેશ થાય છે. આથી "अदस् + कृ + यप्" સ્વરૂપ પ્રાપ્ત થશે. આ અવસ્થામાં "ह्रस्वस्य तः पित्कृति" (૪/૪/૧૧૪) સૂત્રથી "त्"નો આગમ થતાં "अदःकृत्य" પ્રયોગ પ્રાપ્ત થાય છે.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

**गतिरि**ति । एतत्सूत्रोपरि लघुन्यासो न दृश्यते ॥

**-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-**

આ સૂત્ર ઉપર લઘુન્યાસ પ્રાપ્ત થતો નથી.

**॥ षट्त्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

❊ ❊ ❊

# सूत्रम् - अप्रयोगीत् । १ । १ । ३७ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**इह शास्त्र उपदिश्यमानो वर्णस्तत्समुदायो वा यो लौकिके शब्दप्रयोगे न दृश्यते स एत्यपगच्छतीति इत्संज्ञो भवति । अप्रयोगित्वानुवादेनेत्संज्ञाविधानाच्चास्य प्रयोगाभावः सिद्धः ।**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

આ શાસ્ત્રમાં ઉપદેશ કરાતો વર્ણ અથવા તો વર્ણનો સમુદાય જે લૌકિક શબ્દપ્રયોગોમાં દેખાતો નથી, તે इत् સંજ્ઞાવાળો થાય છે. આ इत् સંજ્ઞા અન્વર્થ સંજ્ઞાવાળી છે. આથી જે વર્ણ જવાવાળો છે અથવા તો દૂર થવાવાળો છે અથવા તો અદશ્ય થવાવાળો છે, તે इत् સંજ્ઞાવાળો થાય છે. "इत्" પ્રયોગ "इ" ધાતુ ઉપરથી થયો છે. આથી જ સૂત્રમાં "एति"નો અર્થ "अपगच्छति" કર્યો છે. આથી જે દૂર થાય છે તે इत् સંજ્ઞાવાળો થાય છે.

અનુવાદ એટલે જે પ્રયોગને બીજીવાર બોલવામાં આવે તે અનુવાદ કહેવામાં આવે છે. દા.ત.

કોઈક વ્યક્તિ "નમો અરિહંતાણં" પદ બોલે ત્યારે બીજો વ્યક્તિ એ જ અર્થને નજરમાં રાખીને ફરીથી "નમો અરિહંતાણં" પદ બોલે છે. આથી બીજી વ્યક્તિ જે "નમો અરિહંતાણં" પદ બોલી તેને અનુવાદ કહેવાય છે. આ પ્રમાણે બોલાયેલા પદનું પાછળથી કથન કરવું તે અનુવાદ છે તથા "નમો અરિહંતાણં" પદનો જે અર્થ છે એ અર્થને જ કહેવો જેમ કે 'અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ', તો આ અર્થ પણ "નમો અરિહંતાણં" પદનો અનુવાદ જ કહેવાય છે. આમ, સમાન અર્થોથી બે શબ્દો બોલવા એ અનુવાદ કહેવાય છે. અહીં "अप्रयोगी" શબ્દ બોલો અથવા તો "इत्" શબ્દ બોલો બંનેનો એક જ અર્થ થાય છે. આથી "अप्रयोगी" શબ્દ બોલો અથવા તો "इत्" શબ્દ બોલો બંને એક જ અર્થવાળા હોવાથી "अप्रयोगी" શબ્દનાં અર્થ તરીકે इत् સંજ્ઞા પણ લઈ શકાય છે. આથી अप्रयोगीપણાંનાં અનુવાદથી અહીં इत् સંજ્ઞાનું વિધાન થયું હોવાથી જે જે इत् સંજ્ઞાવાળા હોય તેનાં તેનાં પ્રયોગનો અભાવ થાય છે. "अप्रयोगी" એ ઉદ્દેશ છે અને "इत्" સ્વરૂપ જે સંજ્ઞા છે તે વિધેય છે. આથી "अप्रयोगी" શબ્દનાં અનુવાદ સ્વરૂપ इत् સંજ્ઞા લખી હોવાથી આ इत् સંજ્ઞાથી તે તે વર્ણનાં પ્રયોગનો અભાવ થાય છે એવું આપોઆપ જ સિદ્ધ થઈ જાય છે. આથી જે જે 'इत्' સંજ્ઞાવાળા હોય છે તેનો તેનો લોપ થાય છે એવું જણાવવા માટે નવું સૂત્ર બનાવવાની જરૂર નથી. આમ, સંજ્ઞાસૂત્રએ બે કાર્ય કર્યા : સંજ્ઞાનું વિધાન પણ કર્યું અને એવા 'इत्' સંજ્ઞાવાળા વર્ણોનું શું થાય ? તે પણ જણાવ્યું. આમ 'इत्' સંજ્ઞાવાળા વર્ણોનો લોપ કરવા માટે હવે નવું સૂત્ર બનાવવાની આવશ્યકતા નથી. પાણિની વ્યાકરણમાં 'इत्' સંજ્ઞાના (૧/૩/૨) વગેરે સૂત્રો બનાવ્યા તે પછી 'इत्' સંજ્ઞાના વર્ણોનો લોપ કરવા માટે 'तस्य लोपः' એ પ્રમાણે (૧/૩/૯) સૂત્ર બનાવ્યું છે. જ્યારે અહીં 'इत्' સંજ્ઞાના વર્ણોનો લોપ અનુવાદથી જ થઈ જાય છે. દા.ત. "અરિહંતને નમસ્કાર થાઓ" વાક્યનાં અનુવાદ તરીકે જો "નમો અરિહંતાણં" પદનું વિધાન કરાય તો "નમો અરિહંતાણં" પદનો અર્થ અરિહંતને નમસ્કાર થાઓ એ પ્રમાણે આપોઆપ જ જણાઈ જાય છે.

**( त० प्र० ) उपदेशस्तु धातु-नाम-प्रत्यय-विकाराऽऽगमेषु कार्यार्थः । धातौ- एधि, एधते । शीङ्-शेते; ङित्त्वादात्मनेपदम् । यजीं-यजते, यजति । चिंग्ट्-चिनुते, चिनोति । कण्डूग्-कण्डूयते, कण्डूयति; ईगित्त्वात् फलवत्यात्मनेपदम् । टुदु- दवथुः; ट्वित्त्वादथुः । नाम्नि-चित्रङ् आश्चर्ये चित्रीयते । माङ् -मा भवान् कार्षीत्; अत्र माङ्यद्यतनी । प्रत्यये-( वित्- ) भवति । विकारे-( ख्यांग्- ) व्याख्यातासे, व्याख्यातासि । आगमे-( इट्- ) पपिथ । इत्प्रदेशाः-"ङितः कर्तरि" [ ३.३.२२. ]**
*इत्यादयः ॥३७॥*

**અનુવાદ :-** इत् સંજ્ઞાનો ઉપદેશ ધાતુ, નામ, પ્રત્યય, વિકાર તથા આગમોને વિશે કરવામાં આવ્યો છે. આ ઉપદેશ ધાતુ, નામ વગેરેમાં કાર્યનાં પ્રયોજનથી કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ ધાતુમાં રહેલ इत् સંજ્ઞાનાં ઉપદેશનું પ્રયોજન બતાવે છે. "एधि" ધાતુ પહેલા ગણનો છે. આ ધાતુમાં "इ" इत् સંજ્ઞા કરવામાં આવી છે. આ इत् સંજ્ઞાનું ફળ તે તે વિભક્તિઓમાં આત્મનેપદ કરવા માટે છે. આ "एधते"નો "તે ઉગે છે" એવો અર્થ થાય છે.

"સૂવું" અર્થવાળો "शीङ्" ધાતુ બીજા ગણનો છે. અહીં "ङ्" इत् સંજ્ઞાનું ફળ વર્તમાના વગેરે વિભક્તિઓમાં આત્મનેપદ કરવા સંબંધી છે. "शेते"નો અર્થ "તે સૂવે છે" એ પ્રમાણે થાય છે.

"यजीं" ધાતુ "यज्ञ" કરવા અર્થમાં પહેલા ગણનો છે. અહીં "ई" इत् સંજ્ઞાનું ફળ ફળવાન કર્તામાં આત્મનેપદ કરવાનું છે. આથી "यजते" અને "यजति" પ્રયોગો પ્રાપ્ત થાય છે. આ બંને પ્રયોગોનો "તે યજ્ઞ કરે છે" એ પ્રમાણે અર્થ થાય છે.

"ભેગું કરવા" અર્થવાળો "चिंगट्" ધાતુ પાંચમા ગણનો છે. અહીં "ग्" इत् સંજ્ઞા હોવાથી ફળવાન કર્તામાં આત્મનેપદ થાય છે. આથી "चिनोते" તથા "चिनोति" પ્રયોગોની પ્રાપ્તિ થાય છે. આ બંને પ્રયોગો "તે સંગ્રહ કરે છે" એવા અર્થમાં છે.

"ખંજવાળવા" સ્વરૂપ અર્થવાળાં "कण्डूग्" ધાતુથી વર્તમાના વિભક્તિ થતાં "कण्डूयते" અને "कण्डूयति" પ્રયોગની સિદ્ધિ થાય છે. આ બધા લૌકિક ધાતુ છે. આથી તેને ગણની નિશાની अ (शव्) લાગશે તેમજ "धातोः कण्ड्वादेर्यक्" (૩/૪/૮) સૂત્રથી સ્વાર્થમાં "यक्" પ્રત્યય થશે. ग् इत्‌નું ફળ ફળવાન કર્તા હોતે છતે ધાતુથી આત્મનેપદના પ્રત્યયો પણ થાય છે. આ બંને પ્રયોગોનો અર્થ તે ખંજવાળે છે એ પ્રમાણે થાય છે.

"સળગાવવું" અર્થમાં "दु" ધાતુ પાંચમા ગણનો છે. આ ધાતુથી ट्वितोऽथुः (૫/૩/૮૩) સૂત્રથી ભાવ અને અકર્તા અર્થમાં अथुस् પ્રત્યય થતાં दवथुः પ્રયોગ થાય છે. दवथुःનો સળગાવવું એ પ્રમાણે અર્થ થાય છે. અહીં ट् इत् સંજ્ઞા હોવાથી अथुस् પ્રત્યય થાય છે.

હવે નામમાં इत् સંજ્ઞા બતાવે છે - "चित्रङ्" શબ્દમાં "ङ्" इत् સંજ્ઞા છે. चित्र આશ્ચર્ય અર્થમાં છે. "नमो-वरिवस्..." (૩/૪/૩૭) સૂત્રથી આશ્ચર્ય અર્થમાં "चित्र" શબ્દથી પર "कृ" ધાતુથી क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે. "क्यनि" (૪/૩/૧૧૨) સૂત્રથી અવર્ણનો દીર્ઘ ई થતાં चित्रीयते પ્રયોગ થાય છે. चित्रीयतेનો તે આશ્ચર્યને કરે છે એ પ્રમાણે અર્થ થાય છે. અહીં ङ् इत् સંજ્ઞા નામધાતુને આત્મનેપદ કરે છે.

"माङ्" અવ્યયના યોગમાં (૫/૪/૩૯) સૂત્રથી ધાતુને અદ્યતનીના પ્રત્યયો થાય છે. "मा भवान् कार्षीत्" (આપે કર્યું નહીં.)

હવે પ્રત્યયમાં इत् સંજ્ઞા બતાવે છે - "भू" ધાતુ પહેલા ગણનો છે. આથી भू ધાતુથી પહેલા ગણની નિશાની अ (शव्) લાગે છે. અહીં व् इत् સંજ્ઞાનું ફળ ધાતુમાં ગુણની પ્રાપ્તિ છે. આથી भवति પ્રયોગ થાય છે. તેનો અર્થ 'તે થાય છે' એ પ્રમાણે છે.

હવે વિકારમાં इत् સંજ્ઞા બતાવે છે - चक्षो वाचि... (૪/૪/૪) સૂત્રથી "चक्ष्"નો જે ख्यांग् આદેશ થાય છે, ત્યાં ग् इत् સંજ્ઞાનું ફળ ફળવાન કર્તામાં આત્મેપદ થાય છે. આથી "व्याख्यातासे" અને "व्याख्यातासि" પ્રયોગ થાય છે. આ બંને પ્રયોગો 'તે કહેશે' અર્થમાં છે.

હવે આગમમાં इत् સંજ્ઞા બતાવે છે - પીવા અર્થમાં पा ધાતુને પરોક્ષા મધ્યમપુરુષ એકવચનનો थव् પ્રત્યય લાગતાં "स्कृ - असृ - वृ..." (૪/૪/૮૧) સૂત્રથી "इट्"નો આગમ થાય છે તથા "ट्" इत् સંજ્ઞાને કારણે "इडेत्पुसि चातो लुक्" (૪/૩/૯૪) સૂત્રથી पा ધાતુના आનો લોપ થતાં पपिथ રૂપ સિદ્ધ થાય છે. આ पपिथ 'તમે પીધું હતું' એ અર્થમાં છે.

इत् સંજ્ઞાના ઉદાહરણ સ્થળ इङितः कर्तरि (૩/૩/૨૨) વગેરે સૂત્રો છે.

## -: શબ્દમહાર્ણવન્યાસ :-

**अप्रयोगी**त्यादि-प्रयोगः शब्दस्योच्चारणम्, सोऽस्यास्तीति प्रयोगी, न प्रयोगी '**अप्रयोगी**' इति संज्ञिनिर्देशः, '**इत्**' इति संज्ञा । ननु यस्य सर्वथा प्रयोगाभावस्तस्येत्संज्ञायामतिप्रसङ्गः, उच्यते-यः शास्त्रे उच्चार्यते लौकिके च प्रयोगे न प्रयुज्यते स इहाऽऽश्रीयते । नन्वेतदपि कुतो लभ्यते ? लभ्यते अत एव, तथाहि-युज्यते संबध्यत इति योगः, प्रकृष्टो योगः संबन्धः प्रयोगः, तस्यैव नञा निषेधः क्रियते, न सर्वथा; ※ सविशेषणौ हि विधि-निषेधौ विशेषणेन संबध्येते ※ 'लोहितोष्णीषा ऋत्विजः प्रचरन्तु' इतिवत्; एवमिहापि यस्य शास्त्रोच्चारणे संबन्धोऽस्ति, लौकिकप्रयोगे तु संबन्धाभावस्तस्य निषेधः, न तु यस्य सर्वथा संबन्धाभावः, स च सामर्थ्याच्छास्त्रे उपदिश्यमान एव विज्ञायते इत्याह-**इह शास्त्रे उपदिश्यमान** इत्यादि ।

## -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૌપ્રથમ અપ્રયોગી શબ્દને સ્પષ્ટ કરે છે : "प्रयोग" શબ્દ "શબ્દના ઉચ્ચારણ" અર્થવાળો છે. હવે આ પ્રયોગ જેના સંબંધમાં છે એ પ્રમાણે સંબંધ અર્થમાં "इन्" પ્રત્યય લાગવાથી "प्रयोगिन्" શબ્દ બને છે. ત્યાર પછી "न प्रयोगी इति अप्रयोगी" પ્રયોગ પ્રાપ્ત થાય છે. સૂત્રમાં अप्रयोगी પદ દ્વારા સંજ્ઞીનો નિર્દેશ કરવામાં આવ્યો છે તથા अप्रयोगी પછી "इत्" શબ્દ લખ્યો છે, આ इत् શબ્દ સંજ્ઞાનો વાચક છે.

**પૂર્વપક્ષ :-** જેમાં સર્વથા શબ્દના ઉચ્ચારણનો અભાવ હશે તેમાં જો इत् સંજ્ઞા થશે તો

અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે. દા.ત. કોઈપણ ધાતુને क्विप् પ્રત્યય લાગે છે ત્યારે क्विप् પ્રત્યયના ઉચ્ચારણનો લૌકિક પ્રયોગમાં અભાવ થાય છે. આથી क्विप् પ્રત્યય સંબંધી इत् સંજ્ઞા માનવાની આપત્તિ આવે છે. ખરેખર તો લૌકિક પ્રયોગોમાં क्विप् પ્રત્યયનું અસ્તિત્વ તો હોય છે, માત્ર क् व् प् વગેરે વર્ણો इत् સંજ્ઞાવાળા થાય છે. આખો क्विप् પ્રત્યય इत् સંજ્ઞાવાળો થતો નથી. જો આખો પ્રત્યય જ इत् સંજ્ઞાવાળો થાય તો शत्रुजित् વગેરે પ્રયોગો क्विप् પ્રત્યયાન્તવાળા કહી શકાશે નહીં. આથી સર્વથા પ્રયોગના અભાવમાં इत् સંજ્ઞા માનવાથી ઉપરોક્ત આપત્તિ આવે છે.

**ઉત્તરપક્ષ :-** અમે શબ્દના ઉચ્ચારણના અભાવ તરીકે નીચે મુજબનો અર્થ લેવા માંગીએ છીએ. જે શાસ્ત્રમાં ઉચ્ચારણ કરાય છે અને લૌકિક પ્રયોગોમાં ઉચ્ચારણ કરાતાં નથી તે અહીં इत् સંજ્ઞા તરીકે આશ્રય કરાય છે.

**પૂર્વપક્ષ :-** જે શાસ્ત્રમાં ઉચ્ચારણ કરાય છે અને લૌકિક પ્રયોગોમાં જણાતા નથી તેવો અર્થ જો "અપ્રયોગી"નો કરવામાં આવશે તો આવો વિશિષ્ટ અર્થ કેવી રીતે પ્રાપ્ત કરાશે ?

**ઉત્તરપક્ષ :-** અહીં પ્રયોગ શબ્દનો વિશિષ્ટ સંબંધ એવો અર્થ થાય છે. આથી આ વિશિષ્ટ સંબંધનો नञ् દ્વારા નિષેધ કરાય છે, પરંતુ સર્વ પ્રકારે 'नञ्' દ્વારા નિષેધ કરાતો નથી. શાસ્ત્રમાં તે તે વર્ણો અથવા વર્ણોના સમુદાયનું ઉચ્ચારણ માત્ર થાય છે, પરંતુ વ્યવહારમાં અમુક વર્ણોનું ઉચ્ચારણ થતું નથી માટે તે "अप्रयोगी" કહેવાય છે. હવે क्विप् પ્રત્યય સંબંધમાં આવું કહી શકાતું નથી. કારણ કે क्विप् પ્રત્યયનું શાસ્ત્રમાં જેમ ઉચ્ચારણ છે તેમ લૌકિક પ્રયોગમાં પણ "क्विप्" પ્રત્યયની વિદ્યમાનતા છે, જે કર્તા અર્થ સૂચિત થવાથી જણાય છે. क्, व्, प् વગેરે વર્ણો લૌકિક પ્રયોગોમાં રહેતા નથી. આમ, પ્રયોગ શબ્દથી વિશિષ્ટ સંબંધ અર્થ લેવાનો છે. આથી જ્યાં વિશિષ્ટ સંબંધનો અભાવ છે એમાં इत् સંજ્ઞા થાય છે. આ વિશિષ્ટ સંબંધ તરીકે આચાર્ય ભગવંતે બૃહદ્વૃત્તિમાં જણાવ્યું છે કે શાસ્ત્રમાં ઉપદેશ કરાતો વર્ણ અથવા તો વર્ણનો સમુદાય જે લૌકિક પ્રયોગમાં જણાતો નથી, તે इत् સંજ્ઞાવાળો થાય છે.

"अप्रयोगी" શબ્દમાં જે નિષેધ છે એ પ્રસજ્યનિષેધ છે. પ્રસજ્યનિષેધમાં નિષેધની પ્રધાનતા હોય છે. આથી નિષેધ વિશેષ્ય બને છે તેથી વિશેષણ સ્વરૂપ જે પ્રયોગી શબ્દ છે તેનાથી વિશિષ્ટ *એવો નિષેધ થાય છે. શાસ્ત્રમાં એક ન્યાય આવે છે - વિશેષણવાળા વિધિ અને નિષેધ હોય* તો વિધિ અને નિષેધ વિશેષણ સાથે સંબંધિત થાય છે. દા.ત. વૈદિક પરંપરામાં જે યજ્ઞ કરનારાઓ હોય છે, તેઓ લાલ પાઘડી પહેરે છે. આથી 'લાલ પાઘડીવાળા એવા યજ્ઞ કરનારાઓ ફરો' એવું વિધાન કરાયું હોય ત્યાં ફરવા સ્વરૂપ વિધિ લાલ પાઘડી સ્વરૂપ વિશેષણ સાથે સંબંધ રાખે છે. જો યજ્ઞ કરનારાઓ લાલ પાઘડીવાળા હશે તો માત્ર તેઓને જ (લાલ

પાઘડીવાળાને) ફરવાનું વિધાન કરાયું છે. એ જ પ્રમાણે અહીં પ્રયોગી સ્વરૂપ વિશેષણને આશ્રયીને इत् સંજ્ઞાનું વિધાન કરાશે. બધા જ નિષેધોમાં इत् સંજ્ઞા થશે નહીં, પરંતુ વિશિષ્ટ પ્રકારના સંબંધનો જેમાં અભાવ હશે તેમાં જ इत् સંજ્ઞાનું વિધાન થશે, આવો સંબંધ સામર્થ્યથી આ પ્રમાણે જણાય છે. શાસ્ત્રમાં જે વર્ણ અથવા વર્ણના સમુદાયનો ઉપદેશ કરાયો છે, પરંતુ લૌકિક શબ્દ પ્રયોગોમાં જણાતો નથી તેની જ इत् સંજ્ઞા થાય છે, પરંતુ જેનો સર્વ પ્રકારે અભાવ છે તેની इत् સંજ્ઞા થતી નથી.

**( શ૦ન્યા૦ ) वर्णस्तत्समुदायो वे**ति–विशेषानुपादानादुभयस्याप्रयोगिणः (ग्रहणमित्यर्थः)। शास्त्रे सूत्रपाठे खिलपाठे च धातु–नाम–प्रत्यया–ऽऽगमा–ऽऽदेशोपदेशे**षूपदिश्यमानः। लौकिक** इति–लोकस्य ज्ञातो लौकिकस्तस्मिन्, प्रयुक्तिः प्रयोगः, शब्दस्य प्रयोगः शब्दप्रयोगः, नाट्यादि-प्रयोगश्च व्यवच्छेद्यस्तत्र, **यो न दृश्यते** इति ।

**અનુવાદ :-** અહીં સૂત્રમાં જે જે ઉપદેશ કરાયો છે અને લૌકિક શબ્દપ્રયોગમાં જે જણાતું નથી, તે इत् સંજ્ઞાવાળું થાય છે. આથી શંકા થાય છે કે લૌકિક શબ્દપ્રયોગોમાં વર્ણ નથી જણાતો તેમ સમજવું કે વર્ણનો સમુદાય નથી જણાતો તેમ સમજવું ? સૂત્રમાં કોઈ વિશેષનું ગ્રહણ ન હોવાથી વર્ણ અને વર્ણનો સમુદાય ઉભય अप्रयोगी તરીકે લઈ શકાશે.

શાસ્ત્ર બે ભાગમાં છે : (૧) સૂત્રપાઠ અને (૨) ખિલપાઠ. સૂત્રપાઠ મુખ્ય છે, જ્યારે ખિલપાઠ ગૌણ છે. દા.ત. सर्वादेः स्मै - स्मातौ (૧/૪/૭) સૂત્રમાં सर्व વગેરે શબ્દોથી ङे અને ङसिनो અનુક્રમે स्मै અને स्मात् આદેશ થાય છે. આ સૂત્રપાઠ કહેવાય છે તથા "आदि" શબ્દથી સૂત્રની ટીકામાં જે सर्वादि ગણપાઠ બતાવ્યો છે, તે "खिलपाठ" કહેવાય છે. આમ તો खिलનો અર્થ અપૂર્ણ થાય છે તથા 'न खिल इति अखिल' અખિલનો સંપૂર્ણ અર્થ થાય છે. આથી खिलपाठ એ અપૂર્ણ પાઠ કહેવાય છે. उणादि તથા ધાતુપાઠ વગેરે खिलपाठ કહેવાય છે. અહીં વર્ણ અથવા વર્ણનો સમુદાય એ શાસ્ત્રમાં ઉપદેશ કરાતો હોય તે સમજવાનો છે.

આથી શાસ્ત્ર તરીકે खिलपाठ (ધાતુ, નામ વગેરે સ્વરૂપ) તથા सूत्रपाठ સમજવાનો છે. ધાતુ, નામ, પ્રત્યય, આગમ, આદેશ સ્વરૂપ ઉપદેશોમાં, ઉપદેશ કરાતો (કથન કરાતો) વર્ણ અથવા વર્ણનો સમુદાય જે લૌકિક શબ્દપ્રયોગોમાં નથી જણાતો તે इत् સંજ્ઞાવાળો થાય છે. આથી ઉપદેશ તરીકે सूत्रपाठ અને खिलपाठ બંનેનું ગ્રહણ થઈ શકશે. કાશિકાકારે ઉપદેશની વ્યાખ્યા શાસ્ત્રવાક્ય તરીકે કરી છે અને શાસ્ત્રવાક્યનો અર્થ सूत्रपाठ અને खिलपाठ થાય છે.

હવે લૌકિક શબ્દપ્રયોગને ખોલે છે. લોકને જે જણાય છે તે લૌકિક કહેવાય છે. આથી લોકને જણાતો એવો શબ્દપ્રયોગ સ્વરૂપ અર્થ લૌકિક શબ્દપ્રયોગનો થાય છે. અહીં પ્રયોગનો અર્થ

*શબ્દપ્રયોગ કર્યો છે. આવો અર્થ નાટ્ય વગેરે પ્રયોગનો વ્યવચ્છેદ કરવા માટે કર્યો છે. અહીં* લૌકિક પ્રયોગ તરીકે જેમ શબ્દપ્રયોગ આવે છે તેમ નાટ્ય વગેરે પ્રયોગ પણ આવે છે. નાટ્ય પ્રયોગ તરીકે નાટ્યનો અભિનય સમજવાનો છે. કાલિદાસ કહે છે કે, જ્યારે નાટ્ય કલાકાર નાટક ચાલુ કરે છે ત્યારે બોલે છે કે જ્યાં સુધી દર્શક પ્રસન્ન નહીં થાય ત્યાં સુધી પ્રયોગની (અભિનયની) શ્રેષ્ઠતાને માનીશ નહીં. આથી અહીં પ્રયોગનો અભિનય અર્થ જણાય છે. આ પ્રમાણે જે શાસ્ત્રમાં (सूत्रपाठ અને खिलपाठમાં) ઉપદેશ કરાય છે તે વર્ણ અથવા વર્ણનો સમુદાય જો લૌકિક શબ્દપ્રયોગોમાં ન દેખાતો હોય તો તે इत् સંજ્ઞાવાળો થાય છે.

**(શ૦ન્યા૦)** ननु कथमदर्शनम् ? दृशो ह्यर्थो यः (ननु कथमदर्शनं नञोऽर्थः ? यः) सत्स्वन्येषु दर्शनप्रत्ययेषु न दृश्यते स नास्तीति निश्चीयते, अत्र तु कथं न दृश्यत इत्युक्तमित्याह– **एत्यपगच्छती**ति । ननु प्रमाणमन्तरेण वचनमात्रेणापगमाभावादपगमे यतितव्यमित्यत आह– **अप्रयोगित्वे**त्यादि ।

**અનુવાદ :-** લૌકિક શબ્દપ્રયોગોમાં જે નથી દેખાતો એ સંદર્ભમાં પૂર્વપક્ષ કહે છે કે અહીં અદર્શન કેવી રીતે ? दृश् ધાતુનો જે અર્થ છે તે જોવા સ્વરૂપ અર્થ છે અને એ જોવા સ્વરૂપનો અભાવ તે અદર્શન છે. હવે જે જે પદાર્થો દેખાતાં નથી તે તે પદાર્થો અદર્શન તરીકે લઈ શકાશે અથવા તો લૌકિક શબ્દપ્રયોગોમાં જે જે દેખાતાં નથી તે તે અદર્શન તરીકે લઈ શકાશે. અન્ય જોવાના નિમિત્તો હાજર હોતે છતે જે દેખાતું નથી તે નથી એવો નિર્ણય થાય છે. અહીં કેવી રીતે દેખાતું નથી ? એ જિજ્ઞાસાના સંદર્ભમાં કહે છે કે લૌકિક શબ્દપ્રયોગોમાંથી જતાં રહે છે તે વર્ણ અથવા વર્ણનો સમુદાય અદર્શન સ્વરૂપ દેખાય છે, લૌકિક શબ્દપ્રયોગોમાં તે જતા રહે છે માટે તે અદર્શન સ્વરૂપ થાય છે.

'એકની હાજરીમાં બીજો જતો રહે છે તે અદર્શન સ્વરૂપ છે,' આ વાત જ્યાં સુધી પ્રમાણિત ન થાય ત્યાં સુધી વચન માત્રથી દૂર થવાનો અભાવ હોવાથી વર્ણોને દૂર કરવા માટે સૂત્ર દ્વારા પ્રયત્ન કરવો જોઈએ. અન્ય પ્રમાણ વિના વચન માત્રથી જ દૂર થવાનો અભાવ હોવાથી વર્ણોને દૂર કરવાના નિમિત્તે પ્રયત્ન કરવા યોગ્ય છે. આ શંકાના અનુસંધાનમાં જ બૃહદ્વૃત્તિમાં આચાર્ય ભગવંતશ્રીએ પંક્તિઓ લખી છે કે, અપ્રયોગિત્વના કથનથી જ સંજ્ઞાનું વિધાન હોવાથી વર્ણ અથવા તો વર્ણના સમુદાયના પ્રયોગના અભાવની સિદ્ધિ થઈ જશે.

**(શ૦ન્યા૦)** अयं भावः–अप्रयोगित्वानुवादेनेत्संज्ञाविधानाद्, अनुवादाच्च विध्यवसायात् तल्लोप–सिद्धिः, लोपाभावे हि तत्प्रयोगादप्रयोगित्वाभावात् संज्ञिन एवाभावादित्संज्ञाया अभावः । अथवा यस्य कादाचित्कः प्रयोगः सोऽप्रयोगी, सर्वथा प्रयोगाभावे धर्म्मिण एवाभावात् कस्य

संज्ञा स्यात् ?, तत्र चातिप्रसङ्गः सर्वस्य कादाचित्कप्रयोगात्, 'वृक्षँ, खट्वाँ' इत्यादावनुनासिकस्यापि इत्संज्ञाप्रसङ्गः । न च इत्-कार्याभावादित्संज्ञा न भविष्यतीति वक्तुमुचितम्, तदनुवादेन विधीयमानस्य लोपस्यैव कार्यत्वात्; नैवम्-अकार्यत्वाल्लोपस्य, इह हि शब्दस्य कार्यार्थो वा भवति प्रयोगः श्रवणार्थो वा, कार्यं चेह नास्ति, अकार्ये सति यदि श्रवणमपि न स्यात् प्रयोगोऽनर्थकः स्याद् ।

**અનુવાદ :-** આનો ભાવ આ પ્રમાણે છે : "अप्रयोगित्व"ના અનુવાદથી इत् સંજ્ઞાનું વિધાન થાય છે અને અનુવાદથી વિધિનો બોધ થાય છે. અર્થાત્ શબ્દના ઉચ્ચારણનો અભાવ થાય છે એ અનુવાદ છે અને આ અનુવાદથી इत् સંજ્ઞાનું વિધાન થયું છે. અર્થાત્ આ અનુવાદથી જ વિધિનો બોધ થાય છે અને આ પ્રમાણે હોવાથી इत् સંજ્ઞા સ્વરૂપ જે વર્ણ અથવા તો વર્ણનો સમુદાય હોય છે, તેનો લોપ સિદ્ધ થાય છે. જો इत् સંજ્ઞા સ્વરૂપ વર્ણનો લોપ નહીં થાય તો તે તે વર્ણોનો પ્રયોગ શાસ્ત્રમાં જણાશે. આથી અપ્રયોગિપણાંનો અભાવ થશે અને અપ્રયોગિપણાંનો અભાવ થવાથી જ સંજ્ઞીનો પણ અભાવ થશે અને સંજ્ઞીનો અભાવ થવાથી इत् સંજ્ઞાનો અભાવ થશે.

જો તે તે વર્ણો અથવા તો વર્ણના સમુદાયના ઉચ્ચારણનો અભાવ થશે તો તેવા અભાવ સ્વરૂપ વર્ણો સંબંધી इत् સંજ્ઞા કેવી રીતે થઈ શકશે ? જે વસ્તુ સદ્ભાવીય હોય તેની સંજ્ઞાવિધિ થઈ શકે. જ્યારે અહીં તો જેના પ્રયોગનો અભાવ થાય છે એની इत् સંજ્ઞા કરવામાં આવે છે. આથી અભાવીય પદાર્થની इत् સંજ્ઞા થઈ શકે નહીં આ આપત્તિને દૂર કરવા માટે અથવા કરીને અપ્રયોગીનો નવો અર્થ બતાવવામાં આવ્યો છે.

જેનો કોઈકવાર પ્રયોગ થાય છે એ પ્રમાણે અપ્રયોગીનો અર્થ કરવો. અહીં અપ્રયોગીમાં જે નિષેધ છે, તે ઈષત્ અર્થમાં છે અર્થાત્ જેનો ક્યારેક ક્યારેક પ્રયોગ થાય છે તે અપ્રયોગી છે.

**પૂર્વપક્ષ :-** પણ આવો અર્થ કરવામાં આવશે તો પણ આપત્તિ આવશે. બધા શબ્દોનો તે તે અવસરે જ પ્રયોગ થતો હોવાથી તેની તેની इत् સંજ્ઞા માનવાની આપત્તિ આવે છે. જેમ કે ક્યારેક સર્વ શબ્દનો પ્રયોગ થાય છે, ક્યારેક વિશ્વ શબ્દનો પ્રયોગ પણ થાય છે તથા "अ-इ-उ वर्णस्यान्ते..." (૧/૨/૪૧) સૂત્રથી अवर्ण, इवर्ण અને उवर्ण જો વિરામમાં આવે તો અનુનાસિક આદેશ વિકલ્પે થાય છે. આ સૂત્ર પ્રમાણે वृक्षँ, खट्वाँ વગેરે પ્રયોગોમાં અનુનાસિકનો ક્યારેક ક્યારેક પ્રયોગ થતો હોવાથી અનુનાસિકમાં પણ इत् સંજ્ઞા થવાની પ્રાપ્તિ આવે છે.

**ઉત્તરપક્ષ :-** અહીં અનુનાસિકની इत् સંજ્ઞા થવાની આપત્તિ આવશે નહીં. કારણ કે इत् સંજ્ઞાનું કોઈ કાર્ય જણાતું નથી, માટે इत् સંજ્ઞા થશે નહીં. દા.ત. ભૂતકૃદન્તનો क्त પ્રત્યય હોય ત્યાં

क्तની જે इत् સંજ્ઞા કરવામાં આવી છે તે इत् સંજ્ઞાનું કાર્ય ગુણનો નિષેધ કરવાનું છે. એવું કોઈ કાર્ય અહીં અનુનાસિક इत् સંજ્ઞાનું જણાતું નથી માટે અનુનાસિકની इत् સંજ્ઞા થાય તો પણ તે इत् સંજ્ઞા નિમિત્તક કાર્યનો અભાવ હોવાથી કોઈ આપત્તિ નથી.

**પૂર્વપક્ષ :-** અનુનાસિક इत् સંજ્ઞાનું કોઈ કાર્ય ન હોવાથી इत् સંજ્ઞા થશે નહીં. આ પ્રમાણે કહેવું યોગ્ય નથી, કારણ કે इत् સંજ્ઞા કરતી વખતે જ અનુવાદ દ્વારા લોપનું વિધાન કરાયું છે. આ પ્રમાણે વિધાન કરાયેલો એવો લોપ પણ કાર્ય સ્વરૂપ હોવાથી આપે જે કાર્યના અભાવની આપત્તિ આપી હતી તે રહેશે નહીં. માટે અનુનાસિકની પણ इत् સંજ્ઞા થવાની આપત્તિ આવે છે.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે કહેવું નહીં, કારણ કે લોપનું અકાર્યપણું છે. જે જે इत् સંજ્ઞાના વર્ણો છે તેનો તેનો લોપ થઈ જાય છે, એ લોપ કાંઈ કાર્ય સ્વરૂપ નથી. કારણ કે इत् સંજ્ઞાના જે જે વર્ણોનો લોપ થવાનો હોય તે તે વર્ણો નિમિત્તક અન્ય કોઈ કાર્ય હોય તો જ તે કાર્ય સ્વરૂપ કહેવાશે. જેમ કે ભૂતકૃદન્તનો "क्त" પ્રત્યય છે. અહીં क् ના નિમિત્તથી ગુણ ન કરવો એ કાર્ય સ્વરૂપ છે માટે માત્ર લોપને કાર્ય સ્વરૂપ કહેવાશે નહીં. આ શાસ્ત્રમાં તે તે શબ્દનો કાર્યના પ્રયોજનથી પ્રયોગ થાય છે અથવા તો શ્રવણના પ્રયોજનથી પ્રયોગ થાય છે. અહીં અનુનાસિક "इत्"માં આવા બંને કાર્યનો અભાવ હોવાથી જ इत् સંજ્ઞા મનાશે નહીં અને અકાર્ય હોતે છતે જો શ્રવણ પણ ન થાય તો એવા વર્ણોનો પ્રયોગ પણ અનર્થક થશે.

**(શ૦ન્યા૦)** इदमस्तीत्कार्यम्–इह यदा *अनेकान्ता अनुबन्धाः* तदाऽनन्तरमित्संज्ञकः कार्यस्य विशेषको भवतीति धातोरादित्त्वादिड्निषेधप्रसङ्गः । तर्हि धात्वादिपाठकाल एव यस्य प्रयोगोऽन्यदा त्वप्रयोगस्तस्येत्संज्ञेति विधास्यामः, सत्यम्–सिध्यति, सूत्रं तु भिद्यते, तर्हि यथान्या-समेवाऽस्तु । ननु चोक्तमित्संज्ञायां सर्वप्रसंगोऽविशेषात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** અહીં 'इत्'સંજ્ઞા કાર્ય સંબંધમાં હવે અમે જણાવીએ છીએ : વ્યાકરણમાં જે જે વર્ણોનો ઉપયોગ થયો હોય તેવા 'इत्'સંજ્ઞાવાળા વર્ણોનું 'इत्' કાર્ય આ પ્રમાણે છે : અનુબંધો અનવયવ સ્વરૂપ હોય છે એવો ન્યાય આવે છે. અર્થાત્ અનુબંધો પ્રકૃતિ વગેરેના અવયવ સ્વરૂપ થતાં નથી. સંબંધો બે પ્રકારના હોય છે : (૧) ન્યાયદર્શને માનેલ સમવાયસંબંધવાળો એવો અવયવ-અવયવીભાવ સંબંધ હોય છે. દા. ત. હાથ અને શરીર. તથા (૨) સંયોગસંબંધ સ્વરૂપ સંબંધ પણ હોય છે. દા. ત. વસ્ત્ર અને શરીર. હવે જો અનુબંધો સમવાયસંબંધ સ્વરૂપ હોય તો પ્રકૃતિ અથવા પ્રત્યય વગેરે સાથે અભેદભાવે હોય તથા સંયોગસંબંધ સ્વરૂપ હોય તો અનુબંધો પ્રકૃતિ વગેરે સાથે કાયમ રહી શકે નહીં.

અહીં અનુબંધો અનવયવ સ્વરૂપ છે. આથી પ્રકૃતિ વગેરે સાથે અનુબંધોનો સંબંધ અમુક સમય

માટે જ હશે અને આમ થશે તો આસન્ન એવા 'इत्'સંજ્ઞાવાળા વર્ણો (અર્થાત્ જે વર્ણના પ્રયોગોનો ક્યારેક અભાવ થતો હોય તેવા વર્ણોની આસન્ન રહેલા 'इत्'સંજ્ઞાવાળા વર્ણો) કાર્યના વિશેષક થાય છે. અને આ પ્રમાણે માનવામાં આવશે તો 'खट्वाँ चरिता' વગેરે પ્રયોગમાં 'क्त' અને 'क्तवतु'ની આદિમાં 'इट्' નિષેધનો પ્રસંગ આવશે. 'आदितः' (૪/૪/૭૧) સૂત્રથી 'आ' इत्‌વાળા ધાતુઓથી 'क्त' અને 'क्तवतु'ની આદિમાં 'इट्'નો નિષેધ થાય છે. હવે 'खट्वाँ चरिता' પ્રયોગમાં અનુનાસિકની અનંતર એવો 'इत्' સંજ્ઞાવાળો વર્ણ 'आ' કાર્યનો વિશેષક થશે. અને આમ થશે તો 'चर्' ધાતુમાં (૪/૪/૭૧) સૂત્રથી 'क्त'ની આદિમાં 'इट्'નો નિષેધ થશે. અને આમ થશે તો 'खट्वाँ चरिता' સ્વરૂપ અનિષ્ટ પ્રયોગ થશે. વાસ્તવમાં તો આ પ્રયોગ ઈષ્ટ મનાયો છે.

**ઉત્તરપક્ષ :-** તો પછી ધાતુ વગેરે પાઠ સમયે જેનું ઉચ્ચારણ હોય છે તથા અન્ય સમયે અર્થાત્ લૌકિક પ્રયોગોના સમયે જેનું ઉચ્ચારણ નથી હોતું તે 'इत्'સંજ્ઞાવાળા કહેવાય છે. આથી જ 'खट्वाँ चरिता' પ્રયોગમાં હવે 'इट्' નિષેધની આપત્તિ આવશે નહિ. કારણ કે 'खट्वाँ चरिता' પ્રયોગ તો લૌકિક પ્રયોગોમાં જણાય જ છે.

**પૂર્વપક્ષ :-** હા, આમ કરવાથી 'इत्'સંજ્ઞાનું કાર્ય તો સિદ્ધ થઈ શકશે, પરંતુ આવો અર્થ તો સૂત્રથી પ્રાપ્ત થતો નથી. સૂત્ર પ્રમાણે તો જેનું શાસ્ત્રમાં ઉચ્ચારણ કરાય છે અને લૌકિક પ્રયોગોમાં ઉચ્ચારણ કરાતું નથી તે 'इत्'સંજ્ઞાવાળા થાય છે. જ્યારે અહીં તો ધાતુપાઠ, સૂત્રપાઠ વગેરેમાં એનો પ્રયોગ થાય છે. જ્યારે લૌકિક પ્રયોગોમાં જેનું ઉચ્ચારણ થતું નથી તે 'इत्'સંજ્ઞાવાળો થાય છે એવું કહેવાયું. આમ, સૂત્રનો અર્થ ભિન્ન થઈ ગયો.

**ઉત્તરપક્ષ :-** તો પછી સૂત્રનો જે પ્રમાણે અર્થ છે તે જ રહેવા દેવો જોઈએ. સૂત્રનો અર્થ તો બદલી શકાશે નહીં.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે સૂત્રનો અર્થ નહીં બદલશો તો 'इत्'સંજ્ઞા અતિવ્યાપ્તિ દોષવાળી થશે. જ્યાં જ્યાં 'इत्'સંજ્ઞા ન થવી જોઈએ ત્યાં ત્યાં પણ 'इत्'સંજ્ઞા થશે. દા. ત. 'खट्वाँ' શબ્દમાં અનુનાસિક 'इत्'સંજ્ઞાવાળો થશે. વળી અન્ય ઠેકાણે પણ 'इत्'સંજ્ઞાની આપત્તિ આવે છે. દા. ત. શાસ્ત્રમાં 'क्विप्' પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે. અહીં 'क्' અને 'प्' इत्‌સંજ્ઞા છે, જ્યારે 'इ' ઉચ્ચારણ માટે છે, પરંતુ 'व्' 'इत्'સંજ્ઞા સ્વરૂપ નથી. જે પ્રમાણે 'क्' અને 'प्' વર્ણ અનુક્રમે ગુણનો નિષેધ તેમજ 'त्'નો આગમ કરવા સ્વરૂપ કાર્યના વિશેષક તરીકે થાય છે. તે જ પ્રમાણે 'व्' કોઈ કાર્યના વિશેષક તરીકે થતો નથી. આથી એવું કહેવામાં આવે છે કે 'क्' અને 'प्' અનુબંધો કયાં પ્રત્યયના સંબંધમાં છે એ જિજ્ઞાસાના સંદર્ભમાં કહેવામાં આવે છે કે 'व्' પ્રત્યયના સંબંધમાં 'क्' અને 'प्' અનુબંધો છે, છતાં પણ આ 'व्'નો લૌકિક શબ્દ પ્રયોગોમાં તો અભાવ જણાય છે. આથી તમે કહેલા અર્થ પ્રમાણે તો આખા 'क्विप्' પ્રત્યયની પણ 'इत्'સંજ્ઞા થવાની

આપત્તિ આવે છે: સૂત્રમાં એવી કોઈ વિશેષતા જણાવી નથી કે અમુક વર્ણોનો અભાવ થાય તો 'इत्'સંજ્ઞા થાય અને અમુક વર્ણોનો અભાવ ન થાય તો 'इत्'સંજ્ઞા ન થાય. આમ 'क्विप्' પ્રત્યય સંબંધી આપત્તિ પણ વિદ્યમાન જ છે.

**( શ૦ન્યા૦ )** नैष दोषः–प्रयुज्यतेऽनेनेति प्रयोगः शास्त्रम्, करणसाधनः, न सिध्यति, अनवकाशत्वादनटा भाव्यम् । न ब्रूमः "भावाकर्त्रोः" [५.३.१८.] इति, किं तर्हि ? "व्यञ्जनाद् घञ्" [५.३.१३२.] । ननु नाम्नीति वर्त्तते, न चेदं नाम, बहुलवचनादनाम्न्यपि भविष्यति, बाहुलकान्नाम्नि भवति, क्वचिदनाम्न्यपि; न–प्रत्ययस्य विधेयतया प्राधान्याद् बहुलग्रहणं प्रत्ययेनैव संबध्यते, न तु गुणेन संज्ञयेति; बहुलग्रहणात् संज्ञायामेव स्याद् वा न वा ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આપે બતાવેલ દોષ આવશે નહિ. કારણ કે "प्रयोग" શબ્દની વ્યુત્પત્તિ અગાઉ અમે "प्रकृष्टो योगः इति प्रयोगः" એ પ્રમાણે કરી હતી, એને બદલે અમે હવે "प्रयुज्यते अनेन इति प्रयोगः" એ પ્રમાણે વ્યુત્પત્તિ કરીશું. આથી કરણકારક તરીકે "શાસ્ત્ર" અર્થ થશે. "જેના વડે પ્રયોગ કરાય છે" તેવો પ્રયોગ શબ્દનો અર્થ થશે. આથી પ્રયોગનો અર્થ વ્યવહાર, ઉચ્ચારણ વગેરે નહિ થાય, પરંતુ "શાસ્ત્ર" અર્થ થશે. અહીં કરણકારકમાં "घञ्" પ્રત્યય લાગ્યો છે.

**પૂર્વપક્ષ :-** અહીં કરણ અર્થમાં "घञ्" પ્રત્યય લાગી શકશે નહિ. "घञ्" પ્રત્યય માટે "भावाऽकर्त्रोः" (૫/૩/૧૮) સૂત્ર છે, જે ભાવ અને કર્તા સિવાયનાં તમામ કારકમાં "घञ्" પ્રત્યયનું વિધાન કરે છે.

જ્યારે "करणाऽऽधारे" (૫/૩/૧૨૯) સૂત્રથી "अनट्" પ્રત્યયનું વિધાન થાય છે. અહીં "अनट्" પ્રત્યય કરણ અને આધાર અર્થમાં જ થાય છે. આથી (૫/૩/૧૮) સૂત્ર એ સાવકાશ સૂત્ર કહેવાશે. એની નજરમાં (૫/૩/૧૨૯) સૂત્ર એ અનવકાશ સૂત્ર કહેવાશે. આથી કરણમાં *"घञ्"ને બદલે "अनट्" પ્રત્યય જ પ્રાપ્ત થાય છે. આમ કરણમાં "घञ्" પ્રત્યય પ્રાપ્ત થતો* ન હોવાથી "प्रयोग" શબ્દનો "શાસ્ત્ર" અર્થ કરી શકાતો નથી.

**ઉત્તરપક્ષ :-** અમે "भावा-ऽकर्त्रोः" (૫/૩/૧૮) સૂત્રથી "घञ्" પ્રત્યય કરવાનું કહેતાં નથી. પરંતુ "व्यञ्जनाद् घञ्" (૫/૩/૧૩૨) સૂત્રથી "घञ्" પ્રત્યય કરવાનું કહીએ છીએ. આ સૂત્ર પ્રમાણે કરણ અને આધાર અર્થમાં જ "घञ्" પ્રત્યય થાય છે. આથી હવે "अनट्" પ્રત્યયની આપત્તિ આવશે નહિ.

**પૂર્વપક્ષ :-** જો "व्यञ्जनाद् घञ्" (૫/૩/૧૩૨) સૂત્રથી "घञ्" પ્રત્યયનું વિધાન કરશો તો આ સૂત્રમાં તો "पुंनाम्नि घः" (૫/૩/૧૩૦) સૂત્રથી "नाम्नि"ની અનુવૃત્તિ પણ આવે છે. આથી

સંજ્ઞાનાં વિષયમાં હોય તો જ "घञ्" પ્રત્યય થવાની પ્રાપ્તિ આવે છે. અહીં "प्रयोग" શબ્દ કંઈ સંજ્ઞાનાં વિષયમાં નથી કે જેથી (૫/૩/૧૩૨) સૂત્રથી "घञ्"ની પ્રાપ્તિ આવે.

**ઉત્તરપક્ષ :-** "बहुलम्" અધિકારથી અસંજ્ઞાનાં વિષયમાં પણ "घञ्" પ્રત્યય થઈ શકશે. "बहुलम्" અધિકારથી ક્યાંક સંજ્ઞાનાં વિષયમાં "घञ्" પ્રત્યય થશે તેમજ ક્યાંક અસંજ્ઞાનાં વિષયમાં પણ "घञ्" પ્રત્યયં થશે.

**પૂર્વપક્ષ :-** તમારી આ વાત બરાબર નથી. "बहुलम्" અધિકાર પ્રધાનની સાથે સંબંધ રાખે છે. "व्यञ्जनाद् घञ्" (૫/૩/૧૩૨) સૂત્રથી પ્રધાનપણાંથી "घञ्"નું વિધાન છે. આથી "बहुलम्"નો અધિકાર "घञ्" પ્રત્યયની સાથે જ સંબંધવાળો થશે. પરંતુ ગૌણ એવી સંજ્ઞાની સાથે "बहुलम्"નો અધિકાર સંબંધિત થઈ શકશે નહિ. અહીં "बहुलम्" અધિકારથી (૫/૩/૧૩૨) સૂત્રનો અર્થ નીચે પ્રમાણે પ્રાપ્ત થશે - વ્યંજનાંત ધાતુથી કરણ અને આધારમાં સંજ્ઞાવાચક નામોમાં જ ઘણું કરીને "घञ्" પ્રત્યય થશે અથવા નહિ થાય. આમ "घञ्" પ્રત્યયની હાજરીમાં સંજ્ઞા તો રહેશે જ. આમ તમારા કહેવા પ્રમાણે અસંજ્ઞા અર્થમાં "घञ्" પ્રત્યય થઈ શકતો નથી.

**(श०न्या०)** *नह्युपाधेरुपाधिर्भवति, विशेषणस्य वा, विशेषणम्* इति; उपाधिविशेषणयोश्च वाच्यत्वा-ऽवाच्यत्वाभ्यां विशेषः, तथाहि-दृतिहरिरिति प्रत्ययेन कर्त्ता पशुरभिधीयते इति पशुरुपाधिः। गार्गिकया श्लाघत इति श्लाघाऽकञा नाभिधीयत इति विशेषणमुच्यते। यदि *उपाधिरुपाधेर्न भवति, विशेषणस्य वा विशेषणम्* इति ततः "कल्याण्यादेरिन् चान्तस्य" [६.१.७३.] "कुलटाया वा" [६.१.७८.] इति निर्देशो न प्राप्नोति, तत्र हि प्रत्ययस्य विधेयतया प्राधान्यात् तादर्थ्येन प्रकृतेर्गुणत्वात् तदादेशस्येनोऽपि गुणत्वादुपाधित्वादिति।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** (૫-૩-૧૩૨) સૂત્રથી જે "घञ्" પ્રત્યયનું વિધાન છે તે કરણ અને આધાર અર્થમાં છે. આથી "घञ्" પ્રત્યયની ઉપાધિ સ્વરૂપ જે અર્થવિશેષ છે તે કરણ સ્વરૂપ છે. વ્યાકરણમાં અર્થવિશેષને ઉપાધિ કહેવામાં આવે છે. આથી કરણાર્થ એ ઉપાધિ છે અને "घञ्" પ્રત્યયાન્ત એવો જે શબ્દ છે તે શબ્દથી ઉપાધિ વાચ્ય બને છે. દા.ત. "चेष्टते अनेन इति चेष्टो बलम्।" અહીં "बलम्" એ અર્થવિશેષ છે, જે "चेष्टः" શબ્દથી વાચ્ય છે. હવે "बहुलम्" અધિકાર જો કરણ સંબંધી "घञ्" પ્રત્યયનાં વિષયમાં થાય તો ગૌણ એવા કરણ અર્થની ઉપાધિ સ્વરૂપ સંજ્ઞા છે. આથી સંજ્ઞાનાં વિષયમાં પણ "बहुलम्" અધિકાર આવી શકે છે, એવું જો તમે (ઉત્તરપક્ષ) કહેતા હો તો વ્યાકરણમાં એક ન્યાય આવે છે કે, ઉપાધિની ઉપાધિ નથી થતી અથવા તો વિશેષણનું વિશેષણ નથી થતું. આથી, "बहुलम्" અધિકાર કરણમાં "घञ्"

પ્રત્યયની સાથે જ થઈ શકશે, પરંતુ સંજ્ઞામાં થઈ શકશે નહિ. આથી તમે (ઉત્તરપક્ષ) "व्यञ्जनाद् घञ्" (૫/૨/૧૩૨) સૂત્રથી સંજ્ઞામાં, "घञ्" પ્રત્યય સંબંધમાં "बहुलम्" અધિકાર લાવી શકશો નહિ.

હવે જો ઉપાધિની ઉપાધિ થતી નથી એવો ન્યાય છે તો કરણ અર્થમાં 'घञ्' પ્રત્યય થાય છે જે ઉપાધિ સ્વરૂપ છે અને તે જ વિધેય સ્વરૂપે છે.હવે આ ઉપાધિ સ્વરૂપ 'घञ्' પ્રત્યય સંજ્ઞામાં થાય છે, તો સંજ્ઞા એ ઉપાધિની ઉપાધિ થશે. આથી 'बहुलम्' અધિકાર માત્ર ઉપાધિ (घञ्) સાથે થશે, પરંતુ 'बहुलम्' અધિકારનો સંબંધ ઉપાધિની ઉપાધિ 'સંજ્ઞા' સાથે થશે નહીં. ઉપાધિની ઉપાધિ થતી નથી એવો ન્યાય હોવાથી જ 'बहुलम्' અધિકારનો સંબંધ મુખ્ય વિધેય એવા 'घञ्' પ્રત્યય સાથે થશે, પરંતુ ઉપાધિની ઉપાધિ સ્વરૂપ સંજ્ઞા સાથે થશે નહીં.

ઉપાધિ અને વિશેષણનો ભેદ જણાવે છે - ઉપાધિ અને વિશેષણમાં વાચ્યત્વ અને અવાચ્યત્વથી ભેદ છે તે આ પ્રમાણે છે. "दृतिहरिः" પ્રયોગમાં "इ" પ્રત્યય વડે કર્તા સ્વરૂપ પશુ કહેવાય છે. અહીં "इ" પ્રત્યય પ્રધાન છે. જ્યારે કર્તા સ્વરૂપ પશુ અર્થવિશેષ અપ્રધાન છે. આથી "पशु" અર્થવિશેષ હોવાથી ઉપાધિ સ્વરૂપ છે તથા "गार्गिकया श्लाघते" આ પ્રયોગમાં "श्लाघा" એ વિશેષણ સ્વરૂપ છે. "गोत्रचरणा-च्छ्ला..." (૭/૧/૭૫) સૂત્રથી ગોત્રવાચી નામથી ભાવ અને કર્મમાં "ञित्" એવો "अकञ्" પ્રત્યય થાય છે. અહીં "अकञ्" પ્રત્યયથી "श्लाघा" સ્વરૂપ અર્થ જણાતો નથી, પરંતુ "अकञ्" પ્રત્યય તો માત્ર ભાવ અને કર્મ સ્વરૂપ અર્થને બતાવે છે. આથી "श्लाघा" ઉપાધિ સ્વરૂપ નથી, પરંતુ વિશેષણ સ્વરૂપે છે. આ વાક્યનો અર્થ નીચે પ્રમાણે થાય છે - ગર્ગ ગોત્રમાં ઉત્પન્ન થયેલો વ્યક્તિ લોકોને કહેતો હોય છે, "અરે ! તું જાણતો નથી કે હું ગર્ગ ગોત્રમાં ઉત્પન્ન થયો છું." આમ, ગર્ગ ગોત્રમાં ઉત્પન્ન થવા દ્વારા ગર્ગગોત્રનાં આધારરૂપ એવા પોતાની પ્રશંસા કરે છે. અર્થાત્ ગર્ગગોત્રમાં ઉત્પન્ન થવા દ્વારા તે પોતાની પ્રશંસા કરે છે. અહીં પ્રશંસા વિશેષણ સ્વરૂપ છે. આ પ્રશંસા સ્વરૂપ અર્થ "अकञ्" પ્રત્યય દ્વારા જણાતો નથી. જ્યારે ઉપાધિ સ્વરૂપ અર્થ પ્રત્યય દ્વારા જણાય છે. જેમ કે "दृतिहरिः" પ્રયોગમાં "इ" પ્રત્યય દ્વારા પશુ સ્વરૂપ અર્થ જણાતો હતો. આ પ્રમાણે ઉપાધિ અને વિશેષણમાં ઉપર જણાવેલો ભેદ છે.

**ઉત્તરપક્ષ :-** જો ઉપાધિની ઉપાધિ નથી થતી અને વિશેષણનું વિશેષણ નથી થતું એવો નિયમ છે તો "कल्याण्यादेरिन् चान्तस्य" (૬/૧/૭૭) સૂત્ર તથા "कुलटाया वा" (૬/૧/૭૮) સૂત્ર સાચા સાબિત થઈ શકશે નહિ. (૬/૧/૭૭) સૂત્રમાં "एयण्" પ્રત્યયનું વિધાન હોવાથી એ પ્રધાન છે. જ્યારે "एयण्" પ્રત્યય માટે "कल्याणी" વગેરે જે પ્રકૃતિ છે તે ગૌણ હોવાથી ઉપાધિ સ્વરૂપ છે. હવે સૂત્ર પ્રમાણે "कल्याणी" વગેરે પ્રકૃતિઓને જ્યારે "एयण्" પ્રત્યય થાય છે ત્યારે

"कल्याणी"નાં અન્ત્ય સ્વરનો "इन्" આદેશ થાય છે. આથી "एयण्" પ્રત્યય માટે જે "कल्याणी" સ્વરૂપ પ્રકૃતિ છે એ ગૌણ હોવાથી ઉપાધિ સ્વરૂપ છે તથા ઉપાધિ સ્વરૂપ પ્રકૃતિનાં અન્ત્ય સ્વરનો "इन्" આદેશ થાય છે તે ઉપાધિની ઉપાધિ સ્વરૂપ છે. તે જ પ્રમાણે (૬/૧/૭૮) સૂત્રમાં "एयण्" પ્રત્યય પ્રધાન છે તથા "एयण्" પ્રત્યય "कुलटा" સ્વરૂપ પ્રકૃતિને થતો હોવાથી "कुलटा" સ્વરૂપ પ્રકૃતિ "एयण्" પ્રત્યયની ઉપાધિ છે તથા "कुलटा" સ્વરૂપ પ્રકૃતિનાં અન્ત્ય સ્વરનો "इन्" આદેશ વિકલ્પે થતો હોવાથી "इन्" આદેશ ઉપાધિની ઉપાધિ સ્વરૂપ બને છે. હવે જો ઉપાધિની ઉપાધિ ન થતી હોત તો ઉપરોક્ત બંને સૂત્રોની રચના નિરર્થક થાત.

**(श०न्या०)** नैवम्-इन एवात्र प्राधान्यमपूर्वोपदेशरूपेण विधीयमानत्वाद्; एयणस्तु "ङ्याप्त्यूङः" [६.१.७०.] इति सिद्धस्य तदनुवादेन विधानादप्राधान्यमिति दोषाभावः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** ખરેખર આપ કહો છો એવા દોષને અવકાશ જ નથી. કારણ કે (૬/૧/૭૭) સૂત્ર અને (૬/૧/૭૮) સૂત્રમાં "एयण्" પ્રત્યયનું પ્રધાનપણું છે જ નહિ. પરંતુ અન્ત્ય સ્વરનાં આદેશ સ્વરૂપ "इन्"નું જ પ્રધાનપણું છે. (૬/૧/૭૭) સૂત્ર પ્રધાનપણાંથી "इन्" આદેશનું જ વિધાન કરે છે. "इन्" આદેશનો ઉપદેશ આ સૂત્રમાં પ્રથમવાર થયો હોવાથી પ્રધાન છે. "एयण्" પ્રત્યયનું વિધાન તો "ङी-आप्-ति-ऊङः" (૬/૧/૭૦) સૂત્રથી જ સિદ્ધ હતો. આથી જ સિદ્ધ એવાં "एयण्" પ્રત્યયનું અનુવાદ દ્વારા આ સૂત્રમાં વિધાન હોવાથી "एयण्" પ્રત્યયનું અપ્રધાનપણું છે. માટે આપે કહેલો "इन्" આદેશનાં અપ્રધાનનો દોષ આવતો જ નથી. આથી "ઉપાધિની ઉપાધિ થતી નથી" એ ન્યાય બરાબર જ છે.

**(श०न्या०)** इह तर्हि "चर्मि-वर्मि-गारेट-कार्कट्य-काक-लङ्का-वाकिनाच्च कश्चाऽन्तोऽन्त्यस्वराद्" [६.१.११२.] इति न प्राप्नोति, नैवम्-अत्रापि क एव प्रधानं वाक्यभेदेन तस्यैव विधानात्, एवं न चेदिदमनाश्रितं भवति *नोपाधेरुपाधिर्भवति, विशेषणस्य वा विशेषणम्* इति, तस्माद् गुणप्रधानसंनिधौ यत्र प्रधानमर्थि भवति विशेषणेन तत्र तस्यैव विशेषणं न्याय्यं न तु गुणस्येति घञ् (न) प्राप्नोति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** તમારી વાત બરાબર જણાય છે છતાં પણ "चर्मि - वर्मि०" (૬/૧/૧૧૨) સૂત્ર પ્રમાણે તો દોષ આવે જ છે. એ સૂત્ર પ્રમાણે "चर्मिन्", "वर्मिन्" વગેરે 'दु' સંજ્ઞાવાળા શબ્દોથી પર અપત્ય અર્થમાં "आयनिञ्" પ્રત્યય વિકલ્પે થાય છે અને જ્યારે "आयनिञ्" પ્રત્યય થાય છે ત્યારે તે તે શબ્દોનાં અન્ત્ય સ્વરથી પર "ककार"નો આગમ થાય છે. આથી "आयनिञ्" પ્રત્યય માટે "चर्मिन्" વગેરે પ્રકૃતિ ઉપાધિ સ્વરૂપ બનશે. જ્યારે "क"નો આગમ ઉપાધિની ઉપાધિ સ્વરૂપ બનશે. "आयनिञ्" પ્રત્યય માટે પ્રકૃતિ ઉપાધિ સ્વરૂપ છે. માટે

પ્રકૃતિમાં અન્ત્ય સ્વરથી પર જે "ककार"નો આગમ થાય છે તે ઉપાધિની ઉપાધિ સ્વરૂપ બનશે. હવે જો ઉપાધિની ઉપાધિ થતી નથી એવો ન્યાય પ્રવર્તે છે તો (૬/૧/૧૧૨) સૂત્ર નિરર્થક સિદ્ધ થશે. માટે ઉપાધિની ઉપાધિ થતી નથી એવો ન્યાય પ્રવર્તી શકતો નથી. આમ ઉપાધિની ઉપાધિ થવાથી આપે કહેલો ન્યાય પ્રવર્તશે નહિ.

**પૂર્વપક્ષ :-** આપની વાત અહીં પણ બરાબર નથી જ. કારણ કે (૬/૧/૧૧૨) સૂત્રમાં આપના કહેવા પ્રમાણે આગમ સ્વરૂપ "क"ની અપ્રધાનતા છે, કેમ કે "पुत्रान्तात्"(૬/૧/૧૧૧) સૂત્રથી જે જે શબ્દોને છેડે "पुत्र" શબ્દ અંતમાં હોય (દા.ત. "गार्गीपुत्र)" એવા "दु" સંજ્ઞાવાળા નામોથી પર અપત્ય અર્થમાં "आयनिञ्" પ્રત્યય વિકલ્પે થાય છે. હવે આ જ કાર્ય (૬/૧/૧૧૨) સૂત્રમાં પણ થાય છે. આથી (૬/૧/૧૧૨) સૂત્રમાં "आयनिञ्" પ્રત્યયનું વિધાન થવા સ્વરૂપ પ્રધાન કાર્ય થયું નથી, પરંતુ અન્ત્ય સ્વરથી પર "क"નો આગમ થાય છે એ પ્રમાણે "क"નો આગમ થવા સ્વરૂપ કાર્ય જ પ્રધાનકાર્ય થયું છે. વળી, "क"નો આગમ કરવા માટે જ ભિન્ન સૂત્ર બનાવ્યું છે. આ પ્રમાણે "क"નો આગમ એ ઉપાધિની ઉપાધિ સ્વરૂપ થતો નથી. આમ, 'ઉપાધિની ઉપાધિ થતી નથી' અથવા તો 'વિશેષણનું વિશેષણ થતું નથી' એ ન્યાય આશ્રિત થતો નથી એવું નથી; એ ન્યાય બધે જ કાર્ય કરે છે. આથી ગૌણ અને પ્રધાન બંને એકસાથે હોય તથા એવા સ્થાનોમાં જ્યાં પ્રધાન વિશેષણવડે અર્થી થાય છે ત્યાં પ્રધાનનું જ વિશેષણ ન્યાયી છે, પરંતુ ગૌણનું વિશેષણ ન્યાયી નથી.

અહીં પ્રધાન અર્થી થાય છે એટલે શું ? એ બાબતમાં જણાવીએ છીએ કે પ્રધાનને જ્યારે કોઈકની ગરજ હોય છે અર્થાત્ પ્રધાન વિશેષ્ય બનવા માંગે છે ત્યારે એ પ્રધાનને વિશેષણની અપેક્ષા રહે છે. આથી પ્રધાન એવો અર્થી વિશેષણ દ્વારા જ થાય છે. દા.ત. "इ" પ્રત્યય પશુ સ્વરૂપ કર્તા અર્થ હોય ત્યારે થાય છે. આથી પ્રધાન એવા "इ" પ્રત્યયને પશુ સ્વરૂપ જે અર્થ છે એવાં વિશેષણની આવશ્યકતા છે. પશુ સ્વરૂપ વિશેષણભૂત અર્થ હશે તો જ "इ" પ્રત્યય પોતાનું કાર્ય કરી શકશે.

એ જ પ્રમાણે (૫/૩/૧૩૨) સૂત્રમાં પણ પ્રધાન એવાં "घञ्" પ્રત્યયને કરણ સ્વરૂપ જે અર્થ છે તેની આવશ્યકતા રહે છે. આથી વ્યંજનાન્ત ધાતુઓથી વિશેષણ સ્વરૂપ કરણ અર્થ હશે તો જ "घञ्" પ્રત્યય થશે, પરંતુ વિશેષણનાં વિશેષણ સ્વરૂપ સંજ્ઞા બનતી હોવાથી "घञ्" પ્રત્યયને સંજ્ઞા સ્વરૂપની આવશ્યકતા રહેતી નથી. આથી "बहुलम्" અધિકાર કરણમાં "घञ्" પ્રત્યય થાય અથવા તો ન થાય એટલા પૂરતો જ મર્યાદિત રહેશે, પરંતુ સંજ્ઞામાં "बहुलम्" અધિકાર કહી શકાશે નહિ. આથી તમે (ઉત્તરપક્ષ) જે સંજ્ઞાનાં વિકલ્પપક્ષ અસંજ્ઞામાં પણ (૫/૩/૧૩૨) સૂત્રથી "घञ्" પ્રત્યય કરવા માંગો છો તે થઈ શકશે નહિ. હવે જો "घञ्" પ્રત્યય

જ થતો નથી તો પછી શાસ્ત્ર વડે જે સંબંધિત થાય છે એવો અર્થ પણ પ્રયોગ શબ્દનો સંભવી શકશે નહિ.

**( श०न्या० )** एवं तर्हि बहु(ल)वचनात् "करणाधारे" [५.३.१२९.] भविष्यति ('क्वचिदन्यदेव') इति बहुलभेदमाश्रित्य अनट्प्रस्तावेऽपि घञ् भवतीति भावः) । प्रयुज्यते कार्यमनेनेति प्रयोगः शास्त्रम्, अल्पार्थे च नञ्, अल्पत्वं च शास्त्र एव यः पठ्यते, लौकिकप्रयोगे तु न संबध्यते, तत् कार्यं दृष्ट्वाऽनुमीयत एव केवलम् । ननु कथमस्याभावः ? कृतकार्यत्वादिति ब्रूमः, कार्यार्थं ह्यसौ पठ्यते, तस्य च निष्पन्नत्वाद्, उपायस्य चोपेयसिद्धौ परित्यागात्, जिह्वामूलीयोपध्मानीयादिषु ककारादिवत् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** જો આ પ્રમાણે "व्यञ्जनाद् घञ्" (૫/૩/૧૩૨) સૂત્રથી "घञ्" પ્રત્યય કરવામાં આવે અને ઉપરોક્ત આપત્તિઓ પ્રાપ્ત થતી હોય તો અમે હવે "करणाऽऽधारे" (૫/૩/૧૨૯) સૂત્રથી "घञ्" પ્રત્યય કરીશું. આમ તો (૫/૩/૧૨૯) સૂત્ર પ્રમાણે કરણ અને આધાર અર્થમાં ધાતુથી "अनट्" પ્રત્યય થાય છે, પરંતુ "बहुलम्" અધિકારનાં ચાર અર્થો છે. જેમાં એક અર્થ "क्वचित् अन्यद् एव" પણ છે. આથી ભલે (૫/૩/૧૨૯) સૂત્ર "अनट्" પ્રત્યયનું વિધાન કરતું હોય છતાં પણ ક્યારેક અન્ય પ્રત્યય પણ થાય છે. એ પ્રમાણે "क्वचित् अन्यद् एव"નું આલંબન લઈને અમે "अनट्"નાં પ્રસંગમાં "घञ्" પ્રત્યયનું વિધાન થાય છે એવું સમજીને "प्र + युज्" ધાતુને કરણ અર્થમાં "घञ्" કરીશું. આથી જ "प्रयुज्यते कार्यम् अनेन" એવી વ્યુત્પત્તિ દ્વારા "प्रयोग" શબ્દ પ્રાપ્ત થશે, જેનો અર્થ "શાસ્ત્ર" થશે. હવે "न प्रयोग इति अप्रयोगः ।" "પ્રયોગ" શબ્દને "मतु" અર્થમાં "इन्" પ્રત્યય લાગે છે. આથી અપ્રયોગવાળો જે છે તે इत् સંજ્ઞાવાળો થાય છે.

હવે નિષેધ અલ્પ અર્થમાં હોવાથી શાસ્ત્ર સંબંધી અલ્પત્વ શું છે ? એવી જિજ્ઞાસા સંબંધમાં અમે જણાવીએ છીએ કે શાસ્ત્રમાં જ જેનું કથન થાય છે પરંતુ લૌકિક પ્રયોગમાં જે સંબંધિત થતો નથી તેવો વર્ણ અથવા તો વર્ણોનો સમુદાય इत् સંજ્ઞાવાળો થાય છે. જો લૌકિક પ્રયોગમાં સંબંધિત નથી થતો તો પછી તે કેવી રીતે જણાય છે ? એવી શંકાનાં અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે કાર્યને જોઈને તે તે વર્ણોનું અનુમાન કરવામાં આવે છે.

**પૂર્વપક્ષ :-** આપના કહેવા પ્રમાણે શાસ્ત્રમાં જ જે કહેવાય છે અને લૌકિક પ્રયોગોમાં જે સંબંધિત થતો નથી તે વર્ણ અથવા તો વર્ણોનો સમુદાય इत् સંજ્ઞાવાળો થાય છે તો પછી તેવા વર્ણોનો અભાવ કેવી રીતે થાય છે ?

**ઉત્તરપક્ષ :-** આ શંકાનાં અનુસંધાનમાં "कृतकार्यत्वात् इति ब्रूमः" ઉત્તર સ્વરૂપે જણાવે છે.

"कृतम् कार्यम् अनेन इति कृतकार्यः" સ્વરૂપ બહુવ્રીહિ સમાસ થશે. ત્યારબાદ ભાવમાં "त्व" પ્રત્યય લાગી અને પંચમી વિભક્તિ થઈ છે. આથી કાર્ય કરાઈ જવાથી તે તે વર્ણોનો અભાવ થાય છે. કાર્યનાં પ્રયોજનથી જ તે તે વર્ણોનો શાસ્ત્રમાં પાઠ થયેલ હતો અને હવે કાર્યની પ્રાપ્તિ થઈ ગયેલ હોવાથી તેનો ત્યાગ કરાય છે. સંસારમાં પણ નિયમ છે કે ઉપેયની સિદ્ધિ થવાથી ઉપાયનો ત્યાગ કરાય છે. દા.ત. કોઈક વ્યક્તિને સુરતથી અમદાવાદ જવું હોય તો વાહનની મદદ અમદાવાદ પહોંચવા માટે લે છે. એ પરિસ્થિતિમાં તે વ્યક્તિને જ્યારે અમદાવાદની પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે વાહનને છોડી દે છે. એ જ પ્રમાણે અનુબંધથી જે કાર્ય કરવા માંગતા હતા તે કાર્ય થઈ જવાથી અનુબંધનો આપોઆપ જ ત્યાગ કરાય છે. ઉપાયને બીજા અર્થમાં સાધન પણ કહેવામાં આવે છે તથા ઉપેયને સાધ્ય પણ કહેવામાં આવે છે. ઉપર જવા માટે દાદર એ ઉપાય છે અને ઉપર પહોંચવું એ ઉપેય છે. ઉપર પહોંચ્યા પછી ઉપાય સ્વરૂપ દાદરનો આપોઆપ જ ત્યાગ થઈ જાય છે. દા.ત. ≍ क તેમજ )( प આ બંને વર્ણો જિહ્વામૂલીય અને ઉપધ્માનીય સ્વરૂપ છે અને તે બે વર્ણોનાં ઉચ્ચારણ માટે ककार અને पकार અનુબંધ સ્વરૂપ છે. આથી તે બે વર્ણોનું ઉચ્ચારણ થઈ ગયા પછી ककार અને पकार સ્વરૂપ અનુબંધનો આપોઆપ જ ત્યાગ કરાય છે. આમ અહીં કાર્યના પ્રયોજનથી ગ્રહણ કરાયેલા અનુબંધોનો પણ આપોઆપ જ ત્યાગ થઈ જાય છે. એના માટે નવા સૂત્રની જરૂર નથી.

**( श०न्या० )** "उपादायापि ये हेयास्तान् योगान् प्रचक्षते" (तानुपायान् प्रचक्षते) इति हि तल्लक्षणम् । यदि वा एकशेषस्य निर्देशाद् लोपस्य सिद्धिः, तथाहि-एत्यपगच्छति-कार्यं विधायाभावं प्राप्नोतीति इत्, ततोऽयमर्थः-योऽप्रयोगी स इत्संज्ञो भवति, स चापगच्छतीति लोपस्यापि सिद्धिः, अत एव वृत्तावुक्तम्-**एत्यपगच्छती**ति ।

**અનુવાદ :-** હવે "योग"નું સ્વરૂપ બતાવે છે : સૌ પ્રથમ જો "योगान्" શબ્દ લખવામાં આવે તો છન્દ પરિપૂર્ણ થતો નથી. આથી "योगान्" તે બદલે કૌંસમાં "उपायान्" શબ્દ લખ્યો છે. આથી આખી પંક્તિ આ પ્રમાણે થશે. "उपादायापि ये हेयास्तान् उपायान् प्रचक्षते ।" આ પંક્તિનો અર્થ આ પ્રમાણે થશે - ગ્રહણ કરીને પણ જે છોડવા યોગ્ય છે તે उपाय કહેવાય છે. આથી ગ્રહણ કરીને પણ જે ત્યાગ કરવા યોગ્ય થાય છે તેને उपाय કહેવાય છે. અર્થાત્ उपायનું સ્વરૂપ નીચે પ્રમાણે છે. ગ્રહણ કરીને પણ ત્યાગ કરવા યોગ્ય જે છે તેને उपाय કહેવામાં આવે છે.

અથવા અહીં इत् સંજ્ઞા દ્વારા જ લોપ સ્વરૂપ અર્થની પ્રાપ્તિ થઈ જાય છે. તેની પ્રક્રિયા હવે બતાવે છે : "इच्च इच्च" એ પ્રમાણે એકશેષ થતાં "इत्" શબ્દ રહે છે. આથી સૂત્રમાં જણાવેલ "इत्" શબ્દ બે વાર પ્રયોગ થયેલો સમજવો. અહીં એકશેષનો નિર્દેશ કરવાથી લોપની સિદ્ધિ થાય છે તે આ પ્રમાણે છે - "एति" એટલે "अपगच्छति" કાર્યનું કથન કરીને જે અભાવને પ્રાપ્ત

થાય છે તે इत् સંજ્ઞાવાળા છે, તેથી આ અર્થ થાય છે - જે અપ્રયોગી છે તે इत् સંજ્ઞાવાળો થાય છે તથા કાર્યને કરીને જે અભાવને પ્રાપ્ત થાય છે તે પણ इत् છે. આ પ્રમાણે इत्નાં બે અર્થ પ્રાપ્ત થાય છે. માટે इत्નો એકશેષ સમાસ કરી બે અર્થ બતાવ્યાં છે અને બે અર્થ બતાવાયા હોવાથી इत् સંજ્ઞા પણ થાય છે અને લોપની સિદ્ધિ પણ થાય છે. આથી જ બૃહદ્વૃત્તિમાં પંક્તિ લખી છે કે "एति अपगच्छति इति इत् संज्ञो भवति ।" જો इत्નો એકશેષ ન કર્યો હોત તો એક શબ્દથી એક જ અર્થ પ્રાપ્ત થઈ શકત, પરંતુ હવે બંને અર્થની પ્રાપ્તિ થઈ શકશે. એક અર્થ પ્રમાણે इत् સંજ્ઞા એ અન્વર્થસંજ્ઞા છે એવું જણાવે છે. માટે જ બીજા અર્થ પ્રમાણે इत् સંજ્ઞામાં વર્ણોનો અભાવ થાય છે.

**( श०न्या० )** अथवा, अयनमपगमनमभावः, स च भावोपाधित्वादित्संज्ञकस्यैव (दर्शनाभावरूपो लोपः, दर्शनस्य च सविषयत्वात् शब्दशास्त्रत्वात् शब्द एव विषयः । किञ्च-'भावविरोधी' इत्यभावपदस्यार्थः, एवं भावोपाधिरेव स भावप्रतियोगिक एव स इति भावः) ।

**અનુવાદ :-** કદાચ ઉપર કહેલા અર્થમાં આપત્તિ આવત. કારણ કે એકશેષ કરીને બેવાર इत् શબ્દ લાવીને ઉપર કહેલો અર્થ પ્રાપ્ત થતો હતો, પરંતુ એ પ્રમાણે તો અર્થ સમજવો હોય તો સૂક્ષ્મબુદ્ધિની આવશ્યકતા રહે છે. આથી જ "अथवा" કરીને इत् શબ્દનો બીજો અર્થ બતાવે છે - इत् એટલે જવું એ પ્રમાણેનો અર્થ થાય છે. જવું એ અભાવ સ્વરૂપ છે. હવે જ્યાં જ્યાં જવા દ્વારા અભાવ સ્વરૂપપણું પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં ભાવ સંબંધી જવું ક્રિયા થઈ શકે છે અર્થાત્ વિદ્યમાન સ્વરૂપ પદાર્થ હોય તો જ તેમાં જવા સ્વરૂપ ક્રિયા થઈ શકે છે. આથી ભાવપદાર્થ જેની ઉપાધિ છે એવા इत् સંજ્ઞાવાળા વર્ણો છે. આથી જે જે વર્ણોનો પ્રયોગ (શાસ્ત્રમાં) થયો હશે તે તે વર્ણોનો અભાવ થશે ત્યાં વિદ્યમાન એવાં इत् સંજ્ઞાવાળા વર્ણો જ અભાવ સ્વરૂપે થશે.

અથવા તો જે વર્ણોનો લોપ થાય છે તે इत् સંજ્ઞાવાળા છે તથા લોપ એ દર્શનના અભાવ સ્વરૂપ છે. જે જે દર્શન સ્વરૂપ છે તે તે સવિષય સ્વરૂપ છે, એટલે કે દર્શન એ વિષય સહિત જ હોય છે. અહીં શબ્દશાસ્ત્ર હોવાથી દર્શનનો વિષય શબ્દ જ છે. આથી વિદ્યમાન એવાં શબ્દોનું અદર્શન થાય એ સ્વરૂપ જ इत् સંજ્ઞા છે. આ પ્રમાણે જે જે इत् સંજ્ઞાવાળા વર્ણો છે તેનો અભાવ સિદ્ધ થઈ જ જાય છે.

વળી અભાવ પદ એ ભાવ વિરોધી છે. આથી ભાવ સ્વરૂપ ઉપાધિ જ અભાવની છે તેમજ ભાવ સંબંધી જ અભાવ છે.

આમ અભાવ શબ્દનો અર્થાપત્તિથી જ અર્થ જણાય છે કે જે ભાવ હોય તેનો અભાવ થાય છે.

**(श०न्या०)** प्रथमानिर्देशाच्च सर्वस्यैव नाऽन्तस्येति "ञिमिदाच् स्नेहने" इत्यादीनामप्यभावः (येऽनेकवर्णा इत्संज्ञकास्तेषां लोपः सर्वादेशो भवतीति ञ्यादादीनामप्यभावः) । तन्त्रेण चोभयस्वीकारः, यदेकमावृत्तिभेदमन्तरेण नैकस्योपकारं करोति प्रदीप इव सुप्रज्वलितश्छात्राणां तत् तन्त्रम्; इह तु प्रयत्नविशेषस्तन्त्रशब्देन विवक्षितः, एतेन तन्त्रेण द्वितीयमिहेद्ग्रहणमुपात्तं वेदितव्यम्, यथा-'श्वेतो धावति' इत्येकेनैव प्रयत्नेन द्वे वाक्ये उच्चारिते, एवमिहाप्येकप्रयत्नेन द्वाविच्छब्दावुपात्ताविति ।

**અનુવાદ :-** હવે જે ચર્ચા આવે છે એ સમજતાં પહેલાં પાણિની વ્યાકરણ સંબંધી इत् સંજ્ઞાની વિચારણા કરવી યોગ્ય જણાય છે. પાણિની વ્યાકરણમાં इत् સંજ્ઞા સંબંધમાં બે સૂત્રો છે : (૧) "उपदेशे अजनुनासिक इत्" (૧/૩/૨) તથા (૨) "तस्य लोपः" (૧/૩/૯) આથી જે જે इत् સંજ્ઞાવાળા વર્ણો છે, તેનો લોપ (૧/૩/૯) સૂત્રથી થઈ જશે. સિદ્ધહેમવ્યાકરણમાં इत् સંજ્ઞા સંબંધી એક જ સૂત્ર છે. આથી इत् સંજ્ઞા જેની જેની થઈ હશે તેનો લોપ કેવી રીતે થશે ? એ વસ્તુ વિચારણા માંગી લે છે. આથી સૂત્રમાં જે "इत्" શબ્દ લખ્યો છે, એ એકશેષ થવા દ્વારા પ્રાપ્ત થયો છે, એવું આચાર્ય ભગવંતશ્રી કહી રહ્યા છે. આથી સૂત્ર આ પ્રમાણે થશે - "अप्रयोगी इत् इत् ।" અહીં પ્રથમ "इत्"થી इत् સંજ્ઞાનો બોધ કરવાનો છે તથા બીજા "इत्"થી જે જે इत् સંજ્ઞા છે તેનો લોપ સમજવાનો છે. કારણ કે આ इत् "इ" ધાતુ ઉપરથી "क्विप्" પ્રત્યય લાગીને બન્યો છે. આથી જે જનાર છે તે इत् છે એ પ્રમાણે બીજા "इत्" શબ્દનો અર્થ થાય છે. આમ જે અપ્રયોગી છે તે इत् સંજ્ઞાવાળો થાય છે તથા જે इत् સંજ્ઞાવાળો છે, તે જનાર છે. આવો અર્થ "इत्" શબ્દને એકશેષ સમજવાથી થઈ શકે છે.

સૂત્રમાં "इत्" શબ્દ પ્રથમા એકવચનમાં લખ્યો છે. આ જ "इत्" શબ્દ સંજ્ઞાવાચક પણ છે તથા સંજ્ઞાવાચક જે જે વર્ણો છે તે તે વર્ણોનાં લોપનો સૂચક પણ છે. આથી 'इत् इत्' થાય છે. પહેલો इत् સંજ્ઞાનો સૂચક હોવાથી સ્થાની તરીકે થશે અને પહેલા इत्નો (સ્થાની સ્વરૂપ इत्નો) इत् થાય છે, આથી સ્થાનીનો જો ષષ્ઠીમાં નિર્દેશ કરાય તો માત્ર અન્ત્ય વર્ણનો જ (इत् સંજ્ઞાવાળા અન્ત્ય વર્ણનો જ) લોપ થાત, પરંતુ સ્થાની સ્વરૂપ જે इत् છે, તે પ્રથમા અંતવાળો હોવાથી જે જે इत् સંજ્ઞાવાળા વર્ણો છે તે બધાનો જ લોપ થઈ જશે. સૂત્રમાં જે "प्रथमानिर्देशाच्च सर्वस्यैव नाऽन्तस्येति" પંક્તિ લખી છે તે ઉપરોક્ત હકીકત માટે લખી છે. આમ इत् સંજ્ઞાવાળા તમામ વર્ણોનો લોપ સિદ્ધ થઈ શકશે. આથી "ञिमिदाच् स्नेहने" વગેરેમાં "ञि" વગેરે તમામ વર્ણોનો લોપ સિદ્ધ થઈ શકશે. જો પ્રથમા વિભક્તિને બદલે ષષ્ઠી વિભક્તિ કરી હોત તો માત્ર इत् સંજ્ઞાવાળા "च्"નો જ લોપ થઈ શકત, પણ હવે "ञि", "आ" તેમજ "च्" એમ અનેક વર્ણોનો લોપ થઈ શકશે.

સૂત્રમાં એક જ "इत्" લખ્યો છે, છતાં પણ ઉભય "इत्"નું ગ્રહણ થયું છે, તે કેવી રીતે શક્ય બને ? એના અનુસંધાનમાં આચાર્ય ભગવંતશ્રી બૃહદ્‌વૃત્તિટીકામાં જણાવે છે કે, તંત્રથી અહીં ઉભયનો સ્વીકાર થયો છે. જે એક, આવૃત્તિવિશેષ વિના માત્ર એકને ઉપકાર નથી કરતો તે તંત્ર કહેવાય છે. દા.ત. જેમ સળગતો દીપક પોતાનામાં કશો ફેરફાર કર્યા વિના અનેક છાત્રોને ઉપકાર કરે છે તે પ્રમાણે અહીં "इत्" શબ્દ કોઈ પણ જાતનાં ફેરફાર વિના બેવાર અર્થને બતાવે છે. આમ શબ્દ એકવાર બોલાશે, વળી, તે શબ્દની આવૃત્તિ નહિ થાય; છતાં પણ બે અર્થને બતાવશે. આને જ તંત્ર કહેવાય છે. અહીં તંત્ર શબ્દથી પ્રયત્નવિશેષ વિવક્ષા કરાય છે. અર્થાત્ સૂત્રમાં રહેલો "इत्" શબ્દ વિશેષપ્રયત્નથી ઉચ્ચારણ કરાયો છે. આ કારણથી જ બે અર્થ લઈ શકાય છે. દા.ત. "श्वेतो धावति ।"આ વાક્યમાં "श्वेतो"શબ્દ એક જ વાર ઉચ્ચારણ કરાયો છે છતાં પણ પ્રયત્નવિશેષથી આ શબ્દનું ઉચ્ચારણ કરવામાં આવે તો આ શબ્દનાં બે અર્થ થઈ શકે છે. એક : "श्वा इतः" (કૂતરો અહીંથી.) તથા બીજો : "श्वेतो"(સફેદ) આ પ્રમાણે શબ્દનાં બે અર્થ થવાથી વાક્યનાં પણ બે અર્થ થશે. એક, કૂતરો અહીંથી દોડે છે તથા બીજો સફેદ (ઘોડો) દોડે છે. એ જ પ્રમાણે સૂત્રમાં રહેલો "इत्" પણ બે અર્થવાળો સમજવો. પહેલો અર્થ અપ્રયોગી હોય તે इत् સંજ્ઞાવાળો થાય છે એ પ્રમાણેનો થાય છે તથા જે इत् સંજ્ઞાવાળો હોય છે, તેનો લોપ થાય છે. (જવાવાળો થાય છે.) અહીં આ તંત્રથી इत् સંજ્ઞાવાળો જવાવાળો થાય છે એવો બીજો અર્થ ગ્રહણ કર્યો છે, પહેલો અર્થ તો સૂત્રથી જ સમજાઈ જાય છે. જે અપ્રયોગી હોય તે इत् સંજ્ઞાવાળો થાય છે એવો પહેલો અર્થ છે. આમ સૂત્રમાં એક જ "इत्" શબ્દનું ઉચ્ચારણ કર્યું છે છતાં પ્રયત્નવિશેષથી એ ઉચ્ચારણ કરાયું હોવાથી બે "इत्" શબ્દ અહીં ગ્રહણ કરાયા છે.

**(શ૦ન્યા૦)** अथवा यो यस्यानवयवः स तस्येत्संज्ञः, स चाप्रयोगी भवतीत्युभयसिद्धिः । न च सूत्रे भेदः, एवं हि वक्ष्यामि–'अप्रयोगीदनन्तः' [१.१.३७.] ततः "पञ्चम्याः प्रत्ययः" [१.१.३८.] इति, अत्र चानन्त इति वर्तते, तत्र चायमर्थः–अम्यते आश्रीयतेऽसौ धर्म्मिणेत्यन्तोऽवयवः, तत्प्रतिषेधेन अनवयवः *अनेकान्ता अनुबन्धाः* इत्युक्तत्वात्; संबन्धिशब्दाविमौ–अवयवोऽनवयवश्च, ततोऽन्यैः संबन्धिशब्दैस्तुल्यमेतद्, यथा संबन्धिशब्दाः–'मातरि वर्तितव्यम्', 'पितरि शुश्रूषितव्यम्' इति, न चोच्यते 'स्वस्यां मातरि', 'स्वस्मिन् पितरि' इति, संबन्धिशब्दत्वाद् गम्यते–'या यस्य माता', 'यश्च यस्य पिता' इति, एवमिहापि यं प्रति योऽनवयवस्तं प्रति स इत्संज्ञ इति 'यस्य तस्य' इति लाभ इत्यनवयवत्वादेव तस्याभावः सिद्धः ।

**અનુવાદ :-** હવે इत् સંજ્ઞાનાં વિષય તરીકે જે વર્ણો છે એ વર્ણોનાં વિષયમાં આચાર્ય ભગવંતશ્રી કહે છે - इत् સંજ્ઞાનાં વર્ણો અવયવ સ્વરૂપ છે અથવા તો અનવયવ સ્વરૂપ છે, એ બાબતમાં

હવે ચર્ચા કરવામાં આવી છે. દા.ત. કોઈ "वृक्ष" છે. તે વૃક્ષમાં શાખા પણ હોય છે અને બહારથી ઊડીને આવેલ પક્ષી પણ હોય છે. હવે શાખા તો વૃક્ષનો પોતાનો અવયવ છે, પરંતુ બહારથી ઊડીને આવેલ પક્ષી બાબતમાં સંદેહ થાય છે કે, તે વૃક્ષનો અવયવ માની શકાય કે કેમ ? વળી પક્ષી અને શાખા બંને વૃક્ષ ઉપર વિદ્યમાન હોવાથી સંદેહ થશે કે શાખાને વૃક્ષનો અવયવ માનવો કે પક્ષીને ? એ જ પ્રમાણે શાસ્ત્રમાં પણ જે જે પ્રત્યયો અને પ્રકૃતિઓની સાથે "ण्", "क्" વગેરે અનુબંધો જોડાય છે ત્યારે શંકા થાય છે કે, આ અનુબંધોને પ્રકૃતિ વગેરેનાં અવયવ માનવા કે અનવયવ સ્વરૂપ માનવા ? ક્યાંક પક્ષી વગેરેને વૃક્ષના અવયવ સ્વરૂપે માનવામાં આવે છે, ક્યાંક અનવયવ સ્વરૂપે પણ માનવામાં આવે છે. ભાષ્યકારે અનુબંધ અવયવ સ્વરૂપ જ છે એવું સ્વીકાર્યું છે. જ્યારે આચાર્ય ભગવંતશ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ ઉભય પક્ષનો સ્વીકાર કર્યો છે. વ્યાકરણ શાસ્ત્રમાં "अनेकान्ता अनुबंधाः" તથા "एकान्ता अनुबन्धाः" એ પ્રમાણે બંને પરિભાષાઓ આવે છે.

જે (અનુબંધ) જેનો (પ્રકૃતિ વગેરેનો) અનવયવ છે તે (અનુબંધ) તેના સંબંધમાં (પ્રકૃતિ વગેરેનાં સંબંધમાં) इत् સંજ્ઞાવાળો થાય છે અને તે અનુબંધ અપ્રયોગી થાય છે. આ પ્રમાણે બંને અર્થની સિદ્ધિ થઈ જાય છે આમ જે અનવયવ સ્વરૂપ છે તે જવાવાળો થશે. આ પ્રમાણે સૂત્ર તો જેવું છે તેવું જ રહેશે છતાં બંને અર્થની પ્રાપ્તિ થઈ જશે. જે જવાવાળો હોય તે અનવયવ સ્વરૂપ જ હોય. માટે इत्નો અર્થ જવાવાળો હોવાથી અનવયવ સ્વરૂપ થઈ શકશે. તેથી જ જે અનવયવ સ્વરૂપ છે તે इत् સંજ્ઞાવાળો થાય છે એવો અર્થ પ્રાપ્ત થઈ શકશે.

સૂત્રમાં અનવયવ સ્વરૂપ અર્થ તો જણાતો નથી. આથી અનવયવ સ્વરૂપ અર્થ કરવો હશે તો સૂત્રમાં વિશેષતા કરવી પડશે. જે અહીં જણાતી નથી. આ સંબંધમાં અમે કહીએ છીએ કે અમે સૂત્ર આ પ્રમાણે કહીશું. "अप्रयोगी इत् अनन्तः" (૧/૧/૩૭) તથા "पञ्चम्याः प्रत्ययः" (૧/૧/૩૮). આમ (૧/૧/૩૮) સૂત્રમાં "अनन्तः"ની અનુવૃત્તિ (૧/૧/૩૭) સૂત્રમાંથી આવવાથી (૧/૧/૩૮) સૂત્રમાં પણ કોઈ આપત્તિ નહિ આવે તથા (૧/૧/૩૭) સૂત્રનો અર્થ પણ "इत्" શબ્દનો વિશેષ બોધ કર્યા વિના જ પ્રાપ્ત થઈ શકશે.

હવે ઉપરોક્ત "अनन्तः"નો અર્થ જણાવે છે : "अम्यते" એટલે "आश्रीयते" અર્થાત્ ધર્મી વડે જે આશ્રય કરાય છે તે "अन्त" શબ્દનો અર્થ છે. જે જે અવયવો હોય છે તેનો તેનો અવયવી વડે આશ્રય કરાય છે. માટે "अन्त" શબ્દનો અવયવ અર્થ થઈ શકે છે. હવે અવયવનો પ્રતિષેધ થશે ત્યારે "અનવયવ" સ્વરૂપ અર્થ પ્રાપ્ત થશે.

"अनेकान्ताः अनुबन्धाः" પરિભાષામાં પણ કહેવામાં આવ્યું છે કે "અનુબંધો અનવયવ સ્વરૂપ છે." અવયવ અને અનવયવ આ બંને સંબંધી શબ્દો છે. તેથી અન્ય સંબંધી શબ્દોની સમાન

આ શબ્દો છે. જે પ્રમાણે બીજા બધા સંબંધી શબ્દો છે, તે જ પ્રમાણે આ સંબંધી શબ્દ પણ છે. દા.ત. "मातरि वर्तितव्यम् ।" વાક્ય છે. આ વાક્યનો અર્થ તો 'માતાનાં વિષયમાં આચરણ કરવું જોઈએ' એવો જ થાય છે. પણ કોઈ વ્યક્તિ જગતની બધી માતાઓનાં વિષયમાં આચરણ કરતો નથી. માત્ર પોતાની માતાનાં વિષયમાં જ આચરણ કરતો હોય છે. આમ, "स्वस्याम्" શબ્દ ન લખ્યો હોવા છતાં પણ "मातरि" શબ્દ સંબંધી શબ્દ હોવાથી જ ઉપરોક્ત અર્થ જણાઈ જાય છે. તે જ પ્રમાણે પોતાનાં પિતાનાં વિષયમાં સેવા કરવી જોઈએ એવો અર્થ પણ "पितरि" શબ્દ, સંબંધી શબ્દ હોવાથી જણાઈ જ જાય છે. તે જ પ્રમાણે અહીં પણ જે જે પ્રકૃતિ વગેરે પ્રત્યે જે જે અનવયવ સ્વરૂપ થાય છે તે તે પ્રકૃતિ વગેરે પ્રત્યે અનવયવ સ્વરૂપ વર્ણો इत् સંજ્ઞાવાળા થશે. સંબંધી શબ્દો હોવાને કારણે "अस्य" અને "तस्य"નો લાભ પ્રાપ્ત થઈ શકશે તથા અનુબંધો અનવયવ સ્વરૂપ બને છે માટે જ તે તે અનુબંધોનો અભાવ પણ સિદ્ધ થઈ જાય છે. અનવયવ સ્વરૂપ અનુબંધો હોવાથી જ કાર્ય કરીને અનુબંધોનો અભાવ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે આચાર્ય ભગવંતશ્રીએ પાણિની વ્યાકરણની જેમ બે સૂત્રો ન બનાવીને એક સૂત્ર દ્વારા જ इत् સંજ્ઞાનું વિધાન પણ કર્યું તથા इत् સંજ્ઞાનાં વર્ણોનો અભાવ પણ સિદ્ધ કર્યો.

**( श०न्या० )** यद्येवमितो लोपे णव्-क्त्वा-क्त-क्तवतुषु लोपाप्रसङ्गः; अहं पपच, देविल्वा, शयितः, शयितवान्; प्रतिषिध्यते ह्यत्रेत्संज्ञा, "णिद् वाऽन्त्यो णव्" [४.३.५८.] इति (अन्त्यो णव्) णिद् वा, भवति, "क्त्वा" [४.३.२९.] (इति) सेट् (क्त्वा) न किद्वद् भवति, "न डीङ्-शीङ्०" [४.३.२७.] इत्यादिना क्तौ सेटौ कितौ न भवतः, इत्संज्ञाप्रतिबद्धश्च लोप इति; उच्यते-नैषामित्संज्ञा प्रतिषिध्यते, अपि तु तत्प्रतिबद्धं कार्यम्, अन्त्यो णव् णिद्ग्रहणेन (वा) न गृह्यते, क्त्वा-क्त-क्तवतवः किद्ग्रहणेन न गृह्यन्ते । अथवा, एकत्वान्निर्देशस्यैतदेव प्रयोजनम्-यस्येत्संज्ञा तस्य लोपो भवति सम्प्रति इत्त्वा-भावेऽपि, अन्यथा सू(तु) भिन्नमेव सूत्रं कुर्यात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જે જે અનવયવ સ્વરૂપ છે તેની તેની इत् સંજ્ઞા થાય છે અને અનવયવ સ્વરૂપ બનવાથી જ તે વર્ણોનો અભાવ સિદ્ધ થાય છે. હવે આ પ્રમાણેની વ્યાખ્યાથી જો इत् સંજ્ઞાવાળાંનો લોપ કરવામાં આવશે તો "णव्, क्त्वा, क्त, क्तवतु"માં અનવયવ સ્વરૂપ વર્ણોનો લોપ ન થવાની આપત્તિ આવશે. "अहं पपच" પ્રયોગમાં પરોક્ષા ત્રીજો પુરુષ એકવચનનો "णव्" પ્રત્યય વિકલ્પે "णित्" થાય છે. "णिद् वा अन्त्यो णव्" (૪/૩/૫૮) સૂત્ર ત્રીજા પુરુષ એકવચનનાં "णव्" પ્રત્યયને વિકલ્પે "णित्" કરે છે. આથી જ્યારે "णव्" પ્રત્યય "ण्" इत्‌વાળો નહિ થાય ત્યારે "ण्" એ પ્રત્યયનાં અવયવ સ્વરૂપ બનશે. આથી "ण्"નો લોપ ન-થવાનો પ્રસંગ આવશે. "क्त्वा" (૪/૩/૨૯) સૂત્રથી "सेट् क्त्वा" કિત્‌વત્ થતો નથી. આથી જ્યારે "देवित्वा"

રૂપ સિદ્ધ થશે ત્યારે "क्"વર્ણ પ્રત્યયનાં અનવયવ સ્વરૂપ નહિ બનવાથી લોપ ન થવાની આપત્તિ આવશે. આથી "देविक्त्वा" રૂપ પ્રાપ્ત થશે. "न डीङ्-शीङ ..." (૪/૩/૨૭) સૂત્રથી સેટ્ એવા "क्त" અને "क्तवतु" કિત્ થતાં નથી. આથી "शयितः" અને "शयितवान्" પ્રયોગમાં "क्" વર્ણ इत् ન થવાથી "क्" પ્રત્યયનો અવયવ બનશે. આથી "क्"નો લોપ ન થવાની આપત્તિ આવશે અને તેમ થતાં "शयिक्तः" અને "शयिक्तवान्" પ્રયોગો થવાની આપત્તિ આવશે. તમે इत् સંજ્ઞાને માનીને તે તે વર્ણનો લોપ કર્યો છે. જ્યારે ઉપરનાં બધા જ ઉદાહરણોમાં इत् સંજ્ઞાનો અભાવ થાય છે. આથી તે તે વર્ણોનો લોપ થશે નહિ.

**ઉત્તરપક્ષ :-** આ બધા પ્રત્યયોમાં इत् સંજ્ઞાનો પ્રતિષેધ થતો નથી, પરંતુ इत् સંજ્ઞાને આધીન એવા કાર્યનો પ્રતિષેધ થાય છે. આથી જ (૪/૩/૫૮) સૂત્રની બૃહદ્વૃત્તિ ટીકામાં પૂજ્ય કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંતશ્રીએ લખ્યું છે કે णित्वने આધીન એવાં કાર્યનો વિકલ્પપક્ષમાં નિષેધ કરાય છે. એટલે કે અન્ત્ય "णव्", "णित्" નિમિત્તક કાર્યને આધીન ગ્રહણ નહિ કરાય તથા "क्त्वा", "क्त" અને "क्तवतु", कित्નાં ગ્રહણથી कित् નિમિત્તક કાર્યને ગ્રહણ નહિ કરાય.

અથવા અમે એમ કહીશું કે જેની જેની इत् સંજ્ઞા થઈ છે તેનો તેનો લોપ થઈ જશે. એમ એક સૂત્રનાં નિર્દેશથી આ જ પ્રયોજન છે કે જેની જેની इत् સંજ્ઞા થશે તેનો તેનો લોપ થશે. "णव्" પ્રત્યયમાં "ण्"ની इत् સંજ્ઞા તો થાય જ છે. ભલે હમણાં તે તે પ્રયોજનનાં વશથી "इत्त्व"નો અભાવ કર્યો હોય તો પણ इत् સંજ્ઞા હોવાને કારણે તે તે વર્ણોનો લોપ થશે. જો અમારે इत् સંજ્ઞામાં પણ ભેદ કરવો હોત તો પાણિની વ્યાકરણની જેમ इत् સંજ્ઞાનું નિષેધ કરનારું જુદું સૂત્ર અમે બનાવ્યું હોત. પાણિની વ્યાકરણમાં (૧/૩/૪) સૂત્ર કહે છે કે, [न विभक्तौ तुस्माः (૧/૩/૪)] વિભક્તિનાં પ્રત્યયોમાં "त" વર્ગ, "म्" તથા "स्"ની इत् સંજ્ઞા થતી નથી.

અમે ભિન્ન સૂત્ર બનાવ્યું નથી. આથી જ જેની જેની इत् સંજ્ઞા થશે તેનો તેનો લોપ થશે જ.

**(श०न्या०)** न च वक्तव्यम्-यथा कश्चिद् वक्ति घटोऽस्तीति पुनश्च नास्तीति तथाऽनुबन्धानामुच्चारणाद् भावानुज्ञानं लोपाभ्यनुज्ञानाच्चाऽभावानुज्ञेति भावाऽभावयोर्विरोधादप्रामाण्यप्रसङ्गः, यतो न ज्ञायते केनाभिप्रायेण (प्रसजति केन) निवृत्तिं करोतीति; भावो हि कार्यार्थः, कार्यं करिष्यामीत्यनुबन्ध आसज्यते, अनन्यार्था च लोपाभ्यनुज्ञा, कार्यादन्यन्मा भूदिति लोपोऽभ्यनुज्ञायते इति । तत्र यथोत्सर्गापवादन्यायेनाऽणं को बाधते, एवं कार्ये चरितार्थमुच्चारणात् *प्राप्तं भावमनन्यार्थ(था) लोपाभ्यनुज्ञा बाधत इति भिन्नविषयत्वान्न विरोधः, अत आह-**अस्य** **प्रयोगाभावः सिद्ध** इति ।*

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** તમે સૌ પ્રથમ તો અનુબંધોનું ઉચ્ચારણ કર્યું તથા એ જ અનુબંધોનો

પાછળથી લોપ કર્યો. આથી જણાય છે કે, ઉચ્ચારણ કરવા દ્વારા વિદ્યમાન સ્વરૂપ બતાવ્યું અને લોપ કરવા દ્વારા અવિદ્યમાન સ્વરૂપ બતાવ્યું. આથી એક જ અધિકરણમાં ભાવ અને અભાવનું કથન કર્યું હોવાથી વિરોધ નામનો દોષ આવે છે. જેમ કોઈક, એક ભૂતલનાં સંબંધમાં કહે કે, "अत्र घटो अस्ति" અને પાછો કહે કે "अत्र घटो नास्ति" તો ત્યાં એક જ અધિકરણમાં ભાવ અને અભાવનો વિરોધ હોવાથી એવું શક્ય થઈ શકતું નથી. માટે અપ્રમાણ્યનો પ્રસંગ આવે છે.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે કહેવું જોઈએ નહિ. કારણ કે કયા અભિપ્રાયથી અનુબંધો જોડાય છે ? અને કયા અભિપ્રાયથી અનુબંધોની નિવૃત્તિ થાય છે ? એ પ્રમાણેનો બોધ ન હોવાથી વિરોધની શંકા ઊભી થઈ છે. અનુબંધોનું વિદ્યમાન સ્વરૂપ એ કાર્યનાં પ્રયોજનથી છે. આથી હું કાર્યને કરીશ એવા અભિપ્રાયથી પ્રકૃતિ વગેરે સાથે અનુબંધો જોડાય છે તથા કાર્ય કરાઈ ગયા પછી બીજા કોઈ પ્રયોજનો ન હોવાથી લોપ થાય છે. તે તે કાર્યોથી અન્ય કંઈ પણ ન થાઓ. માટે લોપની અનુમતિ છે.

અહીં ઉત્સર્ગ અપવાદ ન્યાય દ્વારા ભાવ અને અભાવ બંનેની સંગતિ કરાય છે. જે પ્રમાણે कर्मणो अण् (૫/૧/૭૨) સૂત્રથી કર્મથી પર કોઈપણ ધાતુથી अण् પ્રત્યય થાય છે આ ઉત્સર્ગ સૂત્ર છે તથા "आतो डोऽह्वा-वा-मः" (૫/૧/૭૬) સૂત્રથી કર્મથી પર ઉપસર્ગ રહિત આકારાન્ત ધાતુથી "ड" પ્રત્યય થાય છે. આ અપવાદ સૂત્ર છે. આથી અપવાદિત એવો "ड" પ્રત્યય ઉત્સર્ગ એવા अण् પ્રત્યયનો બાધ કરે છે. પાણિની વ્યાકરણમાં क પ્રત્યયને અપવાદ સ્વરૂપ કહ્યો છે. બંને સૂત્રોનો ઉત્સર્ગ-અપવાદ-ભાવથી નિર્દેશ થયો હોવાથી "ड" પ્રત્યય "अण्"નો બાધ કરે છે. ખરેખર તો જે પ્રમાણે બધા ધાતુઓને अण् થાય છે એ જ પ્રમાણે બધા ધાતુઓમાં આકારાન્ત ધાતુઓ પણ આવતાં હોવાથી "अण्"ની પ્રાપ્તિ આવે જ છે. આથી આકારાન્ત ધાતુઓને જેમ "ड" પ્રત્યય થાય છે એમ अण् પ્રત્યય પણ થવો જોઈએ. છતાં પણ ઉત્સર્ગ-અપવાદ ન્યાયથી (उत्सर्गादपवादो बलीयः) "ड" પ્રત્યય "अण्"નો બાધ કરે છે અને આ ન્યાય જ "अण्" પ્રત્યયનો ભિન્ન વિષય કરે છે તેમજ "ड" પ્રત્યયનો પણ ભિન્ન વિષય કરે છે. "ड" પ્રત્યય માટે ઉપસર્ગ રહિત એવા આકારાન્ત ધાતુઓ વિષયભૂત થશે તથા આના સિવાયના તમામ ધાતુઓ अण् પ્રત્યયના વિષયભૂત થશે. એ જ પ્રમાણે ધાતુ વગેરેમાં તે તે વર્ણોનું ઉચ્ચારણ અનુબંધ તરીકે કરવામાં આવ્યું છે. તે કાર્યના વિષયના પ્રયોજન માટે કરાયું છે અર્થાત્ કાર્યના વિષયમાં અનુબંધોનું ઉચ્ચારણ કરાયું છે. આથી કાર્યના નિમિત્તે અનુબંધોએ વિદ્યમાન એવું ભાવ સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તથા જ્યાં કોઈ પ્રયોજન બાકી રહેતું નથી ત્યાં તે વર્ણોમાં લોપની અનુમતિ છે. આથી ઉચ્ચારણથી પ્રાપ્ત થયેલા ભાવને લોપની અનુમતિ બાધ કરે છે અર્થાત્ અભાવ ભાવનો

બાધ કરે છે. આમ ભાવનો વિષય કાર્યના સફળપણાં માટે છે તથા અભાવનો વિષય અન્ય કોઈ પ્રયોજન-ન હોવું તે છે. આથી ભાવનો અને અભાવનો ભિન્ન વિષય હોવાથી જ વિરોધ નથી. જો ભાવ અને અભાવ બંને એક જ વિષય તરીકે એક જ અધિકરણમાં રહેતાં હોય તો અવશ્ય વિરોધ આવત. દા. ત. પાણી લાવવા માટે ઘટની વિદ્યમાનતા છે. હવે જો પાણી લાવવાનું પ્રયોજન પૂર્ણ થઈ જાય તો એ જ ઘડાનો ઉપયોગ લોકો દારૂ વગેરે માટે ન કરે તે માટે ફોડી નાખવામાં આવે છે. આમ, ઘટની વિદ્યમાનતાનો વિષય ભિન્ન છે અને ઘટની અવિદ્યમાનતાનો વિષય પણ ભિન્ન છે. આ પરિસ્થિતિમાં ભલે એક જ અધિકરણમાં ભાવ અને અભાવ સ્વરૂપ ઘટ રહે તો પણ વિરોધ નથી. આથી પરમ પૂજ્ય હેમચન્દ્રાચાર્યશ્રીએ બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે, શાસ્ત્રમાં ઉપદેશ કરાતાં એવા इत् સંજ્ઞાવાળા વર્ણનું અન્ય કોઈ કાર્ય ન રહ્યું હોવાથી એ વર્ણોનો અભાવ સિદ્ધ થાય છે.

**(श०न्या०)** उपदेशफलमाह-**उपदेशस्त्वि**त्यादि-निगदसिद्धम् । "एधि वृद्धौ" इकारः "इङितः कर्त्तरि" [३.३.२२.] इत्यात्मनेपदार्थः, तेप्रत्यये शवि च **एधते** । "शीङ्क् स्वप्ने" (ङ्कार आत्मने-पदार्थः । तेप्रत्यये) "शीङ एः शिति" [४.३.१०४.] इत्येकारे **शेते** । "यजीं देवपूजा-सङ्गति-करण-दानेषु" ईकारः "ईगितः" [३.३.९५.] इति फलवत्यात्मनेपदार्थः, **यजते, यजति** । "चिंगृट् चयने" (गकारः फलवत्यात्मनेपदार्थः) "स्वादेः श्नुः" [३.४.७५.] इति श्नुविकरणात् तस्य च तिवि "उश्नोः" [४.३.२.] इति गुणे **चिनुते, चिनोति** । (कण्डूग् गात्रविघर्षणे अतः) "धातोः कण्ड्वादेर्यक्" [३.४.८.] इति यकि शवि "लुगस्यादेत्यपदे" [२.१.११३.] इत्यकारलोपे च **कण्डूयते, कण्डूयति** । "टुदुंद् उपतापे" दवनम् "ट्वितोऽथुः" [५.३.८३.] इति अथौ **दवथुः** । "भू सत्तायाम्" तिवि प्रत्ययेऽस्य शित्त्वाच्छवि तस्य च वित्त्वात् "शिदवित्" [४.३.२०.] इति ङित्त्वाभावात् "नामिनः०" [४.३.१.] (इति) गुणे **भवति** । चक्षिकः "चक्षो वाचि क्शांग् ख्यांग्" [४.४.४.] इति ख्याऽऽदेशे तस्य च गित्त्वाद् "ईगितः" [३.३.९५.] इति फलवत्यात्मनेपदे **( व्याख्यातासे ) व्याख्यातासि** । "पां पाने" थवि "स्क्रसृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्रोर्व्यञ्जनादेः परोक्षायाः" [४.४.८२.] इति इटि द्वित्वे पूर्वस्य ह्रस्वत्वे इट् दित्वाद् (इटष्टित्वात्) "इडेत्पुसि चातः०" [४.३.९४.] इत्याकारलोपे **पपिथे**ति ।

**અનુવાદ :-** હવે ધાતુ વગેરેમાં જે અનુબંધોનું કથન કરવામાં આવ્યું છે તેના ફળને કહે છે. સૌ પ્રથમ ઉપદેશની વ્યાખ્યા કહેવામાં આવે છે - ઇન્દ્રિયને ગોચર એવા અર્થનું કથન કરવું તે "ઉપદેશ" કહેવાય છે તથા પ્રસિદ્ધ ધર્મના કથન દ્વારા જેનું કથન કરાય તે "ઉપદેશ" કહેવાય છે. કોઈ વ્યક્તિ ગાયની માત્ર ખૂંધ બતાવીને કહે કે, આ વૃક્ષોની પાછળ ગાય છે. આથી ખૂંધને

જોનાર વ્યક્તિ કહે છે કે, મને ગાયનો ઉપદેશ કરવામાં આવ્યો છે. જોનાર વ્યક્તિને તો માત્ર ખૂંધનું જ પ્રત્યક્ષ થયું છે તથા આ ખૂંધ સ્વરૂપ પ્રસિદ્ધ ધર્મ દ્વારા સંપૂર્ણ ગાયનું જે કથન થયું તે "ઉપદેશ" કહેવાય છે. તે જ પ્રમાણે અહીં ધાતુ, સૂત્ર, ગણ, ઉણાદિ વગેરેમાં ઉચ્ચારણ સ્વરૂપ જે વર્ણો બતાવ્યા છે તે શ્રોત્રેન્દ્રિયથી ગ્રાહ્ય હોવાથી ઉપદેશ સ્વરૂપ છે. આ ઉપદેશનું ફળ જે છે તે કહે છે. વ્યાકરણ દ્વારા ઉલ્લેખ કરવાથી સિદ્ધ થયેલાં ફળને કહે છે.

"વૃદ્ધિ" અર્થવાળો "एधि" ધાતુ इकार इत् સંજ્ઞાવાળો છે. આ इकारનું ફળ "इङितः कर्तरि" (૩/૩/૨૨) સૂત્રથી આત્મનેપદ થવા સ્વરૂપ છે. હવે "एध्" ધાતુને વર્તમાન કાળ પહેલો પુરુષ એકવચનનો "ते" પ્રત્યય થતાં "शव्" પ્રત્યય લાગીને "एधते"રૂપ થાય છે.

"સૂવું" અર્થવાળો "शीङ्क" ધાતુ બીજા ગણનો છે. અહીં ધાતુમાં "ङ्कार" હોવાથી (૩/૩/૨૨) સૂત્રથી જ આત્મનેપદ થાય છે. આથી "ते" પ્રત્યય થતાં "शीङ एः शिति" (૪/૩/૧૦૪) સૂત્રથી "इ"નો "एकार" થતાં "शेते" રૂપ થાય છે.

"દેવપૂજા વગેરે" અર્થવાળો "यजीं" ધાતુ પહેલા ગણનો છે. "यज्" ધાતુમાં ईकार "ईगितः" (૩/૩/૯૫) સૂત્રથી ફળવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે છે. આથી "यजति" અને "यजते" રૂપ સિદ્ધ થાય છે.

"ભેગું કરવા" અર્થવાળો "चिंगट्" ધાતુ પાંચમાં ગણનો છે. એમાં જે ગકાર છે તે ફળવાન્ કર્તામાં આત્મનેપદ કરવા માટે છે. આ "चि" ધાતુથી "स्वादेः श्नुः" (૩/૪/૭૫) સૂત્રથી "श्नु" વિકરણ પ્રત્યય થાય છે. પછી "तिव्" પ્રત્યય આવતાં "उश्नोः" (૪/૩/૨) સૂત્રથી ગુણ થતાં અનુક્રમે "चिनुते" અને "चिनोति" રૂપ સિદ્ધ થાય છે.

"ખંજવાળવા" અર્થવાળો "कण्डूग्" ધાતુ સૌત્ર ધાતુ છે. અહીં પણ "ग्" इत् સંજ્ઞા ફળવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે છે. "धातोः कण्ड्वादेः यक्" (૩/૪/૮) સૂત્રથી "यक्" પ્રત્યય થતાં "शव्" પ્રત્યય થાય છે. આથી "लुगस्यादेत्यपदे" (૨/૧/૧૧૩) સૂત્રથી "य"નાં "अ"નો લોપ થતાં कण्डूयते"અને "कण्डूयति" રૂપ સિદ્ધ થાય છે.

"પીડા પમાડવું" અર્થવાળો "टुदुंट्" ધાતુ પાંચમા ગણનો છે. આ "दु" ધાતુથી ભાવમાં "ट्वितोऽथुः" (૫/૩/૮૩) સૂત્રથી "अथु" પ્રત્યય થતાં "दवथुः" રૂપ સિદ્ધ થાય છે. આ ધાતુ "टु" इत्વાળો હોવાથી "अथु" થાય છે.

"હોવું" અર્થવાળો "भू" ધાતુ પહેલા ગણનો છે. આ "भू" ધાતુને "तिव्" પ્રત્યય થતાં અને "तिव्" નિમિત્તક "शव्" આવતાં તથા "शव्" પ્રત્યય "वित्" હોવાથી "शिदवित्" (૪/૩/૨૦) સૂત્રથી ङित्त्वનો અભાવ થાય છે. આથી "नामिनः..." (૪/૩/૧) સૂત્રથી ગુણ થતાં "भवति" રૂપ થાય છે.

"કહેવું" અર્થવાળો "चक्ष्" ધાતુ अदादि ગણનો છે. "चक्षो वाचि क्शांग ख्यांग्" (૪/૪/૪) સૂત્રથી "चक्ष्"નો "ख्या" આદેશ થતાં અને "ख्या" આદેશ गित् હોવાથી "ईगितः" (૩/૩/૯૫) સૂત્રથી ફળવાન કર્તામાં આત્મનેપદ થતાં "व्याख्यातासि" અને "व्याख्यातासे" રૂપ સિદ્ધ થાય છે.

"પીવું" અર્થવાળો "पा" ધાતુ પહેલા ગણનો છે. આ "पा" ધાતુને પરોક્ષાનો "थव्" પ્રત્યય થતાં "स्क्रसृ-वृ-भृ ..." (૪/૪/૮૨) સૂત્રથી "इट्" થાય છે તથા "पा"નું દ્વિત્વ થયે છતે પૂર્વનાનું હ્રસ્વ થાય છે તથા "इट्"નું "ट्" इत्પણું હોવાથી (કૌંસનો પાઠ યોગ્ય જણાય છે.) "इडेत्पुसि चातः..." (૪/૩/૯૪) સૂત્રથી આકારનો લોપ થતાં "पपिथ" રૂપ સિદ્ધ થાય છે.

**(श०न्या०)** ननु यस्यानुबन्ध आसज्यते तस्यासाववयव उत उपलक्षणम् ?, तत्रोपलभ्यमानस्य रूपद्वयदर्शनाद् वृक्षे शाखा-बलाकयोरिव, वृक्षस्य हि शाखाऽवयवो बलाका (उप)लक्षणम्, उच्यते-उभयथाऽऽचार्येण(चार्याणां)प्रवृत्तेरुभयं भवति, यस्तत्रैवोपलभ्यते सोऽवयवः, तत्रैवोपलभ्यतेऽयमिति, अनवयवस्तु तत्र चान्यत्र च बलाकावत् । न च वकारस्य वन-व्रण-वृक्षादिषु बहुषूपलभ्यमानस्याप्यवयवत्वादनेकान्तत्वाशङ्का, भिन्नसमुदायविषय-वर्णान्तरत्वाद् वकारस्य, सादृश्यात् तु प्रत्यभिज्ञानम् । तत्रास्वरूपप्रत्ययविधौ दोषः, "कर्मणोऽण्" [५.१.७२.] "आतो डोऽह्वावामः" [५.१.७६.] इति डविषये वैरूप्याद् अणोऽपि समावेश-प्रसङ्गः, "निजां शित्येत्" [४.१.५७.] इत्येतोऽनेकवर्णत्वात् सर्वादेशप्रसङ्गश्च प्राप्नोति । दैवो वित्करणमनर्थकम्, तद्धि दासंज्ञाप्रतिषेधार्थं क्रियते, अनाकार(रान्त)त्वात् प्रसङ्ग एव नास्ति । नन्वात्वे कृते भविष्यति, तद्धि आत्वं न प्राप्नोति, असन्ध्यक्षरान्तत्वात् । अनवयवत्वे तूभावप्यकारौ इति सारूप्यादसमावेशः, एकवर्णत्वादन्तादेशश्च सिध्यति, ऐकारान्तत्वादात्वं च ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જે ધાતુ, નામ વગેરેને અનુબંધો લગાડાય છે તે ધાતુ વગેરેનાં અનુબંધો ધાતુ વગેરેનાં અવયવ છે ? અથવા તો ઉપલક્ષણ છે ? ઉપલક્ષણ વસ્તુ સાથે જોડાતું નથી, જ્યારે અવયવ વસ્તુ સાથે જોડાય છે. વૃક્ષની શાખા એ વૃક્ષનો અવયવ છે, જ્યારે વીજળી એ વૃક્ષની ઓળખાણ કરાવે છે; છતાં પણ વૃક્ષનો અવયવ નથી, પરંતુ અનવયવ સ્વરૂપ છે. શાખા અને વીજળી બંને વૃક્ષની પાસે પ્રાપ્ત તો થાય છે છતાં એક અવયવ સ્વરૂપે હોય છે, જ્યારે બીજું ઉપલક્ષણ અર્થાત્ અનવયવ સ્વરૂપ હોય છે. આથી અહીં અનુબંધ ધાતુ સાથે જોડાયેલો હોય એવો પ્રાપ્ત થાય છે ? અર્થાત્ અવયવ સ્વરૂપે પ્રાપ્ત થાય છે ? અથવા તો ધાતુ વગેરે સાથે નહિ જોડાયેલો એવો અનવયવ સ્વરૂપે (ઉપલક્ષણ સ્વરૂપે) પ્રાપ્ત થાય છે ?

**ઉત્તરપક્ષ :-** અનુબંધોને અવયવ સ્વરૂપે પણ માની શકાશે અને અનવયવ સ્વરૂપે પણ માની

શકાશે. બંને પ્રકારે "આચાર્ય ભગવંત"ની પ્રવૃત્તિ હોવાથી બંને સ્વરૂપે અનુબંધો પ્રાપ્ત થાય છે. જે ધાતુ વગેરેમાં જ પ્રાપ્ત થાય છે તે અવયવ સ્વરૂપે છે, જ્યારે અનવયવ સ્વરૂપે હોય છે તે વીજળીની જેમ ધાતુમાં પણ પ્રાપ્ત થાય છે અને અન્ય ઠેકાણે પણ પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે વીજળી વૃક્ષ પાસે પણ પ્રાપ્ત થાય છે અને એ જ વીજળી કોઈકનાં ઘર પાસે પણ પ્રાપ્ત થાય છે. માટે અનુબંધો અનવયવ સ્વરૂપ પણ હોય છે.

**પૂર્વપક્ષ :-** અનુબંધોને ધાતુ વગેરેનાં અવયવો માનશો અથવા જે અનવયવ સ્વરૂપ હોય તેવો એક જ અનવયવ અનેક સ્થાનોમાં પ્રાપ્ત થાય તેવું માનો છો તો वन, वृक्ष, व्रण આ ત્રણેય શબ્દોમાં वकार તે તે શબ્દોનાં અવયવ સ્વરૂપે છે. છતાં પણ જે वकार वन શબ્દમાં હતો તે જ वकार, वृक्ष શબ્દમાં પણ પ્રાપ્ત થાય છે. આથી અવયવ સ્વરૂપ એવો પણ वकार અનવયવ સ્વરૂપ *માનવાની આપત્તિ આવે છે.*

**ઉત્તરપક્ષ :-** આવી આશંકા કરવી નહિ. દરેક શબ્દમાં રહેલો वकार એ ભિન્ન સમુદાય વિષયવાળો હોવાથી ભિન્ન સ્વરૂપવાળો છે. માત્ર કેટલીક સમાનતા હોવાથી બધા જ वकार એક જણાય છે. જે પ્રમાણે ભૂતકાળમાં જોયેલી વ્યક્તિને ફરીથી જોવામાં આવે તો આ એ જ વ્યક્તિ છે એવો પ્રત્યભિજ્ઞાનથી બોધ થાય છે. તે જ પ્રમાણે અહીં પણ "वन"માં રહેલો वकार વૃક્ષમાં રહેલાં वकारથી ભિન્ન હોતે છતે પણ પ્રત્યભિજ્ઞાનથી સમાન वकार છે એવો બોધ થાય છે, પરંતુ ખરેખર તો ભિન્ન ભિન્ન वकार હોવાથી જ તે તે શબ્દોનાં અવયવ સ્વરૂપ જ वकार છે.

**પૂર્વપક્ષ :-** જો અનુબંધોને અવયવ સ્વરૂપ માનવામાં આવશે તો અસ્વરૂપપ્રત્યયવિધિનાં નિમિત્તે દોષ આવશે. વ્યાકરણમાં પાંચમાં અધ્યાયમાં એક સૂત્ર આવે છે, જે આ પ્રમાણે છે - "अस्वरूपोऽपवादे..." (૫/૧/૧૬) સૂત્ર પ્રમાણે પ્રત્યયો જ્યારે સમાન સ્વરૂપવાળા ન હોય ત્યારે અપવાદનાં વિષયમાં પણ ઉત્સર્ગવિધિ થાય છે. દા.ત. વિધ્યર્થનાં (कृत्) પાંચ પ્રત્યયો છે. घ्यण्, य, क्यप्, तव्य અને अनीय. शक्, तक् વગેરે ધાતુઓ તથા "प" વર્ગ જેને અંતે છે એવાં ધાતુઓથી (૫/૧/૨૯) સૂત્રથી વિધ્યર્થનો "य" પ્રત્યય થાય છે તથા "ऋवर्ण-व्यञ्जनाद् - घ्यण्" (૫/૧/૧૭) સૂત્રથી વ્યંજનાન્ત ધાતુઓને "घ्यण्" થાય છે. આ "य" અને "घ्यण्" પ્રત્યય અનુબંધ સિવાય સમાન સ્વરૂપવાળા હોવાથી અપવાદનાં વિષયમાં ઉત્સર્ગવિધિ નહિ થાય, પરંતુ "तव्या-ऽनीयौ" (૫/૧/૨૭) સૂત્રથી બધા જ ધાતુઓને "तव्य" અને "अनीय" પ્રત્યય થાય છે. આ બંને પ્રત્યયો તમામ ધાતુઓથી થતાં હોવાથી ઉત્સર્ગવિધિ છે તથા "य"ની સાથે સરખામણી કરતાં "तव्य" અને "अनीय" પ્રત્યયો અસમાન સ્વરૂપવાળા છે. આથી અસ્વરૂપ વિધિમાં "शक्" વગેરે ધાતુઓથી જેમ વિધ્યર્થનો "य" પ્રત્યય થશે, તે જ પ્રમાણે ઔત્સર્ગિક એવો- "तव्य" અને "अनीय" પ્રત્યય પણ થશે. આથી સ્વરૂપ વિધિમાં અપવાદ સ્વરૂપ "य" પ્રત્યય, ઉત્સર્ગ સ્વરૂપ

"घ्यण्" પ્રત્યયનો બાધ કરે છે. જ્યારે અસ્વરૂપ વિધિમાં અપવાદ સ્વરૂપ "य" પ્રત્યય ઉત્સર્ગ સ્વરૂપ "तव्य" અને "अनीय" પ્રત્યયનો બાધ કરતો નથી. આવું "આચાર્ય ભગવંતે" (૫/૧/૧૬) સૂત્ર બનાવવા દ્વારા નક્કી કર્યું છે.

જો અહીં પણ અનુબંધોને પ્રત્યયનો જ અવયવ માનવામાં આવત તો "अण्" અને "ड" બંને પ્રત્યયો ભિન્ન સ્વરૂપવાળા થાય છે. આથી અસ્વરૂપ વિધિ થશે અને અસ્વરૂપ વિધિ થવાથી અપવાદનાં વિષયમાં ઉત્સર્ગવિધિ પણ થશે. માટે જ ન્યાસમાં લખ્યું છે કે, આકારાન્ત ધાતુથી પર (૫/૧/૭૬) સૂત્રથી "ड" પ્રત્યય થાય છે. જે અપવાદ સ્વરૂપ છે અને (૫/૧/૭૨) સૂત્રથી જે "अण्" પ્રત્યય થાય છે તે ઉત્સર્ગ સ્વરૂપ છે. હવે "ड"નાં વિષયમાં "अण्" ભિન્ન સ્વરૂપવાળો હોવાથી બંને પ્રત્યયો થવાની પ્રાપ્તિ આવશે એટલે કે "ड" અપવાદનાં વિષયમાં ઉત્સર્ગ એવો "अण्" પ્રત્યય પણ થશે.

તે જ પ્રમાણે "निजां शित्येत्" (૪/૧/૫૭) સૂત્રથી "निज्" વગેરે ધાતુઓનાં "इ"નો "ए" થાય છે. અહીં "एत्"માં "त्" અનુબંધ છે. હવે "त्" અનુબંધને જો પ્રત્યયનો અવયવ માનવામાં આવશે તો આદેશ અનેક વર્ણવાળો થઈ જશે. આથી "अनेकवर्णः सर्वस्य" (૭/૪/૧૦૭) પરિભાષાથી સંપૂર્ણ "निज्" વગેરેનો "एत्" આદેશ થવાની પ્રાપ્તિ આવશે.

તથા "दैव्" ધાતુમાં वित् નું કરવું અનર્થક થશે. "व्" इत्નું કરવું એ "दा" સંજ્ઞાનાં નિષેધને માટે છે. જે "अवौ दा-धौ दा" (૩/૩/૫) સૂત્રથી નક્કી થયું છે. હવે જો "व्" અનુબંધ ધાતુનો અવયવ બની જાય તો ધાતુ અનાકારાન્ત થવાથી "आ" અંતવાળો થવાનો જ નથી. આથી दा સંજ્ઞાનાં પ્રતિષેધ માટે વિત્કરણ નિરર્થક છે. તમે કદાચ કહેશો કે "आत् सन्ध्यक्षरस्य" સૂત્રથી "आत्वं" કરવામાં આવશે તો વિત્કરણ સાર્થક થશે. પણ "दैव्"માં તો સન્ધ્યક્ષર અંતે ન હોવાથી आत्वની પ્રાપ્તિ જ નથી. આથી વિત્કરણ અનર્થક જ છે.

આથી જ અમે માનીએ છીએ કે અનુબંધોને જો અનવયવ સ્વરૂપ માનવામાં આવશે તો "अण्" અને "ड" બંને પ્રત્યય अकार સ્વરૂપ જ છે. આથી સમાન સ્વરૂપવાળા થવાથી અપવાદનાં વિષયમાં ઉત્સર્ગવિધિ નહિ થાય તથા "एत्" આદેશમાં "त्" અનવયવ સ્વરૂપ હોવાથી માત્ર "ए" આદેશ જ થશે, જે એક વર્ણવાળો હોવાથી આખા "निज्"નો "ए" આદેશ થશે નહિ. જે "षष्ठ्यान्तस्य" (૭/૪/૧૦૬) પરિભાષાસૂત્રથી નક્કી થયું છે.

તેમજ "दैव्" ધાતુમાં "व्" સ્વરૂપ અનુબંધ અનવયવ સ્વરૂપ થવાથી ઐકાર અંતવાળો જ ધાતુ થશે. આથી હવે आत्व થઈ શકશે તથા वित् કરણ દ્વારા दा સંજ્ઞાનો નિષેધ પણ થઈ શકશે.

**(શ૦ન્યા૦)** अस्तु तर्हि अनवयवः । कार्यलक्षणाय (कार्यप्रवृत्तये) हि केवलमनुबन्ध

उपादीयते, न तु तस्यावयवः। तत्राप्यनेकान्तत्वे क इद् यस्येति संबन्धाभावाद् बहुव्रीह्यभावः। किं हि स तस्य इत् भवति ? येन तत्कृतानि तस्य किति ङितीति कार्याणि स्युः। अनुबन्धानन्तरं कार्यभावादानन्तर्यसंबन्धश्चेत्; नैवम्-आनन्तर्यार्थे बहुव्रीहेरभावात्, नहि तस्मादानन्तर्यं प्रतीयते इत्यर्थासामर्थ्याद् बहुव्रीह्यभावः। वचनसामर्थ्याद् (सौत्रत्वाद्) भविष्यतीति चेत्, यद्येवं पूर्वपरयोरित्कृतं प्राप्नोति "भवतोरिकणीयसौ" [६.३.३०.] इत्युभयपाठानन्तरमित्त्वात्, नैष दोषः-व्याख्यानाद् इकण् ईयस् इति विच्छिन्नयोः पाठः कर्तव्यः; ततः पूर्वस्यैवा(साव)नन्तरो न तु परस्य, कालव्यवायात्, तथा परस्यैवानन्तरो न पूर्वस्येति। स चावश्यं कर्तव्यः, इतरथा अक्रियमाणे विच्छिन्नपाठे एकान्तेऽपि सन्देहः स्यात्-(तत्र) न ज्ञायते पूर्वस्य भवत्याहोस्वित् परस्येति सन्देहमात्रमेतद् भवति। सर्व(त्र)सन्देहेषु चेदमुपतिष्ठते ॐ व्याख्यानतो विशेषप्रतिपत्तिर्न हि सन्देहादलक्षणम् ॐ इति पूर्वस्येति व्याख्यास्यामः, यत एकान्तपक्षे एकोऽवयवो द्वयोर्न संभवतीति सन्देहे व्याख्यानान्निश्चयः।

**અનુવાદ :- પૂર્વપક્ષ (ચાલુ) :-** જો અનુબંધને અવયવ સ્વરૂપ માનવામાં આવે છે તો ઘણા બધા દોષો આવે છે. આથી અનુબંધો અનવયવ સ્વરૂપ જ થવા જોઈએ. માત્ર કાર્ય કરવા માટે જ અનુબંધો ગ્રહણ કરાય છે, પરંતુ અનુબંધો ધાતુ, પ્રત્યયો વગેરેના અવયવ નથી.

આ પક્ષમાં પણ દોષો આવે છે. "क् इत् यस्य सः" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થતાં "कित्" વગેરે શબ્દો પ્રાપ્ત થશે. જેનો અન્ય પદાર્થ પ્રત્યય, ધાતુ વગેરે થશે. અહીં જો અનુબંધ પ્રત્યય વગેરેનો અવયવ નહિ મનાય તો બહુવ્રીહિ સમાસ થઈ શકશે નહિ. આ क् इत् કોના સંબંધમાં છે એ નક્કી થઈ શકતું નથી. આથી સંબંધવિશેષનો અભાવ હોવાથી બહુવ્રીહિ સમાસ થઈ શકશે નહિ. અહીં અનુબંધોને અવયવ સ્વરૂપ માન્યા નથી. આથી પ્રશ્ન થશે કે એવો પદાર્થ કયો છે કે જેના સંબંધમાં इत् સંજ્ઞા થઈ છે ? દા.ત. "चित्रङ्" અહીં "ङ्" इत्વાળું નામ છે. હવે "ङ्"ને જો પ્રકૃતિનો અવયવ ન માનવામાં આવે તો સ્વાભાવિક જ પ્રશ્ન થશે કે "ङ्" इत् કોના સંબંધમાં થશે ? અહીં ન્યાસમાં પંક્તિઓ લખી છે, "किम हि सः तस्य इत् भवति ?" અહીં "सः" તરીકે કોઈ પ્રકૃતિ વગેરે આવશે અને "तस्य" પણ કોઈ પ્રકૃતિ વગેરેનાં સંબંધમાં જ છે. આથી એવી તે કઈ પ્રકૃતિ વગેરે છે કે જેના સંબંધમાં इत् થાય ? જ્યાં સુધી इत्નો સંબંધ કોની સાથે છે એ જણાશે નહિ ત્યાં સુધી इत् વડે કરાયેલા કાર્યો તે તે પ્રકૃતિ વગેરે સંબંધી થઈ શકશે નહિ.

**ઉત્તરપક્ષ :-** અનુબંધ પછી કાર્યનો ભાવ હોવાથી અનન્તર-અનન્તરીભાવસંબંધ માનીશું. આથી અનન્તર-અનન્તરીભાવસંબંધથી બહુવ્રીહિ સમાસ થઈ શકશે.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે અનન્તર-અનન્તરીભાવસંબંધમાં બહુવ્રીહિ સમાસ થઈ શકશે નહિ.

અર્થાત્ સમીપ-સમીપીભાવ સંબંધમાં બહુવ્રીહિ સમાસ થતો નથી. બહુવ્રીહિ સમાસ પ્રાય: સમાનાધિકરણ સંબંધમાં જ થઈ શકે છે. દા.ત. "श्वेताम्बरः मुनिः." અહીં "श्वेत" વર્ણ અને "अम्बरत्व" જાતિ બંને સમાનાધિકરણ સંબંધથી વસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. આથી "श्वेताम्बरः" સ્વરૂપ બહુવ્રીહિ સમાસ થઈ શકે છે. આવો સંબંધ कित् સ્વરૂપ બહુવ્રીહિ સમાસમાં પ્રાપ્ત થઈ શકતો નથી. જે પ્રમાણે "श्वेताम्बर"નો સંબંધ "मुनि" સાથે થઈ શકે છે એ જ પ્રમાણે कित् વગેરે બહુવ્રીહિ સમાસનો સંબંધ કોની સાથે થઈ શકે, એ નક્કી કરી શકાતું નથી. આથી સમીપ-સમીપીભાવસંબંધમાં બહુવ્રીહિ સમાસનો અભાવ થાય છે.

**ઉત્તરપક્ષ :-** સૂત્રના સામર્થ્યથી અહીં અનન્તર-અનન્તરીભાવ(સમીપ-સમીપીભાવ)સંબંધથી સમાસ થઈ શકશે.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે સૂત્રનાં સામર્થ્યથી જો બહુવ્રીહિ સમાસ કરશો તો અનુબંધ વડે (इत् વડે) કરાયેલું કાર્ય પૂર્વ અને પર ઉભયમાં પ્રાપ્ત થશે. અનન્તર-અનન્તરીભાવસંબંધ તો પૂર્વની સાથે પણ હોઈ શકે છે અને પરની સાથે પણ હોઈ શકે છે. અહીં ઉદાહરણ તરીકે એક, બે અને ત્રણ સંખ્યા એક જ લીટીમાં હોય. હવે બે નામની જે સંખ્યા છે તેની સમીપમાં એક નામની સંખ્યા પણ છે તથા ત્રણ નામની સંખ્યા પણ છે. આથી સમીપ-સમીપીભાવસંબંધથી તો બેની સાથે ત્રણ પણ આવી શકશે અને એક પણ આવી શકશે. શાસ્ત્રીય ઉદાહરણ આ પ્રમાણે છે : "भवतोरिकणीयसौ" (૬/૩/૩૦) સૂત્ર પ્રમાણે "इकण्" અને "ईयस्" પ્રત્યય બંને એકસાથે જણાવેલ છે. વચ્ચે જે "ण्" इत् સંજ્ઞા છે, એની સમીપમાં "इक" પ્રત્યય પણ છે અને "ईयस्" પ્રત્યય પણ છે. હવે જો સમીપ-સમીપીભાવસંબંધ માનવામાં આવે તો "ण्" "इक" પ્રત્યયનાં સંબંધમાં પણ इत् સંજ્ઞાવાળો થશે તથા "ईयस्" પ્રત્યયનાં સંબંધમાં પણ इत् સંજ્ઞાવાળો થશે. આમ ઉભયપાઠની (પ્રત્યય સંબંધી પાઠની) સમીપમાં इत्પણું ("ण्"નું) હોવાથી "ण्" इत् પૂર્વમાં રહેલા "इक" પ્રત્યય સંબંધી પણ થશે તથા પરમાં રહેલા "ईयस्" પ્રત્યય સંબંધી પણ થશે. આ પ્રમાણે વૃદ્ધિનું કાર્ય "इकण्" પ્રત્યય નિમિત્તક પ્રાપ્ત થશે તેમજ "ईयस्" પ્રત્યય નિમિત્તક પણ પ્રાપ્ત થશે.

**ઉત્તરપક્ષ :-** અમને આવો દોષ આવશે નહિ. કારણ કે વ્યાખ્યાનથી પૃથગ્, પૃથગ્ પ્રત્યયનો પાઠ કરવા યોગ્ય છે. અમે "इकण्" અને "ईयस्" બંને પ્રત્યયને ભિન્ન માનીશું. આથી "ण्" અનુબંધ પૂર્વમાં રહેલા "इक" પ્રત્યય સંબંધી જ થશે, પરંતુ પર એવાં "ईयस्" પ્રત્યયની સમીપમાં રહેલો "ण्" અનુબંધ ગણાશે નહિ. બંને પ્રત્યયોનું ઉચ્ચારણ પૃથગ્, પૃથગ્ કરવામાં આવશે તો કાળનું વ્યવધાન ગણાશે. આથી આપે આપેલો દોષ અમને આવી શકશે નહિ. "स्" અનુબંધ પણ પર એવાં "ईयस्" પ્રત્યય સંબંધી જ થશે. આ પ્રમાણે દરેક સૂત્રમાં પૃથક્ પાઠ અવશ્ય

કરવા યોગ્ય છે. સાતેય અધ્યાયમાં જો પૃથગ્, પૃથગ્ પાઠ કરવામાં નહિ આવે અર્થાત્ સમૂહમાં રહેલા પાઠને નિશ્ચિત રૂપથી પૃથગ્ માનવામાં નહિ આવે તો અવયવપક્ષમાં પણ સંદેહ થશે. કારણ કે "इकणीयसौ" શબ્દ સમૂહ સ્વરૂપ છે. હવે આ સમૂહમાં જો પૃથગ્ પાઠ માનવામાં નહિ આવે તો "ण्" અનુબંધ "इक" પ્રત્યય સંબંધી અવયવ મનાશે કે "ईयस्" પ્રત્યય સંબંધી ? એ બાબતમાં શંકા થશે. આ પ્રમાણે અવયવ અથવા અનવયવ ઉભયપક્ષમાં શંકા થશે.

વળી જ્યાં જ્યાં સંદેહ થશે ત્યાં ત્યાં આ પરિભાષાનું કથન પ્રાપ્ત થશે. વ્યાખ્યાનથી જ (કથનથી જ) વિશેષ અર્થની પ્રાપ્તિ થઈ જશે. શંકા ઉપસ્થિત થાય એટલા માત્રથી જ સૂત્ર, અસૂત્ર સ્વરૂપ બની જતું નથી. દા.ત. "भवतोरिकणीयसौ" (૬/૩/૩૦) સૂત્રની ટીકામાં અમે જણાવીશું કે "ण्" इत् એ પૂર્વનાં "इकण्" પ્રત્યયનાં સંબંધમાં જ છે, પરંતુ પરનાં "ईयस्" પ્રત્યયનાં સંબંધમાં નથી. આ વ્યાખ્યાનનાં (કથનનાં) કારણમાં અમે જણાવીએ છીએ કે અવયવપક્ષમાં જે એક અવયવ છે, તે બે પ્રકૃતિ અથવા બે પ્રત્યયનો અવયવ થતો નથી, પરંતુ એક જ પ્રકૃતિ અથવા એક જ પ્રત્યયનો અવયવ થાય છે. આમ જ્યાં જ્યાં સંદેહ (શંકા) હશે ત્યાં ત્યાં વ્યાખ્યાનથી નિશ્ચય થઈ શકશે.

**( श०न्या० )** अनेकान्तेष्वानन्तर्यस्योभयापेक्षस्य विरोधाभावाद् व्यवस्थित पाठ एव कर्तव्य इति। प्रयोगज्ञत्वाद् वाचार्याणां तं तं प्रयोगं दृष्ट्वा तांस्ताननुबन्धानासजन्ति, युक्तं ह्येतद् यत् प्रयोगनिमित्तकेनानुबन्धेन भवितव्यम्, न पुनरनुबन्धनिमित्तकेन प्रयोगेणेति। ननु भवतु नामाचार्याः प्रयोगज्ञाः, शिष्यास्तु कथं प्रतिपद्यन्ते ? आचार्यप्रवृत्तेरेवेति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :- (ચાલુ) :-** અનવયવપક્ષમાં ઉભયની અપેક્ષાવાળા એવા સમીપ-સમીપી-ભાવમાં વિરોધનો અભાવ હોવાથી વ્યવસ્થિત પાઠ જ કરવા યોગ્ય છે અર્થાત્ સૂત્રમાં જ્યાં જ્યાં સમૂહવાચક શબ્દો હોય ત્યાં ત્યાં પૃથગ્ પૃથગ્ પાઠ જ કરવા યોગ્ય છે.

કદાચ શંકા થશે કે આચાર્ય ભગવંતશ્રીએ આવું શા માટે કર્યું ? આના અનુસંધાનમાં જણાવે છે કે, આચાર્ય ભગવંત તે તે પ્રયોગોનાં જાણકાર હતા. આથી તે તે પ્રયોગોને જોઈને જ અનુબંધો જોડ્યા છે અને આ યોગ્ય જ છે. કારણ કે પ્રયોગનાં નિમિત્તથી અનુબંધ તે તે પ્રત્યયોમાં જોડાય છે, પરંતુ અનુબંધનાં નિમિત્તથી પ્રયોગો થતાં નથી. જે જે શબ્દોનાં પ્રયોગો જગતમાં પ્રસિદ્ધ હતા, તે તે પ્રયોગોને ધ્યાનમાં લઈને જ વ્યાકરણનાં સૂત્રોની રચના કરવામાં આવી છે. આચાર્ય ભગવંતશ્રીને સૂત્રો બનાવવા દ્વારા પ્રયોગો જણાવવાની ઇચ્છા નથી.

**પૂર્વપક્ષ :-** આચાર્ય ભગવંતશ્રી ભલે પ્રયોગનાં જાણકાર હોય, પરંતુ શિષ્યો તો પ્રયોગનાં જાણકાર હોતા નથી. આથી શિષ્યો કેવી રીતે જાણી શકે કે "ण्" इत्, "इक" પ્રત્યયનાં સંબંધમાં

છે અથવા તો "ईयस्" પ્રત્યયનાં સંબંધમાં છે ? આચાર્ય ભગવંતશ્રીને તો, તે તે પ્રયોગોની જાણકારી હતી જ કે કોઈ ચોક્કસ પ્રકૃતિને "इकण्" લગાવવો છે અને "ण्" इत् કરવા દ્વારા વૃદ્ધિ કરવી છે, જ્યારે શિષ્યને તો આ સંબંધી કંઈ જ્ઞાન નથી. કઈ પ્રકૃતિ છે, કયો પ્રત્યય છે, કયો અનુબંધ છે આ બધી માહિતી ન હોવાને કારણે શિષ્યો કેવી રીતે બોધ કરી શકશે ?

**ઉત્તરપક્ષ :-** શિષ્યો આચાર્ય ભગવંતશ્રીની તે તે સૂત્રોની પ્રવૃત્તિઓ દ્વારા જ જાણી શકશે, માટે કોઈ આપત્તિ જણાતી નથી.

**(શ૦ન્યા૦)** उभयमिदमनुबन्धेषूक्तम् * एकान्ताः * * अनेकान्ताः * इति; * एकान्ताः * इति तु युक्ततरम्, अत्र हि हेतुरुपन्यस्तः; यत् तु नाम सहेतुकं तन्न्यायम् । तथा "मेङो वा मित्" [४.३. ८८.] इति तदवयवं दृष्ट्वा आत्वं नाकार्षीत् । असरूपविधावपि न दोषः, आचार्यप्रवृत्तेरेव, तथाहि-यदयं "वा ज्वलादिदु-नी-भू-ग्रहास्त्रोर्णः" [५.१.६२.] इति वा ग्रहणं करोति, तद् ज्ञापयति-* नानुबन्ध-कृतमसारूप्यं भवति * समावेशे हि अचा णेन च सिध्यति किं वाग्रहणेन ? क्रियमाणं तु ज्ञापनाय भवति ।

**અનુવાદ :-** અગાઉ "अनेकान्ता अनुबन्धाः" પરિભાષા આવી હતી. એવી જ એક બીજી પરિભાષા છે "एकान्ता अनुबन्धाः" તથા "वृक्षशाखाबलाकान्यायः". આ પરિભાષાઓ પ્રમાણે અનુબંધો અવયવ સ્વરૂપ પણ થાય છે અને અનવયવ સ્વરૂપ પણ થાય છે, એવું માનવામાં આવે છે.

આ બંને પક્ષને એક ઉદાહરણથી સમજાવી શકાય છે. લોકમાં દેવદત્ત વગેરે પદોથી બોધ્ય માત્ર હાથ, પગ વગેરેથી વિશિષ્ટ એવો માંસપિંડ જ છે, પરંતુ પાઘડી વગેરેથી વિશિષ્ટ નહિ. કારણ કે પાઘડી વગેરે દેવદત્તનાં સ્થાયી અવયવ નથી. જો પાઘડી વગેરે પણ દેવદત્તનો અવયવ હોત તો કોઈ કહે કે, 'દેવદત્તને બોલાવો' એ પરિસ્થિતિમાં જેમ હાથ, પગ વગેરેથી રહિત દેવદત્ત લાવી શકાતો નથી, તેમ પાઘડી વગેરેથી રહિત દેવદત્ત પણ લાવી શકાત નહિ. લોકમાં હાથ, પગ વગેરેથી રહિત દેવદત્ત લાવી શકાતો નથી, આથી હાથ, પગ વગેરે દેવદત્તનાં અવયવો જ છે. પરંતુ પાઘડી વગેરેથી રહિત દેવદત્ત લાવી શકાય છે, માટે પાઘડી એ દેવદત્તનાં અવયવ સ્વરૂપ નથી. આ જ પ્રમાણે શાસ્ત્રમાં અનુબંધ પણ ધાતુ આદિનો અવયવ હોતો નથી. આમ, અનુબંધો અનવયવ (અનેકાન્ત) સ્વરૂપ છે એવું મનાય છે. જે પક્ષ અનુબંધોને અનવયવ સ્વરૂપ માને છે તે પક્ષ ઉપરોક્ત તર્કને આધારે અનુબંધોને અનવયવ સ્વરૂપ સિદ્ધ કરે છે.

વળી, લોકમાં દેવદત્તનાં શરીરનાં રહેલાં વધારાનાં અંગો જેમકે છઠ્ઠી આંગળી, ખૂંધ દેવદત્તનાં સ્થાયી અવયવ પણ દેખાય છે. આ પરિસ્થિતિમાં દેવદત્તને બોલાવવાથી ખૂંધ વગેરેથી વિશિષ્ટ

દેવદત્તને જ લાવવામાં આવે છે, પરંતુ ખૂંધ વગેરેથી રહિતને નહિ. એ પ્રમાણે શાસ્ત્રમાં અનુબંધોને અવયવ સ્વરૂપ પણ માનવામાં આવે છે.

ભાષ્યકારે આ બંને પક્ષ ઉપર ખૂબ વિચાર કર્યો છે અને અંતમાં એકાન્તપક્ષને જ વધારે યોગ્ય માન્યો છે, અર્થાત્ અનુબંધોને ધાતુ આદિનાં અવયવો જ માન્યા છે. કારણ કે આ પક્ષમાં આવવાવાળા દોષોનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

આચાર્ય ભગવંતશ્રીએ ઉપરની બધી વાતોને ધ્યાનમાં રાખીને જ "उभयमिदमनुबन्धेषूक्तम्..." પંક્તિઓ લખી છે અર્થાત્ અનુબંધોમાં ઉભયનું કથન કરવામાં આવ્યું છે. તેથી અનુબંધો અવયવ સ્વરૂપ પણ છે અને અનવયવ સ્વરૂપ પણ છે. પરંતુ અનુબંધો અવયવ સ્વરૂપ છે એ પક્ષ વધારે યોગ્ય છે. અવયવ પક્ષમાં વધારે યોગ્યતા છે, એને માટે હેતુ રજૂ કર્યો છે. એ હેતુ તરીકે જુદા જુદા સૂત્રોની રચના આચાર્ય ભગવંતશ્રીએ કરી છે જેનાથી જણાય છે કે અનુબંધો અવયવ સ્વરૂપે છે. જે સહેતુક હોય તે જ ન્યાય્ય ગણાય છે.

હવે જુદા જુદા ઉદાહરણો દ્વારા અનુબંધો ધાતુ વગેરેનાં અવયવ તરીકે માન્યા છે એવું જણાવે છે. "मेङ्गो वा मिद्" (૪/૩/૮૮) સૂત્રમાં "मा" ધાતુમાં "ङ्" અનુબંધ છે. હવે "ङ्" જો ધાતુનો અવયવ મનાય તો ધાતુ "ङ्" અંતવાળો મનાય. આથી ધાતુને અંતે સન્ધ્યક્ષર છે એવું ન મનાયું. જો "ङ्"ને ધાતુનો અવયવ ન મનાયો હોત તો ધાતુ સન્ધ્યક્ષર અંતવાળો મનાત અને જો સન્ધ્યક્ષર અંતવાળો ધાતુ માન્યો હોત તો ધાતુને અંતે રહેલા સન્ધ્યક્ષરનો "आ" થાત. આમ ધાતુને અંતે રહેલા સન્ધ્યક્ષરનો "आ" કર્યો નથી એનાથી જ જણાય છે કે અનુબંધને એ સૂત્રમાં ધાતુનાં અવયવ તરીકે માનીને "मेङः" એ પ્રમાણે ષષ્ઠી એકવચનનું રૂપ કર્યું છે.

અનુબંધો ધાતુનાં અવયવ તરીકે મનાય છે, માટે અસ્વરૂપવિધિમાં પણ દોષ નથી. તે આ પ્રમાણે છે - સૌ પ્રથમ આચાર્ય ભગવંતશ્રીએ વ્યાકરણમાં એક સૂત્ર બનાવ્યું છે. જે આ પ્રમાણે છે - "अस्वरूपो-ऽपवादे..." (૫/૧/૧૬) આ સૂત્ર પ્રમાણે જ્યાં જ્યાં અસ્વરૂપવિધિ હોય ત્યાં ત્યાં અપવાદનાં વિષયમાં ઉત્સર્ગવિધિ પણ થાય છે. દા. ત. "कृ" ધાતુથી વિધ્યર્થનો "घ्यण्" પ્રત્યય થાય છે, એ અપવાદ પ્રત્યય છે તથા "कृ" ધાતુથી "तव्य" અને "अनीय" સ્વરૂપ વિધ્યર્થનાં કૃત્ પ્રત્યયો થાય છે એ ઉત્સર્ગ છે. આથી આ સૂત્રથી અપવાદનાં વિષયમાં ઉત્સર્ગ પ્રત્યય પણ થતો હોવાથી જે પ્રમાણે "कार्यम्" પ્રયોગ જોવા મળે છે એ પ્રમાણે "कर्तव्यम्" અને "करणीयम्" પ્રયોગ પણ થઈ શકશે.

અનુબંધો જો ધાતુનાં અવયવ સ્વરૂપ બને તો "घ्यण्", "क्यप्" તથા "य" કૃત્ પ્રત્યય પણ અસ્વરૂપ-વિધિવાળા થાય અને જો આ બધા પ્રત્યયો પણ અસ્વરૂપવિધિવાળા થશે તો અપવાદનાં વિષયમાં જેમ "कृ" ધાતુથી "घ्यण्" તેમજ "क्यप्" પ્રત્યય થશે. તે જ પ્રમાણે સ્વરાન્ત ધાતુઓથી

ઉત્સર્ગભૂત એવો "य" પ્રત્યય પણ થઈ શકશે અને આમ થાત તો જે પ્રમાણે "कार्यम्" અને "कृत्यम्" પ્રાપ્ત થાય છે એ જ પ્રમાણે "कर्यम्" પ્રયોગની પ્રાપ્તિ પણ થાત. આવી આપત્તિ ત્યારે જ આવી શકે કે અનુબંધોને અવયવ સ્વરૂપ માનીને અસ્વરૂપવિધિ માનવામાં આવે. પરંતુ "नानुबन्धकृतमसारूप्यम् भवति" એવો ન્યાય છે અર્થાત્ અનુબંધો વડે કરાયેલું એવું અસ્વરૂપપણું થતું નથી. આવી પરિભાષા હોવાથી હવે "य" તથા "क्यप्" અને "घ्यण्" એ ત્રણેય પ્રત્યયમાં અનુબંધોને કારણે અસ્વરૂપપણું થતું નથી. આથી ઉત્સર્ગ એવો "य" પ્રત્યય થશે નહિ.

અહીં આચાર્ય ભગવંતશ્રીએ તે તે સૂત્રોમાં તે તે પ્રવૃત્તિઓ વડે જણાવ્યું છે કે અનુબંધો ધાતુ વગેરેનાં અવયવ સ્વરૂપ બને છે. દા.ત. "वा ज्वलादि-दु-नी..." (૫/૧/૬૨) સૂત્રમાં "वा"નું ગ્રહણ કરવામાં આવ્યું છે. આ સૂત્ર પ્રમાણે "ज्वल्" વગેરે ધાતુઓથી કર્તામાં "ण" પ્રત્યય વિકલ્પે થાય છે. આ "ण" પ્રત્યય એ અપવાદ સ્વરૂપ પ્રત્યય છે. આથી જ્યારે "ण" પ્રત્યય નહિ થશે ત્યારે ઉત્સર્ગથી "अच्" (૫/૧/૪૯) સૂત્રથી કર્તામાં "अच्" પ્રત્યય પણ થશે. આ "अच्" પ્રત્યય વિકલ્પપક્ષમાં થશે. હવે જો અનુબંધો પ્રત્યયનાં અવયવ સ્વરૂપ બને તો "ण"નાં વિકલ્પ પક્ષમાં અસ્વરૂપવિધિને કારણે "अच्" પ્રત્યયની પ્રાપ્તિ પણ હતી. આથી "अच्" પ્રત્યયની પ્રાપ્તિ કરાવવા માટે સૂત્રમાં ગ્રહણ કરેલ "वा" નિરર્થક સિદ્ધ થાય છે; છતાં હજી પણ આચાર્ય ભગવંતને થાય છે કે, 'અનુબંધો પ્રત્યય વગેરેનાં અવયવ બને છે' આવા પક્ષને અટકાવનાર કોઈ પરિભાષા જગતમાં વિદ્યમાન છે. આથી જ "ण" સ્વરૂપ અપવાદમાં "अच्"ની પ્રાપ્તિ નહિ થાય. આથી તે પ્રાપ્તિ કરાવવા માટે સૂત્રમાં વિકલ્પ લખ્યો છે અને આ વિકલ્પ લખવા દ્વારા જણાવ્યું કે, અનુબંધ વડે અસમાનપણું થતું નથી એવી પરિભાષા વિદ્યમાન છે. વળી અનુબંધ વડે અસમાનપણું થતું નથી એવું ત્યારે જ જણાવી શકાય કે જ્યારે અનુબંધો પ્રત્યય વગેરેનાં અવયવો બનતાં હોય. આ પ્રમાણે જો અનુબંધો પ્રત્યયનાં અવયવ સ્વરૂપ બને તો અસ્વરૂપવિધિથી જ "अच्" અને "ण" પ્રત્યય થવાનાં હતા. માટે "ण"નાં વિકલ્પપક્ષમાં "अच्" કરવા માટે "वा"નું ગ્રહણ કરવાની કોઈ આવશ્યકતા ન હતી; છતાં પણ "वा"નું ગ્રહણ કર્યું છે. તેનાથી જણાય છે કે, "नानुबन्धकृतमसारूप्यम् भवति" ન્યાય વિદ્યમાન છે. આમ સૂત્રમાં "वा"નાં ગ્રહણે આ ન્યાયને જણાવ્યો અને આ ન્યાય દ્વારા આંશિક રીતે અનુબંધોને અવયવ સ્વરૂપ માનવાની ના કહી. તેથી જ જણાય છે કે અનુબંધોને અવયવ સ્વરૂપ માનવામાં આવશે તો પણ આ ન્યાયને કારણે દોષ આવશે નહિ.

**(शन्या०)** सर्वादिशेऽपि न दोषः, यदयम् "अनक्" [२.१.३६.] इति प्रथमया निर्दिशति तद् ज्ञापयति- ⁕ नानुबन्धकृतमनेकवर्णत्वं भवति, ⁕ अन्यथा षष्ठ्या अप्यनेकवर्णत्वात् सर्वादिशः सिद्ध्यति ।

**અનુવાદ :-** અનુબંધને પ્રકૃતિ વગેરેનાં અવયવ માનવામાં આવશે તો સર્વાદેશમાં પણ દોષ આવશે નહિ. આચાર્ય ભગવંતશ્રીએ અહીં અનુબંધને અવયવ સ્વરૂપે માનીશું તો પણ અનેક વર્ણવાળાપણું થવાથી દોષ આવશે નહિ એવું "अनक्" (૨/૧/૩૬) સૂત્ર દ્વારા જણાવ્યું છે. "अद् व्यञ्जने" (૨/૧/૩૫) સૂત્રમાં સ્થાની તરીકે "इदम्"ની અનુવૃત્તિ આવે છે. આથી "इदम्"નો વ્યંજનાદિ સ્યાદિ પ્રત્યય પર છતાં "अ" આદેશ થાય છે. આમ તો "इदम्" શબ્દ સ્થાની તરીકે (૨/૧/૩૪) સૂત્રમાં ષષ્ઠી વિભક્તિ અંતવાળો હતો. છતાં (૨/૧/૩૫) તેમજ (૨/૧/૩૬) સૂત્રમાં સ્થાની સ્વરૂપે રહેલા "इदम्"ને પ્રથમા અંતવાળો ગણ્યો છે. આમ સ્થાની સ્વરૂપ "इदम्"ને પ્રથમા અંતવાળો સંપૂર્ણ "इदम्"નો "अ" આદેશ કરવા માટે કર્યો છે. હવે "अद्"માં "द्" અનુબંધ છે અને "द्"ને જો "अ"નો અવયવ માનીશું તો "इदम्"ને ષષ્ઠી વિભક્તિ હશે તો પણ આખા "इदम्"નો જ "अ" આદેશ થઈ જાત. કારણ કે આદેશ જો અનેક વર્ણવાળો હોય તો સંપૂર્ણ સ્થાનીનો આદેશ થાય છે એવી પરિભાષા છે. આમ સંપૂર્ણ "इदम्"નો "अ" કરવા માટે "इदम्"ને પ્રથમા વિભક્તિ કરવાની આવશ્યકતા ન હતી; છતાં પણ આચાર્ય ભગવંતે "अनक्" (૨/૧/૩૬) સૂત્રમાં પ્રથમા વિભક્તિ કરી છે. તેના દ્વારા તેઓ જણાવે છે કે અનુબંધ વડે કરાયેલ અનેક વર્ણવાળાપણું થતું નથી. આ ન્યાય જ સૂચન કરે છે કે અનુબંધ પ્રકૃતિ વગેરેનો અવયવ બને છે. અનુબંધ પ્રકૃતિ વગેરેનો અવયવ બનતો હોય તો જ "नानुबन्धकृतम् अनेकवर्णत्वम् भवति।" પરિભાષામાં અનુબંધ વડે અનેક વર્ણવાળાપણાંનો નિષેધ કરવો પડે.

**( શ૦ન્યા૦ )** ✻असन्ध्यक्षरान्तत्वमपि नानुबन्धकृतं भवति, ✻ तत एव यदयम्–"नेर्ङ्मा-दा-पत-पद०" [२.३.७९.] इत्यत्र मेङोऽपि ग्रहणार्थं ङकारं पठति, अन्यथा हि माङ एव ग्रहणं स्यात्। न च लोपे सति मेङ आत्वे सति प्राप्नोति, चेति (चेचेति) इतिवल्लाक्षणिकत्वेन तदभावाद् (?) ।

**અનુવાદ :-** અનુબંધ જો પ્રત્યય વગેરેનો અવયવ બનશે તો "मेङ्" વગેરે ધાતુઓમાં સન્ધ્યક્ષર અંતપણું ગણાશે નહિ. અહીં "मेङ्" વગેરે ધાતુઓમાં "ङ्" એ ધાતુનો અવયવ થવાથી ધાતુ સન્ધ્યક્ષર અંતવાળો થતો નથી. આથી "नेङ्मा-दा-पत..." (૨/૩/૭૯) સૂત્રમાં "मेङ्" લખ્યું હોત તો પણ "मा" ધાતુ આવી જાત. છતાં પણ "मा" ધાતુની પૂર્વમાં ङ्કાર અનુબંધ લખ્યો છે. એના દ્વારા આચાર્ય ભગવંત કંઈક કહેવા માંગે છે જે આ પ્રમાણે છે - આમ તો અનુબંધ ધાતુ વગેરેનો અવયવ બને છે, પરંતુ "असन्ध्यक्षरान्तत्वमपि नानुबन्धकृतम् भवति ।" એ પ્રમાણે પરિભાષા છે. આથી ફલિત થાય છે કે અનુબંધ જો ધાતુ વગેરેનો અવયવ હોય તો જ અનુબંધ વડે કરાયેલું અસન્ધ્યક્ષર અંતપણું થતું નથી એવી પરિભાષા પ્રાપ્ત થાય છે. આ પરિભાષા હતી. માટે જ આચાર્ય ભગવંતશ્રીએ "नेङ्मा-दा-पत..." (૨/૩/૭૯) સૂત્રમાં "मा" દ્વારા "माङ्" અને

"मेङ्" ઉભયને ગ્રહણ કરવા માટે "ङ्" અનુબંધને "मा"ની પૂર્વમાં બતાવેલ છે. જો "ङ्" અનુબંધને પાછળ લખ્યો હોત તો માત્ર "माङ्" ધાતુનું જ ગ્રહણ થાત, પરંતુ "मेङ्" ધાતુનું ગ્રહણ થાત નહિ. આમ, "मेङ्" ધાતુને ગ્રહણ કરવા માટે "ङ्" મા ધાતુની પૂર્વમાં લખ્યો છે. આચાર્ય ભગવંતશ્રીએ આવો પુરૂષાર્થ ત્યારે જ કરવો પડે કે અનુબંધ ધાતુનો અવયવ બને છે છતાં પણ એને અટકાવનાર કોઈક પરિભાષા છે કે જેનાથી અનુબંધથી પણ સન્ધ્યક્ષર અંતપણું થાય છે. આથી જ "माङ्" લખવાથી "मेङ्" ધાતુનું ગ્રહણ ન જ થાત.

**પૂર્વપક્ષ :-** "मेङ्" ધાતુમાં "ङ्" એ અનુબંધ છે અને આ "ङ्" અનુબંધનો "अप्रयोगीत्" સૂત્રથી લોપ થતાં માત્ર "मे" જ બાકી રહેત. આ "मे" ધાતુનાં "ए"નો "आत् सन्ध्यक्षरस्य" *(૪/૨/૧) સૂત્રથી "आ" થાત. એ સંજોગોમાં આ "मा"* ધાતુ પણ (मेङ् ધાતુ સંબંધી) "नेङ्र्मा-दा-पत..." (૨/૩/૭૯) સૂત્રનો વિષય બનત.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે "ङ्"નો લોપ થયા પછી "मे"માં "आत्व" થાત નહિ. "लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्" ન્યાયથી જે મૂળથી સન્ધ્યક્ષરઅંતવાળા ધાતુ હોય તેનો જ "आत् सन्ध्यक्षस्स्य" (૪/૨/૧) સૂત્રથી आकार થાત, પરંતુ કોઈક સૂત્રનાં નિયમનાં કારણે ધાતુ સન્ધ્યક્ષર અંતવાળો થાય તો ત્યાં "आत्व" થતું નથી. જે પ્રમાણે "चेचेति" પ્રયોગમાં "आत्व" થયેલું જણાતું નથી તે આ ન્યાયનાં સામર્થ્યથી જ જણાય છે. "चि" ધાતુને "यङ्" પ્રત્યય લાગતાં દ્વિરુક્તિ થાય છે. ત્યારબાદ વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનો "ति" લાગતાં અને "यङ्"નો લોપ થતાં તેમજ ગુણ વગેરે પ્રક્રિયા થતાં "चेचेति" રૂપ સિદ્ધ થાય છે. "चि" ધાતુમાં સૂત્રના નિયમથી ગુણ થતાં "चे" પ્રાપ્ત થાય છે. આમ સૂત્રનાં નિયમથી "चे" થયો હોવાથી આ પ્રયોગમાં (૪/૨/૧) સૂત્ર લાગ્યું નથી. આમ "ङ्" અનુબંધ આગળ ન લખ્યો હોત તો "मेङ्" ધાતુનું ગ્રહણ થઈ શકત નહિ.

**(शन्या०)** अथ विशेषानिर्देशाद् "भू सत्तायाम्" "इत्यादीनां धातूनामपीत्त्वं कस्मान्न भवति ? कार्याभावादिति ब्रूमः । नन्वस्ति "ऊदितो वा" [४.४.४२.] इत्यादि, नैवम्-'एक-स्वराद्' इति तत्रानुवृत्तेः, आचार्यप्रवृत्तेर्वा, तथाहि-आचार्याः स्वरान्तान् स्वरान्तेषु पठन्ति व्यञ्ज-नान्तान् व्यञ्जनान्तेषु इति तेषां स्वरस्य व्यञ्जनस्य च नेत्त्वमिति । दरिद्रातेस्तर्हि प्राप्नोति, ननूक्तमित्कार्याभावान्न भविष्यति। नन्विदमप्युक्तम्-"आदितः" [४.४.७१.] इत्यस्तीति, नन्वि-दमप्युक्तम्-'एकस्वराद्' इति तत्र वर्त्ततेऽनेकस्वरश्चायमिति । जागर्तेस्तर्हि ऋदित्त्वप्रसङ्गः, तदपि न-"जागुर्जि-णवि०" [४.३.५२.] इत्यत्र वृद्धिनियमाद्, ऋदित्त्वे हि वृद्धेः प्रसङ्ग एव नास्ति किं नियमेनेति ? । चकासोऽपि सकारस्य न भवति कार्याभावात् । आशासोऽपि तत एव न भवति ।

**અનુવાદ :-** આ સૂત્રમાં શબ્દનું ઉચ્ચારણ શાસ્ત્રમાં થયું હોય પરંતુ પ્રયોગમાં ન જણાતું હોય તેની इत् સંજ્ઞા થાય છે એ પ્રમાણે કહ્યું છે, પરંતુ કોઈ વિશેષ નિર્દેશ ન થયો હોવાથી કયા વર્ણને इत् સંજ્ઞાવાળો માનવો એ જણાતું નથી. આથી "भू सत्तायाम्" વગેરે ધાતુઓમાં પણ इत्પણું શા માટે ન થાય ? અર્થાત્ "भू" ધાતુમાં "ऊ"નું इत्પણું થવું જોઈએ. આવી શંકા જો તમારી (પૂર્વપક્ષની) હોય તો અમે કહીશું કે "भू" ધાતુમાં "ऊ"ને इत् કરવાથી કોઈ કાર્યની પ્રાપ્તિ થતી નથી. જો "ऊ" इत्નું કોઈ કાર્ય "भू" ધાતુમાં જણાતું હોત તો અમે "ऊ" इत् અવશ્ય માનત.

**પૂર્વપક્ષ :-** "ऊदितो वा" (૪/૪/૪૨) સૂત્ર પ્રમાણે "ऊ" इत्વાળા ધાતુઓ હોય તો સંબંધક ભૂતકૃદન્તનો "क्त्वा" પ્રત્યય લાગતા "क्त्वा" પ્રત્યયની આદિમાં "इट्" વિકલ્પે થાત. આમ "इट्" સ્વરૂપ કાર્યનો સદ્ભાવ તો છે જ, તો શા માટે "भू" ધાતુને "ऊ" इत्વાળો નથી માનતા ?

**ઉત્તરપક્ષ :-** "ऊदितो वा" (૪/૪/૪૨) સૂત્રમાં એકસ્વરવાળા એવાં "ऊदित्" ધાતુઓમાં જ વિકલ્પે "इट्"નું કાર્ય થાય છે. આથી જ "भू" ધાતુમાં જો "ऊ"ને इत् માનવામાં આવશે તો ધાતુ સ્વર વગરનો થઈ જવાથી હવે (૪/૪/૪૨) સૂત્રથી વિકલ્પે "इट्"ની પ્રાપ્તિ થશે નહિ. તમે કદાચ કહેશો કે (૪/૪/૪૨) સૂત્રમાં એકસ્વરનો સાક્ષાત્ પાઠ તો જણાતો નથી, તો અમે કહીશું કે આચાર્ય ભગવંતશ્રીની પ્રવૃત્તિથી જ એવું જણાય છે. આચાર્ય ભગવંતશ્રીએ સ્વરાન્તવાળા ધાતુઓને ધાતુપાઠમાં જુદા બતાવ્યાં છે તેમજ વ્યંજનાન્ત ધાતુઓને જુદા બતાવ્યાં છે. દા.ત. "स्वर-ग्रह"... (૩/૪/૬૯) સૂત્રમાં "સ્વર" શબ્દથી સ્વરાન્ત ધાતુઓ સમજવા તેમજ "ऋवर्णव्यञ्जनाद् घ्यण्" (૫/૧/૧૭) સૂત્રથી "વ્યંજન"થી વ્યંજનાન્ત ધાતુઓ સમજવા. વળી "भू सत्तायाम्" વગેરે ધાતુઓનાં પાઠમાં પણ સૌ પ્રથમ સ્વરાન્ત ધાતુઓ બતાવેલ છે. ત્યારબાદ વ્યંજનાન્ત ધાતુઓ બતાવેલ છે. આ પ્રમાણે આચાર્ય ભગવંતની પ્રવૃત્તિથી જ જણાય છે કે તે તે ધાતુઓ અનુક્રમે સ્વર અને વ્યંજન અંતવાળા છે. આથી જે જે ધાતુઓ સ્વરાન્ત હશે તે તે ધાતુઓમાં સ્વરનું 'इत्'પણું થશે નહીં. તથા જે જે ધાતુઓ વ્યંજનાન્ત હશે તે તે ધાતુઓમાં વ્યંજનનું 'इत्'પણું થશે નહીં. માટે અહીં "भू" ધાતુમાં "ऊ"ને इत् માની શકાશે નહિ.

**પૂર્વપક્ષ :-** જો આ પ્રમાણે इत् સંજ્ઞાની વ્યવસ્થા છે તો "दरिद्रा" ધાતુ અનેક સ્વરવાળો છે. આથી "दरिद्रा" ધાતુમાં અન્ત્ય "आ"ની इत् સંજ્ઞા માનવી જોઈએ. કદાચ તમે એમ કહેશો કે "आ"ને इत् કહેવાથી કહેલાં એવાં इत् કાર્યનો અભાવ થાય છે, તો તેવું પણ માની શકાશે નહિ. કારણ કે "आदितः" (૪/૪/૭૧) સૂત્રથી જે ધાતુઓ "आ" इत्વાળા છે તેવા ધાતુઓથી પર "क्त" અને "क्तवतु" પ્રત્યય આવે તો "क्त" અને "क्तवतु"ની આદિમાં "इट्" થતો નથી. આથી "आ" इत्નું "इट्" નિષેધ સ્વરૂપ કાર્ય તો વિદ્યમાન છે જ.

**ઉત્તરપક્ષ :-** "दरिद्रा" ધાતુમાં "आ" इत् માનીને "आदितः" સૂત્રથી જે "इट्"નો નિષેધ

તમે કહો છો, પરંતુ આ બરાબર નથી. કારણ કે "एकस्वरादनुस्वारेतः" (૪/૪/૫૬) સૂત્રથી એકસ્વરવાળા ધાતુઓની અનુવૃત્તિ ચાલુ થઈ છે. જે "आदितः" (૪/૪/૭૧) સૂત્રમાં પણ આવે છે. આમ "दरिद्रा" ધાતુ અનેક સ્વરવાળો હોવાથી "दरिद्रा" ધાતુ સંબંધી "आ" इत् માનીને "आदितः" સૂત્ર પ્રમાણે કાર્ય થઈ શકશે નહિ. આ इत् થયા પછી પણ दरिद्रा ધાતુ અનેક સ્વરવાળો જ રહે છે.

**પૂર્વપક્ષ** :- તો પછી "जागृ" ધાતુને "ऋ" इत्‌વાળો માનો.

**ઉત્તરપક્ષ** :- તમારું આ વિધાન પણ અયોગ્ય છે. જો "जागृ" ધાતુને "ऋ" इत्‌વાળો માનવામાં આવશે તો "जागुर्ञि-णवि" (૪/૩/૫૨) સૂત્રમાં "ञित्" અને "णित्" પ્રત્યય પર છતાં જે સ્વરની વૃદ્ધિનું વિધાન કરવામાં આવ્યું છે તે નિરર્થક થઈ જશે. તમારા કહેવા પ્રમાણે જો "जागृ" ધાતુમાં "ऋ" इत् થાય તો "जाग्" ધાતુ શેષ રહે. હવે "जाग्" ધાતુમાં ઉપાન્ત્ય "आ"ની વૃદ્ધિનો તો સવાલ જ નથી, થઈ શકે તો માત્ર "ऋ"ની વૃદ્ધિ જ થઈ શકશે. આથી "जागृ"માં "ऋ" इत् કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી.

**પૂર્વપક્ષ** :- તો પછી "चकास्" ધાતુમાં सकारनी इत् સંજ્ઞા અમે માનીશું.

**ઉત્તરપક્ષ** :- આવું પણ માની શકાશે નહિ. કારણ કે सकारને इत् માનવાથી "चकास्" ધાતુમાં કોઈ કાર્યની પ્રાપ્તિ જ આવતી નથી. આખા વ્યાકરણમાં "स्" इत् સંજ્ઞાનું ફળ તે તે "स्" इत्‌વાળા પ્રત્યય પર છતાં પૂર્વના નામની પદસંજ્ઞા "नाम सिदय्व्यञ्जने" (૧/૧/૨૧) સૂત્રથી થાય છે. જેમ કે, "भवत् + ईयस्"માં "भवत्" શબ્દની પદસંજ્ઞા થવાથી "त्"નો "द्" થવાથી "भवदीयः" શબ્દની પ્રાપ્તિ થાય છે. આવું કોઈ પણ કાર્ય "चकास्" ધાતુમાં "स्"ને "इत्" માનવાથી પ્રાપ્ત થતું નથી. તે જ પ્રમાણે "आ" ઉપસર્ગપૂર્વક "शास्" ધાતુમાં પણ "स्" इत् માનવાથી કોઈ કાર્યની પ્રાપ્તિ આવતી નથી.

**( श०न्या० )** क्विबादीनां तु ककार-पकारयोः कार्यार्थत्वेनेत्त्वादभावोऽस्तु, तदुच्चारणार्थमुपात्तस्य कृतकार्यत्वान्निवृत्तिः, यतोऽप्रयोगशब्देन शास्त्रमभिधीयते; वकाराभावे तु कस्यायमित् स्यादित्यप्रयोगि-शब्दाभिधेय एव न स्यादिति क्विबादीनां च वकारोऽनुबन्धसंज्ञानार्थम्, तस्याभावे कस्यासावित् स्यात्, प्रत्ययत्वमप्यस्यैवं सिद्ध्यति, कृतकार्यत्वाच्च स्वयं निवर्तते, अत एव वकारः पठितः, प्रविरल-प्रयोगविषयत्वादस्य, अन्तस्थानां पदान्तानां प्रायः प्रयोगानिष्टेः, यदाह- "नहि यणः पदान्ताः सन्ति" इति । वृक्षव् करोतीति व्यावृत्तिविषयोपदर्शनार्थमिति ।

**અનુવાદ** :- હવે "क्विप्" વગેરે પ્રત્યયનાં સંબંધમાં દરેક વર્ણો કયા કયા કાર્યનાં પ્રયોજનથી આવ્યા છે ? એ બાબતમાં જણાવે છે.

**પૂર્વપક્ષ :-** "क्विप्" પ્રત્યયમાં ककार અને पकार બંને કાર્યનાં પ્રયોજનથી इत् સંજ્ઞાવાળા મનાયા છે. ककार અનુબંધ ધાતુ વગેરેમાં ગુણનો નિષેધ કરવા માટે કરાયો છે. આમ ककार અનુબંધથી ગુણનાં નિષેધ સ્વરૂપ કાર્ય થાય છે. તથા पकार અનુબંધથી હ્રસ્વ સ્વરાન્ત ધાતુઓમાં "त्"નો આગમ થવા સ્વરૂપ કાર્ય થાય છે. આથી पकार इत् સંજ્ઞાનું કાર્ય પણ વિદ્યમાન છે. આમ ककार અને पकार તે તે ધાતુઓમાં પોતપોતાનાં કાર્યો કરી, इत् સંજ્ઞાવાળા હોવાથી અભાવ સ્વરૂપ થઈ જશે. પરંતુ इकार અને वकार કયા કાર્યનાં પ્રયોજનથી પ્રત્યયમાં આવ્યા છે તે જણાવ્યું ન હોવાથી આ બે વર્ણો इत् સંજ્ઞાવાળા થઈ શકશે નહિ, છતાં પણ આ બંને વર્ણોની इत् સંજ્ઞા માનીને અભાવ તો કર્યો જ છે.

**ઉત્તરપક્ષ :-** ककार અને पकार ધાતુઓમાં પોતપોતાનાં કાર્યો કરી "इत्" સંજ્ઞાવાળા હોવાથી અભાવ સ્વરૂપ થઈ જશે, પરંતુ માત્ર ककार અને पकार સૂત્રમાં લખ્યા હોત તો સ્વર વગરનાં વ્યંજનનું ઉચ્ચારણ થઈ શકત નહિ. આથી ककार અને पकारનું ઉચ્ચારણ કરવા માટે કોઈક સ્વરની આવશ્યકતા રહે છે. તેથી જ "इ" સ્વરની ककार અને पकारની નિવૃત્તિ બાદ આપોઆપ જ નિવૃત્તિ થઈ જશે. હવે वकार વર્ણનું પ્રયોજન જણાવાય છે. સૌ પ્રથમ પ્રયોગ શબ્દથી, જે અમે શાસ્ત્ર અર્થ કરેલ હતો તે શાસ્ત્ર સંબંધી એક શ્લોક અમે જણાવીએ છીએ. આ શ્લોક મહાભાષ્યમાંથી ઉદ્ધરણ કરેલ છે.

"धातुसूत्रगणोणादिवाक्यलिङ्गानुशासनम् । आगमाः प्रत्ययादेशा उपदेशाः प्रकीर्तिताः ॥"

ધાતુ, સૂત્ર, ગણ, ઉણાદિ, વાક્ય, લિંગાનુશાસન, પ્રત્યય, આદેશ અને ઉપદેશ આ બધાને જ શાસ્ત્ર કહેવાય છે. આથી શબ્દનાં ઉચ્ચારણનાં અભાવવાળા (अप्रयोगी) શબ્દથી ઉપર બતાવેલું કોઈ પણ શાસ્ત્ર કહેવું પડશે અર્થાત્ શબ્દનાં ઉચ્ચારણનાં અભાવવાળો પ્રત્યય અહીં કહેવો પડશે. જો "क्विप्" પ્રત્યયમાં वकार લખવામાં ન આવે તો ककार, पकार તથા ઉચ્ચારણ માટે આવેલો इकार કોનાં સંબંધમાં इत् છે એવું જણાવી શકાશે નહિ. આમ થવાથી इत् સંજ્ઞા અધુરી રહેશે. આથી अप्रयोगी એવાં ककार, पकार અને इकारનો અભિધેય કોઈ થઈ શકશે નહિ. દા.ત. ભૂતકૃદન્તનો "क्त" પ્રત્યય છે. અહીં ककार, "त" પ્રત્યય સંબંધમાં इत् છે એવું બોલી શકાય છે. એ પ્રમાણે ककार, पकार અને इकार પણ "व्"નાં સંબંધમાં इत् છે એવું જણાવવા માટે वकार લખ્યો છે. આથી "क्विप्" પ્રત્યયમાં वकार, इत् સંજ્ઞાનાં નિમિત્તે છે. વળી वकारનાં અભાવમાં ककार, पकार વગેરે કોનાં સંબંધમાં इत् છે એવું કહી શકાત નહિ. હવે કોનાં સંબંધમાં આ इत् છે એ પ્રમાણે નક્કી થવાથી "क्विप्"નું પ્રત્યયપણું સિદ્ધ થાય છે. હવે શંકા થશે કે "व्"ને પ્રત્યય તરીકે રહેવા દેવો કે નિવૃત્તિ કરવી ? એનાં સંબંધમાં "આચાર્ય ભગવંત" જણાવે છે કે, वकार, पकार તથા ककारની इत् સંજ્ઞાનાં નિમિત્તે આવ્યો હતો હવે इत् સંજ્ઞા થઈ જવાથી वकारનું કાર્ય

પૂરું થયું. આથી वकारનું કાર્ય પૂરું થઈ જવાથી वकार સ્વયં જ નિવૃત્તિ પામે છે. આવા પ્રયોગો ઘણાં જ અલ્પ પ્રમાણમાં જોવા મળશે કે જેઓ માત્ર इत् સંજ્ઞાનાં નિમિત્તે જ આવ્યાં હોય. જો "व्"ને પ્રત્યય માનો તો ધાતુ તથા નામને અંતે તો "व्" આવેલો જણાશે. હવે "व्" જો નામને અંતે આવે તો પદ સંજ્ઞા થશે અને અન્તસ્થા પદને અંતે હોય એવાં પ્રયોગો ઘણું કરીને ઇચ્છાતા નથી.

"ઉપાધ્યાયે" કહ્યું પણ છે કે "य्, व्, र्, ल्" (यण् પ્રત્યાહારથી य्, व्, र, ल् સમજવાં) પદને અંતે હોતાં નથી. અન્તસ્થા ઘણું કરીને પદને અંતે હોતા નથી, એમાં જે પ્રાયઃનું વિધાન છે તે "वृक्षव् करोति" પ્રયોગની વ્યાવૃત્તિ માટે છે. ક્યાંક ક્યાંક અન્તસ્થા પદને અંતે પણ જોવા મળે છે. (તે જ પ્રમાણે "दध्यत्र, मध्वत्र, चित्रर्थ" વગેરે પ્રયોગોમાં પણ સામાસિક શબ્દમાં પૂર્વનું નામ પદ કહેવાય અને તે તે પદોને અંતે અનુક્રમે य्, व्, र्, ल् આવ્યાં છે અને આવા પ્રયોગો પણ પ્રાયઃથી વ્યાવૃત્તિવાળાં સમજવાં. આવા પ્રયોગોની સિદ્ધિ માટે વ્યાકરણમાં "असिद्धम् बहिरंगम् अन्तरंगे" ન્યાયનો સહારો લેવામાં આવ્યો છે.)

**( श०न्या० )** टुडुञीनामादिभूतानामित्संज्ञा वक्तव्या, अन्यथा हुडु-पिडुङादीनामपि प्रसङ्गः, न वक्तव्या, कथम् ? डान्तेषु पठात्, शैलीयं शास्त्रकर्तृणाम्-यत् तज्जातीयाँस्तज्जातीयेषु पठन्ति। टुडुञीनां समुदाय एवानुबध्यते, समुदायस्य च संज्ञासंबन्धेऽवयवः पारतन्त्र्यादित्संज्ञां न लभत इत्युकारेकार-योरित्त्वाभावाद् "उदितः स्वरान्नोऽन्तः" [४.४.९८.] इति नोऽन्तः (नोऽन्तः इत्यधिकमाभाति) "इङितः कर्तरि" [३.३.२२.] इति टुवेपृङ्-वेपिता, ञिफला-फलतीत्यादौ नागमात्मनेपदाभावः सिद्धः, अन्यथा-ऽत्रापि नागमाऽऽत्मनेपदे प्रसज्येते इति । न चायमु(दि)-द्विधिः * कुम्भीधान्य*न्यायेन शक्यो वक्तुम्, तथाहि-यस्य हि कुम्भ्यामेव धान्यं नान्यत्र स कुम्भीधान्य उच्यते धार्मिकः, यस्य तु तत्र चान्यत्र च नासावनेन शब्देनोच्यते; एवमत्रापि यस्य उदेवेद् नान्य इति, अन्यथा कम्पत इत्यत्राप्यप्रसङ्गः स्यात्; नह्यस्योदेवेदिति । एवं तर्हि नैवं तत्र विज्ञायते-उकार इद् यस्य सोऽयमुदित् तस्य उदित इति, किं तर्हि ? उकार इत् (उकार एव इद् उदित्) उदिता च धातुर्विशिष्यत इति तदन्तविधिः, उदिदन्तस्य धातोरित्य-प्रसङ्गः; तर्ह्यात्मनेपदविधौ दोषः-अर्थणि अर्थयते, नह्यत्रेदिदन्तो धातुः, किं तर्हि ? णकारः, न चात्र धातुः संनिहितोऽस्ति ।

**અનુવાદ :-** આદિમાં રહેલાં "टु", "डु", "ञि"ની इत् સંજ્ઞા કહેવા યોગ્ય છે. જો આદિમાં રહેલાં "टु", "डु", "ञि"ની इत् સંજ્ઞા નહિ માનશો તો "हुडुङ्", "पिडुङ्" (૬૮૩ અને ૬૮૪) વગેરે ધાતુઓમાં પણ "डु" इत् સંજ્ઞા માનવાની આપત્તિ આવશે. આવું કહેતાં હો તો

તમારે કહેવું જોઈએ નહિ. કારણ અમને તો આવી આપત્તિ આવતી જ નથી. શાસ્ત્રનાં રચયિતાની આ શૈલી છે કે જે વર્ણ અંતવાળા ધાતુઓ હોય તે વર્ણાન્તવાળા ધાતુઓનો સમાવેશ ત્યાં જ કરવામાં આવે છે. દા.ત. આત્મનેપદનાં પહેલાં ગણના ધાતુઓમાં "ङ्" વ્યંજન અંતવાળાં ધાતુઓ ૬૮૩ નંબરથી શરૂ થયાં છે. એવાં "ङ्" અંતવાળા તમામ આત્મનેપદી ધાતુઓનો સમાવેશ ૭૦૪ નંબર સુધી કરી દીધો છે. આથી મધ્યમાં રહેલ "डु", इत् સંજ્ઞા થવાની આપત્તિ આવતી નથી. તેથી આદિમાં રહેલાં "टु", "डु" અને "ञि"ની इत् સંજ્ઞા થાય છે એવાં પાઠમાં "આદિમાં રહેલાં" વિશેષણની આવશ્યકતા નથી.

"टु", "डु" અને "ञि"માં બે વર્ણનો સમુદાય જ इत् સંજ્ઞાવાળો થાય છે અને આવી इत् સંજ્ઞાનાં અભાવમાં સમુદાયનો અવયવ પરાધીનપણાંથી इत् સંજ્ઞાને પ્રાપ્ત કરતો નથી. આથી "टु", "डु" અને "ञि"નાં અવયવ સ્વરૂપ "उ" અને "इ"ની इत् સંજ્ઞા સ્વતંત્ર રીતે પ્રાપ્ત થતી નથી. આ પ્રમાણે "उ" અને "इ" અવયવ માનીને इत् સંજ્ઞા ન થવાથી "उदितः स्वरान्नोऽन्तः" (૪/૪/૯૮) સૂત્રથી તથા "इङितः कर्तरि" (૩/૩/૨૨) સૂત્રથી "न्" આગમ અને આત્મનેપદનો અભાવ સિદ્ધ થાય છે. જો સમુદાયનાં અવયવની પણ સ્વતંત્ર રીતે इत् સંજ્ઞા માનવામાં આવત તો "टुवेपृङ्" (૭૫૪ નં.ની ધાતુ) "उ" इत्‌વાળો મનાત. તેથી "वेम्पिता" રૂપ થવાની આપત્તિ આવત. તે જ પ્રમાણે "ञिफला" (૪૧૪ નં.ની ધાતુ) ધાતુ "इ" અનુબંધવાળો ગણાત અને તેમ થાત તો "फलति"ને બદલે "फलते" એ પ્રમાણે આત્મનેપદ થવાથી અનિષ્ટ રૂપ થવાની આપત્તિ આવત.

આથી જ અમે "उ" સંબંધી इत्‌વિધિ અને "इ" સંબંધી इत्‌વિધિ "कुम्भीधान्य" ન્યાયથી કહીશું. "कुम्भीधान्य" ન્યાય આ પ્રમાણે છે - જે બ્રાહ્મણો કુંભીમાં રહેલા ધાન્યને જ વાપરતા હોય એ કુંભીધાન્ય બ્રાહ્મણ કહેવાય છે. પરંતુ જેઓ કુંભીમાં રહેલું ધાન્ય પણ વાપરતા હોય અને અન્ય ઠેકાણે રહેલું ધાન્ય પણ વાપરતા હોય તેઓ કુંભીધાન્ય બ્રાહ્મણ કહેવાતા નથી. એ પ્રમાણે અહીં પણ उत् વિધિ અને इत् વિધિ પણ "कुम्भीधान्य" ન્યાયથી કહેવામાં આવે તો જ્યાં માત્ર "उ" इत् હશે ત્યાં જ "न्"નો આગમ થશે, તેમજ માત્ર "इ" इत् હશે ત્યાં જ આત્મનેપદ વિધિ થશે, અન્યત્ર નહિ થાય. "टु","डु" અને "ञि" અનુબંધમાં માત્ર "उ" અને "इ" જ इत् નથી, પરંતુ "ट्" "ड्" અને "ञ्" પણ इत् છે. આમ હોવાથી જ જ્યાં "टु" અને "डु" इत् તરીકે છે ત્યાં "न्"નો આગમ અને આત્મનેપદની આપત્તિ આવતી નથી. ટૂંકમાં જ્યાં સમુદાય इत् સંજ્ઞાવાળો હોય ત્યાં સમુદાયનાં અવયવની પૃથગ્ इत् સંજ્ઞા થતી નથી.

**પૂર્વપક્ષ** :- જો તમે "कुम्भीधान्य" ન્યાયથી જ "उ" इत्‌વિધિ અને "इ" इत्‌વિધિ માનશો તો જે જે ધાતુઓ વગેરેમાં માત્ર "उ" इत् હશે ત્યાં જ "उदितः स्वरान्..." (૪/૪/૯૮) સૂત્રથી

"न्"નો આગમ થશે, પરંતુ જ્યાં "उ" સિવાય અન્ય અનુબંધ પણ હશે ત્યાં "न्"નો આગમ પણ થઈ શકશે નહિ. દા.ત. "कपुङ् चलने ।" આ ધાતુમાં "उ" અને "ङ" એમ બે इत् વર્ણો છે. માટે માત્ર "उ" જ इत् ન હોવાથી "न्"નો આગમ થઈ શકશે નહિ.

**ઉત્તરપક્ષ :-** (૪/૪/૯૮) સૂત્રમાં "उदितः"નો અર્થ "उकार इत् यस्य सः उदित्" આ "उदित्"નું ષષ્ઠી એકવચન "उदितः" થશે, એ પ્રમાણે જાણવો નહિ; પરંતુ "उकार एव इत् इति उदित्" અર્થાત્ જ્યાં उकार જ इत् છે એવો "उदित्" ધાતુ કહેવાય છે. આથી "उदित्" એ ધાતુનું વિશેષણ બનશે તથા "विशेषणमन्तः" પરિભાષાથી ધાતુને અંતે "उ" इत् આવેલો હશે તો જ "न्"નો આગમ થશે. "कपुङ्" ધાતુમાં "कप्" ધાતુનાં અંતે "उ" इत् આવેલો છે. તેથી "कप्" ધાતુમાં (૪/૪/૯૮) સૂત્રથી "न्"નો આગમ થશે. પરંતુ "डुपचींष्" ધાતુમાં "पच्" ધાતુની આદિમાં "उ" इत् છે માટે "न्"નો આગમ થશે નહિ.

**પૂર્વપક્ષ :-** જો આ પ્રમાણે તત્પુરુષ સમાસ કરવા દ્વારા "विशेषणमन्तः" પરિભાષાથી "उ" इत् ધાતુને અંતે માનશો અને એમ કરવા દ્વારા "कपुङ्" ધાતુમાં "कप्" ધાતુનાં અંતે "उ" इत् હોવાથી "न्"નો આગમ થઈ શકશે. આ પ્રમાણે "कप्" ધાતુમાં તો કોઈ દોષ આવશે નહિ, પરંતુ "इ" इत्માં પણ આ જ પ્રમાણે માનશો તો આત્મનેપદવિધિમાં દોષ આવશે. જ્યાં જ્યાં "इ" અનુબંધ "इत्" બનશે ત્યાં ત્યાં "इ" અનુબંધ પણ ધાતુનું વિશેષણ બનવાથી "इ" અનુબંધ ધાતુનાં અંતે હશે ત્યારે જ इत् સંજ્ઞાવાળો કહેવાશે, પરંતુ જ્યાં જ્યાં "इ" અનુબંધ ધાતુને અંતે નહિ હોય ત્યાં ત્યાં "इङितः कर्तरि" (૩/૩/૨૨) સૂત્રથી આત્મનેપદવિધિ થશે નહિ. अर्थणि ધાતુમાં (ધાતુપાઠમાં ૧૯૩૧ નંબરનો ધાતુ) इकार इत् ધાતુને અંતે નથી. ધાતુને અંતે તો णकार इत् છે. "अर्थ्" ધાતુ છે, ત્યારબાદ णकार અનુબંધ છે તથા णकार બાદ इकार અનુબંધ છે. આથી ધાતુને અંતે णकार અનુબંધ છે, પરંતુ इकार અનુબંધ નથી. આ પ્રમાણે "अर्थ्" ધાતુમાં આત્મનેપદ ન થવાની આપત્તિ આવે છે. આ પ્રમાણે "कुम्भीधान्य" ન્યાયથી અહીં "उ" इत् અને "इ" इत्ને માની શકાતા નથી. માટે "टु", "ञि" વગેરે અનુબંધો વિદ્યમાન હશે ત્યાં "उदित्" અને "इदित्" અનુબંધ પણ માનવા પડશે. માટે સમુદાય સ્વરૂપ "टु" અને "ञि" અનુબંધ અલગ છે. તથા "उ" અને "इ" અનુબંધ અલગ છે એવો બોધ થાય એ માટે વ્યાકરણમાં કોઈક વ્યવસ્થા હોવી જરૂરી છે.

**(શ૦ન્યા૦)** समुदायानुबन्धे च लिङ्गम्-टुनद उदित्करणम्, टुनदु नन्दथुः, ञित्वरिष इकारकरणम्, ञित्वरिष् त्वरते इति; अन्यथा पृथगुदित्करणं(ण)वैयर्थ्यप्रसङ्ग इति । तत्र डुलभिंष १, डुकृंग् २, डुपचींष् ३, डुयाचृग् ४, डुवपीं ५, डुदांग्क् ६, डुधांग्क् ७, टुडुभृंग्क् ८, डुमिंग्ट् ९, डुक्रींग्श् १०-एते दश ड्वितः । ट्वोस्फूर्जा १, टुवेपृङ् २, टुभ्रासि ३, टुभ्लासृङ् ४, टुभ्राजि

५, टुवमू ६, ट्वोश्वि ७, टुक्षुक् ८, टुभृग्क् (टुडुभृंग्क्) ९, टुदुंट् १०, टुमस्जोंत् ११-एते एकादश ट्वित: । ञिक्ष्विदा १, ञिफला २, ञिमिदाङ् ३, ञिक्ष्विदाङ् ४, ञिष्विदाङ् ५, ञित्वरिष् ६, ञिष्वपंक् ७, ञिभींक्, ८, ञिमिदाच् ९, ञिक्ष्विदाच् १०, ञितृषच् ११, ञिधृषाट् १२, ञिइन्धैपि १३-एते त्रयोदश ञीत: । ओवैं १, ट्वोस्फूर्जा २, ओप्यायैङ् ३, ट्वोश्वि ४, ओहांक् ५, ओहांङ्क् ६, ओव्रस्चौत् ७, ओविजैति ८, ओलजैङ् ९, ओलस्जैति १०, ओविजैप् ११, ओलडुण् १२-इत्येके, एते द्वादश ओदित: । औस्वृ १, औदित् । ऊबुन्दृग् १, ऊच्छृदृपी २, ऊतृदृपी ३-एते ऊदित: । टूधें १-टित् । एते चादीत:, अन्ये त्वन्त (त्वन्तेत) एव धातव:। दरिद्राक् १, जागृक् २, चकासृक् ३, ऊर्णुग्क् ४, ओलडुण् ५-एतान् चुराद्यदन्तॉंश्च वर्जयित्वा शेषा एकस्वरा एव धातव इति । तेषां च वर्णक्रमेण पाठादतिरिक्ताऽवयवस्यानुबन्धत्वं विज्ञेयमिति नास्त्यतिप्रसङ्ग इति । दीधीकि १, वेवीकि २, चिरिट् ३, जिरिट् ४-एतानप्यनेकस्वरानिच्छन्त्येके। तकारादी (तकादी)नामकार इत्त्वपरित्राणार्थ इति ॥३७॥

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આપે બતાવેલ ઉપરોક્ત દોષ ધાતુપાઠમાં આચાર્ય ભગવંતશ્રીએ અનુબંધો બાબતમાં બતાવેલ ઉત્તમ પ્રક્રિયાથી રહેશે નહિ. સમુદાય અનુબંધવાળી વિધિ અને વ્યક્તિગત અનુબંધવાળી વિધિનાં વિષયમાં આચાર્ય ભગવંતશ્રીએ ધાતુપાઠમાં ઘણી સરસ રજૂઆત કરી છે. દા.ત. "टुनदु समृद्धौ" (ધાતુ નં. ૩૧૨) ધાતુમાં "टु" इत् પણ કર્યો છે અને અંતમાં "उ" इत् પણ કર્યો છે. અહીં સમુદાય સ્વરૂપ "टु"માં જેમ સમુદાય સ્વરૂપ "टु"ની इत् સંજ્ઞા માની છે, તેમ સમુદાયનાં પૃથગ્ અવયવ "ट्" અને "उ"માં પણ इत् સંજ્ઞા કરવી હોત તો અંતમાં કરેલ "उ" અનુબંધની આવશ્યકતા રહેત નહિ; છતાં પણ આચાર્ય ભગવંતશ્રીએ "टु" इत् સંજ્ઞા પણ કરી છે અને એ જ ધાતુમાં પૃથગ્ "उ" इत् સંજ્ઞા પણ કરી છે. એનાથી જ જણાય છે કે સમુદાય સ્વરૂપ इत् સંજ્ઞા ભિન્ન છે અને અવયવ સ્વરૂપ इत् સંજ્ઞા પણ ભિન્ન છે. "टु" इत् સંજ્ઞા "अथुस्" સ્વરૂપ कृत् પ્રત્યય કરવા માટે કરી છે. જ્યારે "उ" इत् સંજ્ઞા "न्"નો આગમ કરવા માટે છે. માટે "टुनदु" ધાતુ સંબંધી "नन्दथु:" કૃદન્ત બનશે. એ જ પ્રમાણે "ञित्वरिष् संभ्रमे" (ધાતુ નં. ૧૦૧૦) ધાતુમાં ફરીથી इकार અનુબંધ કર્યો છે તે આત્મનેપદ માટે છે તથા "ञि" સ્વરૂપ સમુદિત અનુબંધ વર્તમાન અર્થમાં "क्त" પ્રત્યય કરવા માટે છે. જો સમુદાય સ્વરૂપ "टु" તથા "ञि"ની અલગ इत् સંજ્ઞા ન માની હોત તો એ જ ધાતુઓમાં પાછળ પૃથગ્ એવી "उ" इत् સંજ્ઞા અને "इ" इत् સંજ્ઞા વ્યર્થ થવાનો પ્રસંગ આવત.

કેટલાક ધાતુઓમાં આદિમાં इत् વાળા વર્ણો છે. એવા ધાતુઓ ધાતુપાઠમાં નીચે પ્રમાણે છે.

"डुलभिष्" (ધાતુ નંબર - ૭૮૬), "डुकृंग्" (ધાતુ નં. ૮૮૮), डुपचींष् (ધાતુ નં. ૮૯૨), डुयाचृग् (ધાતુ નં. ૮૯૧), डुवपीं (ધાતુ નં. ૯૯૫), डुदांग्क् (ધાતુ નં. ૧૧૩૮), डुधांग्क् (ધાતુ નં. ૧૧૩૯), टुडुभृंग्क् (ધાતુ નં. ૧૧૪૦), डुमिंगट् (ધાતુ નં. ૧૨૮૯), डुक्रींग्श् (ધાતુ નં. ૧૫૦૮). આ દશ ધાતુઓ આદિમાં "डु" इत् વાળા છે.

ट्वोस्फूर्जा (ધાતુ નં. ૧૪૯), टुवेपृङ् (ધાતુ નં. ૭૫૪), टुभ्रासि (ધાતુ નં. ૮૪૭), टुभ्लासृङ् (ધાતુ નં. ૮૪૮), टुभ्राजि (ધાતુ નં. ૮૯૪), टुवमू (ધાતુ નં. ૯૬૯), ट्वोश्वि (ધાતુ નં. ૯૯૭), टुक्षुक् (ધાતુ નં. ૧૦૮૪), टुभृग्क् (टुडुभृंग्क्) (ધાતુ નં. ૧૧૪૦), टुदुंट् (ધાતુ નં. ૧૨૯૭), टुमस्जोंत् (ધાતુ નં. ૧૩૫૨). આ અગિયાર ધાતુઓ આદિમાં "टु" इत्‌વાળા છે.

"ञिक्ष्विदा" (ધાતુ નં. ૩૦૦), ञिफला (ધાતુ નં. ૪૧૪), ञिमिदाङ् (ધાતુ નં. ૯૪૪), ञिक्ष्विदाङ् (ધાતુ નં. ૯૪૫), ञिष्विदाङ् (ધાતુ નં. ૯૪૬), ञित्वरिष् (ધાતુ નં. ૧૦૧૦), ञिष्वपंक् (ધાતુ નં. ૧૦૮૮), ञिभींक् (ધાતુ નં. ૧૧૩૨), ञिमिदाच् (ધાતુ નં. ૧૧૮૦), ञिक्ष्विदाच् (ધાતુ નં. ૧૧૮૧), ञितृषच् (ધાતુ નં. ૧૨૧૨), ञिधृषाट् (ધાતુ નં. ૧૩૧૨) ञिइन्धैपि (ધાતુ નં. ૧૪૯૮). આ તેર ધાતુઓ આદિમાં "ञि" इत्‌વાળા છે.

ओवैं (ધાતુ નં. ૪૮), ट्वोस्फूर्जा (ધાતુ નં. ૧૪૯), ओप्यायैङ् (ધાતુ નં. ૮૦૫), ट्वोश्वि (ધાતુ નં. ૯૯૭), ओहांक् (ધાતુ નં. ૧૧૩૧), ओहांङ्क् (ધાતુ નં. ૧૧૩૬), ओव्रस्चौत् (ધાતુ નં. ૧૩૪૧), ओविजैति (ધાતુ નં. ૧૪૬૮), ओलजैङ् (ધાતુ નં. ૧૪૬૯), ओलस्जैति (ધાતુ નં. ૧૪૭૦), ओविजैप् (ધાતુ નં. ૧૪૮૯), ओलडुण् (ધાતુ નં. ૧૬૨૪). કેટલાક લોકો ओलड् ધાતુને "ओ" इत्‌વાળો નથી માનતાં, આથી તેઓનાં મતે ओलड् અનેકસ્વરી થશે. જે નીચે અનેકસ્વરી પાઠમાં આપ્યો છે. આ બાર ધાતુઓ આદિમાં "ओ" इत्‌વાળા છે.

औस्वृ (ધાતુ નં. ૨૧), આ એક ધાતુ આદિમાં "औ" इत्‌વાળો છે.

ऊबुन्दृग् (ધાતુ નં. ૯૦૪), ऊच्छृदृपी (ધાતુ નં. ૧૪૮૦) ऊतृदृपी (ધાતુ નં. ૧૪૮૧). આ ત્રણ ધાતુઓ આદિમાં "ऊ" इत्‌વાળા છે.

"ट्धें" (ધાતુ નં. ૨૮) આ ધાતુ "ट्" इत्‌વાળો છે.

ઉપર લખેલા તમામ ધાતુઓ આદિમાં इत्‌વાળા છે અને બાકીનાં બધા ધાતુઓ અન્તમાં इत् વાળા છે.

दरिद्राक् (ધાતુ નં. ૧૦૯૨), जागृक् (ધાતુ નં. ૧૦૯૩), चकासृक् (ધાતુ નં. ૧૦૯૪), ऊर्णुग्क् (ધાતુ નં. ૧૧૨૩), ओलडुण् (ધાતુ નં. ૧૬૨૪). આ પાંચ ધાતુઓ તેમજ દશમા ગણના અ અન્તવાળા તમામ ધાતુઓને છોડીને બાકીનાં તમામ ધાતુઓ એકસ્વરવાળા છે. અહીં

"ओलडुण्" ધાતુ છે, તે આમ તો "चुरादि" ગણપાઠનો જ છે. છતાં પણ "ओलड्" સ્વરૂપ ધાતુ સ્વતંત્રતાથી અનેકસ્વરવાળો છે. જ્યારે બાકીનાં "चुरादि" ધાતુઓ સ્વાર્થિક એવો "णिच्" ઉમેરાયા પછી અનેકસ્વરી થાય છે. માટે "ओलडुण्"અનેકસ્વરીનાં પાઠમાં અલગથી નિર્દેશ કર્યો છે.

"આચાર્ય ભગવંતે" આદિમાં સમુદાય સ્વરૂપ "डु","टु", "ञि" इत्‌વાળા ધાતુઓ બતાવ્યા તેમજ આદિમાં "ओ" તેમજ "औ" અને "ऊ" તથા "ट्" इत्‌વાળા ધાતુઓ બતાવ્યા. હવે એનાં સિવાયના તમામ ધાતુઓમાં આદિમાં इत् સંજ્ઞા આવશે નહિ. આથી આદિમાં જે પણ વર્ણો હશે તે ધાતુનાં અવયવ સ્વરૂપ જ હશે. હવે તમામ ધાતુઓ ઓછામાં ઓછા એક સ્વરવાળા તો છે જ. આથી ક્યાંતો એકલા સ્વરવાળા ધાતુઓ આવશે (દા. ત. ऋ) અથવા તો વ્યંજન + સ્વરવાળા આવશે. (દા.ત. "पा" ધાતુ) અથવા તો વ્યંજન + સ્વર + વ્યંજનવાળા આવશે. (દા.ત. "पच्" ધાતુ) હવે ધાતુપાઠમાં "આચાર્ય ભગવંતશ્રી"એ પ્રથમ માત્ર એકસ્વરવાળા ધાતુઓ બતાવ્યા છે, જેમાં ક્યાંતો એકલા સ્વરવાળા ધાતુઓ આવશે અથવા તો વ્યંજન અને સ્વર અંતવાળા ધાતુઓ આવશે. (દા.ત. "ऋ" તેમજ "पा" ધાતુ) આવા ધાતુઓમાં પ્રથમ अ અંતવાળા આવશે. પછી आ અંતવાળા આવશે. એ પ્રમાણે ચૌદ સ્વરોનો ક્રમ આવશે.

હવે વ્યંજન + સ્વર + વ્યંજન અંતવાળા ધાતુઓ આવશે. (દા.ત. "पच्" ધાતુ) આવા ધાતુઓમાં સૌ પ્રથમ પરસ્મૈપદનાં ધાતુઓ આવશે અને તેમાં પણ "क्" વ્યંજન અંતવાળા ધાતુઓનો નિર્દેશ પહેલા કરવામાં આવશે. પછી "ख्" વ્યંજન અંતવાળાં ધાતુઓનો નિર્દેશ કરવામાં આવશે. યાવત્ "ह्" વ્યંજન અંતવાળા સુધીનાં ધાતુઓનો નિર્દેશ કરાશે. ત્યારબાદ આત્મનેપદી ધાતુઓ આ જ ક્રમથી બતાવવામાં આવશે તેમજ ઉભયપદી ધાતુઓ પણ આ જ ક્રમથી બતાવવામાં આવશે.

હવે આ વર્ણક્રમનાં પાઠથી અતિરિક્ત જેટલાં પણ વર્ણો હશે એ અનુબંધ સ્વરૂપ (इत् સંજ્ઞા સ્વરૂપ) જાણવા યોગ્ય છે. આથી ક્યાંય પણ અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે નહિ. નામોમાં તેમજ પ્રત્યયોમાં તે તે સૂત્રની વ્યાખ્યાથી જ બોધ થઈ જશે. આ પ્રમાણે "આચાર્ય ભગવંતે" इत् સંજ્ઞાનું એક જ સૂત્ર બનાવવા દ્વારા એમનાં "કલિકાલસર્વજ્ઞ"નાં બિરૂદને સાર્થક કર્યું છે. એમના દ્વારા થયેલી અદ્‌ભુત વ્યવસ્થાને જોઈને અમારું મસ્તક સાહજિક જ ઝૂકી જાય છે.

"दीधीङि" વગેરે ચાર ધાતુઓ પણ અનેકસ્વરવાળા છે એવું કેટલાક લોકો માને છે. આપણા ધાતુપાઠમાં આ ધાતુઓ જોવામાં આવતાં નથી.

-: ન્યાસસારસમુદ્ધાર :-

**( न्या०स० ) अप्रयोगी**त्यादि-प्रयोग: शब्दस्योच्चारणम्, सोऽस्यास्तीति प्रयोगी, न प्रयोगी अप्रयोगी इति संज्ञिनिर्देशः, इदिति च संज्ञेति । **लौकिक** इति-लोकस्य ज्ञाते "लोकसर्वलोका-ज्ज्ञाते" [७.४.८४.] इतीकण् ॥३७॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરની તમામ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસમાં આવી ગયો છે.

॥ सप्तत्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

## सूत्रम् - अनन्तः पञ्चम्याः प्रत्ययः । १ । १ । ३८ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**पञ्चम्यर्थाद् विधीयमानः शब्दः प्रत्ययसंज्ञो भवति । अनन्तः-न चेदन्तशब्दोच्चारणेन विहितो भवति ।**

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

પંચમી અર્થથી વિધાન કરાતો એવો શબ્દ પ્રત્યયસંજ્ઞાવાળો થાય છે. પરંતુ વિધાન કરાતો શબ્દ અંત શબ્દનાં ઉચ્ચારણવડે વિહિત થયેલો હોવો જોઈએ નહિ.

**( त० प्र० ) "नाम्नः प्रथमैकद्विबहौ" [ २.२.३१. ] वृक्षः, वृक्षौ, वृक्षाः । "स्त्रियां नृतोऽस्वस्रादेर्ङीः" [ २.४.१. ] राज्ञी, कर्त्री । "आत्" [ २.४.१८. ] खट्वा । "गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः" [ १.४.१. ] गोपायति, धूपायति । "ऋवर्ण-व्यञ्जनाद् घ्यण्" [ ५.१.१७. ] कार्यम्, पाक्यम् ।**

**અનુવાદ :-** નામથી વિધાન કરાયેલા પ્રથમા વિભક્તિનાં सि, औ, जस्‌ની પ્રત્યયસંજ્ઞા થાય છે. અહીં नाम्नः પંચમી વિભક્તિઅંત છે. આથી પંચમી અર્થથી વિધાન કરાયેલ सि, औ, जस्‌ની પ્રત્યયસંજ્ઞા થવાથી वृक्षः, वृक्षौ, वृक्षाः પદસંજ્ઞાવાળાં થાય છે. "न्" અંતવાળા અને ऋ અંતવાળાં નામથી પર સ્ત્રીલિંગમાં ङी થાય છે. આ ङी પંચમીથી વિધાન કરાયેલો હોવાથી (नृतः પંચમી

વિભક્તિમાં હોવાથી) ङीनी પ્રત્યયસંજ્ઞા થાય છે. આથી, राजन્નું સ્ત્રીલિંગ राज्ञी થાય છે અને कर्तृનું સ્ત્રીલિંગ कर्त्री થાય છે.

"अ"નું પંચમી એકવચન "आत्" થાય છે. આથી आत् (૨/૪/૧૮) સૂત્રથી પંચમીથી વિધાન કરાયેલો એવો "आप्" શબ્દ પ્રત્યયસંજ્ઞાવાળો થાય છે. આથી "खट्वा" સ્ત્રીલિંગ નામ બને છે. (૩/૪/૧) સૂત્રમાં "गुपौ ... पनेः" એ પ્રમાણે પંચમી વિભક્તિથી आय શબ્દનું વિધાન થાય છે. આ "आय"ની પણ પ્રત્યયસંજ્ઞા થાય છે. આથી "गोपायति, धूपायति" વગેરે પ્રયોગો થાય છે. "ऋवर्ण-व्यञ्जनाद् घ्यण्" (૫/૧/૧૭) આ સૂત્રમાં પંચમીથી કહેવાયેલ ऋ વર્ણ અંતવાળા ધાતુ અને વ્યંજન અંતવાળા ધાતુ છે તથા એ બે પંચમીથી વિધાન કરાયેલ घ्यण् છે. જે "घ्यण्"ની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય છે. આથી "कृ" ધાતુનું "कार्यम्" અને "पच्" ધાતુનું "पाक्यम्" રૂપ બને છે.

**( त० प्र० ) अनन्त इति किम् ? अन्तशब्दोच्चारणेन विहितस्याऽऽगमस्य मा भूत्, यथा "उदितः स्वरान्नोऽन्तः" [ ४.४.९९. ] इत्यादि । प्रत्ययप्रदेशाः-"प्रत्यये च" [ १.३.२. ] इत्यादयः ॥३८॥**

**અનુવાદ :-** સૂત્રમાં अनन्त શબ્દ લખવા દ્વારા આચાર્ય ભગવંત શું કહેવા માગે છે ? "अन्त" શબ્દથી ઉચ્ચારણ કરાયેલ જે હોય તે આગમ કહેવાય. આથી "अन्त" શબ્દ વડે ઉચ્ચારણ કરાવવાથી કહેવાયેલા એવા આગમની પ્રત્યયસંજ્ઞા થતી નથી. દા.ત. "उदितः स्वरान्नोऽन्तः" (૪/૪/૯૮) સૂત્રથી "अन्त" શબ્દ વડે ઉચ્ચારણ કરાયેલો "न्" છે. આથી આ "न्"ની પ્રત્યયસંજ્ઞા આ સૂત્રથી થતી નથી. પ્રત્યયસંજ્ઞાનાં ઉદાહરણ સ્થળો આ પ્રમાણે છે - "प्रत्यये च" (૧/૩/૨) આ સૂત્રમાં પ્રત્યય શબ્દનો અર્થ કયો કરવો ? તે આ સંજ્ઞાસૂત્ર દ્વારા જણાય છે.

### -: શબ્દમહાર્ણવન્યાસ :-

**अनन्त** इत्यादि-पञ्चमीति प्रत्यय उच्यते, स च प्रकृत्यविनाभावीति तेन प्रकृतिराक्षिप्यते, तया *चार्थस्तद्विधिश्चेत्याह-**पञ्चम्यर्थाद् विधीयमान** इति । अत एव क्वचिद् "अजादेः" [२.४.१६.]* इत्यादौ षष्ठीनिर्देशेऽपि पञ्चम्यर्थाविरोधात् प्रत्ययत्वाविरोधः ।

### -: શબ્દમહાર્ણવન્યાસનો અનુવાદ :-

સૂત્રમાં પંચમી શબ્દ લખ્યો છે તો પ્રશ્ન થાય છે કે પંચમીથી કયો અર્થ સમજવો ? ન્યાયસંગ્રહમાં એક ન્યાય આવે છે જે આ પ્રમાણે છે : "स्वम् रूपम् शब्दस्य अशब्दसंज्ञा" બધે જ-શબ્દના સ્વરૂપને ગ્રહણ કરીને તે શબ્દનો અર્થ વિચારવો જોઈએ, પરંતુ આ વસ્તુ ત્યારે જ માનવી જોઈએ કે

જ્યારે તે શબ્દવડે કોઈ સંજ્ઞા કરવામાં આવી ન હોય. વ્યાકરણમાં પંચમી શબ્દ દ્વારા સંજ્ઞા કરાઈ હોવાથી સંજ્ઞા દ્વારા પંચમીનો જે અર્થ થઈ શકતો હશે તે જ અર્થ આવી શકશે. "स्यौजस्..." (૧/૧/૧૮) સૂત્રથી ङसि – भ्याम् – भ्यस् પ્રત્યયની પંચમીસંજ્ઞા થઈ છે. આથી પંચમીથી ङसि – भ्याम् – भ्यस् પ્રત્યય જ લઈ શકાશે. આખા વ્યાકરણમાં એકલા પ્રત્યયોથી વિધાન કરાયેલ કોઈ વસ્તુ છે નહીં. આથી प्रत्ययः प्रकृत्यादेः (૭/૪/૧૧૫) પરિભાષાસૂત્ર આ અંગે સમાધાન આપે છે. પ્રત્યય હંમેશા પ્રકૃતિની સાથે અવિનાભાવ-સંબંધથી સાથે જ રહે છે. અર્થાત્ પ્રકૃતિ અને પ્રત્યય બંને સાથે મળીને અર્થને કહે છે. કોઈક કવિએ તો ત્યાં સુધી કહ્યું છે કે, પ્રત્યય અને પ્રકૃતિનો સંબંધ કૃષ્ણ અને ગોપીઓના સંબંધ જેવો છે. આથી પ્રત્યયવડે પ્રકૃતિ ખેંચાય છે અર્થાત્ પ્રત્યય પ્રકૃતિને ખેંચે છે. આ પ્રમાણે પંચમીથી પ્રત્યય સહિત પ્રકૃતિ આવશે. આથી પ્રત્યય સહિત પ્રકૃતિ આવે છે. પંચમીનો અર્થ બૃહદ્વૃત્તિટીકામાં પંચમી અર્થ કર્યો છે. આમ, પંચમી શબ્દનો 'પંચમી અર્થથી' એવો અર્થ કર્યો છે. આ પ્રમાણે પંચમી શબ્દથી પંચમી અર્થથી વિધિ પ્રાપ્ત થશે એવો અર્થ પ્રાપ્ત થઈ શકશે. આમ, પંચમી અર્થથી જે જે કહેવાયું હશે તે બધાની પ્રત્યયસંજ્ઞા આ સૂત્રથી પ્રાપ્ત થશે. અહીં પંચમી શબ્દનો પંચમી અર્થ સ્વરૂપ અર્થ કરવાથી પંચમી અર્થમાં જે જે વિભક્તિઓ વિધાન કરાઈ હશે તે બધી જ વિભક્તિઓ લઈ શકાશે. માટે જ ક્યાંક अजादेः (૨/૪/૧૬) વગેરે સૂત્રોમાં ષષ્ઠી વિભક્તિ પંચમી અર્થમાં જ કહેવાયેલી હોવાથી ષષ્ઠીથી વિહિત એવો "आप्" પ્રત્યય પણ પંચમીથી વિહિત જ ગણાશે તેથી તે "आप्"ની પણ પ્રત્યયસંજ્ઞા આ સૂત્રથી થઈ શકશે. અહીં ષષ્ઠી વિભક્તિના નિર્દેશમાં પણ પંચમી અર્થનો અવિરોધ હોવાથી "आप्"માં પ્રત્યયપણાંનો વિરોધ આવતો નથી.

**( श०न्या० )** स च वर्णस्तत्समुदायो वा भवतीति शब्द्यत इति कृत्वा शब्दशब्देनोच्यत इत्याह– **शब्द** इति । **न चेदन्ते**ति–यथा "उदितः स्वरान्नोऽन्तः" [४.४.९८.] इत्यत्र **हि** नकारोऽन्तशब्दोच्चारणेन विधीयमानो न प्रत्ययसंज्ञां लभते । तत्रान्तग्रहणमन्तरेण प्रत्ययत्वं स्यात्, ततश्च प्रत्ययत्वात् ततः प्रत्ययोत्पत्तेरभावाद् 'नन्दन्त' (अनन्दत्) इत्याद्यसिद्धिः ।

**અનુવાદ :-** પંચમી અર્થથી વિહિત કરાયેલાની પ્રત્યયસંજ્ઞા થતી હોવાથી જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે કે પંચમી અર્થથી વિહિત કરાયેલું શું હશે ? આ જિજ્ઞાસાના ઉત્તરમાં જણાવે છે કે, પંચમીથી વિહિત કરાયેલો એવો જે વર્ણ હશે અથવા તો વર્ણનો સમુદાય હશે. તે બધાની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થશે. દા.ત. आप् એ વર્ણ સ્વરૂપ છે, જ્યારે ईयस् એ વર્ણના સમુદાય સ્વરૂપ છે. આમ આ સૂત્રથી "आप्"ની પણ પ્રત્યયસંજ્ઞા થશે અને "ईयस्"ની પણ પ્રત્યયસંજ્ઞા થશે.

એક શંકા થાય છે કે, શબ્દ તો વર્ણના સમુદાય સ્વરૂપ જ હોય છે તો પછી પંચમી અર્થથી

વિધાન કરાતો એવો વર્ણનો સમુદાય જ પ્રત્યયસંજ્ઞાવાળો થઈ શકશે, પરંતુ વર્ણની પ્રત્યયસંજ્ઞા કેવી રીતે થશે ? આથી "शब्द" સ્વરૂપ શબ્દનો અર્થ જણાવે છે - "शब्द्" એ ધાતુ છે એનું ભાવવાચક એવા ત્રીજા પુ. એ.નું રૂપ शब्दयते થાય છે. અર્થાત્ ભાવવાચક "अनट्" પ્રત્યય લાગતાં शब्दनम् સ્વરૂપ ભાવવાચક નામ પ્રાપ્ત થાય છે. આથી शब्दयतेનો અર્થ 'ઉચ્ચારણ કરાય છે' એવો થાય છે. અહીં "शब्द्" ધાતુને "घञ्" પ્રત્યય લાગીને शब्दः સ્વરૂપ ભાવવાચક નામ બન્યું છે. આથી પંચમી અર્થથી વિહિત કરાયેલ એવું ઉચ્ચારણ કરાયેલ જે હોય તેની પ્રત્યયસંજ્ઞા થાય છે. અહીં ઉચ્ચારણ કરવા સ્વરૂપ ક્રિયા વર્ણમાં પણ હોય છે અને વર્ણના સમુદાયમાં પણ હોય છે. માટે વર્ણ તથા વર્ણનાં સમુદાય ઉભયમાં આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞાની પ્રાપ્તિ થશે.

પરંતુ પંચમી અર્થથી વિધાન કરાયેલ એવો જે વર્ણ અથવા વર્ણનો સમુદાય હોય તે જો "अन्त" શબ્દથી વિહિત કરાયો હોય તો તેની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થતી નથી. દા.ત. "उदितः स्वरान्..." (૪/૪/૯૮) સૂત્રથી नकार, "अन्त" શબ્દના ઉચ્ચારણથી વિધાન કરાયો હોવાથી પ્રત્યયસંજ્ઞાને પ્રાપ્ત કરતો નથી. જો આ સૂત્રમાં "अन्त" શબ્દનું ઉચ્ચારણ ન કરાયું હોત તો नकारની પ્રત્યયસંજ્ઞા થાત. હવે જો नकारની પ્રત્યયસંજ્ઞા થાત તો શું આપત્તિ આવત ? તે જણાવે છે.

ધાતુપાઠમાં "नदु" એ "उदित्" ધાતુ છે. જે જે "उदित्" ધાતુઓ હોય તે તે ધાતુઓમાં સ્વરથી પર नकार થાય છે. આથી नकारની પ્રત્યયસંજ્ઞા થાત. પ્રત્યય પ્રકૃતિ વિના રહેતો નથી તેથી "नद्" ધાતુમાં "न्" પ્રત્યય લાગ્યા પછી હવે ફરીથી પ્રત્યયની પ્રાપ્તિ આવત નહીં. જે જે ધાતુઓથી ચોક્કસ અર્થમાં પ્રત્યયોની ઉત્પત્તિ થઈ ગઈ હોય તો તેવા તેવા ધાતુઓથી તે જ અર્થમાં ફરીથી પ્રત્યયની ઉત્પત્તિ થતી નથી. દા.ત. "पच्" ધાતુથી કર્તા અર્થમાં "णक" પ્રત્યય લાગે તો ફરીથી એ જ ધાતુથી "णक" પ્રત્યય લાગ્યા પછી કર્તા અર્થમાં "तृच्" વગેરે પ્રત્યયો લાગી શકત નહીં. આમ "नद्" ધાતુમાં "न्" લાગ્યા પછી હ્યસ્તનભૂતકાળમાં "त्" પ્રત્યય લાગી શકશે નહીં. તેથી "अनन्दत्" વગેરે રૂપોની સિદ્ધિ થઈ શકશે નહીં. કદાચ તમે એમ કહેશો કે "पच्" વગેરે ધાતુઓને વર્તમાના વિભક્તિનો "तिव्" પ્રત્યય લાગતાં "कर्तरि अनद्भ्यः शव्" (૩/૪/૭૧) સૂત્રથી "शव्" પ્રત્યય તો થાય છે. આમ, એક પ્રત્યય લાગ્યા પછી (तिव् લાગ્યા પછી) બીજો પ્રત્યય (शव्) તો લાગે છે. આના જવાબમાં સમજવું કે (૨/૪/૭૧) સૂત્રમાં જણાવ્યું છે કે, જ્યારે ધાતુઓને "शित्" પ્રત્યય લાગે છે ત્યારે જ "शव्" પ્રત્યય થાય છે. આમ "शव्" પ્રત્યયનું નિમિત્ત જ વર્તમાના વગેરે વિભક્તિઓ છે. આથી અહીં એક પ્રત્યય લાગ્યા પછી બીજા પ્રત્યયની આપત્તિ જ નથી. જ્યારે अनन्दत् પ્રયોગમાં આવી શક્યતા જ નથી.

**(શ૦ન્યા૦)** ननु यद्येवं पञ्चम्यन्तात् परो योऽनन्तो विधीयते, न चान्यस्य स्थाने स प्रत्यय इति स्पष्टं सूत्रं विधेयम्, अन्यथा युष्मदस्मदादेशलुगादयोऽपि पञ्चम्यन्ताद् विधीयन्त इति तेषामपि प्रत्ययसंज्ञा प्राप्नोति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જો તમે આ રીતે સૂત્ર બનાવશો તો પંચમી અર્થથી વિધાન કરાતું જે જે હશે તે બધું જ પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. જેમકે "पदात् युगविभक्त्या..." (૨/૧/૨૧) સૂત્રથી "युष्मद्" અને "अस्मद्" સર્વનામના અનુક્રમે "वस्" અને "नस्" આદેશ થાય છે. આ આદેશ સ્વરૂપ જે 'वस्' અને 'नस्' થયા તેની પ્રત્યયસંજ્ઞા તેમજ "दीर्घङी-आप्०" (૧/૪/૪૫) સૂત્રથી પંચમીથી વિધાન કરાતાં "सि"ના લોપની પણ પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે. આ આપત્તિને ટાળવા માટે તમારે સૂત્ર નીચે પ્રમાણે બનાવવું જોઈએ. પંચમી અન્તથી પર જે અન્ત સિવાયનું વિધાન કરાય છે, તેની જ પ્રત્યયસંજ્ઞા થશે પરંતુ પંચમી અન્તથી વિધાન કરાયેલ બીજા કોઈના સ્થાનમાં જે હશે તેની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. (૧/૪/૪૫) સૂત્ર પ્રમાણે પંચમી અન્તથી વિધાન કરાયેલ "सि"ના સ્થાનમાં लुक् હોવાથી તથા युष्मद् અને अस्मद्ના સ્થાનમાં અનુક્રમે वस् અને नस् આદેશ હોવાથી लुक् વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. આમ लुक् વગેરેની પ્રત્યયસંજ્ઞા ન થાય તે માટે તમારે સ્પષ્ટ સૂત્ર બનાવવું જોઈએ.

**(શ૦ન્યા૦)** यदि संज्ञिन एकीकृत्य संज्ञा क्रियेत, न स्यादि(द)तिप्रसङ्गः । यदि पुनर्गौरव-परिहाराय प्रत्यय इति अधिकारेण प्रत्ययविधानं क्रियते, तदा प्रकृत्युपपदोपाधिष्वपि प्रसङ्ग ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** वस्, नस् તથા लुक् વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા બનવાની આપત્તિ આવે છે. આ આપત્તિને દૂર કરવા માટે બધા સંજ્ઞીઓને એક કરીને જો સંજ્ઞા કરવામાં આવે તો સમસ્યા રહેશે નહીં. સંજ્ઞી તરીકે "अण्", "क्यप्", "सि" વગેરે જેટલા વ્યાકરણમાં જણાવાયા છે તે બધાનો સમૂહમાં નિર્દેશ કરવા દ્વારા પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે અર્થાત્ ગણપાઠ દ્વારા જો પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો लुक् તથા वस्-नस् આદેશ વગેરેની પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે નહીં.

**પૂર્વપક્ષ :-** પરંતુ આમ કરવાથી તો ઘણું મોટું ગૌરવ થશે. દા.ત. अण् વગેરે ૫૦૦ પ્રત્યયો હોય તો ક્યાંતો ગણપાઠ બનાવવો પડે અથવા તો એ ૫૦૦ પ્રત્યયના સમૂહ સ્વરૂપ સૂત્ર બનાવવા દ્વારા પ્રત્યયસંજ્ઞા કરવી પડે, પરંતુ આમ કરવાથી તો ઘણું મોટું ગૌરવ થાય છે.

(પાણિની વ્યાકરણમાં આ ગૌરવનો પરિહાર કરવા માટે "सप्" પ્રત્યાહારનો આશરો લેવામાં આવ્યો છે. એ લોકોના મત પ્રમાણે ૩, ૪, ૫ અધ્યાયમાં પ્રત્યયો જણાવાયા છે, એમાં સૌપ્રથમ (૩/૧/૫) સૂત્રમાં सन् પ્રત્યયનું વિધાન કરાયું છે તથા (૫/૪/૧૫૬) સૂત્રમાં "कप्" પ્રત્યયનું

વિધાન નિષેધ દ્વારા કરાયું છે. આમ सन् પ્રત્યયનાં આદિનો स તેમજ कप् પ્રત્યયના અન્તનો "प्" લેવાથી "सप्" પ્રત્યાહાર થાય છે અને આ "सप्" પ્રત્યાહાર દ્વારા પ્રત્યયસંજ્ઞા થાય છે, પરંતુ ત્યાં પણ પ્રત્યયસંજ્ઞાનું અધિકારસૂત્ર તો બનાવવું જ પડે છે તથા બીજી આપત્તિ પણ આવે છે. દા.ત. "कर्तरि शप्" (૩/૧/૬૮) સૂત્રમાં पकार इत् संज्ञा છે, આથી "सप्" પ્રત્યાહારથી કયો पकार લેવો એ આપત્તિ તો ઊભી જ રહે.)

**ઉત્તરપક્ષ :-** જો સંજ્ઞીઓને એક કરીને પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો ઘણું મોટું ગૌરવ થાય છે. કારણ કે દરેક પ્રત્યયો (સંજ્ઞીઓ) સૂત્ર દ્વારા બતાવવા આવશ્યક થાય છે. આ દોષને ટાળવા માટે અધિકારસૂત્રથી જો પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો એ અધિકારસૂત્ર જ્યાં જ્યાં જશે ત્યાં બધે આપોઆપ પ્રત્યયસંજ્ઞા થઈ જશે. પાણિની વ્યાકરણકારે "प्रत्ययः" (૩/૧/૧) સૂત્ર બનાવેલ છે તથા આ અધિકારસૂત્ર છે જેની ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં ઉપસ્થિતિ થાય છે. દા. ત. "गुप्तिज्किद्भ्यः सन्" (૩/૧/૫) સૂત્ર પાણિની વ્યાકરણમાં આવે છે. અહીં (૩/૧/૧) સૂત્ર સંબંધી પ્રત્યય અધિકાર આવવાથી "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે. આથી દરેક સંજ્ઞીઓને અલગ અલગ જણાવવા નહીં પડે. ત્રીજા, ચોથા અને પાંચમા અધ્યાયમાં પ્રત્યય અધિકાર આવતો હોવાથી આપોઆપ જ બધાની પ્રત્યયસંજ્ઞા થઈ જશે. આ પ્રમાણે એક સાથે સંજ્ઞીઓ બતાવવાનું ગૌરવ આપોઆપ જ ટળી જશે. સિદ્ધહેમવ્યાકરણમાં આ ચાલુ સૂત્ર પ્રત્યયસંજ્ઞા અંગે અધિકારસૂત્ર તરીકે બનાવ્યું છે. આથી પંચમીથી વિધાન કરાયેલ જે જે હશે તે બધાની પ્રત્યયસંજ્ઞા થઈ જશે. દા. ત. "कर्मणो अण्" (૫/૧/૭૨) સૂત્રમાં પંચમીથી વિધાન કરાયેલ "अण्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થઈ જશે. આથી ગૌરવ નામનો દોષ હવે ઉપસ્થિત થતો નથી.

**પૂર્વપક્ષ :-** જો ગૌરવને દૂર કરવા માટે प्रत्ययः (૩/૧/૧) એ પ્રમાણે અધિકારસૂત્ર દ્વારા પ્રત્યયસંજ્ઞાનું વિધાન કરશો તો પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિમાં પણ પ્રત્યયસંજ્ઞાની આપત્તિ આવશે. કારણ કે જે જે સૂત્રમાં प्रत्ययः અધિકાર ઉપસ્થિત થશે તો તે તે સૂત્રોમાં જણાવેલ બધાની જ પ્રત્યયસંજ્ઞા થઈ જશે. જો "सन्"ની પ્રત્યયસંજ્ઞા થાય છે, તો પાણિની વ્યાકરણ પ્રમાણે (૩/૧/૫) સૂત્રમાં જેમ "सन्"નું વિધાન કર્યું છે એ જ પ્રમાણે "गुप्-तिज्" વગેરે પણ તે સૂત્રમાં આવે છે. આથી "गुप्-तिज्" વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા થઈ જશે. સિદ્ધહેમવ્યાકરણ પ્રમાણે "कर्मणो अण्" (૫/૧/૭૨) સૂત્રમાં અધિકારસૂત્રથી જેમ "अण्"ની પ્રત્યયસંજ્ઞા થશે એ જ પ્રમાણે કર્મસંજ્ઞામાં વર્તમાન તે તે નામોની પણ પ્રત્યયસંજ્ઞા થઈ જશે. આમ અધિકારસૂત્ર દ્વારા પ્રકૃતિ, ઉપપદ વગેરેમાં પણ પ્રત્યયસંજ્ઞાની આપત્તિ આવે છે.

**(श०न्या०)** न च, अधिकारे प्रतियोगं प्रत्ययोपस्थाने वाक्यभेदप्रसङ्गात् प्रकृत्यादीनां प्रत्ययत्व-प्रसङ्गाभाव इति, तथाहि-हरतेर्धातोर्दृति-नाथाभ्यां कर्मभ्यां परात् पशौ कर्त्तरि इकारो

भवतीत्येकं वाक्यम्, ते च ह्व-दृति-नाथ-पशवः प्रत्ययसंज्ञा इति द्वितीयं वाक्यम्; न चैकवाक्यतायां संभवन्त्यां वाक्यभेदो युक्त इति वाच्यम्; यतः सन्नादीनामपि वाक्यभेदेनैव संज्ञा विधेया, नह्यसतः संज्ञिनः संज्ञाविधानमुपपद्यते, तत्रैकेन वाक्येन सन्नादीनां विधिः, अपरेण तेषामेव संज्ञाविधिः, ततो यथा सन्नादीनां वाक्यभेदेन संज्ञाविधिस्तथा प्रकृत्यादीनामपि, प्रतिसंज्ञि प्रत्ययसंज्ञोपस्थानसामर्थ्याच्च संज्ञा-संज्ञिसंबन्धप्रतिपादनवाक्ये संज्ञासंबन्धप्रतिपत्तौ स्वार्थता स्यात् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** "प्रतियोग" એટલે 'પ્રત્યેકસૂત્રમાં' એ પ્રમાણે અર્થ થશે. જો અધિકારસૂત્ર બનાવવામાં આવશે તો પ્રકૃતિ વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા થશે એ પ્રમાણે તમે દોષ આપો છો, પરંતુ અમે કહીએ છીએ કે જો પ્રકૃતિ વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા કરવામાં આવશે તો ભિન્ન વાક્ય દ્વારા પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થઈ શકશે, એક જ વાક્યથી અધિકારસૂત્ર દ્વારા પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થઈ શકશે નહીં. (૫/૧/૯૭) સૂત્રમાં "दृति" અને "नाथ" સ્વરૂપ કર્મથી પર પશુ સ્વરૂપ કર્તા હોતે છતે "इकार" થાય છે. આમ (૫/૧/૯૭) સૂત્રના સામર્થ્યથી પ્રથમા વિભક્તિ અંતવાળું નામ "इकार" છે અને એની સાથે પ્રત્યયનો અધિકાર જોડાઈ શકશે. કારણ કે "प्रत्ययः" એ પ્રમાણે પ્રથમા વિભક્તિનું સમાનાધિકરણપણું "इकार" સાથે છે. હવે જો "दृति", "नाथ" વગેરે બધાની પ્રત્યયસંજ્ઞા કરવી હશે તો નવું વાક્ય કરવું પડશે એ આ પ્રમાણે થશે. "ते च ह्व-दृति-नाथ पशवः प्रत्ययसंज्ञा इति ।" આમ પ્રકૃતિ વગેરે ભિન્ન વિભક્તિવાળા હોવાથી પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા કરવા માટે સૌ પ્રથમ તેઓને પ્રથમા વિભક્તિવાળા બનાવીને ત્યારબાદ પ્રત્યયસંજ્ઞા થઈ શકશે. આમ પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો વાક્યભેદનો પ્રસંગ થાય છે. અને વાક્યભેદનો પ્રસંગ, અર્થબોધ કરવામાં દોષરૂપ છે. વાક્યભેદ દોષરૂપ કઈ અપેક્ષાએ છે ? દા. ત. "देवदत्तः वृक्षात् पतति ।" એ પ્રમાણે એક વાક્ય છે. હવે કોઈક વ્યક્તિ એ પ્રમાણે કહે કે "देवदत्तः वृक्षोऽस्ति ।" ત્યારબાદ "स (देवदत्तः) अस्मात् वृक्षात् पतति ।" બોલે અને આ રીતે "देवदत्तः वृक्षात् पतति" વાક્યનો બોધ કરે તો તે દોષરૂપ છે. તે પ્રમાણે અહીં પણ એક વાક્યથી જો "इकार" વગેરેની વિભક્તિના સમાનાધિકરણપણાંથી પ્રત્યયસંજ્ઞા થઈ જતી હોય તો વાક્યભેદ કરવો યોગ્ય નથી. હવે જો વાક્યભેદ થશે નહીં તો પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાની આપત્તિનો દોષ રહેશે નહીં.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે કહેવું નહીં. જ્યાં એક વાક્યનો સંભવ હોય ત્યાં વાક્યભેદ દોષરૂપ છે, પરંતુ જ્યાં વાક્યભેદ આવશ્યક થઈ પડે છે ત્યાં વાક્યભેદ દોષરૂપ નથી. "सन्" વગેરેમાં વાક્યભેદથી સંજ્ઞા કરવી પડે એમ છે. જ્યાં સુધી સંજ્ઞી વિદ્યમાન નહીં થાય ત્યાં સુધી તેની સંજ્ઞા થઈ શકશે નહીં. આથી એક વાક્યથી "सन्" વગેરેની વિધિ કરવામાં આવે છે અને બીજા વાક્યથી

વિધાન કરાયેલાની સંજ્ઞા કરવામાં આવે છે. દા. ત. "गुप्-तिजो..." (૩/૪/૫) સૂત્રથી "सन्" નું વિધાન કરવામાં આવ્યું છે. તથા અધિકારસૂત્રથી "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે. આમ જે પ્રકારે "सन्" વગેરેમાં વાક્યભેદથી સંજ્ઞાવિધિ થાય છે તે જ પ્રકારે પ્રકૃતિ વગેરેમાં પણ વાક્યભેદથી સંજ્ઞાવિધિ થઈ શકશે.

**ઉત્તરપક્ષ :-** સમાનાધિકરણપણું તો "सन्", "अण्" વગેરે પ્રત્યયોની સાથે જ છે, પરંતુ "गुप्-तिज्" વગેરે પ્રકૃતિઓની સાથે નહીં. કારણ કે આ પ્રકૃતિઓ પંચમી વિભક્તિમાં આવી છે. માટે પ્રકૃતિ વગેરેની સંજ્ઞાવિધિ (પ્રત્યયસંજ્ઞાવિધિ) થઈ શકશે નહીં.

**પૂર્વપક્ષ :-** "सन्" વગેરેમાં વાક્યભેદ કરવા દ્વારા સંજ્ઞાવિધિ અવશ્ય થશે જ. એ જ પ્રમાણે પ્રકૃતિ આદિમાં પણ પ્રત્યયસંજ્ઞાની ઉપસ્થિતિના સામર્થ્યથી સંજ્ઞા-સંજ્ઞી સંબંધને યોગ્ય એવી વિભક્તિની જાણકારી દ્વારા પ્રથમા વિભક્તિને અધ્યાહારથી લાવીને પ્રત્યયસંજ્ઞાવિધિ થઈ શકશે. પ્રત્યયનો અધિકાર દરેક સૂત્રમાં જાય છે. આથી જે પ્રમાણે "सन्"ની સાથે પ્રથમા વિભક્તિના સંબંધથી "सन्"ની પ્રત્યયસંજ્ઞા થઈ એ જ પ્રમાણે "गुप्-तिज्" વગેરે પ્રકૃતિઓની સાથે પણ પ્રથમા વિભક્તિનો અધ્યાહારથી સંબંધ થવાથી પ્રત્યયસંજ્ઞાવિધિ થશે. કોઈક વ્યક્તિ કહે "वृक्षस्य समीपस्थात् पुरुषात् अहम् गच्छामि ।" (વૃક્ષની સમીપ રહેલા પુરુષ પાસેથી હું જાઉં છું.) હવે અહીં જો એ પુરુષની દેવદત્તસંજ્ઞા કરવી હોય તો "पुरुषात्" શબ્દ જે પંચમી વિભક્તિમાં છે તેમાં અધ્યાહારથી પ્રથમા વિભક્તિ સમજીને જ સંજ્ઞાવિધિ થઈ શકશે. દા. ત. "पुरुषोऽयं देवदत्तः ।" આ ઉદાહરણની ઉપમાથી જ અમે કહીએ છીએ કે જ્યારે સંજ્ઞા અને સંજ્ઞીના સંબંધની જાણકારી કરવી હોય તો અધ્યાહારથી પ્રથમા વિભક્તિ આવી જ જશે.

**ઉત્તરપક્ષ :-** "गुप्-तिज्" વગેરેમાં જે પંચમી વિભક્તિ છે, એમાં પ્રત્યયસંજ્ઞાનું પ્રયોજનપણું તો નથી એટલે કે પોતાની જ પ્રત્યયસંજ્ઞા થાય એવી વિભક્તિ અંતવાળાપણું તો નથી. દા. ત. કોઈક કહે કે લોટામાં લાવવામાં આવેલ જે પદાર્થ છે તે પાણી છે. આ પરિસ્થિતિમાં પાણી સ્વરૂપ સંજ્ઞા લોટામાં લાવવામાં આવેલા પદાર્થની થઈ શકશે, પરંતુ લોટાની પાણી સંજ્ઞા થઈ શકશે નહીં. માટે અમારે કોઈ આપત્તિ પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞા નિમિત્તક જણાતી નથી.

**પૂર્વપક્ષ :-** આમ તો "गुप्" અને "तिज्"ને પંચમી વિભક્તિ કરી છે, આથી એ પંચમી વિભક્તિનું માત્ર "सन्"ની ઉત્પત્તિ કરવા માટેનું જ પ્રયોજન છે, પરંતુ જો પ્રત્યયસંજ્ઞાનો અધિકાર લાવવો હશે તો દરેક સંજ્ઞીઓમાં પ્રત્યયસંજ્ઞા ઉપસ્થિતિના સામર્થ્યથી જ સંજ્ઞા અને સંજ્ઞીના સંબંધને યોગ્ય એવી વિભક્તિ આવશે તો જ પ્રત્યયસંજ્ઞાનું પ્રયોજન સિદ્ધ થશે. આથી સંજ્ઞા-સંજ્ઞી સંબંધને જણાવનાર વાક્યમાં સંજ્ઞાસંબંધની જાણકારીના નિમિત્તે પ્રથમા વિભક્તિ આવશે તો એમાં સંજ્ઞાનું પ્રયોજનપણું હોવાથી સ્વાર્થતા પ્રાપ્ત થઈ જશે, જે દોષરૂપ થશે નહીં.

પાણિની વ્યાકરણમાં "कर्मण्यण्" (૩/૨/૧) સૂત્ર આવે છે, જેનો અર્થ છે : કર્મમાં '"अण्" થાય.' હવે એ જ વ્યાકરણમાં બીજું સૂત્ર આવે છે "तत्रोपपदम् सप्तमीस्थम्" (૩/૧/૯૨). અહીં (૩/૨/૧) સૂત્રમાં "कर्मणि"માં જે સપ્તમી વિભક્તિ હતી તે "अण्" પ્રત્યયની ઉત્પત્તિ માટે હતી. જ્યારે "सप्तमीस्थम्" એ પ્રમાણે પ્રથમા વિભક્તિ આવી એ ઉપપદસંજ્ઞાના પ્રયોજનવાળી છે. આથી સંજ્ઞાના પ્રયોજન માટે જો અન્ય વિભક્તિ અંતપણું થાય તો એ પોતાના પ્રયોજન અર્થે જ આવેલી વિભક્તિ કહેવાય. આથી સંજ્ઞાકરણ કરવા માટે પ્રકૃતિ વગેરેમાં અન્ય વિભક્તિ કરવી પડે એ કાંઈ દોષરૂપ નથી. અન્ય વિભક્તિ કરવા દ્વારા પણ અધિકારસૂત્ર દ્વારા આવેલ પ્રત્યયસંજ્ઞાનું પ્રયોજનપણું જ છે. આથી પ્રત્યયસંજ્ઞાની જાણકારી પ્રથમા વિભક્તિ દ્વારા થઈ શકતી હોવાથી પોતાના પ્રયોજનવાળી જ વિભક્તિ છે. આ પ્રમાણે અધિકારસૂત્ર દ્વારા પણ પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાની આપત્તિ તો ઊભી જ રહે છે.

આ પ્રમાણે અધિકારસૂત્રથી પ્રત્યયસંજ્ઞાનું વિધાન કરવામાં આવશે તો પણ "सन्" વગેરેની સાથે "गुप्-तिज्" વગેરે પ્રકૃતિઓની પણ વાક્યભેદથી પ્રત્યયસંજ્ઞા થઈ જ જશે. જે તમારા પક્ષે આપત્તિ સ્વરૂપ જ છે:

**(શ૦ન્યા૦)** यथा च वतण्डात् "स्त्रियां लुप्" [६.१.४६.] इति प्रथमानिर्दिष्टस्य (यञो) वाक्यभेदेन षष्ठ्यां सत्यां लुबुत्पत्तिस्तथा प्रत्ययसंज्ञाऽपि प्राप्नोति । उपाधिशब्देन चेह तुल्यन्यायात् (प्रत्ययनिमित्तत्वेन प्रकृत्या तुल्यन्यायत्वमित्यर्थः । एवं चोपाधिषु तदुद्भावनेनैव विशेषणेऽप्युद्भावितैवेति भावः ।) विशेषणमप्युच्यते, क्वचित् तयोर्भेदेन व्यवहारो दृश्यते-*नोपाधि-रुपाधेर्भवति विशेषणस्य वा विशेषणम्* इति । यदाह-

"अर्थविशेष उपाधिस्तदन्तवाच्यः समानशब्दो यः ।
अनुपाधिरतोऽन्यः स्याच्छ्लाघादिविशेषणं यद्वद्" ॥१॥ इति ।

**પૂર્વપક્ષ ચાલુ :-** હવે સિદ્ધહેમવ્યાકરણમાં વાક્યભેદ દોષરૂપ નથી માન્યો તેનું એક ઉદાહરણ બતાવે છે : જ્યાં જ્યાં વાક્યભેદ આવશ્યક છે ત્યાં ત્યાં વાક્યભેદ દોષરૂપ થતો નથી. "वतण्डात्" (૬/૧/૪૫) સૂત્રથી "वतण्ड" શબ્દથી પર અપત્ય વિશેષ અર્થમાં "यञ्" પ્રત્યય થાય છે. અહીં यञ् પ્રથમા વિભક્તિમાં નિર્દેશ કરાયો છે. આ જ "यञ्"નો "स्त्रियाम् लुक्" (૬/૧/૪૬) સૂત્રથી "लुक्" થશે. હવે (૬/૧/૪૫) સૂત્રમાં તો "यञ्" પ્રથમા વિભક્તિમાં છે. આ જ "यञ्"નો લુક્ કરવો હોય તો "यञ्"ને ષષ્ઠી અન્તવાળો જ માનવો પડશે જે વાક્યભેદ કર્યા વગર માની શકાશે નહીં. એ જ પ્રમાણે અહીં પણ અધિકારસૂત્ર દ્વારા જો તે તે સૂત્રોમાં "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા કરવી હશે તો વાક્યભેદ કર્યા વગર પ્રત્યયસંજ્ઞા કરી શકાશે નહીં. હવે જો વાક્યભેદ

કરવામાં આવશે તો પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ તો ઊભી જ રહે છે, જે તમારા પક્ષે દોષ રૂપ જ છે.

આ પ્રમાણે અધિકારસૂત્રથી જો પ્રત્યયસંજ્ઞા કરવામાં આવશે તો પ્રકૃતિ, ઉપાધિ, ઉપપદ વગેરેમાં પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ ઉત્તરપક્ષને આવે છે. અહીં ઉપાધિ શબ્દનું સ્વરૂપ શું છે? તથા ઉપાધિ અને વિશેષણમાં કોઈ તફાવત છે કે કેમ ? એના સંબંધમાં પ્રાસંગિક ચર્ચા કરી છે.

તુલ્યન્યાયથી ઉપાધિ શબ્દથી અહીં વિશેષણ કહેવાય છે. તુલ્યન્યાય એટલે શું ? પ્રત્યયનાં નિમિત્તથી જેમ ઉપાધિ થાય છે, તેમ પ્રત્યયના નિમિત્તપણાંથી વિશેષણ પણ થાય છે. આ પ્રમાણે ઉપાધિ અને વિશેષણમાં પ્રત્યયનાં નિમિત્તપણાંની તુલ્યતાથી બંનેમાં સમાનપણું છે. આથી જ આચાર્ય ભગવંતે લખ્યું છે કે, ઉપાધિ શબ્દથી અહીં વિશેષણ કહેવાય છે. ક્યાંક ઉપાધિ અને વિશેષણમાં ભેદથી પણ વ્યવહાર દેખાય છે.

ઉપાધિ અને વિશેષણમાં ભેદ કોના આધારે જણાય છે ? એના સંબંધમાં એક ન્યાય જણાવે છે - 'ઉપાધિની ઉપાધિ થતી નથી અથવા તો વિશેષણનું વિશેષણ થતું નથી,' આ પ્રમાણે ન્યાય હોવાથી જ જણાય છે કે, ઉપાધિ અને વિશેષણ બંને ભિન્ન છે. જો ઉપાધિ અને વિશેષણ બંને એક જ હોત તો ક્યાંતો 'ઉપાધિની ઉપાધિ થતી નથી' એવો જ ન્યાય હોત અથવા તો 'વિશેષણનું વિશેષણ થતું નથી' એવો જ ન્યાય હોત, પરંતુ બંને ન્યાય પૃથગ્ હોવાથી જણાય છે કે બંનેમાં ભેદ છે.

હવે એ બંનેમાં જે ભેદ છે તે એક શ્લોક દ્વારા જણાવે છે.

જે અર્થ વિશેષ છે તે ઉપાધિ કહેવાય છે. જેમ કે અર્થવિશેષ તરીકે "पशु" શબ્દ આવશે તે ઉપાધિ સ્વરૂપે થશે. "तदन्तवाच्यः"નો અર્થ આ પ્રમાણે થાય છે - પ્રત્યયાન્ત શબ્દથી વાચ્ય એવો સમાન શબ્દ જે છે તે ઉપાધિ છે. દા.ત. दृति-नाथात् पशाविः (૫/૧/૯૭) સૂત્રમાં "इ" પ્રત્યયાન્તથી વાચ્ય "दृतिहरिः" અથવા તો नाथहरिः શબ્દ છે અને આ શબ્દની સાથે સમાન એવો શબ્દ "पशु" છે તથા જે અર્થવિશેષ સ્વરૂપ પણ છે. આથી આ "पशु" શબ્દ ઉપાધિ છે. આ "पशु" શબ્દ તરીકે ક્યાંતો કૂતરાં આવે અથવા ગાય આવે. આમ, "पशु" શબ્દ એ ઉપાધિ સ્વરૂપે છે.

જે ઉપાધિ સ્વરૂપ નથી તે અનુપાધિ સ્વરૂપ કહેવાય છે. આથી ઉપાધિથી ભિન્ન અનુપાધિ સ્વરૂપ થાય છે, જેને વિશેષણ સ્વરૂપ કહેવાય છે. અહીં વિશેષણના ઉદાહરણ તરીકે "गार्गिकया श्लाघते" ઉદાહરણ આપવામાં આવ્યું છે. જે પ્રત્યયાન્ત શબ્દથી વાચ્ય ન હોય તે વિશેષણ કહેવાય છે. અહીં "गर्ग" શબ્દને તદ્ધિતનો "अकञ्" પ્રત્યય લાગ્યો છે. આથી गार्गक શબ્દ બનશે.

આ "अकञ्" પ્રત્યય ગોત્રવાચક શબ્દને "गोत्रचरणा..." (૭/૧/૭૫) સૂત્રથી લાગ્યો છે. આ गार्गकનું સ્ત્રીલિંગ "गार्गिका" થશે, જેનું તૃતીયા એકવચન गार्गिकया થશે. આ ઉદાહરણમાં પ્રશંસા "अकञ्" પ્રત્યયથી વાચ્ય નથી. આથી જે પ્રત્યયાન્ત શબ્દથી વાચ્ય ન હોય તે ઉપાધિથી અન્ય વિશેષણ સ્વરૂપ કહેવાય છે. "गार्गिकया श्लाघते"નો અર્થ આ પ્રમાણે થાય છે - તે ગર્ગના કુળના આધારે પ્રશંસા કરે છે. કોઈ વ્યક્તિ જે પ્રમાણે જૈનત્વથી પોતાની પ્રશંસા કરે છે તેવું જ અહીં છે. આ પ્રમાણે જેમ પ્રત્યયની પ્રત્યયસંજ્ઞા થાય છે તેમ પ્રકૃતિ વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા થાય જ છે.

**(श०न्या०)** ननु भवतु प्रकृत्यादीनां प्रत्ययत्वं को दोषः ? नहि संज्ञाप्रवृत्तिमात्रादेव दोषा भवन्ति, किन्तु तन्निमित्तकार्यप्रवर्तनात्, न च प्रकृत्यादीनां किञ्चित् तन्निमित्तं कार्यं संभवति, परत्वं तावदवधिविशेषोपादानेन सन्नादिभिरेव प्रतिपन्नम् । न च सन्नादीनां गुपादीनां च परस्परापेक्षि परत्वं युज्यते विरोधात् । उपपदं चात्र "कर्मणोऽण्" [५.१.७२.] इत्यादिरूपं गृह्यते पूर्वैः, तस्य च समासे सति पूर्वनिपातेन भाव्यमिति परत्वाभावः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આપના કહેવા પ્રમાણે અધિકારસૂત્ર બનાવવાથી વાક્યભેદ થાય છે અને વાક્યભેદ થવાથી જેમ "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થાય છે, તેમ પ્રકૃતિ વગેરેની પણ પ્રત્યયસંજ્ઞા થવાનો દોષ આવે છે, તો એ દોષ ભલે આવે. પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થવાથી અમને કોઈ દોષ નથી. સંજ્ઞા પ્રવૃતિ થવામાત્રથી કોઈ જ આપત્તિ નથી. પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થયા પછી પ્રત્યયસંજ્ઞા નિમિત્તે જો કોઈ કાર્ય પ્રવર્તે તો જ દોષરૂપ થાય. આ વ્યાકરણમાં પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થાય તો પણ પ્રત્યયસંજ્ઞા નિમિત્તે કોઈ કાર્ય પ્રવર્તતું ન હોવાથી કોઈ દોષ નથી.

**પૂર્વપક્ષ :-** આ વ્યાકરણમાં परः (૭/૪/૧૧૮) પરિભાષા આવે છે. એ પરિભાષાથી જે પ્રત્યય હોય તે પ્રકૃતિથી પર જ થાય છે. હવે જો પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે તો તે પ્રકૃતિ સ્વરૂપ પ્રત્યય પણ પરમાં થવાની આપત્તિ આવશે. દા.ત. "गुप्"થી પર "सन्" પ્રત્યય गुप् સ્વરૂપ પ્રકૃતિથી પર થશે. એ જ પ્રમાણે "गुप्" સ્વરૂપ પ્રકૃતિ જો પ્રત્યય થઈ જાય તો गुप् સ્વરૂપ પ્રકૃતિ પણ પ્રત્યય થવાથી પર થવાની આપત્તિ આવશે.

**ઉત્તરપક્ષ :-** અહીં પરપણું તો અવધિ વિશેષથી જ "सन्" વગેરેનું થશે, પરંતુ "गुप्-तिज्" વગેરેનું નહીં થાય. સૂત્રમાં "गुप्" અને "तिज्"થી પર "सन्"નું વિધાન કરવામાં આવ્યું છે, પરંતુ "सन्"થી પર કાંઈ "गुप्" અને "तिज्"નું વિધાન કરવામાં આવ્યું નથી. આથી "गुप्" વગેરે પ્રકૃતિનું પરપણું થશે નહીં.

**પૂર્વપક્ષ :-** "सन्" વગેરે અને "गुप्" વગેરેને એકબીજાની અપેક્ષા છે. આથી જો બંને પ્રત્યય બની જાય તો सन्ને गुप्ની અપેક્ષા હોવાથી "गुप्"થી પર "सन्" થશે, તે જ પ્રમાણે "गुप्"ને "सन्"ની અપેક્ષા હોવાથી "सन्"થી પર "गुप्" થશે. દા.ત. देवदत्त અને यज्ञदत्त બંને બાજુ બાજુમાં હોય તો देवदत्त તરફથી વિચારતા देवदत्तથી પર यज्ञदत्त આવશે અને यज्ञदत्त તરફથી વિચારતા यज्ञदत्तથી પર देवदत्त આવશે. આથી બંને ક્રમશઃ પર થવાની આપત્તિ આવશે. આથી પ્રકૃતિ જો પ્રત્યય બનશે તો "सन्"થી પર "गुप्" સ્વરૂપ પ્રકૃતિ થવાની આપત્તિ આવશે. કારણ કે "गुप्" જે પ્રકૃતિ છે, તેની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થાય છે. આથી "सन्"થી પર પણ "गुप्" થવાની આપત્તિ આવે છે.

**ઉત્તરપક્ષ :-** તમારા કહેવા પ્રમાણે પ્રકૃતિ સ્વરૂપ "गुप्-तिज्" વગેરે તથા "सन्"ની જો પ્રત્યયસંજ્ઞા થશે તો પરસ્પર અપેક્ષા હોવાથી પ્રકૃતિનું પણ પરપણું થશે. આવો દોષ આવતો જ નથી, કારણ કે પ્રત્યયથી પર પ્રકૃતિને પણ માનવામાં આવશે તો સૂત્રથી વિરોધ આવશે. સૂત્ર કહે છે "गुप्"થી પર "सन्" થાય, જ્યારે તમારા કહેવા પ્રમાણે "सन्"થી પર "गुप्" થાય છે. આથી સૂત્રની સાથે સ્પષ્ટપણે વિરોધ આવે છે. આ કારણથી પ્રકૃતિ જો પ્રત્યય બનશે તો પરપણાં સ્વરૂપ આપત્તિ આવતી જ નથી.

હવે વાત રહી ઉપપદ અને ઉપાધિની. ઉપપદ તરીકે અહીં कर्मणो अण् (૫/૧/૭૨) વગેરે સૂત્ર દ્વારા "कर्मन्" વગેરે શબ્દ દ્વારા જણાતા એવા પદો લેવાનું પૂર્વપુરુષોવડે નક્કી કરાયું છે. પાણિની વ્યાકરણમાં 'तत्रोपपदम् सप्तमीस्थम्' (૩/૧/૯૨) સૂત્ર આવે છે. જેમાં ઉપપદ તરીકે સપ્તમીમાં રહેલ પદો લેવાનું કહ્યું છે. સપ્તમીમાં રહેલ પદો તરીકે 'कर्मन्' વગેરેમાં વર્તમાન શબ્દો છે. આ સંદર્ભમાં જ અહીં આચાર્ય ભગવંતશ્રીએ લખ્યું છે કે ઉપપદ સ્વરૂપે 'कर्मणोऽण्' (૫/૧/૭૨) વગેરે જ પૂર્વપુરુષોએ ગ્રહણ કરેલ છે. અહીં આચાર્ય ભગવંતશ્રીએ ઉપપદ સ્વરૂપ કોઈ સંજ્ઞા બનાવી નથી. એની જગ્યાએ પંચમીથી કહેવાયેલ (ङस्युक्तम्) નામોનો અન્ય તે તે નામો સાથે સમાસ થાય છે એ પ્રમાણે જણાવેલ છે. આથી "कुम्भकार"માં કર્મસંજ્ઞામાં વર્તમાન જે "कुम्भ" શબ્દ છે, તે ઉપપદ સ્વરૂપે ગ્રહણ કરાયો છે. આ ઉપપદની જો પ્રત્યયસંજ્ઞા થશે તો "कुम्भ" શબ્દ પર થવાની આપત્તિ આવશે નહીં. "कुम्भं करोति इति कुम्भकार:" આ પ્રયોગમાં "ङस्युक्तम् कृता" (૩/૧/૪૯) સૂત્રથી સમાસ થશે. "ङस्युक्तम्" એટલે પંચમીથી કહેવાયેલું જે હશે તે "कृदन्त" સાથે સમાસ થશે. ङस्युक्तम् પદ પ્રથમા વિભક્તિમાં છે. આથી प्रथमोक्तम् प्राक् (૩/૧/૧૪૮) સૂત્રથી પ્રથમાથી ઉક્ત થયેલું "ङस्युक्तम्" હોવાથી कुम्भ શબ્દ પૂર્વમાં જ નિપાત થશે. આથી ઉપપદ સ્વરૂપ "कुम्भ" પ્રકૃતિ પરમાં નિપાત નહીં જ થાય, માટે ઉપપદ સ્વરૂપ પ્રકૃતિ પ્રત્યય બનશે તો પણ કોઈ આપત્તિ નથી.

**(શ૦ન્યા૦)** उपाधि(धे)रपि पौर्वापर्यस्य लौकिके प्रयोगे नियमाभावात्, स्थितस्यैव **हि** परत्वस्य शास्त्रेणानुवादात्, शास्त्रस्य विधायकत्वाभावादनुवादकत्वादर्थस्य चोपाधित्वात् तस्य च परत्वासंभवात् परत्वाभावः,

**અનુવાદ :- ઉત્તરપક્ષ ચાલુ :-** ઉપાધિ પણ પરમાં પ્રયોગ થવાની આપત્તિ થશે નહીં. કારણ કે લૌકિક પ્રયોગોમાં કોને પરમાં મૂકવું તથા કોને પૂર્વમાં મૂકવું, એવો કોઈ નિયમ ન હોવાથી લૌકિક પ્રયોગો પ્રમાણે ઉપાધિ ક્યાંતો પરમાં થશે અથવા તો પૂર્વમાં થશે. વ્યાકરણના નિયમથી કદાચ ઉપાધિની પ્રત્યયસંજ્ઞા થઈ પણ જાય તો પણ એકાન્તે પરમાં થવાની આપત્તિ આવશે જ નહીં. શાસ્ત્ર તો સિદ્ધ હકીકતનો અનુવાદ માત્ર કરે છે. પહેલેથી જણાયેલી વાતનું કથન કરવું તે અનુવાદ છે. આથી ઉપાધિ જો પરમાં સ્થિત હોય તો પરમાં આવશે. દા.ત. नाथहरिः પશુ (નાથને હરણ કરવાવાળો પશુ.) ગાયના બે નસકોરામાં જે દોરડુ નાખવામાં આવે છે, તેને નાથ કહેવાય છે. ઉપરોક્ત ઉદાહરણમાં લૌકિક પ્રયોગોમાં ઉપાધિ સ્વરૂપ પશુ શબ્દ પરમાં જ સ્થિત હોવાથી શાસ્ત્રકારો પણ તેને પરમાં જ રાખે છે. દા.ત. કોઈ વ્યક્તિ એમ કહે કે, 'રાત્રે ભોજન કરવું જોઈએ નહીં', તો અહીં રાત્રિનો સમય તો જગતમાં પ્રસિદ્ધ જ છે. આ જ પ્રસિદ્ધ સમયનું શાસ્ત્રકારોએ કથન કર્યું હોવાથી વાંક્યમાં "રાત્રે" સ્વરૂપ જે પદ છે તે અનુવાદ સ્વરૂપ છે અને 'ભોજન કરવું જોઈએ નહીં' એ વિધિ સ્વરૂપ છે. શાસ્ત્ર ક્યારેય નવું વિધાન કરી શકતું નથી. શાસ્ત્ર તો માત્ર સિદ્ધ હકીકતોને જ જણાવે છે. અર્થવિશેષ ઉપાધિ હોય છે તેનું પરપણું સંભવતુ નથી. માટે ઉપાધિમાં પરત્વનો અભાવ થાય છે. "दृतिहरिः" એ શબ્દ છે, જ્યારે આ શબ્દનો અર્થવિશેષ પશુ સ્વરૂપ પદાર્થ છે, જે ઉપાધિ સ્વરૂપ છે અને આવા અર્થવિશેષમાં પરપણું સંભવી શકતું નથી. અર્થ એ તો વાચકના વાચ્ય સ્વરૂપ હોય છે અને તે વાચક દ્વારા વાચ્ય-વાચકભાવ સંબંધથી જણાય છે માટે ઉપાધિમાં પરત્વનો અસંભવ હોવાથી ઉપાધિ પ્રત્યય બનશે તો પણ પર થવાનો દોષ આવશે નહીં.

**(શ૦ન્યા૦)** नैवम्-प्रकृत्यादीनां प्रत्ययत्वे परत्वादिदोषः, तथाहि-प्रकृति-प्रत्यययोः (पर्यायेण) परस्परापेक्षं परत्वं स्यात्, यदि वा शब्दान्तरापेक्षं प्रकृतेः, प्रकृत्यपेक्षं तु प्रत्ययस्येति, उपपदस्यापि परत्वात् "प्रथमोक्तं प्राक्" [३.१.१४८.] इति राजपुरुषादिषु सावकाशं बाधित्वा परत्वं स्यात्, (भोक्तुं व्रजतीत्येव च नित्यं स्यात्, न तु व्रजति भोक्तुमिति) उपाधिवाचिनोऽप्यनियमे प्राप्तेऽयं नियमः (प्राप्ते "परः" इति नियमः) स्याद्-* यः प्रत्ययः स परः * इति परिभाषणात्।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** પ્રકૃતિ વગેરેમાં જો પ્રત્યયપણું થશે તો પરત્વ વગેરે દોષ આવશે જ. તે આ પ્રમાણે આવશે : પ્રકૃતિ અને પ્રત્યય બંનેનું એકબીજાની અપેક્ષાવાળું પરપણું થશે.

પ્રકૃતિ અને પ્રત્યય બંને એકબીજાની અપેક્ષાવાળા થશે, આથી બંનેમાં પરપણાંની પ્રાપ્તિ આવશે. એક વ્યક્તિની બાજુમાં બીજી વ્યક્તિ ઊભી હોય તો પહેલી વ્યક્તિની અપેક્ષાએ બીજી વ્યક્તિ પર કહેવાશે અને બીજી વ્યક્તિની અપેક્ષાએ પહેલી વ્યક્તિ પર કહેવાશે. આમ, બે વ્યક્તિમાં એકબીજાની અપેક્ષાવાળું પરપણું એક જ સમયે ઘટી શકે છે. આ જ પ્રમાણે પ્રકૃતિ વગેરેની જો પ્રત્યયસંજ્ઞા થશે તો પ્રકૃતિ અને પ્રત્યય એકબીજાની અપેક્ષાવાળા હોવાથી બંનેમાં પરસ્પરની અપેક્ષાવાળું પરત્વ એક જ સમયે થશે. આમ પ્રકૃતિ જો પ્રત્યય બની જશે તો પરપણાંની આપત્તિ આવે છે.

કદાચ તમે એમ કહેશો કે પ્રત્યયની પછી પ્રકૃતિ ન આવે તો અમે કહીશું કે અન્ય શબ્દની અપેક્ષાએ પ્રકૃતિનું પરપણું થશે અને પ્રકૃતિની અપેક્ષાએ પ્રત્યયનું પરપણું થશે. દા.ત. "कुम्भकार" શબ્દમાં "कुम्भ" શબ્દની અપેક્ષાએ "कृ" ધાતુનું પરપણું થશે તથા "कृ" ધાતુની અપેક્ષાએ "अण्" પ્રત્યયનું પરપણું થશે. આ પ્રમાણે જો માનશો તો कुम्भ સ્વરૂપ ઉપપદનું પણ પ્રત્યયપણું પ્રાપ્ત થવાથી પરપણું થશે. ખરેખર તો પંચમીથી ઉક્ત થયેલું નામ "कर्मणः" શબ્દ છે અને આ "कर्मणः" પદ "ङसि"થી ઉક્ત થયેલું હોવાથી "ङस्युक्तम्" પદ પ્રથમા વિભક્તિમાં છે. સમાસમાં જે જે પદ પ્રથમાથી ઉક્ત થયેલું હોય તે તે પદ "प्रथमोक्तम् प्राक्" (૩/૧/૧૪૮) સૂત્રથી પૂર્વમાં આવે, પરંતુ ઉપપદ સ્વરૂપ જે "कुम्भ" શબ્દ છે, તેની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થવાથી હવે "परः" પરિભાષાથી પર થવાની આપત્તિ આવશે. "राजपुरुषः" વગેરે પ્રયોગોમાં (૩/૧/૧૪૮) સૂત્ર અવકાશવાળું હતું અર્થાત્ "राजपुरुष" વગેરે પ્રયોગોમાં (૩/૧/૧૪૮) સૂત્રનું સફળપણું પ્રાપ્ત થાય છે તે સૂત્રનું "कुम्भकार" વગેરે પ્રયોગોમાં સફળપણું ન થવાથી परः પરિભાષાથી कुम्भ શબ્દમાં પરપણાંની પ્રાપ્તિ આવશે. જ્યારે એક જ પ્રયોગમાં બે સૂત્રોની પ્રાપ્તિ એકસાથે આવતી હોય ત્યારે પરસૂત્ર બળવાન બનવાથી પરસૂત્રનું જ કાર્ય થાય છે. આથી "कुम्भम्" પદ જે (૩/૧/૧૪૮) સૂત્રથી પૂર્વમાં નિપાત થવાનું હતું. એને બદલે આ સૂત્રથી ઉપપદની પણ પ્રત્યયસંજ્ઞા થવાથી परः પરિભાષાથી પરપણાંની પ્રાપ્તિ આવશે. परः પરિભાષા (૭/૪/૧૧૮) સૂત્રથી પ્રાપ્ત થાય છે.

"भोक्तुम् व्रजति" વગેરે પ્રયોગોમાં व्रजति ક્રિયા ઉપપદ સ્વરૂપ છે અને જો ઉપપદની પ્રત્યયસંજ્ઞા થશે તો "भोक्तुम् व्रजति" પ્રયોગ જ નિત્ય થશે, પરંતુ "व्रजति भोक्तुम्" પ્રયોગ નહીં થાય.

ઉપાધિવાચક નામની પણ પ્રત્યયસંજ્ઞા થવાથી પહેલા જે નિયમનો અભાવ હતો તેને બદલે હવે જે પ્રત્યય હોય તે પર થશે આવો નિયમ હોવાથી અને ઉપાધિવાચક નામની આ સૂત્રથી પ્રત્યયસંજ્ઞા થવાથી ઉપાધિવાચક નામ પરમાં જ આવશે. જે પ્રત્યય હોય છે, તે પરમાં થાય

છે એવું (૭/૪/૧૧૮) સૂત્રમાં કહેવાયું છે. આમ ઉપાધિવાચક નામમાં અનિયમ હોતે છતે હવે પ્રત્યય થવાથી નિયમ થશે. માટે ઉપાધિવાચક નામ પણ પરમાં નિપાત થશે.

**(श०न्या०)** विधानापेक्षायां तु प्रत्ययसंज्ञायां न दोषः, प्रकृत्यादीनामविधीयमानत्वात् । अधिकारेऽपि तर्हि न भविष्यति, प्रकृत्यादीनां भूतविभक्त्या (सिद्धत्वबोधकविभक्त्या) निर्देशात् सन्नाद्युत्पत्तौ निमित्तभावेनोपादानात् पारार्थ्यात् स्वसंस्कारं प्रति प्रयोजकत्वाभावाद् दोषाभावः, यतो निमित्तानि निमित्तकार्यार्थानि भवन्ति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** આથી વિધાન અપેક્ષાએ જો પ્રત્યયસંજ્ઞા કરવામાં આવશે તો પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાની આપત્તિ આવશે નહીં. જે જે સૂત્રોમાં અજ્ઞાત વસ્તુનું કથન કરવામાં આવશે તેને તેને વિધાન કહેવામાં આવશે. દા.ત. "गुप्" અને "तिज्" ધાતુથી પર "सन्" પ્રત્યય થાય છે એવું કહેવામાં આવે તો "गुप्" અને "तिज्" જ્ઞાત છે, જ્યારે "सन्" અજ્ઞાત હતો. આથી જ "सन्" વિધાન સ્વરૂપે થાય છે. અને જે વિધાન સ્વરૂપે છે તેની જ પ્રત્યયસંજ્ઞા થતી હોવાથી પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાની આપત્તિ નહીં આવે, કારણ કે પ્રકૃતિ વગેરેનું તે તે સૂત્રોમાં વિધાન કરવાપણું થતું નથી.

**ઉત્તરપક્ષ :-** તમે જો વિધાન અપેક્ષાએ પ્રત્યયસંજ્ઞા માનશો તથા જેનું જેનું વિધાન કરવામાં આવે તેની પ્રત્યયસંજ્ઞા થશે એવું કહેશો તો આ પરિસ્થિતિમાં અમે કહીશું કે અધિકારસૂત્ર કરવામાં આવશે તો પણ પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાનો દોષ આવશે નહીં.

હવે પ્રથમથી જે જે વિદ્યમાન હોય છે, તે ભૂત વિભક્તિ કહેવાય છે. ભૂત વિભક્તિ સિદ્ધ વિભક્તિ પણ કહેવાય છે. દા.ત. "स आसने उपविशति" પ્રયોગમાં "स" અને "आसने" પ્રથમથી જ વિદ્યમાન છે. આથી તે ભૂત વિભક્તિ કહેવાય છે. જ્યારે "उपविशति"માં પ્રથમથી વિદ્યમાનપણું ન હોવાથી તેની વિભક્તિને સાધ્ય વિભક્તિ કહેવામાં આવે છે. "कृ" ધાતુથી "अण्" થાય છે, તો અહીં कृ ધાતુની જે વિભક્તિ છે, તે ભૂત વિભક્તિ છે અને "अण्" પ્રત્યયની જે વિભક્તિ છે, તે સાધ્ય વિભક્તિ છે. ઘણું કરીને કારક વિભક્તિઓ ભૂત વિભક્તિ તરીકે હોય છે. જ્યારે પ્રથમા વિભક્તિ એ સાધ્ય વિભક્તિ તરીકે હોય છે. "गुप्" અને "तिज्" ધાતુથી "सन्" પ્રત્યય થાય છે એવું જ્યારે કહેવામાં આવે ત્યારે "गुप तिजः"ને જે વિભક્તિ થઈ છે, તે સિદ્ધ વિભક્તિ છે તથા "सन्" પ્રથમા વિભક્તિમાં છે. આથી "सन्"ની સાધ્ય વિભક્તિ છે. આમ પ્રકૃતિ સ્વરૂપ જે "गुप्" અને "तिज्" છે એનો ભૂત વિભક્તિથી નિર્દેશ થયો હોવાથી "सनादि" પ્રત્યયની ઉત્પત્તિમાં નિમિત્તભાવથી ગ્રહણ કરાય છે.

આમ "गुप्" અને "तिज्"ની જે પંચમી વિભક્તિ છે, તે सन् પ્રત્યયના વિધાનને માટે આવી

છે, પરંતુ પ્રકૃતિનાં પોતાના જ પ્રત્યયસંજ્ઞાના વિધાન માટે નથી આવી. આથી પોતાની જ પ્રત્યયસંજ્ઞા થઈ શકશે નહીં.

આ પંચમી વિભક્તિ પરના પ્રયોજનથી આવી છે. જેનું જેનું નિમિત્તભાવથી ગ્રહણ થાય છે, તે તે પર પ્રયોજનવાળા હોવાથી સ્વસંસ્કાર પ્રત્યે નિમિત્તસ્વરૂપ બની શકતાં નથી. અહીં સ્વસંસ્કાર એટલે વ્યાકરણ સંબંધી પોતાની પ્રક્રિયા માટે નિમિત્ત સ્વરૂપ બનતા નથી. વ્યાકરણ સંબંધી પ્રક્રિયા તરીકે "सन्"ની પ્રત્યયસંજ્ઞા કરવી છે અને "सन्"ની પ્રત્યયસંજ્ઞા કરવાની પ્રક્રિયામાં "सन्" જ કારણ બને છે, પરંતુ "सन्"ને ઉત્પન્ન કરનાર "गुप्" અને "तिज्" સ્વરૂપ પ્રકૃતિ કારણ બનતી નથી. આમ પ્રત્યયસંજ્ઞાનું વિધાન નિમિત્તભાવથી ગ્રહણ કરેલ "गुप्" અને "तिज्"માં થઈ શકતું નથી.

આ વસ્તુને એક ઉદાહરણથી સમજીએ : દા.ત. "देवदत्त आसने उपविशति ।" અહીં આસન, પરના પ્રયોજનથી છે અર્થાત્ દેવદત્તને બેસાડવાના પ્રયોજનથી છે. આથી આસન દેવદત્તને બેસાડી શકશે, પરંતુ આસન પોતાની જાતે જ પોતાને આસન ઉપર બેસાડી શકશે નહીં. આમ "गुप्" અને "तिज्" નિમિત્તભાવથી ગ્રહણ થયા હોવાથી "गुप्" અને "तिज्"ની પ્રત્યયસંજ્ઞા થશે નહીં; પરંતુ માત્ર "सनादि"ની જ પ્રત્યયસંજ્ઞા થશે. આથી જો અધિકારસૂત્ર બનાવવામાં આવશે તો પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞાનો દોષ આવશે નહીં. જે જે નિમિત્તો હોય છે તે તે નિમિત્ત સ્વરૂપ કાર્યના પ્રયોજનવાળા થાય છે. આવો સર્વ સામાન્ય સિદ્ધાંત છે. આથી પંચમીથી વિધાન કરાયેલા જે જે હશે તે બધા જ નિમિત્તો "सन्" વગેરે પ્રથમા વિભક્તિવાળામાં પ્રત્યયસંજ્ઞાનું વિધાન કરનારા થશે, પરંતુ નિમિત્તમાં કાર્યનું વિધાન કરનારા નહીં જ થાય. આથી નિમિત્ત સ્વરૂપ પ્રકૃતિ વગેરેમાં પ્રત્યયસંજ્ઞા થવાની આપત્તિ આવશે નહીં.

**( श०न्या० )** तत्र वाक्यभेदेनापि विधीयमाना प्रत्ययसंज्ञा सन्नादिभिरेव संबध्यते, तेषामेव निमित्तत्वात् तां प्रति प्रयोजकत्वात् संज्ञासंबन्धप्रतिपत्तियोग्यविभक्तिनिर्देशाद् द्वयोश्च परस्पराकाङ्क्षायां संबन्धाद्, न त्वन्यतराकाङ्क्षायां सीता-रावणयोरिवेति सत्यामपि संज्ञाया आकाङ्क्षायां प्रकृत्यादीनां शेषत्वाद् (विशेषणत्वाद्) अनाकाङ्क्षत्वात् संज्ञासंबन्धाभावः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** પ્રત્યયસંજ્ઞા સંબંધી અધિકારસૂત્ર અમે બનાવીએ છીએ, આથી વાક્યભેદ થશે. દા.ત. "गुप्" અને "तिज्"થી "सन्" થશે એવું એક વાક્ય થશે અને આ "सन्" પ્રત્યયસંજ્ઞાવાળો થશે. આમ, વાક્યભેદથી પણ વિધાન કરાતી એવી પ્રત્યયસંજ્ઞા "सन्" વગેરે સાથે જ સંબંધિત થશે.

હવે પંક્તિ લખી છે "तेषाम् एव निमित्तत्वात् ।" અહીં तेषाम् તરીકે सन् વગેરે લેવું. આમ,

सन् વગેરે નિમિત્ત (કારણ) સ્વરૂપ હોવાથી સંજ્ઞા પ્રત્યે सन् વગેરેનું કારણપણું થાય છે અર્થાત્ પ્રત્યયસંજ્ઞા સ્વરૂપ કાર્ય માટે "सन्" વગેરે જ લઈ શકાશે, પરંતુ "गुप् तिज्" વગેરે લઈ શકાશે નહીં.

સંજ્ઞા એ પ્રત્યય છે અને પ્રત્યયની પ્રથમા વિભક્તિ છે. આથી સંજ્ઞા સ્વરૂપ પ્રત્યયની સાથે સંબંધિત થઈ શકે એવા "सन्"ની પ્રથમા વિભક્તિ છે. આમ सन् અને પ્રત્યય બંનેમાં સમાનાધિકરણપણું હોવાથી સંજ્ઞા સંબંધના બોધને યોગ્ય વિભક્તિ "सन्"ની હોવાથી "सन्"ની જ પ્રત્યયસંજ્ઞા થાય છે.

"सन्"ને પ્રત્યયની આકાંક્ષા છે અને પ્રત્યયને "सन्"ની આકાંક્ષા છે. પ્રત્યયસંજ્ઞા સાથે સંબંધ થવાને યોગ્ય વિભક્તિ "सन्"ની હોવાથી બંનેની પરસ્પર આકાંક્ષા છે. હવે બંનેની પરસ્પર આકાંક્ષા હોતે છતે બંનેનો સંબંધ થાય છે, માટે सन्ની પ્રત્યયસંજ્ઞા થાય છે; પરંતુ પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થતી નથી. અન્યતરની આકાંક્ષા હોતે છતે સંબંધ થઈ શકતો નથી. દા.ત. સીતાને રાવણની આકાંક્ષા છે જ નહીં અને રાવણને સીતાની આકાંક્ષા છે. આથી બેમાંથી એક જણની આકાંક્ષા હોતે છતે સંબંધ થઈ શકતો નથી. એ પ્રમાણે અહીં પ્રકૃતિને "सन्"ની અપેક્ષા છે, પરંતુ "सन्"ને પ્રકૃતિની અપેક્ષા નથી. માત્ર પ્રત્યય અને "सन्"ને જ એકબીજાની આકાંક્ષા છે અને આ બંનેને એકબીજાની આકાંક્ષા હોવાથી પ્રકૃતિ શેષ થઈ જાય છે અને પ્રકૃતિ શેષ થતી હોવાથી (અર્થાત્ પ્રકૃતિનો પ્રત્યય સાથે સંબંધ તૂટી જવાથી) પ્રકૃતિનું અનાકાંક્ષપણું થાય છે અને પ્રકૃતિનું આકાંક્ષા રહિતપણું થતું હોવાથી પ્રકૃતિની સાથે પ્રત્યયસંજ્ઞાનો સંબંધ થઈ શકતો નથી, આથી જ પ્રકૃતિની પ્રત્યયસંજ્ઞા થતી નથી.

**(श०न्या०)** नित्यत्वाच्छब्दानां निमित्त-निमित्तिभावो न संभवतीति न वाच्यम्, प्रतिपादकानां शब्दानामुपायभावेन शास्त्रेण व्यवस्थापनात् तदनुगुणविभक्तिनिर्देशादस्ति निमित्त-निमित्तिभावः । लोकेऽपि बहुष्वासीनेषु कश्चित् कञ्चित् पृच्छति-कतरो देवदत्तः ? कतमो यज्ञदत्तः ? इति, स आह-(योऽश्वे यः पीठ इति) 'योऽश्वे यश्च पीठे' इत्युक्ते निमित्तस्य निमित्ति-कार्यार्थत्वादध्यवस्यति-अयं देवदत्तोऽयं यज्ञदत्त इति, नेदानीमश्वस्य पीठस्य वा देवदत्त इति संज्ञा भवति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** શબ્દો નિત્ય હોવાથી નિમિત્ત-નિમિત્તિભાવ ઘટતો નથી. જો વસ્તુ નિત્ય હોય તો કાર્ય કારણભાવ ઘટી શકે નહીં. દા.ત. વૃક્ષ અને બીજ. અહીં વૃક્ષ એ કાર્ય છે તથા બીજ એ કારણ છે. હવે જો બંને નિત્ય હોય તો કોને કાર્ય કહી શકાય ? અને કોને કારણ કહી શકાય ? અર્થાત્ નિત્ય પદાર્થોમાં નિમિત્ત-નિમિત્તિભાવ ઘટી શકશે નહીં. પતંજલિ તથા મીમાંસકો શબ્દને નિત્ય માને છે. આથી નિમિત્ત-નિમિત્તિભાવ ઘટી શકતો નથી. આ

પરિસ્થિતિમાં "गुप्" "तिज्" વગેરે પ્રકૃતિઓ નિમિત્ત બને છે તથા सन् વગેરે નિમિત્તિ બને છે એવું કહી શકાશે નહીં.

**ઉત્તરપક્ષ :-** શબ્દો તો જગતમાં પ્રથમથી સિદ્ધ જ છે. શાસ્ત્ર માત્ર સિદ્ધ એવા શબ્દોને પ્રકૃતિ, પ્રત્યય વગેરેનાં વિભાગીકરણ દ્વારા અર્થનો બોધ કરાવવા માટે જિજ્ઞાસુઓને જણાવે છે. આથી પ્રતિપાદક એવા શબ્દોની ઉપાયભાવથી (નિમિત્તભાવથી) શાસ્ત્ર દ્વારા વ્યવસ્થા થઈ છે. વિધાન કરાતા એવા શબ્દોની ઉપાયભાવથી શાસ્ત્ર દ્વારા વ્યવસ્થા થઈ શકે છે. પ્રતિપાદન કરવા માટે શબ્દો નિમિત્ત બન્યા છે. સિદ્ધ શબ્દોને જણાવવા માટે શાસ્ત્રો શબ્દોનું આલંબન લઈને પ્રકૃતિ અને પ્રત્યયના વિભાગ દ્વારા વિધાન કરે છે. આથી શબ્દ નિત્ય હોય તો પણ અર્થનો બોધ કરાવવા માટે પ્રકૃતિ વગેરેમાં અને "सन्" વગેરેમાં નિમિત્તનિમિત્તિભાવ થઈ શકે છે.

લોકમાં પણ ઘણાં બધાં લોકો બેઠા હોય ત્યારે કોઈક કોઈકને પૂછે છે કે, કોણ દેવદત્ત છે? અને કોણ યજ્ઞદત્ત છે ? ત્યારે તે વ્યક્તિ પૂછનાર વ્યક્તિને કહે છે - જે ઘોડા ઉપર બેઠો છે, તે દેવદત્ત છે અને પાટ ઉપર બેઠો છે તે યજ્ઞદત્ત છે. આથી ઘોડો અને પાટ બંને નિમિત્ત સ્વરૂપે થાય છે. આ નિમિત્ત સ્વરૂપ ઘોડો અને પાટ છે તેની જ કાંઈ દેવદત્ત અને યજ્ઞદત્ત સંજ્ઞા થતી નથી. આથી ઘોડો અને પાટ કાંઈ સંજ્ઞા (નિમિત્તિ) સ્વરૂપ થતા નથી. દેવદત્ત અને યજ્ઞદત્ત સ્વરૂપ જે સંજ્ઞા છે તે નિમિત્તિ સ્વરૂપ થાય છે. આ પ્રમાણે લોકો બેઠેલા હોય છે. આ બેઠેલા એવા લોકોમાં પણ કોઈ ચોક્કસ વ્યક્તિઓને ઓળખવા માટે કામચલાઉ નિમિત્તનિમિત્તિભાવ કરવામાં આવે છે. આથી સિદ્ધ હકીકતમાં પણ ઘોડો અને પીઠ (પાટ) સ્વરૂપ નિમિત્તનું આલંબન લઈને દેવદત્ત અને યજ્ઞદત્ત સ્વરૂપ નિમિત્તિનો બોધ કરવામાં આવે છે. આ પ્રમાણે અહીં જેમ સિદ્ધ વસ્તુમાં પણ નિમિત્તનિમિત્તિભાવ થયો છે, તે પ્રમાણે શબ્દોમાં પણ નિમિત્તનિમિત્તિભાવ થઈ શકે છે.

**( श०न्या० )** प्रधाने कार्यसंप्रत्ययाद् वा, प्रत्ययसंज्ञा स्वविषयप्रक्लृप्तये प्रधानमपेक्षते, न तु पारतन्त्र्यादप्रधानमिति, यथा लोके बहुषु यात्सु कश्चित् कञ्चित् पृच्छति को यातीति ?, स आह–'राजा' (इति, 'राजा') इत्युक्ते प्रधाने कार्यसंप्रत्ययाद् यश्च पृच्छति यश्च कथयति उभयो राज्ञि संप्रत्ययो भवति। भवतु राज्ञः प्राधान्यं तदधीनस्थितित्वादन्येषाम्, इह तु किंकृतं शब्दस्य प्राधान्यम् ? प्रयोजनकृतमिति ब्रूमः, यस्यापूर्वोपदेशस्तस्यैव प्राधान्यं तदर्थत्वात् प्रकृत्यादीनाम्; उपदिष्टाश्च प्रकृत्युपपदोपाधयो धातूपदेशे नामोपदेशे च ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** અમે અધિકારસૂત્ર બનાવીશું તો પણ "सन्" વગેરેની જ પ્રત્યયસંજ્ઞા થશે. "प्रधानानुयायिनो व्यवहारा भवन्ति" (વ્યવહારો પ્રધાનોને અનુસરનારા હોય છે.) એ પ્રમાણેનો ન્યાય હેમહંસગણિ દ્વારા રચિત ન્યાયસંગ્રહમાં છે. "प्रधाने कार्यसम्प्रत्ययो भवति" એવો

ન્યાય પણ છે. (પ્રધાન અને અપ્રધાન બંને આવે ત્યારે પ્રધાનમાં કાર્ય પ્રાપ્ત થાય છે.) ઉપરોક્ત ન્યાયો હોવાથી પ્રત્યયસંજ્ઞા પોતાના વિષયને પ્રાપ્ત કરવા માટે (સિદ્ધ કરવા માટે) પ્રધાનની અપેક્ષા રાખે છે. દા.ત. "गुप्" અને "तिज्" ધાતુથી "सन्" પ્રત્યય થાય છે, એ પ્રમાણે સૂત્ર છે; તો અહીં પ્રત્યયસંજ્ઞા પ્રધાન એવા "सन्"ની થાય છે, પરંતુ અપ્રધાન એવા "गुप्" અને "तिज्"ની નહીં થાય. પ્રકૃતિ સ્વરૂપ જે "गुप्" અને "तिज्" છે, તે પંચમી વિભક્તિથી નિર્દેશ કરાયેલ છે. જ્યારે "सन्" સ્વરૂપ પ્રત્યય છે, તે પ્રથમા વિભક્તિથી નિર્દેશ કરાયો છે. જે જે પ્રથમાવિભક્તિથી નિર્દેશ કરાય છે, તે તે પ્રધાન હોય છે. આમ ઉપરોક્ત ન્યાયથી પણ પ્રધાન એવા "सन्" વગેરેની જ પ્રત્યયસંજ્ઞા થશે; પરંતુ અપ્રધાન એવી પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા નહીં થાય.

આ સંબંધમાં અમે એક ઉદાહરણ આપીએ છીએ : કોઈક નગરમાં ઘણાં બધા લોકો જતા હોય છે, ત્યારે કોઈક કોઈકને (ચૈત્રને) પૂછે છે, કોણ જાય છે ? તે સમયે ચૈત્ર જવાબ આપે છે કે, રાજા જાય છે. અહીં ખરેખર તો ઘણાં બધા લોકો જતાં હોય છે; છતાં ચૈત્ર કહે છે કે, રાજા જાય છે. અહીં જ્યારે ચૈત્ર જવાબ આપે છે ત્યારે પૂછનાર અને જવાબ આપનાર બંને સમજી જાય છે કે લોકોના સમૂહ સંબંધી અહીં કોઈ તાત્પર્ય નથી. પૂછનાર પણ પ્રધાનની અપેક્ષાથી પૂછે છે અને જવાબ આપનાર પણ પ્રધાનની અપેક્ષાથી જ પ્રશ્ન પૂછાયો છે એવું માનીને પ્રધાન સંબંધી જ જવાબ આપે છે. આ પ્રમાણે ઉભયને રાજાનો જ બોધ થાય છે. એથી જ જણાય છે કે ઉપરોક્ત ન્યાય હોવો જ જોઈએ.

**પૂર્વપક્ષ :-** ઉપરોક્ત ઉદાહરણમાં જ્યારે માનવોનો સમૂહ જતો હોય છે ત્યારે પ્રધાન એવો રાજા હોય તો જ માનવોનો સમૂહ જોડાય છે. જો રાજા ન હોત તો માનવોનો સમૂહ પણ ન હોત. આ પ્રમાણે રાજાની પ્રધાનતા સ્પષ્ટપણે જણાય છે; પરંતુ અહીં વ્યાકરણમાં શબ્દ સંબંધી પ્રધાનપણું કેવી રીતે ગણાશે ? જેથી પ્રકૃતિને ગૌણ કહો છો અને પ્રત્યયને પ્રધાન કહો છો.

**ઉત્તરપક્ષ :-** અમે વ્યાકરણમાં પ્રયોજનવડે કરાયેલું પ્રધાનપણું કહીએ છીએ. જેનો જેનો અપૂર્વ ઉપદેશ હોય તેનું તેનું જ પ્રધાનપણું થશે તથા અપૂર્વ ઉપદેશ સ્વરૂપ જે सन् વગેરે છે, તેના પ્રયોજનથી જ પ્રકૃતિ વગેરેનું કથન કરવામાં આવ્યું હોય છે. પ્રકૃતિ વગેરે અપૂર્વ ઉપદેશ સ્વરૂપ નથી. પ્રકૃતિ, ઉપપદ અને ઉપાધિનો ઉપદેશ ધાતુપાઠ અને ગણપાઠમાં કરવામાં આવ્યો છે અને એ ગણપાઠ તથા ધાતુપાઠમાં રહેલા શબ્દોનું જ જો સૂત્રમાં આલંબન લેવામાં આવે તો તેઓ પ્રધાન નથી. કારણ કે તે પૂર્વમાં ઉપદેશેલા કહેવાય છે, જ્યારે "सन्" વગેરે કોઈક સ્થાનમાં પહેલા ઉપદેશ કરાયેલા નથી, આથી તેઓની પ્રધાનતા થાય છે. આમ વ્યાકરણમાં ઉપરોક્ત પ્રયોજનથી પ્રધાનપણું કરાયું છે.

**( શ૦ન્યા૦ )** यद्येवं निमित्तस्य निमित्तिकार्यार्थत्वाद् अथापि (यद्वा) प्रधाने कार्यसंप्रत्ययात् प्रकृत्यादीनां न भवति, विकारागमानां तु प्राप्नोति "त्रपुजतोः षोन्तश्च" [६.२.३३.] इति। अपूर्वश्चैषामुपदेशो निमित्तिनश्चै(वै)त इति, ननु ये तावत् प्रकृतेर्विकारागमास्ते प्रकृत्यनुप्रवेशात् प्रकृतिवत् संज्ञया (न) संभन्त्स्यन्ते, ये तु प्रत्ययस्य ते तद्ग्रहणेन गृह्यन्ते एवं (एवेति) नास्त्य-निष्टप्रसङ्गः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** આપ કહો છો કે નિમિત્ત એ નિમિત્તિ સ્વરૂપ કાર્યના પ્રયોજનથી હોય છે. તેથી નિમિત્ત સ્વરૂપ કાર્યની પ્રધાનતા છે અથવા તો પ્રધાનમાં કાર્ય થાય છે એ અપેક્ષાએ પણ અપૂર્વ ઉપદેશ સ્વરૂપ "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થાય છે; પરંતુ પ્રકૃતિ વગેરેની પ્રત્યયસંજ્ઞા થતી નથી, તો પછી જેમ અપૂર્વ ઉપદેશ સ્વરૂપ પ્રત્યયો છે, તે જ પ્રમાણે અપૂર્વ ઉપદેશ સ્વરૂપ આગમ અને વિકારો પણ છે, તો આગમ અને વિકારોની પ્રત્યયસંજ્ઞા શા માટે નથી કરતાં ? દા.ત. "त्रपुजतोः षोन्तश्च" (૬/૨/૩૩) સૂત્રમાં अन्त શબ્દથી નિર્દેશ કરાયેલ "ष्" આગમ સ્વરૂપ છે. સૂત્રની ટીકા આ પ્રમાણે છે : "त्रपु" અને "जपु" શબ્દથી પર વિકાર અર્થમાં યથાવિહિત "अण्" પ્રત્યય થાય છે અને બંને પ્રકૃતિમાં "ष्"નો આગમ થાય છે. આમ "ष्" અપૂર્વ ઉપદેશ સ્વરૂપ હોવાથી તથા નિમિત્તિ સ્વરૂપ પણ હોવાથી તેની પ્રત્યયસંજ્ઞા થવી જ જોઈએ; છતાં તેઓની પ્રત્યયસંજ્ઞા કરવામાં આવતી નથી.

**ઉત્તરપક્ષ :-** જે પ્રકૃતિના વિકાર અને આગમો છે તે પ્રકૃતિમાં સમાવેશ પામતાં હોવાથી પ્રકૃતિની જેમ જ પ્રકૃતિ સંબંધી વિકાર અને આગમોની પણ પ્રત્યયસંજ્ઞા થતી નથી અર્થાત્ પ્રકૃતિના વિકાર અને આગમો પ્રત્યયસંજ્ઞાને પ્રાપ્ત થતાં નથી.

જે પ્રત્યયના આગમો અને વિકારો છે તેઓ પ્રત્યય સંબંધી હોવાથી જે પ્રમાણે પ્રત્યયોની પ્રત્યયસંજ્ઞા થાય છે એ જ પ્રમાણે પ્રત્યયના આગમો અને વિકારોની પણ પ્રત્યયસંજ્ઞા થશે જ. આ પ્રમાણે આગમ અને વિકારો ભલે અપૂર્વ ઉપદેશ સ્વરૂપ હોય, છતાં પણ કોઈ અનિષ્ટનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી.

**( શ૦ન્યા૦ )** नैतदस्ति-प्रकृति-विकारा-ऽऽगमानां तत्संबन्धित्वेऽपि प्रयोजकत्वात् (प्रयुज्यत इति प्रयोजकः प्रयोज्यस्तस्मात् निमित्तित्वादित्यर्थः) प्रधानत्वात् तु(च्च) स्यादेव प्रत्यय-संज्ञा। प्रत्ययसंबन्धिनामपि तदवयवत्वे सिद्धे पृथक् प्रत्ययसंज्ञा स्यादेव योग्यतासद्भावात्।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** પ્રકૃતિના વિકાર અને આગમો પ્રકૃતિની સાથે સંબંધ રાખવાથી પ્રકૃતિના ગણાય છે, માટે તેની પ્રત્યયસંજ્ઞા થતી નથી એવું આપ કહો છો; છતાં પણ પ્રકૃતિના વિકાર અને આગમોમાં નિમિત્તિપણું હોવાથી તથા પ્રધાનપણું હોવાથી પ્રત્યયસંજ્ઞા થશે જ. વળી

પ્રત્યયના સંબંધી એવા વિકાર અને આગમો ભલે પ્રત્યયના અવયવો બનવાથી પ્રત્યયપણું સિદ્ધ થાય, પરંતુ પ્રકૃતિના વિકાર અને આગમો પણ અપૂર્વ ઉપદેશ સ્વરૂપ હોવાથી તેઓની પણ પ્રત્યયસંજ્ઞા થાય જ છે. જે પ્રમાણે પ્રત્યયની પ્રથમા વિભક્તિ છે તે જ પ્રમાણે આગમો તથા વિકારોની પણ પ્રથમા વિભક્તિ છે. આથી સમાન વિભક્તિવાળા સ્વરૂપ યોગ્યતાનો સદ્ભાવ હોવાથી વિકાર અને આગમોની પણ પૃથગ્ એવી પ્રત્યયસંજ્ઞા થશે જ.

**(શ૦ન્યા૦)** न च यः परः स प्रत्ययः, न च विकारागमाः परे, तेन तेषां प्रत्ययसंज्ञा न भविष्यतीति वाच्यम्, यतो न परत्वनिमित्ता प्रत्ययसंज्ञा, अपि तु प्रत्ययसंज्ञानिमित्तं परत्वम्, तथा च श्नबह्वकानां प्रत्ययसंज्ञा भवति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** વિકાર અને આગમો અપૂર્વ ઉપદેશ સ્વરૂપ હોતે છતે પણ પ્રત્યયસંજ્ઞા થશે નહીં. કારણ કે જે પર હોય તેની પ્રત્યયસંજ્ઞા થાય છે. વિકાર અને આગમો જે હોય છે તે પરમાં આવતાં નથી. તેથી તેઓની પ્રત્યયસંજ્ઞા થશે જ નહીં.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે કહેવું નહીં. કારણ કે પરત્વનિમિત્તવાળી પ્રત્યયસંજ્ઞા નથી. અર્થાત્ જે જે પરમાં હોય તેની તેની પ્રત્યયસંજ્ઞા થાય એવું નથી, પરંતુ પ્રત્યયસંજ્ઞા નિમિત્તવાળું પરત્વ છે અર્થાત્ પ્રત્યયસંજ્ઞા થાય તો પરપણું પ્રાપ્ત થાય છે. આથી જ "श्न", "बहु" તથા "अक्"ની પ્રત્યયસંજ્ઞા થઈ છે, છતાં પણ પરપણું પ્રાપ્ત થતું નથી.

આ ત્રણ પ્રત્યયસંજ્ઞાના સૂત્રો આ પ્રમાણે છે - "रुधाम् स्वरात् श्नो न लुक् च" (૩/૪/૮૨) "रुध्" વગેરે ધાતુઓમાં સ્વરથી પર "श्न" પ્રત્યય થાય છે. અહીં પરપણું ન હોવા છતાં પણ "श्न"ની પ્રત્યયસંજ્ઞા થઈ છે. એ જ પ્રમાણે "नाम्नः प्राग् बहुर्वा" (૭/૩/૧૨) સૂત્રથી નામથી પૂર્વમાં बहु પ્રત્યય વિકલ્પે થાય છે. (ઈષત્ અપરિસમાપ્તિ અર્થવાળા નામોમાં) અહીં પણ "बहु"માં પરપણાંનો અભાવ હોતે છતે પણ પ્રત્યયસંજ્ઞા થઈ છે તથા "त्यादि-सर्वादेः..." (૭/૩/૨૯) સૂત્રથી "त्यादि" અંતવાળા જે સર્વાદિ છે એ સર્વાદિનાં સ્વરોની મધ્યમાં જે અન્ત્ય સ્વર છે, તેની પૂર્વમાં "अक्" પ્રત્યય થાય છે. અહીં "अक्"માં પરપણાંનો અભાવ હોવા છતાં પણ પ્રત્યયસંજ્ઞા થઈ છે. આ પ્રમાણે જ્યાં જ્યાં પ્રત્યયસંજ્ઞા હોય ત્યાં ત્યાં પરત્વ છે એવું નથી. તેથી ઉપરોક્ત "श्न", "बहु" અને "अक्"ની પ્રત્યયસંજ્ઞા થવા છતાં પણ પરપણું પ્રાપ્ત થયું નથી. અર્થાત્ આ ત્રણ પરપણાંના અભાવમાં પણ પ્રત્યયસંજ્ઞાવાળા થયાં છે.

**(શ૦ન્યા૦)** नैवम्-विकारागमाणां प्रयोजनाभावात् प्रत्ययसंज्ञा न भविष्यति, तथाहि-परविज्ञानं संज्ञायाः फलम्, तत् तेषां न संभवति, षष्ठ्या अन्तग्रहणेन च स्थानसंबन्धस्यावयवसंबन्धस्य च प्रतिपादनात् । भवतु वा परत्वमेव प्रत्ययसंज्ञायाः प्रयोजनम्, तथापि तयोः

स्थाननिर्देशेन विधानाद् विरोधात् परत्वाभावः, पञ्चमीनिर्दिष्टाद् वा प्रत्ययो विधीयते, पञ्चमीनिर्देशे पर्यायेण पूर्वत्व-परत्वयोः प्राप्तयोः "परः" [७.४.११८.] इत्यनेन परत्वं नियम्यत इति नास्ति कश्चिद् विरोधः ।

**ઉત્તરપક્ષ :-** ખરેખર તો પરમાં નિર્દેશ થવો એ પ્રત્યયસંજ્ઞાનું ફળ છે. જેની જેની પ્રત્યયસંજ્ઞા થાય છે, તેનું તેનું પરમાં વિધાન થાય છે. હવે જો પરમાં વિધાન કરવા સ્વરૂપ પ્રયોજન ન હોય તો પ્રત્યયસંજ્ઞા પણ થતી નથી. આથી તમે કહો છો કે પ્રત્યયસંજ્ઞા થાય તો પણ પરમાં વિધાન ન હોઈ શકે, એ વાત બરાબર નથી. પ્રત્યયસંજ્ઞા થાય તો પરમાં વિધાન આવશ્યક જ છે. વિકાર અને આગમોમાં પરમાં વિધાન કરવાના પ્રયોજનનો અભાવ હોવાથી વિકાર અને આગમોની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. પ્રત્યયસંજ્ઞા કરવાનું ફળ જ પરમાં વિધાન કરવું તે છે. હવે જો પરમાં વિધાન કરવા સ્વરૂપ ફળ જ ન હોય તો તેઓની પ્રત્યયસંજ્ઞા કરવાનું કોઈ પ્રયોજન રહેતું નથી. માટે વિકાર અને આગમોની પ્રત્યયસંજ્ઞા થતી નથી. વિકાર અને આગમો અનુક્રમે ષષ્ઠી વિભક્તિથી તથા "अन्त" શબ્દથી જણાવાયા છે. ષષ્ઠી વિભક્તિથી જે જણાવાયું હોય ત્યાં સ્થાન સંબંધ નક્કી થઈ જાય છે, માટે વિકારમાં પરપણું થતું નથી. આગમ अन्त શબ્દથી જણાવાયો હોવાથી અવયવ સંબંધનું પ્રતિપાદન કરે છે. આથી આગમ પ્રકૃતિનો અવયવ બનતો હોવાથી આગમમાં પણ પરપણું પ્રાપ્ત થતું નથી. આમ, વિકાર અને આગમમાં પરપણું પ્રાપ્ત ન થવાના કારણે તે બંનેમાં પ્રત્યયસંજ્ઞા પ્રાપ્ત થતી નથી.

**પૂર્વપક્ષ :-** આ પૂર્વપક્ષ પંક્તિઓ પ્રમાણે આપવામાં આવ્યો નથી, છતાં અધ્યાહારથી અમે જણાવીએ છીએ. જેનું જેનું પંચમીથી વિધાન થયું હોય તેની તેની અધિકારસૂત્રથી પ્રત્યયસંજ્ઞા થશે જ. દા.ત. "रुधाम् स्वरात् श्नो न लुक् च" (૩/૪/૮૨) સૂત્રમાં स्वरात् શબ્દ પંચમી વિભક્તિમાં છે. આથી "श्न"ની પ્રત્યયસંજ્ઞા થશે જ. આ પ્રમાણે વિકાર અને આગમોની પ્રત્યયસંજ્ઞા થાય છે, છતાં પણ વિકાર અને આગમોનું પરપણું થયું નથી. આથી તમે કહો છો કે પ્રત્યયસંજ્ઞાનું ફળ પરપણું છે. આવું વિકાર અને આગમોમાં જણાતું નથી. તેથી વિકાર અને આગમોની પ્રત્યયસંજ્ઞા થતી નથી, એવું આપ જણાવો છો તે બરાબર નથી.

**ઉત્તરપક્ષ :-** "भवतु वा परत्वम् एव..." પંક્તિ દ્વારા આ ઉત્તરપક્ષ જણાવાય છે. ખરેખર તો પ્રત્યયસંજ્ઞાનું પ્રયોજન પરપણાંની પ્રાપ્તિ કરાવવાનું જ છે. આથી વિકાર અને આગમોની પ્રત્યયસંજ્ઞા થાય તો પણ સમસ્યા આવશે નહીં. કારણ કે વિકારનો અને આગમનો સ્થાન અને અવયવથી નિર્દેશ થયો હોવાથી પરપણું પ્રાપ્ત થશે. દા.ત. "हन्" ધાતુનો "वध" આદેશ થાય છે, તો અહીં વિકાર સ્વરૂપ "वध" આદેશ ષષ્ઠીથી બતાવાયો હોવાથી તથા તે દ્વારા તેનું સ્થાન નિશ્ચિત હોવાથી તેમાં પરપણું પ્રાપ્ત થતું નથી. આગમમાં પણ સ્થાન નિશ્ચિત હોવાથી પરપણું

પ્રાપ્ત થતું નથી. બંનેના સ્થાન નિશ્ચિત હોતે છતે પણ પરપણાંનો આગ્રહ રાખવામાં આવે તો વિરોધ આવે છે અને આ વિરોધ આવતો હોવાથી જ તેમાં પરપણું પ્રાપ્ત થતું નથી.

*અથવા તો પંચમીથી નિર્દેશ કરાયા હોવાથી બધા જ પ્રત્યય કહેવાય છે. હવે જે જે પંચમીથી નિર્દેશ કરાય તે બધાની જ ક્યાંતો પૂર્વમાં પ્રાપ્તિ આવશે ક્યાંતો પરમાં પ્રાપ્તિ આવશે. આમ પૂર્વ અને પર બંનેમાં પ્રાપ્તિ આવતી હોવાથી "परः" (૭/૪/૧૧૮) સૂત્રથી પરપણું કરાય છે.* આથી "सन्" વગેરે તેમજ પંચમીથી વિધાન કરાયેલા વિકારો કે આગમો બધામાં પ્રત્યયસંજ્ઞાને કારણે પરપણું પ્રાપ્ત થવાનું હતું, છતાં પણ વિકાર અને આગમના ચોક્કસ સ્થાનનો નિર્દેશ કરાયો હોવાથી પરપણું પ્રાપ્ત થશે નહીં. માટે કોઈ વિરોધ આવશે નહીં.

**(श०न्या०)** અથવા, अन्वर्थसंज्ञाश्रयेणार्थवतः संज्ञाविधानाद् विकाराऽऽगमयोश्चानर्थकत्वात् प्रत्ययसंज्ञाया अभावः, लघ्वर्थं हि संज्ञाकरणम्, "प्रत्ययः" इति महती संज्ञा क्रियते, तत्करणे एतत्प्रयोजनमन्वर्थसंज्ञा यथा विज्ञायेत–प्रत्याययतीति प्रत्ययः, महत्त्वात् प्रत्ययशब्दस्याऽऽवृत्तिरनुमीयते, तेन यः प्रत्यायकः स प्रत्यय इत्यर्थः सिद्ध्यति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આમ તો પ્રત્યયસંજ્ઞા થાય તો તેમાં પરપણું પ્રાપ્ત થવું જોઈએ. આથી જેમાં પરપણું પ્રાપ્ત ન થાય એમાં પ્રત્યયસંજ્ઞા કરવી યોગ્ય નથી. આમ આગમ અને વિકારમાં પ્રત્યય-સંજ્ઞાથી કોઈ પ્રયોજન સરતું નથી, છતાં તેમાં પ્રત્યયસંજ્ઞા કરવામાં આવે તો તે નિરર્થક છે. આમ, છતાં પણ એમાં પ્રત્યયસંજ્ઞા ન થાય એ આવશ્યક છે. આથી અમે બીજો ઉપાય બતાવીએ છીએ.

અહીં અન્વર્થસંજ્ઞાનો આશ્રય હોવાથી અર્થવાન્‌ની જ પ્રત્યયસંજ્ઞા થાય છે. વિકાર અને આગમમાં અર્થવાન્‌પણું ન હોવાથી પ્રત્યયસંજ્ઞાનો અભાવ થાય છે. વ્યાકરણમાં જ્યારે જ્યારે સંજ્ઞા પાડવામાં આવે છે ત્યારે ત્યારે નાની સંજ્ઞા કરવામાં આવે છે. જેમકે "घ" વગેરે, તેમ અહીં પણ નાની સંજ્ઞા કરવી આવશ્યક હતી; છતાં પણ અહીં "प्रत्ययः" એ પ્રમાણે મોટી સંજ્ઞા કરાઈ છે. તેનાથી જ જણાય છે કે અહીં અન્વર્થસંજ્ઞા છે. 'જે અર્થને જણાવે છે તે પ્રત્યય છે' આવો પ્રત્યય શબ્દનો અર્થ છે. "सन्" વગેરે ચોક્કસ અર્થોને જણાવે છે માટે તેઓની પ્રત્યયસંજ્ઞા થાય છે. જો પ્રત્યય શબ્દ "सन्" વગેરેના અર્થોને જ જણાવશે તો પ્રત્યય શબ્દ માત્ર અર્થને જણાવવામાં જ સાર્થક થઈ ગયો તો હવે એ જ પ્રત્યય શબ્દ સંજ્ઞાને કેવી રીતે જણાવી શકશે ? દા.ત. કોઈક વ્યક્તિ કહે કે, પાચકને બોલાવો તો તે વ્યક્તિ રાંધનારને બોલાવશે. પરંતુ રાંધનાર એવા રતિલાલને પાચક શબ્દથી બોલાવી શકાશે નહીં. જો રતિલાલને બોલાવવા હશે તો રતિલાલ સ્વરૂપ શબ્દનો પણ પ્રયોગ કરવો પડશે. આથી રાંધનાર એવા રતિલાલને બોલાવવા

માટે "पाचकः" તેમજ "रतिलालः" એ પ્રમાણે બે શબ્દોનો પ્રયોગ કરવો પડશે. એ જ પ્રમાણે અહીં પણ અર્થને જણાવનાર એવો જો પ્રત્યય શબ્દનો અર્થ હશે તો સંજ્ઞાવાચક શબ્દ માટે બીજા કોઈક શબ્દનો પ્રયોગ આવશ્યક થશે. આથી જ અહીં અન્વર્થસંજ્ઞાને કારણે પ્રત્યય શબ્દની આવૃત્તિ કરાય છે અર્થાત્ પ્રત્યય શબ્દ એક જ વાર લખવામાં આવ્યો છે છતાં પણ બે પ્રત્યય શબ્દો સૂત્રમાં છે એવું કલ્પી લેવું. જેથી એક પ્રત્યય શબ્દનો "અર્થને જણાવનારો" એ પ્રમાણે અર્થ થશે તથા બીજો પ્રત્યય શબ્દસંજ્ઞાને જણાવનારો થશે.

**( श०न्या० )** यद्येवं कादीनां प्रत्ययसंज्ञा न प्राप्नोति, नहि ते किञ्चित् प्रत्याययन्ति, अन्वय-व्यतिरेकाभ्यां कादिप्रत्ययवाच्यस्यार्थस्यानवधारणात्, तदभावेऽपि केवलाया एव प्रकृतेस्तदर्थावगमाद्, नापि तरत्वादिवत् कश्चिद् द्योत्योऽर्थः । यदप्युच्यते * अनिर्दिष्टार्थाः प्रत्ययाः स्वार्थे भवन्ति * इति प्रकृत्यर्थ एव तेषामर्थ इति, तदपि कल्पनामात्रम्-सत्यर्थवत्त्वे प्रत्ययसंज्ञया भवितव्यमित्यवि(भि)हिते तदभावेप्य(स्वा)र्थावगमादर्थवत्त्वं कादीनां नोपपद्यते इत्युक्तेऽस्य-(क्तस्य) दुरुत्तरत्वात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જો આ પ્રમાણે અન્વર્થસંજ્ઞા માનવામાં આવશે તો સ્વાર્થમાં જે "अक्" વગેરે પ્રત્યયો છે, તેઓની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. કારણ કે સ્વાર્થના વાચક એવા "अक्" વગેરે કોઈ અર્થને જણાવતા નથી. દા.ત. "सर्वकः" શબ્દમાં "अक्" પ્રત્યય સ્વાર્થમાં આવ્યો છે. આ "अक्" પ્રત્યયના અભાવમાં પણ માત્ર "सर्व" શબ્દનો અર્થ જ પ્રાપ્ત થાય છે, તથા "अक्" પ્રત્યયના સદ્‌ભાવમાં પણ માત્ર "सर्व" શબ્દનો અર્થ જ પ્રાપ્ત થાય છે. આથી,અન્વય અને વ્યતિરેકથી "अक्" વગેરેના વાચ્ય સ્વરૂપ અર્થનું અવધારણ થઈ શકતું નથી. "अक्" પ્રત્યયના અર્થના અવધારણના અભાવમાં પણ માત્ર પ્રકૃતિથી જ "अक्" પ્રત્યયનો અર્થ જણાઈ જાય છે. આથી સ્વાર્થિક પ્રત્યયોનો કોઈ વાચ્ય સ્વરૂપ અર્થ નથી.

જેમ "अक्" વગેરેનો કોઈ વાચ્ય સ્વરૂપ અર્થ નથી તેમ દ્યોત્ય સ્વરૂપ અર્થ પણ નથી. દા.ત. "पटुतर" શબ્દ આવ્યો હોય ત્યાં "पटु" શબ્દનો અર્થ હોશિયાર થાય છે તથા "तरप्" પ્રત્યય "पटु" શબ્દનો જ 'વધારે હોશિયાર છે' એવો અર્થ પ્રકાશિત કરે છે. આથી "पटुतर"માં જેમ "तरप्" પ્રત્યય "पटु"ના અર્થને પ્રકાશિત કરે છે. એ પ્રમાણે "सर्वक" વગેરે શબ્દોમાં "अक्" વગેરે સ્વાર્થિક પ્રત્યયો કાંઈ "सर्व" વગેરે પ્રકૃતિના અર્થને પ્રકાશિત કરતાં નથી. માટે "अक्" વગેરે સ્વાર્થિક પ્રત્યયોનો "तरत्व" વગેરેની જેમ કોઈ "द्योत्य" અર્થ નથી.

**ઉત્તરપક્ષ :-** જગતમાં એક ન્યાય આવે છે કે જ્યાં કોઈ અર્થનો નિર્દેશ કરાયો નહીં હોય ત્યાં પ્રત્યયો સ્વાર્થમાં થાય છે. આથી પ્રકૃતિનો જે અર્થ હશે તે જ સ્વાર્થિક પ્રત્યયોનો અર્થ

કહેવાશે. માટે સ્વાર્થિક પ્રત્યયો સ્વરૂપ જે "अक्" વગેરે છે, તેઓ પણ પ્રકૃતિના અર્થને જણાવતાં હોવાથી "अक्" વગેરે પણ અર્થને જણાવનારા થાય જ છે.

**પૂર્વપક્ષ :-** પ્રકૃતિનો અર્થ જ સ્વાર્થિક પ્રત્યયોનો અર્થ છે, એવું માનીને સ્વાર્થિક પ્રત્યયો "અર્થને જણાવનાર" છે એવું માનવું એ તો કલ્પના માત્ર છે. જેમાં જેમાં અર્થવાન્‌પણું હોય તેની તેની જ પ્રત્યયસંજ્ઞા કરવા યોગ્ય છે, એ પ્રમાણે આપના વડે કહેવાયું છે. હવે પોતાના કોઈક અર્થના અભાવમાં પણ પ્રકૃતિના જ અર્થનો બોધ થવાથી "अक्" વગેરે સ્વાર્થિક પ્રત્યયોનું પણ અર્થવાન્‌પણું માનવું એ તો અસંગત જ છે. પ્રકૃતિના અર્થને જણાવનાર સ્વાર્થિક પ્રત્યયો છે એવું જે કહેવાયું છે એ ઉત્તર તો દુઃખેથી આપી શકાય એવો છે. આથી જ અમે કહીએ છીએ કે, સ્વાર્થિક પ્રત્યયો પ્રકૃતિના અર્થને જણાવે છે, એ તો કલ્પના માત્ર જ છે. આમ, પ્રકૃતિના અર્થને જણાવનાર હોય તે પ્રત્યય કહેવાય એવો અર્થ ઘટી શકતો નથી. આથી સ્વાર્થિક પ્રત્યયોમાં અન્વર્થસંજ્ઞા માની શકાશે નહીં.

**( શ૰ન્યા૰ )** एवं तर्हि प्रत्याय्यते यः स प्रत्ययः, अभिधेयधर्मस्याभिधाने उपचारादेवमुच्यते, ततश्चायमर्थः-यस्यार्थः प्रकृत्या प्रत्याय्यते स प्रत्याय्यमानार्थत्वात् प्रत्याय्यमानः स्वार्थिकः प्रत्ययसंज्ञो भवति । एवमपीच्छार्थसन्नादीनां न प्राप्नोति, नहि ते इच्छायां विधीयमानाः सन्नादयः प्रकृत्या प्रत्याय्यमानार्थाः । एवं तर्हि प्रत्ययशब्दः कर्तृसाधन-कर्मसाधनश्च एक एव शब्दोऽनेकशक्तियोगादङ्गीकृतप्रवृत्तिनिमित्तद्वयोऽङ्गीक्रियते । तत्र यथासंभवं निमित्ताश्रयणेन सन्नादीनां कादीनां प्रत्ययसंज्ञा प्रवर्तते । ण्यन्तस्य च निपातनादचि णिलुप् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** જો 'અર્થને જણાવનાર હોય તે પ્રત્યય' એવો અર્થ કરવાથી સ્વાર્થિક પ્રત્યયોમાં આપત્તિ આવે છે, તો અમે પ્રત્યય શબ્દનો અર્થ નીચે પ્રમાણે કરીશું. 'જેનો અર્થ પ્રકૃતિ વડે જણાય છે તે પ્રત્યય કહેવાય છે.' અહીં જણાવાય છે અર્થ અને એ અર્થ સ્વરૂપ ધર્મને "अक्" પ્રત્યયમાં આરોપિત કરો છો, આથી અભિધેય સ્વરૂપ ધર્મ કાંઈ શબ્દમાં આવી શકે નહીં. તમે તો સ્વાર્થિક પ્રત્યયને અર્થ જણાવવા સ્વરૂપ માનો છો. અહીં કર્મણિ પ્રયોગ થયો છે. આથી પ્રથમા વિભક્તિ કર્મને થઈ છે જે અર્થ સ્વરૂપ છે અને આ અર્થ જ "अक्" પ્રત્યયસ્વરૂપ થઈ જાય છે, એ પ્રમાણે તો અસંગતિ આવશે. કારણ કે પ્રકૃતિ વડે અર્થ જણાવાય પરંતુ સ્વાર્થિક એવો "अक्" પ્રત્યય તો અર્થને જણાવતો નથી; છતાં પણ અભિધેય ધર્મનો શબ્દમાં (સ્વાર્થિક) પ્રત્યયમાં ઉપચારથી આરોપ કરીને આ પ્રમાણે કહેવાય છે. આથી આ પ્રમાણે અર્થ સંગત થાય છે : 'જેનો અર્થ પ્રકૃતિવડે જણાવાય છે' તે જણાવાતા અર્થવાળો એવો સ્વાર્થિક "अक्" પ્રત્યયસંજ્ઞાવાળો થાય છે. અહીં પ્રકૃતિના અર્થનો "अक्"

શબ્દમાં ઉપચાર કરીને પ્રકૃતિ વડે જણાતો એવો સ્વાર્થિક "अक्" વગેરે પ્રત્યયસંજ્ઞાવાળો થાય છે એવું કહેવાયું છે.

**પૂર્વપક્ષ :-** આવો અર્થ જો પ્રત્યય શબ્દનો માનશો તો ઇચ્છા અર્થવાળા सन् વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે નહીં, કારણ કે પ્રકૃતિ વડે કાંઈ ઇચ્છા અર્થ બતાવાતો નથી.

**ઉત્તરપક્ષ :-** પ્રત્યય શબ્દનો કર્મણિ પ્રયોગમાં અર્થ કરીશું તો सन् વગેરેમાં આપત્તિ આવે છે તથા કર્તરિ પ્રયોગમાં અર્થ વિચારીશું તો સ્વાર્થિક પ્રત્યયોમાં પ્રત્યયસંજ્ઞા ન થવાની આપત્તિ આવે છે. આ પ્રમાણે અન્વર્થસંજ્ઞામાં કોઈ ચોક્કસ શબ્દને કર્તાકારકવાળો પણ માનીશું અને કર્મકારકવાળો પણ માનીશું. એક શબ્દમાં અનેક શક્તિનો યોગ હોવાથી તે તે શક્તિ માનીને તે તે અર્થ કરી શકાશે. જ્યારે અમારે "सन्" વગેરેની પ્રત્યયસંજ્ઞા કરવી હશે ત્યારે કર્તાકારકવાળી શક્તિ માનીશું અને સ્વાર્થિક પ્રત્યયોની પ્રત્યયસંજ્ઞા કરવી હશે ત્યારે કર્મકારકવાળી શક્તિ માનીશું. प्रति + इ ધાતુને णिगन्त થવા દ્વારા નિપાતનથી "अच्" થઈને "णि"નો "लुक्" થવાથી પ્રત્યય શબ્દ પ્રાપ્ત થાય છે.

**( શ૦ન્યા૦ )** ननु समानेऽप्यपूर्वोपदेशे त्रापुषं जातुषमित्यत्र प्रत्ययस्तदर्थं प्रतिपादयति नागम इति कुतः ?, उच्यते-प्रत्ययस्यागममन्तरेणापि अन्यत्र प्रयोगान्तरेऽर्थवत्त्वावगतिः, आगमस्य तु प्रत्ययमन्तरेण प्रयोगाभावादन्वय-व्यतिरेकाभ्यामर्थवत्त्वं नावधार्यत इत्यनर्थकत्वमुच्यत इत्यधिकारेऽपि सिध्यति, सत्यम्-पक्षत्रयेऽपि सिध्यति, केवलं गौरवं सूत्रभेदश्च स्यादिति यथान्यासमेवास्तु । अन्वर्थसंज्ञाश्रयणे-ष्वनन्त इत्यनुवादकम् । पञ्चमीनिर्देशाच्च विधिशब्दाध्याहारः, निर्दिष्टशब्दाध्याहारे तु तृतीयया निर्देशः स्याद् यथा-"पञ्चम्या परस्य" इति ("पञ्चम्या निर्दिष्टे परस्य" [७.४.१०४.] इति) युष्मदादेशास्तु स्थितस्य परस्य विधीयन्ते ॥३८॥

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જે જે અપૂર્વ ઉપદેશ સ્વરૂપ હોય તેની તેની પ્રત્યયસંજ્ઞા થાય છે. દા.ત. "त्रापुषम्" અને "जातुषम्." અહીં (૬/૨/૩૩) સૂત્ર પ્રમાણે "त्रपु" અને "जतु" શબ્દથી પર વિકાર અર્થમાં યથાવિહિત "अण्" પ્રત્યય થાય છે તથા "ष्"નો આગમ થાય છે. અહીં "अण्" પ્રત્યય તેમજ "ष्"નો આગમ બંને અપૂર્વ ઉપદેશ સ્વરૂપ છે; છતાં પણ "अण्" વિકાર અર્થને જણાવે છે, પરંતુ આગમ સ્વરૂપ જે "ष्" છે, તે વિકાર અર્થને જણાવતો નથી. આવું કેમ ?

**ઉત્તરપક્ષ :-** પ્રત્યય જ અર્થનો બોધક છે પરંતુ આગમ, અર્થનો બોધક નથી, એના કારણ તરીકે અમે જણાવીએ છીએ કે, "अण्" વગેરે પ્રત્યયોનો અર્થ આગમ વિના પણ બીજા કોઈ પ્રયોગોમાં જોવા મળે છે, પરંતુ આગમનો અર્થ પ્રત્યય વિના જોવા મળતો નથી અર્થાત્ પ્રત્યય

વિના આગમના પ્રયોગનો જ અભાવ હોવાથી પ્રત્યય વિના આગમનો અર્થ જોવા મળતો નથી.

વિકાર અર્થમાં "अण्" પ્રત્યય અન્ય પ્રયોગોમાં પણ જોવા મળે છે, જ્યાં આગમ સ્વરૂપ "ष्"નો અભાવ હોય છે. આથી અપૂર્વ ઉપદેશ સ્વરૂપ "अण्"નું અર્થવાન્‌પણું નક્કી થાય છે; પરંતુ આગમ સ્વરૂપ "ष्"નું અર્થવાન્‌પણું થતું નથી. આમ આગમનું અનર્થકપણું કહેવાય છે. એ પ્રમાણે અધિકારસૂત્રથી પણ પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે.

ત્રણ પક્ષ દ્વારા પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે. (૧) પંચમીના નિર્દેશથી વિધાન કરાતાં એવા सन् વગેરેની પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે. (૨) અધિકારસૂત્રથી પણ પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે. અહીં વાક્યભેદથી પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થશે. (૩) અન્વર્થસંજ્ઞાનો આશ્રય કરવાથી પણ પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે. આ પ્રમાણે ત્રણેય પક્ષમાં પ્રત્યયસંજ્ઞા સિદ્ધ થાય છે. માત્ર ગૌરવ અને સૂત્રભેદ થાય છે. ત્રણેય પક્ષમાંથી કોઈપણ પક્ષ ક્ષતિ (દોષ) વગરનો નથી. આથી જે પ્રમાણે અમે સૂત્રમાં રજુઆત કરી છે, એ જ પ્રમાણે પ્રત્યયસંજ્ઞા થવી જોઈએ. અહીં અધિકારસૂત્રથી પ્રત્યયસંજ્ઞા કરવામાં આવી છે. આથી અમે અધિકારસૂત્રવાળો પક્ષ જ રાખીએ છીએ.

જો અન્વર્થસંજ્ઞા પક્ષનો આશ્રય કરવામાં આવે તો "अनन्त" શબ્દને અનુવાદક સમજવો. અન્વર્થસંજ્ઞા પ્રમાણે તો અર્થને જણાવનાર હોય તે પ્રત્યય કહેવાય છે. આથી "अण्" વગેરેની પ્રત્યયસંજ્ઞા થશે; પરંતુ આગમ તો અર્થને જણાવનાર નથી માટે આગમની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. આથી સૂત્રમાં "अनन्त" પદની આવશ્યકતા રહેશે નહીં, કારણ કે જો તેની પ્રત્યયસંજ્ઞા થઈ જતી હોય તો જ તેની બાદબાકી કરવી પડે. અહીં પ્રત્યયસંજ્ઞા થતી નથી પછી એને બાદ કરવાની આવશ્યકતા જ નથી; છતાં પણ તેને રજૂ કરવામાં આવ્યું હોય તો તે અનુવાદ તરીકે સમજવું અર્થાત્ સિદ્ધ હકીકતનું માત્ર કથન કરનાર જ "अनन्त" પદ રહેશે.

જો સૂત્રમાં પંચમી વિભક્તિથી નિર્દેશ કરાયો હશે તેની પ્રત્યયસંજ્ઞા થાય છે એવું કહેવામાં આવશે તો વિધિ શબ્દ અધ્યાહારથી સમજી લેવો. અર્થાત્ પંચમીથી વિધાન કરાતો શબ્દ પ્રત્યયસંજ્ઞાવાળો થાય છે. અહીં વિધિ શબ્દ અધ્યાહારથી લીધો છે. વિધિને બદલે જો નિર્દિષ્ટ શબ્દ અધ્યાહારથી લેવામાં આવે તો "पञ्चम्यर्थेन निर्दिष्टः शब्दः" એ પ્રમાણે પંચમી શબ્દની તૃતીયા વિભક્તિ ટીકામાં લખવી પડશે. જેમ અત્યારે બૃહદ્‌વૃત્તિટીકામાં વિધીયમાન શબ્દ અધ્યાહારથી લીધો હોવાથી पञ्चम्यर्थात् એ પ્રમાણે પંચમી વિભક્તિ જણાવી છે, એમ નિર્દિષ્ટ શબ્દ જો અધ્યાહારથી લેવામાં આવશે તો ટીકામાં पञ्चम्यर्थेन निर्दिष्ट शब्दः શબ્દ લેવામાં આવત. આથી નિર્દિષ્ટ શબ્દ સાથે पञ्चम्यर्थेन એ પ્રમાણે તૃતીયા વિભક્તિ થાત. એને માટે શાસ્ત્રપાઠ આપે છે કે "पञ्चम्या निर्दिष्टे परस्य" (૭/૪/૧૦૪) પરિભાષાના સૂત્રથી નિર્દિષ્ટ શબ્દ પહેલા "पञ्चम्या" શબ્દ દ્વારા તૃતીયા વિભક્તિ જણાવી છે.

અગાઉ પંચમીથી વિધાન કરાયેલા "वस् नस्" વગેરે આદેશો તથા "लुक्"ની પ્રત્યયસંજ્ઞા થશે એ પ્રમાણે આપે આપત્તિ આપેલ હતી. તેના જવાબમાં અમે કહીએ છીએ કે, પંચમીથી વિધાન કરાતા હોય તે "सन्" વગેરે જ હોય છે, પરંતુ "युष्मद्" અને "अस्मद्"ના રૂપોના જે "वस्" - "नस्" વગેરે આદેશો થાય છે, તે પદથી પર વિધાન કરાતાં નથી, પરંતુ પદથી પર જે વિભક્તિ અન્ત "युष्मद्" અને "अस्मद्"ના પદો રહ્યા હોય તેના "वस्" અને "नस्" આદેશ વિધાન કરાય છે. આથી પદથી પર રહેલાના તે બધા આદેશો કહેવાય છે. એ જ પ્રમાણે વ્યંજનાન્ત નામોમાં પણ નામથી પર રહેલા "सि"નો "लुक्" સ્વરૂપ આદેશ થાય છે. આમ "गुप्" અને "तिज्"થી પર જેમ "सन्"નું વિધાન કરાય છે, એ પ્રમાણે વ્યંજનાન્ત નામથી પર કાંઈ "सि"નું વિધાન કરાતું નથી, પરંતુ "सि"ના "लुक्" સ્વરૂપ આદેશનું વિધાન કરાય છે. આ પ્રમાણે "वस् - नस्" વગેરે આદેશોમાં તથા "लुक्" સ્વરૂપ આદેશોમાં પ્રત્યયસંજ્ઞાની પ્રાપ્તિ આવતી જ નથી, માટે અમે સૂત્રમાં નિર્દેશ કર્યો છે તે સ્પષ્ટ જ છે.

### -: ન્યાસસારસમુદ્ધાર :-

**अनन्त** इत्यादि-न विद्यतेऽन्तशब्दो वाचकोऽभिधायको यस्य स तथा । पञ्चमीति प्रत्ययोऽभिधीयते, स च प्रकृत्यविनाभावीति तेन प्रकृतिराक्षिप्यते, तया चार्थ इत्याह-**पञ्चम्यर्थादि**त्यादि । **शब्द** इति-स च शब्दो वर्णस्तत्समुदायो वा भवति, शब्द्यत इति कृत्वा शब्दशब्देनोच्यत इति ।

### -: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

ઉપરોક્ત તમામ પંક્તિઓનો અનુવાદ બૃહદ્વૃત્તિ ટીકાના ન્યાસના અનુવાદમાં આવી ગયેલ છે.

**(न्या०स०)** ननु नागमस्य प्रत्ययत्वे को दोष इति ? सत्यम्-'अनन्दत्' इत्यादौ नागमेन धातोः खण्डितत्वाद् 'नन्द्' धातोः प्राक् "अड् धातो०" [४.४.२९.] इत्यडागमो न स्यात्। अथ 'अरुणद्' इत्यादौ श्नप्रत्ययवत् ❋ तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते ❋ इति भविष्यति, तर्हि अस्य न्यायस्यानित्यत्वज्ञापनार्थमन्तग्रहणम्, तेन यका सका इत्यादौ इत्वप्रतिषेधः सार्थकः, कस्य प्रकृत्यवयवत्वे त्वित्वप्राप्तिप्रसङ्ग एव न स्यात् । तथाऽन्तग्रहणाभावे लाङ्कायनिरित्यत्र "चर्मिवर्मि०" [६.१.११२.] इत्यायनिञि कागमे तस्य प्रत्ययत्वे "ङ्यादीदूतः के" [२.४.१०४.] इत्यनेन ह्रस्वः स्याद् इति । तथाऽन्तग्रहणाभावे पञ्चम्यर्थाद् विधीयमानत्वेनाऽऽगमस्यापि ❋ प्रत्ययाऽप्रत्यययोः प्रत्ययस्यैव ❋ इति न्यायात् 'प्रेण्वनम्' इत्यादावेव "वोत्तरपदान्त०"

[२.३.७५.] इत्यनेन णत्वं स्यात्, न तु 'भद्रबाहुना कुलेन' इत्यादौ "अनाम् स्वरे०" [१.४.६४.] इति षष्ठ्यन्ताद् विधीयमानस्य प्रत्ययत्वाभावात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** તે તે સૂત્રોમાં अन्त શબ્દના ગ્રહણ વડે આગમના વિધાનો કરવામાં આવ્યા છે. આથી શંકા થાય છે કે, "न्" સ્વરૂપ આગમને આગમ ન માનતાં પ્રત્યયસંજ્ઞાવાળો જ થવા દીધો હોત તો કયો દોષ આવત ?

**ઉત્તરપક્ષ :-** "नदु" ધાતુ ઉદિત હોવાથી સ્વરથી પર "न्"નો આગમ થાય છે. આમ તો ધાતુ "नद्" હતો, આથી હ્યસ્તનવિભક્તિ કર્યા બાદ ધાતુની આદિમાં "अड् धातो..." (૪/૪/૨૯) સૂત્રથી "अट्"નો આગમ થાત. હવે "न्" જો પ્રત્યય થયો હોત તો "नद्" ધાતુ ખંડિત થઈ જાત. આથી "नद्"ની આદિમાં જે अट् આવવાનો હતો, તે હવે આવી શકશે નહીં. પરંતુ "न्"ને આગમ સ્વરૂપ માનવાથી અને આગમ પ્રકૃતિનું અંગ બનવાથી હવે "न्" આગમવાળો "नन्द्" ધાતુ અખંડિત મનાતા "नन्द्"ની આદિમાં પણ "अट्"નો આગમ થશે.

**પૂર્વપક્ષ :-** જો તમે એમ કહેશો કે "न्" પ્રત્યય થવાથી "नद्" ધાતુ ખંડિત થઈ જાય છે, આથી "नन्द्" ધાતુ સ્વરૂપ પ્રકૃતિ જ નથી રહેતી, માટે "अट्"નો આગમ પણ નહીં થાય; તો આ પ્રશ્ન "अरुणद्" વગેરે પ્રયોગોમાં પણ ઉપસ્થિત થશે. અહીં "रुध्" ધાતુને (૩/૪/૮૨) સૂત્રથી પ્રકૃતિમાં જ સ્વર પછી "श्न" પ્રત્યયનું વિધાન થાય છે. આ પ્રયોગમાં "तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यते" ન્યાયથી જેમ "रुध्"ને પ્રકૃતિ કહેવાશે તેમ "श्न" વિકરણ પ્રત્યય ઉમેરાયા પછી "रुनध्"ને પણ પ્રકૃતિ કહેવાશે. અને આમ થવાથી "रुनध्"માં પણ (૪/૪/૨૯) સૂત્રથી "अट्"નો આગમ થશે. આમ "अरुणद्"માં "तन्मध्य..." ન્યાયથી આપત્તિ નહીં આવે. તેમ "अनन्दत्" વગેરે પ્રયોગોમાં પણ આપત્તિ ન આવત. તેથી આ સૂત્રમાં अन्त શબ્દ લખવાની આવશ્યકતા નથી.

**ઉત્તરપક્ષ :-** આ સૂત્રમાં अन्तનું ગ્રહણ "तन्मध्य..." ન્યાયની અનિત્યતા જણાવવા માટે કર્યું છે. જેથી ધાતુ ખંડિત થઈ જાય તો अनन्दत् પ્રયોગ સિદ્ધ ન થાય.

**પૂર્વપક્ષ :-** "तन्मध्य..." ન્યાય અનિત્ય બને છે, એવું આપ કયા આધારે કહો છો ?

**ઉત્તરપક્ષ :-** "अस्याऽयत् - तत्..." (૨/૪/૧૧૧) સૂત્રથી आप् પ્રત્યય જેની પરમાં છે, એવો પ્રત્યયના અવયવ સ્વરૂપ "ककार" પરમાં હોતે છતે "अकार"નો "इत्व" થાય છે. અહીં यद् - तद् અને क्षिपक... વગેરે શબ્દોને છોડીને "अ"નો "इ" થાય છે. હવે જો "तन्मध्यपतित..." ન્યાય નિત્ય હોત તો જે જે પ્રકૃતિ અથવા પ્રત્યયની મધ્યમાં આવે છે તે તે બધા જ ક્યાં તો પ્રકૃતિનાં અવયવ બનત અથવા તો પ્રત્યયના અવયવ બનત. "त्यादिसर्वादेः..." (૭/૩/૨૯)

સૂત્રથી त्यादि અન્તવાળા ક્રિયાપદોની પૂર્વમાં તથા સર્વાદિ સંબંધી સ્વરોમાં અન્ત્ય સ્વરની પૂર્વમાં "अक्" થાય છે. આ "अक्" જો ઉપરોક્ત ન્યાયથી પ્રકૃતિનો અવયવ બનત તો પ્રત્યયસંજ્ઞા થાત નહીં. આથી પ્રત્યયસંજ્ઞાના અભાવમાં (૨/૪/૧૧૧) સૂત્રથી "अ"નો "इ" થાત નહીં. આથી "यका" અને "सका" પ્રયોગમાં "अ"ના "इ"ની પ્રાપ્તિ આવત નહીં અને જો "अ"ના "इ"ની પ્રાપ્તિ જ નથી આવતી તો "यद्" અને "तद्"નું વર્જન તે સૂત્રમાં આવશ્યક ન હતું, છતાં પણ તે સૂત્રમાં "यद्" અને "तद्"નું વર્જન કરવામાં આવ્યું છે. તેનાથી જણાય છે કે "तन्मध्य..." ન્યાય અનિત્ય બને છે, આથી "अक्"ની પ્રત્યયસંજ્ઞા થાત અને એ "अक्"ના "अ"ના "इ"ની પ્રાપ્તિ થાત. માટે જ "यद्" અને "तद्"નું તે સૂત્રમાં વર્જન કરવામાં આવ્યું છે. આ પ્રમાણે "तन्मध्यपतित..." ન્યાય અનિત્ય બને તો જ "अक्" પ્રત્યય, પ્રત્યયસ્વરૂપે ગણાશે અને પ્રત્યયસ્વરૂપે ગણાય છે એને જો પ્રત્યયસ્વરૂપે માનવો ન હોય તો ક્યાંતો કોઈ નવો પુરૂષાર્થ કરવો પડે અથવા તો अना इनो નિષેધ કરવા માટે તેવી પ્રકૃતિનું વર્જન કરવું પડે. અહીં પણ यद् અને तद् સ્વરૂપ પ્રકૃતિનું વર્જન કરવાથી "अ"ના "इ"નો નિષેધ થયો છે. અહીં ચાલુ સૂત્રમાં આ ન્યાયની અનિત્યતાને જણાવનાર શબ્દ "अन्त" છે, જે આ સૂત્રમાં ગ્રહણ કરવામાં આવ્યો છે.

તથા આ સૂત્રમાં "अन्त" ગ્રહણ ન કર્યું હોત તો "चर्मिवर्मि..:" (૬/૧/૧૧૨) સૂત્રથી "चर्मि" વગેરે શબ્દને અપત્ય અર્થમાં "आयनिञ्" પ્રત્યય વિકલ્પે થાય છે તથા તેના (आयनिञ्) યોગમાં "क"નો આગમ થાય છે. હવે (૧/૧/૩૮) સૂત્રમાં (આ સૂત્રમાં) જો अन्त શબ્દ ન લખ્યો હોત તો "क"ની પ્રત્યયસંજ્ઞા થાત અને તેમ થતાં "ङ्यादीदूतः के" (૨/૪/૧૦૪) સૂત્રથી પૂર્વનો સ્વર હ્રસ્વ થાત. આથી "लङ्का" શબ્દના "आ"નો "अ" થઈ જાત તથા "लङ्ककायनि" એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત, પરંતુ હવે "अन्त" શબ્દ લખ્યો હોવાથી "क"ની પ્રત્યયસંજ્ઞા થશે નહીં. આથી (૨/૪/૧૦૪) સૂત્રથી હ્રસ્વ થવાની આપત્તિ આવશે નહીં. માટે "लङ्काकायनिः" એ પ્રમાણે ઇષ્ટ પ્રયોગની પ્રાપ્તિ થઈ શકશે.

**ઉત્તરપક્ષ :- (ચાલુ) :-** તથા આ સૂત્રમાં જો "अन्त" શબ્દનું ગ્રહણ ન કર્યું હોત તો જે જે પંચમી અર્થથી વિધાન કરાયેલા હોય તેની પ્રત્યયસંજ્ઞા થાત. આ પરિસ્થિતિમાં प्र + इवु + अनट्માં (૪/૪/૯૮) સૂત્રથી इની પછી न्નો આગમ થાત તથા (૪/૪/૯૮) સૂત્રમાં उदितः स्वरात् એ પ્રમાણે પંચમી વિભક્તિથી જણાવાયેલ હોવાથી इ પછી જે न्નો આગમ થયો છે, એ આગમની પણ प्रत्ययाप्रत्ययोः... ન્યાયથી પ્રત્યયસંજ્ઞા થાત. આથી "इण्वनम्" સ્વરૂપ ઉત્તરપદમાં જ (૨/૩/૭૫) સૂત્રથી न्નો ण् થાત. ત્યારે "भद्रबाहुना कुलेन" આ પ્રયોગમાં (૨/૩/૭૫) સૂત્રથી "बाहु" શબ્દને તૃતીયા એકવચનનો "टा" પ્રત્યય લાગતા अनाम् स्वरे नोऽन्तः (૧/૪/૬૪) સૂત્રથી "न्" ષષ્ઠીથી વિધાન કરાયેલો હોવાથી "न्"ની પ્રત્યયસંજ્ઞા થાત નહીં. આથી भद्रबाहुना શબ્દમાં (૨/

૩/૭૫) સૂત્રથી ના નો વિકલ્પે णा થાત નહીં, પરંતુ (૨/૩/૭૫) સૂત્રમાં ઉત્તરપદમાં રહેલો न् કયો લેવો તે જો પ્રત્યય અને અપ્રત્યય એમ બંને સ્વરૂપવાળો "न्" મળતો હોત તો "प्रेण्वनम्"માં પ્રત્યયસ્વરૂપ "न्" મળે છે. પણ "भद्रबाहुना कुलेन"માં પ્રત્યયનો "न्" નથી, આથી તેમાં "न्"નો "ण्" થાત નહીં. હવે આ સૂત્રમાં "अन्त" શબ્દ લખવાથી પ્રત્યય અને અપ્રત્યયની કોઈ પસંદગી જ ન રહે માટે બંને પ્રયોગોમાં વિકલ્પે न्નો ण् થઈ શકશે.

**( न्या०स० )** अपरञ्च-"ऋत्तुष-मृष०" [४.३.२४.] इत्यत्र "श्रथुङ् शैथिल्ये" इत्यस्य ※ प्रत्ययाऽप्रत्यययोः प्रत्ययस्यैव ※ इति न्यायेन नाऽऽगमस्य प्रत्ययत्वे सत्येव ग्रहणं स्यात्, न तु "श्रन्थश् मोचन-प्रतिहर्षयोः" इत्यस्य तस्मादन्तग्रहणं विधेयम् ।

**અનુવાદ :-** प्रत्ययाप्रत्ययोः... ન્યાયથી જ્યાં પ્રત્યય અને અપ્રત્યય બંને હોય ત્યાં પ્રત્યયનું ગ્રહણ કરવું જોઈએ એવું સિદ્ધ થાય છે. "ऋत्तुष - मृष०..." (૪/૩/૨૪) સૂત્રથી "थ्" અંતવાળા અને "फ्" અંતવાળા ધાતુઓમાં જો ઉપાન્ત્યમાં "न्" હોય તો એવા ધાતુઓથી વિધાન કરાયેલ સેટ "क्त्वा" વિકલ્પે કિતવત્ થાય છે. હવે કોઈક "न्" પ્રત્યયસ્વરૂપ હોય તથા કોઈક "न्" અપ્રત્યયસ્વરૂપ હોય એ અવસ્થામાં "प्रत्ययाप्रत्यय..." ન્યાયથી પ્રત્યયસ્વરૂપ "न्"નું જ ગ્રહણ થઈ શકશે. આ પરિસ્થિતિમાં જો આ સૂત્રમાં "अन्त" શબ્દ ન લખ્યો હોત તો "श्रथुङ शैथिल्ये" એ પ્રમાણે પહેલા ગણના ધાતુમાં (૪/૪/૯૮) સૂત્રથી જ પંચમીથી વિધાન કરાયેલ એવા "न्"ની પ્રત્યયસંજ્ઞા થાત તથા "श्रन्थश् मोचन - प्रतिहर्षयोः" એ પ્રમાણે નવમા ગણના ધાતુમાં "न्" છે તે પ્રત્યયસંજ્ઞાવાળો નથી. આથી હવે ઉપરોક્ત ન્યાયથી પહેલા ગણના "श्रन्थ्" ધાતુથી જ સેટ "क्त्वा" વિકલ્પે કિતવત્ થશે. જ્યારે નવમા ગણના ધાતુથી (૪/૩/૨૪) સૂત્રથી સેટ "क्त्वा" વિકલ્પે કિતવત્ નહીં થાય. આથી ઇષ્ટ પ્રયોગોની પ્રાપ્તિ થાત નહીં, પરંતુ હવે આ સૂત્રમાં "अन्त" શબ્દ લખવા દ્વારા "न्"ની પ્રત્યયસંજ્ઞાનો અભાવ થાય છે. આથી બધા જ "न्" પ્રત્યયસંજ્ઞાના અભાવવાળા થવાથી "थ्" અને "फ्" અન્તવાળા તથા ઉપાન્ત્યમાં "न्"વાળા કોઈપણ ધાતુથી સેટ "क्त्वा" (૪/૩/૨૪) સૂત્રથી વિકલ્પે કિતવત્ થશે. આ પ્રમાણે "अन्त" ગ્રહણ વડે આચાર્ય ભગવંતે ઉપાન્ત્યમાં "न्"વાળા તમામ ધાતુમાં (थ् અને फ् અન્તવાળા) ઇષ્ટ પ્રયોગોની સિદ્ધિ કરી. તેથી "अन्त" ગ્રહણ એ સાર્થક છે.

**( न्या०स० )** उभयथाऽपि पञ्चम्यां सम्भवन्त्याम् "परः" [७.४.११८.] इति परिभाषया प्रत्ययो नियन्त्यते-प्रकृतेः पर एवेति । तर्हि स्वरात् पूर्वो नोऽन्त इत्यपि कथं न लभ्यते ? इति चेत्, सत्यम्-"नो व्यञ्जनस्या०" [४.२.४५.] इत्यत्रानुदित इति भणनात्, अन्यथोपान्त्यत्वाभावात् प्राप्तिरेव नास्तीति ॥३८॥

**અનુવાદ :-** પંચમીથી વિધાન કરવામાં આવે તે પ્રત્યય કહેવાય છે. આથી બંને પ્રકારે પંચમીનો સંભવ હોતે છતે અર્થાત્ પંચમી પછી પણ પ્રત્યય આવી શકે અને પંચમી પહેલા પણ પ્રત્યય આવી શકે. આથી પ્રત્યયનું સ્થાન પ્રકૃતિની આગળ પણ સંભવી શકે અને પ્રકૃતિની પાછળ પણ સંભવી શકે છે. આમ બંને પ્રકારે પ્રત્યય સંભવતો હોવાથી परः (૭/૪/૧૧૮) પરિભાષાથી પ્રત્યય, પ્રકૃતિથી પરમાં જ આવે છે એવું નક્કી કરાય છે.

જો પ્રત્યય પ્રકૃતિથી પરમાં આવે છે તો આગમમાં સ્વરથી પૂર્વમાં न् अन्त થાય છે, એ પ્રમાણે પણ શા માટે પ્રાપ્ત થતું નથી ? તેના જવાબમાં કહીએ છીએ કે, "अनुदित्" એવા વ્યંજનાન્ત ધાતુના "न्"નો કિત્ અને ङિત્ પ્રત્યયો પર છતાં "नो व्यञ्जनस्या..." (૪/૨/૪૫) સૂત્રથી ઉપાન્ત્ય "न्"નો "लुक्" થાય છે.

હવે જો उदित् ધાતુમાં આગમ સ્વરની પૂર્વમાં આવે તો नद् ધાતુમાં "न्"નો આગમ થતાં આ પ્રમાણે "न्"ની અવસ્થા થશે - न् + આગમનો "न्" + अ + द्=न्नद्. અહીં આ પ્રમાણે સ્વરની પૂર્વમાં न्નો આગમ કરવામાં આવે તો ઉપાન્ત્યમાં न्નો સંભવ જ નથી, કારણ કે ઉપાન્ત્યમાં તો "अ" છે. વળી આમ થાય તો अनुदित् એવા કથનની આવશ્યકતા જ નથી, છતાં પણ अनुदितः શબ્દ (૪/૨/૪૫) સૂત્રમાં લખ્યો છે, તેથી જ જણાય છે કે સ્વરથી પર જ न् અન્ત સ્વરૂપ આગમ થાય છે.

**॥ अष्ट त्रिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

* * *

# सूत्रम् - डत्यतु सङ्ख्यावत् । १ । १ । ३९ ॥

**-: तत्त्वप्रકाशिका :-**

**डतिप्रत्ययान्तमतुप्रत्ययान्तं च नाम सङ्ख्यावद् भवति, एक-द्व्यादिका लोकप्रसिद्धा सङ्ख्या, तत्कार्यं भजत इत्यर्थः ।**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

"डति" પ્રત્યયાન્તવાળું અને "अतु" પ્રત્યયાન્તવાળું નામ સંખ્યા જેવું થાય છે. એક, બે વગેરે આદિમાં છે જેને એવો સમૂહ લોકપ્રસિદ્ધ એવી સંખ્યા થાય છે. "डति" અને "अतु"

પ્રત્યયાન્તવાળું નામ સંખ્યા જેવું થવાથી સંખ્યાના કાર્યને ભજનારું થાય છે એવો અર્થ ફલિત થાય છે.

**(त० प्र०) कतिभिः क्रीतः-कतिकः, "सङ्ख्या-डतेश्चाशत्तिष्टेः कः" [ ६.४. १३०. ] इति कः । कतिभिः प्रकारैः-कतिधा, "सङ्ख्याया धा" [ ७.२.१०४. ] इति धा । कति वारा अस्य-कतिकृत्वः, "वारे कृत्वस्" [ ७.२.१०९. ] इति कृत्वस् । एवम्-यतिकः, यतिधा, यतिकृत्वः; ततिकः, ततिधा, ततिकृत्वः । अतुयावत्कः, यावद्धा, यावत्कृत्वः; तावत्कः, तावद्धा, तावत्कृत्वः; कियत्कः, कियद्धा, कियत्कृत्वः ॥३९॥**

**અનુવાદ :-** સૌ પ્રથમ "डति" અંતવાળાના ઉદાહરણો બતાવે છે : કેટલાકો વડે ખરીદેલ એ પ્રમાણે ખરીદવા અર્થમાં સંખ્યાવાચક એવા "डति" અંતવાળા નામથી (૬/૪/૧૩૦) સૂત્રથી "क" પ્રત્યય થતાં "कतिकः" શબ્દ પ્રાપ્ત થાય છે.

"કેટલા પ્રકારોવડે" એ પ્રમાણે "सङ्ख्याया धा" (૭/૨/૧૦૪) સૂત્રથી પ્રકાર અર્થમાં "धा" પ્રત્યય થતાં "कतिधा" એ પ્રમાણે તદ્ધિતવૃત્તિ પ્રાપ્ત થાય છે.

"કેટલીવાર આ ક્રિયા થઈ ?" એ પ્રમાણે "कति" નામને વાર અર્થમાં "वारे कृत्वस्" (૭/૨/૧૦૯) સૂત્રથી "कृत्वस्" પ્રત્યય થતાં "कतिकृत्वस्" એ પ્રમાણે તદ્ધિતવૃત્તિ પ્રાપ્ત થાય છે.

જે પ્રમાણે "किम्" સર્વનામમાંથી બનેલા "कति" નામને જુદાં જુદાં અર્થવાળા પ્રત્યયો લાગ્યા એ જ પ્રમાણે "यद्" સર્વનામ અને "तद्" સર્વનામમાંથી બનેલા "यति" અને "तति" શબ્દને પણ ઉપરોક્ત પ્રત્યયો લાગતા "यतिकः" વગેરે શબ્દો પ્રાપ્ત થાય છે, જેના અર્થો આ પ્રમાણે છે. "यतिकः" જેટલાવડે ખરીદેલું, "यतिधा" - જેટલા પ્રકારોવડે, "यतिकृत्वस्" જેટલી વાર, "ततिकः" તેટલાવડે ખરીદેલું, "ततिधा" તેટલા પ્રકારોવડે, "ततिकृत्वस्" - તેટલીવાર.

"अतु" અંતવાળા સંખ્યાવાચકનામોના ઉદાહરણો બતાવે છે : શબ્દોની વ્યુત્પત્તિ ઉપર પ્રમાણે સમજી લેવી.

"यावत्कः" જેટલાવડે ખરીદેલું, "यावद्धा" - જેટલા પ્રકારોવડે, "यावत्कृत्वस्" - જેટલીવાર.

"तावत्कः" - તેટલાવડે ખરીદેલું, "तावद्धा" - તેટલા પ્રકારોવડે, "तावत्कृत्वस्" - તેટલીવાર.

"कियत्कः" - કેટલાવડે ખરીદેલું, "कियद्धा" - કેટલા પ્રકારોવડે, "कियत्कृत्वस्" - કેટલીવાર.

હવે પછીના સૂત્રોમાં આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિતન્યાસ મળ્યો નથી અથવા તો થોડો ઘણો મળ્યો છે. આથી પરમપૂજ્ય શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.સા. એ અનુસંધાન

કરીને શબ્દમહાર્ણવન્યાસની પૂર્તિ કરી છે. આમ, જોવા જઈએ તો કુલ ૭ અધ્યાયના ૨૮ પાદો છે. જેમાં ૮ પાદો સંબંધી ન્યાસ મળે છે. જ્યારે બાકીના ૨૦ પાદ સંબંધી ન્યાસ મળતો નથી. અર્થાત્ બાકીના ૨૦ પાદોમાં આચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્યનું લખાણ સંપૂર્ણતયા વિચ્છેદ પામ્યું છે. પહેલા અધ્યાયના પહેલા પાદમાં છેલ્લા ચાર સૂત્રો સંબંધમાં ન્યાસ મળતો નથી. જેની પૂર્તિ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.સા. કરી છે. તે તે પાદોમાં અમે અનુસંધાન જણાવતા રહીશું.

## -: શબ્દમહાર્ણવન્યાસ અનુસંધાન :-

**डत्यत्त्वित्यादि । डत्यतु** इति-डतिश्च अतुश्चेत्यनयोः समाहार इति द्वन्द्वे डत्यतु, यद्वा-डति अतु इति व्यस्तमेव, सौत्रत्वादुत्पन्नाया विभक्तेर्लुकि सन्धौ च डत्यतु । इमौ प्रत्ययौ, प्रत्ययस्य च प्रकृतिमाश्रित्यैवात्मलाभात् प्रकृत्यविनाभावित्वम्, तथा च प्रकृत्यविनाभाविना प्रत्ययेन प्रकृतिराक्षिप्यते, ततश्च "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इति तदन्तविधौ "अधातु०" [१.१.२७.] इति नामत्वादाह-**डतिप्रत्ययान्तमतुप्रत्ययान्तं च नामेति** ।

## -: શબ્દમહાર્ણવન્યાસ અનુસંધાનનો અનુવાદ :-

डतिः च अतुः च આ બેનો સમાહારદ્વન્દ્વ સમાસ થતા "डत्यतु" સામાસિક શબ્દ થાય છે જે આ સૂત્રનાં સામર્થ્યથી સમજવો, વળી તે નપુસંકલિંગ એકવચનમાં છે.

એમ ને એમ છૂટા પ્રત્યયોની પણ અવ્યયસંજ્ઞા થવા દ્વારા પ્રાપ્તિ થઈ જતી હોય અર્થાત્ સમાસ કર્યા વગર પણ ભિન્ન પ્રત્યયોનો બોધ થઈ શકતો હોય તો સમાસનું ગૌરવ કરવાની આવશ્યકતા નથી. ન્યાસમાં લખ્યું છે કે, "डति" અને "अतु" એ પ્રમાણે પૃથક્ પૃથક્ નિર્દેશ કરાયો છે તથા સૂત્રના સામર્થ્યથી જ ઉત્પન્ન થયેલી એવી વિભક્તિનો લોપ થયો છે અને સંધિ થવા દ્વારા "डत्यतु" પદની પ્રાપ્તિ થઈ શકી છે.

આ બંને પ્રત્યયો છે. તથા પ્રત્યયો હંમેશા પ્રકૃતિનો આશ્રય કરીને જ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરે છે એવો સિદ્ધાંત હોવાથી પ્રત્યયોનું પ્રકૃતિ સાથે અવિનાભાવીપણું છે. અર્થાત્ પ્રત્યયો પ્રકૃતિ વિના ક્યારેય હોતા નથી. આ સિદ્ધાંતના કારણે પ્રત્યયવડે પ્રકૃતિને અવશ્ય પ્રાપ્ત કરાય છે. તેથી "प्रत्ययः प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) પરિભાષા સૂત્રથી પ્રત્યય પ્રકૃતિ વગેરેનું વિશેષણ થાય છે તથા "विशेषणम् अन्तः" (૭/૪/૧૧૩) પરિભાષા સૂત્રથી પ્રત્યયસ્વરૂપ વિશેષણ પ્રકૃતિને અન્તે જ આવશે. આ પ્રમાણે પ્રકૃતિ + પ્રત્યય આવી અવસ્થા પ્રાપ્ત થશે અને આ પ્રકૃતિ + પ્રત્યય અર્થવાન્ હોવાથી "अधातु..." (૧/૧/૨૭) સૂત્રથી નામસંજ્ઞા થશે. આ પ્રમાણે અંતિમ અર્થ આવો પ્રાપ્ત થશે :"डति" પ્રત્યયાન્તવાળું અને "अतु" પ્રત્યયાન્તવાળું નામ સંખ્યા જેવું થશે.

**(श० न्यासानु०)** डतौ डकारोऽनुबन्धः, स च खलतिप्रभृतीनामौणादिकाऽतिप्रत्ययान्ताना-मतिप्रसङ्गनिरासार्थः, अभ्युपेयते हि व्युत्पत्तिपक्षोऽप्युणादीनाम् ।

**અનુવાદ :-** "डति" પ્રત્યયમાં "डकार" અનુબન્ધ છે. જો "डकार" અનુબન્ધ લખવામાં ન આવે તો "अति" પ્રત્યય પ્રાપ્ત થાય અને આમ થાય તો उणादि સંબંધી अति પ્રત્યયાન્તવાળા "खलति" વગેરે નામો પણ સંખ્યા જેવા બનવાની આપત્તિ આવે.

આ અતિવ્યાપ્તિ નામના - દોષને ટાળવા માટે અમે "डकार" અનુબન્ધ કર્યો છે.

**પૂર્વપક્ષ :-** "उणादयोऽव्युत्पन्नानि नामानि" એવો એક ન્યાય છે અને આ ન્યાયથી "उण्" વગેરે પ્રત્યયાન્તવાળા નામોમાં પ્રકૃતિ અને પ્રત્યયોનો વિભાગ કરીને વ્યુત્પત્તિ થઈ શકતી નથી. આથી "डकार" અનુબન્ધ ન લખ્યો હોત તો પણ "खलति" વગેરે નામોમાં અતિવ્યાપ્તિ નામનો દોષ ઉત્પન્ન થાત નહીં. માટે "डकार" અનુબન્ધની આવશ્યકતા નથી.

**ઉત્તરપક્ષ :-** उणादि નામોમાં વ્યુત્પત્તિપક્ષ પણ સ્વીકારાય છે. આથી વ્યુત્પત્તિપક્ષનો આશ્રય કરીને જો પ્રત્યય અને પ્રકૃતિનો વિભાગ કરવામાં આવશે તો "खलति" વિગેરેમાં અતિવ્યાપ્તિ નામનો દોષ આવશે જ. જેનું નિરાકરણ "डकार" અનુબન્ધ દ્વારા થયું છે.

**(श० न्यासानु०)** 'अतु' इत्यत्रोकारानुबन्धस्तु स्पष्टमिष्टप्रतिपत्त्यर्थः, तदनुबन्धविरहे शत्रन्तादावतिप्रसङ्गस्तु नोद्भावनीयः, डतिना साहचर्य्यात् तद्धितस्यैवाऽतो ग्रहणात् । तथा चानुबन्धमुक्तस्य 'अत्' इत्यस्य निर्देशे तकारे उच्चारणार्थकत्वमपि सम्भाव्येत, सम्भाव्येत च अप्रत्ययान्तं नाम सङ्ख्यावद् भवतीत्यर्थः, स चाव्याप्त्यतिव्याप्ती सृजेदिति तद्भ्रमावर्ते मा स्म कोऽपि परिपतदिति युक्तस्तदनुबन्धः ।

यद्वा–अनुबन्धविरहे तकारस्योच्चारणार्थत्वाभावेऽपि अव्याप्तिः पदं मा निधात्, परं पञ्च परिमाणं यस्य स पञ्चत् वर्गः, एवं दशत् वर्ग इत्यादौ तद्धिताऽत्प्रत्ययान्तेऽतिव्याप्तिः कथङ्कारमवरुद्ध्येतेति सफल एवोकारानुबन्धनिर्देशोऽपि ।

**અનુવાદ :-** "अतु" પ્રત્યયમાં જે "उकार" અનુબન્ધ કર્યો છે, તે ઇષ્ટની પ્રાપ્તિ અર્થવાળો છે અર્થાત્ સ્પષ્ટબોધ થાય તેવા પ્રયોજનથી લખ્યો છે. જો "उकार" અનુબન્ધ ન લખ્યો હોત તો "अतु"ને બદલે "अत्" થાત અને આ પરિસ્થિતિમાં શંકા થાત કે "तकार" ઉચ્ચારણવાળો હોવાથી "अ" પ્રત્યય પણ આવી શકે. આ પ્રમાણે "अ" પ્રત્યય લેવો કે "अत्" લેવો ? એવો સંશય ઊભો થાત. એ સંશય ન થાય માટે "उकार" અનુબન્ધ લેવામાં આવ્યો છે.

**પૂર્વપક્ષ :-** જો "अतु"માં "उकार" અનુબંધ ન કર્યો હોત તો "शतृ" પ્રત્યયમાં પણ "अत्"

પ્રત્યય છે. આથી કોઈકને શંકા થાત કે "अत्" પ્રત્યયાન્તવાળું વર્તમાન કૃદન્ત પણ સંખ્યા જેવું નહીં થાય ને ? આ શંકાના નિવારણ માટે જ "उकार" અનુબન્ધ લખ્યો છે.

**ઉત્તરપક્ષ :-** "उकार" અનુબન્ધના વિરહમાં "शतृ" અંતવાળા વર્તમાનકૃદન્તોમાં અતિવ્યાપ્તિ આવશે એવી શંકા ઉત્પન્ન કરવા યોગ્ય નથી. કારણ કે "डति" એ તદ્ધિત પ્રત્યય છે તથા "साहचर्य्यात् सदृशस्यैव" ન્યાયથી "डति" પ્રત્યય તદ્ધિતનો હોવાથી "अत्" પ્રત્યય પણ તદ્ધિતનો જ ગ્રહણ થાત. આથી વર્તમાનકૃદન્તના "शतृ" પ્રત્યયમાં અતિવ્યાપ્તિ આવત નહીં.

તથા "उ" અનુબન્ધ કરવામાં ન આવ્યો હોત તો "उ"થી રહિત એવો "अत्" નિર્દેશ કરાયો હોત. હવે "अत्" નિર્દેશ કરાત તો કદાચ શંકા થાત કે "तकार" ઉચ્ચારણ માટે તો નથી ને ? અને જો "त्"ને ઉચ્ચારણ માટે બતાવવામાં આવે તો "अ" અંતવાળું નામ સંખ્યા જેવું થશે અને "अ" અંતવાળું નામ સંખ્યા જેવું થાય તો અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ નામના દોષો આવત. આ બંને દોષો આ પ્રમાણે આવત. "अत्" અંતવાળું નામ ખરેખર સંખ્યા જેવું છે છતાં પણ સંખ્યા જેવું થાત નહીં. આથી અવ્યાપ્તિદોષ થાત તથા "अ" અંતવાળું નામ સંખ્યા જેવું ન થવું જોઈએ છતાં પણ સંખ્યા જેવું થવાથી અતિવ્યાપ્તિદોષ આવત. આ પ્રમાણે કોઈ ભ્રાન્તિમાં ન પડે તે માટે "उकार" અનુબન્ધ યોગ્ય જ છે.

**પૂર્વપક્ષ :-** "यद् वा अनुबन्धविरहे..." પંક્તિ સમજતા પહેલા આ પૂર્વપક્ષ સમજવો આવશ્યક છે. આ વ્યાકરણમાં બધે જ "**तकार**" ઉચ્ચારણ માટે આવે એવો નિયમ નથી. દા.ત. "ङेङस्योर्यातौ" (૧/૪/૬) સૂત્રમાં "ङसि"નો "आत्" આદેશ થાય છે, ત્યાં "तकार" ઉચ્ચારણ માટે નથી, પણ પ્રત્યયનો અવયવ જ છે. આથી અહીં પણ "उकार" અનુબન્ધનો અભાવ કર્યો હોત તો અવ્યાપ્તિદોષ આવત નહીં.

**ઉત્તરપક્ષ :-** જો "उकार" અનુબન્ધ ન કર્યો હોત તો ભલે અવ્યાપ્તિદોષ ન આવત, પરંતુ "पञ्च मानं यस्य वर्गस्य - पञ्च + अत्=पञ्चत् वर्ग" તેમજ "दशत् वर्ग" વગેરે પ્રયોગો अत् પ્રત્યયાન્તવાળા "पञ्चत् दशत् वर्गेवा" (૬/૪/૧૭૫) સૂત્રથી પ્રાપ્ત થાય છે, તે પણ अत् અંતવાળા શબ્દો છે. આથી આ પ્રયોગો પણ સંખ્યા જેવા બનવાની આપત્તિ આવત અને તેમ થાત તો અતિવ્યાપ્તિ નામનો દોષ આવત. આ દોષને કેવી રીતે રોકી શકાત ? માટે "उकार" સ્વરૂપ અનુબન્ધનો નિર્દેશ કરાયો છે તે સફળ જ છે.

**( श० न्यासानु० ) सङ्ख्यावदि**ति–संपूर्वात् ख्यातेः "उपसर्गादातः" [५.३.११०.] इत्यङि सङ्ख्येति, सङ्ख्या इवेति सङ्ख्यावत्, "स्यादेरिवे" [७.१.५२.] इति वति "वत्तस्याम्" [१.१.३४.] इत्यव्ययत्वे "अव्ययस्य" [३.२.७.] इति विभक्तिलुप् । *यत्रान्यत् क्रियावाचि पदं न श्रूयते तत्राऽस्तिर्भवन्तीपरः प्रयुज्यते* इति वचनात् क्रियापदमध्याहरति–**भवती**ति ।

**અનુવાદ :-** "सम् + ख्या" ધાતુથી "उपसर्गादातः" (૫/૩/૧૧૦) સૂત્રથી સ્ત્રીલિંગમાં ભાવમાં "अङ्" પ્રત્યય થાય છે. ત્યારબાદ "आप्" પ્રત્યય લાગતા "सङ्ख्या" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "सङ्ख्या इव" એ અર્થમાં "स्यादेरिवे..." (૭/૧/૫૨) સૂત્રથી "वत्" પ્રત્યય થતા "सङ्ख्यावत्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "वत्" અંતવાળું નામ "वत्तस्याम्" (૧/૧/૩૪) સૂત્રથી અવ્યય થતા તેમજ "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ થતાં "सङ्ख्यावत्" શબ્દ પ્રાપ્ત થાય છે.

જ્યાં બીજું કોઈ ક્રિયાપદ સંભળાતું નથી ત્યાં "अस्ति" અથવા તો "भवति" ક્રિયાપદ પરમાં પ્રયોગ થાય છે, એવા ન્યાયથી અધ્યાહારથી "भवति" ક્રિયાપદ લીધું છે.

**( श० न्यासानु० )** सङ्ख्याशब्दो हि भावे कर्तृभिन्नकारके च व्युत्पादितः, तस्य च रूढि-संवलित-योगशक्त्या विचारणाद्यनेकार्थकत्वमस्तीति कीदृशार्थकस्यात्र ग्रहणमित्याकाङ्क्षाया-माह-**एकद्व्यादिका लोकप्रसिद्धा सङ्ख्ये**ति-एक-द्व्यादिकेति बहुव्रीहिसमासः, सङ्ख्या च अन्यपदार्थः, सङ्ख्याशब्दोऽत्र एकत्व-द्वित्वादिरूपसङ्ख्यापरः, लक्षणया सङ्ख्यावाचकपरो वा ।

**અનુવાદ :-** "संख्या" શબ્દ ભાવમાં અથવા તો કર્તાથી ભિન્ન અર્થમાં "अङ्" પ્રત્યય લાગીને પ્રાપ્ત થયો છે અને તેનું રુઢિથી મિશ્રિત એવી યોગશક્તિથી વિચારણા વગેરે અનેક અર્થવાળાપણું પ્રાપ્ત થાય છે. અર્થાત્ રુઢિથી વિચારણા, અંકબોધક વગેરે અનેક અર્થો પ્રાપ્ત થાય છે. આથી અહીં કયા અર્થવાળો સંખ્યાશબ્દ લેવો એવી જિજ્ઞાસા હોતે છતે બૃહદ્‌વૃત્તિ-ટીકામાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે કે એક, બે વગેરે જેની આદિમાં છે એવી લોકપ્રસિદ્ધ સંખ્યા એ संख्या શબ્દનો અર્થ છે. આ પ્રમાણે संख्या શબ્દ અહીં एकत्व, द्वित्व વગેરે સ્વરૂપ સંખ્યાનો (પદાર્થમાં રહેલા ધર્મોનો) વાચક છે તથા લક્ષણાથી एक, द्वि વગેરે સંખ્યાનો વાચક પણ છે. અર્થાત્ સંખ્યા શબ્દ एक, द्वि વગેરે શબ્દોનો વાચક પણ છે. ઉપરોક્ત બે અર્થો નીચે પ્રમાણેનો વિગ્રહ કરવાથી પ્રાપ્ત થાય છે : 'एकः च द्वौ च इति एकद्वौ ।' એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થશે. ત્યારબાદ 'एकद्वौ आदी यस्यां सा' એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ સંબંધી વિગ્રહ થઈને 'एकद्व्यादिका' એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થશે. આ બહુવ્રીહિ સમાસનો અન્ય પદાર્થ 'संख्या' શબ્દ થશે.

**( श० न्यासानु० )** "सङ्ख्यात्वेकादिका भवेत्" (अभिधानचिन्ता० का० ३, श्लो० ५३६) इत्यादावनेकत्र भगवता हेमचन्द्राचार्येण, "सङ्ख्याः सङ्ख्येये ह्यादश त्रिषु" (अमरको० द्वि० का० वै० वर्गे श्लो० ८३.) इत्यत्र अमरसिंहेन, "आऽष्टादशभ्य एकाद्याः सङ्ख्याः सङ्ख्येयगोचराः" इति वाचस्पतिना, "आ दशभ्यः सङ्ख्या सङ्ख्येय वर्तते" इति महाभाष्यकृता पतञ्जलिना च

सङ्ख्यावाचकार्थे विनैव लक्षणां सङ्ख्याशब्दस्य प्रयोगकरणात् प्रकृतेऽपि विनैव लक्षणां सङ्ख्यावाचकपरः सङ्ख्याशब्द इत्यपि शक्यते वक्तुम् । तत्र सङ्ख्यारूपार्थपरत्वे एकश्च द्वौ चेति एक-द्वौ, एक-द्वौ आदी यस्या इति विग्रहः । लक्षणया विना लक्षणया वा सङ्ख्यावाचक-शब्दरूपार्थपरत्वे तु एकश्च द्विश्चेति एक-द्वी, तौ आदी यस्या इति विग्रहः ।

**અનુવાદ :-** હવે संख्याના જે અર્થો આ વ્યાકરણમાં કર્યા તેના સાક્ષી પાઠો બતાવે છે : "संख्या" શબ્દથી એક વગેરે "संख्या" થાય છે એ પ્રમાણે અભિધાનચિંતામણિમાં આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્ય બતાવે છે.

જે સંख્યામાં દશ શબ્દનો પ્રયોગ થયો હોય એવી દશ સુધીની संख्या (अष्टादशन् સુધીની સંખ્યા) संख्येय સ્વરૂપ કહેવાય છે, એ પ્રમાણે અમરસિંહવડે અમરકોષમાં કહેવાયું છે.

એકથી શરૂ કરીને અઢાર સુધીની સંખ્યા સંખ્યેય સ્વરૂપ વિષયવાળી છે, એ પ્રમાણે વાચસ્પતિ વડે કહેવાયું છે.

જેમાં દશનો સમાવેશ થાય છે એવી દશ શબ્દ સહિતની સંખ્યા સંખ્યેયમાં વર્તે છે, એ પ્રમાણે મહાભાષ્યકાર પતંજલિવડે કહેવાયું છે.

આ પ્રમાણે સંખ્યાવાચક અર્થમાં લક્ષણા વિના જ संख्या શબ્દનો પ્રયોગ કરાયો હોવાથી આ ગ્રંથમાં પણ संख्या શબ્દ સંખ્યાવાચકપરક છે. એ પ્રમાણે લક્ષણા વિના જ કહેવા માટે સમર્થ થવાય છે.

અહીં બૃહદ્વૃત્તિ ટીકામાં एक, द्वि आदिका लोकप्रसिद्धा सङ्ख्या શબ્દો લખ્યા છે. તમે संख्या *શબ્દના सङ्ख्या અને सङ्ख्यावाचक એ પ્રમાણે બે અર્થ બતાવ્યા છે; તો એક જ વાક્ય ઉપરથી* બે અર્થોનો બોધ કેવી રીતે થઈ શકશે ? આ જિજ્ઞાસાના સંદર્ભમાં આચાર્ય ભગવંત બે પ્રકારના *વિગ્રહ બતાવીને સમાધાન આપી રહ્યા છે.*

જ્યારે संख्या શબ્દ એકત્વ, દ્વિત્વથી વિશિષ્ટ વ્યક્તિને જણાવશે ત્યારે આ પ્રમાણે *વિગ્રહ થશે :* एकः च द्वौ च इति - एकद्वौ એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થશે. પછી *एकद्वौ आदी यस्यां सा એ પ્રમાણે* વિગ્રહ થશે તથા एकद्व्यादिका लोकप्रसिद्धा संख्या એવો સમાસ થશે.

संख्या શબ્દ જ્યારે લક્ષણા વિના અથવા તો લક્ષણાથી સંખ્યાવાચક શબ્દરૂપ અર્થમાં હશે ત્યારે વિગ્રહ આ પ્રમાણે થશે : "एकः च द्विः च इति एकद्वी, तौ आदी यस्याः सा इति एकद्व्यादिका संख्या" એ પ્રમાણે સમાસવિગ્રહ થશે. આમ શબ્દપ્રયોગ એક જ હોવા છતાં પણ વિગ્રહભેદ કરીને અમે અર્થનો બોધ કરીશું. આથી બંને પ્રકારના અર્થો संख्या શબ્દના પ્રાપ્ત થઈ શકશે.

**( श० न्यासानु० )** ननु सङ्ख्यावाचकपरत्वे एकश्च द्विश्चेति, सङ्ख्यापरत्वे तु एकश्च द्वौ चेति

विग्रहभेदः कथं क्रियते ? इति चेत्, इत्थम्-अर्थपरत्वे एव द्व्यादीनाम् "आ द्वेरः" [२.१.४१.] *इत्यादिनाऽत्वादिविधानाद् एकत्व-द्वित्वसङ्ख्यापरत्वपक्षे एकश्च द्वौ चेति विग्रहः*, शब्दपरत्वे तु *अत्वद्विवचनान्तत्वादिनियमादीनामभावेन एकश्च द्विश्चेति विग्रहो न्याय्य एव ।*

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જ્યારે સંખ્યા શબ્દ એકત્વ વગેરેથી વિશિષ્ટ વ્યક્તિને જણાવશે ત્યારે एकः च द्वौ च એ પ્રમાણે વિગ્રહ કરાશે તથા સંખ્યાવાચક સ્વરૂપ અર્થ કરવો હશે ત્યારે एकः च द्विः च એ પ્રમાણે વિગ્રહ કરાશે. આવો વિગ્રહ ભેદ કરવા માટે તમારી પાસે કયો તર્ક છે?

**ઉત્તરપક્ષ :-** જ્યારે સંખ્યા શબ્દ અર્થનો વાચક હશે ત્યારે 'आ द्वेरः' (૨/૧/૪૧) સૂત્રથી અન્ત્ય વર્ણનો 'अ' આદેશ થશે અને તે સમયે 'एकश्च द्वौ च' એ પ્રમાણે વિગ્રહ થશે. અહીં અર્થનો વાચક એટલે શું ? એના સંદર્ભમાં જાણવું કે સંખ્યા શબ્દ જ્યારે પદાર્થમાં રહેલા એકત્વ, દ્વિત્વ વગેરે ધર્મોનો વાચક હશે ત્યારે સંખ્યા શબ્દ અર્થનો વાચક કહેવાશે તથા એ જ સંખ્યા શબ્દ જ્યારે एक, द्वि વગેરે સંખ્યાનો વાચક હશે ત્યારે 'एकः च द्विः च' એ પ્રમાણે વિગ્રહ થશે. અહીં 'द्विः' શબ્દ અર્થનો વાચક ન હોવાના કારણે દ્વિવચનનું રૂપ થતું નથી, પરંતુ 'द्विः' એ પ્રમાણે એકવચનનું રૂપ જ થાય છે. આમ સંખ્યા શબ્દ ભિન્ન અર્થમાં વિદ્યમાન હોવાથી બે પ્રકારના વિગ્રહો થાય છે. સંખ્યા શબ્દ અર્થનો વાચક પણ છે અને એક, બે વગેરે સંખ્યાનો વાચક પણ છે. સંખ્યા શબ્દ જ્યારે અર્થનો વાચક હશે ત્યારે એકવચન, દ્વિવચન વગેરે થશે તેમજ નપુંસકલિંગ, પુલિંગ વગેરે પણ થશે, પરંતુ જ્યારે સંખ્યા શબ્દ एक, द्वि' વગેરે સંખ્યાનો વાચક હશે ત્યારે अत्व, वचन, लिंग વગેરે ફેરફારો નહીં થાય.

**( श० न्यासानु० )** अथ उभयोरपि विग्रहयोः षष्ठ्यर्थो घटकत्वमिति वक्तव्यम्, घटकता च समुदायाऽविनाभूता, यथा-वीरघटको वकार इत्युक्तौ वकारेकार-रेफा-ऽकार(वीर)समुदायान्तःपाती वकार इति गम्यते, प्रकृते 'सङ्ख्या' इत्येकवचनान्तप्रयोगेण तत एकस्यां सङ्ख्यायाम्, एकस्मिन् सङ्ख्यावाचकशब्दे वाऽभिधीयमाने समुदायाभावादेकद्व्यादौ घटकता नोपपद्यत इति कथमत्र बहुव्रीहिर्निर्वाह्यतामिति न शङ्क्यम्-स्वभावतः शब्दानां कदाचिज्जातिपरतया कदाचिद् व्यक्तिपरतया वा 'सर्वो घटः, सर्वे घटाः' इत्यादौ प्रयोगदर्शनेन प्रकृते जातिपक्षाभिप्रायेण प्रयोगे सङ्ख्यासमूहस्य सङ्ख्याशब्देन गम्यतया सङ्ख्यापरत्वे एकत्वादीनां सङ्ख्यासमूह घटकत्वम्, सङ्ख्यावाचकपक्षे एकादिशब्दानां सङ्ख्यावाचक-समूहघटकत्वं च निष्प्रत्यूहम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** હવે બંને પ્રકારના વિગ્રહમાં ષષ્ઠીનો અર્થ અવયવપણા સ્વરૂપ છે. ઉપર જે બહુવ્રીહિ સમાસ કરવામાં આવ્યો છે, તે ષષ્ઠી અર્થ ઉક્ત કરે છે. "सङ्ख्यायाः एक-द्वि-आदि" આ પ્રમાણે વાક્યરચના હતી. હવે બહુવ્રીહિ સમાસ થવાથી ષષ્ઠીનો સંબંધ ઉક્ત

થાય છે. આથી "एकद्वि-आदिका सङ्ख्या" એ પ્રમાણે પ્રયોગ થશે. આ પ્રમાણે અહીં ષષ્ઠી-વિભક્તિ सङ्ख्याના અવયવને જણાવે છે એવો અર્થ કહેવા યોગ્ય છે. હવે અવયવપણું સમુદાય વિના રહી શકતું નથી. માટે અવયવ, અવયવીનો નિર્દેશ અવશ્ય કરશે જ. દા.ત. "વીર" શબ્દનો અવયવ वकार છે એવું કહેવાયે છતે "वकार", "इकार", "रेफ" તથા "अकार"નાં સમુદાય સ્વરૂપ અવયવીમાં રહેલો એવો આ वकार છે તેવું જણાય છે. તે જ પ્રમાણે ઉપર જણાવેલા બહુવ્રીહિનો અન્યપદાર્થ સમુદાય સ્વરૂપ सङ्ख्या છે. હવે આ सङ्ख्याનો એકવચનમાં પ્રયોગ થયો છે. આથી એક જ સંખ્યા કહેવાય છતે અથવા તો એક જ સંખ્યાવાચક શબ્દ કહેવાયે છતે સમુદાયનો અભાવ થાય છે. હવે સમુદાયનો અભાવ થવાથી संख्या શબ્દમાં અવયવીપણું ઘટતું નથી. આ પરિસ્થિતિમાં एक, द्वि વગેરે સંખ્યામાં અવયવપણું પણ કેવી રીતે ઘટી શકશે ? આ પ્રમાણે અવયવપણું ન ઘટતું હોવાથી અહીં "બહુવ્રીહિ સમાસ" કેવી રીતે પ્રાપ્ત થઈ શકશે ?

**ઉત્તરપક્ષ :-** संख्या શબ્દ અવયવી સ્વરૂપ ન હોવાથી એક, બે વગેરે તેના અવયવો બની શકતા નથી આવી શંકા કરવી નહીં. સ્વભાવથી ક્યારેક શબ્દો જાતિપરક બોલાય છે અથવા તો વ્યક્તિપરક બોલાય છે. દા.ત. "एको घटः" અહીં ઘટ શબ્દ વ્યક્તિપરક છે. એ જ પ્રમાણે "सर्वः घटः" અથવા તો "सर्वे घटाः" વગેરે પ્રયોગોમાં ઘટ શબ્દ જાતિપરક અને વ્યક્તિપરક ક્રમશઃ જણાય છે.

અહીં પણ (एकद्विआदिका सङ्ख्या પ્રયોગમાં) संख्या શબ્દ જાતિપરક છે. આથી संख्या શબ્દથી સંખ્યાનો સમૂહ જણાય છે. આથી જ્યારે સંખ્યાપરક પક્ષ હશે ત્યારે एकत्व વગેરેમાં સંખ્યાસમૂહનું અવયવપણું સિદ્ધ થશે તથા સંખ્યાવાચક પક્ષ હોતે છતે એક, બે વગેરે શબ્દોમાં સંખ્યાવાચક સમૂહનું અવયવપણું સિદ્ધ થશે. આ પ્રમાણે અહીં ષષ્ઠીનો અર્થ અવયવપણું કોઈપણ જાતના દોષ વગર ઘટી શકે છે.

**( श० न्यासानु० )** ननु सङ्ख्याशब्दस्य सङ्ख्यारूपार्थपरत्वे एक-द्विशब्दावपि प्रकृतेऽर्थपरौ भवेताम्, अर्थपरत्वे च एकाद्यष्टादशान्तशब्दानां सङ्ख्येयपरतैव कोष-भाष्यादितः प्रतीयत इत्येकत्व-द्वित्ववैशिष्ट्येन व्यक्तिविशेषा ज्ञायेरन्, एकत्व-द्वित्वसङ्ख्ये च न ज्ञायेयातामिति प्रकृते सङ्ख्यारूपार्थपरत्वं प्रतिपादितं न युज्यत इति चेत्, न-एक-द्विशब्दयोः प्रकृते भावप्रधाननिर्देशता-स्वीकारेण एकत्वद्वित्वरूपसङ्ख्यामात्रप्रतिपादकत्वात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** અહીં સમાસમાં संख्या શબ્દ एक, द्वि વગેરે સંખ્યારૂપ અર્થમાં વિદ્યમાન છે, પરંતુ આ પ્રકરણમાં તો संख्या શબ્દ અર્થને જણાવનારો જ થવો જોઈએ પણ માત્ર

સંખ્યાસ્વરૂપને જણાવનારો નથી. संख्या શબ્દ संख्येयમાં પણ વર્તતો હોવાથી અર્થપરક છે, એવું કોષ અને ભાષ્ય વગેરેથી પ્રતિપાદન કરાયું છે. કોષ અને ભાષ્ય જણાવે છે કે, એકથી શરૂ કરીને અઢાર સુધીના શબ્દો સંખ્યેયપરક હોય છે. આથી એક, બે વગેરેથી एकत्व, द्वित्व વગેરેથી વિશિષ્ટ એવા વ્યક્તિવિશેષો જાણવા યોગ્ય છે, પરંતુ માત્ર એક, બે વગેરે સંખ્યા અર્થ કરવા જોઈએ નહિ. संख्या શબ્દનો આપે તો બૃહદ્વૃત્તિમાં एक, द्वि વગેરે લોકપ્રસિદ્ધ સંખ્યા એવો અર્થ કર્યો છે, આ બરાબર નથી.

**ઉત્તરપક્ષ :-** અમે અહીં संख्या શબ્દ ભાવવાચક સમજીએ છીએ. सम् + ख्या ધાતુને સ્ત્રીલિંગમાં ભાવમાં *"अङ्" પ્રત્યય લાગીને "आप्" પ્રત્યય થવાથી પ્રાપ્ત થયો છે. આથી ગણવા સ્વરૂપ* અર્થ પ્રાપ્ત થાય છે અને આ ગણવા સ્વરૂપ અર્થ તે તે વ્યક્તિવિશેષોમાં પણ (ઘટ વિગેરેના) રહે છે અને આ ગણતરી સ્વરૂપ અર્થના વાચક શબ્દો एक, द्वि વગેરે જ છે, તેથી જ संख्या શબ્દનો અર્થ એક, બે વગેરે સ્વરૂપ સંખ્યા કર્યો છે.

**( श० न्यासानु० )** ननु एकादिशब्दानां विशेष्यलिङ्गतो व्यपदेशेन 'एको घटः, एका शाटी, एकं वस्त्रम्' इति तत्तल्लिङ्गैः पृथक् पृथग् व्यवहारो दृश्यते, प्रकृते तु एकश्च द्वौ चेति पुल्लिँङ्गतो विग्रहः केनाभिप्रायेण युज्येत ?, प्रत्युत त्रिलिङ्गत्वेन सामान्यतो नपुंसकलिङ्गत एव विग्रहो युक्त इति चेत्, सत्यम्-तत्र तत्र विशेष्यसन्निधानेन विशेष्यलिङ्गतो व्यवहारेऽपि प्रकृते सङ्ख्या-परत्वेनाऽभेदविशेषण-त्वाभावेन लिङ्गनियन्त्रणाभावे पुं-नपुंसकान्यतरेण व्यवहारस्य दृष्टतयाऽत्र *पुल्लिँङ्गतो विग्रहस्य विधानात् "सङ्ख्या त्वेकादिका भवेत्" [अभिधान० का० ३. श्लो० ५३६.]* इत्यत्र स्वोपज्ञव्याख्यायां भगवता श्रीहेमचन्द्राचार्येणाऽपि 'एकादिका'शब्दविषये "एक आदिरस्या एकादिका, आदिग्रहणाद् द्वौ त्रयः चत्वारः" इति पुल्लिँङ्गतो यदुपवर्णनं कृतं तदप्यत्र बीजम् । महाभाष्यकारोऽपि "बहुषु बहुवचनम्" [पाणि० १.४.२१.] इति सूत्रे कस्य एकत्वे ? इति सङ्ख्यार्थाभिप्रायेण कस्य एकस्मिन् ? इति, अग्रेऽपि तत्सूत्रे 'एकत्वे एकवचनमेव' इत्यर्थे 'एकस्मिन् एकवचनमेव' इति च पुल्लिँङ्गमेव प्रायुङ्क्त ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** એક, બે વગેરે શબ્દોમાં વિશેષ્યના લિંગથી કથન થતું હોવાથી વિશેષ્ય જે લિંગમાં હોય તે લિંગ જ એક, બે વગેરે સંખ્યામાં કરી શકાશે. દા.ત. एको घटः, एका शाटी, एकम् वस्त्रम् એ પ્રમાણે તે તે લિંગો સાથે પૃથક્ પૃથક્ વ્યવહાર જણાય છે. હવે ચાલુ પ્રકરણમાં જો संख्या શબ્દ સંખ્યા સ્વરૂપ અર્થને જણાવનારો થાય તેમજ તે સંખ્યાસ્વરૂપ અર્થનું કોઈ વિશેષ્ય ન હોય એ પરિસ્થિતિમાં एकः च द्वौ च એ પ્રમાણે પુલિંગમાં વિગ્રહ કયા અભિપ્રાયથી કર્યો છે ? લિંગાનુશાસનના નિયમથી તો જ્યારે કોઈ ચોક્કસ લિંગનો નિર્દેશ શબ્દમાં ન થયો હોય

ત્યારે સામાન્યથી નપુંસકલિંગ વડે જ વિગ્રહ યોગ્ય છે, છતાં પણ આપે પુલિંગમાં વિગ્રહ કર્યો છે તે કયા અભિપ્રાયથી કર્યો છે ?

**ઉત્તરપક્ષ :-** તે તે સ્થાનોમાં વિશેષ્યનું સંનિધાન હોય ત્યારે તો વિશેષ્યના લિંગથી સંખ્યાવાચક શબ્દોમાં પણ વ્યવહાર થઈ શકશે, પરંતુ જ્યારે એક, બે વગેરેને સંખ્યાવાચક સમજવામાં આવે અને કોઈક પદાર્થના અભેદ વિશેષણ તરીકે બોધ ન થતો હોય ત્યારે एक, द्वि વગેરેમાં લિંગ નિયંત્રણનો અભાવ થશે એટલે કે વિશેષ્ય વિના एक, द्वि વગેરેમાં ચોક્કસ લિંગનો અભાવ થશે. આ પરિસ્થિતિમાં ક્યાંતો પુલિંગમાં વ્યવહાર જણાશે અથવા તો નપુંસકલિંગમાં વ્યવહાર જણાશે. આ પ્રમાણે વિશેષ્યના લિંગ પ્રમાણે લિંગ ન થતું હોય ત્યારે પુલિંગ અથવા તો નપુંસકલિંગ, એમ કોઈપણ લિંગ થઈ શકશે; છતાં પણ અહીં પુલિંગમાં વિધાન કર્યું હોવાથી નપુંસકલિંગ નથી કર્યું. આમ તો નપુંસકલિંગ પણ થઈ શકશે. અભિધાનચિંતામણીની સ્વોપજ્ઞ ટીકામાં આચાર્ય ભગવંતશ્રીહેમચંદ્રાચાર્યએ પણ પુલિંગમાં વિગ્રહ જણાવેલ છે. 'संख्या त्वेकादिका भवेत्' (અભિધાન૦ કા૦ ૩ શ્લોક ૫૩૬) માં 'एकादिका संख्या' શબ્દમાં નીચે પ્રમાણે વિગ્રહ જણાવેલ છે. 'एकः आदिः यस्यां सा इति एकादिका संख्या ।' આમ આ વિગ્રહમાં આચાર્યભગવંતશ્રીએ સંખ્યાવાચક શબ્દને પુલિંગમાં બતાવ્યા છે. આદિથી द्वौ, त्रयः, चत्वारः વગેરે જે પુલિંગમાં વર્ણન કર્યું છે તે કારણે અહીં પણ અમે સંખ્યાવાચક શબ્દને પુલિંગમાં જ બતાવેલ છે.

મહાભાષ્યકારે પણ 'बहुषु बहुवचनम्' (પાણિનિ. ૧/૪/૨૧) સૂત્રની ટીકામાં 'कस्य एकत्वे' એ પ્રમાણે સંખ્યા સ્વરૂપ અર્થના અભિપ્રાયથી 'कस्य एकस्मिन्' તથા આગળ પણ 'एकस्मिन् एकवचनमेव' એ પ્રમાણે 'एकस्मिन्' પ્રયોગ પુલિંગમાં બતાવેલ હોવાથી અહીં પણ સંખ્યાવાચક શબ્દો ઉત્સર્ગ સંબંધી નપુંસકલિંગમાં ન બતાવતાં પુલિંગમાં જ બતાવેલ છે. આમ નપુંસકલિંગમાં પ્રયોગ ન કરવાને બદલે પુલિંગમાં જ સંખ્યાવાચક શબ્દોનો પ્રયોગ આ સૂત્રમાં ઉપરોક્ત અભિપ્રાયથી કરેલ છે.

**( श० न्यासानु० )** यद्यपि "सङ्ख्येये ह्यादश त्रिषु" "आऽष्टादशभ्यः एकाद्याः सङ्ख्याः सङ्ख्येयगोचराः" "आऽष्टादशभ्यः सङ्ख्याः सङ्ख्येये वर्तते" इत्यादिकोष–भाष्यादिपर्यालोचनया एकादिशब्दानां सङ्ख्यार्थे प्रयोगो नोचित इत्यभिधातुं शक्यते, तथाऽपि लौकिकप्रयोगाभिप्रायेण एकादयः सङ्ख्येयपरा एव साधुत्वशालिनः प्रयुज्येरन् न तु सङ्ख्यापरा इत्यभिप्रायस्तेषां वर्णनीयः । एकत्वेऽर्थे एकवचनम्, द्वित्वेऽर्थे द्विवचनम्, बहुत्वेऽर्थे बहुवचनम्, इत्याद्यर्थाभिप्रायेण द्व्येकयो-र्द्विवचनैकवचने" [पा० १.४.२२.] "बहुषु बहुवचनम्" [पाणि० १.४.२१.] इत्यादौ पाणिनेः, "कस्य एकस्मिन् ? कयोर्द्वयोः ? केषां बहुषु ?" इत्यादौ महाभाष्यकारस्य च सङ्ख्यापरतया प्रयोगाणां सत्त्वमेव तदभिप्रायवर्णनबीजमवसेयम् ।

**અનુવાદ :-** જો કે "सङ्ख्याः सङ्ख्येये ह्यादश त्रिषु" (अमरको० द्वि० का० वै० वर्गे श्लोक० ८३)" એ પ્રમાણે અહીં અમરસિંહવડે કહેવાયું છે.

"आऽष्टादशभ्य एकाद्याः सङ्ख्याः सङ्ख्येयगोचराः" એ પ્રમાણે વાચસ્પતિવડે કહેવાયું છે.

"आ दशभ्यः सङ्ख्याः सङ्ख्येये वर्तते" એ પ્રમાણે મહાભાષ્યકાર પતંજલિવડે કહેવાયું છે. આ પ્રમાણે બધા જ શાસ્ત્રપાઠોને આધારે એક વિગેરેથી અઢાર સુધીની સંખ્યા સંખ્યેય અર્થમાં જ વિદ્યમાન છે. આથી એક વગેરેનો સંખ્યાવાચક તરીકે પ્રયોગ ઉચિત જણાતો નથી. હવે એક શબ્દ જો સંખ્યાનો દ્યોતક ન બને તો एकः च द्वौ च એ પ્રમાણે દ્વન્દ્વસમાસનો વિગ્રહ પણ થઈ શકશે નહીં અને તેમ છતાં પણ આવા જ વિગ્રહની અપેક્ષા રાખશો તો ઉપરના શાસ્ત્રપાઠો સાથે વિસંવાદ આવશે.

ઉપરોક્ત શંકાના અનુસંધાનમાં ન્યાસકાર જણાવે છે કે, ઉપરના બધા જ શાસ્ત્રપાઠો લૌકિકપ્રયોગના અભિપ્રાયથી જ જણાવાયા છે. લોકો એક વગેરે સંખ્યાનો પ્રયોગ કોઈક વિશેષ્યને જણાવવા માટે જ કરે છે. જેમ કે "एकः घटः, एका शाटी" વગેરે પરંતુ ક્યાંય एक વગેરેનો પ્રયોગ સંખ્યાવાચક તરીકે (સ્વતંત્રપણાથી) કરતા નથી. આમ છતાં પણ જેમ એકત્વ અર્થમાં એકવચન થાય છે, દ્વિત્વ અર્થમાં દ્વિવચન થાય છે અને બહુત્વ અર્થમાં બહુવચન થાય છે તે જ પ્રમાણે સંખ્યા શબ્દનો સંખ્યાપરક અર્થ પણ થાય જ છે. જ્યારે સંખ્યા શબ્દ સંખ્યાવાચક શબ્દ અર્થમાં પ્રવર્તે છે ત્યારે 'સંખ્યા'શબ્દનો અર્થ વસ્તુમાં રહેલ ધર્મ સ્વરૂપ થશે. અને એવા અભિપ્રાયથી પાણિનિજીએ "द्व्येकयोर्द्विवचनैकवचने" (પા. ૧/૪/૨૨) સૂત્ર અને "बहुषु बहुवचनम्" (પા. ૧/૪/૨૨) સૂત્રમાં સંખ્યા શબ્દ અર્થના અભિપ્રાયથી લખ્યો છે. તથા એ જ સૂત્રની ટીકામાં 'एक' શબ્દ "अस्ति एव" સંખ્યાવાચી એવું લખવા દ્વારા સંખ્યા શબ્દને સંખ્યાપરક પણ માન્યો છે. તથા "कस्य एकस्मिन् ? कयोर्द्वयोः ? केषाम् बहुषु ?" વગેરેમાં મહાભાષ્યકારે પણ સંખ્યા શબ્દને સંખ્યાપરક પણ માન્યો છે. આથી જેમ સંખ્યાવાચક શબ્દ અર્થપરક છે તે જ પ્રમાણે સંખ્યાવાચક શબ્દ સંખ્યાપરક પણ છે. આથી સંખ્યાવાચક શબ્દ 'एक, द्वि' વગેરે અર્થમાં પણ વર્તે છે. એ પ્રમાણે તેઓનો અભિપ્રાય સમજવો જોઈએ.

**(श० न्यासानु०)** न च सङ्ख्यापरत्वे एकशब्देन एकत्वस्य द्विशब्देन द्वित्वस्य चाभिधानेन एकत्व-द्वित्वरूपवस्तुद्वयगतद्वित्वसङ्ख्यामादायैव 'द्व्येकयोः' इति द्विवचनप्रयोगो युक्तः, अन्यथा 'द्व्येकेषु' इति स्यादिति तद्वदेकत्वमादाय 'एकः' इत्येवं द्वित्वमादायाऽपि एकवचनेन 'द्वः' इत्येवमेव सङ्ख्या-परत्वपक्षेऽपि प्रकृते विग्रहो युक्तः; न तु एकश्च द्वौ च इति विग्रहीयं 'द्वौ' इति द्विवचनं युक्तमिति वाच्यम्-सङ्ख्यापरत्वेऽपि सङ्ख्येयगतसङ्ख्यां द्विशब्दादिप्रतिपाद्यद्वित्वा-दावारोप्य द्विवचनान्तस्यैव साधुत्वाभ्युपगमात् । अत एव महाभाष्यकारः सङ्ख्यापरतायामपि

'कयोर्द्वयोः', "केषां बहुषु" इत्यत्र 'द्वयोः', 'बहुषु' इति द्विवचन-बहुवचनाभ्यामेव प्रयोगं कृतवान्, न तु एकवचनत इति ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** एक શબ્દવડે एकत्वનું અભિધાન (કથન) થાય છે અને द्वि શબ્દવડે द्वित्वનું કથન થાય છે. જ્યારે एकादि શબ્દને સંખ્યા સ્વરૂપ અર્થવાળો સમજીશું ત્યારે ઉપરોક્ત અર્થ થઈ શકશે. હવે સંખ્યારૂપ અર્થ સમજવાથી एकत्व અને द्वित्व સ્વરૂપ બે સંખ્યા જ થાય છે, માટે "द्वि" અને एकનો द्वन्द्व સમાસ કરવામાં આવે તો દ્વિવચનના પ્રયોગ થઈ શકે છે. જેમ કે "द्विएकयोः" (द्व्येकयोः). જો एक અને द्वि ને જુદી જુદી બે સંખ્યા સ્વરૂપ નહીં સમજીએ તો एकથી એકવસ્તુમાં રહેલું "एकत्व" જણાશે તથા द्वि થી બે વસ્તુમાં રહેલું "द्वित्व" જણાશે. આમ, કુલ ત્રણ થવાથી "द्व्येकेषु" એ પ્રમાણે થાત, છતાં પણ બહુવચનઅન્તવાળો द्वन्द्वસમાસ ન કરીને દ્વિવચન અંતવાળો જ द्वन्द्वસમાસ કર્યો છે. તે સંખ્યા શબ્દના સંખ્યા (૧, ૨, વગેરે) સ્વરૂપ અર્થને માનીને જ કર્યો છે.

હવે આ પ્રમાણે જો સંખ્યા સ્વરૂપ અર્થને માનીને દરેક સંખ્યામાં એક એક પદાર્થનો બોધ કરવામાં આવે તો "एकः च द्वः च" આ પ્રમાણે द्वन्द्वસમાસનો વિગ્રહ યોગ્ય હતો, પરંતુ "एकः च द्वौ च" એ પ્રમાણે द्वि શબ્દમાં દ્વિવચનનો પ્રયોગ યોગ્ય હતો નહીં, છતાં પણ આપે દ્વિવચનનો પ્રયોગ કર્યો છે. તો આવી વિસંવાદિતતા કેમ ?

**ઉત્તરપક્ષ :-** આમ તો અમે "द्वि" શબ્દને સંખ્યાપરક જ માનીએ છીએ, છતાં પણ द्वि શબ્દ વગેરે વડે પ્રતિપાદન કરવા યોગ્ય એવા द्वित्व વગેરેમાં સંખ્યેયને વિશે રહેલ સંખ્યાનું આરોપણ કરીને द्वि વગેરે સંખ્યામાં દ્વિવચન વગેરે કરીએ છીએ. કારણ કે द्वि, त्रि વગેરે સંખ્યામાં સંખ્યાવાચક એવા અર્થને સ્વીકારીને જ દ્વિવચન, બહુવચન વગેરેના પ્રયોગો સાધુ મનાયા છે. આથી જ મહાભાષ્યકારે સંખ્યા સ્વરૂપ એવા एकत्व, द्वित्व હોતે છતે પણ कयोः द्वयोः તથા केषाम् बहुषु એ પ્રમાણે "द्वि" અને "बहु" શબ્દમાં દ્વિવચન અને બહુવચનવડે જ પ્રયોગ કર્યો છે, પરંતુ એકવચનથી પ્રયોગ કર્યો નથી.

**( श० न्यासानु० )** यद्यपि एकवचन-द्विवचनाद्येव कुर्वत आचार्यस्य "नाम्नः प्रथमैक-द्विबहौ" [२.२.३१.] इत्यत्रैकादिशब्दानां सङ्ख्यापरत्वेन प्रयोगो न दृश्यते, अत एव स्वोपज्ञबृहद्वृत्तौ "एकत्वद्वित्व-बहुत्वविशिष्टेऽर्थे वर्तमानान्नाम्नः........" इति रीत्या व्याख्यानेन सङ्ख्येयपरतैव सूचिता, तथाऽपि सङ्ख्यासङ्ख्येयोभयपरतया शास्त्रे प्रयोगार्हाणामेकादिशब्दानां क्वचिदाचार्येण सङ्ख्येयपरतया तेषां प्रयोगः कृत इत्येतावताऽऽचार्यान्तरेण क्वचित् सङ्ख्यापर-तया क्रियमाणस्तेषां प्रयोगो न विरुद्ध्यते ।

**અનુવાદ :-** જો કે આચાર્ય ભગવંતશ્રીહેમચન્દ્રાચાર્યએ "नाम्नः प्रथमैक - द्वि - बहौ" (૨/૨/૩૧) સૂત્રની ટીકામાં एक વગેરે શબ્દોનો સંખ્યા (૧, ૨, ૩ વગેરે) સ્વરૂપ અર્થ કર્યો નથી. કારણ કે આ સૂત્રની ટીકામાં આચાર્ય ભગવંતે एक - द्वि - बहुનો અર્થ एकत्व, द्वित्व, बहुत्वથી વિશિષ્ટ એવો અર્થ કર્યો છે. અર્થાત્ एक, द्वि વગેરે શબ્દોના અર્થ સંખ્યેય સ્વરૂપ જ (સંખ્યાવાચક અર્થ સ્વરૂપ) કર્યા છે. આમ છતાં પણ एक, द्वि વગેરેનો અર્થ સંખ્યા સ્વરૂપ પણ થઈ શકે છે. એ પ્રમાણે ઉભય અર્થવાળા एक, द्वि વગેરે શબ્દો શાસ્ત્રમાં સ્વીકારાયા છે અને કોઈક સ્થાનમાં જો આચાર્યભગવંતોએ તેઓનો સંખ્યેય સ્વરૂપ અર્થ કર્યો હોય તેટલા માત્રથી એનો સંખ્યા સ્વરૂપ અર્થ થઈ શકતો નથી એવું કહી શકાય નહીં. આથી કોઈક સ્થાનમાં અન્ય આચાર્ય ભગવંતોવડે एक, द्वि વગેરે સંખ્યાનો સંખ્યા સ્વરૂપ અર્થ કર્યો હોય તો તે વિરોધી થતો (અયોગ્ય) નથી.

**(श० न्यासानु०)** यद्वा एकत्वविशिष्टेऽर्थे वर्तमानान्नाम्न एकत्वेऽर्थे सिलक्षणा प्रथमा, द्वित्वविशेष्टेऽर्थे वर्तमानान्नाम्नो द्वित्वेऽर्थे औलक्षणा प्रथमा, बहुत्वविशिष्टेऽर्थे वर्तमानान्नाम्नो बहुत्वेऽर्थे जसलक्षणा प्रथमेत्येवमभिप्रायेणैव तथाभूतां बृहद्वृत्तिमुपन्यासदाचार्य इति कल्प्यतां ततः काऽस्माकं दुर्घटना ? ।

**અનુવાદ :-** આ પંક્તિ સમજતાં પહેલા નીચેનો પૂર્વપક્ષ સમજવો આવશ્યક છે.

**પૂર્વપક્ષ :-** આ સૂત્રમાં "एक-द्वि-आदिका लोकप्रसिद्धा सङ्ख्या" પંક્તિનો અર્થ સમજતી વખતે "एकः च द्वौ च" એ પ્રમાણે વિગ્રહ કરીને "एक" અને "द्वि"નો સંખ્યા સ્વરૂપ અર્થ કર્યો છે, જ્યારે "नाम्नः प्रथमा एक-द्वि-बहौ" (૨/૨/૩૧) સૂત્રમાં "एक -द्वि" અને" बहु"નો "एकत्व"વિશિષ્ટ અર્થમાં પ્રયોગ કર્યો છે. અર્થાત્ (૨/૨/૩૧) સૂત્રમાં "एक-द्वि" અને "बहु"નો અર્થ સંખ્યાવાચક-પરક કર્યો છે. આવો ભેદ શા માટે ?

**ઉત્તરપક્ષ :-** (૨/૨/૩૧) સૂત્ર કારકપ્રકરણ સંબંધી છે. "सि" વગેરે વિભક્તિના પ્રત્યયો અર્થવાન્ એવા નામને જ થાય છે. હવે જો "सि" સ્વરૂપ પ્રથમા એકવચન કરવું છે, તો તે "एकत्व"થી વિશિષ્ટ એવા અર્થમાં જ થઈ શકે. આથી "एकत्व"થી વિશિષ્ટ એવો અર્થ તથા "द्वित्व"થી વિશિષ્ટ એવો અર્થ ઉપસ્થિત થશે તથા એ જ અર્થમાં રહેલા "एकत्व" વગેરે અર્થો જણાવવા હશે તો "सि" વગેરે સ્વરૂપ પ્રથમા વગેરે વિભક્તિઓ થશે. આથી (૨/૨/૩૧) સૂત્રમાં "एक" વગેરેનો અર્થ "एकत्व"થી વિશિષ્ટઅર્થ જ થઈ શકે છે. જ્યારે અહીં "एक, द्वि" વગેરે સંખ્યા સ્વરૂપ છે, એવું જણાવવું છે. આ પ્રમાણે (૨/૨/૩૧) સૂત્રમાં આચાર્ય ભગવંતનો "एकत्व"થી વિશિષ્ટ એવો અર્થ જણાવવાનો અભિપ્રાય છે. જ્યારે અહીં "एक" વગેરે સ્વરૂપ

સંખ્યા જણાવવાનો અભિપ્રાય છે. આથી (૨/૨/૩૧) સૂત્રમાં આચાર્ય ભગવંત "एक, द्वि" વગેરેનો અર્થ અહીં કરતા ભિન્ન કર્યો છે, એમાં કોઈ વિરોધ નથી.

**( श० न्यासानु० )** अथ "सरूपाणामेकशेष एकविभक्तौ" (पाणि० १.२.६४.] इति सूत्रभाष्ये "सङ्ख्याया अर्थासम्प्रत्ययादन्यपदार्थत्वाच्चानेकशेषः" इति सङ्ख्याशब्दानामेकशेषा-भावसूचकं वार्तिकमादाय कैयटेन 'द्वन्द्वोऽपि न' इति व्याख्यातम् । अन्यैरपि तुल्ययुक्त्या 'एकशेषवद् द्वन्द्वोऽपि सङ्ख्याशब्दानां न भवति' इत्यर्थः प्रतिपादित इति एकश्च द्वौ च इति एक-द्वौ इत्येवं द्वन्द्वगर्भितत्वेन 'एकद्व्यादिका' इति शब्दस्य वर्णनं न युक्तमिति चेत् ।

**અનુવાદ :-** હવે "एक-द्व्यादिका लोकप्रसिद्धा संख्या" એ પ્રમાણે બૃહદ્વૃત્તિની પંક્તિમાં દ્વન્દ્વ ગર્ભિત બહુવ્રીહિ સમાસ કર્યો છે, ત્યાં "एक" અને "द्वि" શબ્દોનો દ્વન્દ્વ સમાસ થતો નથી, એવાં મતવાળો પૂર્વપક્ષ ઊભો થાય છે.

**પૂર્વપક્ષ :-** "सरूपाणामेकशेष एकविभक्तौ" (પાણિ. ૧/૨/૬૪) સૂત્રમાં એકશેષ કહેવામાં આવ્યો છે. શબ્દશાસ્ત્ર પ્રમાણે એક શબ્દ એક અર્થને જ કહે છે, એક શબ્દ દ્વારા અનેક અર્થ કહી શકાતાં નથી. આથી એક એક અર્થને જણાવવા માટે જુદા જુદા શબ્દોનાં પ્રયોગો થાય છે. હવે આ સંજોગોમાં સ્વરૂપથી (આકૃતિથી) સમાન શબ્દોમાં બાકીનાં શબ્દોની નિવૃત્તિ કરીને એકશેષ કરવામાં આવે છે. આથી તે લાઘવ છે તથા સ્વરૂપથી અસમાન શબ્દોમાં જો એક શેષ કરવામાં આવે તો તે બધા શબ્દોનું જ્ઞાન કરવું મુશ્કેલ થાય છે. આથી તેવો એકશેષ ગૌરવવાળો થાય છે. આ વસ્તુને ઉદાહરણથી સમજીએ : "बालः च बालः च बालः च इति बालाः" અહીં ત્રણેય "बाल" શબ્દ સ્વરૂપથી સમાન છે. આથી એકશેષ કરવાથી બે કરતાં વધારે બાળકોનો અર્થબોધ થઈ જાય છે. વળી આવો એકશેષ લાઘવસ્વરૂપ થાય છે. જો અહીં એકશેષ કરવામાં ન આવ્યો હોત તો "बालबालबालाः" એ પ્રમાણે શબ્દપ્રયોગ કરવો પડત. કારણ કે દરેક અર્થનો બોધ કરવા માટે અલગ અલગ શબ્દો આવશ્યક છે.

અસમાન સ્વરૂપવાળા શબ્દો આ પ્રમાણે છે. દા.ત. "रमेशः च महेशः च जगदीशः च" અહીં એકશેષ કરીને महेशाः લખવામાં આવે તો ઉપર જણાવેલાં ત્રણ વ્યક્તિઓનો બોધ કરવો અત્યંત દુષ્કર થાય છે. માટે અસમાન સ્વરૂપવાળા શબ્દોમાં એકશેષ થતો નથી.

સંખ્યાવાચક શબ્દોમાં જો એકશેષ થાય તો વિગ્રહથી પ્રાપ્ત થતાં શબ્દોનાં અર્થનો બોધ થઈ શકતો નથી. દા.ત. "एकः च एकः च"="एकौ" અહીં "एक" શબ્દ સ્વરૂપથી તો સમાન જણાય છે, પરંતુ એકશેષ કરતાં "एक" શબ્દનાં જે ભિન્ન ભિન્ન અર્થો છે તેઓનો જ બોધ થાય છે. દા.ત. "एक" શબ્દનો (૧) અસહાય અર્થ છે, (૨) સમાન અર્થ છે. આથી તેવા

અર્થોનો જ બોધ થાય છે, પરંતુ બે જુદી જુદી સંખ્યા સ્વરૂપ "एक" છે એવો બોધ થતો નથી. કદાચ બે એવા "एक"નો સમુદિત અર્થ બે થાય છે એવો બોધ થવાની શક્યતા પણ રહે છે. આથી "एकौ" સ્વરૂપ એકશેષનો બે સંખ્યા સ્વરૂપ અર્થનો બોધ થવાની શક્યતા પણ રહે છે. એ જ પ્રમાણે "द्वौ च द्वौ च" આ બંનેનો એકશેષ કરતાં "द्वौ" એ પ્રમાણે એકશેષ થાય છે. હવે આ "द्वौ"થી બે વાર "द्वि" શબ્દ આવ્યો છે એવો બોધ કરવો કે એક જ "द्वि" શબ્દ છે એવો બોધ કરવો ? આ પ્રમાણે સંખ્યાવાચક શબ્દોનો એકશેષ કરવામાં આવે તો અર્થનો બોધ થઈ શકતો નથી. વળી, સંખ્યાવાચક શબ્દોનો કદાચ એકશેષ કરવામાં તો અન્ય પદાર્થોનો જ બોધ થાય છે. જેમ કે, "द्वौ च द्वौ च=द्वौ." અહીં જે "द्वौ" સ્વરૂપ એકશેષ થયો તેનો અર્થ "ચાર" થાય છે. આથી "द्वौ" સ્વરૂપ એકશેષનો અન્ય પદાર્થ "ચાર" સમજાય છે. તે જ પ્રમાણે "चत्वारः च चत्वारः च" અહીં એકશેષ કરતાં "चतुरौ" શબ્દ પ્રાપ્ત થાય છે. જેનો અન્ય પદાર્થ "આઠ" સમજાય છે.

ઉપરોક્ત દોષોને કારણે જ "सरूपाणामेकशेष..." (પાણિ. ૧/૨/૬૪) સૂત્રનાં ભાષ્યમાં લખવામાં આવ્યું છે કે સંખ્યાવાચક શબ્દોમાં અર્થનો બોધ ન થતો હોવાથી તથા અન્યપદાર્થ સમજાતો હોવાથી એકશેષ થતો નથી, પરંતુ અનેકશેષ થાય છે. તથા *'સંખ્યાવાચક શબ્દોમાં એકશેષનો અભાવ થાય છે'* એવાં વાર્તિકને ગ્રહણ કરીને જ કૈયટ વડે પ્રદીપટીકામાં કહેવાયું છે કે, સંખ્યાવાચક શબ્દોમાં द्वन्द्व સમાસ પણ થતો નથી તથા બીજા વૈયાકરણીઓ વડે પણ ઉપર પ્રમાણેનાં દોષો દ્વારા જ સંખ્યાવાચક શબ્દોમાં એકશેષની જેમ द्वन्द्व સમાસ પણ થતો નથી એવો અર્થ જણાવ્યો છે. હવે જો આવી હકીકત છે તો "एकः च द्वौ च=एकद्वौ" તથા "एकद्वौ आदी यस्याः सा=एकद्वयादिका लोकप्रसिद्धा संख्या" એ પ્રમાણે द्वन्द्व ગર્ભિત બહુવ્રીહિ સમાસ સંખ્યાવાચક શબ્દોમાં યોગ્ય નથી.

**( श० न्यासानु० )** मैवम्-सङ्ख्येयपरत्वे एव तेषामेकशेषस्य द्वन्द्वस्य वाऽनिष्टत्वम्, न तु सङ्ख्यापरत्वे, अत एव भगवानाचार्यः "स्यादावसङ्ख्येयः" [३.१.११९.] इत्यत्र द्वन्द्वोऽपि न भवत्यनभिधानात् इत्युक्त्वापि पुनराह-'सङ्ख्येय' इति कर्मनिर्देशात् सङ्ख्यावाचिनो भवत्येव" इति। अत एव विंशत्यादेः सङ्ख्यापरत्वे 'गवां विंशती' 'गवां विंशतयः' इत्येकशेषतः प्रयोगाः साधवो भवन्ति, 'विंशती' इत्यस्य चत्वारिंशदित्यर्थः, 'विंशतयः' इत्यस्य षष्टिरशीत्यादिर्वाऽर्थः, सङ्ख्येयार्थे तु 'गावो विंशतिः' इतिवद् 'गावो विंशती' 'गावो विंशतयः' इति नैव साधवः । अत एव कोषकारः-"विंशत्याद्याः सदैकत्वे सर्वाः सङ्ख्येय-सङ्ख्ययोः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** પાણિનિ વ્યાકરણમાં (૧/૨/૬૪) સૂત્રમાં સંખ્યાવાચક શબ્દોના જે

એકશેષ સમાસ અને દ્વન્દ્વ સમાસનો અભાવ બતાવ્યો છે, તે માત્ર संख्येय સ્વરૂપ સંખ્યાવાચક શબ્દો હોય તેનાં સંબંધમાં જ છે. સંખ્યાવાચક શબ્દો બે સ્વરૂપવાળા છે. (૧) સંખ્યા સ્વરૂપવાળા અને (૨) સંખ્યેય સ્વરૂપવાળા. જ્યારે સંખ્યા અન્ય પદાર્થનું વિશેષણ બને ત્યારે સંખ્યેય સ્વરૂપ અર્થવાળી સંખ્યા કહેવાય છે તથા સંખ્યાવાચક શબ્દ સ્વયં પોતાની સંખ્યાને જ જણાવે છે ત્યારે સંખ્યા સ્વરૂપ અર્થવાળા કહેવાય છે.

દા.ત. "एकः बालः" અહીં "एक" શબ્દ બાળકનાં વિશેષણ સ્વરૂપ છે. આથી બાળકમાં રહેલાં એકત્વધર્મને બતાવે છે. આથી "एक"નો પોતાનો કોઈ સ્વતંત્ર અર્થ નથી. માટે આવો "एक" શબ્દ સંખ્યેય સ્વરૂપ કહેવાય છે. વળી "एक" શબ્દ સ્વયં જ્યારે સંખ્યાને જ જણાવનાર હશે અર્થાત્ વિશેષ્ય સ્વરૂપ જ હશે ત્યારે "एक" શબ્દ સંખ્યા સ્વરૂપ કહેવાશે.

આ પ્રમાણે સંખ્યેય સ્વરૂપ એવાં સંખ્યાવાચક શબ્દોમાં દ્વન્દ્વ સમાસનો નિષેધ કરવામાં આવ્યો છે, પરંતુ સંખ્યા સ્વરૂપ અર્થને જણાવનાર એવાં સંખ્યાવાચક શબ્દોમાં દ્વન્દ્વ સમાસ અથવા તો એકશેષ સમાસનો નિષેધ કરવામાં આવ્યો નથી. આથી જ આચાર્યભગવંતશ્રી હેમચંદ્રાચાર્યએ "स्यादाव-सङ्ख्येयः" (૩/૧/૧૧૯) સૂત્રમાં લખ્યું છે કે, સંખ્યેયવાચક શબ્દોમાં દ્વન્દ્વ સમાસ નથી થતો, એવું કહ્યા પછી સંખ્યા સ્વરૂપ અર્થને જણાવનાર સંખ્યાવાચી શબ્દોનો તો દ્વન્દ્વ સમાસ થાય જ છે, એવું કહ્યું છે. આથી જ "विंशति" વગેરે શબ્દો જ્યારે સંખ્યાપરક હશે ત્યારે "गवां विंशती" તથા "गवां विंशतयः" એ પ્રમાણે એકશેષવાળાં પ્રયોગો સાધુ મનાય છે એટલે કે "ગાયની બે વીશી" અને "ગાયની ત્રણ વીશી" એ પ્રમાણે અર્થ થશે. અહીં "विंशती"નો અર્થ "ચાલીસ" થશે તેમજ "विंशतयः"નો અર્થ "૬૦" (સાઠ) થશે, પરંતુ જ્યારે "विंशति" વગેરે શબ્દો સંખ્યેય સ્વરૂપ અર્થવાળા હશે ત્યારે "*विंशतिः गावः*" પ્રયોગ સાધુ પ્રયોગ કહેવાશે, પરંતુ "विंशती गावः" તથા "विंशतयः गावः" આવાં પ્રયોગો સાધુ પ્રયોગ કહેવાશે નહિ. આથી જ કોષકાર કહે છે કે, સંખ્યેય અને સંખ્યામાં રહેલી "विंशति" વગેરે બધી સંખ્યા હંમેશા એકવચનમાં જ આવે છે અર્થાત્ "विंशति" વગેરે તમામ સંખ્યાઓ સંખ્યેયમાં હશે અથવા તો સંખ્યામાં હશે તો પણ હંમેશાં એકવચનમાં જ આવશે.

**( श० न्यासानु० )** सङ्ख्यार्थे द्विबहुत्वे स्तः०" इति सङ्ख्यापरत्वे एव एकशेषलभ्यं द्वि-बहुत्वादि प्रतिपादितवान् । एवमेव "द्व्येकयोः" (पाणि० १.४.२२.] इत्यत्र सङ्ख्यापरत्वे द्वन्द्वोऽपि साधुः । प्रकृतेऽपि एकश्च द्वौ चेति विग्रहे सङ्ख्यापरतायां द्वन्द्वः साधुरेव ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (ચાલુ) :-** પરંતુ, "विंशति" વગેરે જ્યારે સંખ્યા સ્વરૂપ અર્થમાં હશે ત્યારે જ દ્વિવચન અને બહુવચન થશે. આ પ્રમાણે સંખ્યાપરક અર્થ હશે ત્યારે જ એકશેષ પ્રાપ્ત થઈ શકશે અને તેથી જ "गवां विंशती" તથા "गवां विशतयः" પ્રયોગોમાં "विंशति" શબ્દમાં

એકશેષ કરીને "विंशती" અને "विंशतयः" એ પ્રમાણે દ્વિવચન અને બહુવચનનાં પ્રયોગો કર્યા છે.

તે જ પ્રમાણે "द्व्येकयोः" (પાણિ. ૧-૪-૨૨) સૂત્રમાં "एक" અને "द्वि" શબ્દ સંખ્યાપરક હોવાથી જ બંને વચ્ચે દ્વન્દ્વ સમાસ કરીને પ્રયોગ બતાવવામાં આવ્યો છે. આ પ્રમાણે પાણિનિજીએ પણ સંખ્યાપરક એવાં સંખ્યાવાચક શબ્દોમાં દ્વન્દ્વ સમાસ સાધુ માન્યો છે. આ પ્રમાણે અહીં બૃહદ્‌વૃત્તિ ટીકામાં "एक" અને "द्वि" શબ્દ સંખ્યાપરક અર્થવાળો હોવાથી "एकः च द्वौः च" એ પ્રમાણે વિગ્રહ કરીને જે દ્વન્દ્વ સમાસ કર્યો છે, તે સાધુ પ્રયોગ જ છે.

**(श० न्यासानु०)** सङ्ख्येयपरत्वे तु-

"एकद्विकरणे हेतू महापातकपञ्चके । तृणवन्मन्यते कोप-कामौ यः पञ्च कारयन्" ॥१॥

इति नैषधीयपद्ये एक-द्वीति न द्वन्द्वः, किन्तु एको वा द्वौ वा इत्यर्थे "सुज्-वाऽर्थे सङ्ख्या०" [३.१.१९.] इत्यनेन बहुव्रीहौ "प्रमाणी०" [७.३.१२८.] इति डे 'एक-द्वकरणे' इत्येव पाठो रमणीयः, द्वन्द्वस्वीकारेऽसाधुता बद्धमूला न हीयेत ।

**અનુવાદ :-** જ્યારે "एक", "द्वि" વગેરે સંખ્યેય સ્વરૂપ અર્થવાળા હશે ત્યારે દ્વન્દ્વ સમાસ થઈ શકશે નહીં. આનાં સંબંધમાં નૈષધીય પદ્યનો સત્તરમાં સર્ગના સત્તાવીસમા શ્લોકને કહીને ઉપરોક્ત માન્યતાને દઢ કરે છે. (સંખ્યાપરક અર્થમાં જ દ્વન્દ્વ સમાસ થાય છે, પરંતુ સંખ્યેય-પરક અર્થમાં દ્વન્દ્વ સમાસ થતો નથી.) શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે : પાંચ મહાપાપની મધ્યમાં એક અને બે મહાપાપ કરવાને વિશે કોપ અને કામ સ્વરૂપ જે બે કારણો છે તેને લોભ નિરર્થક (અકિંચિત્કર) માને છે. કારણ કે પાંચેય મહાપાપોને કરાવનાર જે લોભ છે તે જ મુખ્ય છે.

આ પ્રમાણે નૈષધીયપદ્યમાં "एकद्विकरणे" પ્રયોગમાં "एकद्वी" એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થઈ શકશે નહિ, પરંતુ "एक वा द्वौ वा प्रमाणम् येषां ते" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ "सुज् - वाऽर्थे संख्या..." (૩/૧/૧૯) સૂત્રથી થાય છે તથા (૩/૧/૧૯) સૂત્રથી સંખ્યાવાચક શબ્દોનો બહુવ્રીહિ સમાસ થવાથી "प्रमाणी..." (૭/૩/૧૨૮) સૂત્રથી "ड" સમાસાન્ત થતાં "एक - द्वकरणे" એવો પાઠ જ સુંદર જણાય છે. પરંતુ અહીં જો દ્વન્દ્વ સમાસ સ્વીકારશો તો પ્રયોગની અસાધુતા જ થાય છે.

**(श० न्यासानु०)** वैयाकरणनागेशभट्टेन "सरूपाणाम्०" [पाणि० १.२.६४.] इति सूत्रे शेखरे "एकादिदशान्तानां द्वन्द्वैकशेषावनभिधानान्न भवतः" इति स्वयं प्रतिज्ञात्रा "ऊकालो-ऽज्झस्व०" [पाणि० १.२.७८.] इति सूत्रे शेखरे 'एक-द्वि-त्रिमात्राणाम्' इति प्रयुक्तं तु प्रकार-

द्वयेन समाधेयम्, सङ्कलित-सङ्ख्यातात्पर्येण एकादिदशान्तानां द्वन्द्वैकशेषौ न भवतः, यथा-त्रित्वविशिष्टार्थे प्रतिपादनीये एकत्व-द्वित्वसङ्ख्ये सङ्कलय्य 'एक-द्वि' इति, एकत्वद्वित्वत्रित्व-संकलनेन षट्त्वविशिष्टबुभुत्सया 'एक-द्वि-त्रि' इत्यादि च न भवति, इत्येकः समाधानपथः । द्वितीयस्तु-एका द्वे तिस्रो मात्रा येषामित्यनेकपदबहुव्रीहिर्भविष्यतीति । इत्थमेव वाक् च त्वक् च प्रिया यस्य इति विग्रहे 'वाक्त्वक्प्रियः' इति बहुव्रीहिः सिद्ध्यति, द्वन्द्वं कृत्वा बहुव्रीहिकरणे तु "चवर्गदषहः०" [७.३.९८.] इति समासान्तेऽति कृते 'वाक्त्वचप्रियः' इति स्यात् ।

**અનુવાદ** :- વૈયાકરણ નાગેશભટ્ટે લઘુ શબ્દેન્દુશેખર અને બૃહત્ શબ્દેન્દુશેખર નામની બે ટીકાઓ પાણિનિવ્યાકરણ ઉપર લખી છે. હવે "सरूपाणाम्..." (૧/૨/૬૪) પાણિનિ વ્યાકરણનાં સૂત્રમાં નાગેશભટ્ટ વડે બૃહદ્ શબ્દેન્દુશેખરમાં કહેવાયું છે કે એકથી શરૂ કરીને દશ અંત સુધીનાં સંખ્યાવાચક શબ્દોનો દ્વન્દ્વ સમાસ અને એકશેષ થતો નથી, કારણ કે દ્વન્દ્વ સમાસ અને એકશેષનું કથન સંખ્યાવાચક શબ્દોમાં થયું નથી. હવે નાગેશભટ્ટે (૧/૨/૬૪) સૂત્રમાં આ પ્રમાણે પ્રતિજ્ઞા કરવા વડે "ऊकालो-ऽज्झस्व..." (પાણિ. ૧/૨/૨૭) સૂત્ર સંબંધી બૃહદ્ શબ્દેન્દુશેખર ટીકામાં "एक-द्वि-त्रिमात्राणाम्" એ પ્રમાણે પ્રયોગ કરેલ છે. આ પ્રયોગ દ્વારા જણાય છે કે, एक, द्वि, त्रिનો દ્વન્દ્વ સમાસ થયો છે. કારણ કે એકમાત્રાવાળાં હ્રસ્વ,. બે માત્રાવાળા દીર્ઘ અને ત્રણ માત્રાવાળા પ્લુત થાય છે. નાગેશભટ્ટે (૧/૨/૬૪) સૂત્રની ટીકામાં દ્વન્દ્વ સમાસ થતો નથી એવું જણાવીને (૧/૨/૨૭) સૂત્રની ટીકામાં एक, द्वि, त्रिનો દ્વન્દ્વ સમાસ શા માટે કર્યો ? એનાં અનુસંધાનમાં "આચાર્યભગવંતશ્રી હેમચંદ્રાચાર્ય"એ આ પ્રયોગનું બે પ્રકારથી સમાધાન કરવા યોગ્ય છે એ પ્રમાણે કહ્યું છે. જો સમુચ્ચય સ્વરૂપ સંખ્યાનું તાત્પર્ય હોય તો એકથી શરૂ કરીને દશ અંત સુધીની સંખ્યામાં દ્વન્દ્વ સમાસ અને એકશેષ થતો નથી. દા.ત. त्रित्व વિશિષ્ટ સંખ્યાનો અર્થ જણાવવો હોય તો एकत्व અને द्वित्व સંખ્યાનો સમુચ્ચય કરીને "एकद्वि" એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થતો નથી. એ જ પ્રમાણે एकत्व, द्वित्व તથા त्रित्वનો સમુચ્ચય કરીને છ સંખ્યાથી વિશિષ્ટ એવી સંખ્યાનો બોધ કરવો હોય તો "एकद्वित्रि" એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ થતો નથી. આ પ્રમાણેનું કહેવું નાગેશભટ્ટનું થાય છે. આ સમાધાનનો પહેલો ઉપાય છે.

હવે સમાધાનનો બીજો માર્ગ બતાવે છે : "एक - द्वे - तिस्रो - मात्रा येषां सा" એ પ્રમાણે અનેકપદવાળો બહુવ્રીહિ સમાસ થશે. શું આ પ્રમાણે અનેકપદવાળો બહુવ્રીહિ સમાસ થઈ શકે ? એવી શંકાનાં અનુસંધાનમાં અનેકપદવાળાં બહુવ્રીહિ સમાસનું બીજું ઉદાહરણ બતાવે છે. તે આ પ્રમાણે છે : "वाक् च त्वक् च प्रिया यस्य सः" એ પ્રમાણે વિગ્રહ દ્વારા "वाक्त्वक्प्रियः चैत्रः" બહુવ્રીહિ સમાસ સિદ્ધ થાય છે. જો અહીં "द्वन्द्व" સમાસ કરીને બહુવ્રીહિ સમાસ કર્યો હોત તો "चवर्गदषह..." (૭/૩/૯૮) સૂત્રથી "च" અંતવાળાં નામ દ્વન્દ્વ સમાસમાં આવે ત્યારે

"अत्" સમાસાન્ત થતો હોવાથી "वाक्त्वचप्रियः" એવો સામાસિક શબ્દ થાત. પરંતુ, અહીં "वाक्त्वक्प्रियः" એ પ્રમાણેનો સમાસ મળે છે. આથી અનેકપદ બહુવ્રીહિ સમાસ સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે નાગેશભટ્ટે બૃહત્ શબ્દેન્દુશેખરમાં "एक-द्वि-त्रि - मात्रा" પ્રયોગ જ કર્યો છે એમાં બહુવ્રીહિ સમાસ જ સમજવો જોઈએ.

**( श० न्यासानु० )** न च एका द्वे तिस्रो मात्रा येषामित्यर्थे बहुव्रीहिर्न युक्तः "एकार्थं चानेकं च" [३.१.२२.] इत्यनेनाभेदेनान्वयी योऽर्थस्तद्वाचकस्यैकार्थपदस्यैव समासविधानेन प्रकृते तदभावात् सूत्रान्तरेण अप्राप्तत्वाच्चेति वाच्यम्, समस्यमानपदसमूहघटकेन केनापि पदेन ऐकार्थ्ये जाग्रति समासस्य भाष्यकारेणाङ्गीकृतत्वेन 'मात्रा'शब्देन सर्वेषां समस्यमानानामेकादिपदानां प्रकृतेऽपि ऐकार्थ्यमस्त्येवेति समासस्य सुलभत्वात् । एवञ्च सङ्ख्यापरत्वे द्वन्द्वादिर्भवतीति स्थितम्। सङ्ख्येयपराणां तु तुल्यरूपाणां द्वन्द्वैकशेषौ न भवत इति स्वयमेवाचार्य्येण भगवता "स्यादावसङ्ख्येयः" [३.१.११९.] इत्यत्र व्याख्यातम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** "एक द्वे तिस्रो मात्रा येषाम्" એ અર્થમાં બહુવ્રીહિ સમાસ યોગ્ય નથી. सिद्धहेमशब्दानुशासनम्માં "एकार्थं च अनेकं च" (૩/૧/૨૨) સૂત્ર અનેકપદનો બહુવ્રીહિ સમાસ કરે છે. બીજા કોઈ સૂત્રથી અનેકપદોનો બહુવ્રીહિ સમાસ થતો નથી. હવે (૩/૧/૨૨) સૂત્ર પ્રમાણે જે જે પદોનો અર્થ અભેદ અન્વયવાળો હોય એવાં અર્થને જણાવનાર પદોનો જ અનેકપદ બહુવ્રીહિ સમાસ થાય છે. દા.ત. "आरुढाः बहवः वानराः यम् सः" એ પ્રમાણે "आरुढबहुवानरः वृक्षः" સમાસ થઈ શકશે. કારણ કે "आरुढ", "बहु" અને "वानर" આ ત્રણેય પદો પરસ્પર અભેદ અન્વયવાળાં છે. એવો અભેદ અન્વય "एकद्वित्रिमात्रः"માં થઈ શકતો નથી. આથી (૩/૧/૨૨) સૂત્રથી "एकद्वित्रिमात्रः" એ પ્રમાણે અનેકપદ બહુવ્રીહિ સમાસ થઈ શકશે નહિ તથા અન્ય સૂત્રથી પણ 'एक-द्वि-त्रिमात्रः' એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થઈ શકતો નથી; તો આપે નાગેશભટ્ટનાં "एकद्वित्रि" પ્રયોગનું સમાધાન અનેકપદ બહુવ્રીહિ સમાસ કરવા દ્વારા શા માટે આપ્યું ?

**ઉત્તરપક્ષ :-** આપે ઉપરોક્ત પદોનો અભેદ અન્વય નથી થતો માટે બહુવ્રીહિ સમાસ ન થાય એ પ્રમાણેની જે આપત્તિ આપી છે તે બરાબર નથી, કારણ કે અભેદ અન્વયનો સિદ્ધાંત આ પ્રમાણે છે : સમાસ પામતાં એવાં કોઈ પણ પદો કોઈ એક પદ સાથે પણ એકાર્થ્યવાળા જણાય તો પણ ભાષ્યકાર વડે સમાસ થાય છે એવું સ્વીકારાય છે. ઉપરોક્ત "एकद्वित्रिमात्रः" સમાસમાં "एक-द्वि-त्रि" એ પ્રમાણે ત્રણેય પદોનું ભલે એકાર્થ્ય નથી થતું પરંતુ પૃથક્ પૃથગ્ એ ત્રણેય પદો "मात्रा" સાથે તો અભેદ અન્વયવાળા થાય જ છે. આથી અહીં અનેકપદ બહુવ્રીહિ સમાસ પણ સાધુ પ્રયોગ જ છે.

આ પ્રમાણે બધી ચર્ચાને અંતે જણાય છે કે સંખ્યાવાચક શબ્દ જ્યારે સંખ્યા સ્વરૂપ અર્થને જણાવતો હશે ત્યારે દ્વન્દ્વ સમાસ અને એકશેષ થઈ શકશે, પરંતુ સંખ્યાવાચક શબ્દ કોઈકનું વિશેષણ બનીને સંખ્યેય સ્વરૂપ થશે ત્યારે દ્વન્દ્વ સમાસ અને એકશેષ નહિ થાય અને આવું "આચાર્ય ભગવંત વડે" સ્વયં જ "स्यादौ..." (૩/૧/૧૧૯) સૂત્રમાં જણાવાયું છે.

**( श० न्यासानु० )** न चैकादिदशान्तानां द्वन्द्वाभावे एकश्च दश च एकादश, द्वौ च दश च इति द्वादश, एवं त्रयोदशादयोऽपि न सिद्ध्येयुरिति वाच्यम्, एकादिनवान्तानामेव सङ्ख्येयपराणां सङ्कलन-तात्पर्येण द्वन्द्वो न भवतीत्येव कल्पनात् । अत एव "त्यदादीनि सर्वैः०" [पाणि० १.२.७२.] इति सूत्रे नागेशेन स्पष्टं तथैव प्रतिपादितम् । "सरूपाणामे०" [पाणि० १.२.६४.] इति सूत्रे एकादिदशान्तानां द्वन्द्वैकशेषौ न भवत इति नागेशोक्तिस्तु भ्रममूला । यद्वा एकाधिका दश एकादश, द्व्यधिका दश द्वादश इति रीत्या "सिद्धं त्वधिकान्ता सङ्ख्या सङ्ख्यया समानाधिकरणाधिकारेऽधिकलोपश्च" इति चार्थे [पाणि० २.२.२९.] इत्येतत्सूत्रस्थवार्तिकेन पाणिनीयैरिव एकाधिका दश इत्याद्यर्थे एव "मयूरव्यंसकादयः" [३.१.११६.] इत्यनेन हैम-शब्दानुशासनानुसारिभिरस्माभिरपि शाकपार्थिवादिवत् एकादशद्वादशप्रभृतिशब्दानां साधनीय-त्वात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** તમે કહો છો એકથી શરૂ કરીને દશ અંત સુધીની સંખ્યામાં દ્વન્દ્વ સમાસ થતો નથી તો પછી "एकः च दश च=एकादश" તેમજ "द्वौ च दश च इति द्वादश" તેમજ "त्रयोदश" વગેરેમાં પણ સમુચ્ચય કરીને દ્વન્દ્વ સમાસ કર્યો છે. હવે જો સમુચ્ચય કરવા દ્વારા સંખ્યાવાચક શબ્દોનો દ્વન્દ્વ સમાસ ન થતો હોય તો પછી ઉપરોક્ત પ્રયોગોની સિદ્ધિ કેવી રીતે થઈ શકશે?

**ઉત્તરપક્ષ :-** અમે એકથી નવ અંત સુધીમાં જ સંખ્યેયમાં વર્તમાન એવાં સંખ્યાવાચક શબ્દોનો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થતો નથી એવું કહીએ છીએ, પરંતુ દશ શબ્દ અંતવાળાં તથા વિંશતિ વગેરે અંતવાળાં શબ્દોમાં દ્વન્દ્વ સમાસ થતો નથી એવું કહેતાં નથી. આથી જ "त्यदादीनि सर्वैः..." (પાણિ. ૧/૨/૭૨) સૂત્રની ટીકામાં વૈયાકરણી નાગેશભટ્ટ વડે ઉપરોક્ત તાત્પર્યનું સ્પષ્ટ પ્રતિપાદન કરાયું છે. માટે एकादश વગેરે પ્રયોગોમાં દ્વન્દ્વ સમાસ થઈ શકશે. "ગણતરી કરવા સિવાયના ધર્મમાં દ્વન્દ્વ સમાસ થશે" એવું ઉદ્યોત ટીકામાં જણાવાયું છે.

અહીં કદાચ શંકા થઈ શકે કે "सरूपाणामे..." (પાણિ. ૧/૨/૬૪) સૂત્રમાં નાગેશભટ્ટ વડે શેખર ટીકામાં સ્પષ્ટપણે સ્વીકારાયું છે કે એકથી શરૂ કરીને દશ અંતવાળા સંખ્યાવાચક શબ્દોમાં દ્વન્દ્વ સમાસ અને એકશેષ થતો નથી અને (૧/૨/૭૨) સૂત્રમાં નાગેશ વડે જ કહેવાયું કે એકથી નવ સુધીની સંખ્યામાં દ્વન્દ્વ સમાસ અને એકશેષ થાય છે. આથી (૧/૨/૬૪) સૂત્રમાં નાગેશ

વડે જે કહેવાયું છે કે એકથી શરૂ કરીને દશ અંત સુધીનાં શબ્દોનો દ્વન્દ્વ સમાસ અને એકશેષ થતો નથી. આ કથન ભ્રાંતિવાળું જણાય છે.

હવે ઉપર સંખ્યેયવાચક એવાં એકથી શરૂ કરીને નવ અંત સુધીની સંખ્યાનો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થતો નથી એ પ્રમાણે કહ્યું. આથી શંકા થાય છે કે શું એક અને દશ વગેરે સંખ્યાનો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થઈ શકે ખરો ? તથા "एक" અને "विंशति" વગેરે સંખ્યાવાચક શબ્દોનો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થઈ શકે ખરો ? હવે "एकः च दश च" તથા "एकः च विंशतिः च"માં જો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ કરીશું તો "एकविंशती" તથા "एकदशनौ" પ્રયોગોની આપત્તિ આવશે તથા "द्वौ च विंशती च" અહીં "द्वाविंशतयः" થવાની આપત્તિ આવશે આવી આપત્તિઓને નજરમાં રાખીને "यद्वा एकाधिका दश..." વગેરે પંક્તિઓ લખી છે.

"एकाधिका दश इति एकादश" એ પ્રમાણે "द्व्यधिका दश इति द्वादश" તથા "एकाधिका विंशतिः इति एकविंशतिः" એ પ્રમાણે સમાનાધિકરણ વિગ્રહ અને કર્મધારય સમાસ છે. અધિક અંતવાળા સંખ્યાવાચક શબ્દોનો સંખ્યાવાચક શબ્દો સાથે સમાનાધિકરણ હોતે છતે વિશેષણ સમાસ થાય છે તથા "अधिक"નો લોપ થાય છે એવું પાણિનિ વ્યાકરણમાં નક્કી થયું છે. આ વસ્તુ વૈયાકરણી પાણિનિજી "चार्थे" (૨/૨/૨૯) સૂત્રમાં જણાવે છે તથા આવા શબ્દો "शाकपार्थिव" વગેરે ગણપાઠમાં સમાવેશ પામ્યા હોવાથી ઉત્તરપદમાં રહેલાં ("एक" પછી રહેલાં) "अधिक" શબ્દનો લોપ થાય છે. આમ પાણિનિજી વડે જે પ્રમાણે "एकादश" પ્રયોગની વિશેષણ સમાસ દ્વારા સિદ્ધિ થઈ એ જ પ્રમાણે સિદ્ધહેમશબ્દાનુશાસનમાં "આચાર્યભગવંત" વડે પણ "एकाधिका दश" વગેરે અર્થમાં જ "मयूरव्यंसकादयः" (૩/૧/૧૧૬) સૂત્રથી "एकादश," "द्वादश" વગેરે શબ્દો વિશેષણ સમાસ દ્વારા સિદ્ધ થાય છે અને ત્યાં પણ (સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં) "शाकपार्थिव" ગણપાઠનાં સામર્થ્યથી "अधिक" શબ્દનો લોપ થયેલો જાણવો. પાણિનિ વ્યાકરણમાં "शाकपार्थिव" સમાસનું સૂત્ર (૨/૧/૬૦) છે. વિશેષણ સમાસ અને કર્મધારય સમાસ બંને એક જ છે, આમ જ્યાં વિશેષણ સમાસ લખ્યું છે ત્યાં કર્મધારય સમાસ સમજવો.

**(श० न्यासानु०)** एवम् 'एकविंशतिः' इत्यादावपि एकाधिका विंशतिरित्येवंरीत्या समासो विधेयः । यद्वा एकादिनवान्तानामेव द्वन्द्वो न भवतीति 'एकविंशतिः' इत्यादौ द्वन्द्वकरणेऽपि न क्षतिः, तत्र एकश्च विंशतिश्चेतीतरेतरद्वन्द्वपक्षे सङ्ख्यासमूहगतैकत्वानुरोधेनैकवचनान्तता, न तु सङ्ख्याद्वयगतद्वित्वप्रयुक्तद्विवचनान्तता, एकश्च विंशतिश्चेत्यनयोः समाहार इति समाहारद्वन्द्वपक्षेऽपि "विंशत्याद्याः शताद् द्वन्द्वे सा चैक्ये द्वन्द्वमेययोः" (लिङ्गानुशासनस्त्रीलिङ्गप्रकरणे श्लो० ८) इति वचनाद् एकवचनान्तस्य स्त्रीलिङ्गता, न तु समाहारप्रयुक्तं नपुंसकत्वमिति विशेषः ।

एकविंशत्यादयः सङ्ख्यायां सङ्ख्येये च वर्तन्ते । सङ्ख्येयपराणां सङ्ख्याशब्दानां सरूपाणामेकशेषो द्वन्द्वो वा न भवतीति एकश्चैकश्च 'एकौ' 'एकैकौ' इति वा न भवति । सङ्ख्यापराणां सरूपाणां विंशत्यादीनामेकशेषो भवतीति प्रागवोचाम । विरूपाणां सङ्ख्येयपराणां सङ्ख्याशब्दानां तु सङ्कलनतात्पर्येण द्वन्द्वो न भवति, यथा–'एकद्विमात्राः प्लुताः' इति । असङ्कलनतात्पर्येण तु द्वन्द्वो भवत्येव, यथा–"एकद्वित्रिमात्रा ह्रस्वदीर्घप्लुताः" इत्यादिसारार्थोऽनुसन्धेयः ।

**અનુવાદ :-** જો આ પ્રમાણે "एकादश" વગેરે પ્રયોગો વિશેષણ સમાસથી સિદ્ધ થાય તો આ જ પ્રમાણે "एकविंशतिः" વગેરેમાં પણ "एकाधिका विंशतिः" સિદ્ધાંતથી જ સમાસ કરવા યોગ્ય છે. આમ તો એકથી શરૂ કરીને નવ સુધીના સંખ્યાવાચક શબ્દોનો જ દ્વન્દ્વ સમાસ થતો નથી એવો સિદ્ધાંત છે. આથી "एकविंशतिः" વગેરે શબ્દોમાં દ્વન્દ્વ સમાસ કરવામાં આવે તો પણ ક્ષતિ નથી.

જો "एकः च विंशतिः च" એ પ્રમાણે ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરવામાં આવશે તો "एक" અને "विंशति" એ પ્રમાણે બે સંખ્યા હોવાથી દ્વિવચનની પ્રાપ્તિ આવવી જોઈએ, પરંતુ "एक" અને "विंशति" એ પ્રમાણે બે સંખ્યાનો સમૂહ ભેગો થાય તો સંખ્યા સમૂહમાં રહેલ એકત્વનાં અનુરોધથી એકવચન અંતપણું થઈ શકે છે, પરંતુ બે સંખ્યાને વિશે રહેલ દ્વિવચન અંતપણું નહિ. આમ "एकविंशति"ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરવામાં આવે તો એકવચન અંતપણું પણ થઈ શકે છે.

સમાહાર દ્વન્દ્વ સમાસ કરવા દ્વારા પણ "एकविंशतिः" વગેરે પ્રયોગોની સિદ્ધિ થઈ શકે તેમ છે, તે આ પ્રમાણે છે. "एकः च विंशतिः च इति अनयोः समाहारः" એ પ્રમાણે સમાહાર દ્વન્દ્વ પક્ષમાં પણ "विंशत्याद्याः शताद् द्वन्द्वे सा चैक्ये द्वन्द्वमेययोः" (લિંગાનુશાસન-સ્ત્રીલિંગપ્રકરણમાં શ્લો. ૮) એવાં નિયમથી એકવચન અંતવાળા અને સ્ત્રીલિંગપણાંવાળા જ "एकविंशतिः" વગેરે પ્રયોગો થશે, પરંતુ સમાહાર સમાસ વડે પ્રયોગ કરાતું એવું નપુંસકપણું થશે નહિ.

*"एकविंशतिः" વગેરે શબ્દો, સંખ્યામાં અને સંખ્યેયમાં એ પ્રમાણે ઉભયમાં વર્તે છે.* હવે સંખ્યેયપરક એવાં સંખ્યાવાચક શબ્દો જો સરખા સ્વરૂપવાળાં હોય તો એવાં સરખા સ્વરૂપવાળા સંખ્યાવાચક શબ્દોનો એકશેષ અને દ્વન્દ્વ સમાસ થતો નથી. આથી "एकः च एकः च"માં ઇતરેતર દ્વન્દ્વ સમાસ ન થવાથી "एकैकौ" રૂપ સિદ્ધ નહિ થાય, તેમજ "एकौ" એમ એકશેષ પણ નહિ થાય; પરંતુ સમાન રૂપવાળા એવાં સંખ્યાવાચક "विंशति" વગેરે શબ્દોમાં એકશેષ થાય છે એ પ્રમાણે અમે પહેલાં જ કહ્યું છે.

વળી અસમાન રૂપવાળાં એવાં સંખ્યેયમાં વર્તમાન સંખ્યાવાચક શબ્દોનો સમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થતો નથી. દા.ત. "एक-द्विमात्राः प्लुताः" એટલે કે એક + બે એમ ત્રણ માત્રાવાળા

પ્લુતો છે, એ-પ્રમાણે દ્વન્દ્વ સમાસ થઈ શકે નહિ; પરંતુ અસમુચ્ચયનાં તાત્પર્યથી તો અસમાન સ્વરૂપવાળાં એવાં સંખ્યેયમાં વર્તમાન સંખ્યાવાચક શબ્દોનો પણ દ્વન્દ્વ સમાસ થશે જ. દા.ત. "एक-द्वि-त्रिमात्रा ह्रस्व-दीर्घ-प्लुताः." અહીં "एक" "द्वि" અને "त्रि"નો અસમુચ્ચયનાં તાત્પર્યથી દ્વન્દ્વ સમાસ થયો છે. આ પ્રમાણે અમે સંખ્યાવાચક શબ્દોમાં ક્યાં દ્વન્દ્વ સમાસ થાય અને ક્યાં દ્વન્દ્વ સમાસ ન થાય ? એનો તાત્પર્ય અર્થ જણાવ્યો, તે બધી જ જગ્યાએ અનુસંધાન કરવા યોગ્ય છે.

**( श० न्यासानु० )** विंशत्यादिशब्दा द्व्यादिशब्दाश्च धर्मशक्ता एव, न तु धर्मि(सङ्ख्येय) शक्ता इत्याद्यपि मतान्तरं यद्यप्युपलभ्यते तथाऽपि प्रकृतानुपयोगितयेदानीं विचारनिकषे तन्नाऽऽनयामः। सेयमेकद्व्यादिका कुतो ज्ञातव्येत्यत आह-'**लोकप्रसिद्धेति,** यथा-घट-पटादयः शब्दा लोके घटाद्यर्थबोधने प्रसिद्धास्तथैव एकत्वादिसङ्ख्यार्थाभिधाने एकादयोऽपि प्रसिद्धा इत्यर्थः ।

**અનુવાદ :-** "विंशति" વગેરે શબ્દો અને "द्वि" વગેરે શબ્દો ધર્મશક્તિવાળાં જ છે, પરંતુ ધર્મી-શક્તિવાળા નથી, એવો મતાન્તર પણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ विंशति વગેરે અને द्वि વગેરે શબ્દો કોઈકનાં વિશેષણ સ્વરૂપ જ બનશે, પરંતુ વિશેષ્ય સ્વરૂપ ક્યારેય નહિ બને, એવો અન્ય મત પણ છે; પરંતુ અહીં એ મત અનુપયોગી હોવાથી હમણાં અમે એ સંબંધમાં કોઈ વિચાર કરતાં નથી.

આ પ્રમાણે "एकद्व्यादिका" પંક્તિ જે બૃહદ્વૃત્તિમાં લખી હતી, તેનાં સમાસ સંબંધમાં વિસ્તારથી ચર્ચા કર્યા પછી "एक", "द्वि" વગેરેનો દ્વન્દ્વ સમાસ ન થવાથી "एक", "द्वि" "आदि" એમ ત્રણ પદમાં બહુવ્રીહિ સમાસ જ થઈ શકશે એવું સિદ્ધ થયું. હવે એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે આ "एक", "द्वि" વગેરે સંખ્યા કેવી રીતે જાણવી ? આથી એનાં સંબંધમાં "આચાર્યભગવંત" કહે છે કે, આ એક, બે વગેરે સંખ્યા લોકપ્રસિદ્ધ જ છે. જે પ્રમાણે ઘટ, પટ વગેરે શબ્દો ઘટાર્થ, પટાર્થ વગેરેમાં વિદ્યમાન છે, એ જ પ્રમાણે એક, બે વગેરે શબ્દો પણ એકત્વ વગેરે સંખ્યા અર્થનાં કથનને વિશે પ્રસિદ્ધ જ છે.

**( श० न्यासानु० )** इवार्थे जायमानो वत्प्रत्ययः सादृश्यं द्योतयति, सादृश्य चात्र क्रियागत-मभिप्रेतमिति सदृशक्रियां बोधयितुमाह-**तत्कार्यं भजत** इति-सङ्ख्याशब्दस्य प्रकृते सङ्ख्यापरत्वं सङ्ख्या-वाचकपरत्वं च प्राक् प्रतिपादितम्, तत्र सङ्ख्यावाचकपरत्वे तच्छब्देन सङ्ख्यावाचकेत्यस्य परामर्शः, सङ्ख्यापरत्वे लक्षणया तच्छब्दस्य सङ्ख्यावाचकोऽर्थः, उभयथा 'तत्कार्यम्' इत्यस्य सङ्ख्यावाचककार्यमित्यर्थो लभ्यते ।

**અનુવાદ :-** *"इव" અર્થમાં ઉત્પન્ન કરાતો "वत्" પ્રત્યય "સાદૃશ્ય" અર્થને જણાવે છે. હવે*

"સાદશ્ય" દ્રવ્યને વિશે પણ રહેલું હોય, ગુણને વિશે પણ રહેલું હોય અથવા તો ક્રિયાને વિશે પણ રહેલું હોય. આથી કયા અર્થમાં સાદશ્ય છે એ જણાવતાં લખે છે કે અહીં ક્રિયાને વિશે રહેલું સાદશ્ય ઇચ્છાય છે. આથી અર્થ આ પ્રમાણે થશે : સંખ્યાવાચક શબ્દો જેવાં કાર્યોને ભજનારા થાય છે તેવાં કાર્યોને ભજનારાં જ "डति" અને "अतु" અંતવાળા શબ્દો પણ થશે. આથી "तत्कार्यम् भजते" પંક્તિ બૃહદ્વૃત્તિમાં લખી છે. "सङ्ख्या" શબ્દ જે આ સૂત્રમાં કહ્યો છે, તે સંખ્યાપરક છે અથવા તો સંખ્યાવાચક છે એ પ્રમાણે પહેલાં પ્રતિપાદન કરાયું છે. આથી "तत्कार्यं भजते" એ પ્રમાણે બૃહદ્વૃત્તિમાં જે પંક્તિ લખી છે, ત્યાં શંકા થાય છે કે, "तत्" સર્વનામથી કયા અર્થવાળી સંખ્યા લેવી ? આથી સંખ્યાવાચકપરક અર્થ હશે ત્યારે "तत्" શબ્દથી સંખ્યાવાચકપરકનો બોધ કરવો તથા જ્યારે સંખ્યાપરક અર્થનો બોધ કરવો હશે ત્યારે "तत्" શબ્દનો લક્ષણાથી સંખ્યાવાચક અર્થ કરવો. આ પ્રમાણે બંને પ્રકારે "तत्कार्य" પંક્તિનો અર્થ સંખ્યાવાચક કાર્યને ભજનારા થશે એ પ્રમાણે અર્થ જ પ્રાપ્ત કરાવશે. અર્થાત્ "तत्" શબ્દથી સંખ્યા શબ્દ અને સંખ્યાવાચક અર્થવાળા એ પ્રમાણે ઉભય અર્થવાળા સંખ્યા શબ્દનું ગ્રહણ થઈ શકશે.

**( श० न्यासानु० )** वद्धटितत्वादतिदेशसूत्रमिदम् । अतिदेशस्य च निमित्तव्यपदेश-तादात्म्य-शास्त्र-कार्य-रूपा-ऽर्थभेदेन सप्तविधत्वेऽपि रूपाद्यतिदेशानामनिष्टसम्पादकत्वेन प्रकृते नाश्रयणम्, शास्त्रातिदेशस्याश्रयणे क्षतिविरहेऽपि तदतिदेशस्य कार्यरूपपरमुखनिरीक्षकतया वरं कार्यातिदेश एवेति तथैव व्याचष्टे स्म । तथा च सङ्ख्याशब्दस्य सङ्ख्याकर्तृककार्याश्रयणे लाक्षणिक-तया सङ्ख्याकर्तृककार्याश्रयणसदृशकार्याश्रयणं डत्यन्ताऽत्वन्तवृत्तीति वाक्यार्थः ।

**અનુવાદ :-** "वत्" અવયવપણું હોવાથી આ અતિદેશ સૂત્ર છે. એક સ્થાનમાં જે વસ્તુ હોય તેનો અન્ય સ્થાનમાં સંબંધ કરવો તે "अतिदेश" કહેવાય છે. "एकत्र श्रुतस्य अन्यत्र संबंधः अतिदेशः ।" એવી અતિદેશની વ્યાખ્યા હોવાથી ઉપરોક્ત અર્થ કર્યો છે. આ અતિદેશ નિમિત્ત, *વ્યપદેશ, તાદાત્મ્ય, શાસ્ત્ર, કાર્ય, રૂપ અને અર્થનાં ભેદથી સાત પ્રકારનો છે. આ સાત પ્રકારો* અમે જિજ્ઞાસુઓનાં બોધને માટે જણાવીએ છીએ.

(૧) **નિમિત્તાતિદેશ :-** દા.ત. સિદ્ધહેમ વ્યાકરણમાં "प्राग्वत्" (૩/૩/૭૪) સૂત્ર આવે છે. (પાણિનિ - "पूर्ववत् सनः" (૧/૩/૬૨)) પહેલાં જે નિમિત્તને માનીને ધાતુને આત્મનેપદ વગેરે થતું હતું, તો હવે એ જ નિમિત્તને માનીને "सन्" પ્રત્યય પર છતાં પણ ધાતુથી આત્મનેપદ થશે. દા.ત. ધાતુમાં "ङ्" इत् સંજ્ઞા માનીને આત્મનેપદ થતું હતું, તો હવે એ જ ધાતુથી "सन्" પ્રત્યય પર છતાં પણ "ङ्" નિમિત્તને માનીને જ આત્મનેપદ થશે. આ પ્રમાણે નિમિત્તાતિદેશ થયો.

(૨) **વ્યપદેશાતિદેશ** :- "आद्यन्तवद् एकस्मिन्" એ પ્રમાણે ન્યાય છે તથા પાણિનિ વ્યાકરણમાં આવા જ શબ્દોવાળું (૧/૧/૨૧) સૂત્ર છે. આ ન્યાયનું તાત્પર્ય આ પ્રમાણે છે - જે ધાતુનાં અનેક વર્ણો હોય ત્યાં જે પ્રમાણે આદિ અને અંતનું કથન થાય છે, એ જ પ્રમાણે અસહાય એવાં એક વર્ણમાં પણ આદિ અને અંતનો વ્યવહાર, કથન કે વ્યપદેશ માનવામાં આવે છે. આ પ્રમાણે કથનનો અતિદેશ થયો છે.

(૩) **તાદાત્મ્યાતિદેશ** :- જ્યારે રૂપક અલંકારનો પ્રયોગ કરવામાં આવે છે, ત્યારે તાદાત્મ્યાતિદેશ થાય છે. દા. ત. સંસાર દાવાનળ છે. "संसारः दावानल इव" અહીં સંસાર સ્વયં દાવાનળ સ્વરૂપ છે એવું ફલિત કરવામાં આવે છે. સિદ્ધહેમ વ્યાકરણમાં આઠમા અધ્યાયમાં "शेषं संस्कृतवत्सिद्धम्" (૮/૪/૪૪૮) સૂત્ર આવે છે. આ સૂત્રમાં તાદાત્મ્યાતિદેશ છે. એ સૂત્રમાં જણાવવામાં આવ્યું છે કે જે પ્રમાણે સંસ્કૃતમાં "उरस्" શબ્દનું સપ્તમી એકવચન "उरसि" થાય છે એ જ પ્રમાણે પ્રાકૃતમાં પણ સપ્તમી એકવચનમાં "उरसि" પ્રયોગ જ થાય છે. બંને પ્રયોગો એકસરખા જ હોવાથી આ તાદાત્મ્યાતિદેશ છે.

(૪) **શાસ્ત્રાતિદેશ** :- શાસ્ત્ર એટલે સૂત્ર. અર્થાત્ કોઈક સૂત્રથી જે પ્રમાણે કાળવિશેષ નામથી ભવ અર્થમાં પ્રત્યય થાય છે તે જ પ્રમાણે "सा अस्य देवता" અર્થમાં પણ "भव" અર્થમાં પ્રત્યયો થાય છે. દા.ત. "कालाद् भववत्" (૬/૨/૧૧૧) આ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે કાળવિશેષવાચક નામોથી "भव" અર્થમાં જે પ્રમાણે પ્રત્યયો કહેવાશે એવા જ પ્રત્યયો "તે આનો દેવતા છે" એવાં અર્થમાં પણ કહેવાશે. દા.ત. "भव" અર્થમાં "मास" શબ્દથી "इकण्" પ્રત્યય થાય, તો દેવતા અર્થમાં પણ "मास" શબ્દથી "इकण्" પ્રત્યય થશે. જેમ કે "मासे भवम् इति मासिकम् ।" તે જ પ્રમાણે "मासो देवता अस्य इति मासिकम् ।" બંનેનાં અર્થ આ પ્રમાણે છે : "મહિનામાં થયેલ" તથા માસ જેનો દેવ છે." અહીં શાસ્ત્રનો અતિદેશ થયો છે. "भव" અર્થમાં પ્રત્યયોનું વિધાન કરનાર જે સૂત્ર હોય તેવાં જ પ્રત્યયોનું વિધાન કરનાર આ (૬/૨/૧૧૧) સૂત્ર પણ છે. આમ શાસ્ત્રનો અતિદેશ થયો. પાણિનિ વ્યાકરણમાં "कालेभ्यो भववत्" (૪/૨/૩૪) સૂત્ર છે.

(૫) **કાર્યાતિદેશ** :- કોઈક અન્ય સૂત્ર સંબંધી કાર્યનો બીજા સૂત્રમાં સંબંધ કરવો એ "કાર્યાતિદેશ" કહેવાય છે. દા.ત. "डत्यतु संख्यावत्" (૧/૧/૩૯) આ સૂત્રમાં સંખ્યાવાચક શબ્દોને જે જે કાર્યો થાય છે, તે તે કાર્યો "डति" અને "अतु" અંતવાળા નામોને (શબ્દોને) પણ થશે તથા "स्थानीवावर्णविधौ" (૭/૪/૧૦૯) સૂત્ર આ જ પ્રમાણે કાર્યાતિદેશવાળું છે. પાણિનિ વ્યાકરણમાં "स्थानिवदादेशोऽनल्विधौ" (૧/૧/૫૬) સૂત્ર કાર્યાતિદેશવાળું છે. પાણિનિ વ્યાકરણ પ્રમાણે સ્થાનીમાં રહેલાં ધર્મનો આદેશમાં અતિદેશ કરવામાં આવે છે.

**(૬) અર્થાતિદેશ :-** જેમાં કોઈક બીજા સૂત્રનો અર્થ લાવવામાં આવે તે "અર્થાતિદેશ સૂત્ર" કહેવાય. દા. ત. "पुंवत् कर्मधारये" (૩/૨/૫૭) - આ સૂત્રમાં "मद्रकभार्या" એ પ્રમાણે કર્મધારય સમાસ છે. જેનો વિગ્રહ આ પ્રમાણે છે : "मद्रिका च असौ भार्या च ।" હવે "मद्रिका" શબ્દ સ્ત્રીલિંગમાં હતો તે આ સૂત્રથી પુલિંગ અર્થવાળો થયો. આથી પુલિંગ સ્વરૂપ અર્થનો "मद्रिका" શબ્દમાં અતિદેશ થયો છે. એ જ પ્રમાણે "दर्शनीयभार्या" વગેરેમાં સમજી લેવું. પાણિનિ વ્યાકરણમાં આ અતિદેશ સંબંધમાં "स्त्री पुंवत् च" (૧/૨/૬૬) સૂત્ર છે. એ સૂત્ર પ્રમાણે "युव" પ્રત્યયાન્તની સાથે વૃદ્ધ સંજ્ઞાવાળા સ્ત્રીવાચી શબ્દો આવે તો વૃદ્ધસંજ્ઞાવાળા સ્ત્રીવાચી શબ્દો એકશેષ રહે છે અને એ સ્ત્રીવાચી શબ્દ પુંવત્ થાય છે.

**(૭) રૂપાતિદેશ :-** "क्रोष्टु" શબ્દમાં "तृच्वत्" ભાવ માનીને "क्रोष्टृ" સ્વરૂપનો અતિદેશ કરવામાં આવે છે અર્થાત્ "क्रोष्टु"નું જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ જ "क्रोष्टृ"નું માનવામાં આવે છે. સિદ્ધહેમ વ્યાકરણમાં "क्रुशस्तुनस्तृच् पुंसि" (૧/૪/૯૧) સૂત્ર છે. અહીં "वत्" પ્રત્યયનાં અભાવમાં પણ અતિદેશ થયો છે, એમ માનવું. પાણિની વ્યાકરણમાં "तृज्वत्क्रोष्टु" (૭/૧/૯૫) સૂત્ર છે. આ સૂત્ર પણ રૂપાતિદેશનું સ્વરૂપ બતાવે છે.

આ પ્રમાણે સાત પ્રકારનાં અતિદેશ લોકવ્યવહારમાં પણ જોવા મળે છે.

**(૧) નિમિત્તાતિદેશ :-** ધરતીકંપની આગાહી સાંભળીને કોઈક વ્યક્તિ ભયભીત થઈ જાય તો એવી આગાહીને સાંભળીને અન્ય અન્ય વ્યક્તિઓ પણ ભયભીત થાય છે.

**(૨) તાદાત્મ્યાતિદેશ :-** બે જોડિયા (એકસાથે જન્મેલાં) દીકરાઓ હોય તો લોકો એક દીકરામાં બીજા દીકરાનો આરોપ કરીને પ્રવૃત્તિ કરતાં હોય છે એટલે કે એક દીકરો જાણે બીજો દીકરો જ છે એવું માનીને પ્રવૃત્તિ કરતાં હોય છે. આ તાદાત્મ્ય અતિદેશ થયો.

**(૩) શાસ્ત્રાતિદેશ :-** કોઈ નીતિવાન વ્યક્તિને જોઈને બીજી વ્યક્તિ પણ નીતિવાન બનવા માટે પુરૂષાર્થ ચાલુ કરે છે. આમ નીતિશાસ્ત્રનો અતિદેશ તે તે વ્યક્તિઓમાં થાય છે.

***(૪) કાર્યાતિદેશ :-*** *એક બેનને રસોઈ બનાવતી જોઈને બીજી બેન પણ એવી જ રસોઈ* બનાવવાનો પુરૂષાર્થ કરે છે ત્યારે કાર્યાતિદેશ થાય છે.

**(૫) વ્યપદેશાતિદેશ :-** સંસારમાં પણ "आद्यन्तवद् एकस्मिन्" જેવી જ પ્રવૃત્તિ પ્રવર્તે છે. દા.ત. ઘણી બધી વ્યક્તિઓને ઘરે બોલાવી હોય અને એક જ વ્યક્તિ આવે ત્યારે કહેવામાં આવે છે કે, તમે જ પહેલાં છો અને તમે જ છેલ્લાં છો.

**(૬) રૂપાતિદેશ :-** એક ભાઈને જોયા પછી બીજા ભાઈને જોવામાં આવે અને આપણે કહેતાં હોઈએ છીએ કે આ પહેલાં ભાઈનાં જેવા જ છે. આ પરિસ્થિતિમાં પહેલાં ભાઈની આકૃતિનો બીજા ભાઈમાં આરોપ કરવામાં આવે છે.

(૭) **અર્થાતિદેશ :-** કોઈક મોટી વ્યક્તિ બાળકને જોઈને બાળક જેવી બની જાય, ત્યારે બાળક સ્વરૂપ અર્થનો મોટી વ્યક્તિમાં સંબંધ થતો હોવાથી અર્થાતિદેશ કહેવાય છે.

આ પ્રમાણે અતિદેશ સાત પ્રકારનાં હોવા છતાં પણ રૂપ વગેરે અતિદેશો આ સૂત્રમાં જરૂરી ન હોવાથી રૂપ વગેરે અતિદેશોનો આશ્રય કરવામાં આવ્યો નથી તથા શાસ્ત્ર અતિદેશનો આશ્રય કરવામાં આવે તો કોઈ દોષ જણાતો નથી; તેમ છતાં પણ છેવટે તો કાર્યની સમાનતામાં જ જવું પડતું હોવાથી કાર્ય સ્વરૂપ અતિદેશ જ અહીં પ્રાપ્ત થાય છે. તેથી આ સૂત્રમાં કાર્ય સ્વરૂપ અતિદેશ જ કહેવામાં આવ્યો છે. આ પ્રમાણે સૂત્રનાં સામર્થ્યથી જેમ સંખ્યા શબ્દ, સંખ્યા સ્વરૂપ કાર્યનાં આશ્રયવાળો જણાય છે એવું જ કાર્ય "डति" અને "अतु" અંતવાળાં શબ્દોમાં પણ વૃત્તિ છે એ પ્રમાણે વાક્યનો અર્થ થાય છે.

**( श० न्यासानु० )** *यथोद्देशं निर्देशः* इति पूर्वं डतिप्रत्ययान्तस्यातिदेशप्रयोजनं दर्शयति- **कतिभिरित्यादि**-"कुंक् शब्दे" इत्यतः "कोर्डिम्" [उणा० ९३९.] इति डिमि "डित्यन्त्य०" [२.१. ११४.] इत्यन्त्यस्वरादिलोपे किम् शब्दः, का सङ्ख्या मानमेषामिति "यत्तत्किमः०" [७.१.१५०.] इति डतौ कतिशब्दः, स चायं स्वभावाद् बहुवचनविषय एव, ततः "हेतुकर्तृ०" [२.२.४४.] इति भिसि "सो रुः" [२.१.७२.] इति रुत्वे "रः पदान्ते०" [१.३.५३.] इति विसर्गे च कतिभिरिति; क्रीयते स्मेति क्रीतः, "डुक्रींगश् द्रव्यविनिमये" इत्यतः "क्त-क्तवतू" [५.१.१७४.] इति कर्मणि क्ते कर्मण उक्तत्वाद् "नाम्नः प्र०" [२.२.३१.] इति सिः; कतिभिः क्रीत इति विग्रहवाक्यम्; "सङ्ख्याडतेः०" [६.४.१३०.] इति क्रीतार्थे कप्रत्यये "ऐकार्थ्ये" [३.२.०८.] इति भिसो लुपि कतिक इति तद्धितान्ता वृत्तिः ।

**અનુવાદ :-** હવે ઉદ્દેશ પ્રમાણે કથન કરે છે : જે વસ્તુ પ્રસિદ્ધ હોય તેનું કથન કરવું તે ઉદ્દેશ કહેવાય છે. જેમકે "અમુક ગુણોવાળી વ્યક્તિ દેવદત્ત" છે, તો અહીં "અમુક ગુણો" પ્રસિદ્ધ છે. આથી ગુણોનું કથન કરવામાં આવે તે ઉદ્દેશ છે અને એ ગુણો દ્વારા દેવદત્તને ઓળખવામાં આવે છે તે વિધેય છે અથવા તો નિર્દેશ છે. અહીં પણ "डति" પ્રત્યય અને "अतु" પ્રત્યય અંતવાળું નામ સંખ્યા જેવું થાય છે એવું કથન કરાયું છે. આથી "डति" અને "अतु" પ્રત્યય અંતવાળું નામ એ ઉદ્દેશ છે આથી "डति" અને "अतु" અંતવાળું નામ તે ઉદ્દેશ સ્વરૂપ થયા. આથી ઉદ્દેશ સ્વરૂપ એવાં "डति" અને "अतु" અંતવાળા નામનું કથન હવે કરવામાં આવે છે.

"डति" પ્રત્યય અંતવાળાં નામોને સંખ્યા જેવાં કહ્યાં છે, હવે તેનું પ્રયોજન બતાવે છે.

સૌ પ્રથમ "डति" અંતવાળાં સંખ્યાવાચક નામો જણાવે છે :

"कतिभिः" શબ્દ બતાવે છે : "कुंक् शब्दे" (શબ્દ કરવા અર્થવાળો "कु" ધાતુ છે.) આ

"कु" ધાતુથી "कोर्डिम्" (उणा० ૯૩૯) સૂત્રથી "डिम्" પ્રત્યય થાય છે. હવે "कु + डिम्" આ અવસ્થામાં "डित्यन्त्य..." (૨/૧/૧૧૪) સૂત્રથી અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં "किम्" સર્વનામ પ્રાપ્ત થાય છે. હવે "કેટલું સંખ્યાપ્રમાણ એઓનું" એ અર્થમાં "यत्तत्किमः..." (૭/૧/૧૫૦) સૂત્રથી "डति" પ્રત્યય થાય છે. તેથી "किम् + "डति" અહીં (૨/૧/૧૧૪) સૂત્રથી અન્ત્ય સ્વરસહિત વ્યંજનનો લોપ થતાં "कति" શબ્દ પ્રાપ્ત થાય છે અને આ "कति" શબ્દ સ્વભાવથી બહુવચનનાં વિષયવાળો જ છે. આ "कति" શબ્દને "हेतु-कर्तृ..." (૨/૨/૪૪) સૂત્રથી "भिस्" પ્રત્યય થતાં "कति + भिस्" થાય છે. આ અવસ્થામાં "सो रुः" (૨/૧/૭૨) સૂત્રથી "स्"નો "रु" થતાં તથા "रः पदान्ते..." (૧/૩/૫૩) સૂત્રથી "र्"નો વિસર્ગ થતાં "कतिभिः" શબ્દ પ્રાપ્ત થાય છે.

હવે "क्रीतः" પદની સાધનિકા બતાવે છે : "क्रीयते स्म" (ખરીદાયું છે જે.) એ અર્થમાં નવમા ગણના "क्री" ધાતુથી (क्र्यादि ગણના"क्री" ધાતુથી) "क्त-क्तवतू" (૫/૧/૧૭૪) સૂત્રથી કર્મમાં "क्त" પ્રત્યય થાય છે. હવે કર્મમાં "क्त" પ્રત્યય થવાથી કર્મ ઉક્ત થાય છે. તથા "क्रीत" કર્મનું વિશેષણ બને છે. આથી કર્મને પ્રથમા થવાથી "क्रीत"ને પણ પ્રથમાનો "सि" લાગે છે અને "क्रीतः" શબ્દ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે "कतिभिः क्रीतः" એવું વિગ્રહવાક્ય પ્રાપ્ત થાય છે.

હવે ખરીદવા અર્થમાં "संख्या-डतेः..." (૬/૪/૧૩૦) સૂત્રથી "क" પ્રત્યય થાય છે. "क" તદ્ધિતનો પ્રત્યય હોવાથી તદ્ધિતવૃત્તિ થતાં "ऐकार्थ्ये" સૂત્રથી "भिस्"નો લોપ થતાં "कतिकः" એ પ્રમાણે તદ્ધિતપ્રત્યય અંતવાળી વૃત્તિ થાય છે.

**( श० न्यासानु० )** ननु डतिप्रत्ययान्तेऽतिदेशमन्तराऽपि "सङ्ख्या-डतेः०" [६.४.१३०.] इति सूत्रे सङ्ख्याग्रहणपार्थक्येन डतिग्रहणादेव कतिक इत्यत्र कप्रत्ययः सेत्स्यतीति व्यर्थोऽतिदेश इति चेत्, सत्यम्-सङ्ख्याग्रहणेन ग्रहणार्हस्यापि कतिशब्दस्य त्यन्तत्वेन 'अशत्तिष्टेः' इति प्रतिषेधः स्यादिति तदुज्जीवनाय हि डतेः पृथग्ग्रहणम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** "डति" પ્રત્યય અંતવાળા નામોની અતિદેશસૂત્ર દ્વારા સંખ્યા સંજ્ઞા ન કરી હોત તો પણ કોઈ સમસ્યા ન હતી. જો સંખ્યાવાચક જેવું બનાવવાથી સંખ્યા સંબંધી કાર્ય "डति" અંતવાળાં નામોમાં પણ કરવું છે એવો આશય તમારો છે, તો એ વસ્તુ તો "डति" અંતવાળાને સંખ્યા જેવું બનાવ્યાં વગર પણ સિદ્ધ થઈ જાય છે. કારણ કે (૬/૪/૧૩૦) સૂત્રમાં "संख्या" શબ્દનું ગ્રહણ કરીને પૃથગ્ "डति"નું ગ્રહણ કર્યું છે. આથી "डति" અંતવાળા નામોમાં પણ "अर्हद्" સુધીનાં અર્થમાં (આ અર્થોમાં "ખરીદવું" અર્થ પણ આવી જાય છે.) "क" પ્રત્યય

સિદ્ધ થઈ જ જાત. આથી "डति" અંતવાળા નામોને પૃથગ્ સંખ્યા જેવાં બનાવવાની કોઈ આવશ્યકતા નથી. આથી "डति" અંતવાળાં નામોમાં સંખ્યાનો અતિદેશ કરવો નિરર્થક છે.

**ઉત્તરપક્ષ :-** અમે અહીં "डति" અંતવાળા નામોને અતિદેશ દ્વારા સંખ્યા જેવાં બનાવ્યાં છે. આથી "*संख्या*" *શબ્દનાં ગ્રહણથી જ* "डति" અંતવાળા નામોમાં પણ "अर्ह" સુધીનાં અર્થમાં "क" પ્રત્યય થઈ જ જાત, પરંતુ એ જ સૂત્રમાં "ति" અંતવાળા શબ્દોનું વર્જન કર્યું છે. આથી જેમ "सप्तति" શબ્દનું વર્જન થાત તે જ પ્રમાણે "कति" વગેરે શબ્દનું પણ વર્જન થઈ જાત. આથી "कति" વગેરે શબ્દોને લેવા માટે જ "डति"નું પૃથગ્ ગ્રહણ કર્યું છે. આમ "डति"નું ગ્રહણ કાંઈ સંખ્યાવાચક શબ્દથી ભિન્ન શબ્દોને ગ્રહણ કરવા માટે નથી, પરંતુ "डति" અંતવાળાં શબ્દો સંખ્યા જેવાં થઈ જતાં હતાં અને "ति"નાં વર્જનથી તેનો નિષેધ થતો હતો, આથી ફરીથી ખરીદવા અર્થમાં "क" પ્રત્યય કરવા માટે "डति" શબ્દનું પૃથગ્ ગ્રહણ કર્યું છે.

**( श० न्यासानु० )** नन्वानुपूर्वीप्रकारकोपस्थितिप्रयोजकपदोपादाने *अर्थवद्ग्रहणे नानर्थकस्य* इति न्यायः प्रवर्तत इति प्रकृतेऽपि तिशब्दस्य स्वरूपबोधकत्वेनानेन न्यायेन 'अशत्तिष्टेः' इत्यत्राऽर्थवत एव तेर्ग्रहणेन डतिघटकस्य तेरनर्थकतयैव न प्रतिषेधप्राप्तिरिति चेत्, मैवम्-षष्टिशब्दस्य तिप्रत्ययान्ततया त्यन्तप्रतिषेधेनैव सिद्धौ पृथक् ष्ट्यन्तप्रतिषेधस्याव्युत्पत्तिपक्षज्ञापनात्, तत्पक्षे च निरुक्तन्यायाप्रवृत्तेः प्रतिषेधादेव कप्रत्ययमिति तदर्थं डतेरुपादानमावश्यकम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** કોઈ પણ વસ્તુનો શાબ્દબોધ કરવો હોય ત્યારે પદોને ક્રમસર ગ્રહણ કરીને તે તે પદોનો અર્થ જાણતાં-જાણતાં અંતે છેલ્લા પદનો છેલ્લો અક્ષર આવે ત્યારે સંપૂર્ણ શાબ્દબોધ પૂરો થાય છે. અર્થાત્ એક એક પદનો શાબ્દબોધ ઉમેરાતો જાય છે અને અંતમાં બધાં જ પદોનો એકસાથે બોધ થઈ જાય છે. આથી ક્રમપ્રકારક બોધમાં નિમિત્તકારણ તરીકે પદ છે. પદો નિમિત્તકારણ તરીકે હાજર થશે તો જ શાબ્દબોધ થશે. હવે આ પદો કેવાં ગ્રહણ કરવાં ? એને વિશે "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાય પ્રવર્તે છે.

"स्वं रूपं शब्दस्य अशब्दसंज्ञा" એવો એક ન્યાય છે, જે શબ્દનાં સ્વરૂપને જ ગ્રહણ કરે છે. આથી સૂત્રમાં જો "नदी" શબ્દ લખ્યો હોય તો "नदी" શબ્દને જ આ ન્યાય ગ્રહણ કરાવશે, પરંતુ નદીવાચક એવાં ગંગા, ગોદાવરી વગેરેને ગ્રહણ કરાવશે નહિ. હવે "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાય પણ વિદ્યમાન છે. એ ન્યાય પણ જો શબ્દનાં સ્વરૂપ સંબંધી જ હોય તો આ ન્યાયની કોઈ આવશ્યકતા રહેશે નહીં. દા.ત. "तीयं ङित्कार्ये वा" (૧/૪/૧૪) સૂત્રમાં "तीय" પ્રત્યય અંતવાળા શબ્દો "ङित्कार्य" કરવાનાં નિમિત્તે સર્વાદિ થાય છે. હવે "जातीय" પ્રત્યય પણ "तीय" અંતવાળું શબ્દસ્વરૂપ તો પ્રાપ્ત કરાવશે જ, છતાં આ પરિસ્થિતિમાં "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાય અર્થવાન્ એવાં "तीय" પ્રત્યય અંતવાળાનું ગ્રહણ હોતે છતે અનર્થક એવાં

"जातीय" પ્રત્યય અંતવાળાનું ગ્રહણ કરાવશે નહિ. આ પ્રમાણે બીજો ન્યાય શબ્દ સ્વરૂપનાં અર્થને કેન્દ્રમાં રાખશે. આથી બંને પરિભાષાઓનું (ન્યાયનું) કાર્યક્ષેત્ર ભિન્ન ભિન્ન છે.

હવે (૬/૪/૧૩૦) સૂત્રમાં "ति"નું વર્જન થયું છે. તો તેનાં દ્વારા અર્થવાન્ એવાં જ "ति"નું વર્જન થઈ શકશે. આ "ति"નાં વર્જનથી "डति" પ્રત્યય અંતવાળાનું વર્જન શક્ય જ નથી. "ति"ની નજરમાં "डति"માં રહેલો "ति" એ અવયવ સ્વરૂપ "ति" ગણાશે. આથી "ति" અંતવાળાનું વર્જન હોય ત્યારે "डति" અંતવાળાનું વર્જન નિરર્થક થવાથી "डति"નાં નિષેધની પ્રાપ્તિ જ નથી તથા તમારા કહેવા પ્રમાણે અતિદેશસૂત્ર બનાવવા દ્વારા "डति" અંતવાળા નામો સંખ્યા જેવા બની જાય છે. આથી "संख्या" શબ્દનાં ગ્રહણથી જ "डति" અંતવાળા નામોને "क" પ્રત્યય થઈ જ જાત. આમ છતાં પૃથગ્ "डति"નું ગ્રહણ "क" પ્રત્યય કરવા માટે કર્યું છે. તેથી જ અમે કહીએ છીએ કે "डति" અંતવાળા શબ્દોને સંખ્યા જેવા કરવા માટે આ સૂત્રથી આપે જે પુરૂષાર્થ કર્યો છે એ નિરર્થક છે.

**ઉત્તરપક્ષ :-** "षष्टि" શબ્દ "ति" પ્રત્યય અંતવાળો છે. "षष्" શબ્દને "ति" પ્રત્યય લાગીને તથા "षष्"નો "षष्" આદેશ થઈને (જો "षष्" આદેશ ન થયો હોત તો "ष्"નો પદને અંતે "ड्" થઈ જાત અને અઘોષ પર છતાં "ट्" વગેરે ફેરફારો થાત.) નિપાતનથી "षष्टि" રૂપ સિદ્ધ થાય છે, આવું (૬/૪/૧૭૩) સૂત્રમાં "આચાર્યભગવંતશ્રી હેમચંદ્રાચાર્ય" એ જણાવ્યું છે. આ પ્રમાણે "ति"નાં વર્જનથી જેમ "ति" અંતવાળા નામોમાં "क" પ્રત્યયનો (૬/૪/૧૩૦) સૂત્રથી નિષેધ થાત. એ જ પ્રમાણે "षष्टि" શબ્દમાં પણ "क" પ્રત્યયનો નિષેધ થાત જ. તો પણ "ष्टि" અંતનું વર્જન પણ પૃથગ્ કરવામાં આવ્યું છે. તેથી "ष्टि" અંતનાં પૃથગ્ વર્જનથી "આચાર્યભગવંતશ્રી" અવ્યુત્પત્તિ પક્ષને જણાવે છે. અર્થાત્ "विंशति" વગેરે શબ્દો જે (૬/૪/૧૭૩)થી નિપાતન થયા છે એ બધા જ અવ્યુત્પત્તિ પક્ષવાળાં છે અને જ્યાં અવ્યુત્પત્તિપક્ષ હોય ત્યાં "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાય પ્રવર્તતો નથી. અહીં અવ્યુત્પત્તિપક્ષ જણાતો હોવાથી પ્રત્યય અને પ્રકૃતિનો વિભાગ થઈ શકશે નહિ. આથી "ति" પ્રત્યય અંતવાળાં સંખ્યાવાચક નામોનો નિષેધ થશે એવું કહી શકાશે નહીં. આથી "ति" અંતવાળાનાં વર્જનથી "ष्टि" અંતવાળાનું વર્જન થાત નહિ. માટે "ष्टि" અંતવાળા સંખ્યાવાચક શબ્દને "ति" અંતવાળા સંખ્યાવાચક શબ્દથી પૃથગ્ ગ્રહણ કર્યા છે. આમ અવ્યુત્પત્તિ પક્ષનો આશ્રય કરાયો હોવાથી તથા "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાયની અપ્રવૃત્તિ થવાથી "ति"નાં વર્જનથી "डति" અંતવાળાનું વર્જન થઈ જ જાત. અમે "डति" અંતવાળું નામ સંખ્યા જેવું આ સૂત્રથી કર્યું છે. હવે "ति"નાં વર્જનથી "डति" અંતનું પણ વર્જન થઈ જાત તો "कति" વગેરે નામોમાં "क" વગેરે પ્રત્યયોની પ્રાપ્તિ થાત નહિ. તેથી જ અમે "डति" અંતવાળાં નામોને પૃથગ્ ગ્રહણ કર્યા છે.

**( श० न्यासानु० )** किञ्च, सङ्ख्यात्वेनैव कप्रत्ययसिद्धौ क्रियमाणं डतिग्रहणम् *अर्थवद्-ग्रहणे०* इति न्यायस्याऽनित्यत्वं ज्ञापयति, एवं सत्यनर्थकस्यापि तिशब्दस्य ग्रहणेन कतीत्यादौ त्यन्ते कप्रत्ययप्रतिषेधः स्यादिति तदुज्जीवनेन डतेः पृथग्ग्रहणं चरितार्थम् । ज्ञापनस्थले च स्वांशे चारितार्थ्यमन्यत्र फलं च किञ्चिदवश्यं भवतीत्यनित्यत्वज्ञापनस्यान्येन फलेनापि केनापि भवि-तव्यम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** આમ તો પંક્તિ ઉત્તરપક્ષની છે છતાં પણ એનાં સંબંધમાં પૂર્વપક્ષ ઊભો કર્યા વિના ઉત્તરપક્ષ સમજી શકાય એમ નથી. આથી સૌ પ્રથમ પૂર્વપક્ષ જણાવીએ છીએ : विंशति, षष्टि, सप्तति વગેરે શબ્દોમાં ભલે અવ્યુત્પત્તિ પક્ષનો આશ્રય કરાયો હોય, પરંતુ "किम्" સર્વનામ ઉપરથી બનેલો "कति" વ્યુત્પત્તિ પક્ષનો આશ્રય કરાયાથી જ પ્રાપ્ત થયો છે. અહીં પ્રત્યય અને પ્રકૃતિનો વિભાગ ("किम्" તથા डति) તે તે સૂત્રો દ્વારા સ્પષ્ટપણે જણાય છે. માટે આવા શબ્દોમાં તો "अर्थवद् ग्रहणे न अनर्थकस्य" ન્યાય લાગુ પડશે જ. આમ "ति"નાં વર્જનથી "डति" અંતનું વર્જન થાત નહિ. તમે તો "डति" અંતવાળા નામોને સંખ્યા જેવાં કહ્યાં છે. આથી "संख्या" શબ્દથી ((૬/૪/૧૩૦) સૂત્રમાં રહેલાં "संख्या" શબ્દથી) "क" પ્રત્યયનું વિધાન થઈ જાત. માટે તમારા મતે પૃથગ્ "डति"નું ગ્રહણ નિરર્થક છે. જ્યારે અમારા મતે તો પૃથગ્ ગ્રહણ કરવાથી જ "डति" અંતવાળા નામો સંખ્યા જેવાં થતાં જ નથી. આથી અમારા મતે પૃથગ્ "डति"નું ગ્રહણ આવશ્યક છે.

**ઉત્તરપક્ષ :-** સંખ્યાપણાંથી જ "क" પ્રત્યયની સિદ્ધિ હોતે છતે (૬/૪/૧૩૦) સૂત્રમાં ફરીથી "डति"નું ગ્રહણ કર્યું છે. તેના દ્વારા "अर्थवद्ग्रहणे न अनर्थकस्य" ન્યાય અનિત્ય બને છે, એવું અમે જણાવીએ છીએ. આથી જેમ "ति" અંતવાળા નામોમાં "क" પ્રત્યયનો પ્રતિષેધ થાય એ જ પ્રમાણે અનર્થક એવાં "डति" અંતવાળા નામોમાં પણ "क" પ્રત્યયનો પ્રતિષેધ થઈ જાત. ભલે સૂત્રમાં સંખ્યાવાચક શબ્દોથી "क" પ્રત્યય થાય છે એવું કહ્યું હોય તો પણ "ति"નાં વર્જનથી "डति" અંતવાળાનું પણ વર્જન કરીને "कति" વગેરે શબ્દોમાં "क" પ્રત્યયનો નિષેધ થઈ જાત, પરંતુ "डति" અંતવાળામાં "क" પ્રત્યય તો કરવો જ છે. આથી "डति" અંતવાળા નામોમાં "क" પ્રત્યયની પ્રાપ્તિ કરાવવા માટે જ (૬/૪/૧૩૦) સૂત્રમાં પૃથગ્ એવાં "डति" અંતવાળાનું ગ્રહણ કર્યું છે. આ પ્રમાણે "अर्थवद् ग्रहणे..." ન્યાયની અનિત્યતા જણાવનાર એવું પૃથગ્ "डति"નું ગ્રહણ છે. જે જે સૂત્રમાં જ્ઞાપકપણું હોય તે જ્ઞાપકપણાંનું ફળ તે તે સૂત્રમાં પણ મળે છે અને અન્ય સૂત્રોમાં અન્ય ફળ પણ પ્રાપ્ત થાય છે. આથી (૬/૪/૧૩૦) સૂત્રમાં જ્ઞાપકપણાંનું ફળ "ति"નાં વર્જનથી અનર્થક એવાં "डति"નું વર્જન પણ થઈ જાત. ("अर्थवत्" ન્યાય અનિત્ય

બનવાથી) આથી "डति" અંતવાળા નામોમાં "क" પ્રત્યયની પ્રાપ્તિ કરાવવા માટે પૃથગ્ "डति"નું ગ્રહણ કર્યું છે.

**(श० न्यासानु०)** तच्च फलं प्रकृते एतदेव, यत्-एकसप्ततिरित्यादौ त्यन्तत्वेन प्रतिषेधः सिद्धः, अन्यथा (नित्यत्वे) परिमाणार्थमादायार्थवान् 'ति'शब्दः प्रत्यय एव सम्भवेदिति प्रत्ययत्वज्ञाने "प्रत्ययः प्रकृत्यादेः" [७.४.११५.] इत्येतद्बललभ्यतदन्तविधौ सति त्यन्ते सप्ततिशब्दादौ कप्रत्ययनिषेधेऽपि ऊनाधिकग्रहणाभावेन एकसप्तत्यादिशब्दस्त्यन्तत्वेन न गृह्येतेति तत्र निषेधाप्रवृत्तौ कप्रत्ययापत्तेः। अनित्यत्वे तु 'अशत्तिष्टेः' इत्यत्रत्यतिशब्दः प्रत्यय एव ग्रहीतव्य इति नियमाभावे "प्रत्ययः प्रकृत्यादेः" [७.४. ११५.] इत्यस्याप्रवृत्तौ "सङ्ख्या-डतेः०" [६.४.१३०.] इत्यत्र सङ्ख्यापदेनाऽभेदान्वयोपपत्त्यर्थं कल्पनया तदन्तविधिलाभेऽपि "प्रत्ययः०" [७.४.११५.] इत्येतत्प्रवृत्तिबलेन लभ्य ऊनाधिकग्रहणाभाव इदानीं न लभ्येतेति त्यन्तत्वसत्त्वादेकसप्तत्यादावपि प्रतिषेधः सिद्ध्यति ।

**અનુવાદ :-** "अर्थवत् ग्रहणे न अनर्थकस्य" ન્યાય અનિત્ય બનવાથી તેનું અન્ય સ્થાનમાં બીજું ફળ પણ મળે છે. જે આ પ્રમાણે છે : (૬/૪/૧૩૦) સૂત્રમાં "अर्हद्" સુધીનાં અર્થમાં સંખ્યાવાચક શબ્દોને "क" પ્રત્યય થાય છે એવું જણાવેલ છે, પરંતુ "ति" અંતવાળા સંખ્યાવાચક શબ્દોમાં "क" પ્રત્યય થતો નથી. આથી અર્થવાન એવાં "सप्तति". વગેરે શબ્દોમાં "क" પ્રત્યયનો નિષેધ થઈ શકત, પરંતુ ઉપરોક્ત ન્યાય અનિત્ય બનવાથી અનર્થક એવાં "एकसप्तति" વગેરેમાં પણ "ति" અંતપણાંથી નિષેધ સિદ્ધ થઈ શકશે. આથી જેમ "सप्तति" શબ્દથી "क" પ્રત્યયનો નિષેધ થયો, તે પ્રમાણે અનર્થક એવાં "एकसप्तति" વગેરેમાં પણ "अर्हद्" સુધીનાં અર્થમાં "क" પ્રત્યયનો નિષેધ સિદ્ધ થઈ શકશે.

જો આ ન્યાય નિત્ય થાત તો (૬/૪/૧૭૩) સૂત્રથી પરિમાણ અર્થને ગ્રહણ કરીને અર્થવાન એવો "ति" સ્વરૂપ પ્રત્યય જ સંભવત. આ પ્રમાણે "ति" પ્રત્યયપણાંનું જ્ઞાન થવાથી "प्रत्ययः प्रकृत्यादेः" (૭/૪/૧૧૫) પરિભાષાથી "ति" પ્રત્યય માટે "सप्तन्" વગેરે પ્રકૃતિ ગણાત અને તેમ થાત તો "ति" અંતવાળાં "सप्तति" વગેરે શબ્દોમાં "क" પ્રત્યયનો નિષેધ થાત તથા (૭/૪/૧૧૫) સૂત્રની પરિભાષાથી "ति" પ્રત્યય માટેની પ્રકૃતિ અધિક અથવા તો ઓછી ગ્રહણ ન કરી શકાતી હોવાથી "एकसप्तति" વગેરે શબ્દો "ति" અંતપણાંથી ગ્રહણ કરી શકાત નહિ. આથી "एकसप्तति" વગેરે શબ્દોમાં (૬/૪/૧૩૦) સૂત્રથી નિષેધ થાત નહિ. અને તેમ થાત તો "क" પ્રત્યયની પ્રાપ્તિ આવત.

જો આ ન્યાય અનિત્ય બન્યો હોત તો (૬/૪/૧૩૦) સૂત્રમાં જે "ति"નું વર્જન કર્યું છે, ત્યાં

"ति" શબ્દસ્વરૂપ પ્રત્યયથી ભિન્ન જ ગ્રહણ કરવા યોગ્ય છે, એવાં નિયમનો અભાવ થાય છે. અર્થાત્ માત્ર "ति" અંતવાળી પ્રકૃતિ જ નિષેધ થાય છે એવાં નિયમનો અભાવ થાય છે. આમ થવાથી (૭/૪/૧૧૫) પરિભાષાની પણ અપ્રવૃત્તિ થશે. તેથી જેમ "सप्तति"માં "क" પ્રત્યયનો નિષેધ થાય એ પ્રમાણે "एकसप्तति" વગેરેમાં પણ (૬/૪/૧૩૦) સૂત્રથી "क" પ્રત્યયનો નિષેધ થશે. હવે "संख्या" પદથી જેમ "सप्तति" શબ્દ લઈ શકાશે એમ "एकसप्तति" શબ્દ પણ લઈ શકાશે એવી કલ્પના કરી શકાતી હોવાથી (૭/૪/૧૧૫) પરિભાષાથી જે ઊનાધિક પ્રકૃતિમાં ગ્રહણનો અભાવ હતો તે ઊનાધિક પ્રકૃતિનાં ગ્રહણનો અભાવ હવે પ્રાપ્ત થશે નહિ. આથી "ति" અંતનાં વર્જનથી (૬/૪/૧૭૩) સૂત્ર પ્રમાણે જે માત્ર "सप्तति" વગેરેનું વર્જન થઈ શકતું હતું, તેના બદલે હવે "एकसप्तति" વગેરેમાં પણ પ્રતિષેધ સિદ્ધ થઈ શકશે. ("संख्या" પદ દ્વારા જેમ "सप्तति" પદ લઈ શકાય તેમ અભેદ અન્વયથી "एकसप्तति" વગેરે પણ લઈ શકાશે.)

**(श० न्यासानु०)** वस्तुतस्तु डत्यन्ते सङ्ख्याकार्यातिदेशः कतिक इत्यत्र केवलं कप्रत्ययमुत्पाद्यैव न कृती भवति, 'कतिधा' इत्यत्र "सङ्ख्याया धा" [७.२.१०४.] इति धाप्रत्ययम्, 'कतिकृत्वः०' इत्यत्र "वारे कृत्वस्" [७.२.१०९.] इति कृत्वसूप्रत्ययं च सङ्ख्यात्वावच्छिन्नोद्देश्यताकं समुत्पाद्यापि कृतार्थो भवितुमर्हति, सेयं कृतार्थता डत्यन्तस्य सङ्ख्यातिदेशेनैव भवेदिति मन्तव्यम्।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આ સૂત્ર "डति" અંતવાળા નામોને સંખ્યા જેવા બનાવવા માટે કરવામાં આવ્યું છે, આથી આ અતિદેશસૂત્ર કહેવાશે. હવે જો "डति" અંતવાળું નામ આ સૂત્રથી સંખ્યા જેવું થાય તો (૬/૪/૧૩૦) સૂત્રમાં "સંખ્યા" શબ્દનાં ગ્રહણથી જ "डति" અંતવાળાં શબ્દો પણ આવી જાત, છતાં પણ પૃથગ્ એવા "डति"નાં ગ્રહણ માટે આપે કહ્યું કે, તે સંખ્યા જેવું થતું નથી. જ્યારે અમે કહ્યું કે, તે સંખ્યા જેવું થાય છે. માત્ર "ति"નાં વર્જનથી "डति" અંતવાળાનું વર્જન ન થઈ જાય તેને માટે ફરીથી "डति" અંતવાળા શબ્દોનું ગ્રહણ કર્યું છે. આથી વિવાદનું મૂળ કારણ "डति" અંતવાળા શબ્દો સંખ્યા જેવાં ગણી અને સંખ્યાથી પૃથગ્ "डति"નું ગ્રહણ કર્યું છે કે સંખ્યા જેવા નહિ ગણીને "डति"નું પૃથગ્ ગ્રહણ કર્યું છે એવું હતું. આ સંદર્ભમાં અમે કહીએ છીએ કે "डति" અંતવાળા નામ સંખ્યા જેવાં જ છે. અમારું પ્રયોજન "डति" અંતવાળા નામોને સંખ્યા જેવાં બનાવી અને "अर्हद्" સુધીનાં અર્થમાં "क" પ્રત્યય કરવો એટલું જ માત્ર નથી, પરંતુ "कति" વગેરે શબ્દોને સંખ્યા જેવાં ગણીને "सङ्ख्यायाः धा" (૭/૨/૧૦૪) સૂત્રથી "धा" પ્રત્યય કરીને "कतिधा" શબ્દ પ્રાપ્ત થાય છે તેમજ "वारे कृत्वस्" (૭/૨/૧૦૯) સૂત્રથી "कृत्वस्" પ્રત્યય થઈને "कतिकृत्वस्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે જો "डति" અંતવાળાને સંખ્યા જેવાં બનાવવામાં ન આવે તો "कतिधा" વગેરે

પ્રયોગોની પ્રાપ્તિ થઈ શકે નહિ. આથી હવે આ સૂત્ર વડે અતિદેશ થવાથી જ "कतिधा" વગેરે પ્રયોગોની પ્રાપ્તિ થઈ શકે છે.

**( श० न्यासानु० )** प्रपूर्वात् "डुकृंग् करणे" इत्यतः प्रकरणानि प्रभेदकरणानि प्रकृष्टकरणानि वेत्यर्थे "भावाऽकर्त्रोः" [५.३.१८.] इति घञि "नामिनोऽक०" [४.३.५१.] इति वृद्धौ 'प्रकार' इति नाम्नो भिसि "भिस०" [१.४.२.] इत्यैसादेशे सन्धौ रुत्वे विसर्गे च **प्रकारै**रिति, सामान्यस्य भिद्यमानस्य भेदान्तरानुप्रवृत्ता भेदाः प्रकारास्तैरित्यर्थः । **कतिभिः प्रकारै**रिति विग्रहः, **कतिधे**ति तद्धितान्ता वृत्तिः, अत्र डत्यन्तस्य सङ्ख्यातिदेशात् "सङ्ख्याया धा" [७.२.१०४.] इति धाप्रत्ययो भवति, अन्यथा नियतविषयपरिच्छेदहेतुत्वाभावेन सङ्ख्यात्वविरहाद् डत्यन्तस्य पृथगनुपादानाच्च न स्यात्, धाप्रत्ययान्तस्य च "अधण्०" [१.१.३२.] इत्यव्ययत्वेन स्यादेर्लोपः ।

**અનુવાદ :-** કરવા અર્થમાં "कृ" ધાતુ પહેલા ગણનો છે. "રચના કરવી", "ભેદ કરવો" તથા "અત્યંત વિશેષ કરવા" સ્વરૂપ અર્થમાં "प्र" ઉપસર્ગપૂર્વક "कृ" ધાતુને ભાવ અને અકર્તા અર્થમાં "भावाऽकर्त्रोः" (૫/૩/૧૮) સૂત્રથી "घञ्" પ્રત્યય થાય છે તથા "नामिनोऽकलि..." (૪/૩/૫૧) સૂત્રથી વૃદ્ધિ થતાં "प्रकार" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે આ "प्रकार" નામથી સ્યાદિનો "भिस्" પ્રત્યય થાય છે તથા "भिस् ऐस्" (૧/૪/૨) સૂત્રથી "भिस्"નો "ऐस्" આદેશ થાય છે. હવે "स्"નો "रु" થતાં અને "रु"નો વિસર્ગ થતાં "प्रकारैः" શબ્દ પ્રાપ્ત થાય છે. સૌ પ્રથમ વસ્તુ સામાન્યથી હોય છે. જ્યારે જ્યારે વિશેષનો બોધ કરવો હોય ત્યારે સામાન્ય સંબંધી વિશેષનો બોધ થઈ શકે છે. આથી ભેદ કરાતાં એવા સામાન્યમાં અન્ય અન્ય વિશેષોની જે પ્રવૃત્તિ તે પ્રકાર શબ્દનો અર્થ છે. હવે "कतिभिः प्रकारैः" એ પ્રમાણે વિગ્રહ થશે તથા "कतिधा" એ પ્રમાણે તદ્ધિતપ્રત્યયાંતવાળી વૃત્તિ થશે.

હવે અહીં "डति" પ્રત્યયાંતવાળા "कति" શબ્દનું આ સૂત્રથી સંખ્યાવાચકપણું પ્રાપ્ત થવાથી "संख्यायाः धा" (૭/૨/૧૦૪) સૂત્રથી "धा" પ્રત્યય થાય છે. જો "डति" અંતવાળા નામોને આ સૂત્રથી સંખ્યા જેવાં ન બનાવ્યાં હોત તો (૭/૨/૧૦૪) સૂત્રથી "धा" પ્રત્યયની પ્રાપ્તિ થાત નહિ. વળી (૬/૪/૧૩૦) સૂત્રમાં "डति" અંતવાળા નામોને સંખ્યા જેવાં ન ગણીને "डति" અંતનું પૃથગ્ ગ્રહણ કર્યું હોત તો પણ (૭/૨/૧૦૪) સૂત્રથી "धा" પ્રત્યય થાત નહિ. હવે "धा" પ્રત્યયાંતવાળો "कतिधा" શબ્દ "अधण्..." (૧/૧/૩૨) સૂત્રથી અવ્યયસંજ્ઞાવાળો થાય છે. તેથી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે. માટે "कतिधा" શબ્દની પ્રાપ્તિ થાય છે.

**( श० न्यासानु० ) कती**ति–कतिशब्दाद् "नाम्नः" [२.२.३१.] इति जसि "डतिष्णः०" [१.४.५४.] इति तल्लुपि च कतीति, ज्ञानाय यद्गतः सङ्ख्याविशेषः पृच्छ्यते ते कतिशब्दस्यार्थः ।

**वारा** इति-"वृंग्ट् वरणे" इत्यतो व्रियन्त इत्यर्थे "युवर्णवृ०" [५.३.२८.] इत्यापवादिकाल्-प्राप्तावपि बाहुलकाद् घञि वृद्धौ च वारेतिनाम्नो जसि सस्य रुत्वे "रोर्यः" [१.३.२६.] इति यत्वे "स्वरे वा" [१.३.२४.] इति यकारस्य लुकि च वारा इति, धात्वर्थस्यायौगपद्येन वृत्तयस्तत्काला वेत्यर्थः । **अस्येति**-"इंण्क् गतौ" इत्यतः "इणो दमक्" [उणा० ९३८.] इति दमकि इदम्, ततः "शेषे" [२.२.८१.] इति ङसि "आ द्वेरः" [२.१.४१.] इति मस्याऽकारे "लुगस्या०" [२.१.११३.] इति पूर्वाकारलोपे "टा-ङसो०" [१.४.५.] इति ङसः स्यादेशे एकदेशविकृतन्यायेन 'इद' इत्यस्य स्थाने "अनक्" [२.१.३६.] इत्यनेन अदादेशे तकारस्यो-च्चारणार्थत्वाद् 'अस्य' इति रूपसिद्धिः, बुद्धिस्थत्वादिना पुरोवर्तिन इति तदर्थः । **कति वारा अस्येति** विग्रहवाक्यम् । कृत्वसुप्रत्ययान्तस्य "अधण्०" [१.१.३२.] इत्यव्ययत्वाद् "अव्ययस्य" [३.२.७.] इति स्यादेर्लुपि सस्य रुत्वे विसर्गे च **कतिकृत्व** इति तद्धितान्ता वृत्तिः, अत्रापि सङ्ख्यातिदेशात् कृत्वसः सिद्धिः ।

**અનુવાદ :-** "कति" શબ્દથી "नाम्नः..." (૨/૨/૩૧) સૂત્રથી "जस्" પ્રત્યય થાય છે તથા આ "जस्" પ્રત્યયનો "डतिष्णः..." (૧/૪/૫૪) સૂત્રથી લોપ થતાં "कति" શબ્દની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન માટે જેને વિશે રહેલી એવી સંખ્યાવિશેષ પૂછાય છે તે "कति" શબ્દનો અર્થ છે.

હવે "वारा" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "વરવું" અર્થવાળો "वृ" ધાતુ પાંચમા ગણનો છે. હવે આ "वृ" ધાતુથી ભાવમાં "युवर्णवृ..." (૫/૩/૨૮) સૂત્રથી અપવાદિક એવાં "अल्" પ્રત્યયની પ્રાપ્તિ હોવા છતાં પણ ઘણું કરીને "घञ्" પ્રત્યયની પ્રાપ્તિ થાય છે અને વૃદ્ધિ થવાથી "वार" શબ્દની પ્રાપ્તિ થાય છે. હવે "वार" શબ્દને "जस्" પ્રત્યય થતાં તથા "स्"નો "रु" થતાં તેમજ "रोर्यः" (૧/૩/૨૬) સૂત્રથી "र्"નો "य्" થતાં તેમજ "स्वरे वा" (૧/૩/૨૪) સૂત્રથી "यकार"નો લોપ થતાં "वारा" પ્રયોગ પ્રાપ્ત થાય છે. જે ધાતુનો અર્થ હોય તે અર્થવાળી ક્રિયાનું એકસાથે ન રહેવાપણું એ "वार" શબ્દનો અર્થ છે. દા.ત. "ખાવું" એ ધાતુનો અર્થ છે. આ ખાવા સ્વરૂપ ક્રિયા એકસાથે ન રહે તો તે "वार" અર્થવાળી કહેવાય છે તથા ભિન્ન ભિન્ન સમયે રહેવાવાળી એવી ક્રિયા એ પણ "वार" શબ્દનો અર્થ જ છે.

હવે "अस्य" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "જવું" અર્થવાળો "इ" ધાતુ બીજા ગણનો છે. આ "इ" ધાતુથી (उणादि० ૯૩૮) સૂત્રથી "दमक्" પ્રત્યય થતાં "इदम्" શબ્દ થાય છે. આ "इदम्" શબ્દથી "शेषे" (૨/૨/૮૧) સૂત્રથી "ङस्" પ્રત્યય થતાં તેમજ "आ द्वेरः" (૨/૧/૪૧) સૂત્રથી "इदम्"નાં "म्"નો "अ" થતાં તથા "लुगस्या..." (૨/૧/૧૧૩) સૂત્રથી પૂર્વના અકારનો લોપ થાય છે. હવે "इद + ङस्" આ અવસ્થામાં "टा-ङसो..." (૧/૪/૫) સૂત્રથી

"ङस्"નો "स्य" આદેશ થતાં તેમજ "एकदेशविकृतम् अनन्यवत्" ન્યાયથી જેમ "इदम्"નો "अ" થાય તેમ "इद"નો પણ "अनक्" (૨/૧/૩૬) સૂત્રથી "अ" આદેશ થતાં "अस्य" રૂપની સિદ્ધિ થાય છે. "अस्य"નો અર્થ બુદ્ધિમાં રહેવાપણાંથી જે આગળ રહેવાવાળું હોય તેવો થાય છે અર્થાત્ બુદ્ધિની સમીપપણાંમાં જે રહ્યું હોય તે अस्यનો અર્થ થાય છે.

હવે "कति वारा अस्य" એ પ્રમાણે વિગ્રહવાક્ય થયું. અહીં "वार" અર્થમાં "वारे कृत्वस्" (૭/૨/૧૦૯) સૂત્રથી "कृत्वस्" પ્રત્યય થતાં "अधण्..." (૧/૧/૩૨) સૂત્રથી અવ્યયસંજ્ઞા થાય છે. હવે અવ્યયસંજ્ઞા થવાથી "अव्ययस्य" (૩/૨/૭) સૂત્રથી સ્યાદિનો લોપ થાય છે તેમજ "कृत्वस्"નાં "स्"નો "रु" થયે છતે વિસર્ગ થવાથી "कतिकृत्वः" એ પ્રમાણે તદ્ધિત પ્રત્યયાંતવાળી વૃત્તિ થાય છે. અહીં પણ "डति" અંતવાળા નામોમાં સંખ્યાનો અતિદેશ થવાથી "कृत्वस्" પ્રત્યયની સિદ્ધિ થઈ.

**( श० न्यासानु० ) एवमिति**–"इंण्क् गतौ" इत्यतः "लटि०" [उणा० ५०५.] इति वे गुणे च 'एव' इति, अस्यैव चादिगणपाठनिपातनसामर्थ्याद् एवमिति "एवं प्रकारोपमयोरङ्गीकारावधारणे" इति वचनात् कतिशब्दोपवर्णितप्रकारेणेत्यर्थः । "यजीं देवपूजादौ" "तनूयी विस्तारे" आभ्याम् "तनित्यजि०" [उणा० ८९५.] इति डति यत्तदौ निष्पद्येते । उभावपि बुद्धिविशेषविषयतावच्छेदकत्वोपलक्षिततत्तद्धर्मावच्छिन्नं बोधयतः, इयाँस्तु भेदः–यच्छब्दो हि उद्देश्यताक्रान्तं निरुक्तधर्मावच्छिन्नं वाच्यत्वेनावलम्बते, तच्छब्दस्तु प्रक्रान्तं (प्राक्तनबुद्धिविशेषविषयतया चुम्बितं) तत्त्वेनालम्बत इति । अस्ति हि प्रसिद्धवचनोऽपि तच्छब्दः यथा–

"नूतनजलधररुचये गोपवधूटीदुकूलचौराय ।<br>
तस्मै कृष्णाय नमः संसारमहीरुहस्य बीजाय" ॥२॥

**( न्यायसिद्धान्तमुक्तावली प्र० ख० का० १. )** इत्यादौ ।

निरुक्तधर्मावच्छिन्नं प्रक्रान्तमपि तं तत्रैव तच्छब्दः परामृशति यत्र स्वघटितवाक्यादितरस्मिन् वाक्ये यच्छब्दो निरुक्तधर्मावच्छिन्नं यं बोधयितुमीष्टे, नूतनेतिकारिकादौ तु न तथेति तत्र प्रसिद्धवचन एवोपादेयः । एवं क्वचन ब्रह्मवचनोऽपि दृश्यते तच्छब्दः, यथा–"ॐ तत् सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः" इति (गीता १७।२३), प्रकृते च प्रसिद्धाद्यर्थो न घटत इति बुद्ध्यारूढस्यैवार्थस्य ग्रहणमिति प्रकृतमनुसरामः ।

**અનુવાદ :-** જવું અર્થવાળો "इ" ધાતુ બીજા ગણનો છે. આ "इ" ધાતુથી "लटि०" (उणादि० ૫૦૫) સૂત્રથી "व" પ્રત્યય થાય છે. "इ + व" આ અવસ્થામાં ગુણ થતાં "एव" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "एव" શબ્દ જ "चादि" ગણપાઠના નિપાતનના સામર્થ્યથી "एवम्" સ્વરૂપ થાય

છે અર્થાત્ નિપાતનના સામર્થ્યથી "म्"નો આગમ થતાં एवम् અવ્યય પ્રાપ્ત થાય છે. આ एवम् શબ્દ પ્રકાર, ઉપમા તથા સ્વીકારવું, અવધારણ કરવું અર્થમાં આવે છે. અહીં પ્રકાર અર્થમાં एवम् શબ્દ વપરાયો છે. અહીં कति શબ્દ નિમિત્તે વર્ણન કરાયેલા પ્રકાર વડે एवम् શબ્દનો અર્થ થાય છે અર્થાત્ कति શબ્દમાં જેવા શબ્દો બતાવાયા છે તેવા જ શબ્દો યતિ વગેરેમાં આવશે.

દેવપૂજા વગેરે અર્થવાળો "यज्" ધાતુ પહેલા ગણનો છે તથા વિસ્તારવું અર્થવાળો "तन्" ધાતુ પાંચમા ગણનો છે. આ બંને ધાતુથી "तनि-त्यजि०" (ઉણાદિ૦ ૮૯૫) સૂત્રથી "डत्" પ્રત્યય થતાં "यत्" અને "तत्" શબ્દ પ્રાપ્ત થાય છે. બુદ્ધિવિશેષનો જે વિષય હોય એ વિષયના અવચ્છેદકપણાથી ઉપલક્ષિત તે તે ધર્મથી અવચ્છિન્ન એવું જે જે છે તે यद् અને तद् શબ્દનો અર્થ છે. દા.ત. આપણું જ્ઞાન કોઈ ચોક્કસ પદાર્થની વિચારણા કરે તો તેવું જ્ઞાન બુદ્ધિવિશેષ કહેવાય. હવે, ચોક્કસ પદાર્થ તરીકે જો સ્ત્રી હોય તો બુદ્ધિવિશેષવિષયતાનો અવચ્છેદક સ્ત્રીત્વ થશે અને સ્ત્રીત્વથી અવચ્છિન્ન સ્ત્રીનો બોધ यद् સ્વરૂપ શબ્દ કરાવશે તથા तद् સ્વરૂપ શબ્દ પણ એ પ્રમાણેનો જ બોધ કરાવશે. જો આ પ્રમાણે यद् અને तद्નો અર્થ કરવામાં આવશે તો બંને સમાન અર્થવાળા થશે. આ શક્યતાને નજરમાં રાખીને જ લખ્યું છે કે આ બે શબ્દો વચ્ચે આટલો ભેદ છે : ઉદ્દેશ્યતાઅવચ્છેદક ધર્મથી અવચ્છિન્નને વાચ્યપણાથી અવલંબન લેનાર यद् શબ્દ છે, અર્થાત્ यद् શબ્દ ઉદ્દેશ્યનું અવલંબન લે છે, જ્યારે ઉદ્દેશ્યનું અવલંબન લેનારને બુદ્ધિવિશેષમાં ઉપસ્થિત કરનાર तद् શબ્દનો અર્થ છે. દા.ત. મારી સામે જે પદાર્થ છે, તે પદાર્થ દુઃખદાયી છે. (मम समीपे यद् पदार्थः अस्ति स पदार्थः दुःखदायी अस्ति ।) અહીં यद्થી ઉદ્દેશ્ય-સ્વરૂપ મારી સમીપે રહેલો પદાર્થ સમજવો તથા સમીપ રહેલા પદાર્થને જ બુદ્ધિમાં દુઃખદાયી પદાર્થ સ્વરૂપે બનાવવામાં આવે તો બુદ્ધિના વિષય સ્વરૂપ જે દુઃખદાયી પદાર્થ છે, તે "तद्" શબ્દનો અર્થ છે.

"तद्" શબ્દ પ્રસિદ્ધ અર્થવાળો પણ છે. આને માટે ન્યાયસિદ્ધાન્તમુક્તાવલીના મંગલાચરણના શ્લોકનું ઉદાહરણ આપે છે. જે શ્લોકનો અર્થ આ પ્રમાણે છે : નવીન એવા મેઘની કાંતિવાળા, ગોવાળણના વસ્ત્રોને ચોરનારા તથા સંસારરૂપી વૃક્ષના બીજ સ્વરૂપ તે કૃષ્ણને નમસ્કાર થાઓ. અહીં "तस्मै" શબ્દપ્રયોગમાં तद् સર્વનામનો પ્રસિદ્ધ અર્થ સમજવો. ઉપર यद् અને तद्નો જે અર્થ અમે જણાવી ગયા છીએ, એ પ્રમાણે यद्ને સાપેક્ષ એવો तद्નો અર્થ नूतन... એ પ્રમાણે કારિકામાં નથી તેથી नूतन... કારિકામાં तद्નો અર્થ પ્રસિદ્ધ જ ગ્રહણ કરવા યોગ્ય છે.

એ પ્રમાણે કોઈક સ્થાનોમાં બ્રહ્મસ્વરૂપ અર્થવાળો પણ "तद्" શબ્દ જણાય છે. જેમકે ગીતાના સત્તરમા અધ્યાયના ૨૩મા શ્લોકમાં જણાવેલ છે કે ૐ, तद्, सत् એ પ્રમાણે બ્રહ્મનું ત્રણ પ્રકારે

સ્વરૂપ જણાવાયેલ છે. આ પ્રમાણે तद् સંબંધી અલગ અલગ અર્થોની વિચારણા કરી. અહીં પ્રસિદ્ધ વગેરે અર્થો ઘટતા નથી. માટે तद्‌નો બુદ્ધિમાં આરૂઢ થયેલાનું ગ્રહણ કરવા સ્વરૂપ અર્થ જ સ્વીકાર્યો છે અને આ અર્થનું જ અમે અનુસરણ કરીએ છીએ.

**( श० न्यासानु० )** या सङ्ख्या मानमेषामिति यति, यतिभिः क्रीत इति **यतिकः** । यतिभिः प्रकारैरिति **यतिधा** । यति वारा अस्येति **यतिकृत्वः** । सा सङ्ख्या मानमेषामिति तति, ततिभिः क्रीत इति **ततिकः** । ततिभिः प्रकारैरिति **ततिधा** । तति वारा अस्येति **ततिकृत्वः** । शेषसाधनिका पूर्ववत् । उपदर्शितो डतिप्रत्ययान्तस्य सङ्ख्यातिदेशप्रयोजनप्रदेशः ।

**અનુવાદ :-** જે સંખ્યા પ્રમાણ જેઓનું છે, એ પ્રમાણે "यति"અર્થ થશે. તથા જેટલા વડે ખરીદાયેલું; અહીં ખરીદવા અર્થમાં સંખ્યાવાચક શબ્દથી "क" પ્રત્યય થતાં "यतिकः" શબ્દ પ્રાપ્ત થાય છે, તથા પ્રકાર અર્થમાં "धा" પ્રત્યય લાગતા "यतिधा" શબ્દ પ્રાપ્ત થાય છે, તથા વાર અર્થમાં "कृत्वस्" પ્રત્યય લાગતાં "यतिकृत्वः" શબ્દ પ્રાપ્ત થાય છે. "यतिकः" વગેરે ત્રણેય શબ્દના અનુક્રમે જેટલા વડે ખરીદેલું, જેટલા પ્રકારો વડે તથા જેટલી વાર એ પ્રમાણેના અર્થો થાય છે. એ જ પ્રમાણે તેટલી સંખ્યા છે જેઓને, એવા અર્થમાં "तति" શબ્દ પ્રાપ્ત થાય છે, તથા તેટલા વડે ખરીદેલું એવા અર્થમાં ततिकः શબ્દ પ્રાપ્ત થાય છે, તેટલા પ્રકારો વડે એવા અર્થમાં "ततिधा" શબ્દ પ્રાપ્ત થાય છે, તથા તેટલી વાર અર્થમાં "ततिकृत्वः" શબ્દ પ્રાપ્ત થાય છે. બાકીની સાધનિકા कति વગેરે પ્રમાણે સમજી લેવી. આ પ્રમાણે डति પ્રત્યાન્તવાળા શબ્દો સંબંધી સંખ્યાનો અતિદેશ જણાવ્યો, એના પ્રયોજનના સ્થાનો બતાવવામાં આવ્યા, અર્થાત્ સંખ્યા જેવા સમજવાથી ઉપર પ્રમાણેના પ્રયોગો મળ્યા.

**( श० न्यासानु० )** अधुना अतुप्रत्ययान्तस्य विचारावसर इति भूमिकां रचयति–'**अतु**' इति। या सङ्ख्या मानमेषामिति यावन्तः, यावद्भिः क्रीत इति **यावत्कः** । यावद्भिः प्रकारैरिति **यावद्धा** । यावन्तो वारा अस्येति **यावत्कृत्वः** । अत्र यच्छब्दाद् "यत्तदेतदो डावादिः" [७.१.१४९.] इति डावादिरतुः, तत्र च डकारोकारावितौ, ततोऽन्त्यस्वरादिलोपे यावत्शब्दात् क–धा–कृत्वस् प्रत्ययेषु निरुक्तरूपाणि । *यदागमास्तद्गुणीभूतास्तद्ग्रहणेन गृह्यन्ते* इति न्यायाद् डावादिरतुरपि अतुप्रत्ययव्यवहारभाक् । एवं सा सङ्ख्या मानमेषामिति तावन्तः, तावद्भिः क्रीत इति **तावत्कः** । तावद्भिः प्रकारैरिति **तावद्धा** । तावन्तो वारा अस्येति **तावत्कृत्वः** । शेषं यावच्छब्दवद् विज्ञेयम्। का सङ्ख्या मानमेषामिति कियन्तः, कियद्भिः क्रीत इति **कियत्कः** । कियद्भिः प्रकारैरिति- **कियद्धा** । कियन्तो वारा अस्येति **कियत्कृत्वः** । अत्र 'किम्' शब्दाद् "इदंकिमोऽतुरिय् किय् चास्य" [७.१.१४८.] इत्यतौ कियादेशे च 'कियत्' इति शब्दः, शेषं प्राग्वत् ।

**અનુવાદ :-** હવે अतु પ્રત્યયાન્તવાળા શબ્દો સંખ્યા જેવા બને છે, એ વિચારવાનો અવસર છે, આથી એની ભૂમિકાને કરે છે. "જે સંખ્યા પ્રમાણ જેઓનું છે" એ અર્થમાં "यद्" શબ્દને "यत्तदेतदो डावादिः" (૭/૧/૧૪૯) સૂત્રથી "डावादि" વાળો"अतु" પ્રત્યય થાય છે અને તેમ થવાથી यावन्तः શબ્દ પ્રાપ્ત થાય છે. તથા આ "यावत्" શબ્દ સંખ્યા જેવો થવાથી ખરીદવા વગેરે અર્થમાં "क" વગેરે પ્રત્યયો લાગવાથી "यावत्कः" "यावद्धा" તથા "यावत्कृत्वः" શબ્દો પ્રાપ્ત થાય છે. "डावतु" પ્રત્યયમાં "डकार" અને "उकार" "इत्" સંજ્ઞાવાળા છે તથા ड् इत् સંજ્ઞાના કારણે અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં "यावत्" શબ્દ પ્રાપ્ત થાય છે અને એ "यावत्" શબ્દને "क" વગેરે પ્રત્યયો લાગવાથી ઉપર કહેલા પ્રયોગો પ્રાપ્ત થાય છે.

"आगमा यद् गुणीभूता" એવો ન્યાય વ્યાકરણમાં આવે છે. જેનો અર્થ આ પ્રમાણે થાય છે : અવયવ-રૂપ થયેલા જે આગમો છે, તે પ્રત્યય અથવા તો પ્રકૃતિના ગ્રહણથી જ ગ્રહણ કરાય છે. લોકમાં જે પ્રમાણે દેવદત્તને છ આંગળીઓ હોય તો આગમ સ્વરૂપ છઠ્ઠી આંગળી હોતે છતે પણ જેમ પાંચ આંગળીઓવાળો દેવદત્ત કહેવાય તેમ છ આંગળીવાળો પણ દેવદત્ત જ કહેવાય છે. એક આંગળી અધિક હોવાથી બીજા બધા દેવદત્તોની જેમ આની દેવદત્ત સંજ્ઞા પડશે નહીં, એવું કહી શકાશે નહીં. તેથી અહીં પણ જેમ "अतु" પ્રત્યય એકલો "अतु" તરીકે સમજાય છે તે જ પ્રમાણે "डाव्" આદિવાળો એવો "अतु" પ્રત્યય પણ "अतु" પ્રત્યય સંબંધી વ્યવહાર(કાર્ય)ને ભજનારો થાય છે. આથી "डावतु" પ્રત્યય અંતવાળા શબ્દો પણ સંખ્યા જેવા થશે. સૂત્રમાં ભલે ""अतु" પ્રત્યયાન્તવાળા શબ્દો સંખ્યા જેવા થાય છે" એવું કહ્યું હોય, પરંતુ ઉપરોક્ત ન્યાયથી આગમ સ્વરૂપ "डाव्" પણ "अतु" પ્રત્યયનું જ અંગ (અવયવ) થવાથી "डावतु" અન્તવાળો શબ્દ પણ સંખ્યા તરીકે ગ્રહણ કરી શકાશે.

"અમુક સંખ્યા પ્રમાણે છે તેઓનું" એ અર્થમાં "तद्" સર્વનામને "डावतु" પ્રત્યય લાગે છે તથા "तावत्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે ખરીદવા અર્થમાં "क" પ્રત્યય થતા (૬/૪/૧૩૦) સૂત્રથી "तावत्कः" પ્રયોગ પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે પ્રકાર અર્થમાં "धा" પ્રત્યય થતાં "तावद्धा" પ્રયોગ પ્રાપ્ત થાય છે તથા વાર અર્થમાં "कृत्वस्" પ્રત્યય લાગીને "तावत्कृत्वः" પ્રયોગ થાય છે. આ બધા જ પ્રયોગોમાં સાધનિકા "यावत्" અવ્યયની જેમ જાણવા યોગ્ય છે.

"કેટલી સંખ્યા પ્રમાણ માપ છે જેઓનું" એ અર્થમાં "इदंकिमोऽतुरिय् किय चास्य" (૭/૧/૧૪૮) સૂત્રથી "अतु" પ્રત્યય થતાં તેમજ "किम्"નો "किय्" આદેશ થતાં "कियत्" શબ્દ પ્રાપ્ત થાય છે. હવે ખરીદવા અર્થમાં "क" પ્રત્યય થતાં "कियत्कः" પ્રયોગ પ્રાપ્ત થાય છે. જેનો અર્થ કેટલાવડે ખરીદેલું એવો થાય છે. પ્રકાર અર્થમાં "धा" પ્રત્યય થતાં "कियद्धा" પ્રયોગ પ્રાપ્ત થાય છે, જેનો અર્થ "કેટલા પ્રકારો" એ પ્રમાણે થાય છે. તથા વાર અર્થમાં "कृत्वस्"

પ્રત્યય લાગતા "कियत्कृत्वः" પ્રયોગ પ્રાપ્ત થાય છે, જેનો અર્થ "કેટલી વાર" એ પ્રમાણે થાય છે. ઉપરના બધા જ શબ્દપ્રયોગોમાં સાધનિકા "कति" શબ્દ પ્રમાણે સમજી લેવી.

**( श० न्यासानु० )** ननु संज्ञाप्रस्तावात् "डत्यतु सङ्ख्या" इत्याकारकं संज्ञासूत्रमेवास्तु, एवं सति वत्प्रत्ययोपादानमपि न कर्तव्यमित्यपरमनुकूलम् । न च संज्ञासूत्रत्वे एकादिकायाः सङ्ख्यायाः सङ्ख्याप्रदेशेषु (सङ्ख्योद्देश्यकशास्त्रेषु "सङ्ख्या-डते०" [६.४.१३०.] इत्यादिषु) संप्रत्ययार्थं (सङ्ख्यात्वावच्छिन्नोद्देश्यतया ग्रहणार्थं) "डत्यतुसङ्ख्या सङ्ख्या" इति संज्ञिकोटावपि सङ्ख्याग्रहणं कर्तव्यम्, तथा सत्येव डति-प्रत्ययान्तमतुप्रत्ययान्तं नाम सङ्ख्या चैकादिका सङ्ख्या संज्ञानि भवन्तीति सूत्रार्थः सम्पत्स्यते, 'द्विकम्' इत्यादौ क-धा-प्रभृतिप्रत्ययादयश्च इष्टाः सेत्स्यन्तीति सङ्ख्याग्रहणप्रयुक्तं गौरवमिति वाच्यम् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** સંજ્ઞાનો પ્રસંગ હોવાથી "डत्यतु सङ्ख्या" એવા સ્વરૂપવાળું સંજ્ઞા સૂત્ર જ કરવું જોઈએ અને જો આવું સૂત્ર બનાવાશે તો "वत्" પ્રત્યયનું ગ્રહણ પણ કરવું નહીં પડે એ પ્રમાણે બીજાઓનું (પાણિનિ વ્યાકરણકારનું) માનવું છે. આ સંબંધમાં જ આપણે પૂર્વપક્ષ તરીકે પ્રશ્ન પૂછીએ છીએ કે જો આ પ્રમાણે સંજ્ઞાસૂત્ર બનાવવામાં આવશે તો "डति" અને "अतु" અંતવાળા નામો જ સંખ્યા સંજ્ઞાવાળા થશે; પરંતુ એક-બે-ત્રણનો સમાવેશ સંખ્યા સંજ્ઞામાં થઈ શકશે નહીં; કેમકે લોકપ્રસિદ્ધ એવી સંખ્યા અકૃત્રિમ કહેવાય છે તથા સૂત્રના સામર્થ્યથી "डति" અને "अतु" અંતવાળું નામ સંખ્યા થાય છે એ કૃત્રિમ સંખ્યા કહેવાશે. હવે કૃત્રિમ અને અકૃત્રિમ બંને હોય ત્યારે કૃત્રિમનું જ ગ્રહણ થઈ શકે છે. આથી જ્યારે જ્યારે સૂત્રમાં સંખ્યા શબ્દને ઉદ્દેશીને કોઈ કાર્યો કહ્યા હોય ત્યારે એક-બે વગેરેને પણ જો સંખ્યા શબ્દથી ગ્રહણ કરવા ઇષ્ટ હોય તો "डत्यतु सङ्ख्या सङ्ख्या" એ પ્રમાણેનું સૂત્ર બનાવવું પડશે. જેથી "सङ्ख्या" સંજ્ઞા "डति" અને "अतु" અંતવાળાની તેમજ એક-બે વગેરે શબ્દોની પણ થશે. આ પ્રમાણે સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનું ગ્રહણ કરવું આવશ્યક થઈ પડશે અને એમ થવાથી "द्वि" વગેરે સંખ્યાને પણ "क", "धा" વગેરે પ્રત્યયો સિદ્ધ થઈ શકશે; પરંતુ આમ થવાથી સંખ્યા શબ્દ સંજ્ઞિકોટિમાં ગ્રહણ કરવો પડશે જે ગૌરવ સ્વરૂપ થશે. આથી "वत्" ગ્રહણ કરવામાં આવશે તો લાઘવ થશે.

**( श० न्यासानु० )** "सोमात् सुगः" [५.१.१६३.] "अग्नेश्चेः" [५.१.१६४.] इत्यादौ यथा वाचकतासम्बन्धेन सोमाग्न्याद्यर्थविशिष्टशब्दस्यैव ग्रहणं तथा "दृतिनाथात् पशाविः" [५.१.९७.] "ङसोऽपत्ये" [६.१.२८.] "देवता" [६.२.१०१.] इत्यादावपि पश्वपत्यदेवतादीनां शब्दानामेव ग्रहणं प्राप्नुवदपि इष्टलक्ष्यानुसारिव्याख्यानतोऽवरुद्ध्यते, पश्वादिलौकिकार्थाश्च गृह्यन्ते, तथा सन्तश्च

ते इष्टलक्ष्याणि निर्वर्त्तयितुं क्षमन्ते, एवं सङ्ख्याप्रदेशेष्वपि एकादिका सङ्ख्या लोकप्रसिद्धा ग्रहीष्यते, "डत्यतु०" सूत्रं तु सङ्ख्याप्रदेशेषु ग्रहणेनाऽननुगृहीतानां कतिप्रभृतीनां ग्राहणेन कृतार्थीभवेदिति संज्ञिकोटौ सङ्ख्याग्रहणस्यानावश्यकत्वात् ।

**पूर्वपक्ष :-** (આ પૂર્વપક્ષ પાણિનિ વ્યાકરણનો છે.) "सोमात् सुगः" (૫/૧/૧૬૩) તથા "अग्नेः चेः" (૫/૧/૧૬૪) વગેરે સૂત્રોમાં "सोम" અને "अग्नि" શબ્દથી આમ તો "स्वं रूपं शब्दस्य..." ન્યાયથી "सोम" અને "अग्नि" સ્વરૂપ શબ્દ જ ગ્રહણ કરી શકાય છે; પરંતુ કોઈ ચોક્કસ વ્યક્તિઓની "सोम" અને "अग्नि" સંજ્ઞા પાડવામાં આવે તો વ્યક્તિવિશેષ અર્થવાળો "सोम" શબ્દ કૃત્રિમ કહેવાશે તથા દારુ અર્થવાળો "सोम" શબ્દ તેમજ જ્વાળા જેમાં હોય છે અને ઉષ્ણતાવાળો જે પદાર્થ છે, તેવો "अग्नि" શબ્દ છે, જે અકૃત્રિમ અર્થવાળો કહેવાય છે. આથી બંને અર્થવાળા "सोम" અને "अग्नि" શબ્દ ઉપસ્થિત થયે છતે સૂત્રમાં ઉપસ્થિત થયેલા "सोम" અને "अग्नि" શબ્દથી સૂરા અને જ્વાળા સ્વરૂપ અર્થવાળા અકૃત્રિમ એવા "सोम" અને "अग्नि" શબ્દનું જ ગ્રહણ કરવામાં આવે છે. તે જ પ્રમાણે "दृतिनाथात् पशाविः" (૫/૧/૯૭), "ङसोऽपत्ये" (૬/૧/૨૮) "देवता" (૬/૧/૧૦૧) વગેરે સૂત્રોમાં પણ पशु, अपत्य, અને देवता શબ્દોનું જ ગ્રહણ પ્રાપ્ત થાય છે. અહીં કૃત્રિમ એવા વ્યક્તિવિશેષવાચી અર્થવાળા ત્રણ શબ્દોનું ગ્રહણ થતું નથી, પરંતુ પશુ વગેરે શબ્દોના જે લૌકિક અર્થો (ગાય વગેરે) થાય છે એવા લૌકિક અર્થવાળા જ પશુ વગેરે શબ્દોને અહીં ગ્રહણ કરાય છે. આમ અકૃત્રિમ એવા જ પશુ વગેરે શબ્દો તે તે સૂત્રોના વિષય બને છે અને અકૃત્રિમ અર્થ લેવામાં આવે તો જ ઇષ્ટ પ્રયોગોની પ્રાપ્તિ કરાવવા માટે તે તે શબ્દો સમર્થ થાય છે. એ જ પ્રમાણે જે જે સૂત્રોમાં સંખ્યા શબ્દને ઉદ્દેશીને કાર્યો બતાવ્યા હશે (દા.ત. संख्याडतेश्चाश... (૬/૪/૧૩૦)) તે તે સૂત્રોમાં લોક-પ્રસિદ્ધ અર્થવાળો એવો સંખ્યાવાચક શબ્દ જ ગ્રહણ કરાશે. માત્ર डति અને अतु અંતવાળા શબ્દો લોકપ્રસિદ્ધ સંખ્યાવાચક નહોતા થતા માટે એવાઓની સંખ્યા સંજ્ઞા આ સૂત્રથી કરી છે. આથી (૬/૪/૧૩૦) વગેરે સૂત્રોમાં "સંખ્યા" શબ્દથી જેમ લોકપ્રસિદ્ધ અર્થવાળા સંખ્યાવાચક શબ્દો સંબંધી કાર્યો થશે તેમ "डति" અને "अतु" અંતવાળા શબ્દો સંબંધી પણ (જેઓની આ સૂત્રથી સંખ્યા સંજ્ઞા થઈ છે.) क વગેરે પ્રત્યય સંબંધી કાર્યો થશે. આથી જ અમે કહીએ છીએ કે લોકપ્રસિદ્ધ એવા સંખ્યાવાચક અર્થવાળા સંખ્યાવાચક શબ્દોને ગ્રહણ કરવા માટે સંખ્યા સંજ્ઞાવાળા સૂત્રમાં સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનું ગ્રહણ આવશ્યક નથી. સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દના ગ્રહણ વિના પણ લોકપ્રસિદ્ધ અર્થવાળા એક, બે વગેરે શબ્દો તે તે સૂત્રોમાં રહેલા સંખ્યા શબ્દથી ગ્રહણ કરી શકાશે. આ પ્રમાણે ગૌરવનો કોઈ પ્રશ્ન જ નથી.

**( श० न्यासानु० )** न चाऽक्रियमाणे सङ्ख्याग्रहणे लोके यथा-'गोपालकमानय, कटजकमानय' इत्यादौ 'गोपालक कटजक' इत्यादिसंज्ञावतां व्यक्तिविशेषकृतसङ्केतमुखस्पृशा(कृत्रिमाणा)मेव ग्रहणं भवति, न गवां पालकस्य कटे वा जातस्य पुंसः *कृत्रिमाकृत्रिमयोः कृत्रिमस्यैव ग्रहणम्* इति न्यायात्, तथा सङ्ख्याप्रदेशेष्वपि कृत्रिमत्वाद् डतिप्रत्ययान्तादय एव गृह्येरन्, न तु लोकप्रसिद्धैकादिका सङ्ख्येति संज्ञासूत्रत्वेऽकामेनापि संज्ञिकोटौ सङ्ख्याग्रहणं कर्तव्यमेवेति वाच्यम्।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજીનો) :-** હવે આચાર્યભગવંતશ્રી કેટલાક વ્યવહારોમાં કૃત્રિમ એવા અર્થવાળા શબ્દો ગ્રહણ કરાય છે, એવું બતાવીને તે તે સૂત્રોમાં ગ્રહણ કરેલા સંખ્યા શબ્દથી પણ જે અર્થમાં સંખ્યા શબ્દનું નિયમન કરાયું હોય એવા અર્થવાળા સંખ્યા શબ્દો જ ગ્રહણ કરી શકાય છે, એવું કહે છે. આથી સંખ્યા શબ્દથી "डति" અને "अतु" અંતવાળા શબ્દો જ પ્રાપ્ત થઈ શકશે; પરંતુ લોકપ્રસિદ્ધ એક વગેરે સંખ્યા સ્વરૂપ સંખ્યાવાચક શબ્દો ગ્રહણ થઈ શકશે નહીં. એના માટે લોકપ્રસિદ્ધ ઉદાહરણ બતાવે છે : દા.ત. "गोपालकम् आनय" તથા "कटजकम् आनय" વગેરે પ્રયોગોમાં ગોપાલક નામની વ્યક્તિને જ લાવવાની ક્રિયા થાય છે તેમજ કટજક નામની વ્યક્તિને જ લાવવાની ક્રિયા થાય છે. અર્થાત્ કૃત્રિમ એવા અર્થવાળા વ્યક્તિઓનો જ બોધ કરવામાં આવે છે; પરંતુ ગાયનું પાલન કરનારા એવા અર્થવાળા ગોપાલકોને લાવવાની ક્રિયા કરવામાં આવતી નથી. આમ "कृत्रिमाकृत्रिमयोः"... ન્યાયથી કૃત્રિમ અર્થવાળા શબ્દોનો જ લોકવ્યવહારમાં બોધ કરવામાં આવે છે. એ જ પ્રમાણે તે તે સૂત્રમાં રહેલા સંખ્યા શબ્દથી પણ કૃત્રિમ અર્થમાં નિયમન કરાયેલા એવા डति અને अतु અંતવાળા શબ્દો જ ગ્રહણ કરાશે. આ પ્રમાણે લોકપ્રસિદ્ધ એવા એક, બે વગેરેને જો સંખ્યા શબ્દથી ગ્રહણ કરવા હશે તો સંખ્યા સંજ્ઞાવાળા આ સૂત્રમાં અનિચ્છાએ પણ સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનું (લોકપ્રસિદ્ધ અર્થવાળા એક-બે વગેરે લેવા માટે) ગ્રહણ કરવું પડશે.

**( श० न्यासानु० )** लोके हि कृत्रिमग्रहणे न कृत्रिमत्वं कारणम्, किन्तु अर्थाद्वा प्रकरणाद्वा कृत्रिमं गृह्यते। अर्थः-सामर्थ्यम्, यथा-'गोपालकमानय माणवकमध्यापयिष्यति' इत्यत्र गोपरिचाररतस्य यष्टिहस्तस्य नाध्यापनसामर्थ्यमिति तत्सामर्थ्यशाली गोपालकेतिकृतसङ्केतको व्यक्तिविशेषः कतमश्चिद् विपश्चिदानीयते, न यष्टिहस्तः। प्रकरणम्-प्रस्तावस्तत्तत्क्रियाविशेषरूपः, यथा-भोजनप्रकरणे 'सैन्धवमानय' इत्युक्तौ लवणम्, गमनप्रकरणे तदुक्तौ तुरगं प्रतीतिरवगाहते। नानार्थकशब्दस्थले सर्वत्र तत्तद्धर्मावच्छिन्नविषयतया यावतां स्वशक्यानामुपस्थितौ किं विषयकः शाब्दबोधः स्यादिति संशयेनाकुलीभवतः संयोग-विप्रयोग-साहचर्य-विरोधा-ऽर्थ-प्रकरण-लिङ्गाऽन्यशब्दसन्निधान-देशकालाद्यन्यतमत् स्वज्ञानसाहाय्येन तत्र तत्रोपयुज्यमानार्थमेव शाब्दबोधे भासयते।

**અનુવાદ :- પૂર્વપક્ષ (પાણિનિજીનો) :-** લોકમાં કૃત્રિમ અર્થવાળા શબ્દોના ગ્રહણમાં માત્ર કૃત્રિમપણું જ કારણ નથી. અર્થથી અથવા તો પ્રકરણથી પણ અર્થ નિયંત્રિત કરાતો હોવાથી બધે જ કૃત્રિમ અર્થવાળો શબ્દ ગ્રહણ કરાતો નથી. આમ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી બધા જ સ્થાનોમાં કૃત્રિમ અર્થવાળો એવો શબ્દ જ ગ્રહણ કરાય છે એવો નિયમ નથી. કેટલીક વાર અર્થથી કૃત્રિમ અર્થવાળો શબ્દ ગ્રહણ કરાય છે. તે આ પ્રમાણે છે : અર્થ એટલે સામર્થ્ય અને સામર્થ્ય એટલે સંબંધ વિશેષ. દા.ત. તું ગોપાલકને લાવ, તે માણવકને ભણાવશે. અહીં જે વ્યક્તિને આવી આજ્ઞા કરવામાં આવી છે, તે વ્યક્તિ લૌકિક અર્થવાળા ગાયનું પાલન કરનાર એવા ગોવાળને લાવતી નથી. કારણ કે એવી વ્યક્તિમાં ભણાવવાનું સામર્થ્ય હોતું નથી.આથી જે વિદ્વાન હોય એવી ચોક્કસ ગોપાલક નામની કોઈક વ્યક્તિને તે બોલાવશે. આ પ્રમાણે અર્થવિશેષથી અહીં કૃત્રિમ અર્થવાળા ગોપાલક સંજ્ઞાવાળા એવા કૃત્રિમ શબ્દનું ગ્રહણ કરાયું છે.

તે જ પ્રમાણે પ્રકરણથી પણ ચોક્કસ અર્થવાળા શબ્દોનો પ્રયોગ જ તે તે વાક્યોમાં થાય છે અને એ પ્રમાણે પ્રકરણના સામર્થ્યથી અકૃત્રિમ અર્થવાળા શબ્દો જ ગ્રહણ કરાય છે. દા.ત. ભોજનનું પ્રકરણ હોય ત્યારે સૈન્ધવને તું લાવ એવું કહેવામાં આવે ત્યારે લવણને (મીઠાંને) લાવવામાં આવે છે તથા ગમનનું પ્રકરણ હોય ત્યારે સૈન્ધવ શબ્દથી ઘોડાનો અર્થ નક્કી કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રકરણથી અકૃત્રિમ અર્થવાળા એવા સૈન્ધવ શબ્દનું જ અહીં ગ્રહણ કરાય છે; પરંતુ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી કૃત્રિમ અર્થવાળો "સૈન્ધવ" શબ્દ ગ્રહણ કરાતો નથી. આ પ્રમાણે કોઈક ચોક્કસ અર્થવાળો શબ્દ લેવો એવું અર્થ પ્રકરણ વગેરેથી નક્કી થશે; પરંતુ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી નહીં.

જ્યારે જ્યારે અકૃત્રિમ અર્થવાળો શબ્દપ્રયોગ આવશ્યક હોય તથા તે પરિસ્થિતિમાં એ શબ્દના અનેક અર્થ થતાં હોય તો શક્ય તરીકે અનેક પદાર્થોનો બોધ એ શબ્દ દ્વારા થવાની શક્યતા ઉપસ્થિત થશે. આથી કયા પદાર્થ વિષયક શાબ્દબોધ થશે ? એવો સંશય થશે. આ સંજોગોમાં સંયોગ, વિપ્રયોગ વિગેરે કોઈપણ એક સહાયક થઈને તે તે વાક્યના શાબ્દબોધમાં ઉપયોગી એવા અર્થને જણાવશે. (સંયોગ, વિપ્રયોગ, સાહચર્ય વગેરેનું વિસ્તારથી વર્ણન અમે (૧/૧/૨૬) સૂત્રમાં કરી ગયા છીએ. માટે ત્યાંથી તેનો બોધ ઉપસ્થિત કરી લેવો.).

**( श० न्यासानु० )** यद्यपि रूढेर्योगापहारकत्वमित्यप्यत्र सम्भवति, तथापि प्रकरणादिसहकृतस्य योगस्यापि बलीयस्त्वमित्यभिप्रेत्येदमवगन्तव्यम् ।

**અનુવાદ :- (પૂર્વપક્ષ ચાલુ) :-** જે પ્રમાણે "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી માત્ર કૃત્રિમનું જ ગ્રહણ થાય છે એવું તમે (આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યનો પૂર્વપક્ષ) કહો છો, એની સામે અમે કહ્યું કે અર્થ, પ્રકરણ વગેરેથી અકૃત્રિમ અર્થ પણ ગ્રહણ કરી શકાય છે. આ જ પ્રમાણે

"योगाद् रूढेः बलीयसी" એ પ્રમાણેના ન્યાયનું આલંબન લેવામાં આવે તો અકૃત્રિમ અર્થનું ગ્રહણ કરવાની પણ સંભાવના છે. ત્યાં પણ પ્રકરણ, અર્થ વગેરે સહાયક થઈ જો કૃત્રિમ અર્થનો બોધ કરાવનાર થશે, તો ત્યાં કૃત્રિમ અર્થનો બોધ જ થશે. ટૂંકમાં અમે પદના અર્થનો બોધ પ્રાપ્ત કરવા માટે અર્થ, પ્રકરણ વગેરેની જ અપેક્ષા રાખીશું. આ પ્રમાણે જે જે સૂત્રોમાં સંખ્યા શબ્દનું ગ્રહણ થયું હશે અને સંખ્યા શબ્દને ઉદ્દેશીને જે કાર્યો કહ્યા હશે, ત્યાં સંખ્યા શબ્દથી માત્ર કૃત્રિમ અર્થવાળી "डति" અને "अतु" અંતવાળી સંખ્યા જ નહીં સમજવી, તેમજ "योगाद् रूढे..." ન્યાયથી માત્ર અકૃત્રિમ અર્થવાળી એક, બે વગેરે સંખ્યા પણ નહીં સમજવી; પરંતુ અર્થ, પ્રકરણ વગેરેના સામર્થ્યથી કૃત્રિમ અને અકૃત્રિમ બંને પ્રકારની સંખ્યા અમે સમજીશું. આથી સંજ્ઞિકોટિમાં લોકપ્રસિદ્ધ સંખ્યાને સમાવવા માટે સંખ્યા શબ્દનું ગ્રહણ આવશ્યક નથી.

**( श० न्यासानु० )** यत्र तु पदार्थनियामकार्थप्रकरणादिविरहस्तत्र संशेते वा अकृत्रिमार्थं निश्चिनुते वा, यथा-ऊहकरणेऽपटुम् (ग्राम्यम्) अचिरागतत्वेनाऽप्रकरणज्ञं कश्चिद् ब्रवीतु भवान् 'गोपालकमानय' इति, सोऽत्र संशयवान् भवेत्-संज्ञेयं कस्यचिन्निर्दिष्टा स्याद् ? यष्टिहस्तो गोपरिचरणरतो वाऽस्य विवक्षितः ? इति । इत्थं वक्तृतात्पर्यविषयसंशयाभावेऽपि तत्तात्पर्यविशेष-विषयकनिश्चयवान् वा भवेत्-यो मम प्रसिद्धो यष्टिहस्तः सोऽनेन चोदितः, एवंसंज्ञकस्तु नास्ति मे प्रसिद्ध इति, सम्भावयामः-स गच्छेदपि यष्टिहस्तमानेतुम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ ચાલુ (પાણિનિજીનો) :-** કદાચ તમે એમ કહેશો કે જ્યાં પદના અર્થના નિયામક એવા અર્થ, પ્રકરણ વગેરેનો વિરહ હશે ત્યાં તો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયનો સહારો લેવો જ પડશે; તો ત્યાં અમે કહીશું કે તે ન્યાયના સહારા વગર જ ક્યાં તો શ્રોતાને સંશય થશે અથવા તો અકૃત્રિમ અર્થનો નિશ્ચય થશે. જેમ કે વિચારવામાં હોશિયાર નહીં એવો ગામડીયો જલ્દીથી આવેલો હોવાથી પ્રકરણનો જાણકાર પણ નથી. એવા ગામડીયાને કોઈક કહે છે કે, આપ ગોપાલકને લાવો. આથી તે (ગામડીયો) અહીં સંશયવાળો થાય છે. સંશય આ પ્રમાણે છે : શું આ વક્તાવડે કોઈકની સંજ્ઞા બતાવાઈ છે ? અથવા તો હાથમાં લાકડીવાળા એવા ગોવાળની આનાવડે વિવક્ષા કરાઈ છે ? અથવા તો વક્તાના તાત્પર્ય વિષયક સંશયનો અભાવ છે અર્થાત્ ગામડીયા એવા આ શ્રોતાને વક્તાના તાત્પર્યના વિષયમાં કોઈ સંશય નથી છતાં પણ વક્તાના વિશેષ એવા તાત્પર્ય વિષયક નિશ્ચયવાળો તે થાય છે. એ નિશ્ચયવાળો તે આ રીતે થાય છે : જે મને પ્રસિદ્ધ એવો હાથમાં લાકડીવાળો છે, તે આના વડે લાવવા માટે કહેવાયો છે. આ નામની ગોપાલક સંજ્ઞાવાળી વ્યક્તિ તો મને પ્રસિદ્ધ નથી. આથી તે ગોવાળને લેવા માટે જાય પણ છે. આ પ્રમાણે આ ગામડીયો કોઈપણ ન્યાયના સહારા વિના જ તથા પ્રકરણ વગેરેના જ્ઞાન વિના યૌગિક અર્થને જ ગ્રહણ કરે છે અથવા તો અકૃત્રિમ અર્થનો નિશ્ચય કરે

છે. આ પ્રમાણે કોઈ ચોક્કસ ન્યાયના આલંબન વિના આ ગામડીયાએ પ્રસિદ્ધ એવા ગોવાળનો નિશ્ચય-કર્યો કહેવાશે.

**( श० न्यासानु० )** रूढेर्योगापहारकत्वेन संशयपक्ष उक्तो न युक्त इति तु न शङ्क्यम्, तत्तत्पुरुषं प्रति प्रसिद्धरूढ्यर्थस्यैव योगापहारकारित्वात् । संज्ञाप्रकरणस्य नियमार्थत्वाद् योगा-र्थमादाय निश्चयपक्षोऽप्युक्तो न युक्तो भ्रमत्वादित्यपि न शङ्कनीयम्, लोके हि गोपालकादिशब्दः संज्ञिनि नियम्यमानः संज्ञान्तरं मा बूबुधत्, क्रियानिमित्तं प्राप्तमर्थं तु न कथं बोधयेद् नियमस्य सजातीयविषयत्वात्, तथा च कृत्रिमत्वं न भवति कारणं कृत्रिमग्रहण इति संज्ञिकोटौ सङ्ख्याग्रहणं नोपादेयतामर्हति, अन्तरेणापि संज्ञाकरणमेकादिका सङ्ख्या प्रदेशेषु ग्रहीष्यत इति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** "योगात् रूढेः बलीयसी" એવો ન્યાય છે અને આવો ન્યાય હોવાથી જ સંજ્ઞાવાળા એવા ગોપાલક નામની વ્યક્તિનો બોધ ગામડીયાને થઈ જવો જોઈએ, એને બદલે ગામડીયાને સંશય શા માટે થયો ? અર્થાત્ સંશય ન જ થવો જોઈએ.

**પૂર્વપક્ષ (પાણિનિજીનો) :-** આપ કહો છો કે "योगात् रूढेः..." ન્યાયથી રૂઢિવાચક એવા ગોપાલકનો નિશ્ચય જ ગામડીયાને થઈ જવો જોઈએ, આથી સંશયપક્ષ યોગ્ય નથી; પરંતુ આવી શંકા કરવી જોઈએ નહીં. પ્રસિદ્ધ એવો રૂઢિઅર્થ વિદ્યમાન હોય તો એવો રૂઢિઅર્થ જ યૌગિક (વ્યુત્પત્તિ) અર્થને દૂર કરી શકશે. દા. ત. 'જગદીશ મને બહુ જ સહાય કરે છે.' હવે આ વાક્ય જગદીશ નામની કોઈક વ્યક્તિ કોઈક પરિવારમાં રહેતી હોય અને એ પરિવારના અનુસંધાનમાં જ કોઈક વ્યક્તિ ઉપરોક્ત વાક્ય બોલે તો આવી પરિસ્થિતિમાં રૂઢિઅર્થ વ્યુત્પત્તિઅર્થનો બાધ કરશે. અર્થાત્ આ વાક્યને સાંભળનાર પરિવાર માટે સૌ પ્રથમ પ્રસિદ્ધ એવો જગદીશ પદાર્થ જ ઉપસ્થિત થશે, પરંતુ 'जगतः ईशः इति जगदीशः ।' એ પ્રમાણે પરમાત્મા સ્વરૂપ અર્થ તે વ્યક્તિઓ સમજતાં નથી. આથી અહીં પ્રસિદ્ધ એવો રૂઢિઅર્થ હોવાથી આ રૂઢિઅર્થ યૌગિકઅર્થનો બાધ કરે છે, પરંતુ સામાન્યથી કોઈક વ્યક્તિ કહે કે 'જગદીશ મને બહુ સહાય કરે છે.' ત્યારે કાંઈ રૂઢિઅર્થ અને યૌગિકઅર્થને વિચારીને તાત્પર્યનો નિર્ણય કરતાં નથી. અહીં તો સીધો જ જગદીશ શબ્દનો પરમાત્મા સ્વરૂપ યૌગિકઅર્થ જ સમજી લે છે. અહીં કંઈ 'योगात् रूढेः बलीयसी' ન્યાય પ્રવર્તતો નથી. માટે જ ઉપરોક્ત સ્થળમાં ગામડીયાને સંશય થવો સ્વાભાવિક હતો. કારણ કે 'योगात् रूढेः बलीयसी' ન્યાય ગામડીયાને માટે પ્રવર્તતો નથી.

**ઉત્તરપક્ષ (શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજીનો) :-** સંજ્ઞા પ્રકરણ નિયમને માટે છે. જ્યાં એક શબ્દના ઘણાં બધા અર્થ થતાં હોય ત્યારે એ શબ્દથી કોઈક ચોક્કસ પદાર્થની સંજ્ઞા કરવામાં આવે તો

બાકીના અર્થોનો ત્યાગ થાય છે. પરંતુ એક જ શબ્દમાં ઘણાં બધા અર્થ વિદ્યમાન હોય તથા વ્યક્તિ સંજ્ઞાવાચક અર્થથી અજાણ હોય તો સીધો જ વ્યુત્પત્તિવાચક અર્થ કરવામાં આવે છે. ગામડીયો જ્યારે 'गोपालकम् आनय ।' વાક્ય સાંભળે છે, ત્યારે આ ગામડિયો સંજ્ઞાવાચક 'गोपालकः' શબ્દ ન હોવાને કારણે સીધો જ વ્યુત્પત્તિઅર્થનો નિશ્ચય કરે છે. આથી 'સંજ્ઞા અર્થ નથી માટે યૌગિકઅર્થનો નિશ્ચય થાય છે.' આ પક્ષ પણ યોગ્ય નથી. કારણ કે સંજ્ઞાનો અભાવ હોવાથી યૌગિકઅર્થનો નિશ્ચય કરે છે આ હકીકત જ ભ્રાન્તિવાળી છે. ખરેખર તો સીધો જ યૌગિકઅર્થનો નિશ્ચય અહીં કરવામાં આવે છે.

**પૂર્વપક્ષ (પાણિનિજીનો)** :- આવી શંકા કરવી નહીં, કારણ કે લોકમાં પણ કોઈક વ્યક્તિનું નામ ગોપાલક પાડ્યું હોય આથી એ વ્યક્તિમાં ગોપાલક સંજ્ઞાનું નિયમન કરાયે છતે એ વ્યક્તિની અન્ય સંજ્ઞા થઈ શકશે નહીં અર્થાત્ પ્રસિદ્ધ એવી ગોપાલક વ્યક્તિની મહેશ વિગેરે સંજ્ઞા થઈ શકશે નહીં; પરંતુ જે વ્યક્તિની ગોપાલક સંજ્ઞા પડી હોય એ ગોપાલકસંજ્ઞા કાંઈ યૌગિક અર્થનો બાધ કરશે નહીં અર્થાત્ ગોપાલકનો યૌગિક અર્થ તો જે હશે તે બતાવશે જ. નિયમ હમેશાં સમાન પ્રકારક વિષયવાળા અન્યનું નિવર્તન કરે છે, પણ વિજાતીયનું નિવર્તન કરતો નથી.

આ પ્રમાણે ક્યાંય પણ કૃત્રિમના ગ્રહણમાં કૃત્રિમપણું સિદ્ધ થતું નથી. આથી આપે "कृत्रिमा-कृत्रिमयोः..." ન્યાયનો સહારો લઈને માત્ર "डति" અને "अतु" અંતવાળું નામ જ તે તે સૂત્રોમાં સંખ્યા શબ્દથી ગ્રહણ કરી શકાશે તથા લોકપ્રસિદ્ધ સંખ્યાને ગ્રહણ કરવા માટે સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનો સમાવેશ કરવો પડશે એવું કહ્યું, પરંતુ અમારા મતે તો સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનું ગ્રહણ યોગ્ય નથી. આ પ્રમાણે એક વગેરેની સંખ્યા સંજ્ઞા કર્યા સિવાય પણ તે તે સૂત્રોના સંખ્યા સંબંધી કાર્યોમાં લોકપ્રસિદ્ધ એવી એક, બે વગેરે સંખ્યા ગ્રહણ કરી શકાશે જ.

**( श० न्यासानु० )** अथ मा स्म भवत् कृत्रिमत्वं कृत्रिमग्रहणे कारणम्, अर्थो वा प्रकरणं वा लोकेऽर्थविशेषनिवृत्तिमुखेनार्थविशेषप्रतिपत्तिकारि तु सादरमभ्युपेयते भवताऽपि; अङ्ग हि शास्त्रेऽपि सति प्रकरणेऽर्थविशेषः प्रतिपद्यताम्, डत्यन्तादीनां सङ्ख्यासंज्ञा कृतेति बुद्धिसन्निधिरूपं प्रकरणं प्रकृतेऽपि जागर्ति । अयं भावः-यस्मिन् शब्देऽनेकशक्तिस्तत्र कीदृशशक्तिज्ञानाधीनबोध-नेच्छया वक्त्रोच्चारितमिति श्रोतुर्निश्चयाभावः, शाब्दबोधे च समानविषयकतात्पर्यनिश्चयस्य कारणत्वात् तन्निश्चयाभावे शाब्दबोधानुपपत्तौ प्राप्तायां प्रकरणादिना तात्पर्यनिर्णयः, तन्निर्णये च शाब्दबोध उपपद्यते । एवं च सङ्ख्यादिपदे एकत्वादिनिरूपिता लौकिकी शक्तिः, डतिप्रत्यया-न्तादिनिरूपिता च शास्त्रीया शक्तिरस्तीति कीदृशार्थबोधनेच्छया "सङ्ख्या-डतेश्चाशत्०"

[६.४.१३०.] इत्यादावाचार्येणोच्चारितमिति जिज्ञासायां स्वयमेव शास्त्रकारेण डतिप्रत्ययान्तादि-निरूपितशक्तिं बोधयित्वा कथमन्यार्थबोधनेच्छयोच्चारितं स्यादिति ज्ञानरूपप्रकरणेन डतिप्रत्ययान्तादावेव तात्पर्यनिर्णयेन प्रदेशेषु सङ्ख्यात्वेन डत्यन्तादि-विषयकबोधस्यैव सम्भवेन लौकिकैकादिसङ्ख्याया अप्रतिपत्तिः । एतत्फलितोऽयं न्यायः *कृत्रिमा-कृत्रिमयोः कृत्रिमे कार्य-सम्प्रत्ययः* इति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંત શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યજીનો) :-** આચાર્ય ભગવંતશ્રી પાણિનિજીએ વિસ્તારથી રજુ કરેલા ઉત્તરપક્ષનો જવાબ આપી રહ્યા છે અને તેમ કરવા દ્વારા "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયનું સાર્થકપણું સિદ્ધ કરશે.

ભલે કૃત્રિમનાં ગ્રહણમાં કૃત્રિમપણું કારણ થાય છે, એવું આપ ન માનો; પરંતુ અર્થવિશેષની નિવૃત્તિ કરવા દ્વારા અર્થવિશેષને કરાવનાર એવાં અર્થ અને પ્રકરણને તો આપ આદરસહિત સ્વીકારો છો અર્થાત્ આ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાય તમે ભલે ન માનો, પરંતુ અર્થ અથવા તો પ્રકરણ દરેક જગ્યાએ અર્થવિશેષનો નિર્ણય કરવા માટે આપના વડે સ્વીકારાય જ છે. તો પછી હે પ્રિય ! ("अङ्ग" શબ્દનો અર્થ સંબોધનવાચક થાય છે.) શાસ્ત્રમાં પણ પ્રકરણ હોતે છતે જ આપના વડે અર્થવિશેષ સ્વીકારાય છે. એટલે કે શાસ્ત્રમાં પણ જો અર્થવિશેષનો નિર્ણય કરવો હોય તો પ્રકરણ અથવા તો અર્થને જાણીને જ અર્થવિશેષનો નિર્ણય કરવો જોઈએ. અહીં "डति" અંત વગેરેવાળાની સંખ્યા સંજ્ઞા કરવામાં આવી છે એ પ્રમાણે બુદ્ધિસમીપપણાં સ્વરૂપ પ્રકરણ ઉપસ્થિત થાય છે.

અહીં આ ભાવ છે : જે શબ્દમાં અનેક શક્તિ છે ત્યાં કયા શક્તિજ્ઞાનને આધીન બોધ કરાવવાની ઇચ્છાથી વક્તા વડે ઉચ્ચારણ કરાયું છે એ પ્રમાણે સાંભળનારને નિશ્ચય નથી અને શાબ્દબોધમાં જ્યાં સુધી સમાન વિષયવાળા તાત્પર્યનો નિર્ણય ન થાય ત્યાં સુધી શાબ્દબોધની અપ્રાપ્તિ થશે. વક્તાએ જે તાત્પર્યથી ઉચ્ચારણ કર્યું હોય તે જ તાત્પર્યનો પોતાને બોધ થાય તો એ સમાન વિષયવાળા તાત્પર્યનાં નિર્ણયથી થયેલો શાબ્દબોધ કહેવાશે. આ પરિસ્થિતિમાં શાબ્દબોધમાં કારણ સ્વરૂપ સમાન વિષયવાળા તાત્પર્યનો નિશ્ચય થાય છે. હવે વક્તાનાં તાત્પર્યનો નિર્ણય જો શ્રોતાએ કરવો હોય તો પ્રકરણ વગેરેનું આલંબન લઈને કરી શકશે અને પછી જ શાબ્દબોધ પ્રાપ્ત થશે.

આ પ્રમાણે જે જે સૂત્રોમાં સંખ્યા વગેરે પદો લખ્યા હશે, ત્યાં એકત્વ, દ્વિત્વ વગેરેથી ઓળખાયેલી લૌકિક શક્તિ દ્વારા એક, બે વગેરેનો બોધ થશે તથા "डति" અંતવાળા નામોનો સંખ્યાવાચક તરીકે બોધ કરવો હોય તો શાસ્ત્રીય શક્તિથી બોધ થઈ શકશે. આથી "संख्या-डतेश्च०" (૬/૪/૧૩૦) સૂત્રમાં કેવા અર્થને જણાવવાની ઇચ્છાથી સંખ્યા શબ્દનું ઉચ્ચારણ કરાયું

છે ? આવી જિજ્ઞાસા થવી સંભવે છે. આ પરિસ્થિતિમાં શાસ્ત્રીય શક્તિથી "डति" પ્રત્યયાન્ત અને "अतु" પ્રત્યયાન્ત નામોનો સંખ્યા શબ્દથી બોધ થયે છતે લૌકિક શક્તિથી એક, બે વગેરેનો બોધ કેવી રીતે થઈ શકશે ? જ્ઞાનરૂપપ્રકરણ વડે "डति" પ્રત્યયાન્ત વગેરેમાં જ વક્તાનાં તાત્પર્યનો નિર્ણય થવાથી તે તે સૂત્રોમાં સંખ્યા શબ્દથી લૌકિક શક્તિથી એકત્વ, દ્વિત્વ વગેરે સંખ્યાનો બોધ થઈ શકશે નહિ અને આવું જણાવવા માટે જ અથવા તો આવા બોધનાં ફળવાળો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાય છે. આથી લોકપ્રસિદ્ધ સંખ્યા લેવા માટે આ સૂત્રમાં કોઈક પુરૂષાર્થ કરવો જ પડશે.

**( श० न्यासानु० )** केचित् तु-मच्छास्त्रेऽनेन शब्देनैत एव बोद्धव्या इति रीत्या संज्ञासूत्राणां नियमार्थत्त्वं कृत्रिमाकृत्रिमन्यायबीजम्, तथाहि-सर्वस्माच्छब्दात् केषाञ्चिच्छक्तिभ्रमेण केषाञ्चिल्लक्षणया सर्वार्थविषयकबोधोत्पत्त्या सर्वार्थबोधकत्वं सर्वेषां शब्दानामिति सिद्धम् । वैयाकरणमते च बोधकतैव शक्तिरिति सर्वार्थनिरूपितशक्तिमत्त्वं सर्वेषां शब्दानां सिद्धमेव । न चैवं शक्तिभ्रमाद् बोधो लक्षणया बोध इत्यादिव्यवहारानुपपत्तिः, तव मते सर्वत्र शक्तेः सम्भवादिति वाच्यम्, परमताभिप्रायेण तद्व्यवहारस्य सत्त्वात् । अत एव 'सर्वे सर्वार्थवाचकाः' इत्यभियुक्तानां व्यवहारः । एवं च वृद्धिसंज्ञादिपदेषु आरादि-डतिप्रत्ययान्तादिनिरूपितशक्तेरपि सत्त्वेन तत्तत्पदेन तत्तदर्थप्रतीतेर्लौकिकशक्त्यैव सिद्धौ "वृद्धिरारैदौत्" [३.३.१.] इत्यादिसंज्ञा-सूत्राणां वैयर्थ्येन मच्छास्त्रे वृद्ध्यादिपदेन आरादीनामेव बोध इति नियमात् *कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे कार्यसम्प्रत्ययः* इति लभ्यत इति वदन्ति ।

***અનુવાદ :-*** *અહીં પણ સંજ્ઞાસૂત્રો કેવી રીતે નિયમવાળાં બને છે ? એ સંદર્ભમાં "આચાર્ય* ભગવંત" કેટલાક લોકોનો મત બતાવે છે.

કેટલાક લોકો કહે છે કે, મારા શાસ્ત્રમાં આ શબ્દથી આ જ અર્થનો બોધ કરવા યોગ્ય છે, એ પ્રમાણે સંજ્ઞાસૂત્રોનું નિયમાર્થપણું થાય છે અને આ નિયમાર્થપણું જ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયનું બીજ છે. તે આ પ્રમાણે છે : બધા જ શબ્દોથી ક્યાંતો શક્તિભ્રમથી અથવા તો લક્ષણાથી સર્વાર્થ વિષયવાળા બોધની પ્રાપ્તિ થાય છે. આથી બધા જ શબ્દોમાં સર્વાર્થને જણાવવાપણું જ સિદ્ધ થાય છે અને વૈયાકરણ મતમાં બોધકતા જ શક્તિ છે અર્થાત્ શબ્દમાં અર્થને જણાવનારપણું જ શક્તિ છે, એ પ્રમાણે બધા અર્થો વડે ઓળખાયેલી શક્તિવાળાપણું બધા જ શબ્દોમાં સિદ્ધ થાય છે.

**પૂર્વપક્ષ :-** જો આ પ્રમાણે બોધકતાને જ શક્તિ માનશો તો શક્તિભ્રમથી બોધ થાય છે તથા લક્ષણાથી બોધ થાય છે વગેરે વ્યવહારોની અસંગતિ થશે; કારણ કે તમારા મતમાં બધે જ

બોધકતાશક્તિનો સંભવ છે.

**ઉત્તરપક્ષ :** આવું કહેવું નહિ, કારણ કે અમારા મતમાં ભલે બોધકતા સ્વરૂપ શક્તિથી જ બધા જ શબ્દોનાં બધા જ અર્થોનો બોધ થઈ શકતો હોય, પરંતુ અન્ય મતનાં અભિપ્રાયથી શક્તિભ્રમ, લક્ષણા વગેરેથી શાબ્દબોધ થાય છે એવાં વ્યવહારનું સત્ત્વપણું છે જ. આથી જ બધા શબ્દો બધા અર્થનાં વાચકો છે, એ પ્રમાણે વિદ્વાન પુરુષોનો વ્યવહાર છે.

બોધકતાશક્તિથી અથવા તો લૌકિકશક્તિથી અથવા તો બીજી કોઈ પણ રીતે બધા જ શબ્દો સર્વ અર્થનાં વાચક હોય તો વૃદ્ધિસંજ્ઞા, સંખ્યાસંજ્ઞા વગેરે પદોથી અનુક્રમે "आर्" વગેરેનો બોધ તથા "डति" પ્રત્યયાન્તવાળા શબ્દોનો બોધ પણ બોધકતા વગેરે શક્તિથી જ પ્રાપ્ત થઈ જશે. આથી "वृद्धिरारैदौत्" (૩/૩/૧) વગેરે સંજ્ઞાસૂત્રોનું વ્યર્થપણું સિદ્ધ થશે. આથી તે તે સંજ્ઞાસૂત્રો વ્યર્થ ન જાય એ અનુસંધાનમાં મારા શાસ્ત્રમાં વૃદ્ધિ વગેરે પદોથી "आर्" વગેરે અર્થનો જ બોધ કરવો એવો નિયમ થશે અને આવો નિયમ થવાથી જ "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાય પ્રાપ્ત થાય છે, એવું કેટલાક લોકો કહે છે.

**( श० न्यासानु० )** अपरे तत्र क्षमन्ते-संज्ञाशास्त्राणामगृहीतशक्तिग्राहकत्वेन विधित्वे सम्भवति नियमत्वायोगात्, वृद्ध्यादिपदे आरादिनिरूपितशक्तेः सत्त्वेऽपि लोके तत्पदेन तेषां बोधाभावेन व्यवहारादिना शक्तिग्रहासम्भवेन अज्ञातशक्त्या बोधाभावेन च संज्ञासूत्राणां शक्तिज्ञानजननाय विधायकत्वे सम्भवति नियामकत्वायोग इति नानेन प्रकारेणोक्तन्यायसिद्धिरिति तात्पर्यम् । न चैवं 'सर्वे सर्वार्थवाचकाः' इत्यस्य का गतिरिति वाच्यम्; 'सर्वे सर्वार्थवाचकाः' इत्यभ्युपगमो हि योगिदृष्ट्या, जानन्ति खलु योगिनः सर्वानपि पदार्थान् तत्तद्धर्मपुरस्कारेण, तत्तद्धर्मज्ञानविकल-तया तत्तद्रूपतो ज्ञातुं न वयमीशामहे सर्वपदार्थानित्यस्मदादिदृष्ट्या 'सर्वे सर्वार्थवाचकाः' इति अन्धजनहस्तन्यस्तस्फीतालोकप्रदीप इवैवेति मन्तव्यम् । अथ घटपदादावर्थवाचकत्वव्याप्य-पदत्ववत्ताज्ञानरूपानुमानेन सामान्यलक्षणासहकारेणार्थत्वावच्छिन्नसकलार्थनिरूपितशक्तिज्ञान-मस्मदादीनामपि सम्भवतीत्यस्मदादिदृष्ट्याऽपि सर्वेषां सर्वार्थवाचकत्वं न विहन्यतेतमामिति न वाच्यम्, शक्तिज्ञानोपस्थितिशाब्दबोधानां समानप्रकारेणैव कार्यकारणभावेनार्थत्वेन शक्तिग्रहे शक्नोत्यर्थत्वावच्छिन्न एवोपस्थातुम्, तदवच्छिन्न एव शाब्दबुद्धौ भासितुं च, घटत्वा-दयो विशेषधर्मास्तु शाब्दबुद्धौ न भासेरन्निति कथमस्मदादिदृष्ट्या 'सर्वे सर्वार्थवाचकाः' इति भवितुं युक्तम्, 'सर्वार्थवाचकाः' इत्यस्य अर्थत्वव्याप्यतत्तद्धर्मावच्छिन्नबोधकाः, इत्यर्थात् । तथा च लोकप्रसिद्धैकादिसङ्ख्याग्रहणार्थं संज्ञिकोटावपि सङ्ख्याग्रहणं संज्ञासूत्रत्वपक्षे आवश्यकं भव-तीति ।

**અનુવાદ :-** કેટલાક લોકો સંજ્ઞાસૂત્રો નિયમસૂત્ર બનવાથી તે તે સંજ્ઞાઓથી અમુક ચોક્કસ અર્થોનો જ બોધ થશે એવું માને છે; તે મતને સહન કરી શકતા નથી. શબ્દોમાં અર્થનો બોધ કરાવનારી અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે. હવે કેટલાક શબ્દોમાં અમુક પ્રકારનો બોધ કરાવનાર જે શક્તિ છે, એનો નિશ્ચય શ્રોતાને હોતો નથી. દા.ત. વૃદ્ધિ પદનો आर्, ऐत्, औत् અર્થ જણાવનાર શક્તિનો બોધ શ્રોતાને હોતો નથી. આથી એવો બોધ કરાવવા માટે ગ્રંથકાર પ્રયત્ન કરે છે. આ પ્રમાણે સંજ્ઞાશાસ્ત્રોમાં અનિર્ણિત એવી શક્તિ સંબંધમાં નિર્ણય કરાવવાપણું હોવાથી વિધિપણું સંભવે છે. આમ સંજ્ઞાશાસ્ત્ર નિયમશાસ્ત્ર બનતું નથી. વૃદ્ધિ વગેરે પદમાં "आर्" વગેરેથી ઓળખાયેલી શક્તિનું સત્ત્વપણું (વિદ્યમાનપણું) છે, તો પણ સામાન્ય લોકને તે પદોનો તેવો અર્થ થાય છે, એવા બોધનો અભાવ હોવાથી શક્તિજ્ઞાનની ઉત્પત્તિ કરવા માટે સંજ્ઞાસૂત્રો સહાયક થાય છે. આથી સંજ્ઞાસૂત્રોમાં વિધાયકપણું જ સંભવે છે, પરંતુ નિયમપણું સંભવતું નથી. વળી શક્તિનો નિશ્ચય કરાવનાર શબ્દકોષ, આપ્તપુરુષ, વ્યવહાર, વ્યાકરણ, ઉપમાન, સિદ્ધપદનું સાન્નિધ્ય, વાક્યશેષ વગેરે છે. હવે વ્યવહારાદિથી શક્તિનો નિર્ણય સંભવિત નથી. આથી વ્યાકરણ માત્ર શક્તિનો નિર્ણય કરાવવા માટે ઉપયોગી થાય છે. વળી અજ્ઞાતશક્તિથી (અતીન્દ્રિયજ્ઞાનથી) પણ વૃદ્ધિ વગેરે પદોનો બોધ થતો નથી. આથી સંજ્ઞાસૂત્રો શક્તિજ્ઞાનની ઉત્પત્તિ કરતા હોવાથી વિધિસૂત્રો જ સંભવે છે; પરંતુ નિયમસૂત્રો સંભવતા નથી. આ પ્રમાણે અન્યમતે (केचित्) સંજ્ઞાસૂત્રોને નિયમસૂત્રો બનાવવા દ્વારા "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયની સિદ્ધિ કરી હતી તે બરાબર ન હતું.

**પ્રતિપૂર્વપક્ષ :-** "सर्वे सर्वार्थवाचकाः" (બધા પદો બધા જ અર્થના વાચક છે) આ સિદ્ધાંતની શી ગતિ થશે ? કારણ કે જો બધા પદો બધા અર્થના વાચક હોય તો શક્તિજ્ઞાનથી, શક્તિભ્રમથી, લક્ષણાથી, લૌકિકશક્તિથી લોકોને સંજ્ઞાશબ્દોના અર્થ પણ જણાઈ જ જશે; આ પરિસ્થિતિમાં સંજ્ઞાસૂત્રો બનાવવાની આવશ્યકતા જ નથી.

**ઉત્તરપક્ષ ( अपरे ) :-** બધા પદો બધા અર્થના વાચક છે એ સિદ્ધાંત યોગીપુરુષોના (ત્રિકાળજ્ઞાની) બોધથી સ્વીકારાય છે. યોગીઓ ખરેખર તે તે ધર્મોને આગળ કરીને બધા જ પદાર્થોને જાણે છે. તે તે ધર્મ સંબંધી જ્ઞાનથી વિકલપણું હોવાથી તે તે સ્વરૂપથી પદાર્થને જાણવા માટે આપણા જેવા સમર્થ થતાં નથી. આથી અલ્પજ્ઞાની એવા આપણા માટે "બધા પદો બધા અર્થના વાચકો છે" એ સિદ્ધાંત આંધળા માણસના હાથમાં મૂકેલા દીપક જેવો છે. આથી આપણા જેવા અલ્પજ્ઞાનીઓને બોધ કરાવવા માટે સંજ્ઞાશાસ્ત્રની રચના કરવામાં આવી છે.

**પ્રતિપૂર્વપક્ષ :-** ઘટપદ વગેરેમાં પદત્વવત્તા છે. જ્યાં જ્યાં પદત્વવત્તા જ્ઞાન છે, ત્યાં ત્યાં અર્થવાચકત્વ છે. એવા અનુમાનથી સામાન્યલક્ષણા સન્નિકર્ષની સહાયથી બધા પદાર્થોથી

ઓળખાયેલું શક્તિજ્ઞાન આપણામાં પણ સંભવે છે. આથી આપણા જેવાઓના બોધથી પણ બધા જ પદો બધા અર્થના વાચક છે, એવો સિદ્ધાંત અવરોધ પામતો નથી.

**ઉત્તરપક્ષ ( अपरे ) :-** ઉપર પ્રમાણે કહેવું નહીં. શક્તિજ્ઞાન જેવા ધર્મથી થયું હોય તેવા જ ધર્મથી શાબ્દબોધ થશે. શક્તિજ્ઞાન જો ધૂમત્વધર્મથી થાય તો શાબ્દબોધ પણ સામાન્યથી જ ધૂમ પદાર્થનો થશે. તથા શક્તિજ્ઞાન જો અર્થત્વધર્મથી થાય તો અર્થત્વધર્મથી માત્ર અર્થસામાન્યનો બોધ થશે, પરંતુ ઘટ, પટ વગેરે વિશેષનો બોધ થઈ શકશે નહિ. શાબ્દબોધમાં સમાનપ્રકારથી જ કાર્યકારણભાવ સ્વીકારાયો હોવાથી ઉપરોક્ત હકીકતો અમે લખી છે. આથી ધૂમત્વ વગેરે વિશેષ ધર્મ શાબ્દબોધમાં જણાતા નથી. હવે વિશેષ ધર્મવાળા પદાર્થોનો બોધ જો ન થતો હોય તો કેવી રીતે મનાય કે આપણા જેવાને બધા જ અર્થોનો બોધ થઈ શકે છે ? જ્યાં જ્યાં ઘટત્વ વગેરે ધર્મ છે ત્યાં ત્યાં અર્થત્વધર્મ હોય છે. આમ અર્થત્વધર્મને વ્યાપ્ય તે તે ધર્મો છે. આમ તમામ વિશેષના વાચકો બધા પદો છે. અને આવો બોધ તો આપણા જેવાઓને થતો નથી. આમ 'सर्वे सर्वार्थवाचकाः' સિદ્ધાંત આપણા જેવા અલ્પ જ્ઞાનીઓ માટે નથી.

હવે જો બધા જ શબ્દો બધા જ અર્થના વાચક બનતા નથી તો આ પરિસ્થિતિમાં સંજ્ઞાસૂત્રો નિયમસૂત્રો ન બનતાં માત્ર વિધિસૂત્રો જ બને છે. આથી જો "डत्यतु सङ्ख्या" આટલું જ સૂત્ર બનાવવામાં આવે તો અમારા જેવાને "સંખ્યા" શબ્દથી "डति" અને "अतु" અંતવાળું નામ સંખ્યા જેવું થાય છે, એવો જ બોધ થશે. આ સંજોગોમાં (૬/૪/૧૩૦) સૂત્રમાં લખેલા સંખ્યા શબ્દથી માત્ર "डति" અને "अतु" અંતવાળા નામ જ સંખ્યા તરીકે લઈ શકાશે તથા લોકપ્રસિદ્ધ એક વગેરે સંખ્યા લેવા માટે સંજ્ઞિકોટિમાં પણ સંખ્યા શબ્દનું ગ્રહણ આવશ્યક થાય છે. આમ સંજ્ઞાસૂત્રત્વ પક્ષ સ્વીકારવામાં આવે તો પણ સંખ્યા શબ્દનું ગ્રહણ આવશ્યક થાય છે.

**( श० न्यासानु० )** अत्रैके समादधति-व्याख्यातृपरम्परावगतवक्तृतात्पर्यानुपपत्त्या प्रकरणादिं नाद्रियामहे, तथा सत्युभयमवगंस्यते-पारिभाषिको डत्यन्तादिर्लौकिकैकादिका सङ्ख्या चेति । क्वचित् तदनादरफलित एवायं न्यायः *क्वचिदुभयगतिः* इति, अनेन लौकिकालौकिकोभयार्थ-तात्पर्यं शास्त्रे क्वचिदस्तीति बोध्यते । उभयविधबोधस्तु आवृत्तेराश्रयणाद् भविष्यति । एवं च न संज्ञिकोटौ गौरवास्पदीभूतं सङ्ख्याग्रहणं कर्तव्यतां श्रयति ।

**અનુવાદ :-** અહીં કેટલાક લોકો સમાધાન આપે છે : વ્યાખ્યા કરનારની પરંપરાથી પ્રાપ્ત થયેલી એવી તાત્પર્યની અનુપપત્તિ થવાથી પ્રકરણ વગેરેનો અમે આદર કરતા નથી અર્થાત્ વક્તાનું તાત્પર્ય વ્યાખ્યા કરનાર દ્વારા સમજાય છે. આથી જ વક્તાનું તાત્પર્ય શું હતું, તે જણાતું નથી. આ પ્રમાણે વક્તાનું તાત્પર્ય ન જણાવાથી અમે પ્રકરણાદિનો આદર કરતા નથી. અર્થાત્

'कृत्रिमाकृत्रिमयोः' ન્યાયનો સહારો લેતાં કૃત્રિમ એવી 'डति' અને 'अतु' પ્રત્યયાન્તવાળી સંખ્યાનું ગ્રહણ થતું હતું તથા 'क्वचिदुभयगतिः' ન્યાયથી બંનેનું ગ્રહણ પ્રાપ્ત થતું હતું. આમ અહીં સૂત્રકાર કયા ન્યાયથી સંખ્યા શબ્દનો અર્થ કહેવા માંગે છે, એવા તાત્પર્યની અનુપપત્તિ થાય છે. આમ તાત્પર્યની પ્રાપ્તિ ન થવાથી અમે પ્રકરણાદિનો આદર કરતાં નથી. વળી અમે ઉભયનું ગ્રહણ કરીશું. માટે 'कृत्रिमाकृत्रिमयोः' ન્યાયનો પણ આદર કરતાં નથી. વળી 'कृत्रिमाकृत्रिमयोः..' ન્યાયના અનાદરથી જ ફલિત થયેલ જ 'क्वचिदुभयगतिः' ન્યાય છે. આથી સંખ્યા શબ્દથી લૌકિક સંખ્યા 'एकादि' સ્વરૂપ ગ્રહણ થશે, તેમજ 'डति' વગેરે અંતવાળી શાસ્ત્રીય સંખ્યા પણ ગ્રહણ થશે અને આ ઉભય પ્રકારનો બોધ સંખ્યા શબ્દમાં આવૃત્તિનો આશ્રય કરવાથી થશે. હવે જો સંખ્યા શબ્દની આવૃત્તિ કરવાથી બંને પ્રકારની સંખ્યાનો બોધ થઈ શકતો હોય તો સંજ્ઞિકોટિમાં સંખ્યા શબ્દનું ગ્રહણ આવશ્યક નથી અર્થાત્ 'डत्यतु सङ्ख्या' આટલા સૂત્રથી કાર્ય સિદ્ધ થઈ શકશે.

**( श० न्यासानु० )** अपरे तु-"सङ्ख्या-डतेश्चाशत्तिष्टेः०" [६.४.१३०.] इत्यत्र शत्प्रतिषेधो ज्ञापयति-*क्वचिदुभयगतिः* इति, इतरथा लोकप्रसिद्धैकादिसङ्ख्यातिरिक्ता पारिभाषिकी केयं शदन्ता त्यन्ता वा सङ्ख्याऽस्ति यस्याः प्राप्तिपूर्वकः प्रतिषेधो युज्यते ?" इत्याहुः । उभयस्य-कृत्रिमाकृत्रिमोभयस्य गतिः-ज्ञानं ग्रहणम्, क्वचिद् भवतीति न्यायार्थः । क्वचित्पदोपादानान्नास्य सर्वत्र प्रवृत्तिः । एतत्प्रवृत्त्यभावस्थले "कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे०" इत्यस्य प्रवृत्त्या कृत्रिमस्य ग्रहणम्; अस्यापि तरलत्वात् क्वचिद-कृत्रिमस्य ग्रहणम् ।

**અનુવાદ :-** બીજાઓ "क्वचिदकृत्रिमस्य ग्रहणम् ।" ન્યાયનું આલંબન આ પરિસ્થિતિમાં પ્રાપ્ત થયું છે એવું જણાવે છે. અમે સંજ્ઞાસૂત્ર તરીકે "डत्यतु सङ्ख्या" જ બનાવશું તથા (૬/૪/૧૩૦) સૂત્રમાં સંખ્યાવાચક શબ્દથી "अर्हद्" સુધીના અર્થમાં જે "क" પ્રત્યયનું વિધાન કરેલ છે, ત્યાં સંખ્યા શબ્દથી જો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી માત્ર "डति" અને "अतु" અંતવાળું નામ જ ગ્રહણ કરવાનું હોત તો "शत्", "ति", "ष्टि" અંતવાળી સંખ્યાનું વર્જન નિરર્થક થાત; આથી આ બધાના નિષેધ દ્વારા જણાય છે કે સંખ્યા શબ્દથી પારિભાષિક તેમજ લૌકિક બંને સંખ્યા ગ્રહણ કરવાની છે. જો બંને સંખ્યાની પ્રાપ્તિ થતી હોય તો જ નિષેધ સાર્થક થઈ શકે. માટે "क्वचिदुभयगतिः" ન્યાયનું આલંબન જ યોગ્ય છે. આ ન્યાયમાં કૃત્રિમ અને અકૃત્રિમ ઉભયનું ગ્રહણ કોઈક સ્થાનમાં થાય છે, એવું તાત્પર્ય છે. અહીં "क्वचिद्"નું ગ્રહણ કર્યું હોવાથી બધે જ આ ન્યાયની પ્રવૃત્તિ નથી. આ ન્યાયની પ્રવૃત્તિ જ્યાં નહીં થતી હોય, ત્યાં "कृत्रिमा-कृत्रिमयोः..." ન્યાયથી કૃત્રિમનું ગ્રહણ થશે. વળી "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાય પણ અનિત્ય હોવાથી કોઈક સ્થાનમાં અકૃત્રિમનું ગ્રહણ થશે.

**( श० न्यासानु० )** क्वोभयग्रहणं ? क्व कृत्रिमग्रहणं ? क्व चाकृत्रिमग्रहणम् ? इत्यत्र लक्ष्यानुसारि व्याख्यानमेव शरणम् । "नाडीतन्त्रीभ्यां स्वाङ्गे" [७.३.१८०.] इत्यनेन 'बहुनाडिः कायः, बहुतन्त्रीर्ग्रीवा' इत्यत्र कृत्रिमस्वाङ्गवृत्त्योर्नाडीतन्त्रीशब्दयोर्यथा कच् निषिध्यते तथा 'बहुनाडिः स्तम्बः, बहुतन्त्रीर्वीणा' इत्यत्राकृत्रिमवृत्त्योरपि स निषिध्यत इत्युभयग्रहणम्, अत्र नाडीतन्त्र्योरप्राणिस्थत्वान्न कृत्रिमस्वाङ्गत्वम्, यतः-

"अविकारोऽद्रवं मूर्तं प्राणिस्थं स्वाङ्गमुच्यते ।
च्युतं च प्राणिनस्तत्तन्निभं च प्रतिमादिषु" ॥३॥ इति स्वाङ्गलक्षणात् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** અહીં (૬/૪/૧૩૦) સૂત્રમાં આપ "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન લઈને કૃત્રિમ અને અકૃત્રિમ એ પ્રમાણે બંને સંખ્યા-વાચક નામોને ગ્રહણ કરવા માંગો છો. આ સંદર્ભમાં અમે આપને પૂછીએ છીએ કે અહીં "कृत्रिमा-कृत्रिमयोः..." ન્યાયનું આલંબન ન લેતાં આપે "क्वचिद् उभयगतिः..." ન્યાયનું આલંબન જ શા માટે લીધું ?

**પૂર્વપક્ષ :-** ક્યાં ઉભયનું ગ્રહણ કરવું ? ક્યાં કૃત્રિમનું ગ્રહણ કરવું ? અને ક્યાં અકૃત્રિમનું ગ્રહણ કરવું ? એનો નિર્ણય કરવા માટે તે તે પ્રયોગો અનુસાર જ કથન થઈ શકશે. જ્યાં કૃત્રિમ અને અકૃત્રિમ શબ્દોવાળાં પ્રયોગો મળતાં હોય ત્યાં "क्वचिद् उभयगतिः..." ન્યાયનું આલંબન લેવામાં આવશે. દા. ત. नाडीतन्त्रीभ्यां स्वाङ्गे" (૭/૩/૧૮૦) સૂત્રથી "बहुनाडिः कायः" તથા "बहुतन्त्रीर्ग्रीवा" પ્રયોગોમાં "कच्" સમાસાન્તનો નિષેધ થશે. બહુવ્રીહિ સમાસને અંતે "नाडी" અને "तन्त्री" શબ્દ આવ્યા હોય તથા બંને સ્વાઙ્ગનાં વાચક હોય તો બહુવ્રીહિ સમાસમાં "कच्" સમાસાન્તનો નિષેધ થાય છે. અહીં કૃત્રિમ એવાં સ્વાઙ્ગવાચકમાં જેમ "कच्" સમાસાન્તનો નિષેધ થાય છે, તે જ પ્રમાણે અકૃત્રિમ એવાં સ્વાઙ્ગવાચકથી પણ "कच्" સમાસાન્તનો નિષેધ થાય છે. તેથી "बहुनाडिः स्तम्बः" "बहुतन्त्रीर्वीणा" પ્રયોગો સિદ્ધ થશે. અહીં "नाडी" અને "तन्त्री" અપ્રાણીમાં રહ્યા હોવાથી કૃત્રિમ સ્વાઙ્ગપણું નથી. માટે "नाडी" અને "तन्त्री" શબ્દ અન્યપદ સ્વરૂપ "स्तम्ब" અને "वीणा"ની અપેક્ષાએ અકૃત્રિમ છે. શાસ્ત્રકારોએ સ્વાઙ્ગનું સ્વરૂપ બતાવ્યું છે. તેથી (૭/૩/૧૮૦) સૂત્રમાં, શાસ્ત્રકારો વડે બતાવાયેલ સ્વરૂપવાળું જ સ્વાઙ્ગત્વ લઈ શકાશે. તે સ્વરૂપ આ પ્રમાણે છે :

જે અવિકારી હોય, અદ્રવ હોય તેમજ મૂર્ત હોય અને પ્રાણીમાં રહેલું હોય તે સ્વાઙ્ગ કહેવાય છે તથા પ્રાણીમાંથી છૂટું પડેલું હોય તો પણ સ્વાઙ્ગ કહેવાય છે. તે જ પ્રમાણે પ્રાણી તુલ્ય પ્રાણીની પ્રતિમા વગેરેમાં રહેલું હોય તે પણ સ્વાઙ્ગ કહેવાય છે.

स्वाङ्गની ઉપરોક્ત વ્યાખ્યાથી (૭/૩/૧૮૦) સૂત્ર પ્રમાણે "बहुनाडिः कायः" તથા "बहुतन्त्रीर्ग्रीवा" કૃત્રિમ એવાં स्वाङ्गવાચક નામ હોવાથી "कच्" સમાસાન્તનો નિષેધ થવો જોઈએ; પરંતુ "बहुनाडिः स्तम्बः" તથા "बहुतन्त्रीर्वीणा" એ પ્રમાણે અકૃત્રિમ એવા स्वाङ्गવાચક નામથી પર "कच्" સમાસાન્તનો નિષેધ થવો જોઈએ નહિ. છતાં પણ "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન લઈને કૃત્રિમ અને અકૃત્રિમ એ પ્રમાણે બંને स्वाङ्गવાચક નામોથી પર "कच्" સમાસાન્તનો નિષેધ થશે.

**( श० न्यासानु० )** ननु स्तम्बस्यैकेन्द्रियप्राणित्वाद् नाड्याः कथमप्राणिस्थत्वमिति चेत्, उच्यते-"प्राण्यौषधि-वृक्षेभ्योऽवयवे च" [६.२.३१.] इति सूत्रे प्राणिग्रहणेनैव चेतनावत्त्वेन वृक्षौषधिग्रहणे सिद्धेऽपि पृथक् तद्ग्रहणेनेदं ज्ञापितम्-इह व्याकरणे प्राणिग्रहणेन त्रसा एव गृह्यन्ते, न तु स्थावरा इति।

**અનુવાદ :- પ્રતિપૂર્વપક્ષ :-** "स्तम्ब" (ઘાસનો સમૂહ અથવા ગુચ્છો) એ એકેન્દ્રિય હોવાથી પ્રાણીપણું સંભવે છે. તો પછી શા માટે નાડીનું અપ્રાણીમાં રહેવાપણું થશે ? અર્થાત્ નાડી પણ પ્રાણીમાં રહેલું અંગ હોવાથી स्वाङ्गવાચક જ કહેવાશે. આથી "क्वचिद् उभयगतिः" ન્યાયનો આશ્રય અહીં આવશ્યક નથી.

**પૂર્વપક્ષ (ચાલુ) :-** "प्राण्यौषधिवृक्षेभ्यो..." (૬/૨/૩૧) સૂત્રમાં ચેતનાવાળું પ્રાણી હોય તેમજ વૃક્ષ અને ઔષધિ પણ હોય તો પ્રાણીનાં ગ્રહણથી જ વૃક્ષનું પણ ગ્રહણ થઈ જ જાત; છતાં પૃથગ્ એવા વૃક્ષનું ગ્રહણ સૂત્રમાં કર્યું છે તેના દ્વારા આચાર્ય ભગવંત જણાવે છે કે આ વ્યાકરણમાં અન્યત્ર પ્રાણીનાં ગ્રહણથી ત્રસ જીવો જ ગ્રહણ કરવા; પરંતુ સ્થાવર જીવો ગ્રહણ કરવા નહિ. માટે જ "क्वचिदुभयगतिः" ન્યાયનું આલંબન અહીં આવશ્યક જ છે.

**( श० न्यासानु० )** "असह-नञ्-विद्यमानपूर्वपदात् स्वाङ्गादक्रोडादिभ्यः" [२.४.३८.] इत्यत्र "अविकारः०" इतिलक्षणलक्षितमेव कृत्रिमं स्वाङ्गं गृह्यते, न तु स्वमङ्गमवयव इति यौगिकमकृत्रिमम्, तेन 'दीर्घमुखा शाला' इत्यत्र शालापेक्षया लोकप्रसिद्धस्वाङ्गत्वे सत्यपि अप्राणित्वेन पारिभाषिक-स्वाङ्गत्वाभावान्न ङीः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ (ચાલુ) :-** હવે ક્યાંક માત્ર કૃત્રિમનું જ ગ્રહણ થાય છે એવું સ્થળ બતાવે છે. "असह नञ्०" (૨/૪/૩૮) સૂત્રમાં પારિભાષિક એવું કૃત્રિમ स्वाङ्ग જ ગ્રહણ કરાય છે; પરંતુ પોતાનો અવયવ એ પ્રમાણે અકૃત્રિમ स्वाङ्ग ગ્રહણ કરાતું નથી. તેથી "दीर्घमुखा शाला"માં "शाला"ની અપેક્ષાએ પ્રસિદ્ધ એવું અંગપણું હોતે છતે પણ અપ્રાણીપણાંથી પારિભાષિક, એવાં स्वाङ्गપણાંનો અભાવ થાય છે. આથી સ્ત્રીલિંગમાં "ई (ङी)" થતો નથી. આમ (૨/૪/૩૮) સૂત્રમાં પારિભાષિક એવાં स्वाङ्गનું જ (કૃત્રિમ) ગ્રહણ કર્યું છે.

**( श० न्यासानु० )** "शिरोऽधसः पदे समासैक्ये" [२.३.४.] इत्यत्राकृत्रिमं पदशब्दरूपमेव गृहीतम्, न तु पारिभाषिकं विभक्त्यन्तं पदम्, तेन 'शिरस्पदम्, अधस्पदम्' इति सिद्ध्यति । न चाऽत्र पारिभाषिकपदग्रहणेऽपि 'पदम्' इत्यस्य विभक्त्यन्तत्वेन पदत्वात्, सत्वं भविष्यत्येवेति वाच्यम्, पदशब्दातिरिक्तानां सविभक्तिकघटपटादिशब्दानामपि परत्वे शिरसादौ सत्वापत्तिरित्यतिव्याप्तिस्तथाऽपि दुरुद्धरेति तात्पर्यात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ (ચાલુ) :-** હવે અકૃત્રિમનું જ ગ્રહણ જ્યાં હોય એવું સ્થળ બતાવે છે : "शिरोऽधसः..." (૨/૩/૪) સૂત્ર પ્રમાણે "शिरस्" અને "अधस्" શબ્દથી પર "पद" શબ્દ આવ્યો હોય અને સમાસમાં એકાર્થપણું જણાતું હોય તો "शिरस्" અને "अधस्" બંને શબ્દોનાં થયેલા એવાં "स्"નાં "र्"નો "पद" શબ્દ ઉત્તરપદમાં આવ્યે છતે "स्" થાય છે. અહીં પારિભાષિક વિભક્તિ અંતવાળી પદસંજ્ઞાનું ગ્રહણ થતું નથી; પરંતુ અકૃત્રિમ એવાં "पद" શબ્દનું જ ગ્રહણ થાય છે. આથી "शिरस्पदम्" અને "अधस्पदम्" પ્રયોગોની સિદ્ધિ થાય છે.

**પ્રતિપૂર્વપક્ષ :-** અહીં પણ પારિભાષિક "पद" જ ગ્રહણ કરાયું છે કારણ કે "पदम्" શબ્દ વિભક્તિ અંતવાળો હોવાથી પદપણાંવાળો થાય છે. આથી પારિભાષિક વિભક્તિ અંતવાળા જ "पद" શબ્દનું વિદ્યમાનપણું હોવાથી "स्" થશે.

**પૂર્વપક્ષ (ચાલુ) :-** અહીં પારિભાષિક એવાં "पदम्" શબ્દનું ગ્રહણ કરાયું નથી. જો પારિભાષિક એવાં પદ શબ્દનું ગ્રહણ કરાય તો તમામ વિભક્તિઅંત એવાં "घटः, पटः" વગેરે શબ્દો "शिरस्" અને "अधस्" શબ્દ પછી આવે તો સ્ની આપત્તિ આવશે અને આવી આપત્તિને દૂર કરવી મુશ્કેલ હોવાથી જ અહીં અકૃત્રિમ એવાં "पद" શબ્દનું જ ગ્રહણ કરાશે.

**( श० न्यासानु० )** इत्थं च तत्र तत्र यद् भवतु तद् भवतु *क्वचिदुभयगतिः* इत्यस्याश्रयणेन प्रकृते संज्ञिकोटौ सङ्ख्याग्रहणं तु न कर्तव्यं भवतीति संज्ञासूत्रत्वे न काचित् क्षतिरिति चेत्, सत्यम्-निर्दोषत्वात् स्वीकुर्महे ।

**અનુવાદ :- પૂર્વપક્ષ (ચાલુ) :-** આ પ્રમાણે તે તે સૂત્રોમાં જે જે ન્યાયનું આલંબન લઈને પ્રયોગો થતાં હોય તેવા તેવા પ્રયોગો થવા જોઈએ. અહીં પણ "क्वचिद् उभयगतिः" ન્યાયનો આશ્રય લઈને સંજ્ઞિકોટિમાં संख्या શબ્દનું ગ્રહણ કરવા યોગ્ય નથી. આ પ્રમાણે "डत्यतु संख्या" આટલું જ સંજ્ઞાસૂત્ર બનાવવામાં આવશે તો પણ કોઈ ક્ષતિ નથી.

**ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજી) :-** આપની વાત સાચી છે. "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન લઈને પણ સંજ્ઞાસૂત્ર બનાવી શકાય છે અને તેમાં નિર્દોષપણું હોવાથી અમે સ્વીકારીએ છીએ.

**( श० न्यासानु० )** परमत्रेदमाकलनीयम्-संज्ञापक्षे लक्ष्याऽसिद्धिरूपदोषाभावेऽपि *कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे०* इत्यादरास्पदमपि न्यायोऽनादियते, *क्वचिदुभयगतिः* इति न्याय आद्रियते, एतस्यादरे तु पुनर्द्विधा बोधायाऽऽवृत्तिः, क्वचित्पदेन विषयविशेषानिर्णयाद् व्याख्यानविशेषश्चाऽवलम्बनीयौ, व्याख्यानविशेषेऽपि इतरव्याख्याननिवर्तकप्रमाणान्तरमन्विष्येत, तदित्थं महता प्रयासेन संज्ञा-सूत्रत्वपक्षे कर्तव्यतयाऽऽपादितं सङ्ख्याग्रहणजन्यं गौरवं परिहृत्य 'वद्'ग्रहणपक्षीयं कण्ठताल्वाद्यभिघातप्रयोज्यगौरवं परिह्रियते, मृष्यते च बहु परिपतन्मनोगौरवम्, न खलु कण्ठताल्वाद्यभिघातप्रयोज्यगौरवमेव गौरवं भवितुमर्हति, न तु मनोगौरवं गौरवमिति राजाऽऽज्ञाऽस्तीति बहुमनोगौरवसहनापेक्षया लाघवात् सङ्ख्याग्रहणमेव कर्तव्यमुचितं स्यादिति संज्ञासूत्रापेक्षया सङ्ख्याग्रहणराहित्येन वद्घटितमतिदेशसूत्रमेवास्तु-"डत्यतु सङ्ख्यावत्" इतीति युक्तमुत्पश्याम इति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (ચાલુ) :-** "डत्यतु संख्या" એ પ્રમાણે સંજ્ઞાસૂત્ર બનાવવાથી "क्वचिद् उभयगतिः" ન્યાયનો આશ્રય લઈને સંજ્ઞિકોટિમાં संख्यानुं ગ્રહણ કરવું આવશ્યક રહેશે નહિ અને એ પ્રમાણે ઇષ્ટ એવાં લક્ષ્યની સિદ્ધિ થઈ જશે; પરંતુ આવું સંજ્ઞાસૂત્ર બનાવવા દ્વારા "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાય આદરનું સ્થાન હોવા છતાં પણ આદર કરાતો નથી. એને બદલે "क्वचिद् उभयगतिः" ન્યાયનો આદર કરાય છે. "क्वचिद् उभयगतिः" ન્યાયનો આદર કરીને પણ (૬/૪/૧૩૦) વગેરે સંખ્યા સંબંધી કાર્યોનાં સૂત્રોમાં "સંખ્યા" પદથી "डति" અને "अतु" અંતવાળી શાસ્ત્રીય સંખ્યા તથા એક, બે, ત્રણ વગેરે લૌકિક સંખ્યાનો બોધ કરવા માટે એક જ "સંખ્યા" પદની આવૃત્તિ કરવી પડે છે. અર્થાત્ તે તે સૂત્રોમાં રહેલાં "संख्या" પદથી શાસ્ત્રીય સંખ્યા તથા લૌકિક સંખ્યાનો બોધ કરવા માટે સંખ્યા પદની આવૃત્તિ કરવી પડે છે.

જો "क्वचिद् उभयगतिः" ન્યાયનો સહારો લેવામાં આવે તો "क्वचित्" પદથી કોઈક સ્થાનમાં એવો બોધ થાય છે. હવે કોઈક સ્થાનમાં એવા બોધથી કયા સ્થાનમાં આ ન્યાયનો આદર કરવો જોઈએ? એનો નિર્ણય કરવા માટે વ્યાખ્યાનવિશેષનું આલંબન લેવું પડશે. વ્યાખ્યાનવિશેષમાં પણ બીજા કોઈક કથનનું નિવર્તન કરનાર અન્ય પ્રમાણ આપવું પડશે અર્થાત્ અહીં "क्वचिद् उभयगतिः" ન્યાયનો આશ્રય લેવામાં આવ્યો છે તો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયનો આશ્રય શા માટે લેવામાં આવ્યો નથી ? એ સંબંધી વસ્તુ અન્ય પ્રમાણથી સિદ્ધ કરવી પડશે. આ પ્રમાણે આટલો બધો પ્રયત્ન કર્યા પછી સંખ્યા શબ્દનાં ગ્રહણથી ઉત્પન્ન થતા ગૌરવનો ત્યાગ અર્થાત્ "डत्यतु संख्या संख्या" એ પ્રમાણે સંજ્ઞાસૂત્ર બનાવવામાં આવે તો સંજ્ઞિકોટિમાં લૌકિક સંખ્યાને લેવા માટે संख्या પદનું ગ્રહણ કરવું પડશે, જે ગૌરવરૂપ થશે; જેનો (ગૌરવનો) ત્યાગ "डत्यतु संख्या" સૂત્ર બનાવવાથી થશે. વળી "डत्यतु संख्यावत्"

સૂત્ર બનાવશો તો આવા અતિદેશસૂત્રમાં ("वत्" પદ ઘટિત) પણ સંખ્યાપદ સંબંધી કંઠ, તાલુ અભિઘાતથી પ્રયોજાતા એવાં ગૌરવનો ત્યાગ કરાય છે. ટૂંકમાં "डत्यतु संख्या" સૂત્ર બનાવવા દ્વારા આપના વડે સંજ્ઞાસૂત્ર પક્ષમાં संख्या સંબંધી પદનાં ગૌરવનો ત્યાગ કરાયો છે તથા અતિદેશસૂત્ર બનાવવામાં આવે ત્યારે જે ગ્રહણ કરેલા "वत्" પદનું ગૌરવ હતું એ ગૌરવનો પણ "डत्यतु संख्या" સૂત્ર બનાવવા દ્વારા ત્યાગ કરાયો છે. આવા ગૌરવનો ત્યાગ કરીને પણ ગોળગોળ ફેરવનાર એવાં મનોગૌરવને (બુદ્ધિનાં વ્યાયામને) આપ સહન કરો છો. જે અમે ""कृत्रिमाकृत्रिमयोः०" ન્યાય આદરનું સ્થાન હોવા છતાં પણ આદર કરાતો નથી" વગેરે લખાણો દ્વારા થોડીવાર પહેલાં જ જણાવી ગયા છીએ.

ખરેખર તો અતિદેશસૂત્ર બનાવવામાં "वत्" પદ લખવા દ્વારા કંઠ, તાલુનાં અભિઘાતથી કરાતું એવું ગૌરવ એ ગૌરવ જ નથી. આપના મતે "મનનું ગૌરવ એ ગૌરવ નથી" એ પ્રમાણે જાણે કે રાજાની આજ્ઞા છે અર્થાત્ આપની ઇચ્છા પ્રમાણે મનનાં ગૌરવને ગૌરવ ન માનવું એ બરાબર નથી. આમ ઘણા બધા મનનાં ગૌરવને સહન કરવું એનાં કરતાં તો લાઘવથી સંખ્યાપદ ગ્રહણ કરવા દ્વારા સંજ્ઞાસૂત્ર બનાવવામાં આવે તે વધારે ઉચિત છે. તથા આગળ વધીને કહીએ તો સંખ્યાપદ ગ્રહણ ન કરીને વત્ ઘટિત એવું અતિદેશસૂત્ર જ યોગ્ય છે; આમ "डत्यतु संख्यावत्" સૂત્ર જ યોગ્ય છે, એવું અમે અવલોકન કરીએ છીએ.

**(श० न्यासानु०)** नन्वतिदेशसूत्रत्वाङ्गीकारेऽपि "डत्यतु सङ्ख्या" इत्याकारकं वद्रहितमेव सूत्रमस्तु, भवति हि वत्प्रत्ययमन्तरेणाप्यतिदेशावगतिः यथा-ब्रह्मदत्तभिन्ने ब्रह्मदत्तगतगुणसदृश-गुणानालोक्य 'एष ब्रह्मदत्तः' इति यदा कश्चित् प्रयुङ्क्ते तदा अब्रह्मदत्तं ब्रह्मदत्त इत्ययमाह तेन मन्यामहे-ब्रह्मदत्तवदयं भवतीति श्रोता निश्चिनोति, तथा इहापि नियतविषयपरिच्छेदहेतुरूप-सङ्ख्याभिन्ने त्रित्वादिसङ्ख्याव्यापकाखण्डोपाधिरूपबहुत्वविशिष्टादिवाचकबह्वादौ सङ्ख्याप्रयुक्त-कार्यभाक्त्वरूपसादृश्यप्रतिसन्धानेन "डत्यतु सङ्ख्या" इति प्रतिपादनात् सङ्ख्यावदिति प्रत्ययो भविष्यतीति चेत् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** અતિદેશસૂત્ર પક્ષનો તમે સ્વીકાર કરો તો પણ "डत्यतु संख्या" એવાં સ્વરૂપવાળું "वद्" પદરહિત જ સૂત્ર બનાવવું જોઈએ. કારણ કે "वद्" પદ વિના પણ અતિદેશનો બોધ થાય જ છે. દા.ત. બ્રહ્મદત્તથી ભિન્ન એવાં યજ્ઞદત્તમાં બ્રહ્મદત્તનાં ગુણોની સમાનતા જોઈને કોઈ કહે છે કે, આ બ્રહ્મદત્ત છે. ત્યારે સાંભળનાર વ્યક્તિ પણ અબ્રહ્મદત્તને જોઈને આ બ્રહ્મદત્ત છે એવું સામેવાળો માણસ કહે છે તેવું સાંભળે છે અને તે સમયે શ્રોતા નક્કી કરે છે કે આ યજ્ઞદત્ત પણ બ્રહ્મદત્ત જેવો છે. આમ બ્રહ્મદત્તથી ભિન્ન વ્યક્તિમાં પણ બ્રહ્મદત્તનાં ગુણોની સમાનતાનો આરોપ કરીને "આ બ્રહ્મદત્ત જેવો જ છે" એવો બોધ કરવામાં આવે છે.

અહીં "बहु" વગેરેમાં સંખ્યા શબ્દમાં રહેલાં કયા ધર્મની સમાનતાનો આરોપ કરીને સંખ્યા શબ્દનો બોધ કરવામાં આવે છે ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. એનાં અનુસંધાનમાં પૂર્વપક્ષ હવે પછીની પંક્તિઓમાં જણાવે છે.

નિયતવિષયનાં બોધનાં કારણ સ્વરૂપ સંખ્યા છે અર્થાત્ સંખ્યા પદથી એક, બે, ત્રણ, ચાર વગેરે ચોક્કસ અવધિનો બોધ થાય છે. એ બોધનાં કારણરૂપ પદાર્થમાં રહેલો જે ધર્મ છે, તેને સંખ્યા કહેવામાં આવે છે. આવી સંખ્યાથી ભિન્ન "बहु" વગેરે સંખ્યાઓ છે. અહીં જ્યાં જ્યાં ત્રિત્વ વગેરે સંખ્યાઓ છે ત્યાં ત્યાં बहुत्व છે. આથી ત્રિત્વ વગેરેને વ્યાપક बहुत्व કહેવાય છે. ન્યાયદર્શનમાં જાતિભિન્ન ધર્મ હોય તે ઉપાધિ સ્વરૂપ કહેવાય છે. આ ઉપાધિસ્વરૂપ ધર્મ પણ બે પ્રકારનાં હોય છે. (૧) સખંડ ઉપાધિવાળા અને (૨) અખંડ ઉપાધિવાળા. હવે અવિદ્યમાન એવાં પદાર્થોમાં રહેલા ધર્મો અખંડ ઉપાધિ સ્વરૂપ થશે. જેમ કે, પ્રતિયોગિતા, વિષયતા વગેરે ધર્મો. તે જ પ્રમાણે बहुत्वधर्म પણ અખંડ ઉપાધિ સ્વરૂપ બનશે. આમ, આ અર્થનો બોધ કરાવવા માટે આચાર્ય ભગવંતે પંક્તિઓ લખી છે કે, ત્રિત્વ વગેરે સંખ્યાને વ્યાપક એવું અખંડ ઉપાધિ સ્વરૂપ बहुत्वથી વિશિષ્ટ "बहु" વગેરે સંખ્યા છે. આ "बहु" વગેરેમાં, સંખ્યાવાચક શબ્દોમાં જેવા કાર્યો થાય છે, એવા જ કાર્યો થતાં હોવાથી "बहु" વગેરેનાં વાચક પદોમાં પણ સંખ્યા જેવાં છે એવો બોધ થઈ જ જશે. માટે અતિદેશસૂત્ર બનાવીને "वत्" પદ લખવાની આવશ્યકતા નથી.

**( श० न्यासानु० )** न-एवं सति शक्यार्थबाधेन लक्षणाऽभ्युपगन्तव्या, सा च द्विधा-निरूढा आधुनिकी चेति, तत्रानादितात्पर्यिका निरूढा, प्रयोजनवती चाधुनिकी, यदीदानीं सङ्ख्याशब्दे लक्षणा स्वीक्रियते तदेयमाधुनिकीति कृत्वा प्रयोजनेन केनचिद् भाव्यम्, न चात्रासाधारणं प्रयोजनं किमप्युत्पश्यामः, 'सङ्ख्यावत्' इत्यनेनैव विवक्षितार्थसिद्धेः, 'एष ब्रह्मदत्तः' इत्यादौ तु ब्रह्मदत्त-गताऽसाधारणधर्मबोधनरूपं प्रयोजनमुपलभ्यते, न च तद् ब्रह्मदत्तसदृशादिशब्देन निश्चेतुं शक्यम्, रूपान्तरेणापि सादृश्योपपत्तेः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** "डत्यतु संख्या" આટલું જ સૂત્ર બનાવવાથી "संख्या" શબ્દથી "संख्यावत्" (સંખ્યા જેવાં) અર્થનો બોધ થઈ જશે એવું આપ કહો છો; એ શક્ય નથી. જો "वत्" પ્રત્યય વગર સૂત્ર બનાવવામાં આવે અને એક, બે, ત્રણ વગેરે અર્થનો પણ બોધ કરવો હોય તો શક્યાર્થનો બાધ કરીને લક્ષણા સ્વીકારવી પડશે અર્થાત્ "संख्या" શબ્દથી "डति" અને "अतु" અંતવાળું નામ સંખ્યા સ્વરૂપ થાય છે તથા એક, બે વગેરે પણ સંખ્યા સ્વરૂપ છે. એ પ્રમાણે લક્ષણા સંબંધથી સંખ્યા શબ્દનો અર્થ કરવામાં આવે તો જ ઉપરોક્ત અર્થ થઈ શકે. હવે

અહીં લક્ષણા સ્વીકારવી કે કેમ ? અથવા તો કઈ લક્ષણા સ્વીકારી શકાશે ? એ બાબતનો વિચાર કરવો-આવશ્યક થશે.

લક્ષણા બે પ્રકારની છે : (૧) નિરૂઢા લક્ષણા અને (૨) આધુનિકી લક્ષણા.

અનાદિ તાત્પર્યનાં વિષયવાળી જે હોય તે "નિરૂઢા લક્ષણા" કહેવાય છે. આ લક્ષણાથી વક્તાનો વિશેષ આશય પ્રગટ થતો નથી. શક્યાર્થનો બાધ કરીને વિશેષ તાત્પર્યવાળો અર્થ સ્વીકારવામાં આવે તો લક્ષણા સંબંધથી સ્વીકારાય છે. નિરૂઢા લક્ષણામાં વિશેષ અર્થ તો સ્વીકારવામાં આવે છે અર્થાત્ યૌગિક અર્થનો ત્યાગ કરીને વિશેષ અર્થ તો સ્વીકારાય છે, પણ આ વિશેષ અર્થ અનાદિ તાત્પર્યવાળો હોય છે. દા.ત. "कुशलः" આ શબ્દનો યૌગિક અર્થ નીચે પ્રમાણે થાય છે : ખેતરમાં ધાન્ય ઊગ્યું હોય અને વચ્ચે વચ્ચે ઘાસ પણ ઊગી જાય તો એવું ઘાસ ધાન્યને માટે નુકશાન કરનાર થાય. આથી એવાં ઘાસને કાપી નાખવા માટે હોશિયાર વ્યક્તિઓ સહાયક થતી હતી. આવી વ્યક્તિઓને "कुशल" કહેવામાં આવતી હતી. "कुशल" શબ્દનાં આ અર્થનો ત્યાગ કરીને જે તે ક્ષેત્રમાં હોશિયાર એવી તમામ વ્યક્તિઓને જગતનાં બધા જ લોકો "कुशलः" કહે છે. આ પ્રમાણે અનાદિકાળથી લોકોએ યૌગિક અર્થનો ત્યાગ કરીને નવો અર્થ સ્વીકાર્યો છે. આને નિરૂઢા લક્ષણાથી પ્રાપ્ત કરેલો અર્થ કહેવાય છે. આમ આ લક્ષણાથી વક્તાનો વિશેષ આશય પ્રગટ થતો નથી.

ચોક્કસ પ્રયોજનને કારણે જે લક્ષણા કરાય તે આધુનિકી લક્ષણા કહેવાય છે. દા.ત. "गङ्गायाम् घोषः" અહીં ગંગા પદનો શક્યાર્થ જે ગંગાપ્રવાહ છે તેનો બાધ કરીને ગંગાતીર અર્થ લક્ષણા સંબંધથી કરવામાં આવે છે. આ ગંગાતીર અર્થ "घोषः" પદનાં સામર્થ્યથી કર્યો છે. ગંગાપ્રવાહમાં ઘોષનું (ઝૂંપડી) અસ્તિત્વ શક્ય ન હોવાથી ગંગાતીર અર્થ કર્યો છે. આવી લક્ષણા કરવા પાછળ વ્યંજના દ્વારા શક્યને વિશે રહેલ અસાધારણ ધર્મને જણાવવા સ્વરૂપ પ્રયોજન હોય છે.

હવે 'डत्यतु सङ्ख्या' એટલું જ સૂત્ર બનાવવામાં આવે તો 'सङ्ख्या' શબ્દમાં લક્ષણા સ્વીકારવી આવશ્યક થશે. કારણ કે 'डति' અને 'अतु' અંતવાળા નામોમાં સંખ્યાત્વધર્મનો આરોપ કરવો આવશ્યક થશે, જે લક્ષણા સિવાય શક્ય નથી. હવે જો નિરૂઢલક્ષણા સ્વીકારાશે તો 'कति' વગેરે શબ્દો સ્વયં સંખ્યા સ્વરૂપ જ બની જશે. આથી 'कति' વગેરે સંખ્યા ભિન્ન અર્થમાં પ્રયોગવાળા દેખાશે નહીં. હવે આ આપત્તિમાંથી બચવા જો આધુનિકી લક્ષણા સ્વીકારાશે તો કોઈક પ્રયોજન અવશ્ય માનવું પડશે. સૌ પ્રથમ આપણે એક ઉદાહરણ દ્વારા આ વસ્તુને સમજીએ. દા. ત. કોઈક વ્યક્તિ કહે કે તેનું મુખ ચન્દ્ર જેવું છે. અહીં ચન્દ્રના બધા જ ધર્મો તેના મુખમાં આવતા નથી. ચન્દ્રના અમુક ધર્મો તેના મુખમાં આવે છે. તથા બીજી વ્યક્તિ આ પ્રમાણે કહે છે કે 'मेरे

सामने वाली खिडकी में एक चाँद का टूकडा रहता है।' આ વાક્યમાં સ્ત્રીના મુખને સંપૂર્ણપણે ચન્દ્ર કહી દેવામાં આવે છે, પરંતુ આવું કહેવા પાછળ કંઈક પ્રયોજન હોય છે. કોઈ સ્ત્રીની સુંદરતામાં અધિકતા બતાવવાનું પ્રયોજન હોય ત્યારે આધુનિકી લક્ષણા કરવામાં આવે છે. અહીં 'एष ब्रह्मदत्तः' પ્રયોગ આપેલ છે. તેના દ્વારા એવું જણાય છે કે સામે રહેલા યજ્ઞદત્તમાં બ્રહ્મદત્તના અસાધારણ ધર્મ જણાવવાનું પ્રયોજન પ્રાપ્ત થાય છે. આ વસ્તુ 'ब्रह्मदत्त-सदृशः' અથવા તો 'ब्रह्मदत्तवत्' વગેરે શબ્દોથી જણાઈ શકશે નહીં. જો સાદશ્યધર્મ બતાવવો હશે તો અન્ય સ્વરૂપથી પણ જણાઈ જશે અર્થાત્ 'वत्' પ્રત્યય દ્વારા પણ જણાઈ જશે. પરંતુ આધુનિકી લક્ષણામાં તો કોઈકને કોઈક પ્રયોજન અવશ્ય બતાવવું પડશે. જે 'डत्यतु सङ्ख्या' સૂત્રમાં રહેલા 'सङ्ख्या' શબ્દમાં જણાતું નથી. આધુનિકી લક્ષણા મુખ્યતયા કાવ્યોમાં જોવા મળે છે. અહીં વ્યાકરણમાં તો કંઈક વિધાન કરવાનું હોવાથી આધુનિકી લક્ષણાની આવશ્યકતા નથી. માટે 'डत्यतु सङ्ख्या' આટલું જ સૂત્ર જરૂરી નથી, પરંતુ 'डत्यतु सङ्ख्यावत्' સૂત્ર જ યોગ્ય છે.

**(श० न्यासानु०)** अयं भावः-आधुनिकलक्षणास्थले व्यञ्जनाद्वारा शक्यगतासाधारण-धर्मबोधनरूपं प्रयोजनं भवति, व्यञ्जनाजन्यबोधोऽपि चमत्कारविशेषाधायकः, यथा-'गङ्गायां घोषः' इत्यत्र प्रवाहरूपशक्यार्थबाधेन लक्षणया तीरार्थे प्रत्याय्यमाने व्यञ्जनया गङ्गागतशैत्य-पावनत्वादिबोधः, नहि 'चैत्रो बलीवर्दः' इति प्रतिपादने यश्चमत्कारश्चकास्ति स चैत्रो मूर्ख इति वचने। इत्थं च प्रयोजनाऽनुरूपमब्रह्मदत्ते लक्षणया ब्रह्मदत्तस्य प्रयोगेऽपि प्रकृते वद्घटितं "डत्यतु सङ्ख्यावत्" इति सूत्रकरणमेव युक्तम् ॥३९॥

**અનુવાદ :-** આધુનિકી લક્ષણા સ્થળમાં વ્યંજના શક્તિ દ્વારા શક્યાર્થને વિશે રહેલા અસાધારણ ધર્મ જણાવવારૂપ પ્રયોજન હોય છે. દા.ત. "गङ्गायां घोषः" અહીં ગંગા પદનો લક્ષણા સંબંધથી ગંગાતીર અર્થ કરવામાં આવે છે અને આમ કરીને શક્યાર્થ સ્વરૂપ ગંગાપ્રવાહનો ત્યાગ કરવામાં આવે છે તેમજ વ્યંજના દ્વારા શક્યાર્થ એવાં ગંગાપ્રવાહમાં રહેલાં શીતળતા, પવનપણું વગેરે અસાધારણ ધર્મો લક્ષ્યાર્થમાં જણાવવાનું પ્રયોજન પણ છે તથા જ્યાં જ્યાં વ્યંજનાથી જન્ય બોધ હોય તો તેવો બોધ પણ આશ્ચર્યવિશેષને કરનારો થાય છે. જો આશ્ચર્યવિશેષની પ્રાપ્તિ ન થતી હોય તો આધુનિકી લક્ષણાથી અર્થબોધ થઈ શકતો નથી. "ચૈત્ર ગધેડો છે" એવું કથન કરવાને વિશે જે આશ્ચર્ય પ્રાપ્ત થાય છે, તેવું આશ્ચર્ય "ચૈત્ર મૂર્ખ છે" એવાં પ્રયોગમાં થતું નથી.

આ પ્રમાણે અબ્રહ્મદત્તમાં પણ લક્ષણાથી બ્રહ્મદત્તનો બોધ થતો હોય તો ત્યાં તો "वत्" પ્રત્યય વગર પણ બ્રહ્મદત્તમાં રહેલાં અસાધારણધર્મો બ્રહ્મદત્ત ભિન્ન વ્યક્તિમાં જણાવવાનું પ્રયોજન છે; પરંતુ "डत्यतु संख्या" એવું સૂત્ર બનાવવામાં આવે તો સંખ્યાભિન્ન એવાં "डति" અને "अतु" અંતવાળા પદાર્થમાં સંખ્યા પદાર્થમાં રહેલાં અસાધારણ ધર્મો બતાવવાનું પ્રયોજન હોય એવું

જણાતું નથી. અર્થાત્ "ચૈત્ર ગધેડો છે" એવું કહેવા દ્વારા જે આશ્ચર્ય પ્રકાશિત થાય છે, એવું આશ્ચર્ય-"डत्यतु संख्या" કહેવા દ્વારા પ્રકાશિત થતું નથી, આથી "डत्यतु संख्यावत्" એ પ્રમાણે સૂત્ર કરવું જ યોગ્ય જણાય છે.

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

डत्यत्वित्यादि-वत्करणाभावे *कृत्रिमाकृत्रिमयोः* इति न्यायाद् एकद्व्यादीनामकृत्रिमाणां न स्यादिति ॥३९॥

**-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-**

જો સૂત્રમાં "वत्"કરણ ન કર્યું હોત તો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી એક, બે, ત્રણ વગેરે અકૃત્રિમ સંખ્યાનું ગ્રહણ થઈ શકત નહિ.

**॥ एकोनचत्वारिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

* * *

## सूत्रम् - बहुगणं भेदे । १ । १ । ४० ॥

**-: તત્ત્વપ્રકાશિકા :-**

**'बहु' 'गण' इत्येतौ शब्दौ भेदे वर्तमानौ सङ्ख्यावद् भवतः, भेदो नानात्वमेकत्वप्रति-योगि ।**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

"बहु" અને "गण" આ બંને શબ્દો ભેદ અર્થમાં રહેલાં હોય તો સંખ્યા જેવાં થાય છે. એકત્વનું વિરોધી એવું અનેકપણું એ ભેદ શબ્દનો અર્થ છે.

**( त० प्र० ) बहुकः, बहुधा, बहुकृत्वः । गणकः, गणधा, गणकृत्वः । भेद इति किम् ? वैपुल्ये सङ्घे च सङ्ख्याकार्यं मा भूत् ।**

**અનુવાદ :-** बहुकः=ઘણાં વડે ખરીદાયેલ, बहुधा=ઘણાં પ્રકારો વડે, बहुकृत्वः=બહુવાર. તે જ પ્રમાણે गणकः=સમૂહ વડે ખરીદાયેલ અથવા અનેક વડે ખરીદાયેલ, गणधा=અનેક પ્રકારો વડે, गणकृत्वः=અનેકવાર. ભેદ અર્થમાં લખવા દ્વારા ગ્રંથકાર શું કહેવા માંગે છે? એના જવાબમાં

આચાર્યભગવંતશ્રી જણાવે છે કે વિશાળ અર્થમાં અને સમૂહ અર્થમાં રહેલ અનુક્રમે "बहु" અને "गण" શબ્દ સંખ્યાકાર્યને ભજનારા થતા નથી.

**(त० प्र०) बहुगणौ न नियतावधिभेदाभिधायकाविति सङ्ख्याप्रसिद्धेरभावाद् वचनम्, अत एव भूर्यादिनिवृत्तिः ॥४०॥**

**અનુવાદ :-** "बहु" અને "गण" શબ્દ નિશ્ચિત અવધિ સ્વરૂપ પ્રકારને કહેનારા નથી. માટે એ શબ્દો દ્વારા સંખ્યાની પ્રસિદ્ધિ થઈ શકતી નથી; છતાં પણ આ બંને શબ્દોમાં સંખ્યાવાચકત્વની પ્રસિદ્ધિ માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે. આથી બાકીનાં જે શબ્દો દ્વારા નિયત અવધિનું કથન નહિ થતું હોય એવાં भूरि, विपुल વગેરે શબ્દોમાં સંખ્યાવાચકત્વની પ્રસિદ્ધિ થઈ શકશે નહિ.

### -: શબ્દમહાર્ણવન્યાસ અનુસંધાન :-

**बहुगणमि**त्यादि-"वहीं प्रापणे" इत्यतो वहतीति "मि-वहि-चरि-चटिभ्यो वा" [उणा० ७२६.] इति उप्रत्यये वबयोरैक्येन बत्वे च बहुरिति "गणण् संख्याने" अतो गण्यत इत्यलि गण इति, बहुश्च गणश्चेत्यनयोः समाहार इति बहुगणम्, अत्र "चार्थे द्वन्द्वः सहोक्तौ" [३.१.११७.] इति समासः, "लघ्वक्षर० [३.१.१६०.)" इति बहुशब्दस्य प्राग्निपातः, लाघवार्थं समाहारविवक्षया एकत्वम्, "द्वन्द्वैकत्व०" (लिङ्गानुशासने नपुंसकलिङ्गे श्लो० ९.] इति नपुंसकत्वम्, "अतः स्यमोऽम्" [१.४,५७.] इति सेरमादेशः, "समानादमोऽतः" [१.४.४६.] इति पूर्वाकारलोपश्च विज्ञेयः । 'बहुगणम्' इत्येकवचना-न्तत्वेऽपि द्वौ शब्दावत्र ग्राह्याविति स्पष्टमवबोधयितुमाह-**बहु गण इत्येतौ शब्दा**विति ।

### -: શબ્દમહાર્ણવન્યાસ અનુસંધાનનો અનુવાદ :-

"વહન કરવું" અર્થવાળો "वह्" ધાતુ પહેલા ગણનો છે. વહન કરનાર એ અર્થોમાં "मि-वहि-चरि..." (उणा.७२६) સૂત્રથી "उ" પ્રત્યય થતાં "वहु" શબ્દ પ્રાપ્ત થાય છે તથા "व्" અને "ब्"નું એકપણું થવાથી "व्"નો "ब्" તરીકે બોધ કરતાં "बहुः" શબ્દની પ્રાપ્તિ થાય છે.

"ગણવું" અર્થવાળો "गण्" ધાતુ દશમા ગણનો છે. આ "गण्" ધાતુને ભાવમાં "अल्" પ્રત્યય લાગતાં "गण" શબ્દ પ્રાપ્ત થાય છે. "बहु" અને "गण" એ પ્રમાણે આ બંનેનો સમાહાર દ્વન્દ્વ સમાસ થવાથી "बहुगणम्" સ્વરૂપ સામાસિક શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં "चार्थे द्वन्द्वः सहोक्तौ" (૩/૧/૧૧૭) સૂત્રથી સમાસ થયો છે તથા "लघ्वक्षर..." (૩/૧/૧૬૦) સૂત્રથી "उ" અન્તવાળો "बहु" શબ્દ પૂર્વમાં નિપાત પામે છે. લાઘવ પ્રયોજન માટે સમાહારની વિવક્ષાથી

એકવચન કર્યું છે તથા "द्वन्द्वैकत्व..." (લિંગાનુશાસનનાં નપુંસકલિંગમાં શ્લો. ૯)થી નપુંસકલિંગ કર્યું છે. આથી "बहुगणम्" સ્વરૂપ સામાસિક શબ્દને પ્રથમાનો "सि" પ્રત્યય લાગતાં "अतः स्यमोऽम्" (૧/૪/૫૭) સૂત્રથી "सि" અને "अम्"નો "अम्" આદેશ થતાં તેમજ "समानादमोऽतः" (૧/૪/૪૬) સૂત્રથી પૂર્વનાં "अ"કારનો લોપ થતાં "बहुगणम्" એ પ્રમાણે પ્રથમા એકવચન સિદ્ધ થાય છે. "बहुगणम्" એ પ્રમાણે એકવચનવાળો પ્રયોગ હોવા છતાં પણ અહીં બે શબ્દ ગ્રહણ કરાય છે, (નિશ્ચિત કરાય છે,) એવી સ્પષ્ટતાને જણાવવા માટે આચાર્ય ભગવંત બૃહદ્વૃત્તિટીકામાં કહે છે કે, "बहु" અને "गण" એ પ્રમાણે બે શબ્દો.

**(श०न्यासानु०)** इमावनेकार्थकाविति कीदृशार्थावत्र विवक्षिताविति जिज्ञासायामाह-**भेदे वर्तमानाविति**। बहुगणमित्युपादानेनोद्देश्याऽऽकाङ्क्षाया निवर्तनात् पूर्वसूत्रतो 'डत्यतु' इत्युद्देश्य-बोधकशब्दाऽननुवर्तनेऽपि विधेयाऽऽकाङ्क्षा न यथास्थितसूत्राद् निवर्तत इति तदर्थं सङ्ख्या-वदित्यनुवर्तत एवेत्याह-**सङ्ख्यावदिति**। शाब्दबोधस्य धात्वर्थप्रधानत्वादध्याहरति-**भवत** इति।

**અનુવાદ :-** આ બંને શબ્દો અનેક અર્થવાળાં છે. આથી કયા અર્થવાળા આ બંને શબ્દોની અહીં વિવક્ષા કરાય છે ? એવી જિજ્ઞાસા હોતે છતે ગ્રંથકાર કહે છે કે ભેદ અર્થમાં રહેલાં એવાં "बहु" અને "गण" શબ્દ અહીં જાણવા. સૂત્રમાં "बहु" અને "गण" શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી ઉદ્દેશ્યની આકાંક્ષા નિવર્તન પામે છે. આથી આગળનાં સૂત્રમાંથી ઉદ્દેશ્ય સ્વરૂપ "डत्यतु"ની અનુવૃત્તિ નીચે આવતી નથી; પરંતુ વિધેયની આકાંક્ષા આ સૂત્રથી નિવૃત્ત થતી નથી. આથી આગળનાં સૂત્રમાંથી "संख्यावत्"ની અનુવૃત્તિ નીચે આવે છે. માટે બૃહદ્વૃત્તિટીકામાં "संख्यावत्" શબ્દ લખ્યો છે. વૈયાકરણીઓ પ્રમાણે શાબ્દબોધમાં ધાતુઅર્થનું પ્રધાનપણું હોવાથી (ધાતુ અર્થ જેમાં વિશેષ્ય બને છે એવો શાબ્દબોધ કોઈ પણ વાક્યનો થાય છે એ પ્રમાણે વૈયાકરણીઓ માને છે.) અધ્યાહારથી ક્રિયાપદ આવે છે. માટે જ બૃહદ્વૃત્તિ ટીકામાં "આચાર્યભગવંતશ્રી"એ "भवतः" લખ્યું છે.

આમ અત્યાર સુધીનાં પદોનો સમુદિત અર્થ આ પ્રમાણે થશે : ભેદ અર્થમાં રહેલા "बहु" અને "गण" શબ્દો સંખ્યા જેવાં થાય છે.

**(श०न्यासानु०)** "भिद्वंपी विदारणे" अतः "भावाऽकर्त्रोः" [५.३.१८.] इति घञि "लघो-रुपान्त्यस्य" [४.३.४.] इत्युपान्त्यगुणे भेदशब्दः, स च "भेदो विदारणे द्वैध उपजापविशे-षयोः।" इति वचनादनेकार्थक इति प्रकृतोपयोगिनोऽर्थस्य निर्णयायाह-**नानात्वमिति**-न आनयति (न प्रापयति स्वगततयैकत्वपर्याप्तिम्) इति नाना, तस्य भावो नानात्वम् अत्र आङ्पूर्वान्नयतेः "डित्" [उणा० ६०५.] इति डिति आप्रत्यये अन्त्यस्वरादिलोपे "भावे त्वतलौ" [७.१.५५.] इति त्वप्रत्ययः ।

"नानाशब्दो विनार्थेऽपि तथाऽनेकोभयार्थयोः ।

स्थाने तु **कारणार्थे** स्याद् युक्तसादृश्ययोरपि" ॥४॥ (इति **मेदिनी, अव्य० श्लो० ४५.**)

इति वचनाद् विविधार्थत्वेऽप्यनेकार्थपरस्य नानाशब्दस्य ग्रहणमिति बोधयितुमाह-**एकत्व-प्रतियोगी**ति ।

**અનુવાદ :-** "ફાડવું" અર્થવાળો "भिद्" ધાતુ સાતમા ગણનો છે. આ "भिद्" ધાતુથી "भावाऽकर्त्रोः" (५/૩/૧૮) સૂત્રથી "घञ्" પ્રત્યય થતાં તથા "लघोरुपान्त्यस्य" (४/૩/४) સૂત્રથી ઉપાન્ત્યનો ગુણ થતાં "भेद" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "भेद" શબ્દ "ફાડવું", "બે ભાગમાં વિભક્ત કરવું", "ગુપ્ત વાત પ્રગટ કરવી" તથા "પ્રકાર" અર્થમાં છે. આવું વચન હોવાથી અનેક અર્થવાળો એવો "भेद" શબ્દ છે. આથી આ સૂત્રમાં ઉપયોગી એવાં અર્થનાં નિર્ણયને માટે કહે છે કે જે અનેકમાં એકત્વનો વિરોધી હોય તે ભેદ શબ્દનો અર્થ અહીં સમજવો અર્થાત્ પ્રકાર અર્થ સમજવો.

હવે "नानात्वम्" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : પોતાને વિશે જે એકપણાંનાં સંબંધને પ્રાપ્ત કરાવતું નથી, તે "नाना" શબ્દનો અર્થ છે. "नाना"નો ભાવ એ પ્રમાણે ભાવ અર્થમાં "त्व" પ્રત્યય લાગતાં "नानात्व" શબ્દ પ્રાપ્ત થાય છે. અહીં સંપૂર્ણ "नानात्वम्" શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે : "नञ् + आ + नी" ધાતુને "डित्" (उणा. ६०५) સૂત્રથી "ड्" इत्‌વાળો "आ" પ્રત્યય થતાં તેમજ અન્ત્ય સ્વરાદિનો લોપ થતાં તથા ભાવમાં "भावे त्वतलौ" (७/१/५५) સૂત્રથી "त्व" પ્રત્યય લાગતાં "नानात्वम्" શબ્દ પ્રાપ્ત થાય છે. "नाना" શબ્દ "વિના" અર્થમાં તથા "અનેક" અને "ઉભય" અર્થમાં તથા કોઈક પ્રયોજન અર્થમાં "યુક્ત" અને "સદૃશ" અર્થમાં પણ થાય છે. એ પ્રમાણે मेदिनी अव्य० શ્લોક-૪૫માં કહ્યું છે. આ પ્રમાણે "नाना" શબ્દનું અનેક અર્થવાળાપણું હોતે છતે "અનેક" અર્થવાળાં "नाना" શબ્દનું જ અહીં ગ્રહણ થાય છે એવું જણાવવા માટે "આચાર્ય ભગવંતશ્રી"એ બૃહદ્‌વૃત્તિ ટીકામાં લખ્યું છે કે, એકત્વનું વિરોધી એવું અનેક અર્થવાળાપણું "नानात्वम्" શબ્દનો અર્થ છે. એકત્વનો વિરોધી એટલે જેનો એક અર્થ ક્યારેય ન થાય એવો આ नाना શબ્દનો અર્થ છે.

**( श०न्यासानु० )** "इंण्क् गतौ" अत एति-अभेदं गच्छतीति "भीण्-शलि-बलि०" [उणा० २१.] इति के गुणे च एकः, तस्य भाव एकत्वम्, एकत्वसङ्ख्येत्यर्थः, "प्रथिष् प्रख्याने" अतः "प्रथेर्लुक् च वा" [उणा० ६४७.] इति तिप्रत्यये अन्तस्य लोपे च प्रतिः, स चात्र वामार्थद्योतको ग्राह्यः, "युजंपी योगे" अतः प्रतियुनक्ति विरोधं दधातीति "युज-भुज०" [५.२.५०.] इति घिनणि उपान्त्यगुणे "क्तेऽनिटश्चजो०" [४.१.१११.] इति जस्य गत्वे प्रतियोगिन्, एकत्वस्य प्रतियोगि विरोधभाक् एकत्वप्रतियोगि, यत्र पर्याप्तिविशेषेणैकत्वं न तत्र तेन सम्बन्धेन नानात्व-

मित्येकसम्बन्धेनैकत्रावृत्तित्वरूपं विरुद्धत्वमवसेयम्, एकत्वभिन्ना सङ्ख्यात्वव्याप्यरूपविशिष्टा सङ्ख्येति फलितार्थः, तादृशं रूपं च बहुवत्त्वादिकमवसेयम्, भेदो (अन्योऽन्याभावो) यत्र स्वप्रतियोगिवृत्तित्व-स्वाश्रयवृत्तित्वाभ्यां सम्बन्धाभ्यां तिष्ठेत् तादृशो बहुत्वादिसङ्ख्यारूपो धर्म इति तात्पर्यम्। 'बहवो घटाः' इत्यादौ घटवृत्तिबहुत्वस्य बहुत्वाश्रयापरघटभेदाश्रयेऽपरस्मिन् घटे यथा सत्त्वं तथा भेदप्रतियोगिबहुत्वाश्रयघटेऽपीति बहुत्वमीदृशो धर्मो भवितुमर्हति। यद्यपीदृशो धर्मो द्वित्वत्रित्वादिरपि भवति, तथापि प्रकृते बहुगणशब्दयोरुपादानाद् द्वित्र्यादिशब्दानां निरासः। त्र्यादिषु घटेषु बहुशब्दप्रयोगेऽपि तेषां बहुत्वेनैव बोधो न तु त्रित्वादिनेत्यन्यदेतत्।

**અનુવાદ :-** હવે "एकत्वप्रतियोगि" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "ગતિ" અર્થવાળો "इ" ધાતુ બીજા ગણનો છે. હવે જે જે ગતિ અર્થવાળા ધાતુઓ છે તે તે પ્રાપ્તિ અર્થવાળા પણ છે. આથી જે અભેદને પ્રાપ્ત કરે છે એ અર્થમાં "इ" ધાતુને "भीण् - शलि..." (उणा० ૨૧) સૂત્રથી "क" પ્રત્યય થતાં તેમજ ગુણ થતાં "एक" શબ્દ પ્રાપ્ત થાય છે તથા "एक"નો ભાવ એવા અર્થમાં ભાવમાં "त्व" પ્રત્યય લાગતાં "एकत्व" શબ્દ પ્રાપ્ત થાય છે. "एकत्व" એ સંખ્યાનું વિશેષણ બનશે. આથી "અભેદને પ્રાપ્ત કરે છે એવી સંખ્યા" એ પ્રમાણે અર્થ થશે.

હવે "प्रतियोगी" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "પ્રસિદ્ધ કરવા" અર્થવાળો "प्रथ्" ધાતુ પહેલા ગણનો છે. આ "प्रथ्" ધાતુથી "प्रथेर्लृक् च वा" (उणा० ૬૪૭) સૂત્રથી "ति"પ્રત્યય થતાં તેમજ અંતનાં "थ्"નો લોપ થતાં "प्रति" શબ્દ પ્રાપ્ત થાય છે. આ "प्रति" શબ્દ "વિરોધી" અર્થને પ્રકાશિત કરનાર છે. "જોડવું" અર્થવાળો "युज्" ધાતુ સાતમા ગણનો છે. આ "प्रति"પૂર્વક "युज्" ધાતુથી "વિરોધને ધારણ કરે છે" એવાં અર્થમાં "युज - भुज..." (૫/૨/૫૦) સૂત્રથી "घिनण्" પ્રત્યય થતાં ઉપાન્ત્યનાં "उ"નો ગુણ થાય છે તેમજ "क्तेऽनिटश्चजो..." (૪/૧/૧૧૧) સૂત્રથી "ज्"નો "ग्" થતાં "प्रतियोगिन्" શબ્દ પ્રાપ્ત થાય છે. "प्रतियोगिन्" એ કૃદન્ત કહેવાય છે. "एकत्व"નાં વિરોધને ધારણ કરનાર એવો "नानात्वम्"નો અર્થ થાય છે. અર્થાત્ "प्रतियोगी"નો અર્થ "વિરોધને ભજનાર" અથવા તો "ધારણ કરનાર" થાય છે. જ્યાં પર્યાપ્તિ-સંબંધથી એકત્વ રહેતું હોય ત્યાં પર્યાપ્તિસંબંધથી અનેકપણું ન રહેતું હોય તો વિરુદ્ધપણું જાણવા યોગ્ય છે. આથી પર્યાપ્તિસંબંધથી એક જ અધિકરણમાં એકત્વ અને અનેકત્વનું એકસાથે ન રહેવાપણું એ જ વિરુદ્ધપણું છે. સંખ્યાત્વને વ્યાપ્ય એવી સંખ્યા એકત્વ, દ્વિત્વ, ત્રિત્વ વગેરે છે અર્થાત્ જ્યાં જ્યાં એકત્વ, દ્વિત્વ વગેરે છે ત્યાં ત્યાં સંખ્યાત્વ છે. આથી જ્યાં જ્યાં એકત્વથી ભિન્ન એવી વ્યાપ્ય સંખ્યા રહેશે ત્યાં ત્યાં બહુત્વ રહેશે. આમ, એકત્વથી ભિન્ન સંખ્યા "बहु"નો અર્થ થશે.

ભેદ એટલે અન્યોન્યાભાવ. જેમાં स्वप्रतियोगिवृत्तित्व તથા स्वाश्रयवृत्तित्व એ પ્રમાણે ઉભય સંબંધથી "बहुत्व" સ્વરૂપ સંખ્યા રહેતી હોય તો એ બહુત્વ વગેરે સંખ્યારૂપ ધર્મ બને છે. स्वप्रतियोगिवृत्तित्व સંબંધથી બહુત્વ આ પ્રમાણે થાય છે : स्व એટલે ઘટભેદ તથા स्वप्रतियोगी એટલે ઘટભેદનો પ્રતિયોગી ઘટ. આ ઘટમાં બહુત્વવૃત્તિ છે. તથા स्वाश्रयवृत्तित्व સંબંધ આ પ્રમાણે છે : स्व એટલે ઘટભેદ. એ ઘટભેદનો આશ્રય અન્ય ઘટ છે. એ અન્યઘટમાં વૃત્તિત્વસંબંધથી બહુત્વ રહે છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન ઘટમાં ઉભય સંબંધથી વિશિષ્ટ એવો બહુત્વધર્મ રહ્યો. આવું બહુત્વ સંખ્યારૂપ કહેવાશે. આમ "ઘણાં ઘટો" શબ્દપ્રયોગમાં સંખ્યા સ્વરૂપ બહુત્વધર્મ રહેશે; પરંતુ "ઘણું રડાયું" પ્રયોગમાં ભેદવાળું બહુત્વ રહેશે નહિ. કારણ કે રડવાનાં ભેદના પ્રતિયોગી સ્વરૂપ રડવું ક્રિયા થઈ શકશે, પરંતુ રડવાનાં ભેદનાં આશ્રય સ્વરૂપ રડવું ક્રિયા આવી શકશે નહિ. જોકે ઉભય સંબંધથી વિશિષ્ટ ધર્મ દ્વિત્વ, ત્રિત્વ વગેરે પણ થાય છે, તો પણ અહીં बहु અને गण શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી દ્વિત્વ, ત્રિત્વ વગેરે શબ્દો લઈ શકાશે નહિ. ત્રણ, ચાર વગેરે ઘટોમાં बहु શબ્દનો પ્રયોગ હોતે છતે તેઓનો બહુત્વથી જ બોધ થાય છે, પરંતુ ત્રિત્વ વગેરેથી બોધ થતો નથી.

**( श०न्यासानु० )** बहुभिः क्रीत इति **बहुकः** । बहुभिः प्रकारैरिति **बहुधा** । बहवो वारा अस्येति **बहुकृत्वः** । गणैः क्रीत इति **गणकः** । गणैः प्रकारैरिति **गणधा** । गणा वारा अस्येति **गणकृत्वः** । अर्थविशेषोपादानफलं पृच्छति-**भेद इति किमि**ति । प्रत्युत्तरयति-**वैपुल्ये सङ्घे च सङ्ख्याकार्यं मा भूदि**ति, वैपुल्ये-विशालत्वार्थे वर्तमानस्य बहुशब्दस्य सङ्घे-सङ्घातार्थे वर्तमानस्य गणशब्दस्येति क्रमेण योजनीयम् । विपोलतीति विपूर्वात् "पुल महत्त्वे" इत्यस्माद् "नाम्युपान्त्य०" [५.१.५४.] इति के विपुलः, तस्य भावो वैपुल्यं तस्मिंस्तथा । संहन्यत इति सङ्घः, सम्पूर्वाद्धन्तेः "निघोद्घ-सङ्घ०" [५.३.३६.] इत्यलि सङ्घः, तत्र तथा । वैपुल्ये यथा-बहु रुदितम् । सङ्घे यथा-भिक्षूणां गणः ।

**અનુવાદ :-** बहुकः એટલે ઘણાં વડે ખરીદાયેલું. बहुधा એટલે ઘણાં પ્રકારો વડે. बहुकृत्वः એટલે ઘણી વાર. गणकः એટલે સમૂહ વડે ખરીદાયેલું. गणधा એટલે સમૂહ સ્વરૂપ પ્રકારો વડે. गणकृत्वः એટલે ઘણી (સમૂહ) વાર.

અર્થવિશેષનાં ગ્રહણ સંબંધમાં પૂછે છે કે भेद એ પ્રમાણે શા માટે લખ્યું ? જ્યાં એકત્વનું વિરોધી એવું અનેકપણું હોય ત્યાં જ સંખ્યા કાર્ય થશે; પરંતુ જ્યાં એકત્વ પણ રહેતું હોય અને અનેકત્વ પણ રહેતું હોય ત્યાં સંખ્યાકાર્ય થશે નહિ. આથી વિશાળ અર્થવાળા वैपुल्य શબ્દમાં તથા સમૂહ અર્થવાળા સંઘ શબ્દમાં સંખ્યા સંબંધી કાર્ય થશે નહિ. કારણ કે બંને શબ્દોમાં જેમ ઘણાંની પ્રતીતિ થાય છે તેમ એકત્વની પ્રતીતિ પણ થાય છે.

હવે "वैपुल्य" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "वि" ઉપસર્ગપૂર્વક "महत्त्व" અર્થવાળા "पुल्" ધાતુથી "नाम्युपान्त्य..." (૫/૧/૫૪) સૂત્રથી "क" પ્રત્યય થતાં "विपुल" શબ્દ બને છે તથા વિપુલનો ભાવ એ પ્રમાણે ભાવ અર્થમાં यञ् પ્રત્યય લાગતાં "वैपुल्यम्" શબ્દ પ્રાપ્ત થાય છે. તેનું સપ્તમી એકવચન वैपुल्ये થાય છે. "सम्" ઉપસર્ગપૂર્વક "हन्" ધાતુથી "निघोद्ध-सङ्घ..." (૫/૩/૩૬) સૂત્રથી "अल्" પ્રત્યય થતાં "सङ्घ" શબ્દ નિપાતન થાય છે અને તેનું સપ્તમી એકવચન "सङ्घे" છે.

વિશાળ અર્થમાં જ્યારે "बहु" શબ્દ હોય ત્યારે સંખ્યા જેવો થતો નથી. દા.ત. તેના વડે ઘણું રડાયું. (બહુ રડાયું) તથા સંઘ અર્થમાં "गण" શબ્દ હોય તો પણ સંખ્યા જેવો થતો નથી. દા.ત. ભિક્ષુઓનો સમૂહ.

**( श०न्यासानु० )** अथ बहुगणशब्दयोर्भेदवाचित्वात् सङ्ख्यात्वमस्त्येव, यतो भेदः परिगणनं सङ्ख्येति, ततश्चैकादीनामिव बहुगणशब्दयोरपि लोकादेव सङ्ख्यात्वसिद्धौ किमनेनातिदेश-वचनेन ?, अतिदेशो हि अन्यत्रार्थप्रसिद्धस्यान्यत्रप्रसिद्धिप्रापणार्थ इत्याह-**बहुगणावित्यादि** ।

**અનુવાદ :-** "बहु" અને "गण" શબ્દો અનેક અર્થવાળા હતા. આથી અનેક અર્થોમાંથી ભેદ અર્થવાળા "बहु" અને "गण" શબ્દો અહીં લેવાનાં છે એ પ્રમાણે ગ્રંથકારે કહ્યું છે. હવે "बहु" અને "गण" શબ્દમાં ભેદવાચિપણું હોવાથી સંખ્યાપણું થાય જ છે. કારણ કે ભેદ એટલે ગણવું અને ગણવું એટલે જ સંખ્યા. તેથી એક વગેરેની જેમ "बहु" અને "गण" શબ્દમાં પણ લોકથી જ સંખ્યાપણું સિદ્ધ થઈ જશે. તેથી જ અતિદેશસૂત્રની કોઈ આવશ્યકતા નથી. આ શંકાના જવાબમાં કહે છે : અતિદેશ-સૂત્રોનું કાર્ય અન્ય ઠેકાણે જે અર્થની પ્રસિદ્ધિ હતી તેને બીજા કોઈ સ્થાનમાં પ્રાપ્તિ કરાવવી તે છે. આથી એક, બે વગેરેમાં જેમ સંખ્યાની પ્રસિદ્ધિ હતી તેમ "बहु" અને "गण" શબ્દમાં ન હતી. આથી "बहु" અને "गण" શબ્દમાં સંખ્યાની પ્રાપ્તિ કરાવવા માટે આ સૂત્ર બનાવવામાં આવ્યું છે. "बहु" અને "गण" શબ્દમાં સંખ્યાની પ્રાપ્તિ કેમ ન થતી હતી ? તેનો જવાબ "આચાર્ય ભગવંતશ્રી" બૃહદ્વૃત્તિ ટીકામાં "बहुगणौ..." પંક્તિઓ દ્વારા જણાવે છે.

**( श०न्यासानु० )** नियम्यते स्मेति निपूर्वात् "यमूं उपरमे" इत्यस्मात् "क्त-क्तवतू" [५.१.१७४.] इति क्ते "यमि-रमि०" [४.२.५५.] इति मलोपे नियतः, अवधीयत इत्यवपूर्वाद् दधातेः, 'उपसर्गाद्दः किः' [५.३.८७.] इति कौ "इडेत्पुसि चातो लुक्" [४.३.९४.] इत्यातो लोपे च अवधिः, अभिदधातीति अभिपूर्वाद् दधातेः "णक-तृचौ" [५.१.४८.] इति णके "आत ऐः कृञ्चौ" [४.३.५३.] इति आकारस्य ऐकारे तस्य आयादेशे च अभिधायकः, नियतो

निश्चितोऽवधिरवसानं यस्य तादृशस्य भेदस्य अनेकत्वरूपस्य अभिधायकौ वाचकाविति नियतावधिभेदाभिधायकौ । अयं भावः-निश्चितावसाना या सङ्ख्या तद्वाचकस्यैव सङ्ख्याशब्दत्वमिति लोकप्रसिद्धिः, यथा-'पञ्च घटाः' इत्युक्ते सति पञ्चैव न षडादय इति पञ्चत्वावसानबहुत्वसङ्ख्याया निर्णयादस्ति पञ्चशब्दस्य सङ्ख्याशब्दत्वम्, 'बहवो घटाः' इत्यत्र तु केवलं बहुत्वसङ्ख्या प्रतीयते न तु तदवसानमपि, बहुशब्दस्य त्रित्वादिव्यापकसङ्ख्यावाचकत्वाद्, अतो न बहुशब्दस्य सङ्ख्यावाचकत्वप्रसिद्धिः । एवं गणशब्दस्यापि । **सङ्ख्याप्रसिद्धेरभावादि**ति-सङ्ख्यावाचकत्वाभावादिति स्पष्टमनुक्त्वा प्रसिद्ध्यभावकथनेनेदं ज्ञाप्यते-सङ्ख्यावाचकत्वं त्वस्त्येव, किन्तु सङ्ख्यात्वेन प्रसिद्धिर्नास्ति, अत एव कोषकारैः बहु-गण-शब्दौ सङ्ख्यायामपि पठितौ। सङ्ख्याप्रदेशेषु तु प्रसिद्धसङ्ख्याया एव ग्रहणम् ।

**અનુવાદ :-** નિયમન કરાયું છે એ અર્થમાં "नि" ઉપસર્ગપૂર્વક "यम्" ધાતુથી "क्त-क्तवतू" (૫/૧/૧૭૪) સૂત્રથી "क्त" પ્રત્યય થાય છે. "नि + यम् + क्त" આ અવસ્થામાં "यमि - रमि..." (૪/૨/૫૫) સૂત્રથી "म्"નો લોપ થતાં "नियतः" શબ્દ પ્રાપ્ત થાય છે.

હવે "अवधि" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : अव ઉપસર્ગપૂર્વક "धा" ધાતુથી "उपसर्गात् दः किः" (૫/૩/૮૭) સૂત્રથી "कि" પ્રત્યય થાય છે. "अव + धा + कि" આ અવસ્થામાં "इडेत्पुसि चातो लुक्" (૪/૩/૯૪) સૂત્રથી "आ"નો લોપ થતાં "अवधि" શબ્દ પ્રાપ્ત થાય છે.

હવે "अभिधायक" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : "अभि" ઉપસર્ગપૂર્વક "धा" ધાતુથી "णक - तृचौ" (૫/૧/૪૮) સૂત્રથી "णक" પ્રત્યય થાય છે. "अभि + धा + णक" આ અવસ્થામાં "आत ऐः..." (૪/૩/૫૩) સૂત્રથી "आकार"નો "ऐकार" થતાં તથા "ऐ"નો "आय्" આદેશ થતાં "अभिधायकः" શબ્દ પ્રાપ્ત થાય છે.

નિયત એટલે નિશ્ચિત, અવધિ એટલે અંત. આમ, નિશ્ચિત અંત જે ભેદનાં સંબંધમાં છે, તે સ્વરૂપ અનેકત્વનું વાચકપણું જ્યાં છે તે તે સંખ્યા નિયતઅવધિભેદ-અભિધાયક (વાચક) સ્વરૂપ કહેવાશે. આનો ભાવ આ પ્રમાણે છે : નિશ્ચિત અંતવાળી જે સંખ્યા છે તેમાં જ સંખ્યા શબ્દપણું લોકપ્રસિદ્ધ છે. દા.ત. "પાંચ ઘડાઓ" એવું કહેવામાં આવે ત્યારે ઘડાઓ પાંચ જ છે, છ વગેરે નથી, એવો નિશ્ચિત અંતવાળો બોધ થાય છે. માટે "पञ्च" શબ્દમાં સંખ્યાપણું થઈ શકે છે; પરંતુ "ઘણાં બધા ઘડાઓ." અહીં માત્ર બહુત્વ સંખ્યા જણાય છે, પરંતુ એવી સંખ્યામાં નિશ્ચિત અંત જણાતો નથી. બહુ શબ્દમાં ત્રિત્વ વગેરેને વ્યાપક એવું સંખ્યાવાચકપણું છે. પરંતુ કોઈ ચોક્કસ સંખ્યાનું વાચકપણું નથી. આથી "बहु" શબ્દમાં સંખ્યાવાચકત્વની અપ્રસિદ્ધિ હોવાથી સંખ્યાની પ્રસિદ્ધિ કરાવવા માટે જ આ અતિદેશસૂત્ર બનાવવામાં આવ્યું છે. એ પ્રમાણે "गण"

શબ્દમાં પણ સમજી લેવું. આથી જ બૃહદ્‌વૃત્તિ ટીકામાં "આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજી" એ લખ્યું છે કે, "बहु" અને "गण" શબ્દોમાં સંખ્યાની પ્રસિદ્ધિનો અભાવ હોવાથી આ અતિદેશસૂત્ર બનાવવામાં આવ્યું છે.

"बहु" અને "गण" શબ્દમાં સંખ્યાવાચકપણાંનો અભાવ છે એવું સ્પષ્ટતાપૂર્વક ન કહીને સંખ્યાની પ્રતીતિનો અભાવ છે એવાં શબ્દો લખવા દ્વારા "આચાર્યભગવંત" જણાવે છે કે બહુ વગેરે શબ્દોમાં સંખ્યાનું વાચકપણું તો છે જ, પરંતુ સંખ્યાપણાંથી "बहु" અને "गण" શબ્દમાં સંખ્યાની પ્રસિદ્ધિ નથી. આથી કોષકાર વડે "बहु" અને "गण" શબ્દો સંખ્યાને વિશે પણ કહેવાયા છે. જે જે સૂત્રોમાં संख्या શબ્દો લખ્યા હોય ત્યાં ત્યાં संख्या શબ્દથી પ્રસિદ્ધ સંખ્યાનું જ ગ્રહણ કરવું. આમ "बहु" અને "गण" શબ્દમાં સંખ્યાની અપ્રસિદ્ધિ હતી એની પ્રસિદ્ધિ કરાવવા માટે આ સૂત્ર બનાવવામાં આવ્યું છે.

**(श०न्यासानु०) अत एव** इति–नियतावधिभेदवाचकत्वाभावेन सङ्ख्याप्रसिद्धेरभावादेवेत्यर्थः। **भूर्यादिनिवृत्ति**रिति–"भूरिः स्यात् प्रचुरे स्वर्णे", आदिशब्दाद् विपुलादिसङ्ग्रहः। **निवृत्ति**रिति–सङ्ख्याप्रदेशेषु सङ्ख्याग्रहणेनाऽग्रहणमित्यर्थः।

**અનુવાદ :-** "अत एव"નો અર્થ નીચે પ્રમાણે કરવો જોઈએ : નિયત અવધિ ભેદનાં વાચકપણાંનો અભાવ હોવાથી સંખ્યાની અપ્રસિદ્ધિ થતી હોવાથી "भूरि" વગેરે શબ્દો સંખ્યા જેવાં થશે નહિ. પ્રચુર અને સુવર્ણ અર્થવાળો "भूरि" શબ્દ છે. આથી આ "भूरि" શબ્દમાં સંખ્યાપણાંની પ્રસિદ્ધિ થતી નથી. "भूरि" શબ્દ પછી લખેલાં "आदि" શબ્દથી "विपुल" વગેરે શબ્દોનો સંગ્રહ કરવો. તથા "भूरि" વગેરેની નિવૃત્તિ થાય છે એવું કહેવા દ્વારા ગ્રંથકાર કહે છે કે સંખ્યાનાં સ્થળોમાં સંખ્યાનાં ગ્રહણ વડે "भूरि" વગેરે શબ્દોનું ગ્રહણ કરવું નહિ.

**(श०न्यासानु०)** ननु पूर्वसूत्रवद् अस्यापि संज्ञासूत्रत्वमतिदेशसूत्रत्वं वा शक्यते वर्णयितुम्, तत्र संज्ञापक्षे प्रदेशेषु *कृत्रिमाकृत्रिमयोः कृत्रिमे०* इति न्यायबलाद् बह्वादीनामेव ग्रहणं स्याद्, नैकादिकाया लोकप्रसिद्धसङ्ख्याया ग्रहणमिति शङ्काऽपि पूर्वसूत्रोपपादितप्रणाल्या *क्वचिदुभयगतिः* इत्याश्रितेन न्यायेन समाधास्यत इत्यपि मन्यामहे, परन्तु व्याख्यानाद्यपेक्षतया विषयविशेषानिर्णायकक्वचिदिति–पदघटिततया चागतिकगतिस्थल एवास्य न्यायस्यावलम्बनं युज्यते, यत्र किमपि भवेदितरत् समाधानं तत्रावलम्बनमेतस्य युक्तं न प्रतीम इति न्यायस्यास्यानाश्रयणेऽपि संज्ञापक्षे प्रदेशेषूभयग्रहणं सम्भाव्यते वा न वेति चेत् ?

**અનુવાદ :- પૂર્વપક્ષ (આચાર્યશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** આ સૂત્રને પૂર્વનાં સૂત્રની જેમ સંજ્ઞાસૂત્ર સ્વરૂપ ગણવું કે અતિદેશસૂત્ર સ્વરૂપ ગણવું ? એવી જિજ્ઞાસાનાં અનુસંધાનમાં આ

સૂત્રને બંને પ્રકારનાં સૂત્રમાં ગણી શકાય છે. આ સૂત્રને જો સંજ્ઞાસૂત્ર માનવામાં આવે તો જે જે સૂત્રોમાં સંખ્યા સંબંધી કાર્યો કહ્યાં હોય તે તે સૂત્રોમાં "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી કૃત્રિમ એવાં "बहु" અને "गण" શબ્દને જ સંખ્યા તરીકે માની શકાશે; પરંતુ લોકપ્રસિદ્ધ એક, બે વગેરે સંખ્યાને ગ્રહણ કરી શકાશે નહિ. આ પ્રમાણેની શંકા અમે અગાઉનાં સૂત્રમાં કરી જ ગયા છીએ. આથી અકૃત્રિમ એવી એક, બે સંખ્યાને લેવા માટે "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન લેવું પડશે; પરંતુ "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન લેવાથી પણ "व्याख्यातः विशेषार्थ..." ન્યાયનું આલંબન લઈને "क्वचित्" પદનો અર્થ કરવો પડશે અને વ્યાખ્યાન કરવા દ્વારા પણ વિશેષ અર્થનો નિર્ણય થઈ શકતો ન હોવાથી તેમજ "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન કોઈ બીજો ઉપાય ન મળે ત્યારે જ લેવાતું હોવાથી અહીં એનું આલંબન લેવું યોગ્ય નથી. જો બીજું કોઈ સમાધાન મળતું હોય તો "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન યોગ્ય જણાતું નથી તથા આ ન્યાયનું (क्वचिद् उभयगतिः) આલંબન લેવામાં ન આવે તો બે શક્યતા ઊભી થશે. ક્યાંતો સંજ્ઞાસૂત્ર બનશે અથવા તો અતિદેશસૂત્ર બનશે. હવે આને જો સંજ્ઞાસૂત્ર સમજવામાં આવશે (डत्यतु सङ्ख्या એવું સંજ્ઞાસૂત્ર.) તો સંખ્યા સંબંધી કાર્યોનાં તે તે સૂત્રોમાં લૌકિક સંખ્યા (એક, બે વગેરે) તથા શાસ્ત્રીય સંખ્યા ઉભયનું ગ્રહણ થઈ શકશે કે કેમ ? એવી શંકાનો અવકાશ રહેશે.

**( श०न्यासानु० )** सम्भाव्यते, तथाहि-यतोऽन्यल्लघीयो न भवति सा संज्ञेति प्रसिद्धावपि यन्महा-संज्ञाकरणं 'सङ्ख्या' इति तेन ज्ञाप्यतेऽन्वर्थसंज्ञेयमिति । अन्वर्था नाम अवयवार्थानु-सारिणी, अवयवार्थश्च सङ्ख्यायतेऽनयेति सङ्ख्या, सङ्ख्यानकरणमित्यर्थः । एकादिकयाऽपि सङ्ख्यायत इति भवत्येकादीनामपि ग्रहणम् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (મહાભાષ્યકારનો) :-** જો "क्वचिद् उभयगतिः" ન્યાયનું આલંબન ન લેવામાં આવે તો પણ સંજ્ઞાસૂત્ર બનાવીને ઉભય સંખ્યાનું ગ્રહણ કરી શકાશે. તે આ પ્રમાણે છે :- આ સંજ્ઞાસૂત્રો બનાવતા જે જે સંજ્ઞાઓ કરવામાં આવે છે, તેમાં હંમેશા લાઘવ કરવામાં આવે છે. જેમ કે "भ" સંજ્ઞા, "घुट्" સંજ્ઞા વગેરે, અર્થાત્ "भ" વગેરે સંજ્ઞાઓમાં હવે વધારે લાઘવ શક્ય હોતું નથી. આ પ્રમાણે સંજ્ઞાસૂત્રોમાં લાઘવથી અત્યંત નાની સંજ્ઞા બનાવવાનો નિયમ હોવા છતાં પણ જે "सङ्ख्या" એ પ્રમાણે મોટી સંજ્ઞા બનાવવામાં આવી છે, તેનાથી જણાય છે કે આ અન્વર્થ સંજ્ઞા છે. જેમાં અવયવ અર્થને અનુસરવામાં આવે છે તે અન્વર્થસંજ્ઞા છે. જેનાં વડે ગણતરી કરાય છે, તે સંખ્યા સંજ્ઞાનો અવયવ અર્થ છે. "सम्" ઉપસર્ગપૂર્વક "ख्या" ધાતુને ભાવમાં "अङ्" પ્રત્યય લાગ્યો છે. આથી ગણતરી કરવા સ્વરૂપ "सङ्ख्या" શબ્દનો અર્થ છે. ગણતરી કરવા સ્વરૂપ ક્રિયા એક, બે વગેરે લૌકિક સંખ્યાઓ વડે પણ થઈ શકે છે.

આથી અન્વર્થસંજ્ઞાનાં સામર્થ્યથી એક, બે વગેરે લૌકિક સંખ્યા પણ સંખ્યા સંબંધી કાર્યોનાં સૂત્રોમાં લઈ શકાશે.

**( શ૦ન્યાસાનુ૦ )** न च महासंज्ञाकरणस्यान्वर्थत्वज्ञापनेन चरितार्थतया कृत्रिमयोः बहु-गणयोः सङ्ख्यानकरणीभूतबहुत्व-गणत्वार्थवाचिनोरेव प्रदेशेषु ग्रहणं भवतु, अन्वर्थत्वावलम्बनाच्च मा भूद् ग्रहणं वैपुल्य-सङ्घवचनयोः, *कृत्रिमाकृत्रिम०* न्यायबाधे तु न किमपि प्रमाणमित्येकादीनां ग्रहणं न भविष्यतीति वाच्यम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો)** :- મોટી સંજ્ઞા કરવાથી આ અન્વર્થસંજ્ઞા છે એવું જણાય છે. હવે એવું કરવા દ્વારા તો કૃત્રિમ એવાં "बहु", "गण" વગેરે શબ્દોમાં જ્યારે જ્યારે ગણતરી કરવા સ્વરૂપ ક્રિયા થઈ શકશે ત્યારે ત્યારે તેઓની सङ्ख्या સંજ્ઞા થશે. આથી સંખ્યા સંબંધી કાર્યોનાં તે તે સૂત્રોમાં सङ्ख्या શબ્દથી ગણતરી કરવા સ્વરૂપ "बहु" અને "गण" શબ્દ ગ્રહણ કરી શકાશે; તથા અન્વર્થસંજ્ઞાનું આલંબન લેવાથી વિપુલ અને સંઘ અર્થના વાચક बहु તથા गण તથા અન્ય શબ્દોને ગ્રહણ કરી શકાશે નહિ. કારણ કે ગણતરી કરવા સ્વરૂપ યૌગિક અર્થ આ બે અર્થવાળા बहु અને गण શબ્દમાં થઈ શકતો નથી. આ પ્રમાણે મોટી સંજ્ઞાના સામર્થ્યથી बहु અને गण શબ્દ સંખ્યા તરીકે પ્રસિદ્ધ થઈ શકશે તથા વિપુલ તેમજ સંઘ અર્થના વાચક बहु અને गण શબ્દ સંખ્યા તરીકે પ્રસિદ્ધ થઈ શકશે નહિ. પરંતુ અન્વર્થ સંજ્ઞા "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયની બાધક બની શકશે નહિ. માટે સંખ્યા સંબંધી કાર્યોનાં તે તે સૂત્રોમાં એક, બે વગેરે લૌકિક સંખ્યા ગ્રહણ થઈ શકશે નહિ. કારણ કે 'कृत्रिमाकृत्रिमयोः...' ન્યાયનો બાધ થયો નથી. આથી કૃત્રિમ એવી 'बहु' અને 'गण' સ્વરૂપ સંખ્યા તો લઈ શકાશે, પરંતુ અકૃત્રિમ એવી એક, બે વગેરે સંખ્યાઓને તે તે સૂત્રોમાં સંખ્યા શબ્દથી સંખ્યા સંબંધી કાર્યો કરવા માટે લઈ શકાશે નહીં.

**( શ૦ન્યાસાનુ૦ )** यतः संज्ञापक्षे 'सङ्ख्या' इति पृथग्योगः सङ्ख्यासंज्ञार्थः, संज्ञायाः संज्ञ्याकाङ्क्षतया महासंज्ञाकरणलब्धान्वर्थवाचकस्य सङ्ख्यानकरणाभिधायिनो नियतानियतसङ्ख्यावाचिनः सर्वस्याक्षेपेण एकादीनां बह्वादीनां च संज्ञा सिद्धा, पश्चात् 'बहु-गणम्' इति योगः, अत्र सङ्ख्यापदानुवर्तनेन बहुशब्दो गणशब्दश्च सङ्ख्यासंज्ञिनौ भवत इत्यर्थः सम्पत्स्यते । सेयं सङ्ख्यासंज्ञा बह्वादीनामपि 'सङ्ख्या' इति विभक्तयोगेनैव सिद्धेति द्वितीययोगेन तेषां संज्ञाविधानं कल्पयति-'अर्थान्तरवाचित्वे सति बहुत्ववाचिनश्चेत् सङ्ख्याकार्यं तर्हि बहु-गणयोरेव' इति, तेन वैपुल्याद्यर्थान्तरवाचिनां भूर्यादीनां न संज्ञा, यद्वा-अनियतसङ्ख्यावाचिनां चेद् बहु-गणयोरेवेति नियमः, अनन्तशब्दवदनन्तवाचिशतशब्दस्य सङ्ख्याकार्याभाव इष्ट एवेति ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :** (મહાભાષ્યકારનો) - આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યના મતે અન્વર્થસંજ્ઞા कृत्रिमाकृत्रिमयोः..... ન્યાયની બાધક બની શકશે નહિ. આ પરિસ્થિતિમાં કૃત્રિમ એવી बहु અને गण સ્વરૂપ સંખ્યા તો લઈ શકાશે પરન્તુ અકૃત્રિમ એવી એક, બે વગેરે સંખ્યાને સંખ્યાસંજ્ઞા તરીકે લઈ શકાશે નહિ. આવું જો તમે કહેતા હો તો કહેવું નહિ. આના કારણ તરીકે ન્યાસમાં यतः संज्ञापक्षे..... પંક્તિઓ લખી છે. મહાભાષ્યકાર કહે છે કે संख्या એ પ્રમાણે પ્રથમ સૂત્ર સંખ્યા સંજ્ઞા માટે થશે. હવે માત્ર संख्या એ પ્રમાણે સૂત્ર બનાવવાથી આવા સંજ્ઞાવાળાની આકાંક્ષા થશે. અહીં લઘુ સંજ્ઞાને બદલે મોટી સંજ્ઞા કરી છે. મોટી સંજ્ઞા કરી હોવાથી અમને યૌગિક અર્થ ઇષ્ટ છે. આથી ગણતરી કરી શકાય એવો ધર્મ જેના જેનામાં રહે છે તેવા એક, બે વગેરે તથા બહુ વગેરેની તરત જ સંખ્યાસંજ્ઞા સિદ્ધ થઈ જશે. તેઓ નિયત સંખ્યાના વાચક હોય અથવા તો અનિયત સંખ્યાના વાચક હોય તે બધાની તરત જ સંખ્યા સંજ્ઞા સિદ્ધ થઈ જ જશે. આથી એક, બે વગેરે લોકપ્રસિદ્ધ શબ્દો તથા बहु गण વગેરેમાં સંખ્યા સંજ્ઞા સિદ્ધ થઈ જ જશે. આમ છતાં પણ बहु અને गण શબ્દની સંખ્યાસંજ્ઞા કરવા માટે જુદું સૂત્ર બનાવવામાં આવ્યું છે તથા પૂર્વના સૂત્રમાંથી સંખ્યા પદની અનુવૃત્તિ આવી છે. હવે આ સૂત્ર જુદું ન બનાવ્યું હોત અને પહેલાં સૂત્રમાં જ "बहु" અને "गण" શબ્દનો ઉમેરો કરી દીધો હોત તો પણ "बहु" અને "गण" શબ્દની સંખ્યા સંજ્ઞા થઈ જ જાત; છતાં પણ બીજા સૂત્ર દ્વારા તેઓની "सङ्ख्या" સંજ્ઞા કરવામાં આવી તે આ પ્રમાણે અનુમાન કરાવે છે : અન્ય અર્થનું વાચક હોતે છતે बहु અર્થના વાચકપણાં સંબંધી જો સંખ્યાકાર્ય થશે, તો "बहु" અને "गण" સંબંધી જ થશે, પરંતુ બીજા શબ્દો સંબંધી નહીં. તેથી વિશાલ વગેરે અન્ય અર્થના વાચક એવા "भूरि" વગેરે શબ્દોની સંખ્યા સંજ્ઞા થશે નહીં.

અથવા તો "बहु" વગેરે શબ્દો અનિયત સંખ્યાના વાચક છે. તેથી અનિયત સંખ્યાના વાચક એવા શબ્દોની જો સંખ્યા સંજ્ઞા થશે, તો "बहु" અને "गण" શબ્દોની જ થશે. પરંતુ અનિયત સંખ્યાના વાચક એવા "भूरि" વગેરે શબ્દોની સંખ્યા સંજ્ઞા થશે નહીં. કદાચ તમે એમ કહેશો કે અનિયત સંખ્યાના વાચક એવા "बहु" અને "गण" શબ્દની જ સંખ્યા સંજ્ઞા થશે તો અનિયત સંખ્યાના વાચક એવા "शत" શબ્દની સંખ્યા સંજ્ઞા થઈ શકશે નહીં. એના અનુસંધાનમાં અમે કહીએ છીએ કે, અનિયત સંખ્યાના વાચક એવા "शत" શબ્દની "સંખ્યા"સંજ્ઞા નહીં થાય, એ અમને ઇષ્ટ જ છે. ("शत" શબ્દ નિયત એવી સો સંખ્યાનો વાચક છે તેમજ સેંકડો વગેરે અનિયત એવી મોટી સંખ્યાનો વાચક પણ છે.) અનંત શબ્દની જેમ જ "शत" શબ્દમાં "સંખ્યા"સંજ્ઞા ન થવાથી સંખ્યા સંબંધી કાર્યનો અભાવ અમને ઇષ્ટ જ છે.

**( શ૦ન્યાસાનુ૦ )** परे तु–परस्परसाहचर्य्यात् सङ्ख्याव्यापकार्थवाचिनोरेव बहुगणयोर्ग्रहणम्, न

तु सङ्घ-वैपुल्यवचनयोरिति व्यर्थाऽन्वर्थसंज्ञा, महासंज्ञाकरणेन तु प्रदेशेषु लोकप्रसिद्धकेवल-योगार्थस्यापि ग्रहणमिति नियतविषयपरिच्छेदहेतुभूतस्य सङ्ख्यानकरणमेकत्वादिकमभिदधत *एकादेः सङ्ख्याकार्यं सिद्ध्यति* । नियतविषयपरिच्छेदहेतुत्वं चात्र यद्धर्मप्रकारकनिश्चयोत्तरं लोके गणनायां प्रसिद्धा ये स्वाति-रिक्ता यावद्धर्मास्तद्धर्मप्रकारकसंशयसामान्यं नोदेति तद्धर्मावच्छिन्न-वाचकत्वम्, यथा-'त्रयो घटाः' इत्युक्तौ त्रित्वाभावाऽप्रकारकत्व-त्रित्वप्रकारकत्वरूपनिश्चयस्य प्रतिबन्धकतया एकत्वद्वित्व-चतुष्ट्वादियावद्धर्म-प्रकारकसंशयाः नोदेतुं प्रभवन्तीति त्रित्व-वाचकत्वात् त्रिशब्दस्य नियतविषयपरिच्छेदहेतुत्वम्, एवं चतुरादिशब्दानामपि, बह्वादीनां तु 'बहवो घटाः' इत्युक्तौ बहुत्वप्रकारकनिश्चयसत्त्वेऽपि पञ्च वा दश वा विंशतिर्वा घटा इत्यादिसंशयस्य जागरूकतया नियतविषयपरिच्छेदहेतुत्वं नास्तीति योगविभागपक्षः, तत्पक्षे नियमार्थत्वाद्युक्तिश्च न घटते, सङ्ख्याकार्यार्थं बहु-गणयोः स्वयं कृतार्थत्वेन नियमत्वायोगाद्" इत्याचक्षते ।

**અનુવાદ :-** હવે પરે તુ – परस्परसाहचर्य्यात्... પંક્તિઓ દ્વારા કૈયટનો મત બતાવવામાં આવે છે. સૂત્રમાં અન્વર્થસંજ્ઞા કરવી વ્યર્થ છે. સૌ પ્રથમ સાહચ્યર્યની વ્યાખ્યા બતાવે છે. સમાનતાવાળાઓનું સાથે રહેવું તે સાહચ્યર્ય છે. સંખ્યામાં વ્યાપક છે અર્થવાચિતા જેઓની એવા बहु અને गण શબ્દોનું જ ગ્રહણ થઈ શકશે. અર્થાત્ સંખ્યાત્વ ધર્મવાળા बहु અને गण શબ્દોનું જ ગ્રહણ થઈ શકશે પરન્તુ જે बहु અને गण શબ્દમાં સંખ્યાત્વ ધર્મ હશે નહિ તેઓનું ગ્રહણ થઈ શકશે નહિ. બહુ શબ્દમાં સંખ્યાત્વ ધર્મ પણ રહ્યો હોય અને બહુત્વ ધર્મ પણ રહ્યો હોય તો ત્યાં પરસ્પર સાહચ્યર્ય હોવાથી બહુ શબ્દ સંખ્યા તરીકે લઈ શકાશે. દા.ત. बहवः घटाः અહીં બહુ શબ્દ ઘટની ચોક્કસ સંખ્યા બતાવતો હોવાથી બહુ શબ્દમાં સંખ્યાત્વ ધર્મ રહ્યો છે અને બહુત્વ ધર્મ પણ રહ્યો છે. પરન્તુ बहु जलम् પ્રયોગમાં જે बहु શબ્દ છે ત્યાં સંખ્યાત્વ ધર્મ રહ્યો નથી. કારણ કે આ પ્રયોગમાં રહેલા बहु શબ્દથી जल ની સંખ્યા જણાતી નથી. આમ પરસ્પરના સાહચ્યર્યથી સંખ્યામાં વ્યાપક છે અર્થવાચિતા જેઓની એવા બહુ અને ગણ શબ્દની જ સંખ્યાસંજ્ઞા સિદ્ધ થઈ શકશે પરન્તુ સંઘ અને વિપુલ અર્થના વાચક બહુ અને ગણ શબ્દની સંખ્યા સંજ્ઞા સિદ્ધ નહિ થાય. કારણ કે અહીં સંખ્યાત્વ ધર્મની સાથે સાહચ્યર્ય નથી. ભાષ્યકારના મતે અન્વર્થસંજ્ઞાથી બહુ અને ગણ શબ્દોની સંખ્યાસંજ્ઞા સિદ્ધ થતી હતી તથા અન્વર્થસંજ્ઞાના કારણે જ વિપુલ અને સંઘ અર્થના વાચક બહુ અને ગણ શબ્દની સંખ્યા સંજ્ઞા સિદ્ધ થતી હતી નહિ. જ્યારે કૈયટના મતે પરસ્પરના સાહચ્યર્યથી જ સંખ્યાત્વ ધર્મવાળા બહુ અને ગણ શબ્દમાં સંખ્યા સંજ્ઞા સિદ્ધ થશે પણ વિપુલ અને સંઘ અર્થવાળા બહુ અને ગણ શબ્દમાં સંખ્યાત્વ ધર્મ

જ ન રહ્યો હોવાથી તેવા બહુ અને ગણ શબ્દમાં સંખ્યા સંજ્ઞા સિદ્ધ થઈ શકશે નહિ માટે કૈયટ ટીકાકારના મતે અન્વર્થ સંજ્ઞા વ્યર્થ છે.

આ પરિસ્થિતિમાં મહાસંજ્ઞાકરણ આવશ્યક નથી, તો પણ "સંખ્યા" એ પ્રમાણે મોટી સંજ્ઞા કરી છે, તેનું પ્રયોજન ભાષ્યકાર આ પ્રમાણે બતાવે છે : સંખ્યાવાચક શબ્દો સંબંધી કાર્યો કરવાના જે જે સૂત્રો પાછળ આવશે તે તે સૂત્રોમાં આમ તો "कृत्रिमाकृत्रिमयोः..." ન્યાયથી કૃત્રિમ એવી "डति" અને "अतु" અંતવાળી તેમજ "बहु", "गण" વગેરે સંખ્યાઓ જ લઈ શકાત; પરંતુ લોકપ્રસિદ્ધ એવી એક, બે વગેરે સંખ્યાઓ લઈ શકાત નહીં. આથી મહાસંજ્ઞા કરવાથી લોકપ્રસિદ્ધ એવી સંખ્યાને પણ હવે ગ્રહણ કરી શકાશે. નિયતવિષયનો બોધ કરાવવાના કારણભૂત એવી એક, બે વગેરે સંખ્યામાં પણ સંખ્યાનું કાર્ય સિદ્ધ થઈ શકશે.

નિયતવિષયના બોધનું કારણપણું શેમાં છે ? એ ધર્મ હવે બતાવે છે. જેમાં જે ધર્મનો નિશ્ચય થયા પછી ગણતરી કરવાના પ્રસિદ્ધ એવા જેટલા ધર્મો છે એ બધા ધર્મો સંબંધી સંશય ઉત્પન્ન ન થાય તો તેમાં રહેલો એક નિશ્ચયાત્મક ધર્મ નિયતવિષયના બોધમાં કારણ બનશે. દા. ત. "ત્રણ ઘટો" એવું કહેવામાં આવે, ત્યારે ત્રિત્વધર્મના અભાવથી વિશિષ્ટ એવા ત્રિત્વધર્મનો બોધ થાય છે. આ વિશિષ્ટ એવા ધર્મનો બોધ (ત્રિત્વના અભાવથી વિશિષ્ટ એવા ત્રિત્વધર્મનો બોધ) એકત્વ, દ્વિત્વ, ચતુષ્ટ્વ ધર્મના નિશ્ચયમાં પ્રતિબંધક બને છે, જે ઘટમાં એક ઘટ છે કે નહીં ? અથવા તો બે ઘટ છે કે નહીં ? અથવા તો ચાર ઘટ છે કે નહીં ? એવી શંકાઓને ઉત્પન્ન કરાવવા સમર્થ થતો નથી. આથી ઘટમાં રહેલો આવો ત્રિત્વ સ્વરૂપ ધર્મ નિયતવિષયના બોધમાં કારણ બને છે. એ જ પ્રમાણે ચાર ઘટો, પાંચ ઘટો વગેરેમાં સમજી લેવું.

પરંતુ "बहवः घटाः" (ઘણાં ઘટો) એવું કહેવાયે છતે ઘટમાં बहुत्वधर्मનો નિશ્ચય થાય છે. પણ સાથે સાથે "बहु" એટલે (પાંચ કે દશ કે વીસ વગેરે) કેટલા ? એ સંબંધી સંશય થાય છે. આથી बहुत्वधर्मમાં નિયતવિષયના બોધનું કારણપણું નથી. માટે "बहु" શબ્દને સંખ્યા તરીકે લઈ શકાત નહીં. તેથી, "बहु" અને "गण" શબ્દને સંખ્યા તરીકે ગણવા માટે ભિન્ન સૂત્ર બનાવવામાં આવ્યું છે. અર્થાત્ "बहु" અને "गण" સંબંધી જે સૂત્ર છે, એ નિયમ સૂત્ર બનતું નથી. અગાઉ કહેવામાં આવ્યું હતું કે, "बहु" અને "गण" સંબંધી જે જુદું સૂત્ર બનાવ્યું છે, તેનાથી નિયમ બનશે કે અન્ય અન્ય અર્થનો વાચક હોતે છતે बहुत्व અર્થના વાચકમાં જો સંખ્યા કાર્ય થાય તો "बहु" અને "गण" શબ્દો સંબંધી જ સંખ્યાકાર્ય સિદ્ધ થઈ શકશે, भूरि વગેરે શબ્દમાં સંખ્યાકાર્ય સિદ્ધ થઈ શકશે નહીં. આ પ્રમાણેનું નિયમસૂત્ર અમારા માટે (કૈયટ માટે) બની શકતું નથી. "बहु" અને "गण" શબ્દમાં સંખ્યાકાર્ય ભિન્ન સૂત્રથી જ સ્વયં સિદ્ધ થઈ શકે છે. માટે નિયમસૂત્ર સમજવું એ યોગ્ય નથી આવું કૈયટ કહી રહ્યા છે.

**(श०न्यासानु०)** ननु पक्षद्वयस्याप्यत्र वचनमुन्मत्तप्रलपितायतेतराम्, तथाहि-योगविभागेनान्वर्थत्वपक्षे नियमत्वपक्ष इति **प्रथमः** कल्पः; नियतविषयपरिच्छेदहेतुत्वाभावेन नियमत्वपक्षो न युक्तः, परस्परसाहचर्यं तु सङ्घ-वैपुल्यवाचिनोर्ग्रहणं विहन्तीति द्वितीयः कल्प इदानीमुक्तः, तत् कथं युज्येत ? स्वयं तु सूत्रे भेदग्रहणं कृतमिति सङ्ख्यावाचिनौ बहु-गणौ गृह्णीयाद् वैपुल्य-सङ्घवाचिनौ तिरयेदिति फलस्यान्यथासिद्धत्वेन नियमत्वोक्तेः परस्परसाहचर्योक्तेर्वाऽनुचितत्वादिति चेत्, न-उक्तकल्पयोरन्यतरेण कतरेणचिद् भेदग्रहणमन्तराऽपि सति निर्वाहे भेदग्रहणमपि न कार्यमिति तात्पर्येण पक्षद्वयस्यास्योक्तत्वात् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** ઉપર કહેલા બંને પક્ષનું વચન એ અબુધ જીવના બકવાસ તુલ્ય છે. તે આ પ્રમાણે : અન્વર્થપક્ષમાં सङ्ख्या સંજ્ઞાનું એક સૂત્ર બનાવ્યા પછી બીજું સૂત્ર બનાવવામાં આવ્યું છે તથા નિયમપણાંનો પક્ષ સ્વીકારાયો છે. આ પ્રથમ પક્ષ છે.

નિયતવિષયના બોધના કારણપણાંનો અભાવ હોવાથી પ્રથમ કલ્પમાં જે નિયમપણાંનો પક્ષ કહ્યો છે, તે યોગ્ય નથી. વળી પરસ્પરનું સાહચર્ય "सङ्घ" અને "वैपुल्य" અર્થના ("સમૂહ" અને "વિશાળ" અર્થના) વાચક એવા "बहु" અને "गण"ને સંખ્યા સંજ્ઞામાંથી દૂર કરે છે; પરંતુ નિયતવિષયના બોધનું કારણપણું "बहु" અને "गण" શબ્દમાં હતું નહીં. આથી "बहु" અને "गण" શબ્દને સંખ્યાવાચક બનાવવા માટે જુદું સૂત્ર બનાવ્યું છે. આવો બીજો પક્ષ છે.

આ પક્ષ પણ કેવી રીતે યોગ્ય છે ? કારણ કે અમે અમારા વ્યાકરણમાં "बहु-गणं भेदे" (૧/૧/૪૦) સૂત્ર બનાવ્યું છે. આથી "भेद" શબ્દ લખવા દ્વારા જ સંખ્યાના વાચક "बहु" અને "गण" શબ્દ ગ્રહણ કરી શકાશે; પરંતુ "વિશાળ" અને "સમૂહ" અર્થના વાચક એવા "बहु" અને "गण" શબ્દ સંખ્યા જેવા થઈ શકશે નહીં. ઉપરોક્ત કથન, નિયમપણાંના કથનમાં તથા પરસ્પરસાહચર્યના કથનમાં અન્યથાસિદ્ધપણાંથી અનુચિતપણું થતું હોવાથી ઉપરના બંને પક્ષો નિરર્થક છે.

**પૂર્વપક્ષ (અન્યોનો) :-** ઉપર કહેલા બંને પક્ષમાંથી કોઈપણ એક પક્ષને ગ્રહણ કરવા દ્વારા જો અર્થની પ્રાપ્તિ થઈ શકતી હોય તો ભેદ શબ્દનું ગ્રહણ કરવા દ્વારા ગૌરવ કરવું એ યોગ્ય નથી. આ પ્રમાણે ભેદ ગ્રહણ કર્યા વિના પણ બેમાંથી કોઈપણ એક પક્ષ દ્વારા અર્થની પ્રાપ્તિ થઈ શકે છે, એવું અમે સિદ્ધ કરીએ છીએ અને લાઘવથી એ જ યોગ્ય છે.

**(श०न्यासानु०)** ननु भेदग्रहणाभावे "बहु-गण-डत्यतु सङ्ख्या" इत्याकारकमेकमेव सूत्रं तर्ह्यस्तु, योगविभागो वृथेति चेत्, सत्यम्-अस्त्वेकमेवेति वयमपीदानीमभ्युपेमः, सम्पूर्णसूत्रमे-

वान्वर्थत्वपक्षे नियामकं भविष्यति का क्षतिः ? । अथैवमपि अन्वर्थत्वपक्षे सङ्ख्यानकरण-त्वेनैकादीनां ग्रहणं भवतु, बह्वादीनां ग्रहणं कथं भविष्यति ? नहि बह्वादिभिरेकादिभिरिव सङ्ख्यायत इति न वाच्यम्, बह्वादिभिरपि स्वव्याप्यत्रित्वादिद्वारा सङ्ख्यायत इत्यस्त्येव सङ्ख्यानकरणत्वेन सङ्ख्यात्वम् । एवं गणशब्दस्यापि । डत्यन्तकतिशब्दस्य सङ्ख्यानकरणीभूतार्थविषयक-प्रश्नार्थकत्वेन सङ्ख्यात्वव्यवहारः । अत्वन्तेषु कियच्छब्दे कतिशब्दवदेव सङ्ख्यात्वम्, यावत्-तावत्-एतावत्-शब्दादौ च सङ्ख्यया परिच्छेदबोधतात्पर्यकत्व-दशायां सङ्ख्यानकरणीभूतैक-त्वादिरूपसङ्ख्यात्वव्याप्यधर्मविशिष्टबोधकतया सङ्ख्यात्वं बोध्यम्, इयाँस्तु भेदः-एकादीनां नियतविषयपरिच्छेदहेतुत्वं तावदादीनामनियतविषयपरिच्छेदहेतुत्वमिति । इत्थं च सूत्रस्य "बहु-गणडत्यतु सङ्ख्या" इत्याकारकत्वे सर्वमनाकुलमेव ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજી) :-** અમે તો "बहु" અને "गण" શબ્દ સંબંધી પૃથક્ સૂત્ર બનાવીને ભેદનું ગ્રહણ કર્યું છે, જ્યારે આપે "भेद" શબ્દનું ગ્રહણ ન કર્યું હોવાથી એ હેતુથી બે સૂત્રો બનાવ્યા છે, તો આપના આ મન્તવ્ય સંબંધમાં અમે કહીએ છીએ કે, "भेद" શબ્દના ગ્રહણના અભાવમાં "बहु-गण-डत्यतु-सङ्ख्या" એવા સ્વરૂપવાળું એક જ સૂત્ર થવું જોઈએ; બે સૂત્રો કરવામાં આવ્યા છે, તે નિરર્થક છે.

**પૂર્વપક્ષ (અન્યોનો - ભાષ્યકાર) :-** એક જ સૂત્ર થવું જોઈએ. વર્તમાનમાં અમે પણ એક જ સૂત્ર સ્વીકારીએ છીએ. અન્વર્થપણાંના પક્ષમાં સંપૂર્ણ સૂત્ર જ સંખ્યા સંબંધી નિર્દેશ કરનારું થઈ જશે, અર્થાત્ આ પ્રમાણેનું એક સૂત્ર જ સંખ્યાનો નિર્દેશ કરનારું થશે માટે કોઈ જ ક્ષતિ નથી.

**ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** એ सङ्ख्या સંજ્ઞાને અન્વર્થસંજ્ઞા માનશો તો ગણતરી કરવાના કારણભૂત જે જે હોય તેની સંખ્યા સંજ્ઞા થશે. આથી કોઈપણ દ્રવ્યમાં एकत्व, द्वित्व વગેરે ધર્મ રહ્યો હશે, તો એવો ધર્મ જ ગણતરી કરવાના કારણરૂપ બનશે; પરંતુ "बहवः घटाः" આવા પ્રયોગોમાં ઘટ પદાર્થોમાં રહેલો "बहुत्व" ધર્મ ગણતરી કરવાના કારણ સ્વરૂપ કેવી રીતે બનશે ? આથી અન્વર્થસંજ્ઞા એક, બે વગેરમાં સિદ્ધ થઈ શકશે; પરંતુ "बहु" વગેરેમાં અન્વર્થસંજ્ઞાપણું માની શકાશે નહીં. એક વગેરેની જેમ "बहु" વગેરે વડે ગણતરી કરી શકાતી નથી. આથી જ એક વગેરેમાં જેમ અન્વર્થસંજ્ઞાપણું ઘટે છે, તેમ "बहु" વગેરેમાં અન્વર્થસંજ્ઞાપણું ઘટતું નથી.

**પૂર્વપક્ષ (ભાષ્યકારનો) :-** એક વગેરેની જેમ "बहु" વગેરેવડે ગણતરી કરી શકાતી નથી, એ પ્રમાણે કહેવું જોઈએ નહીં. बहुत्वને વ્યાપ્ય એવા "त्रित्व" વગેરેવડે ગણતરી કરી શકાય છે. જ્યાં જ્યાં त्रित्वાદિ ધર્મ છે, ત્યાં ત્યાં बहुत्व ધર્મ રહેલો છે. આથી बहुत्व વિગેરેથી પણ

एकादि વગેરેની જેમ ગણતરી કરી શકાય જ છે. આથી કોઈપણ દ્રવ્યમાં રહેલો बहुत्व ધર્મ પણ ગણતરી કરવાના કારણ સ્વરૂપ હોવાથી "बहु" વગેરે શબ્દોમાં પણ અન્વર્થવાળું એવું સંખ્યા સંજ્ઞાપણું ઘટી શકે જ છે. એ પ્રમાણે "गण" શબ્દમાં પણ સંખ્યા સંજ્ઞાપણું ઘટી શકશે. "डति" અંતવાળા, "कति" શબ્દમાં ગણતરી કરવાના કારણભૂત પ્રયોજન વિષયવાળો પ્રશ્ન હોવાથી સંખ્યાપણાંનો વ્યવહાર થાય જ છે. "अतु" અંતવાળા "कियत्" શબ્દમાં પણ "कति" શબ્દની જેમ જ સંખ્યાપણું ઘટે છે તથા "यावत्", "तावत्" અને "एतावत्" શબ્દોમાં સંખ્યાવડે નિશ્ચિત એવા બોધના તાત્પર્યવાળી અવસ્થામાં ગણતરી કરવાના કારણભૂત એવા एकत्व, द्वित्व, त्रित्व વગેરે સ્વરૂપ સંખ્યાત્વધર્મને વ્યાપ્ય एकत्व, द्वित्व વગેરે ધર્મથી વિશિષ્ટ એવા એક, બે વગેરેને જણાવવાપણાંથી સંખ્યાપણું જાણવા યોગ્ય છે. આ પંક્તિનો ભાવાર્થ આ પ્રમાણે છે. यावत्, तावत्, एतावत् વગેરે શબ્દોમાં જ્યારે સંખ્યાથી નિશ્ચિત બોધ કરવો હોય ત્યારે એવા શબ્દોમાં એક, બે, ત્રણ વગેરેવડે જણાવવાપણાંથી સંખ્યાપણું જાણવા યોગ્ય છે. દા.ત. "यावन्तः जनाः" (જેટલા માણસો). અહીં "यावत्" શબ્દવડે નિશ્ચિતબોધનું તાત્પર્ય જણાય છે. ચાર, પાંચ, છ વગેરે સંખ્યાથી નિશ્ચિત બોધ થઈ શકવાની શક્યતા હોવાથી "यावत्" શબ્દમાં પણ ગણતરી કરવાના કારણ સ્વરૂપ ચાર, પાંચ, છ વગેરે ચોક્કસ સંખ્યાનું જણાવવાપણું હોવાથી સંખ્યાપણું સિદ્ધ થાય છે.

એક વગેરે તથા "बहु" વગેરેમાં સંખ્યા સંજ્ઞાપણું થાય તે બંનેમાં આટલો ભેદ છે : એક વગેરેમાં નિશ્ચિત વિષયના બોધનું કારણપણું છે, જ્યારે "बहु" વગેરેમાં અનિયત વિષયના બોધનું કારણપણું છે. આટલો તફાવત આ બેમાં ("एक" વગેરે તેમજ "बहु" વગેરેમાં) છે.

આ પ્રમાણે "बहु-गण-डत्यतु-सङ्ख्या" એવા સ્વરૂપવાળા એક જ સૂત્રમાં બધું વ્યવસ્થિત જ છે અર્થાત્ બધું જ સંગત થાય છે.

**( श०न्यासानु० )** परन्तु इदमवधेयम्-प्रथमे नियमत्वकल्पे 'सङ्ख्या' इति योगविभजनम्, तत्रापि संज्ञामात्रनिर्देशात् संज्ञा-संज्ञिभावानुपपत्तिः, तन्निवृत्तये संज्ञिनामाक्षेपः, संज्ञाया अन्वर्थताश्रयणम्, अन्वर्थताश्रयणेऽपि ॠसकृदुच्चरितः शब्दः सकृदर्थं गमयतिॠ इत्यस्य सत्त्वेनाऽऽवृत्तिराश्रयणीया । तथा द्वितीययोगे पूर्वयोगेन सिद्धिहेतुकवैयर्थ्येन वाक्यान्तरकल्पना, पूर्वयोगीयोद्देश्यतावच्छेदकव्यापकावच्छिन्ने नियामकयोगीयोद्देश्यतावच्छेदकव्यापकनियम्ययोगीयोद्देश्यतावच्छेदकव्याप्यधर्मावच्छिन्नातिरिक्तत्वेन सङ्कोचः, सङ्ख्याशब्दानुवृत्तिश्च, इत्यादि बहु गौरवं भवतीति तत्पक्षो नादरणीयः । द्वितीयकल्पे-साहचर्य्यावलम्बनम्, एकादीनां प्रदेशेषु ग्रहणार्थं महासंज्ञाकरणसामर्थ्येन योगार्थस्य ग्रहणम्, योगार्थमात्राद् बह्वादीनां सङ्ग्रहो न भवतीति योगानपेक्षार्थस्यापि ग्रहणम्, तदुभयस्य बोधसम्पदे तत्तद्धर्मावच्छिन्नार्थ-निरूपितशक्तिज्ञानाधीन-

तत्तद्धर्मावच्छिन्नार्थविषयकोपस्थित्योः शाब्दविशेषं प्रति पृथक् कारणत्वम्, इति बहुविधकल्पना-गौरवमिति तत्पक्षोऽप्यनादरणीय एव । "डत्यतु सङ्ख्यावत्" "बहु-गणं भेदे" इति न्यासे तु न काऽपि विडम्बनेति तदादरः सूत्रकारस्य प्रशस्य इति मन्महे ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ (આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** હવે ઉપરની તમામ ચર્ચાઓનો અંત લાવવા માટે આચાર્યભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યજીએ સંજ્ઞાસૂત્રોને બદલે ભિન્ન એવા બે અતિદેશસૂત્રો બનાવ્યાં તે સાર્થક જ છે, એવું બતાવવા માટે પોતાનો પક્ષ રજૂ કરે છે.

અહીં આ વસ્તુ અવધારણ કરવા યોગ્ય છે. નિયમપણાંના પ્રથમ પક્ષમાં "सङ्ख्या" એ પ્રમાણે પૃથક્ सङ्ख्या સંજ્ઞાવાળું સૂત્ર બનાવવું પડશે. હવે सङ्ख्या સંજ્ઞાનું સૂત્ર બનાવતાં જો માત્ર સંજ્ઞાનો જ નિર્દેશ કરવામાં આવે તો સંજ્ઞા-સંજ્ઞિભાવ ઘટી શકશે નહીં. આથી સંજ્ઞા-સંજ્ઞિભાવ થઈ શકે તે માટે સંજ્ઞીઓનો નિર્દેશ કરવો પડશે તથા सङ्ख्या સંજ્ઞામાં અન્વર્થપણાંનો આશ્રય કરવો પડશે. હવે અન્વર્થસંજ્ઞાનો આશ્રય કરતાં પણ લોકપ્રસિદ્ધ એવી એક, બે વગેરે સંખ્યામાં સંખ્યા સંજ્ઞાપણું ન થઈ શકવાથી ક્યાંતો સંજ્ઞિકોટિમાં "सङ्ख्या" શબ્દ ઉમેરવો પડશે અથવા તો "बहु" અને "गण" જેમ સંખ્યા સંજ્ઞાવાળા થશે તેમ એ જ सङ्ख्या સ્વરૂપ શબ્દની આવૃત્તિ કરવાથી એક, બે વગેરે લૌકિક સંખ્યાની પણ सङ्ख्या સંજ્ઞા થશે. આ આવૃત્તિ કરવાનું કારણ "એકવાર ઉચ્ચારણ કરેલો શબ્દ એક જ અર્થને જણાવે છે." આવો ન્યાય હોવાથી सङ्ख्या સંજ્ઞા સ્વરૂપ શબ્દથી "बहु" અને "गण" શબ્દમાં सङ्ख्या સંજ્ઞાનું કથન કરી શકશે. આથી લૌકિક સંખ્યામાં सङ्ख्या સંજ્ઞાનું કથન કરવા માટે सङ्ख्या સંજ્ઞાની આવૃત્તિ કરવી પડશે. આ પ્રમાણે પ્રથમ પક્ષમાં જો સંજ્ઞાવાચક સૂત્ર બનાવવામાં આવશે તો ઉપર પ્રમાણેની ત્રુટિઓ રહેલી જણાશે તથા "बहु" અને "गण" શબ્દની सङ्ख्या સંજ્ઞા કરવા માટે જે નવું સૂત્ર બનાવ્યું. તથા આ નવા સૂત્રને નિયમસૂત્ર સમજીએ છીએ. અહીં सङ्ख्या સંજ્ઞાના પહેલા સૂત્રમાં "बहु" અને "गण" શબ્દોની પણ सङ्ख्या સંજ્ઞા સિદ્ધ જ હતી. માટે આ નવું સૂત્ર નિયમસૂત્ર બનશે. તેમાં નવા સૂત્રની જે કલ્પના કરી તે બરાબર નથી, કારણ કે અગાઉના સૂત્રથી "बहु" અને "गण" શબ્દમાં પણ सङ्ख्या સંજ્ઞા થઈ જાય છે, એવી સિદ્ધિ જ વ્યર્થ છે. અગાઉના સૂત્રથી "बहु" અને "गण" શબ્દની सङ्ख्या સંજ્ઞા જ થતી નથી, તેથી નિયમસૂત્ર બને છે તેવું કહેવું વ્યર્થ છે. પહેલા સૂત્રમાં ઉદ્દેશ્યતા અવચ્છેદકનો વ્યાપક એવો જે ધર્મ હોય એવા ધર્મમાં રહેલો અતિરિક્ત અંશ બીજા સૂત્રમાં સંકોચ કરવામાં આવે તો જ નિયમસૂત્ર બની શકે.

દા. ત. "नि दीर्घः" (૧/૪/૮૫) સૂત્રથી "न्" અંતવાળા નામોનો સ્વર ઘુટ પ્રત્યય પર છતાં દીર્ઘ થાય છે. અહીં ઉદ્દેશ્યકોટિમાં ઘુટ પ્રત્યય નિમિત્તક "न्" અંતવાળા તમામ નામો આવશે.

જ્યારે વિધેયકોટિમાં દીર્ઘવિધિ આવશે તથા "इन् - हन् - पूषाऽर्यम्णः शिस्योः" (૧/૪/૮૭) સૂત્રમાં-રહેલ ઉદ્દેશ્યતાકોટિનો ધર્મ (૧/૪/૮૫) સૂત્રમાં પણ સમાવેશ પામતો હતો. પણ (૧/૪/૮૭) સૂત્રમાં ઉદ્દેશ્યકોટિમાં જે ધર્મ (इन् અંતવાળું નામ, हन् અંતવાળું નામ તથા पूषन् અને अर्यमन् શબ્દ તેમજ शि તથા सि નિમિત્તવાળા આ બધા નામો સમજવા) છે, તે (૧/૪/૮૫) સૂત્રમાં રહેલ ઉદ્દેશ્યકોટિના ધર્મથી સંકોચ પામ્યો છે. અર્થાત્ (૧/૪/૮૫) સૂત્રમાં ઉદ્દેશ્યતા અવચ્છેદક એવો વ્યાપકધર્મ હતો જ્યારે (૧/૪/૮૭) સૂત્રમાં રહેલો એવો ઉદ્દેશ્યતાનો અવચ્છેદક ધર્મ વ્યાપ્યધર્મ બનશે. આથી સંકોચ થવાને કારણે ત્યાં નિયમસૂત્ર બનશે.

પરંતુ ચાલુ સંજ્ઞાસૂત્રમાં "डत्यतु सङ्ख्या" સૂત્ર બનાવીને "बहु गणम्" એ પ્રમાણે બીજું સંજ્ઞાસૂત્ર બનાવવામાં આવે તો એ પ્રમાણેનો સંકોચ થઈ શકતો નથી. વળી "सङ्ख्या" શબ્દની અનુવૃત્તિ પણ કરવી પડે છે. આથી ઘણું જ ગૌરવ થાય છે. માટે सङ्ख्या સંજ્ઞા સંબંધી બે સૂત્ર પ્રથમ પક્ષમાં કહેવામાં આવ્યા તે બરાબર નથી.

બીજા પક્ષમાં સંજ્ઞાસૂત્ર જ બનાવવામાં આવ્યું છે, પરંતુ અહીં સાહચર્યનું આલંબન લેવામાં આવ્યું છે. એક, બે વગેરે સંખ્યામાં જે અર્થ રહેલો છે, એવા જ અર્થના વાચક "बहु" અને "गण" શબ્દો પણ સંખ્યા તરીકે લઈ શકાશે અર્થાત્ સંખ્યાત્વ સ્વરૂપ અર્થની સમાનતાથી જેમ એક, બે વગેરેને સંખ્યા તરીકે સમજી શકાય છે એ જ પ્રમાણે સંખ્યાત્વ સ્વરૂપ અર્થવાળા "बहु" અને "गण"ને પણ સંખ્યા તરીકે લઈ શકાશે. આ પ્રમાણે સાહચર્યના આલંબનથી સંખ્યાને વ્યાપક એવા અર્થવાળા જ "बहु" અને "गण" શબ્દને પણ ગ્રહણ કરી શકાશે. વળી સંખ્યા સંબંધી કાર્યોના તે તે સૂત્રોમાં જેમ સંખ્યા સંજ્ઞાવાળા "बहु", "गण" વગેરેને લઈ શકાશે. તેમ લોકપ્રસિદ્ધ એવી એક વગેરે સંખ્યાને ગ્રહણ કરવા માટે મોટી સંજ્ઞા કરવામાં આવી તથા મોટી સંજ્ઞા કરવાના સામર્થ્યથી सङ्ख्या શબ્દના યોગાર્થને ગ્રહણ કર્યો, તે આ પ્રમાણે કર્યો છે : જેમાં જેમાં ગણતરી કરવા સ્વરૂપ અર્થ હોય તેની તેની सङ्ख्या સંજ્ઞા થશે. આ રીતે યોગાર્થને ગ્રહણ કરવાથી પણ એક, બે વગેરે સંખ્યાને ગ્રહણ કરી શકાય છે; પરંતુ "बहु" વગેરેને ગ્રહણ કરી શકાતા નથી. આથી "बहु" વગેરેને ગ્રહણ કરવા હોય તો યોગાર્થનો ત્યાગ કરીને નવા અર્થને ગ્રહણ કરવો પડે છે. આમ થવાથી सङ्ख्या શબ્દના અર્થનો બોધ કરવા માટે सङ्ख्या શબ્દમાં બે શક્તિ માનવી પડે છે. નિયતવિષયવાળી એક વગેરે સંખ્યાનો બોધ કરવા માટે એક શક્તિ માનવી પડશે તથા અનિયતવિષયવાળા "बहु" અને "गण" વગેરેનો બોધ કરવા માટે બીજી શક્તિ માનવી પડશે. આ પ્રમાણે બે કાર્યકારણભાવ જુદી જુદી સંખ્યાઓનો બોધ કરવા માટે માનવા પડશે. આ પ્રમાણે ઘણી કલ્પનાઓ કરવા દ્વારા ગૌરવ થાય છે. અમે "डत्यतु सङ्ख्यावत्" અને "बहु-गणं भेदे" આ બે સૂત્રોની રજૂઆત કરી છે, આથી અમને કોઈ કઠિનાઈ નથી.

પાણિનિ વ્યાકરણમાં સંખ્યા સંજ્ઞાવાળું સૂત્ર બનાવવામાં આવ્યું છે તથા બંને સૂત્રો ભેગા કરીને એક જ સૂત્ર બનાવવામાં આવ્યું છે. જ્યારે સિદ્ધહેમવ્યાકરણમાં અતિદેશસૂત્ર બનાવવામાં આવ્યું છે તથા અતિદેશસૂત્રોને પણ પૃથક્ કરવામાં આવ્યા છે. અહીં પૃથક્ સૂત્ર બનાવવાથી "बहु" અને "गण" શબ્દ નિયત એવી સંખ્યાના (ગણતરી કરી શકાય) વાચક છે. જ્યારે "डति" અને "अतु" અંતવાળું નામ અનિયત સંખ્યાના (ગણતરી કરી શકાય એવી અને ગણતરી નહીં કરી શકાય એવી) વાચક છે. આવો સ્પષ્ટ ભેદ જુદું સૂત્ર બનાવવા દ્વારા તથા બીજા સૂત્રમાં ભેદ લખવા દ્વારા સિદ્ધ થઈ શક્યો; પરંતુ જો બંને સૂત્રોને ભેગા કરીને એક સૂત્ર (बहुगणडत्यतु सङ्ख्या) બનાવવામાં આવે તો ઘણી જ મુશ્કેલીથી ઉપર કહેલા અર્થવાળો બોધ પ્રાપ્ત થઈ શકશે તથા "बहु" શબ્દ આપણા વ્યાકરણમાં પ્રત્યયસંજ્ઞાવાળો પણ છે. આથી ભેગું સૂત્ર બનાવવામાં આવે તો डति અને अतु પ્રત્યયના સામર્થ્યથી "साहचर्यात् सदृशस्य" ન્યાયથી बहु જે પ્રત્યયસંજ્ઞાવાળો છે, તે લઈ શકાવાનો સંશય ઉત્પન્ન થવાની શક્યતા રહેલી છે. આ બધી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને જ સિદ્ધહેમવ્યાકરણમાં પૃથક્ સૂત્ર બનાવવામાં આવ્યું હશે. આથી જ સિદ્ધહેમવ્યાકરણમાં અર્થનો બોધ કરવામાં કોઈ જ મુશ્કેલી જણાતી નથી. વળી સંજ્ઞાસૂત્ર બનાવવામાં ઉપર બે પક્ષોમાં જણાવેલી આપત્તિઓનો અવકાશ છે. આથી જ અહીં બે પૃથક્ અતિદેશસૂત્રો બનાવવામાં આવ્યા છે.

**(श०न्यासानु०)** न चैवं सति प्रकरणभेद इति वाच्यम्, संज्ञासूत्राणां समाप्तत्वाद् अतिदेश-सूत्राणां चारम्भात् । न चैवमप्येकस्मिन् पादेऽधिकारद्वयमनुचितमिति वाच्यम्, यतो न ह्येवंविधो नियमोऽस्ति, यद् एकस्मिन् पाद एकेनैवाधिकारेण भवितव्यमित्यास्तां बहुविस्तर इति ॥४०॥

**અનુવાદ :- પૂર્વપક્ષ (અન્યોનો) :-** તમે પહેલા પાદમાં બધા જ સંજ્ઞાસૂત્રો બનાવ્યા છે. હવે આ સંજ્ઞાસૂત્રોના પ્રકરણમાં જ જો અતિદેશસૂત્રો બનાવશો તો પ્રકરણભેદ થશે.

**ઉત્તરપક્ષ (પૂજ્યશ્રી હેમચન્દ્રાચાર્યજીનો) :-** અમારે તો આવી કોઈ આપત્તિ નથી; કારણ કે સંજ્ઞાના સૂત્રો સમાપ્ત થયા હોવાથી જ અમે અતિદેશસૂત્રો બનાવ્યા છે.

**પૂર્વપક્ષ :-** આમ છતાં એક પાદમાં બે અધિકાર અનુચિત છે, એક જ પાદમાં સંજ્ઞાસૂત્ર તથા અતિદેશસૂત્રનો સમાવેશ કરવો ઉચિત નથી.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે પણ કહેવું જોઈએ નહીં. એક પાદમાં માત્ર એક જ અધિકાર હોય એવો કોઈ નિયમ નથી. આ પ્રમાણે ઘણાં વિસ્તારવડે સર્યું.

**-: ન્યાસસાર સમુદ્ધાર :-**

**(न्या०स०) बहुगण**मित्यादि । **वैपुल्य** इति-यथा रजोगणः, रजःसंघात इत्यर्थः । अथ

बहुगणशब्दयोर्भेदवचनत्वात् सङ्ख्यात्वमस्त्येव, यतो भेदः परिगणनं सङ्ख्येति, ततश्चैकद्व्यादीनामिव बहुगणशब्दयोरपि लोकादेव सङ्ख्यात्वसिद्धौ किमनेनातिदेशवचनेन ? अतिदेशो हि अन्यत्र प्रसिद्धस्यान्यत्र प्रसिद्धिप्रापणार्थ इत्याह-**बहुगणावि**त्यादि-लोके ह्येकद्व्यादीनां नियतावधिभेदाभिधायित्वे सङ्ख्याप्रसिद्धिः, अनयोश्च न तथेति सङ्ख्याप्रसिद्धेरभाव इति ॥४०॥

**-: ન્યાસસાર સમુદ્ધારનો અનુવાદ :-**

આ બધી જ પંક્તિઓનો અનુવાદ શબ્દમહાર્ણવન્યાસના અનુવાદમાં આવી ગયો છે.

**॥ चत्वारिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

❄ ❄ ❄

# सूत्रम् - क-समासेऽध्यर्धः । १ । १ । ४१ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**अध्यर्धशब्दः कप्रत्यये समासे च विधातव्ये सङ्ख्यावद् भवति । अध्यर्धेन क्रीतम्-अध्यर्धकम्, "सङ्ख्या-डतेश्चाशत्तिष्टेः कः" [६.४.१३०.] इति कः । अध्यर्धेन शूर्पेण क्रीतम्-अध्यर्धशूर्पम्, अत्र सङ्ख्यापूर्वत्वेन द्विगुत्वे क्रीतार्थस्येकणः "अनाम्नयद्विः प्लुप्" [६.४.१४१.] इति लुप् । क-समास इति किम् ? धादिप्रत्ययविधौ न भवति ॥४१॥**

**-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-**

क પ્રત્યય અને સમાસના વિષયમાં અધ્યર્ધ શબ્દ સંખ્યા જેવો થાય છે. 'અડધા અધિકવડે ખરીદેલું' એ પ્રમાણે ખરીદવા અર્થમાં અધ્યર્ધ સ્વરૂપ સંખ્યાવાચક શબ્દને सङ्ख्या-डतेश्चा... (૬/૪/૧૩૦) સૂત્રથી "क" પ્રત્યય થતાં 'अध्यर्धकम्' શબ્દ પ્રાપ્ત થાય છે.

હવે સમાસ નિમિત્તક ઉદાહરણ બતાવે છે : 'અડધા અધિક સૂપડાંવડે ખરીદેલું' એ પ્રમાણે ખરીદવા અર્થમાં (૩/૧/૯૯) સૂત્રથી દ્વિગુ સમાસ હોતે છતે "इकण्" પ્રત્યય લાગીને "अनाम्नयद्विः प्लुप्" (૬/૪/૧૪૧) સૂત્રથી લુપ્ થતાં 'अध्यर्धशूर्पम्' પ્રયોગ પ્રાપ્ત થાય છે.

क-समासे લખવા દ્વારા આચાર્ય ભગવંતશ્રી શું કહેવા માંગે છે ? એના અનુસંધાનમાં

બૃહદ્વૃત્તિમાં લખવામાં આવ્યું છે કે "धा" વગેરે પ્રત્યયની વિધિમાં "अध्यर्ध" શબ્દ સંખ્યા જેવો થશે નહીં.

### -: શબ્દમહાર્ણવન્યાસનું અનુસંધાન :-

**क-समास** इत्यादि । यद्यपि निमित्ति निमित्तं कार्यमिति रचनाक्रमेण "इवर्णादेरस्वे स्वरे यवरलम्" [१.२.२१.] इत्यादाविव "अध्यर्धः क-समासे" इति निर्देशः प्राप्तस्तथापि लाघवार्थं "कसमासेऽध्यर्धः" इति निर्देशः कृतः, एकमात्राकृतं लाघवं भवति । यद्वा निमित्तिपदं नियमतः पूर्वमेव प्रयुज्येतेति द्रढिमानमुपगतस्य भ्रमात्मकसंस्कारस्य समुन्मूलनायैव तथानिर्देशः, प्रचुर-प्रयोगप्रवाहो यद्यपि निमित्तिपदपूर्वक एवोपलभ्यते तथाऽपि क्वचिद् व्युत्क्रमेण प्रयोगेऽसाधुत्वं मा प्रतीयतामिति तात्पर्यम् । एवमप्यर्थपरं वाक्यं निमित्तिपूर्वकमेव सुबोधाय कल्प्यमित्याह- **अध्यर्धशब्द** इति-"ऋधूच् वृद्धौ" इत्यतः "ऋधूट् वृद्धौ" इत्यतो वा घञि अर्धः, अर्धेन अधिक इत्यध्यर्धः, "प्रात्यवपरिनिरादयः०" [३.१.४७.] इति समासः, यद्वा अधिकमर्धं यस्य सो-ऽध्यर्धः, "एकार्थं चानेकं च" [३.१.२२.] इति बहुव्रीहिः । **क-समास** इति-कश्च समासश्चानयोः समाहारः कसमासं तत्र तथा, "के समासे" इति व्यस्तनिर्देशे 'कसमासयोः' इतीतरद्वन्द्वनिर्देशे वा विवक्षितार्थसिद्धावपि गौरवं स्याद्, अतो लाघवार्थं समाहारद्वन्द्वेन निर्देशः, तत्राल्पस्वरत्वात् कशब्दस्य प्राङ्निपातः ।

### -: શબ્દમહાર્ણવન્યાસનું અનુસંધાનનો અનુવાદ :-

આમ તો પ્રથમ નિમિત્તિ આવે, પછી નિમિત્ત આવે તથા છેલ્લે કાર્ય આવે, આ પ્રમાણે સૂત્રની રચનાનો ક્રમ છે. તથા આવો ક્રમ હોવાથી "इवर्णादिः अस्वे स्वरे यवरलम्" (૧/૨/૨૧) વગેરે સૂત્રોની જેમ "अध्यर्धः कसमासे" એ પ્રમાણે સૂત્ર પ્રાપ્ત થાય છે, તો પણ લાઘવ પ્રયોજનથી "कसमासे ऽध्यर्धः" એવો નિર્દેશ કરવામાં આવ્યો છે તેમ કરવાથી એક માત્રાનું લાઘવ થયું છે.

કેટલાક લોકોને એવો આગ્રહ હોય છે કે નિમિત્તિ સ્વરૂપ પદ નિયમથી પૂર્વમાં જ આવવું જોઈએ. લોકોના આવા ભ્રમાત્મક સંસ્કારનું ઉન્મૂલન કરવા માટે આચાર્ય ભગવંતે એવો નિર્દેશ કર્યો છે. આમ તો મોટાભાગના પ્રયોગો નિમિત્તિપદ પૂર્વમાં આવે એ પ્રમાણે જ પ્રાપ્ત થાય છે, તો પણ કોઈક સ્થાનમાં નિમિત્તને પહેલા લખીને નિમિત્તિ પદ પછી લખવામાં આવે તો એવા પ્રયોગો પણ અસાધુ પ્રયોગો થતાં નથી, એવા તાત્પર્યના અનુસંધાનમાં વ્યુત્ક્રમથી આ સૂત્ર બનાવવામાં આવ્યું છે. આમ છતાં પણ સૂત્રનો અર્થ કરવો હોય તો નિમિત્તિ પ્રથમ લખાશે, પછી નિમિત્ત લખાશે, ત્યારબાદ કાર્ય લખાશે અને આ પ્રમાણે વ્યવસ્થિત બોધ થઈ શકશે. આથી

જ બૃહદ્વૃત્તિટીકામાં લખ્યું છે કે, "अध्यर्ध" શબ્દ, "क" પ્રત્યય અને સમાસના વિષયમાં સંખ્યા જેવો થાય છે.

હવે "अध्यर्ध" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : વૃદ્ધિ અર્થવાળો "ऋध्" ધાતુ ચોથા ગણનો તેમજ પાંચમા ગણનો છે. તે "ऋध्" ધાતુથી "घञ्" પ્રત્યય થતાં "अर्धः" શબ્દ પ્રાપ્ત થાય છે તથા "अर्धेन अधिकः" એ પ્રમાણે "प्रात्यवपरिनिरादयः..." (૩/૧/૪૭) સૂત્રથી સમાસ થતાં अध्यर्धः શબ્દ પ્રાપ્ત થાય છે અથવા તો "अधिकम् अर्धम् यस्य सः" એ પ્રમાણે "एकार्थं चानेकं च" (૩/૧/૨૨) સૂત્રથી બહુવ્રીહિ સમાસ થતાં પણ अध्यर्धः શબ્દ પ્રાપ્ત થાય છે.

"कः च समासः च अनयोः समाहारः" એ પ્રમાણે "कसमासम्" સ્વરૂપ સમાહારદ્વન્દ્વસમાસ થયો છે. અહીં कसमासे પ્રયોગને બદલે के समासे એ પ્રમાણે સમાસ વગર નિર્દેશ કરાયો હોત અથવા તો कसमासयोः એ પ્રમાણે ઇતરેતર દ્વન્દ્વ સમાસવડે નિર્દેશ કરાયો હોત તો પણ ગ્રંથકારને ઇષ્ટ એવા અર્થની પ્રાપ્તિ થઈ જ જાત; પરંતુ એ પ્રમાણે થતાં ગૌરવ થાત. આથી લાઘવ પ્રયોજનથી સમાહાર દ્વન્દ્વસમાસવડે નિર્દેશ કરાયો છે તથા અલ્પસ્વરપણાંથી क શબ્દનો પૂર્વમાં નિપાત થયો છે.

**(श०न्यासानु०)** सङ्ख्यातिदेशविधानफलाधानभूतो न कोऽपीतरः कप्रत्ययादित्याह-**कप्रत्यय** इति **समास** इति-समस्यन्ते संक्षिप्यन्ते विवक्षितार्थबोधनक्षमसविभक्त्यादिपदानि विवक्षितार्थं बोधयन्त्येव सन्ति अदृश्यविभक्त्यादिकतया अल्पाल्पकलेवराणि विधाप्यन्ते घटकतया यस्मिन् स समासः, समसनं पदयोः पदानां वा एकीकरणं वा समासः, अभिधानाऽऽश्रितलोपाभाववदन्य-मध्यवर्तिविभक्तिशून्यनामसमुदायो वा समासस्तत्र तथा । विहिते कप्रत्यये समासे वा अतिदेशो न सार्थकः, ततोऽपि कप्रत्ययसमासयोः सिद्ध्यर्थं सार्थकत्ववर्णने तु पूर्वं स कप्रत्ययः समासश्च दुर्लभो यावुद्दिश्य पुनः कसमासौ भवेताम् इति प्रागेवावश्यकताऽतिदेशस्येत्याह-**विधातव्ये** इति-*अग्रिमक्षणे लप्स्यमानस्वरूप इत्यर्थः, अयं भावः-किमपि विधानं प्रयोक्तुः कृतिविषयतामुप*-गमिष्यत् प्राक् तदीयेच्छामुखं पश्यति, यद्यनुगृहीतमिच्छया तदा कृत्या पश्चादनुगृह्यत इति तदानीं चिकीर्षितत्वं लभ्यते, स्वरूपं पश्चाल्लभ्यत एवेति ।

**અનુવાદ :-** "अध्यर्धः" શબ્દમાં સંખ્યાના અતિદેશના વિધાન સ્વરૂપ ફળને લાવનાર "क" પ્રત્યય સિવાય બીજો કોઈ પ્રત્યય નથી તથા સમાસ સિવાય બીજું કોઈ નિમિત્ત નથી, એવું જણાવવા માટે બૃહદ્વૃત્તિટીકામાં "क प्रत्यये समासे च" એ પ્રમાણેની પંક્તિઓ લખી છે.

હવે સમાસનો અર્થ જણાવવામાં આવે છે :

જેમાં સંક્ષેપ કરાય છે, તેને સમાસ કહેવાય છે. વિવક્ષિત અર્થને જણાવવા માટે સમર્થ એવા

વિભક્તિ સહિતના પદો જેમાં સંક્ષેપ કરાય છે એ સમાસ કહેવાય છે તથા આ પ્રમાણેનો સમાસ વિવક્ષિત અર્થને જણાવે જ છે, તેમજ સમાસ થયા પછી અદશ્ય વિભક્તિ વગેરેપણાંથી અલ્પ સ્વરૂપવાળા પદો તેમાં અવયવ તરીકે રહેલા જ હોય છે તથા આવા સંક્ષેપને જ સમાસ કહેવામાં આવે છે. જેમાં બે પદોને અથવા તો ઘણાં પદોને એક કરવા સ્વરૂપ સંક્ષેપ કરવામાં આવે છે, તેને સમાસ કહેવામાં આવે છે. અદશ્ય એવી વિભક્તિ વગેરેવાળાપણાંથી નાના-નાના સ્વરૂપવાળા શબ્દો અવયવ તરીકે જેમાં કરાય છે, તે સમાસ છે અથવા બે પદો અથવા તો ઘણાં બધા પદોને એક કરવા સ્વરૂપ (અભેદ કરવા સ્વરૂપ) સંક્ષેપ કરવો તે સમાસ કહેવાય છે અથવા તો નામને આશ્રિત એવી વિભક્તિના લોપના અભાવવાળા બીજા મધ્યમાં રહેલા વિભક્તિ શૂન્ય નામોનો સમુદાય સમાસ કહેવાશે. જે નામો સમાસ પામે છે, તેની વિભક્તિનો લોપ થતો નથી તેમજ કેટલાંક નામોમાં લોપ થાય છે એવા નામોનો સમુદાય સમાસ કહેવાય છે..

क પ્રત્યય તથા સમાસ હોતે છતે अध्यर्ध નામને સંખ્યા જેવું બનાવવા માટે જે અતિદેશસૂત્ર બનાવ્યું છે, તે સાર્થક નથી. "अध्यर्ध" શબ્દ સંખ્યા જેવો બનશે તો "क" પ્રત્યયની પ્રાપ્તિ થઈ શકશે. આથી क પ્રત્યયના અભાવમાં સંખ્યા જેવો થતો જ નથી, તો કેવી રીતે કહી શકાશે કે "क" પ્રત્યય હોતે છતે અને સમાસ હોતે છતે अध्यर्ध શબ્દ સંખ્યા જેવો થાય છે ? આથી જ અતિદેશસૂત્ર સાર્થક થતું નથી. માટે સૌ પ્રથમ अध्यर्ध શબ્દ સંખ્યા જેવો થવો જોઈએ, તો જ क પ્રત્યયનું નિમિત્ત સુલભ થઈ શકશે. આ મુશ્કેલીને નજરમાં રાખીને જ આચાર્ય ભગવંતે બૃહદ્‌વૃત્તિ ટીકામાં "विधातव्ये" પદ લખ્યું છે. જેનો અર્થ આ પ્રમાણે છે : આગળની ક્ષણે પ્રાપ્ત થનાર એવો क પ્રત્યય અને સમાસ હોતે છતે अध्यर्ध શબ્દ સંખ્યા જેવો થાય છે. આનો ભાવ આ પ્રમાણે છે : જો क પ્રત્યય પ્રાપ્ત થવાની સંભાવના થશે તો अध्यर्ध શબ્દ સંખ્યા જેવો થશે. પ્રયોગ કરનારને ભવિષ્યમાં જે વિધાન કરવું છે અર્થાત્ પોતાના પ્રયંત્નનો વિષય ભવિષ્યનું કોઈક વિધાન બને; તો સૌપ્રથમ તે વિધાનની ઇચ્છાનો બોધ કરશે અને ઇચ્છાથી જે ગ્રહણ કરાશે તે પાછળથી કૃતિવડે ગ્રહણ કરાશે અને તે સમયે કરવાને ઇચ્છાયેલની પ્રાપ્તિ થશે. પાછળથી તે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરશે જ. અહીં આનું ઉદાહરણ સમજાવે છે : પ્રયોગ કરનારને अध्यर्ध શબ્દમાં સંખ્યાનો અતિદેશ કરવો છે. આથી પ્રયોગ કરનારના પ્રયત્નનો વિષય "अध्यर्ध" શબ્દમાં સંખ્યાનું આરોપણ કરવું તે છે. આથી પહેલાં તે "अध्यर्ध" શબ્દને સંખ્યા સ્વરૂપે ઇચ્છે છે. વળી, ઇચ્છા તરીકે જે ગ્રહણ કરાયું છે, તે પ્રયત્નથી પાછળથી ગ્રહણ કરાય છે અને તે સમયે કરવાને ઇચ્છાયેલની પ્રાપ્તિ થાય છે, જે પાછળથી "अध्यर्ध"શબ્દમાં સંખ્યા સ્વરૂપની પ્રાપ્તિ કરાવે જ છે. આ ઘટનાને સાંસારિક ઉદાહરણ દ્વારા સમજીએ : કોઈક યુવક કોઈક કન્યાને જોયા પછી પોતાની પત્ની તરીકે માની લે છે. પાછળથી કાયદેસર (લગ્નવિધિ કરવા દ્વારા) પત્ની તરીકે સ્વીકારે છે. અહીં પહેલાં જ પત્નીના નિમિત્તે તેમાં પતિપણું પ્રાપ્ત થઈ જ જાય છે, પરંતુ

પાછળથી સમાજની અપેક્ષાએ તે યુવકમાં પતિત્વધર્મની પ્રાપ્તિ થાય છે. આથી અહીં પણ સૌ પ્રથમ અધ્યર્ધ શબ્દમાં સંખ્યા જેવું કાર્ય માની क પ્રત્યય કરવામાં આવે છે તથા પાછળથી અધ્યર્ધ શબ્દમાં વ્યાકરણની અપેક્ષાએ સંખ્યાપણું પ્રસિદ્ધ થાય છે.

**(श०न्यासानु०) अध्यर्धेन** अर्धसहितैकेन । **क्रीतं** द्रव्यान्तरदानपूर्वकोत्पत्तिकस्वीयताकं कृतम्। **अध्यर्धकमि**ति-अत्र सङ्ख्यातिदेशात् कप्रत्ययः सिद्ध इत्याह-"**सङ्ख्याडतेश्चा०**" [६.४.१३०.] इत्यादि। समासे विधातव्ये सङ्ख्यातिदेशप्रयोजनमाह-**अध्यर्धेन शूर्पेणेत्यादि**-"शृश् हिंसायाम्" अतः "कृ-शृ-सृभ्य ऊर् चान्तस्य" [उणा० २९८.] इति पे ऊरादेशे च शूर्पः, तेन तथा, धान्यादिनिष्पवनभाण्डेने-त्यर्थः । **अध्यर्धशूर्पमि**ति-अत्र अध्यर्धशब्दस्य सङ्ख्याशब्दत्वात् क्रीतार्थे विधीयमानस्य इकणो विषये "सङ्ख्या समाहारे च द्विगुश्चानाम्न्ययम्" [३.१.९९.] इति **द्विगुसमासः** । **अत्रे**ति-अध्यर्धशूर्पमिति प्रयोगे । **सङ्ख्यापूर्वत्वेने**ति-सङ्ख्यावाचकपूर्वपदघटितत्वेन, अध्यर्धरूपपूर्वपदस्य सङ्ख्यावाचकत्वेने-त्यर्थः । **द्विगुत्वे** 'अध्यर्धशूर्प' इत्यस्य द्विगुसमासत्वे सति । **क्रीतार्थस्येकण** इति-क्रीतार्थे विहितस्य इकण्प्रत्ययस्य, द्विगोरार्हदर्थे जातत्वात् "अनाम्न्यद्विः प्लुप्" [६.४.१४१.] इति लुप् भवतीत्यर्थः । **धादिप्रत्ययविधावि**ति-"संङ्ख्याया धा" [७.२.१०४.] इति धाविधिः, आदिपदाद् "वारे कृत्वस्" [७.२.१०९.] इति कृत्वस्-प्रभृतिविधिः, तत्र न भवतीत्यर्थः ।

**અનુવાદ :-** "अध्यर्ध" પંક્તિનો અર્થ કરવામાં આવે છે : "अध्यर्धेन" એટલે અર્ધ સહિત એકવડે. "क्रीतम्" શબ્દનો અર્થ બતાવે છે : અન્ય દ્રવ્યનું દાન આપવા પૂર્વક ઉત્પન્ન થયેલું એવું પોતાનું માલિકીપણું કરવું તે "क्रीतम्" શબ્દનો અર્થ છે. "अध्यर्धकम् इति..." અહીં "अध्यर्ध" શબ્દમાં સંખ્યાનો અતિદેશ થવાથી "सङ्ख्याडतेश्चा..." (૬/૪/૧૩૦) સૂત્રથી क પ્રત્યય સિદ્ધ થયો.

સમાસ પ્રાપ્ત થયે છતે અધ્યર્ધ શબ્દ સંખ્યા જેવો થાય છે. એને ઉદાહરણ દ્વારા બતાવે છે : સૌ પ્રથમ "शूर्प" શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે : હિંસા અર્થવાળો शृश् ધાતુ નવમા ગણનો છે. આ शृ ધાતુથી "कृ-शृ-सृभ्य..." (उणा० ૨૯૮) સૂત્રથી "प" પ્રત્યય થાય છે તથા "ऊर्" આદેશ થતાં शूर्पः શબ્દ પ્રાપ્ત થાય છે. આ "शूर्प" શબ્દનું તૃતીયા એકવચન "शूर्पेण" છે "ધાન્ય વગેરેને ઝાટકવાંના ભાજનથી" એવો शूर्पेण શબ્દનો અર્થ થશે.

अध्यर्ध-शूर्पम् અહીં अध्यर्ध શબ્દ સંખ્યા સ્વરૂપ થવાથી ખરીદવા અર્થમાં વિધાન કરાતાં એવા इकण् પ્રત્યયના વિષયમાં "सङ्ख्या समाहारे च..." (૩/૧/૯૯) સૂત્રથી शूर्प શબ્દ સાથે દ્વિગુ સમાસને પ્રાપ્ત થયો છે.

બૃહદ્વૃત્તિમાં अत्र પદ લખ્યું છે તેનો અર્થ अध्यर्धशूर्पम् પ્રયોગમાં એ પ્રમાણે સમજવો.

"सङ्ख्यापूर्वत्वेन"નો અર્થ જણાવે છે : अध्यर्ध સ્વરૂપ સંખ્યાવાચક પૂર્વપદના અવયવપણાંથી એવો અર્થ "सङ्ख्यापूर्वत्वेन"નો થશે.

"द्विगुत्वे"નો અર્થ જણાવે છે : अध्यर्धशूर्प એ પ્રમાણે દ્વિગુસમાસ હોતે છતે એવો "द्विगुत्वे"નો અર્થ થાય છે.

"क्रीतार्थस्येकण्" એટલે ખરીદવા અર્થમાં વિધાન કરાયેલ इकण् પ્રત્યયનો (આ इकण् પ્રત્યય દ્વિગુસમાસથી, अर्हद् સુધીના અર્થમાં "मूल्यैः क्रीते" (૬/૪/૧૫૦) સૂત્રથી ઉત્પન્ન થયો છે.) "अनाम्न्याद्विः प्लुप्" (૬/૪/૧૪૧) સૂત્રથી લુપ્ થાય છે.

धादिप्रत्ययविधौ સંબંધમાં જણાવે છે : "क" પ્રત્યય અને સમાસ સિવાયનું નિમિત્ત હોય તો "अध्यर्ध" શબ્દ સંખ્યા જેવો થતો નથી. આ સંદર્ભમાં "धा" વગેરે પ્રત્યયની વિધિ આવે ત્યારે "अध्यर्ध" શબ્દ સંખ્યા જેવો થતો નથી એવું જણાવે છે. "सङ्ख्याया धा" (૭/૨/૧૦૪) સૂત્રથી "धा" વિધિ થાય છે તથા आदि પદથી "वारे कृत्वस्" (૭/૨/૧૦૯) સૂત્રથી "कृत्वस्" વગેરે વિધિ થાય છે. આમ धा પ્રત્યય તથા "कृत्वस्" વગેરે પ્રત્યયનું નિમિત્ત ઉપસ્થિત થાય તો "अध्यर्ध" શબ્દ સંખ્યા જેવો થતો નથી.

**( श०न्यासानु० )** ननु यथा एको द्वौ त्रयश्चत्वार इत्यादि गण्यते, गण्यते तथैव एकोऽध्यर्धो द्वावर्धत्रय इत्यादि धारयाऽपि, तथा चातिदेशानपेक्षमेव कप्रत्ययादिकार्यं 'द्विकम्' इत्यादाविव 'अध्यर्धकम्' इत्यत्रापि सेत्स्यतीति सूत्रमिदं व्यर्थम्, यदि सङ्ख्यात्वेऽपि धाकृत्वस्प्रभृतिप्रत्ययानुत्पत्त्यर्थं 'कसमासे' इति निमित्तपदेन नियन्त्रणमावश्यकम्, तावन्मात्रोक्तौ तु पूर्वसूत्रोपात्तौ बहु-गणशब्दौ वा उत्तरसूत्रोपात्तोऽर्धपूर्वपदः पूरणः-अर्धपञ्चमादिशब्दो वा कप्रत्ययसमासयोः कर्तव्ययोरेव सङ्ख्यात्वं लभेयाताम्, न तु धाकृत्वसादौ कर्तव्य इत्यव्याप्तिः स्यात्, तदपाकरणार्थमध्यर्धशब्दघटितं "कसमासेध्यर्धः" इत्याकारकं सूत्रं कर्तव्यमेवेत्युच्येत, तथाऽपि कसमासेतराणि कार्याणि मा प्रसज्येरन्नित्येतन्नियमार्थकत्वमुपास्यताम्, विध्यर्थत्वं तु तावताऽपि दुरुपपादमेवेति चेत्, मैवम्-अर्द्धशब्दो भागद्वयेन विभज्यमानस्य वस्तुनो द्वितीयं सममंशं वाच्यत्वेन निवेदयति, स चांशोऽवयवभूत इत्येकदेशादिशब्दवद् अर्द्धशब्दोऽप्यवयववाच्येव, तस्य अध्यारूढमर्द्धं यस्मिन्नित्यर्थे बहुव्रीहौ समासे अध्यर्द्धशब्दः समद्वितीयांशसहितम्, एकत्व-द्वित्व-त्रित्वादि-विशिष्टमर्थं योगशक्त्यैवाभिधातुं क्षमते न तु रूढ्यपेक्षा, सङ्ख्याकार्येषु सङ्ख्यापदं तु अकृत्रिम-सङ्ख्यां तामेव गृह्णाति यत्र योगार्थो भवेद् वा न भवेद्, रूढ्यर्थोऽवश्यं स्थेयात्, यथा-एक-

द्वि-त्र्यादिरिति, एवं च विध्यर्थत्वमेव सूत्रस्य स्वीकर्तव्यं कप्रत्ययादीष्टसिद्ध्यर्थमिति सुधियो धिया विभावयन्तु ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જે ગણાય છે તે સંખ્યા કહેવાય છે. આમ સંખ્યા સંજ્ઞા અન્વર્થવાળી હોવાથી જેનાવડે ગણતરી કરી શકાય એ બધાને સંખ્યા તરીકે જાહેર કરે છે. આથી જેમ એક, બે, ચાર વગેરે ગણાય છે (ગણતરી કરી શકાય તેવા છે) તે પ્રકારે એક, દોઢ, બે, અઢી વગેરે પણ ક્રમથી ગણી શકાતા હોવાથી अध्यर्ध શબ્દ પણ સંખ્યાવાચક તરીકે एक, द्वि વગેરેની જેમ લોકથી જ સિદ્ધ થઈ જશે. તથા જેમ द्वि શબ્દને સંખ્યા સમજીને ખરીદવા અર્થમાં क પ્રત્યય થતાં "द्विकम्" પ્રયોગની પ્રાપ્તિ થાય છે તે જ પ્રમાણે "अध्यर्धकम्" વગેરે પ્રયોગો પણ અતિદેશસૂત્રની અપેક્ષા વગર સિદ્ધ થઈ શકશે. આથી अध्यर्ध શબ્દને સંખ્યા જેવો બનાવવા માટે વધારાનું અતિદેશસૂત્ર બનાવવું આવશ્યક નથી.

**ઉત્તરપક્ષ :-** જો આ સૂત્ર બનાવવામાં ન આવે અને ગણવાં સ્વરૂપ અર્થથી જ अध्यर्ध શબ્દને સંખ્યા જેવો ગણી લેવામાં આવે તો अध्यर्ध શબ્દ धा, कृत्वस्, क વગેરે તમામ પ્રત્યયો પર છતાં સંખ્યા જેવો બનવાની આપત્તિ આવશે.

આ બધી આપત્તિઓ ન આવે તેને માટે અમે આ સૂત્રમાં નિમિત્તપદવડે નિયંત્રણ કર્યું છે. આમ તો આ સૂત્ર માત્ર "क-समासे" તેટલું જ અમે બનાવ્યું હોત; પરંતુ આવું સૂત્ર બનાવવાથી સ્થાની તરીકે શું લેવું ? એવો પ્રશ્ન ઉભો રહેત. આ આપત્તિ નિવારવા આગળના સૂત્રમાં જે बहु અને गण શબ્દ સ્થાની તરીકે ગ્રહણ કર્યા છે, એની અનુવૃત્તિ નીચે આવત અથવા તો હવે પછીના સૂત્રમાં સ્થાની તરીકે अर्धपूर्वपदः पूरणः ગ્રહણ કરેલ છે, તે જ સ્થાની આ સૂત્રમાં લખી દેવો પડત. હવે આમ સમજવામાં આવત તો बहु અને गण શબ્દમાં धा તથા कृत्वस् વગેરે પ્રત્યય પર છતાં સંખ્યાપણું ન થવાથી અવ્યાપ્તિ નામનો દોષ આવત. આ બધી આપત્તિઓનું નિવારણ કરવા માટે અમે "क-समासेऽध्यर्धः" એવું સૂત્ર બનાવ્યું છે.

**પૂર્વપક્ષ :-** આ પ્રમાણે આ બધું કર્યા પછી પણ "अध्यर्ध" શબ્દ "क" પ્રત્યય અને સમાસથી ઇતર કાર્યોમાં સંખ્યા જેવો નહીં થાય એવો નિયમ થશે. આથી આ સૂત્ર નિયમસૂત્ર બનશે. આમ આ સૂત્રનું વિધિપણું તો અત્યંત મુશ્કેલ બની જશે.

**ઉત્તરપક્ષ :-** આપના કહેવા પ્રમાણે લોકરૂઢિથી એક, બે, ત્રણ વગેરેની જેમ "अध्यर्ध" શબ્દમાં પણ સંખ્યાવાચકપણાંની પ્રાપ્તિ થઈ જ જાય છે. અન્વર્થસંજ્ઞાનો આશ્રય કરવાથી જે પ્રમાણે એક વગેરે ગણતરી કરવાના સાધન તરીકે છે તે જ પ્રમાણે "अध्यर्ध" શબ્દ પણ ગણતરી કરવાના સાધન સ્વરૂપ હોવાથી સંખ્યાવાચક તરીકે પ્રાપ્ત થઈ જ જાય છે; તેમ છતાં "क-समासेऽध्यर्धः"

એ પ્રમાણે પૃથક્ સૂત્ર બનાવ્યું. આથી આ સૂત્ર નિયમસૂત્ર બને છે; પરંતુ આપની આ વાત બરાબર નથી.

"अर्ध" શબ્દનું વાચ્ય શું ? એ સૌ પ્રથમ નક્કી કરવું પડશે. કોઈપણ વસ્તુનું વિભાજન કરવામાં આવે (બે-ભાગમાં) ત્યારે બીજો એવો જે સમાન અંશ છે, એ પદાર્થ જ अर्ध શબ્દનો વાચ્ય છે અને તે અંશ એકદેશ વગેરે શબ્દની જેમ અવયવ સ્વરૂપ છે. આ પ્રમાણે अर्ध શબ્દ અવયવવાચી છે. હવે "अध्यारूढम् अर्धम् यस्मिन् सः" એ પ્રમાણે બહુવ્રીહિ સમાસનો વિગ્રહ થતાં અન્ય પદાર્થ સ્વરૂપે अध्यर्ध શબ્દ પ્રાપ્ત થશે. 'સમાન એવા બીજા અંશ સાથે' એવો अध्यर्ध શબ્દનો અર્થ થશે તથા આ अध्यर्ध શબ્દ एकत्व, द्वित्व, त्रित्व વગેરેથી વિશિષ્ટ એવા અર્થને યોગશક્તિથી કહેવા માટે સમર્થ થશે. આમ, અડધા સહિત એક, અડધા સહિત બે વગેરે અર્થોની પ્રાપ્તિ યોગશક્તિથી જ થશે, પરંતુ રૂઢિશક્તિથી એવા અર્થોની પ્રાપ્તિ થઈ શકશે નહીં.

હવે સંખ્યા સંબંધી કાર્યો કરવા માટે જે જે સૂત્રો બનાવવામાં આવ્યા છે, તે તે સૂત્રોમાં સંખ્યાપદ લખવામાં આવ્યું છે. આ સંખ્યાપદ અકૃત્રિમ એવી જે સંખ્યા છે તેને જ ગ્રહણ કરે છે .એ સંખ્યામાં યોગાર્થ હોઈ શકે અથવા તો ન પણ હોઈ શકે, પરંતુ રૂઢિઅર્થ તો અવશ્ય હશે જ. દા.ત. "पङ्के जायते इति पङ्कजम्" આ પંકજ શબ્દનો રૂઢિથી કમળ અર્થ થાય છે; તેમ છતાં પણ એમાં યોગાર્થ સમાવેશ પામી જાય છે, પરંતુ અમે એને રૂઢિઅર્થવાળો માનીએ છીએ તે જ પ્રમાણે સંખ્યા શબ્દ પણ અમે રૂઢિ-અર્થવાળો માનીએ છીએ. આમ સંખ્યા પદથી રૂઢિઅર્થવાળા એક, બે વગેરેને ગ્રહણ કરી શકાશે; પરંતુ યોગ અર્થવાળા अध्यर्ध શબ્દને ગ્રહણ કરી શકાશે નહીં. આથી અહીં अध्यर्ध શબ્દ યોગાર્થવાળો હોવાથી સંખ્યાસ્વરૂપે માનવા આ સૂત્રનું વિધિ-અર્થવાળાપણું સ્વીકારવા યોગ્ય છે, જેથી "क" પ્રત્યય વગેરેની ઇષ્ટ એવી પ્રાપ્તિ થઈ શકે. વિદ્વાન પુરુષોએ પ્રજ્ઞાથી આ ભાવન કરવા યોગ્ય છે.

**(श०न्यासानु०)** केषाञ्चिदन्येषामभिनिवेशस्तु 'अध्यर्धशब्दोऽपि सङ्ख्याविशेषविशिष्टार्थ-निरूपितरूढ्या योगेन चाऽऽश्लिष्ट एकादिरिव; आहोस्वित् प्रदेशेषु सङ्ख्यापदं रूढिनैय-त्येनार्थाभिधायिनी-मेवाकृत्रिमसङ्ख्यां गृह्णातीति मतं नाद्रियते, तथा सति अध्यर्धशब्दे सङ्ख्या-संज्ञामन्तरेणैव सङ्ख्याकार्यं भविष्यतीति सूत्रं नावश्यकम् इति, तेषां मतेऽपि नियमार्थतया सूत्रस्या-वश्यकत्वमस्त्येव, तथाहि-प्रदेशीयसङ्ख्यापदेनाध्यर्धपदप्रतिपाद्यार्थाभिधायिनां सार्द्धार्धसहित-प्रभृतिपदानामपि ग्रहणेन तेभ्यः कप्रत्ययादिर्मा भूत् तदर्थं सङ्ख्येयांशवाचकस्य यदि सङ्ख्याकार्यं तर्हि अध्यर्धशब्दस्यैवेति व्यर्थेन प्रकृतसूत्रेण नियम्यते । स चायं नियमोऽध्यर्द्धशब्दः सङ्ख्यासंज्ञो भवतीत्यर्थकेन 'अध्यर्द्धः' इतीयन्मात्रेणापि कर्तुं शक्यः, क-समासग्रहणेन तु द्वितीयो नियमो

वाक्यभेदेनाश्रीयते, तथाहि-'अध्यर्द्धः' इत्येको योगः प्रथमः, अध्यर्द्धशब्दः सङ्ख्यासंज्ञो भवतीत्यर्थकः । ततः "क-समासे" इति द्वितीयो योगः, तत्राध्यर्धशब्दोऽनुवर्तते, कप्रत्यये समासे च विधेये अध्यर्द्धशब्दः सङ्ख्यासंज्ञो भवतीति वाक्यार्थः । सैषा सङ्ख्यासंज्ञा द्वितीययोगमन्तरेणापि कप्रत्यय-समासयोः प्रथमेनैव सिद्धा अलं वाक्यभेदेनेति तेन पुनर्नियम्यते-अध्यर्धशब्दस्य सङ्ख्यासंज्ञा चेत् क-समासयोरेवेति, तेन धा-कृत्वसादयो न भवन्तीति । परन्तु मतेऽस्मिन् त्रयो भागा यस्येति त्रिभागः, चत्वारो भागा यस्येति चतुर्भाग इत्येवं क्रमेण त्रिभाग-चतुर्भागादिशब्दानां सङ्ख्यावाचित्वमापद्यत इति विभावनीयम् ॥४१॥

**અનુવાદ :-** કેટલાંક અન્યમતોનો આગ્રહ આ પ્રમાણે છે : अध्यर्ध શબ્દ પણ સંખ્યાવિશેષથી વિશિષ્ટ અર્થવડે ઓળખાયેલી રૂઢિથી અને યોગથી સંબંધિત એવા એક વગેરે જેવો જ છે.

અથવા તો સંખ્યા સંબંધી કાર્યોના તે તે સૂત્રોમાં सङ्ख्या પદ વડે રૂઢિથી નિયત એવા અર્થને કહેનારી અકૃત્રિમ સંખ્યાને ગ્રહણ કરાય છે એવા મતનો આદર કરાતો નથી અર્થાત્ सङ्ख्या પદથી રૂઢિઅર્થવાળી સંખ્યા પણ લઈ શકાશે તથા યોગાર્થવાળી સંખ્યા પણ લઈ શકાશે. આ પ્રમાણે सङ्ख्या પદથી જો બંને સંખ્યા લઈ શકાતી હોય તો "अध्यर्ध" શબ્દની सङ्ख्या સંજ્ઞા પાડ્યા વિના પણ સંખ્યા શબ્દ તરીકે પ્રસિદ્ધિ થઈ જશે. આમ થવાથી સંખ્યા સંબંધી કોઈપણ કાર્ય अध्यर्ध શબ્દને પણ સંજ્ઞાસૂત્ર વગર જ પ્રાપ્ત થઈ શકશે. તેથી સંજ્ઞાસૂત્ર માટે આ સૂત્ર આવશ્યક નથી. આ લોકોના મતમાં પણ નિયમાર્થપણાંથી સૂત્રની આવશ્યકતા છે જ. તે આ પ્રમાણે : સંખ્યા સંબંધી કાર્યોના તે તે સૂત્રોમાં સંખ્યા પદથી "अध्यर्ध" પદવડે પ્રતિપાદન કરવા યોગ્ય અર્થવાળા सार्ध વગેરે શબ્દોનું ગ્રહણ ન થાય અને તેઓને क પ્રત્યય વગેરે ન થાય તે માટે अध्यर्ध જ સંખ્યા જેવો સમજવા માટે પૃથક્ સૂત્ર આવશ્યક થશે. આથી જો સંખ્યા કાર્ય થશે તો अर्ध શબ્દવાળા अध्यर्ध શબ્દમાં જ થશે; પરંતુ अर्ध શબ્દવાળા सार्ध વગેરે શબ્દોમાં સંખ્યા કાર્ય નહીં થાય એવો નિયમ બનાવાશે. હવે આ નિયમ अध्यर्ध શબ્દ સંખ્યા સંજ્ઞાવાળો થાય છે એવા અર્થવાળા "अध्यर्धः" આટલા જ સૂત્ર માત્રથી કરી શકાય છે. ત્યાર પછી क-समासे એ પ્રમાણે બીજું સૂત્ર બનાવવું જોઈએ. જેમાં अध्यर्ध શબ્દની અનુવૃત્તિ આવશે તથા તે જ પ્રમાણે કરવા દ્વારા क પ્રત્યય અને સમાસનું વિધાન હોતે છતે अध्यर्ध શબ્દ સંખ્યા સંજ્ઞાવાળો થાય છે, એવો વાક્યાર્થ પ્રાપ્ત થઈ શકશે. આ પ્રમાણે અમે (શ્રી હેમચન્દ્રાચાર્યજી) કહીએ છીએ કે અન્ય લોકોને પણ નિયમ કરવા માટે ભિન્ન સૂત્રની આવશ્યકતા તો છે જ.

આ अध्यर्ध શબ્દની સંખ્યા સંજ્ઞા બે સૂત્રને બદલે એક સૂત્ર બનાવવાથી પણ સિદ્ધ થઈ શકશે,

જે એક સૂત્ર અમે બનાવેલ જ છે. વળી એક સૂત્ર બનાવીને પણ અન્યો વડે નિયમ કરાશે કે अध्यर्ध શબ્દ જો સંખ્યા સંજ્ઞાવાળો થશે તો क અને समासના વિષયમાં જ થશે; પરંતુ धा અને कृत्वस् વગેરે પ્રત્યયોના વિષયમાં નહીં જ થાય.

પરંતુ આ અન્યોના મતમાં ભલે બધા જ પ્રયોગોની પ્રાપ્તિ અમારા વ્યાકરણ પ્રમાણે જેવી થાય છે, તેવી જ થશે છતાં પણ આપ सङ्ख्या સંજ્ઞા સંબંધી જે સૂત્ર બનાવશો તેમાં સંખ્યા વિશેષથી વિશિષ્ટ અર્થવાળી સંખ્યાને પણ આપ સંખ્યા જ કહેશો. આ અવસ્થામાં त्रयो भागा यस्य स તથા चत्वारो भागा यस्य स એ પ્રમાણે त्रिभाग, चतुर्भाग વગેરે શબ્દોને પણ સંખ્યાવાચક માનવાની આપત્તિ આવશે. લોક વ્યવહારમાં તો त्रिभाग, चतुर्भाग વગેરેમાં સંખ્યા તરીકેનો વ્યવહાર થતો નથી. માટે અન્યના મત સંબંધમાં શિષ્ટ પુરુષોએ આ પણ વિચારવા યોગ્ય છે.

-: ન્યાસસારસમુદ્ધાર :-

**कसमास** इत्यादि–(एतदुपरि न व्याख्यातम्) ॥४१॥

-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-

આ સૂત્ર ઉપર કોઈ વ્યાખ્યા પ્રાપ્ત થતી નથી.

॥ एकचत्वारिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥

❋ ❋ ❋

## सूत्रम् – अर्धपूर्वपदः पूरणः । १ । १ । ४२ ॥

-: તત્ત્વપ્રકાશિકા :-

**समासावयवभूते पदे पूर्वपदमुत्तरपदं चेति प्रसिद्धिः, अर्धपूर्वपदः पूरण-प्रत्ययान्तः शब्दः कप्रत्यये समासे च विधातव्ये सङ्ख्यावद् भवति । अर्धपञ्चमकं अर्धपञ्चमशूर्पम् ॥४२॥**

इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान–
स्वोपज्ञशब्दानुशासनवृत्तौ प्रथमस्याध्यायस्य
॥ प्रथमः पादः समाप्तः ॥

-: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

સમાસના અવયવભૂત એવા પદનાં વિષયમાં પૂર્વપદ અને ઉત્તરપદ એ પ્રમાણેની પ્રસિદ્ધિ છે. આથી સંપૂર્ણ અર્થ આ પ્રમાણે થશે : अर्ध શબ્દ પૂર્વપદમાં હશે અને પૂરણપ્રત્યયાન્ત શબ્દ ઉત્તરપદમાં હશે તો क પ્રત્યય અને સમાસનું વિધાન હોતે છતે સંખ્યા જેવો થશે. અડધા એવા પાંચમાવડે ખરીદેલ. અહીં अर्धपञ्चम સંખ્યા જેવું થવાથી (૬/૪/૧૩૦) સૂત્રથી ખરીદવા અર્થમાં क પ્રત્યય થતાં अर्धपञ्चमकम् પ્રયોગ પ્રાપ્ત થશે. 'અડધા એવા પાંચમા સૂપડાંવડે ખરીદેલું' એ પ્રમાણે સમાસના વિષયમાં ((૩/૧/૯૯) સૂત્રથી દ્વિગુસમાસના વિષયમાં) अर्धपञ्चमशूर्पम् પ્રયોગ પ્રાપ્ત થશે.

એ પ્રમાણે આચાર્ય શ્રી હેમચન્દ્રવડે રચાયેલ સિદ્ધહેમચન્દ્રનામની સ્વોપજ્ઞશબ્દાનુશાસન-વૃત્તિમાં પ્રથમ અધ્યાયનું પ્રથમ પાદ સમાપ્ત થયું.

-: શબ્દમહાર્ણવન્યાસનું અનુસંધાન :-

**अर्द्धपूर्वे**त्यादि–अत्र "अर्द्धात् पूरणः" इति न्यासस्याऽऽश्रयणे "पञ्चम्या निर्दिष्टे परस्य" [७.४.१०४.] इति परिभाषयाऽर्द्धशब्दाव्यवहितोत्तरः पूरणप्रत्ययान्तःसङ्ख्यावद् भवतीत्यर्थलाभेऽर्द्धं पञ्चमं यत्र तदर्द्धपञ्चमं तेनार्द्धपञ्चमेन क्रीतमित्यर्थे समस्तार्द्धपञ्चमशब्द-घटकपञ्चमशब्दस्य सङ्ख्यावत्त्वेन कप्रत्यय-समासयोः सिद्ध्याऽव्याप्त्यभावेऽपि अर्द्धेन पञ्चमेन क्रीतमित्यर्थे समासानवयवस्यापि पञ्चमादिशब्दस्य सङ्ख्यावत्त्वेन समासस्य ततः कप्रत्ययस्य चापत्तिः स्यादिति तादृशो न्यास उपेक्षितः ।

-: શબ્દમહાર્ણવન્યાસનું અનુસંધાનનો અનુવાદ :-

**પૂર્વપક્ષ** :- अर्धात् पूरणः આ પ્રમાણે સૂત્રનો આશ્રય કરવામાં આવ્યો હોત તો પણ ઈષ્ટ પ્રયોગની સિદ્ધિ થઈ જ જાત. તે આ પ્રમાણે થાત : "पञ्चम्या निर्दिष्टे परस्य" (૭/૪/૧૦૪) પરિભાષાસૂત્ર એવું કહે છે કે પંચમી વિભક્તિથી નિર્દેશ કરાયે છતે જે કાર્ય કહેવામાં આવ્યું હોય તે પર એવી અવધિ સંબંધી થશે. આથી अर्ध શબ્દથી પર તરત જ પૂરણપ્રત્યાન્તવાળું નામ સંખ્યા જેવું થાય છે એ પ્રમાણે અર્થની પ્રાપ્તિ अर्धात् पूरणः સૂત્ર દ્વારા પણ થઈ જ જાત તથા अर्धम् पञ्चमम् यत्र तद् अर्धपञ्चमम् એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થશે તથા अर्धपञ्चमेन क्रीतम् એ અર્થમાં (ખરીદવા અર્થમાં) સમાસ પામેલા એવા अर्धपञ्चम શબ્દના અવયવ पञ्चम શબ્દનું સંખ્યાવાળાપણું થવાથી क પ્રત્યય અને સમાસની સિદ્ધિ થઈ જ જાત. માટે अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવત તો પણ કોઈ આપત્તિ ન હતી.

**ઉત્તરપક્ષ** :- જો अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવે તો अर्धेन पञ्चमेन क्रीतम् એવો અર્થ

હોતે છતે સમાસના અનવયવભૂત એવા पञ्चम વગેરે શબ્દ સંબંધી પણ સંખ્યાવાળાપણું થશે અને એવા पञ्चम શબ્દથી પણ क પ્રત્યય અને સમાસની આપત્તિ આવશે. તેથી "अर्धात् पूरणः" સૂત્રની ઉપેક્ષા કરાઈ છે.

**(श०न्यासानु०)** वस्तुतस्तु अर्द्धपञ्चमेति समासेऽपीदानीं पञ्चमशब्दमात्रस्यैव सङ्ख्यावत्त्वं स्यादिति क्रीतार्थकस्य कप्रत्ययस्यार्द्धपञ्चमशब्दादनुत्पत्तिरपि दोषः, तथाहि–स्वभाव एष तद्धितस्य यत् स स्वार्थान्वयितावच्छेदकधर्मावच्छिन्नवाचकतापर्याप्त्यधिकरणादेव समुत्पद्यते, इतरथा राजपुरुषस्यापत्यमित्यर्थेऽपत्यार्थकप्रत्ययः स्वार्थान्वयितावच्छेदकीभूतराजपुरुषत्वावच्छिन्न-वाचकतापर्याप्त्यधिकरणराजपुरुषशब्दघटकात् पुरुषशब्दादपि समुत्पद्य तदीयाद्यस्वरं वृद्ध्या समुपमर्द्य 'राजपौरुषिः' इत्यनिष्टमापादयेत् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** જો તમે अर्धात् पूरणः સૂત્ર બનાવશો તથા अर्ध શબ્દનો पञ्चम શબ્દ સાથે સમાસ કરીને अर्धपञ्चम એ પ્રમાણે સામાસિક શબ્દ કરશો તો પણ સંખ્યાવાળાપણું તો માત્ર पञ्चम શબ્દનું જ થશે. કારણ કે તમે સૂત્ર अर्धात् पूरणः બનાવવા માંગો છો. આથી ખરીદવું અર્થવાળો क પ્રત્યય पञ्चम શબ્દથી જ થશે; પરંતુ अर्धपञ्चम શબ્દથી નહીં થાય. તદ્ધિતનો એવો સ્વભાવ જ છે કે, અર્થવાન્‌ની વાચકતા જે શબ્દમાં રહી હોય તે અધિકરણથી જ ઉત્પન્ન થાય છે. દા.ત. पञ्चम શબ્દ સંખ્યા જેવો થાય છે તો સંખ્યાવાન અર્થની વાચકતા पञ्चम શબ્દમાં જ રહે છે. આથી તદ્ધિતનો ખરીદવા અર્થવાળો क પ્રત્યય पञ्चम શબ્દથી જ થશે; પરંતુ अर्धपञ्चम શબ્દથી નહિ થાય. જો તદ્ધિતનો પ્રત્યય અર્થવાનની વાચકતા જેમાં રહી હોય એવા સંપૂર્ણ શબ્દથી નહીં માનો તો राजपुरुष શબ્દને અપત્ય અર્થમાં "इञ्" પ્રત્યય લાગે છે તે इञ् પ્રત્યય राजपुरुष શબ્દના અવયવ સ્વરૂપ पुरुष શબ્દથી પણ થવાની આપત્તિ આવશે અને पुरुष શબ્દના આદિ સ્વરની વૃદ્ધિ થતાં राजपौरुषिः એ પ્રમાણે અનિષ્ટરૂપની પ્રાપ્તિ થશે.

**(श०न्यासानु०)** न च राजपुरुषस्यापत्यमित्यर्थेऽपत्यार्थकतद्धितप्रत्ययस्य 'राजन् ङस् पुरुष सि' इत्यवस्थायां समासेन निष्पन्नस्य राजपुरुषशब्दस्य घटकात् पुरुषशब्दादापत्तिर्दीयमाना न सङ्गच्छते, षष्ठ्यन्तादेव प्रत्ययस्योत्पत्तेः, राजपुरुषशब्दादुत्पन्नया षष्ठ्या तु राजपुरुषेति समुदायस्य षष्ठ्यन्तत्वं न तु पुरुषशब्दमात्रस्य, पुरुषशब्दस्य तु समासावस्थायां लब्धस्थितिकां विभक्तिं *प्रत्ययलोपे प्रत्ययलक्षणं कार्यं विज्ञायते* इति न्यायबलेनाऽऽदाय प्रथमान्तत्वव्यवहारः शक्यते कर्त्तुम्, स च प्रकृतेऽपत्यार्थकतद्धितोत्पत्तिवेलायां स्तोकमप्युपयोगाय न कल्पेतेति वाच्यम् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** राजपुरुषનો પુત્ર એવા અર્થમાં અપત્ય અર્થવાળો તદ્ધિતનો પ્રત્યય અવયવ સ્વરૂપ पुरुष શબ્દથી લાગવાની પ્રાપ્તિ આવે છે, એવી આપત્તિ સંગત થતી નથી. ષષ્ઠી

અંતવાળા નામથી જ અપત્ય અર્થવાળા પ્રત્યયની ઉત્પત્તિ થાય છે તથા राजपुरुष શબ્દથી ઉત્પન્ન થયેલી ષષ્ઠી વિભક્તિ એ સમુદાય સ્વરૂપ राजपुरुष શબ્દ સંબંધી છે, પરંતુ માત્ર पुरुष શબ્દ સંબંધી નથી. આથી આપે राजपुरुष શબ્દના અવયવ સ્વરૂપ पुरुष શબ્દને અપત્ય અર્થવાળો इञ् પ્રત્યય લાગે છે, એવી જે આપત્તિ આપી છે, તે બરાબર નથી. पुरुष શબ્દની (અવયવ સ્વરૂપ पुरुष શબ્દની) વિભક્તિ વાક્ય અવસ્થામાં પ્રથમા ગણાશે. પછી સમાસ કરતી વખતે ऐकार्थ्ये (૩/૨/૮) સૂત્રથી લોપ થશે તથા प्रत्यय-लोपेऽपि... ન્યાયથી (પ્રત્યયનો લોપ થયે છતે પણ એવા પ્રત્યયવાળાપણું ગણાશે અને તેમ માનીને કાર્ય થશે.) પ્રથમા જ ગણાશે. આ પ્રથમા વિભક્તિથી પુત્ર અર્થવાળો તદ્ધિતનો પ્રત્યય પ્રાપ્ત થઈ શકતો નથી. આથી સમુદિત એવા राजपुरुष શબ્દથી જ અપત્ય અર્થ સંબંધી તદ્ધિતના પ્રત્યયની પ્રાપ્તિ આવશે. માટે આપે આપેલી આપત્તિ યોગ્ય નથી. તે જ પ્રમાણે अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવશે તો अर्धपञ्चम શબ્દથી ખરીદવા અર્થવાળા क પ્રત્યયની પ્રાપ્તિ થઈ શકશે, જેથી अर्धपञ्चमकम् પ્રયોગની સિદ્ધિ સહેલાઈથી થઈ શકશે. આમ अर्धात् पूरणः સૂત્રથી પણ अर्धपञ्चमकम् પ્રયોગની સિદ્ધિ થઈ શકતી હોય તો अर्धपूर्वपदः पूरणः એ પ્રમાણે સૂત્રનું ગૌરવ કરવાની આવશ્યકતા નથી.

**(श०न्यासानु०)** समासो हि प्रथमाद्वितीयाद्यन्तानां प्रथमान्तेन सह वा परिनिष्ठितविभक्त्यन्तेन सह वा भवतीति सिद्धान्तमनुसृत्य 'राजन् ङस्' इत्यस्य 'पुरुष ङस्' इत्यनेन परिनिष्ठितविभक्त्यन्तेनैव सह समासकरणे "ऐकार्थ्ये" [३.२.८.] इत्यनेन लुपि *प्रत्ययलोपेऽपि०* इति न्यायेन कार्यार्थं ङसोऽनुसन्धानेन षष्ठ्यन्तत्वलाभात् । समासानन्तरं पदार्थान्तरान्वययोग्या या विभक्तिः समस्तादुत्पद्यते सा परिनिष्ठितविभक्तिरित्युच्यते, प्रकृतेऽपत्यार्थान्वययोग्या षष्ठीविभक्ती राजपुरुषशब्दादुत्पद्यते, सैव समासकरणसमयेऽपि पुरुषशब्दादानेष्यत इति केवलाद् राजपुरुषशब्दघटकात् पुरुषशब्दात् प्रत्ययो दुर्निवारः ।

**ઉત્તરપક્ષ :-** ષષ્ઠી વિભક્તિ સામાસિક શબ્દનાં નિમિત્તે જ હોવાથી राजपुरुष શબ્દના અવયવ સ્વરૂપ પુરુષ શબ્દથી તદ્ધિતનો પ્રત્યય થશે નહીં; આવું આપનું કથન બરાબર નથી. સમાસ બે પ્રકારે થઈ શકે છે : (૧) પ્રથમા, દ્વિતીયા વગેરે વિભક્તિ અંતવાળા શબ્દોનો પ્રથમા વિભક્તિ અંતવાળા શબ્દ સાથે સમાસ થઈ શકશે. તથા (૨) પ્રથમા, દ્વિતીયા વગેરે વિભક્તિ અંતવાળા શબ્દોનો પરિનિષ્ઠિત વિભક્તિ અંતવાળા નામની સાથે પણ સમાસ થઈ શકે છે.

સૌ પ્રથમ પરિનિષ્ઠિત વિભક્તિનો અર્થ અમે જણાવીએ છીએ : સમાસ થયા પછી અન્ય પદાર્થને અનુસરનારી જે વિભક્તિ સમાસથી ઉત્પન્ન થાય છે, તે જ વિભક્તિ વિગ્રહવાક્યમાં ઉત્તરપદને કરવામાં આવે તો તે પરિનિષ્ઠિત વિભક્તિ કહેવાશે. આ પરિસ્થિતિમાં राज्ञः पुरुषस्य अपत्यम् એ પ્રમાણે સમાસ કરતા તથા प्रत्ययलोपे... ન્યાયથી पुरुष શબ્દને પણ સામાસિક ષષ્ઠી

વિભક્તિ પ્રાપ્ત થઈ શકશે. આ પરિસ્થિતિમાં पुरुष શબ્દથી અપત્ય અર્થનો इञ् પ્રત્યય મુશ્કેલીથી નિવારી શકાશે. આ પ્રમાણે પરિનિષ્ઠિત વિભક્તિવાળા નામો સાથે સમાસ કરવામાં આવશે તો સમાસના અવયવવાચક નામોને પણ તદ્ધિતના પ્રત્યયોની પ્રાપ્તિ થઈ જશે, જે ખરેખર ઇષ્ટ નથી. આથી જ અમે अर्धात् पूरणः સૂત્રના પક્ષમાં નથી.

તે જ પ્રમાણે अर्धेन पञ्चमेन क्रीतम् એ પ્રમાણે અવયવ સ્વરૂપ पञ्चम શબ્દને क પ્રત્યય લાગીને अर्धपञ्चमकम् પ્રયોગની પ્રાપ્તિ થઈ શકશે, જે अर्धात् पूरणः સૂત્રથી થવાની આપત્તિ આવે છે. આવી આપત્તિ ન આવે માટે જ અમે (ગ્રંથકારે) अर्धपूर्वपदः पूरणः એ પ્રમાણે મોટું સૂત્ર બનાવ્યું છે. જેથી अर्धपञ्चम સ્વરૂપ સામાસિક શબ્દ જ સંખ્યા જેવો થશે, પરંતુ માત્ર पञ्चम શબ્દ સંખ્યા જેવો નહીં થાય.

**( श०न्यासानु० )** सिद्धान्ते तु समुदायाद् राजपुरुषशब्दादेव प्रत्ययो भवतीति तदाद्यस्वरस्यैव वृद्धौ राजपुरुषिरितीष्टं सिद्ध्यति, तथैव प्रकृते क्रीतार्थान्वयितावच्छेदकाऽर्द्धपञ्चमत्वावच्छिन्न-वाचकतापर्याप्त्यधिकरणाऽर्द्धपञ्चमशब्दादेव कप्रत्ययः समुत्पत्तुमर्हति, स च समुदाय इदानीं पञ्चमशब्दमात्रस्यैव सङ्ख्यावत्त्वे "सङ्ख्या-डतेश्चाशत्तिष्टेः कः" [६.४.१३०.] इत्येतत्सूत्रीय-सङ्ख्यारूपोद्देश्यपदेन न शक्यते ग्रहीतुम्, यश्च पूरणप्रत्ययान्तः पञ्चमादिशब्दस्तत्पदग्रहणयोग्यो नाऽसौ कप्रत्ययार्थान्वयितावच्छेदकधर्मावच्छिन्नवाचकतापर्याप्त्यधिकरणमिति समुदायात् तदुत्पत्तिर्गगनकुसुमोत्पत्तीयतेतराम् ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** હવે સમુદાયથી જ તદ્ધિતના પ્રત્યયની ઉત્પત્તિ થાય છે. પરંતુ સમાસના જુદાં જુદાં પદોથી તદ્ધિતના પ્રત્યયોની ઉત્પત્તિ થતી નથી. એ પ્રમાણે સિદ્ધ કરીને આચાર્ય ભગવંત પોતે જે સૂત્ર બનાવ્યું છે, એ જ યોગ્ય છે. પરંતુ अर्धात् पूरणः સૂત્ર યોગ્ય નથી એવું સિદ્ધ કરે છે.

સિદ્ધાન્તમાં સમુદાય સ્વરૂપ "राजपुरुष" શબ્દથી જ તદ્ધિતનો પ્રત્યય થાય છે અને સમુદાય સ્વરૂપ સામાસિક શબ્દથી જ્યારે તદ્ધિતનો પ્રત્યય થાય છે ત્યારે સમુદાયના આદિ સ્વરની વૃદ્ધિ થતાં "राजपुरुषि" એ પ્રમાણે ઇષ્ટરૂપની સિદ્ધિ થાય છે. તે જ પ્રમાણે અહીં પણ ખરીદવા અર્થનો અન્વયિતા અવચ્છેદકધર્મ "अर्धपञ्चमत्व" છે. અર્થાત્ ખરીદવા અર્થને અનુસરનાર પદ "अर्धपञ्चमम्" છે. આ "अर्धपञ्चमम्" એ વાચક પદ છે. આથી આ પદમાં વાચકતા રહી છે. હવે "अर्धपञ्चमत्व"થી અવચ્છિન્ન થઈ છે વાચકતા જેની એવી વાચકતાથી વિશિષ્ટ એવું અધિકરણ "अर्धपञ्चम" સ્વરૂપ પદ જ છે અને આ "अर्धपञ्चम" શબ્દથી ખરીદવા અર્થવાળો क પ્રત્યય ઉત્પન્ન થવા માટે યોગ્ય છે. હવે જો તમે "अर्धात् पूरणः" સૂત્ર બનાવશો તો માત્ર पञ्चम શબ્દ જ સંખ્યાવત્ બનશે અને તેમ થાય તો "सङ्ख्या डतेश्च..." (૬/૪/૧૩૦) સૂત્રથી

સંખ્યારૂપ ઉદ્દેશ્ય પદથી पञ्चम શબ્દ ગ્રહણ કરી શકાશે. પરંતુ સમુદાય સ્વરૂપ "अर्धपञ्चम" શબ્દ ગ્રહણ કરવા માટે સમર્થ થવાશે નહીં. જે पञ्चम શબ્દ છે, તેમાં ખરીદવા અર્થનો અન્વય થઈ શકશે નહીં તથા સમુદાયથી ખરીદવા અર્થના क પ્રત્યયની પ્રાપ્તિ એ આકાશપુષ્પ જેવી થઈ જશે. કારણકે "अर्धात् पूरणः" સૂત્ર બનાવવાથી "अर्धपञ्चम" શબ્દ સંખ્યા જેવો થતો નથી. આથી જ અમારી રચના પ્રમાણે સૂત્ર બનાવીશું તો બધું જ સંગત થઈ શકશે.

**(શ૦न्यासानु०)** एवम् अर्द्धपञ्चमैः शूर्पैः क्रीतमित्यर्थे "सङ्ख्या समाहारे च०" [३.१.९९.] इत्यनेनेष्टः समासोऽपि न सिद्ध्येत्, तथाहि–ऐकार्थ्यरूपसामर्थ्यसत्त्व एव कोऽपि समासो भवति, ऐकार्थ्यं नाम स्वपर्याप्त्यधिकरणघटितत्वस्वनिरूपकेतरनिरूपितशक्तिपर्याप्त्यधिकरणघटितत्वस्वग्रहप्रयोज्यग्रहविषयीभूतशक्तिपर्याप्त्यधिकरणत्वैतन्त्रितयसम्बन्धेन शक्तिविशिष्टत्वम्, 'राजपुरुषः' इत्यादौ राजत्वावच्छिन्नाद्यर्थनिरूपितशक्तिमादाय लक्षणसमन्वयः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** જો अर्धात् पूरणः સૂત્ર બનાવશો તો अर्धपञ्चमैः शूर्पैः क्रीतम् એ અર્થમાં "संख्या समाहारे च..." (૩/૧/૯૯) સૂત્રથી ઇષ્ટ એવો દ્વિગુ સમાસ પણ સિદ્ધ થઈ શકશે નહીં. હવે સમાસ ન થવાનું કારણ જણાવે છે : ऐकार्थ्य રૂપ (સંબંધ વિશેષરૂપ) સામર્થ્ય હોય તો જ કોઈપણ સમાસ થાય છે. ऐकार्थ्य એટલે ત્રણ સંબંધથી શક્તિવિશિષ્ટપણું. આ ત્રણ સંબંધ આ પ્રમાણે છે : (૧) स्वपर्याप्ति-अधिकरण-घटितत्वम्, (२) स्वनिरूपकेतरनिरूपितशक्तिपर्याप्ति-अधिकरण-घटितत्वम्, (૩) स्वग्रह-प्रयोज्यग्रह-विषयीभूतशक्तिपर्याप्ति-अधिकरणत्वम् ।

આ ત્રણ સંબંધથી શક્તિવિશિષ્ટપણું એ જ एकार्थ्य છે. राजपुरुष વગેરે પ્રયોગોમાં राजत्वથી અવચ્છિન્ન વગેરે અર્થથી ઓળખાયેલી શક્તિને ગ્રહણ કરીને લક્ષણ સમન્વય થાય છે.

**(શ૦न्यासानु०)** यथा–राजत्वावच्छिन्नार्थनिरूपितशक्तिपर्याप्त्यधिकरणराजपदघटितत्वं, राजत्वावच्छिन्ननिरूपितशक्तिनिरूपकेतरपुरुषत्वावच्छिन्ननिरूपितशक्तिपर्याप्त्यधिकरणपुरुषपदघटितत्वं राजत्वावच्छिन्ननिरूपितशक्तिग्रहप्रयोज्यो यो ग्रहो राजसम्बन्धिपुरुषत्वावच्छिन्ननिरूपितशक्तिविषयकः, तद्ग्रहविषयीभूतोक्तराजपुरुषत्वावच्छिन्नार्थनिरूपितशक्तिपर्याप्त्यधिकरणत्वमित्येतन्त्रितयमपि राजपुरुषपदे वर्तत इति तत्रास्ति निरुक्तमैकार्थ्यम्, ईदृशे चैकार्थ्ये समाससंज्ञकपदमवष्टभ्यावस्थास्यमाने एव षष्ठ्यन्तं 'राजन् ङस्' इति 'पुरुष सि' इत्यनेन सह "षष्ठ्ययत्नाच्छेषे" [३.१.७६.] इति सूत्रेण समस्यते, सर्वत्र समासस्थल ईदृशैकार्थ्येनाऽऽसितव्यमेव ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** ઉપરોક્ત ત્રણ સંબંધથી શક્તિવિશિષ્ટ ऐकार्थ्यને राजपुरुष સ્વરૂપ સામાસિક શબ્દદ્વારા જણાવે છે. राजत्वથી અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલી શક્તિવિશિષ્ટનું અધિકરણ राज-પદ ઘટિત છે. આ પહેલો સંબંધ થશે. राजપદમાં રાજા સ્વરૂપ અર્થને જણાવનારી

શક્તિ છે. આથી राजत्वधर्मથી અવચ્છિન્ન એવો રાજા નામનો અર્થ છે અને આ રાજા નામના અર્થથી ઓળખાયેલી શક્તિથી વિશિષ્ટ એવું અધિકરણ राज પદ છે.

હવે બીજો સંબંધ જણાવાય છે : राजत्वથી અવચ્છિન્ન એવા અર્થવડે ઓળખાયેલ શક્તિને ઓળખાવનાર અન્ય એવું પુરુષત્વધર્મથી અવચ્છિન્ન અર્થવડે ઓળખાયેલ શક્તિથી વિશિષ્ટ અધિકરણ पुरुषः પદ ઘટિત છે અને સ્થૂલ બુદ્ધિથી આ રીતે સમજી શકાશે. રાજાસ્વરૂપ અર્થ વડે ઓળખાયેલી શક્તિને ઓળખાવનાર અન્ય એવો પુરુષસ્વરૂપ અર્થ છે અને એ પુરુષસ્વરૂપ અર્થથી ઓળખાયેલી શક્તિવિશિષ્ટનું અધિકરણ पुरुष પદ છે. આ જ વસ્તુને બીજી રીતે પણ જણાવી શકાય. પુરુષ સ્વરૂપ અર્થથી ઓળખાયેલી શક્તિને ઓળખાવનાર રાજાસ્વરૂપ અર્થ છે. આ પ્રમાણે નિરૂપક-નિરૂપિતભાવ ઉભય બાજુથી થઈ શકે છે.

હવે ત્રીજો સંબંધ બતાવે છે : राजत्वથી અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલ શક્તિના નિશ્ચયવડે (પ્રયોજ્ય) પ્રેરિત એવો राज સંબંધી पुरुषत्व અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલ શક્તિ વિષયક જે નિશ્ચય, આવા નિશ્ચયના વિષયભૂત राजपुरुषः પદ બને છે. આથી ગ્રંથકાર આ જ વસ્તુને "तद्-ग्रहविषयीभूत..." પંક્તિ દ્વારા જણાવે છે. અહીં तद् એટલે राजपुरुष સ્વરૂપ જે અર્થ છે, એનો નિશ્ચય કરાવનાર શક્તિ અને આ શક્તિના નિશ્ચયના વિષયભૂત એવું राजपुरुषत्वથી અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલ શક્તિવિશિષ્ટ અધિકરણ राजपुरुषः પદ છે. આ પ્રમાણે આ ત્રીજો સંબંધ થયો.

આ ત્રીજા સંબંધને સ્થૂલબુદ્ધિથી આ પ્રમાણે કહી શકાય : રાજા સ્વરૂપ અર્થથી ઓળખાયેલી શક્તિના નિશ્ચયથી પ્રેરિત એવો राज સંબંધી અર્થ છે. અને તે राज સંબંધી અર્થ વડે ઓળખાયેલ શક્તિના નિશ્ચયવાળો राजपुरुषः અર્થ છે. તથા राजपुरुषः અર્થવડે ઓળખાયેલી શક્તિથી વિશિષ્ટ એવા અધિકરણ સ્વરૂપ राजपुरुषः પદ છે.

આ ત્રણેય પ્રકારના સંબંધ राजपुरुष પદમાં રહેલા છે. આથી કહેલું એવું ऐकार्थ्य, राजपुरुषः પદમાં ઘટતું હોવાથી સમાસ થયેલ છે.

સમાસસંજ્ઞાવાળા પદોનું અવલંબન લઈને રહેલું એવું ઉપર કહેલું ऐकार्थ्य હોતે છતે ષષ્ઠી અંતવાળું राज्ञः પદ पुरुषः પદની સાથે "षष्ठ्ययत्नाच्छेषे" (૩/૧/૭૬) સૂત્રથી સમાસ થશે. જ્યાં જ્યાં સમાસ કરવાના હોય ત્યાં ત્યાં ઉપર કહેલું एकार्थ्य જરૂરી છે.

**( श०न्यासानु० )** प्रकृतेऽर्द्धपञ्चमैः शूर्पैः क्रीतमित्यर्थे "सङ्ख्या समाहारे च०" [३.१.९९.] इति समासश्चिकीर्षितः, स च शूर्पपदेन सह शङ्ख्यावाचकस्येति तदुभयसमुदयगतेनोक्तैकार्थ्येनेहापि भवितव्यं राजपुरुषादिपदगतेनेव, परं पूरणप्रत्ययान्तपञ्चमादिशब्दमात्रस्यार्द्धपञ्चमशब्दघटकस्य सङ्ख्यावत्त्वे नैतत् सम्भवति, तथाहि-पञ्चमशब्दमात्रस्य सङ्ख्यावत्त्वे तस्यैव परेण शूर्पादिनाम्ना

सह समासो भविष्यति, तस्मिंश्च पञ्चमशूर्परूपसमासात्मकसमुदाये शूर्पत्वावच्छिन्ननिरूपितशक्तिपर्याप्त्यधिकरणशूर्पपदघटितत्वस्य सत्त्वेऽपि तच्छक्तिनिरूपकेतराऽर्द्धपञ्चमत्वावच्छिन्ननिरूपितशक्तिपर्याप्त्यधिकरणाऽर्द्धपञ्चमशब्दघटितत्वतच्छक्तिग्रहप्रयोज्यग्रहविषयीभूताऽर्द्धपञ्चमत्वविशिष्टशूर्पत्वावच्छिन्ननिरूपितशक्तिपर्याप्त्यधिकरणत्वयोः सत्त्वं नास्तीति स्पष्ट एव तदैकार्थ्यविरहः ।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** હવે ચાલુ સૂત્ર સંબંધી પ્રકરણમાં "अर्धपञ्चमैः शूर्पैः क्रीतम्" એવા અર્થમાં सङ्ख्या समाहारे च (૩/૧/૯૯) સૂત્રથી સમાસ કરવાને ઇચ્છાયો છે. હવે આ સમાસ સંખ્યાવાચક શબ્દનો शूर्प શબ્દ સાથે કરવાને ઇચ્છાયો છે. જે સંખ્યાવાચક પદ અને शूर्प પદ એ બંને પદો વચ્ચે ઉપર કહેલું ऐकार्थ्य હશે તો જ સંભવી શકશે. જે પ્રમાણે राजपुरुषः વગેરે પદમાં ऐकार्थ्य હતું એવું જ ऐकार्थ्य अर्धपञ्चमम् અને शूर्प પદમાં પણ થવા યોગ્ય છે; પરંતુ જો अर्धपञ्चम શબ્દના અવયવ એવા पञ्चम શબ્દને જ અહીં સંખ્યાવાચક માનવામાં આવશે, તો ઉપરોક્ત ऐकार्थ्य ઘટી શકશે નહીં.

ऐकार्थ्य સંબંધી ત્રણમાંથી કયાં સંબંધો ઘટે છે ? અને કયાં સંબંધો ઘટતા નથી ? એ સંદર્ભમાં હવે ગ્રંથકાર तस्मिन् च पञ्चमशूर्प... પંક્તિઓ દ્વારા જણાવે છે. पञ्चमशूर्प સ્વરૂપ સમાસમાં शूर्पत्व અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલ શક્તિવિશિષ્ટ અધિકરણ સ્વરૂપ शूर्प પદ છે, પણ शूर्प અર્થથી ઓળખાયેલી શક્તિને ઓળખાવનાર અન્ય એવું अर्धपञ्चमत्वथी અવચ્છિન્ન એવા અર્થવડે ઓળખાયેલ શક્તિવિશિષ્ટ અધિકરણ સ્વરૂપ अर्धपञ्चम પદ ઘટિતત્વ નથી તેમજ शूर्प સ્વરૂપ અર્થથી ઓળખાયેલ શક્તિના નિશ્ચયથી પ્રેરિત એવા अर्धपञ्चमत्वथी વિશિષ્ટ એવા शूर्पत्व અવચ્છિન્ન અર્થથી ઓળખાયેલ શક્તિવિશિષ્ટના અધિકરણપણાંનું સત્ત્વ નથી. पञ्चम શબ્દને સંખ્યા જેવો બનાવ્યો હોવાથી पञ्चमथी વિશિષ્ટ शूर्प શબ્દ થાય છે; પરંતુ अर्धपञ्चमथी વિશિષ્ટ शूर्प શબ્દ થતો નથી. આથી पञ्चम અને शूर्प વચ્ચે ऐकार्थ्यનો વિરહ સ્પષ્ટ હોવાથી દ્વિગુસમાસ થઈ શકશે નહીં. અર્થાત્ पूरणः સૂત્ર બનાવશો તો આ આપત્તિ આવે છે, એને બદલે अर्धपूर्वपदः पूरणः સૂત્ર બનાવશો તો કોઈ આપત્તિ નહીં આવે.

**( श०न्यासानु० )** न च पञ्चमशूर्परूपसमुदाये शूर्पत्वावच्छिन्ननिरूपितशक्तिपर्याप्त्यधिकरणशूर्पपदघटितत्वस्येव शूर्पार्थशक्तीतरपञ्चमत्वावच्छिन्नार्थनिरूपितशक्तिपर्याप्त्यधिकरणघटितत्वशूर्पार्थ-निरूपितशक्तिग्रहप्रयोज्यग्रहविषयीभूतपञ्चमशूर्पार्थनिरूपितशक्तिपर्याप्त्यधिकरणत्वयोरपि सत्त्वादैकार्थ्यमस्त्येवेति वाच्यम्, अर्द्धपञ्चमशूर्पात्मकसमुदायनिष्ठाऽर्द्धपञ्चमशूर्पार्थनिरूपिता शक्तिरेव प्रकृते अर्द्धपञ्चम-शूर्पार्द्धपञ्चमशब्दार्थनिरूपितशक्तीनां ग्रहैः प्रयोज्यस्य ग्रहस्य विषयीभूता न तु पञ्चमशूर्पार्थनिरूपितशक्तिरिति तृतीयसम्बन्धस्य विघटनया पञ्चमशूर्पात्मकसमुदाये ऐकार्थ्यस्य दुर्घटत्वात् ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** આપના કહેવા પ્રમાણે अर्धपञ्चम અને शूर्प શબ્દ વચ્ચે ऐकार्थ्य હોવાથી સમાસ થઈ શકે છે, પણ અમે તો કહીએ છીએ કે पञ्चमशूर्प સ્વરૂપ સમુદાયમાં પણ ઉપરોક્ત ત્રણેય સંબંધો ઘટતા હોવાથી ऐकार्थ्य ઘટે જ છે. આથી पञ्चमशूर्पम्‌નો પણ સમાસ થઈ શકશે. ત્રણેય સંબંધો આ પ્રમાણે ઘટે છે : शूर्पत्वથી અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલી શક્તિવિશિષ્ટનું અધિકરણ शूर्प પદ છે જ તથા शूर्प અર્થની શક્તિથી અન્ય એવી पञ्चमत्वथी અવચ્છિન્ન એવા અર્થથી ઓળખાયેલ શક્તિ-વિશિષ્ટનું અધિકરણ पञ्चमत्वપદ છે જ, તેમજ शूर्प સ્વરૂપ અર્થથી ઓળખાયેલ એવા શક્તિના નિશ્ચયથી પ્રેરિત એવા નિશ્ચયના વિષયભૂત पञ्चमशूर्प સ્વરૂપ અર્થવડે ઓળખાયેલ શક્તિવિશિષ્ટના અધિકરણ સ્વરૂપ पञ्चमशूर्प પદ છે જ. આ પ્રમાણે કહેલા એવા ऐकार्थ्यનું સત્ત્વ હોવાથી पञ्चमशूर्प વચ્ચે સમાસ થશે જ. આથી अर्धात् पूरणः સૂત્ર બનાવીશું તો કોઈ આપત્તિ નથી.

**ઉત્તરપક્ષ :-** આપના કહેવા પ્રમાણે पञ्चमशूर्प શબ્દમાં ऐकार्थ्य ઘટતું હોવાથી સમાસ થઈ શક્યો છે, તે બરાબર નથી. અમારા ચાલુ પ્રકરણમાં अर्धपञ्चमशूर्पात्मकः સમુદાયમાં રહેલી अर्धपञ्चमशूर्प અર્થવડે ઓળખાયેલી શક્તિ જ આવશ્યક છે; પરંતુ पञ्चमशूर्प સ્વરૂપ અર્થથી ઓળખાયેલી શક્તિ આવશ્યક નથી. આ પ્રમાણે ત્રીજો સંબંધ ઘટતો ન હોવાથી તમારા કહેવા પ્રમાણે पञ्चमशूर्प સ્વરૂપ સમુદાયમાં ऐकार्थ्य મુશ્કેલીથી ઘટી શકશે. સંખ્યા જેવો पञ्चम શબ્દ નથી થતો, પરંતુ अर्धपञ्चम શબ્દ થાય છે તથા (૩/૧/૯૯) સૂત્રથી સંખ્યાવાચક નામ જ અન્ય નામ સાથે તદ્ધિત પ્રત્યયના વિષયમાં દ્વિગુસમાસ પામે છે. જ્યારે તમારા કહેવા પ્રમાણે સૂત્ર બનાવીશું તો માત્ર पञ्चम શબ્દ જ સંખ્યાવાચક બનશે તેથી ऐकार्थ्य અસંભવિત જ છે.

**( શ૦न्यासानु० )** अभ्युपेत्यवादेऽपि पञ्चमशूर्पशब्दे समासत्वेऽप्यर्द्धपञ्चमशूर्पात्मकसमुदायात् स्याद्युत्पत्तेरसम्भवो दोषः, तथाहि-इदानीं (पञ्चमशब्दमात्रस्य सङ्ख्यावत्त्वेन पञ्चमशूर्पस्य समास-संज्ञकत्वे) अर्द्धपञ्चमशूर्पात्मकसमूहे अर्द्धपञ्चम-पञ्चमशूर्पशब्दौ समाससंज्ञकावन्तःप्रविष्टौ, समूहोऽर्द्धपञ्चम-शूर्पशब्दस्तु न कथञ्चित् समाससंज्ञक इति तत्समूहेऽर्थवत्ताया विरहेण "अधातु-विभक्तिवाक्यमर्थवन्नाम" [१.१.२७.] इत्यनेन नामत्वाप्राप्तौ स्याद्युत्पत्तेरसम्भवः, नामसंज्ञासूत्रे हि अर्थपदेनाभिधेयार्थो गृह्यते, स च स्वार्थ-द्रव्यादिस्वरूपो घट-पटादिशब्दैरसमस्तै राजपुरुषा-दिशब्दैः समस्तैश्च प्रतीयते, समासे खलु विशिष्टार्थनिरूपिता शक्तिः शाब्दिकैरभ्युपेयमाना स्वज्ञानं द्वारीकृत्यार्थाभिधाने पर्याप्नोतीति सिद्धान्तः, अयमिदानीमर्द्धपञ्चमशूर्पात्मकः शब्दः समासात्मको नास्तीति समासादिवृत्तित्वव्याप्यया विशिष्टार्थनिरूपितया शक्त्या राजपुरुषा-दिरिव नालिङ्ग्यते, शक्तिग्राहकाणां तादृशकोषादीनां चाभावेन घटपटादिरिव च न कतमयाऽपि शक्त्याऽऽलिङ्ग्यत इति तत्र स्थितः शक्त्यभावोऽर्थाभावनिरूपित-व्याप्तिभाक् स्वज्ञानेनार्थाभावमनुमापयन्नर्थाभाव-

व्यापकं नामत्वाभावमपि समूलघातं विहन्यादिति नामत्वरहितोऽर्द्धपञ्चमशूर्पशब्दः स्वस्मात् परं स्यादिमेव कथमुत्पादयितुमीशीतेति सूक्ष्मं चक्षुर्निःक्षिप्यतां प्रेक्षावद्भिः । इत्थं निराकृतः 'अर्द्धात पूरणः' इति न्यासः ।

*અનુવાદ :- ઉત્તરપક્ષ :- આપના કહેવા પ્રમાણે अर्धात् पूरणः સૂત્ર માનો કે અમે સ્વીકારી* લઈએ તો पञ्चमशूर्पस्वરૂપ સમાસની પ્રાપ્તિ (૩/૧/૯૯) સૂત્રથી થઈ શકશે. पञ्चम શબ્દ સંખ્યા જેવો બન્યો હોવાથી (૩/૧/૯૯) સૂત્રથી સમાસ થઈ શકશે. આ બધું થવાં છતાં પણ अर्धपञ्चमशूर्प સ્વરૂપ સમુદાયથી તો स्यादिની વિભક્તિની ઉત્પત્તિ થઈ શકશે જ નહીં, આથી અસંભવદોષ આવશે. આ અસંભવદોષ આ પ્રમાણે આવે છે : હવે માત્ર पञ्चम શબ્દ જ સંખ્યા જેવો થવાથી पञ्चमशूर्प શબ્દ જ સમાસસંજ્ઞા-વાળો થશે. આ પરિસ્થિતિમાં अर्धपञ्चमशूर्पस्वરૂપ સમૂહમાં સમાસસંજ્ઞાવાળા બે શબ્દ થઈ શકશે. ક્યાંતો अर्धपञ्चम શબ્દ સમાસસંજ્ઞાવાળો થઈ શકશે અથવા તો पञ्चमशूर्प શબ્દ સમાસસંજ્ઞાવાળો થઈ શકશે; પરંતુ સમૂહ સ્વરૂપ अर्धपञ्चमशूर्प શબ્દ તો કોઈપણ પ્રકારે સમાસસંજ્ઞાવાળો થઈ શકશે નહીં. આથી સમૂહસ્વરૂપ अर्धपञ्चमशूर्प શબ્દમાં અર્થવાનૂપણાંનો વિરહ થાય છે તથા અર્થવાનૂપણાંનો વિરહ થવાથી જ "अधातुविभक्ति"... (૧/૧/૨૭) સૂત્રથી નામસંજ્ઞાની અપ્રાપ્તિ થવાથી स्यादि વિભક્તિની ઉત્પત્તિનો અસંભવ થાય છે. નામસંજ્ઞાના સૂત્રમાં અર્થપદથી અભિધેયસ્વરૂપ અર્થ ગ્રહણ કરાય છે. અને સ્વાર્થ, દ્રવ્ય વગેરે સ્વરૂપ અર્થ, ઘટ, પટ વગેરે નહીં સમાસ પામેલા શબ્દોવડે તથા સમાસ પામેલા राजपुरुष વગેરે શબ્દોવડે જણાય છે. સમાસમાં ખરેખર વિશિષ્ટ અર્થથી ઓળખાયેલી એવી શક્તિ શબ્દવાદીઓવડે સ્વીકારાય છે. જે સમાસમાં રહેલા પદોના અર્થના બોધને દ્વાર કરીને (વ્યાપારવાળી થઈને) અર્થના અભિધાનમાં પ્રાપ્ત થાય છે, એ પ્રમાણેનો સિદ્ધાન્ત છે. હવે તમારા કહેવા પ્રમાણે સૂત્ર બનાવવામાં આવે તો अर्धपञ्चमशूर्पस्वરૂપ શબ્દ સમાસ સંબંધી નથી. આથી *સમાસ વગેરે વૃત્તિને વ્યાપ્ય એવી વિશિષ્ટ અર્થ વડે ઓળખાયેલ શક્તિ જે પ્રમાણે राजपुरुष વગેરે* શબ્દોમાં હોય છે એવી શક્તિ अर्धपञ्चमशूर्प શબ્દમાં નથી.

બીજુ શક્તિનો નિર્ણય કરનારા ઉપમાન, કોષ વગેરેનો અભાવ હોવાથી પણ अर्धपञ्चमशूर्प શબ્દમાં રહેલી શક્તિનો નિર્ણય થઈ શકતો નથી. જે પ્રમાણે ઘટ, પટ વગેરેના અર્થની શક્તિનો નિર્ણય કોષ વગેરેથી થઈ શકે છે એવો શક્તિનો નિર્ણય अर्धपञ्चमशूर्प શબ્દમાં કોષ વગેરેથી થઈ શકતો નથી. આથી સમૂહ સ્વરૂપ આ अर्धपञ्चमशूर्प શબ્દમાં અર્થના અભાવથી ઓળખાયેલી વ્યાપ્તિને ભજનારો એવો શક્તિનો અભાવ થશે. જુદાં જુદાં પદોના જ્ઞાનથી અર્થના અભાવનું અનુમાન કરાતો અર્થાભાવ છે અને આ અર્થાભાવને વ્યાપક એવા નામત્વનો અભાવ છે. આથી આ અર્થાભાવ નામત્વના અભાવને પૂર્ણ રૂપથી ઉખેડવાની ક્રિયાને હણે છે

અર્થાત્ નામત્વના અભાવને જ કરે છે. હવે નામત્વથી રહિત થયેલ એવો अर्धपञ्चमशूर्प શબ્દ પોતાનાથી પર स्यादि વિભક્તિની ઉત્પત્તિ કરવા માટે કેવી રીતે સમર્થ થશે ? જો अर्धपञ्चमशूर्प શબ્દમાં અર્થાભાવ નક્કી થાય છે, તો અર્થાભાવને વ્યાપક એવો નામત્વનો અભાવ પણ એ જ શબ્દમાં પ્રાપ્ત થશે. આથી નામસંજ્ઞાના અભાવમાં स्यादि વિભક્તિ આવશે નહીં. આ પ્રમાણે બુદ્ધિશાળીઓએ સૂક્ષ્મદૃષ્ટિને ધારણ કરવી જોઈએ. આમ अर्धात् पूरणः સૂત્ર અમારાવડે નિરાકરણ કરાયું.

**( श०न्यासानु० )** अथाऽव्याप्त्यतिव्याप्ती अविकलं सृजन्नुक्तन्यासः क्रियतामुपेक्षालक्ष्यः, परमर्द्धात्मकं पूर्वं पदं यस्येत्यर्द्धपूर्वपदशब्देन गृह्यमाण एवार्थो यदि न्यासान्तरेणापि लघीयसा प्रतीयेत का नाम तदा तस्योपेक्षावृत्तिः ? तच्च न्यासान्तरम् "अर्द्धपूर्वः पूरणः" इति, शब्दशास्त्रे हि प्रायेण शब्दानामेव तत्तत्सूत्रैरतिदेशः प्रदर्शित इति सङ्ख्यावत्त्वमपि तेषामेव युक्तमतिदेष्टुम्, एवं हि शब्दात्मकमेव पूर्वं न्यासीयपूर्वशब्देन ग्रहीष्यते, करिष्यते च पदशब्दघटितेन अर्द्धात्मकं पूर्वपदं यस्येत्यर्थं बोधयता "अर्द्धपूर्वपदः पूरणः" इति न्यासेनेव क्रियमाणाऽतिदेशानामर्द्धपञ्चमादिशब्दानामनेनापि लघीयसा न्यासेनाऽतिदेश इति किमर्था तदुपेक्षेति चेद् ?

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** જો अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવે તો અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષ આવે છે, તેથી એવા સૂત્રની ભલે ઉપેક્ષા કરાય; પરંતુ अर्ध સ્વરૂપ પૂર્વપદ જેને છે એ પ્રમાણેનો અર્થ अर्धपूर्वपदः पूरणः સૂત્રના अर्धपूर्वपदः શબ્દવડે ગ્રહણ કરાય છે. પરંતુ તેવો જ અર્થ બીજા નાના સૂત્રથી જણાવાની શક્યતા હોય તો તેની ઉપેક્ષા શા માટે કરાવી જોઈએ ? અર્થાત્ નાના સૂત્રથી એવો જ અર્થ જણાતો હોય તો નાનું સૂત્ર જ બનાવવું જોઈએ. અને તે નાનું સૂત્ર આ પ્રમાણે છે : "अर्धपूर्वः पूरणः ।" શબ્દશાસ્ત્રમાં ઘણું કરીને શબ્દોનો તે તે સૂત્રોવડે અતિદેશ બતાવાયો છે. આથી સંખ્યાવાનપણું પણ શબ્દોનું જ અતિદેશ કરવા માટે યોગ્ય છે. હવે સૂત્રમાં જો पूर्वपद ને બદલે पूर्व શબ્દ લખવામાં આવશે તો पूर्व શબ્દવડે પૂર્વમાં રહેલુ એવું શબ્દ સ્વરૂપ જ ગ્રહણ કરી શકાશે. જે પ્રમાણે अर्धपूर्वपदः पूरणः સૂત્રથી अर्ध સ્વરૂપ પૂર્વપદ જેમાં છે, એવો બોધ કરાશે, એવો જ બોધ अर्धपूर्वः पूरणः સૂત્રમાં રહેલા अर्धपूर्वः શબ્દથી પણ થઈ શકશે.

આ પ્રમાણે નાના સૂત્રથી પણ अर्धपञ्चम વગેરે શબ્દોમાં સંખ્યાવાનપણાંનો જો અતિદેશ થઈ શકતો હોય તો તેવા સૂત્રની ઉપેક્ષા શા માટે કરી છે ?

**( श०न्यासानु० )** उच्यते-तथान्यासे अर्द्धशब्दात् परतया स्थितस्य पूरणप्रत्ययान्तस्य पञ्चमादिशब्दस्यैव सङ्ख्यावत्त्वं स्यान्न तु समग्रस्यार्द्धपञ्चमशब्दस्येति "अर्द्धात् पूरणः" इति

न्यासपक्षे इवास्मिन् पक्षेऽपि समग्रस्य सङ्ख्यावत्त्वाभावमूलौ कप्रत्ययसमासौ न सिद्ध्येतामित्यव्याप्तिः, अर्द्धेन पञ्चमेन क्रीतमित्याद्यर्थे समासानवयवस्यापि पञ्चमादिशब्दस्य सङ्ख्यावत्त्वेन *कप्रत्ययसमासयोरापत्तिरित्यतिव्याप्तिश्चाऽऽपतेतामिति "अर्द्धपूर्वः पूरणः" इति न्यासोऽप्युपेक्ष्यते।*

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** જો अर्धपूर्वः पूरणः - આ પ્રમાણેનું સૂત્ર બનાવવામાં આવશે તો अर्ध શબ્દથી પછી રહેલા પૂરણપ્રત્યયાન્તવાળા पञ्चम વગેરે શબ્દમાં જ સંખ્યાવાળાપણું થશે; પરંતુ સંપૂર્ણ એવા अर्धपञ्चम શબ્દનું સંખ્યાવાળાપણું નહીં થાય. હવે સંપૂર્ણ એવો अर्धपञ्चम શબ્દ સંખ્યા જેવો ન થવાથી ખરીદવા અર્થનો क પ્રત્યય તેમજ સમાસ સિદ્ધ થશે નહીં. આથી अर्धात् पूरणः સૂત્ર પક્ષમાં જે પ્રમાણે અવ્યાપ્તિ આવતી હતી, એ જ પ્રમાણે अर्धपूर्वः पूरणः સૂત્ર બનાવતાં પણ અવ્યાપ્તિ આવશે. તેમજ अर्धपञ्चमेन क्रीतम् વગેરે અર્થમાં સમાસના અનવયવ સ્વરૂપ पञ्चम વગેરે શબ્દોનું પણ સંખ્યાવાળાપણું થવાથી पञ्चमમાં જ क પ્રત્યય અને સમાસની આપત્તિ આવશે, આથી અતિવ્યાપ્તિદોષ આવશે. માટે જ अर्धपूर्वः पूरणः એ પ્રમાણેના સૂત્રની ઉપેક્ષા કરાય છે.

अर्धपूर्वःનો અર્થ સમાસ સંબંધી પૂર્વપદમાં રહેલો अर्ध શબ્દ શા માટે નથી થતો ? એના અનુસંધાનમાં જણાવવાનું કે, સમાસ સંબંધી પદો હોય તો તેની ઉત્તરપદસંજ્ઞા અને પૂર્વપદસંજ્ઞા પડે છે; તે સિવાય માત્ર પૂર્વ અને ઉત્તરનો અર્થ પૂર્વપદ અને ઉત્તરપદ જ થઈ શકે એવો નિયમ નથી. આથી अर्धपूर्वः पूरणः સૂત્રથી પણ અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ આવે જ છે.

**(श०न्यासानु०)** ननूपदर्शयाऽव्याप्त्यतिव्याप्ती उभावपि लघीयोन्यासौ "अर्द्धात् पूरणः" "अर्द्धपूर्वः पूरणः" इत्येवमूहितौ त्वं पर्यहासीः, परं ते प्रदर्शिते अव्याप्त्यतिव्याप्ती सूक्ष्मं विमृष्टे न क्षमेते इहोपस्थातुम्, तथाहि-यथा "अजादिभ्यो धेनोः" [६.१.३४.] "ब्राह्मणाद्वा" [६.१.३५.] इत्यादौ 'अजादिभ्यः' इत्यादौ पञ्चमीं निर्दिश्य धेनोः प्रत्ययो विहितः, तत्र "पञ्चम्या निर्दिष्टे परस्य" [७.४.१०४.] इति परिभाषया सत्यां व्यवस्थायां व्यवहिते धेनुशब्दे नोत्पद्यते प्रत्ययः, किन्तु प्रत्ययविधानावधित्वं सूत्रीयोद्देश्यतया 'अजधेनु' रूपसमुदाये एव वर्तते न तु केवले धेनौ, अत एव तत्समुदायात् प्रत्ययो-त्पत्तौ तदाऽऽद्यस्वरस्यैव वृद्धौ 'आजधेनविः' इति प्रयोगो युज्यते, इतरथा (अजादेः परस्य धेनोरेवोद्देश्य-तया प्रत्ययविधानावधित्वाङ्गीकारे) 'अजधैनविः' इत्यनिष्टमापद्येत, तथैव "अर्द्धात् पूरणः" इति न्यासेऽपि व्यवहितस्य पूरणप्रत्ययान्तस्योद्देश्यकोट्यन्तःपातित्वं "पञ्चम्या निर्दिष्टे०" [७.४.१०४.] इत्येतद्बलमास्थायाऽपह्रियते चेदपह्रियताम्, सङ्ख्यावत्त्वातिदेशोद्देश्यत्वस्य अर्द्धपञ्चमादिसमुदायादपहारस्तु न युक्त

इति समुदायस्य तस्य सङ्ख्यावत्तयेष्टौ कप्रत्ययसमासौ निर्बाधं सेत्स्यत एवेत्यव्याप्तिः सुखं विहन्येत।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** अर्धात् पूरणः તથા अर्धपूर्वः पूरणः એ પ્રમાણે સૂત્ર બનાવવાથી આપે અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો આપેલ હતા, એ પ્રમાણે તમે અમારી મશ્કરી કરી હતી; પરંતુ સૂક્ષ્મ રીતે વિચારતાં અહીં બતાવેલી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ દોષો ઉપસ્થિત થઈ શકે તેમ નથી. તે આ પ્રમાણે છે : "अजादिभ्यो धेनोः" (૬/૧/૩૪) સૂત્ર તથા "ब्राह्मणाद् वा" (૬/૧/૩૫) આ બંને સૂત્રોમાં પંચમીથી પર ધેનુ શબ્દથી તદ્ધિતના પ્રત્યયનું વિધાન છે. ત્યાં "पञ्चम्या निर्दिष्टे परस्य" (૭/૪/૧૦૪) પરિભાષાથી ધેનુ શબ્દથી પર તદ્ધિતના પ્રત્યયની ઉત્પત્તિ થઈ નથી; પરંતુ પ્રત્યય વિધાન સંબંધી તે સૂત્રમાં ઉદ્દેશ્યપણાંથી अजधेनोः સ્વરૂપ સમુદાયથી તદ્ધિતનો પ્રત્યય ઉત્પન્ન થાય છે તથા સમુદાયથી પ્રત્યયની ઉત્પત્તિ થયે છતે સમુદાયના જ આદિસ્વરની વૃદ્ધિ થવાથી आजधेनविः પ્રયોગની સિદ્ધિ થાય છે. જો अजादिથી પર રહેલા ધેનુ શબ્દને સૂત્રના ઉદ્દેશ્ય તરીકે સમજવામાં આવત તો માત્ર ધેનુ શબ્દથી તદ્ધિતના પ્રત્યયની ઉત્પત્તિ થતાં अजधैनविः એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગની પ્રાપ્તિ થાત.

એ જ પ્રમાણે અહીં પણ अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવે તો (૭/૪/૧૦૪) પરિભાષાસૂત્રની સહાય લઈને માત્ર પૂરણપ્રત્યયાન્ત નામને જ સંખ્યા જેવું ગણી શકાશે નહીં; પરંતુ अर्ध અને પૂરણ-પ્રત્યયાન્તવાળું નામ એ બેના સમુદાયમાં જ સંખ્યાવત્પણાંનો અતિદેશ થઈ શકશે તથા સમુદાયનું સંખ્યાવત્પણું થવાથી ઇષ્ટ એવો क પ્રત્યય અને સમાસ પણ સમુદાય સંબંધી જ થઈ શકશે. આથી આપે જે અવ્યાપ્તિ વગેરે દોષ બતાવેલ હતા, તેને સુખેથી દૂર કરી શકાય છે.

**(श०न्यासानु०)** अर्ध शब्दात् परस्य समासानवयवस्य पञ्चमादिशब्दस्य सङ्ख्यावत्त्वातिव्याप्तिरपि न सम्भवति, तथाहि-वृत्तिघटकादर्द्धशब्दात् परस्य पञ्चमादेः सङ्ख्यावत्त्वेन कप्रत्ययः समासो वा तव विधानलक्ष्यः, तत्र तद्धितप्रत्ययस्य स्वार्थान्वयितावच्छेदकधर्मावच्छिन्नवाचकतापर्याप्त्यधिकरणादेवोत्पत्तेः सिद्धान्तितत्वादर्द्धशब्दपूरणप्रत्ययान्तयोरसमासेन स्थितिदशायां कप्रत्ययार्थान्वयिनोऽर्थस्यार्द्धत्वविशिष्टपञ्चमादिरूपस्य वाचकं किमपि नाम नास्तीति सुतरां कप्रत्ययो नोत्पत्स्यते। समासोऽप्यचिरोक्ते समाससंज्ञकपदमवष्टभ्यैकार्थ्येऽवस्थास्यमाने एव भवतीति प्रकृते पञ्चमादिशब्दमात्रस्य सङ्ख्यावत्त्वेन तस्यैव पदान्तरेण शूर्पादिना समासो वक्तव्यः, सोऽपि पञ्चमाद्यर्थनिरूपितशक्तिग्रहप्रयोज्यग्रहविषयीभूतार्द्धपञ्चमशूपार्थनिरूपितशक्तिपर्याप्त्यधिकरणत्वस्यैकार्थ्यघटकस्यार्द्ध शब्दाऽघटिते पञ्चमशूर्पादिशब्दे विरहेणैकार्थ्याभावान्न भविष्यतीत्यतिव्याप्तिरपि विहन्येत।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** अर्ध શબ્દથી પર રહેલા સમાસના અનવયવ સ્વરૂપ पञ्चम વગેરે શબ્દમાં સંખ્યાવત્પણાંનો અતિદેશ થવાથી અતિવ્યાપ્તિદોષ આવે છે, એ પ્રમાણે આપ જે કહો છો એ પણ સંભવિત નથી અર્થાત્ अर्धात् पूरणः સૂત્ર બનાવીશું તો માત્ર पञ्चम વગેરે શબ્દો જ સંખ્યા જેવા થશે. આથી पञ्चम અને शूर्पનો સમાસ થશે તથા पञ्चम શબ્દથી ખરીદવા અર્થનો क પ્રત્યય થશે; પરંતુ अर्धपञ्चम શબ્દ સંખ્યા જેવો ન થવાથી क પ્રત્યય અને સમાસની પ્રાપ્તિ अर्धपञ्चम શબ્દના નિમિત્તે ન થવાથી અતિવ્યાપ્તિ આવે છે.

આપના કહેવા પ્રમાણે આ અતિવ્યાપ્તિદોષ સંભવતો જ નથી. તે આ પ્રમાણે : સમાસના અવયવ સ્વરૂપ अर्ध શબ્દથી પર રહેલ એવા पञ्चम વગેરે શબ્દમાં જ સંખ્યાનો અતિદેશ થાય છે. એ પ્રમાણે अर्धपञ्चम સ્વરૂપ સંખ્યાવાચક શબ્દથી क પ્રત્યય અને સમાસ થાય છે એવું તમારું વિધિનું લક્ષ્ય છે. એટલે કે તમે अर्धपञ्चम સ્વરૂપ સંખ્યાવાચક શબ્દથી જ क પ્રત્યય અને સમાસની વિધિ ઈચ્છો છો. આના અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે, તદ્ધિત પ્રત્યયનો સ્વભાવ જ એવો છે કે અર્થવાનની વાચકતા જે શબ્દમાં રહી હોય તે, વાચકતાથી વિશિષ્ટ એવા અધિકરણ સ્વરૂપ શબ્દથી ઉત્પન્ન થાય છે. દા.ત. राजपुरुष સ્વરૂપ અર્થ તથા તે અર્થવાળો राजपुरुष શબ્દ થશે. આથી राजपुरुष સ્વરૂપ અર્થની વાચકતા राजपुरुष સ્વરૂપ શબ્દમાં આવશે. આમ વાચકતાથી વિશિષ્ટ એવા અધિકરણ સ્વરૂપ राजपुरुष શબ્દથી તદ્ધિતનો પ્રત્યય ઉત્પન્ન થાય છે એવો સિદ્ધાન્ત હોવાથી अर्ध શબ્દ અને પૂરણપ્રત્યયાન્તવાળો શબ્દ જો અસમાસમાં હશે તો તદ્ધિતના क પ્રત્યયની ઉત્પત્તિ અથવા તો સમાસ થઈ શકશે નહીં. કારણ કે क પ્રત્યયની ઉત્પત્તિ માટે अर्धत्व ધર્મથી વિશિષ્ટ એવા पञ्चम વગેરે સ્વરૂપ अर्धपञ्चम વગેરે શબ્દો વાચક તરીકે જણાશે નહીં. માત્ર વાચક તરીકે पञ्चम શબ્દ જ જણાઈ શકશે. આથી क પ્રત્યયની ઉત્પત્તિ अर्धपञ्चमથી થઈ શકશે નહીં.

સમાસ પણ વિલંબ વગર બોલાયેલા સમાસસંજ્ઞાવાળા પદોનું આલંબન લઈને ऐकार्थ्य થયે છતે જ થાય છે. હવે જો पञ्चम વગેરે શબ્દમાત્રનું સંખ્યાવત્પણું થાય તો તે पञ्चम શબ્દનો જ અન્યપદ शूर्प શબ્દ સાથે સમાસ થવા યોગ્ય થશે; પરંતુ पञ्चमशूर्प વગેરે શબ્દોમાં ઈષ્ટ એવું ऐकार्थ्य થતું નથી. આમ ऐकार्थ्यનો અભાવ હોવાથી पञ्चमशूर्प સ્વરૂપ સમાસ થઈ શકશે નહીં. આ સંબંધમાં અમે આ પ્રમાણેનું કારણ જણાવીએ છીએ : पञ्चम વગેરે અર્થથી ઓળખાયેલી શક્તિના નિશ્ચયથી પ્રેરિત એવો अर्धपञ्चम-शूर्प સ્વરૂપ અર્થ થાય તો એવા अर्धपञ्चम શબ્દ સાથે शूर्प શબ્દનો સમાસ થઈ શકશે. આ જ અર્થને જણાવનારી પંક્તિઓ ન્યાસમાં લખી છે. જો अर्धात् पूरणः સૂત્ર બનાવવામાં આવશે અને अर्धपञ्चम શબ્દને સંખ્યા જેવો થાય છે એવું નહીં માનો તો पञ्चम વગેરે અર્થથી ઓળખાયેલી શક્તિના નિશ્ચયથી પ્રેરિત એવો अर्धपञ्चमशूर्प

સ્વરૂપ અર્થ થશે અને એવા અર્થથી ઓળખાયેલી શક્તિવિશિષ્ટનું અધિકરણ अर्धपञ्चमशूर्प શબ્દ થશે. આ अर्धपञ्चमशूर्प શબ્દમાં ऐकार्थ्यના ઘટક એવા બે પદો છે. (૧) अर्धपञ्चम અને (૨) शूर्प શબ્દ; પરંતુ જો पञ्चम વગેરે અર્થથી ઓળખાયેલી શક્તિનો નિશ્ચય હશે તો ऐकार्थ्यના ઘટક એવા अर्धपञ्चम શબ્દમાં अर्ध શબ્દ અઘટિત હોવાથી માત્ર पञ्चमशूर्प શબ્દમાં ऐकार्थ्यનો અભાવ થવાથી સમાસ જ થશે નહીં. માટે અતિવ્યાપ્તિ દોષ પણ આવતો નથી.

**( श०न्यासानु० )** एवमाचार्येणावयविवाचकेन सहावयववाचकानां समासविधित्सयाऽपराऽधरोत्तराणामिव पूर्वशब्दस्यापि "पूर्वापराधरोत्तरमभिन्नेनांशिना" [३.१.५२.] इति समाससूत्रे निवेशं कुर्वता स्पष्टमेवाऽवयवत्वेन वाचकता तस्याऽभ्युपेता, कोषैरपि च सा प्रतीयत इति तन्मार्गमनुसृत्य "अर्द्धपूर्वः पूरणः" इति न्यासकल्पे अर्द्धशब्दः पूर्व आद्यवयवो यस्येत्यर्थकरणे "अर्द्धपूर्वपदः पूरणः" इति न्यासपक्ष इवाऽव्याप्त्यतिव्याप्ती न भविष्यतः । एवं च सति कथमेतौ लघीयोन्यासावुपेक्ष्येते इति चेद् ?

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** કદાચ તમે એમ કહેશો કે अर्धपूर्वः पूरणः આવું સૂત્ર બનાવીશું તો એનાથી अर्ध પૂર્વમાં છે અને પૂરણપ્રત્યયાન્ત નામ અંતમાં છે એવો બોધ નહીં થાય. આથી अर्ध શબ્દ એ अर्धपञ्चम શબ્દનો અવયવ જ છે અર્થાત્ अर्ध શબ્દમાં અવયવપણાંથી જ વાચકતા આવે છે એવું કેવી રીતે જણાય ? એના અનુસંધાનમાં અમે જણાવીએ છીએ કે તમારાવડે જ (આચાર્ય ભગવંતશ્રી હેમચન્દ્રાચાર્યવડે) અવયવી એવા વાચકની સાથે અવયવ વાચકોનો સમાસ ઇચ્છાયો છે. આથી જ अपर, अधर, उत्तर વગેરે શબ્દોની જેમ पूर्व શબ્દમાં પણ "पूर्वापराधरोत्तरम्..." (૩/૧/૫૨) સૂત્રથી અવયવપણાંથી વાચકતા સ્વીકારાયેલી છે તથા કોષોવડે પણ અવયવપણાંથી વાચકતા જણાય જ છે. આથી એ માર્ગને અનુસરીને अर्धपूर्वः पूरणः એવા સૂત્રના પક્ષમાં પણ अर्धपूर्वનો અર્થ "अर्धपूर्वपद છે જેને" એવો કરી શકીશું અને આવો અર્થ જો થઈ શકે તો अर्धपूर्वपदः पूरणः સૂત્રથી જે અર્થની પ્રાપ્તિ થઈ શકે છે, તે જ અર્થની પ્રાપ્તિ अर्धपूर्वः पूरणःથી પણ થઈ શકશે. આથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષો સંભવશે નહીં. આ પ્રમાણે પરિસ્થિતિ હોતે છતે તમે શા માટે નાના સૂત્રની ઉપેક્ષા કરો છો ?

**( श०न्यासानु० )** उच्यते–तद्धितप्रत्ययः स्वार्थान्वयिवाचकनाम्नः परीभूयोत्पद्यत इति हि तव मम च मतम्, तथा च अज–धेनुशब्दयोरसमासतया स्थितौ अजधेनुरूपविशिष्टार्थस्य वाचकं नाम तत्र नोपलभ्येतेत्यकामेनाऽपि "अजादिभ्यो धेनोः" [६.१.३४.] इत्यादिना समासात्मकसमुदायादेव तद्धितप्रत्यय उत्पाद्येतेति तत्र प्रत्ययोद्देश्यत्वं पञ्चम्यन्तपदबोध्यघटिते 'अजधेनु' प्रभृति–शब्दे समुदिते एव युज्यते, यत्र तु सूत्रीयपञ्चम्यन्तविशेषणपदबोध्याघटिते साक्षादुद्देश्यत्वस्वीकारे

न काऽपि दुर्घटना तत्र तथा स्वीक्रियत एव, यथा "पदाद् युग्विभक्त्यैकवाक्ये वस्नसौ बहुत्वे" [२.१.२१.] इत्यत्र वस्नसादेशोद्देश्यत्वं पदादितिपञ्चम्यन्तपदबोध्याऽसहितयोरेव युष्मदस्मदोः, "तृतीयान्तात् पूर्वावरं योगे" [१.४.१३.] इत्यत्र तृतीयान्तादिति बोध्याऽसहितयोरेव पूर्वावरयोः सर्वादित्वनिषेधोद्देश्यत्वम्, परम्परयोद्देश्यत्वं पञ्चम्यन्तपदबोध्येऽपीत्यन्यदेतत्, एवं प्रकृतेऽपि अर्द्धादिति पञ्चम्यन्तपदबोध्याऽसहितस्यैव पूरणप्रत्ययान्तस्य पञ्चमादेः सङ्ख्यावत्त्वं स्यान्न तु समुदितस्यार्द्धपञ्चमादेरिति "अर्द्धात् पूरणः" इति न्यास उपेक्ष्यते।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** આપે अर्धात् पूरणः તથા अर्धपूर्वः पूरणः એમ બંને પ્રકારના સૂત્રોથી અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિ દોષો દૂર કરવાનો પ્રશસ્ય પુરૂષાર્થ કર્યો છે, પરંતુ આ બાબતમાં અમે આપને જણાવવા માગીએ છીએ કે તદ્ધિતનો પ્રત્યય વિશેષણ સ્વરૂપ અર્થ જેને અનુસરે છે એવા સંપૂર્ણ વિશિષ્ટ અર્થના વાચક નામથી ઉત્પન્ન થાય છે, એવું તમે પણ માનો છો અને અમે પણ માનીએ છીએ. આ માન્યતાના સંદર્ભમાં અમે જણાવીએ છીએ કે अज અને धेनु શબ્દ સંબંધી તદ્ધિત પ્રત્યય અંગેની આપત્તિ આપે જે જણાવી હતી, તે બરાબર નથી. જો अज અને धेनु શબ્દ સમાસ વગર હોય તો अजधेनु સ્વરૂપ વિશિષ્ટ અર્થનો વાચક એવું કોઈ વાચક સ્વરૂપ નામ પ્રાપ્ત થશે નહીં. અમારે તો अजधेनु સ્વરૂપ વિશિષ્ટ અર્થને જણાવનાર વાચક એવા अजधेनु સ્વરૂપ નામથી તદ્ધિતનો પ્રત્યય કરવો છે. આ પ્રમાણે અનિચ્છાએ પણअजादिभ्यो धेनोः (૬/૧/૩૪) સૂત્રથી સમાસ સ્વરૂપ સમુદાયથી તદ્ધિત પ્રત્યય ઉત્પન્ન થાય છે, એવું ઇષ્ટ છે. આથી પ્રત્યયનું ઉદ્દેશ્યપણું સૂત્રમાં રહેલા પંચમી પદથી બોધ પ્રાપ્ત કરાતા એવા अजधेनु સ્વરૂપ સમુદાયમાં લાવવું છે. જેથી ઇષ્ટ અર્થની પ્રાપ્તિ થઈ શકે. માટે જ अज અને धेनुની ભિન્ન એવી પંચમી વિભક્તિ હતી તો પણ સમુદાય સ્વરૂપ અર્થ માટે સામાસિક શબ્દમાં જ વાચકતા સ્વીકારી છે; પરંતુ જ્યાં જ્યાં સૂત્રમાં રહેલા પંચમી અંતથી જણાવેલા વિશેષણનો ઉદ્દેશ્ય તરીકે અસ્વીકાર કર્યે છતે કોઈ દોષ ન આવતો હોય ત્યાં બંનેને પૃથગ્ જ સ્વીકારાશે. દા.ત. "पदात् युगविभक्ति..." (૨/૧/૨૧) સૂત્રમાં वस्, नस् સ્વરૂપ આદેશનું ઉદ્દેશ્યપણું पदात् એ પ્રમાણે પંચમી અંત પદથી જણાતાં એવા પૃથગ્ युष्मद् અને अस्मद् શબ્દમાં જ આવે છે. માટે પદ સહિત युष्मद् અને अस्मद्નો वस् અને नस् આદેશ કરવામાં આવતો નથી.

તથા "तृतीयान्तात् पूर्वावरं योगे" (૧/૪/૧૩) સૂત્રમાં પણ सर्वादि નિષેધનું ઉદ્દેશ્ય तृतीयान्तથી ભિન્ન એવા पूर्व અને अवर શબ્દમાં જ પ્રાપ્ત થાય છે. માટે तृतीयान्त નામને पूर्व અને अवर સાથે જોડીને सर्वादिનો નિષેધ કરવામાં આવતો નથી. ભલે तृतीयान्तવાળા નામમાં પરંપરાથી ઉદ્દેશ્યપણું પ્રાપ્ત થાય, એમાં અમને કોઈ સમસ્યા નથી. એ જ પ્રમાણે ચાલુ પ્રકરણમાં પણ જો अर्धात् पूरणः સૂત્ર બનાવશો તો સંખ્યાવત્પણાંના ઉદ્દેશ્ય તરીકે પંચમી અંતવાળા अर्ध પદ વિના

જ पञ्चम વગેરે શબ્દનું સંખ્યાવત્પણું થશે, પરંતુ સમુદિત એવા अर्धपञ्चम શબ્દનું સંખ્યાવત્પણું થશે નહીં. માટે જ અમે अर्धात् पूरणः સૂત્રની ઉપેક્ષા કરી છે.

**( श०न्यासानु० )** यदि केवलस्य पञ्चमादेः सङ्ख्यावत्त्वे प्रकृतेऽप्युक्तदिशा कप्रत्ययसमासयोरसिद्धिरूपा दुर्घटनाऽस्त्येवेति "अजादिभ्यो धेनोः" [६.१.३४.] इत्यादाविव समुदिते एव सङ्ख्यावत्त्वातिदेशोद्देश्यत्वं ब्रूयाः, तदा स्पष्टप्रतिपत्त्यर्थमेव तन्न्यासाऽनादरेण "अर्द्धपूर्वपदः पूरणः" इति न्यासमङ्गीकुरु । 'अर्द्धात् पूरणः' इति न्यासे हि केवलस्य पूरणप्रत्ययान्तस्य पञ्चमशब्दादेः सङ्ख्यावत्त्वातिदेशेऽपि पूर्वोक्तेन 'स्वार्थान्वयितावच्छेदकधर्मावच्छिन्नवाचकतापर्याप्त्यधिकरणादेव तद्धितोत्पत्तिः' इति नियमेन कप्रत्ययस्य ऐकार्थ्यविरहेण समासस्य च प्राप्तिर्नास्तीति द्वयोरप्यतिदेशफलयोरसिद्धेः सूत्रं व्यर्थमेव स्यादतः "अजादिभ्यो धेनोः" [६.१.४४.] इत्यत्रेव समुदितस्य (अर्द्धपूर्वपदकपूरणप्रत्ययान्तोत्तरपदकस्य) अतिदेशो ज्ञाप्य इति महताऽनुसन्धानेन व्याप्येत सूत्रजो बोध इत्यस्पष्टा प्रतिपत्तिरितो न्यासात्, 'अर्द्धपूर्वपदः पूरणः' इति न्यासे तु न तादृशमनुसन्धानं व्याप्नोतीति ततः स्पष्टा प्रतिपत्तिरिति तात्पर्यम् । अत एव वार्तिककारेणापि "अर्द्धपूर्वपदश्च पूरणप्रत्ययान्तः" इति न्यास एवोपनिबद्धः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** માત્ર पञ्चम વગેરે શબ્દને જ સંખ્યા જેવો ગણવામાં આવશે તો ખરીદવા અર્થનો क પ્રત્યય અને સમાસની અસિદ્ધિ થશે. જો એમ થાય તો अजादिभ्यो धेनोः સૂત્રની જેમ અહીં પણ (अर्धात् पूरणः સૂત્રમાં પણ) બંને પૃથક્ પંચમીને અભિન્ન કરીને સંખ્યાવત્‌ના અતિદેશના ઉદ્દેશ્ય તરીકે કહેવી જોઈએ, જેથી કોઈ આપત્તિ આવશે નહીં.

**ઉત્તરપક્ષ :-** જો આ પ્રમાણે તમે કહેશો તો તે સૂત્રનો અનાદર કરવાવડે સ્પષ્ટ બોધ થાય એ પ્રયોજનથી "अर्धपूर्वपदः पूरणः" સૂત્ર જ તમારે સ્વીકારવું જોઈએ. જો માત્ર अर्धात् पूरणः સૂત્ર જ બનાવવામાં આવશે તો માત્ર "पूरणप्रत्ययान्त पञ्चम" શબ્દનું જ સંખ્યાવત્પણું થશે અને તેમ થાય તો આગળ કહેલ તદ્ધિતના સ્વભાવ સંબંધી સિદ્ધાંતથી તદ્ધિત પ્રત્યયની ઉત્પત્તિ નહીં થાય. આથી ખરીદવા અર્થમાં क પ્રત્યયની પ્રાપ્તિ નહીં આવે તથા ઐકાર્થ્યનો વિરહ હોવાથી સમાસની પ્રાપ્તિ પણ નહીં થાય. આ પ્રમાણે બંને આપત્તિ આવતી હોવાથી "अर्धात् पूरणः" સૂત્ર વ્યર્થ થશે. આથી "अजादिभ्यो धेनोः" (૬/૧/૩૪) સૂત્રની જેમ અહીં પણ સમુદાય સ્વરૂપ શબ્દમાં જ સંખ્યાવત્પણાંનો બોધ કરવો જોઈએ. એ પ્રમાણે ઘણાં પ્રયત્નથી બોધની પ્રાપ્તિ થઈ શકશે. આમ નાના સૂત્રથી અસ્પષ્ટબોધ થવાથી તથા "अर्धपूर्वपदः पूरणः" એ પ્રમાણેના સૂત્રમાં પ્રયત્ન ન કરવો પડતો હોવાથી સ્પષ્ટ બોધ થઈ શકશે. આથી વાર્તિકકારવડે પણ (કાત્યાયન નામના વૈયાકરણી થઈ ગયા, તેમનું બીજું નામ વરરુચિ પણ હતું. તેમણે પાણિનિના વ્યાકરણ

ઉપર વાર્તિકો લંખ્યા છે. આથી તેઓ વાર્તિકકાર કહેવાયા છે.) "अर्धपूर्वपदः च पूरणप्रत्ययान्तः" એ પ્રમાણે વાર્તિકની જ રચના કરાઈ છે.

**( श०न्यासानु० )** क्वचिदवयववाचकतया प्रयोगो यदि दृश्यते पूर्वशब्दस्य, तदा लक्ष्यानुरोधात् प्रकृतेऽप्यवयववाचकत्वाङ्गीकारेणार्द्धशब्दाद्यवयवकस्यार्द्धपञ्चमादिशब्दस्येष्टं सङ्ख्यावत्त्वं भविष्यत्येवेति यद्युच्येत, तदाऽपि 'अर्द्धपिप्पलीपञ्चम'शब्दादेरर्द्धशब्दपूर्वावयवकत्वेन सङ्ख्यावत्त्वातिव्याप्तिः केनाप्युपायेन न परिहरणीयेति निराकरणीय एव 'अर्द्धपूर्वः पूरणः' इति न्यासः । इत्थं च निरन्तरायः "अर्द्धपूर्वपदः पूरणः" इत्येव न्यासो युक्त इत्याह-**अर्द्धपूर्वपद** इति । नन्वेतन्न्यासाश्रयणेऽपि पूर्वशब्दस्यानवयववाचकत्वाङ्गीकारे पूर्वोक्तरीत्या अर्द्धशब्दात् परस्य केवलस्य पञ्चमादिशब्दस्यैवातिद्रेश इति पुनरपीष्टौ कप्रत्यय-समासौ न तत्र सिद्ध्येताम्, अवयववाचकत्वाश्रयणे अर्धपिप्पलीपञ्चमादिशब्देऽतिदेशप्रसक्तिरिति 'अर्द्धपूर्वः पूरणः' इति न्यासपक्षे आपतन् दोषसमूह इहापि न रुद्ध्यत इत्यत आह-**समासावयवभूते पदे** इति । **प्रसिद्धिः**-रूढिरित्यर्थः, अत्र पूर्वपदशब्दस्य समासाद्यवयवपदे उत्तरपदशब्दस्य समासचरमावयवपदे रूढिरिति विवेको ज्ञेयः, न तु समासावयवमात्रे रूढिः ।

**અનુવાદ :- પૂર્વપક્ષ :-** ક્યાંક તમારા કહેવા પ્રમાણે પૂર્વ શબ્દનો અવયવ વાચકપણાંથી પ્રયોગ દેખાય છે. તેથી અમે "अर्धपूर्वः पूरणः" સૂત્ર બનાવીશું અને ત્યારે લક્ષ્યના વશથી અવયવવાચક એવા પૂર્વપદનો સ્વીકાર થતો હોવાથી આદ્ય અવયવવાળા એવા "अर्धपञ्चम" વગેરે શબ્દમાં સંખ્યાવત્પણું થઈ જ જશે.

**ઉત્તરપક્ષ :-** એવું તમે કહેતાં હો તો "अर्धपिप्पलीपञ्चम" શબ્દમાં પણ अर्ध શબ્દ પૂર્વ અવયવવાળો થાય છે. આથી "अर्धपिप्पलीपञ्चम" શબ્દ પણ સંખ્યા જેવો થવાની આપત્તિ આવે છે, જે કોઈપણ ઉપાયથી દૂર કરી શકાતી નથી .માટે "अर्धपूर्वः पूरणः" સૂત્ર ત્યાગ કરવા યોગ્ય જ છે. આથી જ અમે "अर्धपूर्वपदः पूरणः" સ્વરૂપવાળા સૂત્રનું જ આલંબન લીધું છે.

**પૂર્વપક્ષ :-** જો તમે "अर्धपूर्वपदः पूरणः" સૂત્રનું આલંબન લેશો તો પૂર્વ શબ્દ અવયવવાચક સ્વીકારવો કે અનવયવવાચક સ્વીકારવો, એવી બે શક્યતાઓ ઊભી થશે. હવે અવયવવાચક એવો પૂર્વ શબ્દ સ્વીકારશો તો "अर्धपञ्चम" વગેરે શબ્દમાં સંખ્યાવત્પણાંનો અતિદેશ થઈ શકશે; પરંતુ અનવયવવાચક એવો પૂર્વ શબ્દ સ્વીકારવામાં આવશે તો અગાઉ કહેલી પદ્ધતિથી જ अर्ध શબ્દથી પર માત્ર पञ्चम વગેરે શબ્દ જ સંખ્યા જેવો થશે. તેથી ઇષ્ટ એવા क પ્રત્યય અને સમાસની સિદ્ધિ નહીં થઈ શકે. વળી પૂર્વ શબ્દને અવયવવાચક તરીકે સ્વીકારવામાં આવશે તો "अर्धपिप्पलीपञ्चम" સ્વરૂપ સામાસિક શબ્દમાં પણ अर्ध શબ્દ અવયવસ્વરૂપે હોવાથી સંપૂર્ણ

"अर्धपिप्पलीपञ्चम" શબ્દ જ સંખ્યા જેવો થઈ જશે. આથી જેવી આપત્તિ "अर्धपूर्वः पूरणः"માં આવતી હતી એવી જ આપત્તિ આપના "अर्धपूर्वपदः पूरणः" (૧/૧/૪૨) સૂત્રમાં પણ આવે છે.

**ઉત્તરપક્ષ :-** ઉપરોક્ત સંશયોનો અવકાશ હતો. માટે જ બૃહદ્વૃત્તિ ટીકામાં અમે આ પ્રમાણે અર્થ કર્યો છે. સમાસના અવયવભૂત એવા પદમાં પૂર્વપદ અને ઉત્તરપદની પ્રસિદ્ધિ છે, એ પ્રમાણે અર્થ જાણવો. અહીં પૂર્વપદ શબ્દની સમાસના આદ્ય અવયવ પદમાં પ્રસિદ્ધિ છે તથા ઉત્તરપદ શબ્દની સમાસના ચરમ અવયવ પદમાં પ્રસિદ્ધિ છે એટલો વિવેક જાણવા યોગ્ય છે; પરંતુ સમાસના અવયવમાત્રમાં પ્રસિદ્ધિ નથી.

**( श०न्यासानु० )** तथा च वृत्तिघटकपदाभिव्यक्तिक्षणध्वंसाधिकरणक्षणाऽवृत्तित्वसहितवृत्तिघटकपदाभिव्यक्तिक्षणप्रागभावाधिकरणक्षणवृत्तित्वविशिष्टस्यैव रूढ्या पूर्वपदशब्दप्रतिपाद्यतया अर्द्धपञ्चमप्रभृतिशब्दानां सङ्ग्रहः, पिप्पल्यर्द्धपञ्चमशब्दादेरसङ्ग्रहश्च सिद्ध्यतः, समासावयवमात्ररूढत्वे तु 'अर्द्धशब्दावयवके पूरणप्रत्ययान्तघटितेऽतिदेशः स्याद्' इत्यर्थस्य फलितार्थत्वेन पिप्पल्यर्द्धपञ्चमादावतिदेशो दुर्निवारः स्यात् ।

**અનુવાદ :-** હવે આચાર્ય ભગવંતશ્રી (ન્યાસનું અનુસંધાન કરનાર પૂજ્ય લાવણ્યસૂરીશ્વરજી મ.સા.) પૂર્વપદની નવ્ય ન્યાયની પદ્ધતિથી વ્યાખ્યા જણાવે છે. સામાસિક શબ્દને વૃત્તિ કહેવાય છે. આવી વૃત્તિના અવયવ સ્વરૂપ બે પદો હોય છે. હવે જે પદમાં નીચે કહેલી વ્યાખ્યા ઘટી શકશે તે પદને પૂર્વપદ કહેવાશે. વૃત્તિઘટક એવા પદની અભિવ્યક્તિ ક્ષણના ધ્વંસના અધિકરણ ક્ષણનું અવૃત્તિત્વ જે ક્ષણમાં હશે તે જ ક્ષણમાં વૃત્તિઘટક પદની અભિવ્યક્તિ ક્ષણના પ્રાગભાવની અધિકરણ ક્ષણ રહેલી હશે તો તે રૂઢિથી પૂર્વપદ શબ્દથી પ્રતિપાદન કરી શકાશે. આ વ્યાખ્યા પ્રમાણે अर्धपञ्चम વગેરે શબ્દોમાં પૂર્વપદપણાંનો વ્યવહાર अर्ध શબ્દમાં થઈ શકવાથી अर्धपञ्चम શબ્દને સંખ્યા જેવો કહી શકાશે.

આ નવ્યન્યાય સંબંધી પૂર્વપદની વ્યાખ્યાને ઉદાહરણ દ્વારા સમજીએ. राज्ञः पुरुषः=राजपुरुषः સ્વરૂપ સમાસ થાય છે.અહીં राज પદમાં પૂર્વપદની પ્રસિદ્ધિ થઈ છે. તે આ પ્રમાણે થશે : राजपुरुष સ્વરૂપ વૃત્તિના ઘટક બે પદો છે. राजन् અને બીજું પદ पुरुषः. હવે राजन् પદનું ઉચ્ચારણ જ્યારે થતું હોય તે સમયે વૃત્તિના ઘટક એવા राजन् પદની અભિવ્યક્તિક્ષણ હોય છે. આથી તે સમયે અભિવ્યક્તિક્ષણનો ધ્વંસ કહેવાશે નહીં. આથી તે ક્ષણ અભિવ્યક્તિક્ષણના ધ્વંસનું અધિકરણ થશે નહીં તથા એ राज પદમાં જ पुरुषપદની અભિવ્યક્તિક્ષણનો પ્રાગભાવ રહે છે. આથી ધ્વંસઅધિકરણક્ષણઅવૃત્તિત્વ સહિત અભિવ્યક્તિક્ષણ પ્રાગભાવ અધિકરણક્ષણવૃત્તિત્વવાળી राज પદની અભિવ્યક્તિની ક્ષણ થશે અને આ ક્ષણને રૂઢિથી પૂર્વપદની ક્ષણ કહેવાશે. पुरुषः પદમાં ઉપર મુજબની વ્યાખ્યા રહેશે નહીં. તે આ પ્રમાણે છે : पुरुषः પદનું જ્યારે ઉચ્ચારણ થઈ રહ્યું

હોય ત્યારે તે અભિવ્યક્તિક્ષણમાં ધ્વંસઅધિકરણક્ષણનું અવૃત્તિત્વ છે એટલે કે पुरुषः પદની અભિવ્યક્તિક્ષણના ધ્વંસની અધિકરણક્ષણ નથી થતી. વળી આ ક્ષણમાં राज પદની અભિવ્યક્તિ થઈ ગઈ હોવાથી राज પદ સંબંધી ધ્વંસની અધિકરણક્ષણ રહે છે; પરંતુ પ્રાગભાવ અધિકરણક્ષણનું વૃત્તિપણું રહેતું નથી, તેથી पुरुष પદને પૂર્વપદ કહી શકાશે નહીં.

પૂર્વપદની ઉપરોક્ત વ્યાખ્યા કરવાથી पिपल्यर्धपञ्चम શબ્દનો અસંગ્રહ સિદ્ધ થશે. તે આ પ્રમાણે અસિદ્ધ થશે. અહીં ત્રણ પદો છે पिप्पली, अर्ध તેમજ पञ्चम. મધ્યમાં રહેલા अर्ध શબ્દમાં પૂર્વપદની વ્યાખ્યા ઘટી શકતી નથી. મધ્યમાં જે अर्ध શબ્દ રહ્યો છે, તેમાં સમાસના અવયવ સ્વરૂપ पञ्चम શબ્દની અભિવ્યક્તિક્ષણનો પ્રાગભાવ રહ્યો છે. આથી अर्ध પદમાં પ્રાગભાવના (पञ्चमપદ અભિવ્યક્તિક્ષણનો પ્રાગભાવ) અધિકરણક્ષણનું વૃત્તિત્વ છે તથા તે જ अर्ध પદમાં अर्ध પદની અભિવ્યક્તિક્ષણનો ધ્વંસ રહેતો નથી. આથી ધ્વંસઅધિકરણક્ષણનું અવૃત્તિત્ત્વ હોવાથી માત્ર अर्ध પદ પૂર્વપદ તરીકે ગણાશે. પરંતુ पिप्पली સહિતનું अर्ध પદ પૂર્વપદ ગણાશે નહીં; કારણ કે તે पिप्पली પદની અભિવ્યક્તિક્ષણના ધ્વંસનું અધિકરણ થઈ જશે. આમ વૃત્તિઘટક પદની અભિવ્યક્તિક્ષણના ધ્વંસ સંબંધી અધિકરણક્ષણનું વૃત્તિત્ત્વ રહ્યું હોવાથી पिप्पली પછી રહેલો अर्ध શબ્દ પૂર્વપદ બની શકશે નહીં.

સમાસના અવયવમાત્રમાં જો પૂર્વપદની સંજ્ઞા પ્રસિદ્ધ હશે, તો अर्ध શબ્દ અવયવવાળા સામાસિક શબ્દમાં પૂર્વપદની સંજ્ઞા પ્રસિદ્ધ થશે. આમ થવાથી पिप्पलीअर्धपञ्चम સ્વરૂપ સામાસિક શબ્દમાં पिप्पलीअर्धम् શબ્દ अर्ध શબ્દ સ્વરૂપ અવયવવાળો કહેવાશે, જે આખો શબ્દ પૂર્વપદ બનશે તથા पञ्चम શબ્દ ઉત્તરપદ બનશે. આમ થતાં पिप्पलीअर्धपञ्चम શબ્દ સંખ્યા જેવો બની જવાની આપત્તિ આવશે. આના અનુસંધાનમાં જ ગ્રંથકારે ન્યાસમાં પંક્તિઓ લખી છે કે पिप्पलीअर्धपञ्चम વગેરેમાં અતિદેશ દુઃખેથી નિવારણ કરી શકાશે.

**( श०न्यासानु० )** नन्वेवं पिप्पल्यर्द्धपञ्चमशब्दघटकेऽर्द्धशब्दे वृत्तिघटकपञ्चमशब्दाभिव्यक्ति-प्रागभावाधिकरणक्षणवृत्तित्वेऽपि वृत्तिघटकपिप्पलीशब्दाभिव्यक्तिक्षणध्वंसाधिकरणक्षणाऽवृत्ति-त्वाभावेन परिष्कृतपूर्वपदत्वाभावात् समुदिते पिप्पल्यर्द्धपञ्चमशब्देऽतिदेशस्य वारणेऽपि अर्द्ध-पिप्पलीपञ्चमशब्दस्य वारणं न जातम्, तत्राप्यऽर्द्धशब्दस्य निरुक्तपूर्वपदत्वादिति चेद् ।

**पूर्वपक्ष :-** આ પ્રમાણે पिप्पलीअर्धपञ्चम સ્વરૂપ સામાસિક શબ્દોના અવયવ એવા अर्ध શબ્દમાં વૃત્તિના અવયવ સ્વરૂપ पञ्चम શબ્દની અભિવ્યક્તિનો પ્રાગભાવ રહ્યો હોવાથી पञ्चम શબ્દ અભિવ્યક્તિના પ્રાગભાવનું અધિકરણ વૃત્તિત્વ રહ્યું છે; પરંતુ આ જ अर्ध શબ્દમાં पिप्पली શબ્દની અભિવ્યક્તિક્ષણનો ધ્વંસ પણ રહ્યો છે. આથી અભિવ્યક્તિક્ષણના ધ્વંસ સંબંધી અધિકરણક્ષણની અવૃત્તિત્વનો અભાવ હોવાથી પરિભાષાથી પ્રાપ્ત થયેલ પૂર્વપદપણાંનો અભાવ

થાય છે. આથી पिप्पलीअर्धपञ्चम શબ્દમાં તો સંખ્યાનો અતિદેશ થઈ શકશે નહીં; પરંતુ अर्धपिप्पलीपञ्चम શબ્દમાં રહેલાં अर्ध પદમાં પૂર્વપદની વ્યાખ્યા (પરિભાષા) સંગત થતી હોવાથી સંખ્યાનો અતિદેશ થઈ શકશે, જે ખરેખર ઇષ્ટ નથી. કારણ કે ત્યાં પણ अर्ध શબ્દનું પૂર્વપદપણું જ છે.

**(श०न्यासानु०)** न-यां वृत्तिमादाय कप्रत्ययादिश्चिकीर्षितस्तामेवादाय पूर्वपदत्वस्याऽर्द्धशब्दे पर्याप्तिसत्त्वेऽतिदेशस्येष्टत्वेनार्द्धपिप्पलीपञ्चमशब्दघटकेऽर्द्धशब्दे कप्रत्ययविधानावध्यर्द्धपिप्पली-पञ्चमरूपवृत्तिघटकपदाभिव्यक्तिक्षणध्वंसाधिकरणक्षणाऽवृत्तित्वसत्त्वेऽपि पर्यवसाने समास-सूत्रीयप्रथमान्तपदनिर्दिष्टतापर्याप्त्यधिकरणत्वविरहेण तत्र तादृशवृत्तिघटकपदाभिव्यक्तिक्षणप्राग-भावाधिकरणक्षण वृत्तिताया अभावात्, 'वृत्तिघटकपद' शब्देन हि तत्समासशास्त्रीयेण प्रथमा-न्तपदेन तृतीयान्तपदेन वा निर्दिष्टतायाः पर्याप्त्यधिकरणं गृह्यते, तच्च अर्द्धपिप्पलीपञ्चम-वृत्तावर्द्धपिप्पलीरूपं पञ्चमरूपं च, न तु पिप्पलीमात्रमिति न तदादायार्द्धशब्दे पूर्वपदत्वम्। न च वृत्तिघटकपञ्चमशब्दाभिव्यक्तिप्रागभावाधिकरणक्षणवृत्तितापर्याप्तेरर्द्धपिप्पलीशब्द इव केवलार्द्धशब्देऽपि सत्त्वानिरुक्तं पूर्वपदत्वं तत्रास्त्येवेति वाच्यम्, समासशास्त्रीयप्रथमान्तपद-निर्दिष्टतापर्याप्त्यधि करणपर्याप्तत्वेनैव पूर्वपदत्वादिव्यवहारस्य दृष्टतयाऽर्द्धशब्दे तादृशवृत्तिता-पर्याप्तेः सत्त्वेऽपि समासशास्त्रीयप्रथमान्तपदनिर्दिष्टतापर्याप्तेस्तत्र विरहेण पूर्वपदत्वव्यवहारा-भावात्।

**અનુવાદ :- ઉત્તરપક્ષ :-** अर्धपञ्चम શબ્દને સંખ્યા જેવો ગણવામાં આવે તો अर्ध પૂર્વપદમાં છે એવી પૂરણપ્રત્યયાન્તવાળી વૃત્તિ મળશે અને વૃત્તિઘટક अर्ध પદમાં પૂર્વપદની પરિભાષા સિદ્ધ થઈ શકશે. આથી अर्ध શબ્દ પૂર્વપદમાં છે એવું પૂરણપ્રત્યયાન્ત નામ જે अर्धपञ्चम છે તે સંખ્યા જેવું થઈ જશે અને આવા अर्धपञ्चम શબ્દથી ખરીદવા અર્થમાં क પ્રત્યય વગેરે થશે; પરંતુ તમે આપત્તિ આપવા માટે अर्धपिप्पलीपञ्चम વૃત્તિને ગ્રહણ કરી છે તથા તે વૃત્તિને ગ્રહણ કરીને अर्ध શબ્દમાં પૂર્વપદપણાંની સિદ્ધિ કરો છો; પરંતુ જે વૃત્તિને ગ્રહણ કરીને क પ્રત્યય વગેરે કરવાને ઇચ્છાયેલ હોય તે વૃત્તિને ગ્રહણ કરીને પૂર્વપદપણાંનો अर्ध શબ્દમાં આરોપ કરવો જોઈએ. अर्धपञ्चम વૃત્તિને ગ્રહણ કરી હોય તો अर्ध શબ્દમાં પૂર્વપદપણાંનો આરોપ થઈ શકશે; પરંતુ अर्धपिप्पलीपञ्चम સ્વરૂપ વૃત્તિને ગ્રહણ કરી હોય અને अर्ध શબ્દમાં પૂર્વપદપણાંનો આરોપ કરો તો તે બરાબર નથી. આવી વૃત્તિ હોય ત્યારે તો अर्धपिप्पलीપદમાં પૂર્વપદપણાંનો આરોપ થઈ શકે. હવે अर्धपिप्पली પદ જો પૂર્વપદ બની જાય તો આ સૂત્રથી જરૂરી હતો अर्ध શબ્દ પૂર્વપદમાં, અને લાવવામાં આવ્યો अर्धपिप्पली શબ્દ પૂર્વપદમાં; આથી સૂત્રની શરત પ્રમાણે अर्ध શબ્દ

પૂર્વપદમાં છે જ નહીં. માત્ર अर्धपिप्पली શબ્દ પૂર્વપદમાં છે. આથી તમારી આપેલી આપત્તિ અમારા માટે મુશ્કેલી રૂપ છે જ નહીં.

ઉપરોક્ત તાત્પર્યને અમે પંક્તિઓ દ્વારા ખોલવા પ્રયત્ન કરીએ છીએ. જે વૃત્તિને ગ્રહણ કરીને क પ્રત્યય વગેરે કરવાને ઇચ્છાયેલ હોય તે જ વૃત્તિને ગ્રહણ કરીને પૂર્વપદ સંબંધી अर्ध શબ્દમાં વિશિષ્ટ બુદ્ધિ રહી શકે છે તથા તેવા अर्ध પૂર્વપદવાળા અને પૂરણપ્રત્યયાન્તવાળા નામોમાં સંખ્યાવત્‌નો અતિદેશ ઇચ્છાયો છે; પરંતુ अर्धपिप्पलीपञ्चम સ્વરૂપ વૃત્તિના ઘટક એવા अर्ध શબ્દમાં પૂર્વપદ સંજ્ઞા પરિભાષા દ્વારા થઈ શકતી નથી. તે આ પ્રમાણે : अर्धपिप्पलीपञ्चम સ્વરૂપ વૃત્તિના ઘટક ત્રણ પદો છે. अर्ध, पिप्पली તથા पञ्चम. હવે अर्ध શબ્દમાં કોઈપણ પદની અભિવ્યક્તિક્ષણનો ધ્વંસ રહેતો નથી. આથી अर्धपञ्चमપદમાં અભિવ્યક્તિક્ષણના ધ્વંસની અધિકરણક્ષણ અવૃત્તિ છે. આ પ્રમાણે પૂર્વપદની વ્યાખ્યા પ્રમાણે એક લક્ષણ ઘટી શકે છે; પરંતુ આ अर्ध પદમાં સમાસસૂત્ર સંબંધી પ્રથમાન્ત પદ દ્વારા બતાવાયેલ એવા વિશિષ્ટ અધિકરણપણાંનો વિરહ હોવાથી એવા સમાસ સંબંધી ઉત્તરપદ पञ्चमપદ છે, તે पञ्चमપદની અભિવ્યક્તિક્ષણના પ્રાગભાવનો પણ અભાવ છે. માટે પરિભાષાથી પ્રાપ્ત થતું એવું બીજું લક્ષણ अर्धપદમાં ઘટતું નથી. આમ હોવાથી જ अर्धपिप्पलीपञ्चम સ્વરૂપ વૃત્તિમાં સંખ્યાનો અતિદેશ થઈ શકતો નથી.

વૃત્તિઘટક પદ શબ્દથી તે સમાસશાસ્ત્ર સંબંધી પ્રથમાન્તપદથી અથવા તો તૃતીયાન્તપદથી બતાવાયેલાનું વિશિષ્ટ અધિકરણ ગ્રહણ કરાશે. જે अर्धपिप्पलीपञ्चम વૃત્તિમાં અનુક્રમે अर्धपिप्पली સ્વરૂપ અને पञ्चम સ્વરૂપ છે; પરંતુ માત્ર पिप्पली નથી કે જેને ગ્રહણ કરીને अर्ध શબ્દમાં પૂર્વપદપણું પ્રાપ્ત થઈ શકે.

**પૂર્વપક્ષ :-** अर्धपिप्पलीपञ्चम સ્વરૂપ વૃત્તિમાં રહેલા अर्धपिप्पली પદમાં જેમ पञ्चम શબ્દની અભિવ્યક્તિનો પ્રાગભાવ મળે છે અર્થાત્ अर्धपिप्पली શબ્દ જેમ पञ्चम શબ્દના પ્રાગભાવનું અધિકરણ બને છે તેમ માત્ર अर्ध પદમાં પણ पञ्चम પદના પ્રાગભાવનું અધિકરણપણું છે જ. માટે अर्ध શબ્દમાં પરિભાષાથી નિષ્પન્ન એવું પૂર્વપદપણું પ્રાપ્ત થશે જ.

**ઉત્તરપક્ષ :-** સમાસશાસ્ત્ર સંબંધી પ્રથમાન્તપદથી બતાવાયેલ એવા પદમાં જ પૂર્વપદપણાંનો વ્યવહાર દેખાય છે. આથી अर्ध શબ્દમાં ભલે તમે કહેલા पञ्चमપદના પ્રાગભાવનું અધિકરણપણું થાય; પરંતુ સમાસશાસ્ત્ર સંબંધી પ્રથમાન્તપદથી બતાવાયેલા એવા વિશિષ્ટ અધિકરણપણાંનો અભાવ હોવાથી પૂર્વપદપણાંના વ્યવહારનો અભાવ થાય છે.

**(श०न्यासानु०)** "पूरणोऽर्द्धपूर्वपदः" इति न्यासे मात्राकृतलाघवस्य सत्त्वेऽपि विशेषण-पदस्य पूर्वप्रयोगः सति सम्भवे न्याय्य इत्यर्द्धपूर्वपदशब्द एव पूर्वमुपात्तः । पूर्यतेऽनेनेति पूरणः, तदर्थकप्रत्ययोऽपि पूरणः, प्रत्ययस्य प्रकृत्यविनाभावित्वात् प्रकृतेराक्षेपे "प्रत्ययः प्रकृत्यादेः"

[७.४.११५.] इति प्रत्ययस्य विशेषणत्वे "विशेषणमन्तः" [७.४.११३.] इति विशेषणस्यान्तत्वे लब्धमर्थमाह-**पूरणप्रत्ययान्तः शब्द** इति-यद्यपि पूरणशब्दस्य पूरणप्रत्ययान्तेत्यर्थकरणेऽपि न्यूनाधिकग्रहणाभावेन 'पञ्चम' इत्येतन्मात्रस्य ग्रहणं प्रसज्यते, तथाऽपि केवलपञ्चमादिशब्देऽप्यर्द्धशब्दस्य पूर्वपदत्वमसम्भवीति सामर्थ्याद् 'अर्द्धपूर्वपदकः पूरणप्रत्ययान्तोत्तरपदकः सङ्ख्यावद् भवति' इति सूत्रार्थो निष्पद्यत इति सर्वं सुविशदम् ।

**અનુવાદ :-** અમે अर्धपूर्वपदः पूरणः સૂત્ર બનાવ્યું છે, એને બદલે "पूरणोऽर्धपूर्वपदः" એ પ્રમાણે સૂત્ર બનાવવામાં આવે તો એક માત્રાવડે કરાયેલું લાઘવ થાય છે, પણ વિશેષણ પદનો પૂર્વમાં પ્રયોગ સંભવ હોય તો તેવો જ પ્રયોગ વધારે યોગ્ય છે, એવો સિદ્ધાન્ત હોવાથી અમે માત્રાલાઘવને ગૌણ કરીએ છીએ અને એ પ્રમાણે अर्धपूर्वपदः શબ્દ જ પૂર્વમાં ગ્રહણ કર્યો છે.

હવે पूरणप्रत्ययान्त શબ્દ જે બૃહદ્‌વૃત્તિટીકામાં લખ્યો છે એના સંબંધમાં આચાર્ય ભગવંતશ્રી જણાવે છે : 'પૂરાય છે જેનાવડે' એ અર્થમાં "पृ" ધાતુથી कित् એવો अन પ્રત્યય લાગતાં पूरणः શબ્દ પ્રાપ્ત થાય છે તથા તે અર્થવાળો પ્રત્યય પણ पूरणः કહેવાય છે. હવે પ્રત્યય પ્રકૃતિ વિના ન રહી શકતો હોવાથી તે પ્રત્યય (૭/૪/૧૧૫) સૂત્રની પરિભાષાથી પ્રકૃતિને ગ્રહણ કરે છે. આથી પ્રત્યયનું વિશેષણપણું થાય છે અને "विशेषणमन्तः" (૭/૪/૧૧૩) પરિભાષાના સૂત્રથી વિશેષણનું અંતપણું પ્રાપ્ત થવાથી પ્રાપ્ત થતાં અર્થને ગ્રંથકાર બૃહદ્‌વૃત્તિમાં કહે છે. જે આ પ્રમાણે છે : "पूरणप्रत्ययान्तः शब्दः इति ।" જો કે पूरण શબ્દનો પૂરણપ્રત્યયાન્ત એવો અર્થ કર્યે છતે પણ ન્યૂનાધિક ગ્રહણનો અભાવ હોવાથી पञ्चम એટલા-માત્રનું જ ગ્રહણ થાય છે; પરંતુ માત્ર पञ्चम વગેરે શબ્દમાં પણ अर्ध શબ્દ સંબંધી પૂર્વપદપણું સંભવતું નથી. આથી સંબંધવિશેષથી अर्ध પૂર્વપદવાળો પૂરણપ્રત્યયાન્ત ઉત્તરપદવાળો શબ્દ સંખ્યા જેવો થાય છે; એ પ્રમાણે સૂત્રનો અર્થ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે બધું જ નિર્દોષ છે.

**( श०न्यासानु० )** निमित्तिविशेषोपादानाद् 'अध्यर्द्ध' इत्यस्य निवृत्तावपि शेषमनुवर्तते निवर्तकाभावादित्याह-**कप्रत्यय** इत्यादि । पञ्चानां सङ्ख्यानां पूरणमिति पञ्चमम्, अर्द्धं पञ्चमं येषु तेऽर्द्धपञ्चमाः, अर्द्धपञ्चमैः क्रीतमिति **अर्द्धपञ्चमकम्,** अत्र "सङ्ख्या-डतेश्चा०" [६.४.१३०.] इति कप्रत्ययः । अर्द्धपञ्चमैः शूर्पैः क्रीतमिति **अर्द्धपञ्चमशूर्पम्,** अत्रार्द्धपञ्चमशब्दस्य सङ्ख्याशब्दत्वात् क्रीतार्थे विधीयमानस्य इकणो विषयत्वाच्च "सङ्ख्या समाहारे च०" [३.१.९९.] इति द्विगुसमासः, इकणश्च द्विगोरार्हदर्थे जातत्वात् "अनाम्न्यद्विः प्लुप्" [६.४.१४१.] इति लुब् भवति । क-समास इति वचनाद् धादिविधाविदं न प्रवर्तते ।

**અનુવાદ :-** નિમિત્તિવિશેષનું આ સૂત્રમાં ગ્રહણ કર્યું હોવાથી આગળના સૂત્રના નિમિત્તિ

अध्यर्ध શબ્દની નિવૃત્તિ થાય છે, તો પણ બાકીની અનુવૃત્તિ નીચે આવે છે. કારણ કે બાકીનાને નિવૃત્ત કરી શકે એવાનો અભાવ હોવાથી જ તેઓ બૃહદ્‌વૃત્તિટીકામાં કહે છે કે 'क પ્રત્યય પર છતાં અને સમાસના વિષયમાં સંખ્યા જેવું થાય છે.'

'પાંચની સંખ્યાને પૂરનાર' એ પ્રમાણે પૂરણ અર્થમાં पञ्चमम् શબ્દ પ્રાપ્ત થાય છે. હવે "अर्धम् पञ्चमम् येषु" તે પ્રમાણે બહુવ્રીહિ સમાસ કરતાં 'अर्धपञ्चमाः' થાય છે તેનો અર્થ 'અડધુ એવું પાંચમું જેઓને છે' એ પ્રમાણે થાય છે. અડધા એવા પાંચમાવડે ખરીદેલ એ પ્રમાણે ખરીદવા અર્થમાં "सङ्ख्या-डतेः च..." (૬/૪/૧૩૦) સૂત્રથી क પ્રત્યય થતાં अर्धपञ्चमकम् પ્રયોગ પ્રાપ્ત થાય છે.

'અડધા એવા પાંચમા સૂપડાંવડે ખરીદેલ' એવા અર્થમાં अर्धपञ्चमशूर्पम् પ્રયોગ પ્રાપ્ત થાય છે. અહીં अर्धपञ्चमं શબ્દ સંખ્યા જેવો થવાથી અને ખરીદવા અર્થમાં વિધાન કરાતા એવા इकण् પ્રત્યયનો વિષય થવાથી "संख्या समाहारे च" (૩/૧/૯૯) સૂત્રથી દ્વિગુસમાસ થયો છે તથા દ્વિગુસમાસથી अर्हद् સુધીના અર્થમાં इकण् પ્રત્યય ઉત્પન્ન થયો હોવાથી "अनाम्न्यद्विः प्लुप्" (૬/૪/૧૪૧) સૂત્રથી એ इकण्નો લોપ થાય છે. આથી अर्धपञ्चमशूर्पम् પ્રયોગની પ્રાપ્તિ થાય છે.

**(श०न्यासानु०)** एतच्चतुष्टयं सङ्ख्यातिदेशसूत्रम् । ननु बहुगणडत्यतूनां सङ्ख्यातिदेश-विधायकं सूत्रद्वयं न कर्तव्यम्, न चैकादिवन्नियतविषयपरिच्छेदहेतुत्वरूपसङ्ख्यावाचित्वममीषां नास्तीति सङ्ख्याप्रदेशेषु कथं सम्प्रत्ययः स्यादिति वाच्यम्-"वाऽतोरिकः" [६.४.१३२.] इति सङ्ख्याभूतादत्यवन्ताद् इकमनुशासता सङ्ख्यात्वस्य ज्ञापनात् । अथ तथाऽप्यतोरेवैकस्य कृते ज्ञापकं स्यादिति चेत्, सत्यम्-"पित्तिथट् बहु-गण-पूग-सङ्घात्" [७.१.१६०.] "अतोरिथट्" [७.१.१६१.] "षट्-कति-कति-पयात् थट्" [७.१.१६२.] इति ज्ञापकैस्तेषां सर्वेषामपि सङ्ख्याकार्यस्य सिद्धत्वात् । ननु "पित्तिथट् बहु-गण०" [७.१.१६०.] इत्यादौ विशेषाश्रवणात् सङ्घवैपुल्यवाचिनोरपि बहुगणशब्दयोः सङ्ख्याकार्यं स्यादिति चेत्, न-अनैयत्येनापि सङ्ख्याभि-धानदशायामेतयोः सङ्ख्याकार्यं भवतीत्येतावन्मात्रज्ञापनेन चरितार्थत्वे सति सर्वथा सङ्ख्यान-भिधानदशायां सङ्ख्याकार्यकल्पनस्य गौरवपरास्तत्वात् । भूर्यादीनां त्वनियतसङ्ख्यावाचिनां ग्रहणं तु न भवति नियतसङ्ख्यावाचिनां पञ्चादीनामेव लोके सङ्ख्याशब्देन प्रसिद्धत्वात्, प्रसिद्धाप्रसि-द्धयोः प्रसिद्धग्रहणस्य न्याय्यत्वात् । नन्वेवमपि बहुगणयोरिव पूगसङ्घादीनामपि सङ्ख्याकार्य-प्रसङ्गः, न च बहुगणयोः सामान्यापेक्षं ज्ञापकं पूगादीनां तु पित्तिथट् विषयमेवेति वाच्यम्, एकसूत्रोपात्तत्वेन समानतया वैषम्यसम्पादने बीजाभावादिति चेत्, मैवम्-लक्ष्यानुरोधेन क्वचित्

सामान्यापेक्षं क्वचिद् विशेषापेक्षं ज्ञापकमित्याश्रयणात्, तदनुरोधेन वैषम्यस्य सोढव्यत्वादिति दिक् ।

यद्वा "वातोरिकः" [६.४.१३२.] इत्यनेन सङ्ख्याकरणत्वाभाववतामपि प्रयोगेषु दृश्यमान-सङ्ख्याकार्याणां सङ्ख्याकार्यं ज्ञाप्यते, तेन अध्यर्धादीनामपि सिद्धम् । तथा च चत्वार्यपि सङ्ख्यातिदेशसूत्राणि न विधेयानीति भावः । अत्रोच्यते–ज्ञापकोपन्यासस्य गरीयस्त्वेन इमां कुसृष्टिमसहमानैः सूत्रकारैः सूत्राणीमानि सूत्रितानीति परमार्थः ॥४२॥

**અનુવાદ :-** છેલ્લા ચારેય સૂત્રો સંખ્યાના અતિદેશસૂત્રો છે. હવે આના સંબંધમાં પૂર્વપક્ષ ઉભો થાય છે.

**પૂર્વપક્ષ :-** बहु, गण તથા डति અંતવાળું નામ અને अतु અંતવાળું નામ સંખ્યા જેવું થાય છે, એવું કથન કરનાર (૧/૧/૩૯) તથા (૧/૧/૪૦) સૂત્રોની આવશ્યકતા નથી. કદાચ તમે એમ કહેશો કે જેમ એક વગેરે સંખ્યા લોકોમાં પ્રસિદ્ધ છે, જ્યારે એક વગેરેની જેમ बहु, गण વગેરે સંખ્યા તરીકે પ્રસિદ્ધ નથી. કારણ કે એક વગેરેની જેમ નિયતવિષયના બોધનો તેમાં અભાવ છે. આ પરિસ્થિતિમાં बहु, गण વગેરેનું સંખ્યાપણું કેવી રીતે થશે ? અને સંખ્યાપણું નહીં થાય તો સંખ્યા સંબંધી કાર્યોના તે તે સૂત્રોમાં તેઓનું (बहु, गण વગેરેનું) ગ્રહણ કેવી રીતે થઈ શકશે ? આ પ્રમાણે કહેવું જોઈએ નહીં. "वाऽतोरिकः" (૬/૪/૧૩૨) આ સૂત્રમાં સંખ્યાવાચક એવા अतु અંતવાળા નામથી इकः પ્રત્યય થાય છે. આમ સૂત્રના સામર્થ્યથી अतु અંતવાળા નામોનું સંખ્યાવત્પણું જણાઈ જ જાત તથા બીજા બધાનું સંખ્યાવત્પણું નીચેના સૂત્રોથી થઈ જાત. "पित्-तिथट् बहु-गण..." (૭/૧/૧૬૦) સૂત્રથી बहु અને गण શબ્દનું સંખ્યાવત્પણું જણાઈ જાત. તેમજ "अतोरिथट्" (૭/૧/૧૬૧) સૂત્રથી अतु અંતવાળા નામોનું સંખ્યાવત્પણું જણાઈ જાત તથા "षट्-कति-कतिपयात् थट्" (૭/૧/૧૬૨) સૂત્રથી डति અંતવાળા નામોનું સંખ્યાવત્પણું જણાઈ જ જાત. આ પ્રમાણે ઉપર કહેલા જ્ઞાપકસૂત્રોવડે बहु, गण વગેરે તમામ શબ્દોનું સંખ્યાવત્પણું થઈ જ જાત.

**ઉત્તરપક્ષ :-** (૭/૧/૧૬૦) સૂત્રમાં बहु અને गण શબ્દ કેવા લેવા ? એ પ્રમાણે વિશેષનું કથન ન હોવાથી સમૂહ અને વિશાળ અર્થવાળા बहु અને गण શબ્દમાં પણ સંખ્યાવત્પણું થઈ જ જાત. માટે અમે જુદું સૂત્ર બનાવ્યું છે.

**પૂર્વપક્ષ :-** નિયતવિષયવાળી એક, બે વગેરે સંખ્યા લોકોમાં પ્રસિદ્ધ જ હતી, અનિયતવિષયવાળી बहु વગેરે સંખ્યા લોકોમાં પ્રસિદ્ધ ન હતી. આથી (૭/૧/૧૬૦) સૂત્ર બનાવવા દ્વારા તમે માત્ર એટલું જ કહેવા માંગો છો કે અનિયતવિષયવાળી बहु વગેરે સંખ્યા,

સંખ્યા જેવી થાય છે; પરંતુ બધા જ અર્થવાળા बहु અને गण સંખ્યા જેવા થાય છે, એવું કહેવા માટે કાંઈ તે સૂત્ર બનાવવામાં આવ્યું નથી.

તથા અનિયતવિષયવાળા बहु અને गण શબ્દને સંખ્યા જેવા કર્યા હોવાથી અનિયતવિષયવાળા भूरि વગેરે શબ્દો સંખ્યા તરીકે ગ્રહણ થઈ શકશે નહીં. એક, બે, ત્રણ વગેરે નિયતવિષયવાળી *સંખ્યા તરીકે લોકોમાં પ્રસિદ્ધ હોવાથી પ્રસિદ્ધ* એવી એક, બે વગેરે સંખ્યાનું જ ગ્રહણ થાત તેમજ અનિયતવિષયવાળી बहु, गण વગેરેનું સંખ્યાવત્‌પણું થશે.

**ઉત્તરપક્ષ :-** આ પ્રમાણે તો અનિયતવિષયવાળા જેમ बहु અને गण શબ્દમાં સંખ્યાકાર્ય થશે, એમ અનિયતવિષયવાળા पूग, सङ्घ વગેરેમાં પણ સંખ્યા કાર્યનો પ્રસંગ આવશે. કારણ કે (૭/૧/૧૬૦) સૂત્રમાં એ ચારેય શબ્દોને એક સાથે ગ્રહણ કર્યા છે.

**પૂર્વપક્ષ :-** (૭/૧/૧૬૦) સૂત્રથી बहु અને गण શબ્દ સામાન્યથી સંખ્યાવાચક થશે. જ્યારે पूग વગેરે पित् तिथट्‌ના વિષયમાં જ સંખ્યા જેવા થશે.

**ઉત્તરપક્ષ :-** એક સૂત્રમાં ચારેય શબ્દોને એક સાથે ગ્રહણ કર્યા હોય તે સંજોગોમાં बहु અને गण શબ્દ સામાન્યથી બધા જ પ્રત્યયના વિષયમાં સંખ્યા જેવા થશે અને पूग અને सङ्घ માત્ર पित् એવા तिथट् પ્રત્યયના વિષયમાં સંખ્યા જેવા થશે. આવું વિષમપણું માનવું, એમાં કોઈ કારણપણું જણાતું નથી.

**પૂર્વપક્ષ :-** પ્રયોગોને અનુસરવાથી ક્યાંક ક્યાંક સામાન્યથી સંખ્યાવાચકપણું થશે અને ક્યાંક ક્યાંક વિશેષથી સંખ્યાવાચકપણું થશે. જેમ કે बहुतिथः તથા बहुधा વગેરે પ્રયોગો મળે છે. આથી बहु અને गणને સામાન્યથી સંખ્યા જેવા મનાશે. તથા पूगतिथः પ્રયોગ મળે છે; પરંતુ पूगधा પ્રયોગ મળતો નથી. આથી पूग् અને सङ्घને तिथट् પ્રત્યયના વિષયમાં સંખ્યા જેવા માનીશું. આમ પ્રયોગોને અનુસરવાથી એક જ સૂત્રમાં પણ વિષમતા સહન કરવા યોગ્ય છે.

**પૂર્વપક્ષ (ચાલુ) :-** અથવા તો સંખ્યા સંબંધી અતિદેશના આ ચારેય સૂત્રો ન કર્યા હોત તો પણ ચાલત. તે તે સૂત્રો દ્વારા बहु, गण, अतु અંતવાળા તથા डति અંતવાળા વગેરે શબ્દોમાં સંખ્યા સંબંધી કાર્ય થઈ જ જાત. अध्यर्ध વગેરે શબ્દોમાં પણ એ જ તે તે સૂત્રો સંબંધી કાર્યો થઈ જ જાત. આથી પહેલા એ બધાની સંખ્યા સંજ્ઞા પાડવી અને પાછળથી તે તે સૂત્રો દ્વારા તે જ શબ્દોને નિમિત્ત તરીકે ગ્રહણ કરીને સંખ્યા સંબંધી કાર્યો કરવા એ બરાબર નથી. માટે અતિદેશના ચારેય સૂત્રો નિરર્થક છે.

**ઉત્તરપક્ષ :-** તમારો આખો પૂર્વપક્ષ જ્ઞાપક દ્વારા રજૂઆતને શ્રેષ્ઠ માને છે અને તેમ કરવા દ્વારા તે તે પ્રયોગોને ધ્યાનમાં લઈને बहु, गण વગેરેમાં સંખ્યાવત્‌પણું સ્વીકારો છો. આવી તમારી

ખરાબ કુયુક્તિઓને સહન નહીં કરતાં એવા સૂત્રકારવડે આ ચાર સૂત્રોની રચના કરવામાં આવી છે, એ પ્રમાણે પરમાર્થ છે.

### -: તત્ત્વપ્રકાશિકા :-

**हरिरिव बलिबन्धकरस्त्रिशक्तियुक्तः पिनाकपाणिरिव ।**

**कमलाश्रयश्च विधिरिव जयति श्रीमूलराजनृपः ॥१॥**

### -: તત્ત્વપ્રકાશિકાનો અનુવાદ :-

વિષ્ણુએ બલિ નામના રાજાને, બલિ નામના રાજાનું રાજ્ય જીતીને તેના પોતાના રાજ્યમાંથી જ કાઢી મૂકીને પાતાળમાં બાંધી રાખ્યો હતો. આ વિષ્ણુની જેમ જ મૂલરાજ નામના રાજાએ પણ બળવાન એવા પોતાના શત્રુઓને બંધનમાં નાંખ્યા હતા.

શિવમાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર એ પ્રમાણે ત્રણ શક્તિઓ છે. આ શિવની જેમ જ મૂલરાજ રાજા પણ પ્રભુત્વ, મન્ત્ર અને ઉત્સાહ સ્વરૂપ ત્રણ શક્તિથી યુક્ત છે. વળી, બ્રહ્મા જેમ કમળનો આશ્રય કરનારા હતાં તેમ મૂલરાજ લક્ષ્મીનો આશ્રય કરનારા છે.

ઉપરોક્ત શ્લોકમાં શ્લેષ અલંકાર પણ છે તથા ઉપમા અલંકાર પણ છે. અહીં શ્લોકમાં શક્તિ સ્વરૂપ એક જ શબ્દ છે. છતાં શિવ અને મૂલરાજની અપેક્ષાએ જુદાં જુદાં બે અર્થો હોવાથી શ્લેષ અલંકાર છે. ઉપમા અલંકાર તો સ્પષ્ટ જ છે.

### -: શબ્દમહાર્ણવન્યાસનું અનુસંધાન :-

**( श०न्यासानु० ) श्रीमूलराजनृपः** श्रीमूलराजनामा नृपतिः, **जयति** सर्वोत्कर्षेण वर्तते । स कीदृशः ? **हरिरिव** विष्णुरिव, **बलिबन्धकरः** बलिनां-बलवतां निजरिपूणाम्, बन्धः-पराजित्य स्वकारागारनियन्त्रणम्, तत्करणशीलः, हरिपक्षे बलेः-बलिनाम्नो नृपतेः, बन्धः-स्वायत्तीकृत-राज्यान्निष्कास्य पाताले नियन्त्रणम्, तत्करणशीलः । पुनः कीदृशः ? **पिनाकपाणिरिव** शिव इव, **त्रिशक्तियुक्तः** तिसृभिः शक्तिभिः-प्रभुत्व-मन्त्रोत्साह-शक्तिभिर्युक्तः, शिवपक्षे तिसृभिः शक्तिभिः-सृष्टि-स्थिति-संहार-शक्तिभिः सूर्या-चन्द्रा-ऽग्निरूपाभिर्युक्तः । पुनः कीदृशः ? **विधिरिव** ब्रह्मेव, **कमलाश्रयः** कमलायाः-लक्ष्म्याः, आश्रयः-स्थानम्, विधिपक्षे कमलमाश्रयः आसनमुत्पत्त्याश्रयश्च यस्य सः । अत्र श्लेषानुप्राणितोपमालङ्कारः ॥१॥

इति कलिकालसर्वज्ञ-श्रीहेमचन्द्रसूरिभगवद्विरचिते स्वोपज्ञतत्त्वप्रकाशिका-प्रकाशे शब्दमहा-र्णवन्यासे त्रुटितस्थले तपोगच्छाधिपति-सूरिसम्राट्-श्रीविजयनेमिसूरीश्वरपट्टालङ्कारकविरत्न-

शास्त्रविशारद–व्याकरणवाचस्पति–श्रीविजयलावण्यसूरिनिर्मितानुसन्धानेन पूर्णतां नीते प्रथमाध्यायस्य प्रथम पादः समाप्तः ॥

**-: ન્યાસસારસમુદ્ધાર :-**

**अर्धपूर्वपद** इत्यादि–(एतदुपरि न व्याख्यातम्) ॥४२॥

**॥ इति प्रथमः पादः सम्पूर्णः ॥**

**-: ન્યાસસારસમુદ્ધારનો અનુવાદ :-**

ઉપરોક્ત પંક્તિ ઉપર વ્યાખ્યા કરાઈ નથી.

**॥ द्वाचत्वारिंशत्तमम् सूत्रम् समाप्तम् ॥**

❋ ✳ ❋

**प्रथमाध्यायस्य प्रथमः पादः समाप्तः**

**सर्वे जीवाः शासनानुरागिणः भवन्तु**

**ऋते नमस्कारम् न तत्त्वम्**

❋ ✳ ❋

# વિશેષ નોંધ

व्याकरणात् पदसिद्धिः

पदसिद्धेरर्थनिर्णयो भवति

अर्थात् तत्त्वज्ञानम्

तत्त्वज्ञानात् परं श्रेयः

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222